# શ્રી વિશાનિમા વણિક જ્ઞાતીનો

# ઇતિહાસ.

-: છપાવી પ્રસીદ્ધ કરનાર :-

**વાડીલાલ મનસુખરામ પારેખ.**

આટલીબોયની કુંપની.

ફોર્બસ સ્ટ્રીટ, કોટ,

મુંબઈ ૧.

પુસ્તક મળવાનું ઠેકાણું :-

**શ્રી વિશાનિમા જૈન યુવક મંડળ.**

પીપવાળો માળો, ગુલાલવાડી,

મુંબઈ-૨.

મૂલ્ય રૂ. ૩)

# શ્રી વિશાનિમા વણિક જ્ઞાતીનો

# ઇતિહાસ.

-: સંપાદક :-

**મહાસુખરામ પ્રાણનાથ શ્રોત્રીય.**


-: છપાવી પ્રસીદ્ધ કરનાર :-

**વાડીલાલ મનસુખરામ પારેખ.**

બાટલીબોયની કુંપની.

ફોર્બસ સ્ટ્રીટ, કોટ,

મુંબઈ ૧.

મુદ્રક:
મોહનલાલ ત્રીભોવનદાસ મોદી
૨૩/૨૫, હમામ સ્ટ્રીટ,
કોટ, મુંબઈ ૧.

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦

મુદ્રણાલય:
જનરલ કમરશીયલ પ્રીન્ટરી
૨૩/૨૫ હમામ સ્ટ્રીટ,
મુંબઇ ૧.

## પરમ પૂજ્ય આગમોદ્ધારક
## આચાર્ય દેવ શ્રી ૧૦૦૮ શ્રી આનંદસાગર સૂરિશ્વરજી



| | | | |
|---|---|---|---|
| **જન્મ** | :- | વિક્રમ સંવત ૧૯૩૧ અસાડ વદ ૦)) | મુ. કપડવણજ |
| **દિક્ષા** | :- | વિક્રમ સંવત ૧૯૪૭ મહા સુદ ૫ | મુ. લીંબડી |
| **પન્યાસ પદ** | :- | વિક્રમ સંવત ૧૯૬૦ જેઠ સુદ ૧૦ | મુ. અમદાવાદ (રાજનગર) |
| **આચાર્ય પદ** | :- | વિક્રમ સંવત ૧૯૭૪ વૈશાખ વદ ૧૦ | મુ. સુર્યપુર |
| **નિર્વાણ** | :- | વિક્રમ સંવત ૨૦૦૬ વૈશાખ વદ ૫ | મુ. સુર્યપુર |

॥ श्री कुळदेव श्री ॥

देव गदाधरराय (शामळाजी) प्रभुजीनी

# स्तुतिनुं अष्टक

(शार्दुल विक्रिडित छंद)

लक्ष्म्या सेवित पादपद्म युगलं कंदर्प कोटि प्रभु ।
नित्यं शाश्वतमव्ययं शिवतमं सत्यस्वरूपं परम् ॥
इन्द्रादैस्मरै स्तथा मुनिवरै र्व्यासादिभिः सेवितम् ।
वन्दे देव गदाधरं जलधरश्यामं सदा माधवम् ॥१॥

सद्योदर्शनतोऽघनाशनिपुणं भास्वत्सहस्त्रार्चिषम् ।
संसारार्णव तारकं कीलमलं प्रध्वंसनं श्री हरिम् ॥
वकुंठाधिपति चतुर्भुज भजं विश्वेश्वर निर्गुणम् ।
वन्दे देव गदाधरं जलधरश्यामं सदा माधवम् ॥२॥

योघत्ते विविधावतार रचना भक्तस्य तुष्टे विभु ।
यँ चैतत्सकलं जगत्स्थित महो येनैव चोत्पादितम् ॥
कल्पान्ते विलयं करोत्यपिचतक्षस्तं जगत्छाशकं ।
वन्दे देव गदाधरं जलधरश्यामं सदा माधवम् ॥३॥

दिनानां परिपालकं भवभयच्छेदैक दक्षं प्रभु ।
आम्नायै र्दुरितापहा चतुरैस्तोष्ठ्य मानं सदा ॥
तं पितांबर धारिणि मुररिपुंपापौध विध्वसनम् ।
वन्दे देव गदाधरं जलधरश्यामं सदा माधवम् ॥४॥

कैवल्यापदमिश्वरं जगध्धत्रासाग्नि कालालाधितम् ।
श्री विष्णुभव बन्धभीत शरणं देवाधिदेवं प्रभुं ॥
भक्तानामभयं पदं सुमनसा मानन्ददं श्रीधरम् ।
वन्दे देव गदाधरं जलधरश्यामं सदा माधवम् ॥५॥

योसत्यामपि वाचि वाकरदुरहो घ्राणं विना जिघ्रति ।
यो‍ऽकर्णोपि शृणों त्यलं च नयना भावे‍ऽपि सर्वार्थे दृक् ॥
योगच्छत्यपि निष्पदो करइहा गृण्हातितं विश्वपां ।
वन्दे देव गदाधरं जलधरश्याम सदा माधवम् ॥६॥

आद्यं श्री जगदीश्वरं गुणनीधिं वृन्दारकैं पूजितम् ।
सर्वेशं वरदं दयार्द्र हृदयम् कामप्रदं सेवितम् ॥
शंखाद्यै रूप शोभितं वरतनु ज्ञेयं पवित्रं शुचिम् ।
वन्दे देव गदाधरं जलधरश्यामं सदा माधवम् ॥७॥

वक्षः कौस्तुभ शोभितं विजयते स्थानं श्रीयो वस्सतम् ।
शाङ्र्गाद्या युध धारिणं मधुरिपु तं पद्मनाभं शुभम् ॥
श्री वत्सेव च लांच्छितं सुरवरै भक्तिश्च संपूजितं ।
वन्दे देव गदाधरं जलधरश्यामं सदा माधवम् ॥८॥

श्रीमद् देव गदाधराष्टकमिदं नित्यं पठन्ते नराः ।
संप्राप्यैव निजं समीहित फलं सर्वतथान्ते पुनः ॥
देवैः किन्नर चारणादिभिरमी संभाव्य माना मुदा ।
तल्लोकं दुरितादि दोष रहितं गच्छन्ति निष्पातकाः ॥९॥

: संपादक :
गोविंदलालजी,
प्रोफेसर, इन्दोर.

શ્રી કુળદેવ શ્રી

# દેવ ગદાધરરાય (શામળાજી) પ્રભુજીની

# સ્તુતિ અષ્ટક

(સમશ્લોકી અનુવાદ ગુજરાતિમાં)

શાર્દુલ વિક્રિડિત છંદ.

લક્ષ્મિ સેવિત પાદ પદ્મ રૂપમાં, કંદર્પ કોટિ પ્રભુ,
જે છે શાશ્વત નિત્ય સત્ય, જીવના કલ્યાણકારી મહા;
શક્રાદિ સુર, વ્યાસ, યોગી મુનિઓ સેવે સદા ભાવથી,
તે શ્રી દેવ ગદાધર સ્વરૂપને પૂજું સદા પ્રેમથી૦ ૧

---

જેનાં દર્શન માત્રથી બળી જતા પાપૌઘ જે હિમિમાં,
સંસારી તરતો ભવાબ્ધિ કલિના, કિલ્મીષ જે કાપતા;
વૈકુંઠાધિપતિ ચતુર્ભુજ હરિ, વિશ્વેશ જે નિર્ગુણ,
તે શ્રી દેવ ગદાધર સ્વરૂપને, વંદુ સદા માધવ૦ ૨

---

જે લઈ વિવિધાવતાર જગમાં, સામ્રાજ્ય સ્થાપે રૂડું,
જેનામાં વળી જે થકી સકળ આ બ્રહ્માંડ વ્યાપી રહ્યું;
તે બ્રહ્માંડ વળી મહાપ્રલયમાં, આપ સ્વરૂપે શમ્યું,
તે શ્રી દેવ ગદાધર સ્વરૂપને, ભકતાર્ત ભાવે નમું૦ ૩

---

દીનોના હસ્તિનાથ દક્ષ ભવનાં દુઃખો સુનિવારવા,
ચારે વેદ થકી પ્રસન્ન હૃદયે, ભકતો કરે પ્રાર્થના;
જે પિતાંબર ધારી મુરરિપુને, પાપો તણા દાહક,
તે શ્રી દેવ ગદાધર સ્વરૂપને, પૂજું ઘનશ્યામલ૦ ૪

---

કૈવલ્યાધિપતિ પ્રભુ જગતના, દુઃખોઘને ટાળતા,
તે વિષ્ણુ ભવબંધ પાશ છુટતાં, શરણે મદા રાખતા;
ભક્તાનંદ પ્રદા સદા અભયને, શાન્તિપ્રદા શ્રીધર,
તે શ્રી દેવ ગદાધર સ્વરૂપને, પૂજું ઘનશ્યામલ૦ ૫

---

સત્યે પ્રાણ વિના સદા વસી રહ્યા, પ્રાણિતણા દેહમાં,
જે કર્ણોવિણ સાંભળે દગ વિના, દેખે અણુ માત્રમાં;
ચાલે પાય વિના ગ્રહે કર વિના, વિશ્વેશ જે વ્યાપક,
તે શ્રી દેવ ગદાધર સ્વરૂપને, પૂજું ઘનશ્યામલ૦ ૬

---

આદિ જે શીવ શક્તિ રૂપ જગના, પ્રાણિતણા પાલક,
ઇચ્છા જે અમ પોષતા જગતના, સ્વામિ દયાસાગર;
શંખાદિ શુભ આયુધો સ્વરૂપમાં, શોભે સદા પ્રેમલ,
તે શ્રી દેવ ગદાધર સ્વરૂપને, વંદુ ઘનશ્યામલ૦ ૭

---

જેની છાતી વિષે શ્રી લક્ષ્મિ વસતાં, કૌસ્તુભથી શોભતા,
શ્રી વત્સાંક્તિ પદ્મનાભ મધુહા, શાર્ઙ્ગ જે ધારતા;
જેને દેવ સદા મહા મુનિવરો, સેવે ખરા યોગીઓ,
તે શ્રી દેવ ગદાધર સ્વરૂપને, પૂજું ઘનશ્યામલ૦ ૮

---

જે આ નિત્ય ગદાધરાષ્ટક પઢે, રાખી સદા ટેકને,
તે સિદ્ધિ શીવ સાધીને જગતમાં, અંતે વરે મુક્તિને;
દેવો કિન્નર ચારણો દિગ્ વિષે, અંતે વરે મુકિતને;
નિષ્પાપી વળી નિષ્કલંક થઇને, વૈકુંઠવાસી બને૦ ૯

---

સમશ્લોકી અનુવાદકઃ

**વિષ્ણુશંકર સોમેશ્વર, જોષિ–કપડવંજ.**



**મહાસુખરામ પ્રાણનાથ શ્રોત્રીય**

મોટી ઉમ્મરે વર્ષો સુધી આ ઇતિહાસનું સંપાદન કરી પુસ્તકાકારે અસ્થિત્વમાં લાવવા માટે જેમણે જહેમત ઉઠાવી અને જાણે પોતાની જીંદગીનો અંત નજદીક આવવાની આગાહી થઇ હોય તેમ જાણી, ભાઈ વાડીલાલ મનસુખરામ પારેખને માથે તે છપાવી પ્રસિદ્ધ કરવાની જવાબદારી સોંપી પોતાની આકાંક્ષા પુરી કરી. તેમના આ કામને માટે સમસ્ત વિશાનિમા જ્ઞાતિ હમેંશને માટે તેમની રૂણી રહેશે.

# અનુક્રમણિકા

## પ્રકરણ.


| | | | |
|---|---|---|---|
| ૧ | વેદના સમયની ચાતુર્વર્ણ્ય ... ... | પાને | ૧ થી ૫ |
| ૨ | આર્યોની જાતિ વ્યવસ્થા ... ... | ,, | ૬ થી ૧૦ |
| ૩ | હાલની જ્ઞાતિઓ ... ... | ,, | ૧૧ થી ૧૮ |
| ૪ | જ્ઞાતિ અને ગોત્ર ... ... | ,, | ૧૯ થી ૨૬ |
| ૫ | નિયમા વાણિજ્ય ઊર્ફે નીમા વણિક મહાજન ... ... | ,, | ૨૭ થી ૪૦ |
| ૬ | શામળાજીની મૂર્તિ અને મંદિરનું વર્ણન ... ... | ,, | ૪૧ થી ૫૭ |
| ૭ | નિયમા વૈશ્ય ઊર્ફે નિમા વણિક ... ... | ,, | ૫૮ થી ૬૬ |
| ૮ | ગોત્રોના નામના મૂળ શબ્દો તથા તેના અર્થ ... ... | ,, | ૬૭ થી ૮૦ |
| ૯ | ગોત્રની મહત્તા ... ... | ,, | ૮૧ થી ૯૦ |
| ૧૦ | નિમાવણિકની પ્રાંતવાર વસ્તીની ગણત્રી ... ... | ,, | ૯૧ થી ૧૦૧ |
| ૧૧ | કપડવણજના શ્રી ચિંતામણજી પાર્શ્વનાથની સ્તુતિ ... | ,, | ૧૦૨ થી ૧૦૬ |
| ૧૨ | કુલગુરનાં લાણાં તેમજ કુટુંબોની વિગત ... ... | ,, | ૧૦૭ થી ૧૧૪ |
| ૧૩ | કપડવણજના વીશાનિમાનાં કુટુંબોની તેમજ તેમના દરેકના કુલગુરના સંબંધનું વિગતે વિવરણ ... ... | ,, | ૧૧૫ થી ૧૨૪ |
| ૧૪ | કપડવણજના વીશાનિમા વણિક મહાજનનો પરિચય અને ઇતિહાસ | ,, | ૧૨૫ થી ૧૬૬ |
| ૧૫ | કપડવણજ ગામનો જુનોનવો ઇતિહાસ ... ... | ,, | ૧૬૭ થી ૧૮૬ |
| ૧૬ | કપડવણજમાં વસતા વીશાનિમા જૈનોની વંશાવળીઓ ... | ,, | ૧૮૭ થી ૨૨૧ |


## પરિશિષ્ટ.


| | | | |
|---|---|---|---|
| નં. ૧ | ઇતિહાસને પોષણ આપતી જગાઓનો સંક્ષિપ્તમાં પરિચય ... | ,, | ૨૨૨ થી ૨૨૬ |
| નં. ૨ | કપડવણજનું વર્ણન તથા ચતુર્દિશા ... ... | ,, | ૨૨૭ થી ૨૩૨ |


## પાંચે ગામના વીશાનિમા જૈનોના જ્ઞાતિ મંડળની માહિતી.


| | | |
|---|---|---|
| બંધારણનો ખરડો ... ... | ,, | ૨૩૩ થી ૨૪૦ |
| પ્રથમ (સંમેલન) અધિવેશન ... ... | ,, | ૨૪૧ થી ૨૬૪ |
| દ્વિતિય અધિવેશન ... ... | ,, | ૨૬૫ થી ૩૦૪ |
| મંડળનું પાકુ બંધારણ ... ... | ,, | ૩૦૫ થી ૩૧૨ |


## આધુનિક ધાર્મિક પ્રવૃત્તિઓ.


| | | |
|---|---|---|
| શ્રી જ્ઞાન મંદિરની સ્થાપના. ... | ,, | ૩૧૩ થી ૩૧૪ |
| શ્રી મોદીઆના દેરાસરજીનો જીર્ણોધ્ધાર અને પ્રતિષ્ઠા. ... | ,, | ૩૧૫ થી ૩૧૬ |
| શ્રી ચિંતામણજી પાર્શ્વનાથજીના મંદિરનો જીર્ણોધ્ધાર. ... | ,, | ૩૧૬ થી ૩૧૮ |
| શેઠ મીઠાભાઇ ગુલાલચંદ પાંજરાપોળ ... | ,, | ૩૧૮ થી ૩૨૩ |
| દિક્ષિત ભાઇઓ તથા બ્હેનોના સંસારી તથા દિક્ષિત નામોની યાદી ... | ,, | ૩૨૩ થી ૩૨૪ |

# સાભાર સ્વીકાર

આ પુસ્તક છપાવી બહાર પાડવામાં નીચે જણાવેલ ભાઇઓ તરફથી સહાય મળી છે :-

૨૫૧) સ્વ. શેઠ શામળભાઈ નથુભાઈ
હા. શેઠ બાબુભાઈ

૫૦૧) સ્વ. શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇ
હા. ગં. બ્હેન માયાબ્હેન

૫૦૧) શા. કેશવલાલ સોમાભાઈ
હા. પોતે

૫૦૧) પારેખ વાડીલાલ મનસુખરામ
હા. પોતે

૫૦૧) શા. મફતલાલ કાન્તીલાલ
હા. ભાઇ કાન્તીલાલ

૨૫૧) પારેખ રમણલાલ છોટાલાલ
હા. ભાઈ રમણલાલ

૨૫૧) શા. હિરાલાલ વાડીલાલ
હા. પોતે

૨૫૧) સ્વ. દોશી પુનમચંદ લલ્લુભાઇ
હા. ડૉ. રમણલાલ

૨૫૧) સ્વ. ગાંધી વાડીલાલ લીંબાભાઈ
હા. ભાઇ નગીનભાઇ

૨૫૦) શા. ગિરધરલાલ ભોગીલાલ
હા. ભાઈ ચીમનલાલ

૨૫૧) શા. જશવંતલાલ જયંતિલાલ
હા. ભાઈ વાડીલાલ જીનવાળા

૨૫૧) શા. રતીલાલ હરજીવનદાસ
કોહિનુર સ્ટોર્સવાળા હા. પોતે

૨૫૧) પરીખ રમણલાલ નગીનદાસ વિમળચંદ
હા. પોતે

૨૨૬) શ્રી ગોધરા વિશાનિમા જૈન સંઘ તરફથી
હા. દોસી મણીલાલ પાનાચંદ

૧૫૧) શ્રી મહુધા-ચુણેલ-કાનમના વિશાનિમા જૈન સંઘ તરફથી
હા. ભાઇ કસ્તુરલાલ ચીમનલાલ

# અર્પણ પત્રિકા.

## સમર્પણ

કપડવંજ વીશા નીમાવણિક મહાજન જ્ઞાતિની ગૃહસ્થાઇ, ઉદારતા,
ગૌરવ, સંસ્કાર અને આબરૂ ટકાવવા, વધારવા અને
નિર્મળ કરવામાં જે કુળે પરંપરાથી તન, મન
અને ધનથી અવર્ણનીય પ્રેમપુર્વક સેવા
અર્પણ કરેલી છે, તે સાખી કુળના
શેઠજી શ્રી હીરજીભાઇ અંબાઇદાસના
પુર્વ અને વર્તમાન
કુળભુષણોને આ
પુસ્તક આદર
પુર્વકસમર્પણ
કર્યું છે.

## સ્વ. શેઠ શ્રી. મણીભાઇ શામળભાઇ

(શેઠ હીરજીભાઈ અંબાઈદાસના કુટુંબના પુત્ર રત્ન)



તેઓ પોતાની પાછળ એક બાળ પૂત્રિ બ્હેન ચંપાબ્હેન અને શેઠાણીબાઇ જડાવને
મુકી વીસ વરસની તદ્દન કુમળી ઉમ્મરે સંવત ૧૯૫૨ ના
જેઠ સુદ ૯ ના રોજ સ્વર્ગે સધાવ્યા.

# પુણ્યભૂમિ કપડવંજ

'શ્રી નિમા વણિક જ્ઞાતિનો ઇતિહાસ' એ નામના આ પુસ્તક વિશે મારે કંઇક પ્રાસ્તાવિક લખવું એવી સૂચના મુ. શ્રી. વાડીલાલ પારેખ તરફથી આવી ત્યારે મને નવાઇ લાગી. કારણ કે, ગાંધી-યુગની આજની વિચારસરણી મુજબ આપણા સમાજનું ઘડતર થવું જોઇએ એવું માનનારો અને એ માન્યતાને યથાશકિત વર્તનમાં મૂકનારો હું રહ્યો. આથી જ્ઞાતિરૂપી વાડામાં પુરાઈ રહેવાની હિમાયત મારાથી કોઈ દિવસ થઈ શકે જ નહિ. આ સંજોગોમાં આ પુસ્તક વિશે કંઇક લખવાની સૂચના નમ્રતા-પૂર્વક મારે નકારવી જોઇએ એવો વિચાર મને આવ્યો. પણ પ્રેમપૂર્વક કરેલી કોઈ પણ સારી સૂચના એકદમ નકારવાનો મારો સ્વભાવ નથી એટલે આખું પુસ્તક જોઈ જવું અને તે બાદ મારે જે તે નિર્ણય કરવો એમ વિચાર્યું. અને તેમ કરવામાં જે ભાઇની મારફત મને સૂચના મળી હતી તે મારા સ્નેહી શ્રી ચંદ્રકાન્ત પરીખે અનુમતિ આપી. આ આખું પુસ્તક હું જોઈ ગયો છું.

એકંદરે જોતાં જ્ઞાતિના વાડાઓને આ પુસ્તક ઉત્તેજન નથી આપતું એની મને પ્રતીતિ થઈ છે. આખા પુસ્તકમાં ઠેરઠેર એવા ઉલ્લેખો મળી આવે છે જે, નાનાં પડી ગયેલાં જૂથોને મોટાં થવા માટેની હિમાયત કરે છે. દૂર દૂર વસતી સમસ્ત શ્રી દશા અને વીશા નિમા વણિક, ( વૈષ્ણવ અને જૈન ) બધા એક થાય, અને રોટી-બેટી વ્યવહાર કરતા થઈ જાય એ વસ્તુ લેખકે ઇચ્છનીય ગણી છે ( જુઓ ઇંદોર સંમેલનનો ઠરાવ; પાનું ૯૬ ). વળી આ પુસ્તકમાં એકલા કપડવંજના જ્ઞાતિજનોનો નહિ પણ સમસ્ત ભારતમાં વસતાં જ્ઞાતિજનોનો ઇતિહાસ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આગમોધ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદ સુરીશ્વર જેવી ત્યાગમૂર્તિના આશીર્વાદથી આ ઇતિહાસ માટે લેખક વિપુલ સામગ્રી મેળવી શકયા છે, એ હકીકત અત્રે આનંદપૂર્વક નોંધવી જોઇએ ( પાનું ૭; છેલ્લો ફકરો ). આ પુસ્તક તૈયાર કરવા અંગેની ઉપર બતાવી તે દૃષ્ટિ કદર કરવા યોગ્ય ગણાય.

આ પુસ્તકનાં પાનાં જેમ જેમ ફેરવતા જઇએ છીએ તેમ તેમ એક વસ્તુ નજર સમક્ષ આવ્યા વિના રહેતી નથી કે, આ પુસ્તક તૈયાર કરવા માટે લેખકે ભારે શ્રમ ઉઠાવ્યો છે. સંશોધન કરવામાં તેઓ ઊંડા ઉતર્યા છે. પ્રાચીન લેખો, શિલાલેખો, જૂના ઇતિહાસો, પાલી-અર્ધમાગધી સાહિત્ય, ગેઝેટિયર, બીજી ભાષાઓમાં લખાયેલું સાહિત્ય, આચાર્યો પાસેથી મેળવેલી માહિતી, વૃદ્ધ અને અનુભવી જનોની મુલાકાતો લેઈ એકઠી કરેલી સામગ્રી—એમ જુદી જુદી રીતે લેખકે શ્રમપૂર્વક અને પ્રેમપૂર્વક વિગતો મેળવી આ પુસ્તકની રચના કરી છે, અને તે વિગતો ઉપરથી યથાશકિત, યથામતિ કેટલીક કલ્પનાઓ કરીને તારણો કાઢયાં છે. આ કામમાં કપડવંજનાં તથા બીજાં ભાઇબહેનો તરફથી તેમને ઘણી મદદ મળી છે. પુસ્તકમાં તારવી બતાવેલાં બધાં જ વિધાનો બરાબર છે કે કેમ એ તપાસ-વાનું કામ બાજુએ રાખીએ તો પણ લેખકની સંશોધનવૃત્તિની તારીફ કરવી જરૂરી ગણાય.

આ પુસ્તક વાંચનાર સૌ જોઈ શકશે કે તે વિવિધ માહિતીથી ભરપૂર છે, તેમજ સમસ્ત ભારતમાં વસતી કોમની દૃષ્ટિએ અને સંશોધન કરીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે, તે તો હું ઉપર જણાવી ગયો. વળી લેખકે મમતાપૂર્વક અને પ્રેમપૂર્વક આ પુસ્તક રચવાનો શ્રમ ઉઠાવ્યો છે, તે પણ આગળ જણાવી ગયો. તે ઉપરાંત આ પુસ્તકમાં, ભારતમાં સંસ્કૃતિ, ધર્મ અને જ્ઞાન-કલાના સંસ્કારો રેડાવનાર જૈન ધર્મની વિગતો જોવા મળે છે; ગોત્રોનો ઇતિહાસ, ચાતુર્વર્ણ્યની વિગતો, રાજા હરીશ્ચંદ્રનો યજ્ઞ અને નીમા વણિકોનો પ્રસંગ, શામળાજીનું મંદિર અને તેના ઇતિહાસની વિગતો,

દશા અને વીશા બન્ને વણિકોની માહિતી, રાધનપુરની બીબી અંગેનો કપડવંજનો ઐતિહાસિક પ્રસંગ, એકતાલીસ કુટુંબોનો મહામહેનતે અને ચીવટપૂર્વક તૈયાર કરેલો વંશવેલો, વગેરે ઘણું ઘણું આ પુસ્તકમાં લેખકે પોતાની દૃષ્ટિ અને શક્તિ મુજબ આપવાનો પ્રયત્ન કર્યો છે. જો કે ગળે ન ઉતરે એવી કેટલીક વિગતો આ પુસ્તકમાં જોવા મળે છે ખરી, તેમ છતાં આ પુસ્તકમાં કપડવંજ વિશે અવનવું જાણવાનું મળે એવી રસપ્રદ માહિતી, અને જ્ઞાતિઓના વાડાઓને વિશાળ બનાવવાની વાતને ઉત્તેજન આપવાની, હિમાયત, પણ જોવા મળે છે.

ઉપર જણાવી તે માહિતી ઉપરાંત સમગ્ર કપડવંજ અંગેની કેટલીયે વિગતો આ પુસ્તક આપણને આપે છે. કપડવંજના વસવાટનો ઇતિહાસ, કપડવંજીઓની નાનીમોટી સખાવતોની વિગતો, કપડવંજની જૂના વખતની અને આજની આર્થિક સ્થિતિનો ખ્યાલ, કપડવંજના જૂના સમયની અને આજની ઔદ્યોગિક માહિતી અને તેના વિકાસની શક્યતા, કપડવંજનાં જોવાલાયક સ્થળો અને તેમનો ઇતિહાસ, કપડવંજનાં સાર્વજનિક કામોની વિગતો વગેરે ઘણું ઘણું આપણને આ પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે. અને આ બધી વિગતો વાચકોને પ્રેરણા મળે એવી રીતે રજૂ કરવામાં આવી છે. કપડવંજમાંની બેકારી દૂર થાય, કપડવંજીઓને કામ-ધંધા અંગે મદદરૂપ થવાય અને કપડવંજની હરેક રીતે પ્રગતિ થાય એ નેમ પણ લેખકે આ પુસ્તકની વિગતોની રજુઆત કરવામાં રાખી છે. આથી આ પુસ્તક એવું બની શક્યું છે કે, તેથી વાચક પ્રેરણા પામે, પોતાનો ધર્મ વિચારે, પોતાના વતન તરફ મમતા કેળવે, કપડવંજની એકતા થાય અને તે ટકી રહે એવી દૃષ્ટિ રાખે, અને પોતપોતાના સંપ્રદાય દ્વારા અર્થાત જૈન દેરાસરો, પુષ્ટી માર્ગનાં મંદિરો, મસ્જિદો, મહાત્માજી અને સેવામૂર્તિ હરિભાઈની પ્રતિમાઓ વગેરે દ્વારા પોતપોતાના ધર્મની પ્રેરણા મેળવે વગેરે. આ બધું થાય તો પુણ્યભૂમિ કપડવંજનું નામ સારા ગુજરાતમાં તો શું પણ સમસ્ત ભારતમાં જાણીતું થાય. આ રીતે જોતાં આ પુસ્તકની માહિતી, ઉપર બતાવી તે ભાવના કપડવંજી-ઓની કેળવાય તેમાં કેટલેક અંશે મદદગાર થાય એવી છે, એમ કહેવું જોઇએ.

જુદા જુદા સમયે જુદી જુદી રીતે નાનામોટાં દાન કરનાર કેટલાએ કપડવંજીઓનાં નામો આ પુસ્તકમાં જોવા મળે છે. એ દાનની વિગતો ઉપરથી આપણને જાણવા મળે છે કે, જૂના સમયથી તે આજ સુધી કપડવંજમાં નાનામોટાં દાનનો પ્રવાહ સતત વહ્યા કર્યો છે. કપડવંજના એક જાહેર કાર્યકર્તા તરીકે આ સૌનો યોગ્ય ઉલ્લેખ કરી તેઓની સખાવતોનો ઉલ્લેખ અહીં કરવાનું મને સ્વાભાવિક રીતે મન થાય છે. પણ એમ કરવા જતાં એ લાંબી યાદીમાંનું કોઈનું નામ ભૂલથી રહી જવાનો સંભવ હોઈ, કોઇનાયે નામનો નિર્દેશ કર્યા વિના, કપડવંજને શણગારવામાં, કપડવંજમાં સાહિત્ય, સંસ્કૃતિ અને કલાના સંસ્કાર સિંચવામાં, જાહેરસેવાના પાઠ શીખવવામાં, અને કપડવંજને સમૃદ્ધ બનાવવામાં ફાળો આપનાર, એ સૌ દાતાઓને ધન્યવાદ આપવાની આ તક લઉં છું; અને સાથે સાથે આનંદપૂર્વક એ વસ્તુ પણ નોંધવાની જરૂર જોઉં છું કે, કપડવંજનાં સાર્વજનિક કામોમાં, જૈન ભાઇઓની સેવાનો નંબર પાછળ નથી (જુઓ પાનું ૧૮૫-૮૬). આ ઉપરાંત એ બીના પણ નોંધવી જોઇએ કે સેવાભાવી અને સાધનસંપન્ન જૈન ભાઈઓની સેવાથી સંતોષ પામી, કપડવંજની પ્રજાએ જૈન કુટુંબને જ 'નગરશેઠ' બનાવી સન્માન્યું છે અને એમ કરીને જૈન ભાઇઓની સેવા અને દાનની યોગ્ય કદર કરી છે (જુઓ પાનું ૧૭૭).

આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે મૂળ ચાર વર્ણમાંથી અનેક જ્ઞાતિઓ થઈ અને એ જ્ઞાતિઓમાંથી વળી અનેક પેટા જ્ઞાતિઓ થઈ. આમ થવાથી આપણું સંઘબળ તુટી ગયું એ સ્વીકાર્યા વિના

ચાલે એમ નથી, અને સંઘબળ તૂટતાં આપણી અધોગતિનાં પગરણ મંડાયાં. આજે આપણે આઝાદ થયા છીએ એટલે આપણી સામાજિક પ્રગતિમાં આડે આવનાર પરદેશી સરકાર હવે આપણે ત્યાં રહી નથી. મહાત્મા ગાંધીજીએ ચિંધેલા રસ્તે આપણા સમાજનું નવઘડતર કરવાનો આજે સુઅવસર છે. અનેકાનેક જ્ઞાતિઓમાં વહેંચાઈ ગયેલા આપણે સૌએ વિકાસને પંથે જવાનું છે. આ સંજોગોમાં જ્ઞાતિઓ અને જ્ઞાતિજનો વિશે ગાંધીજીએ ઘણું માર્ગદર્શન કર્યું છે. તેમના એ બાબતોના વિચારોના સારરૂપ નીચેનો ફકરો તેમના જ શબ્દોમાં અત્રે નોંધવો યોગ્ય માનું છું.

" પ્રત્યેક ધર્મપ્રેમીને મારી વિનયપૂર્વક સલાહ છે કે, તેણે જ્ઞાતિઓની નાના પ્રકારની ખટપટોમાં ન પડતાં પોતાના કર્તવ્યમાં પરાયણ રહેવું. કર્તવ્ય પોતાના ધર્મનું ને દેશનું રક્ષણ કરવાનું છે. ધર્મનું રક્ષણ નાનકડી જ્ઞાતિઓનું અયોગ્ય રક્ષણ કરવામાં નથી, પણ ધાર્મિક આચરણમાં છે. ધર્મનું રક્ષણ એટલે હિંદુ માત્રનું. હિંદુ માત્રનું રક્ષણ, પોતે ચારિત્રવાન બનવામાં જ રહેલું છે. ચારિત્રવાન બનવું એટલે સત્ય, બ્રહ્મચર્ય, અહિંસાદિ વ્રતો પાળવાં, નિર્ભય બનવું—એટલે કે મનુષ્યમાત્રનો ભય છોડવો, ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખવી, તેનાથી ડરવું. તે આપણાં સર્વ કર્મોનો, સર્વ વિચારોનો સાક્ષી છે, એમ જાણી મેલા વિચારો કરતાં પણ કંપવું, જીવમાત્રને સહાય કરવી. પરધર્મીને પણ મિત્ર ગણવો, પરોપકારમાં પોતાનો કાળ ગાળવો ઇ૦ ઇ૦. પેટા જ્ઞાતિની હયાતી હાલ તો જ ક્ષંતવ્ય ગણાય, જો તેઓનું સમગ્ર કામ એકંદરે ધર્મને અને દેશને પોષનારૂ હોય. જે જ્ઞાતિ આખા જગતનો ઉપયોગ પોતાને સારૂ કરે તેનો નાશ હોય. જે જ્ઞાતિ પોતાનો ઉપયોગ જગતના કલ્યાણને અર્થે થવા દે તે ભલે જીવો" ( જુઓ મહાત્મા ગાંધીજી કૃત વર્ણવ્યવસ્થા; પહેલી આવૃત્તિ; પાનું ૧૩૫–૩૬ ).

અંતમાં આજે કપડવંજને છેલ્લા દશકાથી તન, મન અને ધનથી મદદ કરનાર, કપડવંજીઓને કામધંધે વળગાડવામાં પૂરેપૂરા મદદરૂપ થનાર, ઉચ્ચ કેળવણી લેવાની ધગશવાળાઓને અને વધુ કેળવણી માટે પરદેશ જવાની ઇચ્છાવાળાઓને યોગ્ય ઉત્તેજન આપી મદદરૂપ થનાર, સેવાભાવી બે જૈન ભાઈઓનો અત્રે મારે ઉલ્લેખ કરવો જોઈએ. એક તો જયંત મેટલ વર્કસવાળા સ્વ. શ્રી. ચિમનલાલ ડાહ્યાભાઈ અને બીજા મુ. શ્રી. વાડીલાલ પારેખ. આ ભાઈઓની સખાવતો કોઈ કપડવંજીથી અજાણી નથી. સ્વ. ચિમનલાલનું અકાળે અવસાન થયું તે કપડવંજ માટે એક મોટી કમનસીબી થઈ છે. મુ. શ્રી. વાડીલાલ પારેખ સાથે કામ કરવાનો મને એક કરતાં વધારે વખત મોકો મળ્યો છે, કપડવંજની જાહેર સંસ્થાઓમાં જવાબદાર હોદ્દેદારો તરીકે સાથે કામ કરવાના પ્રસંગો પણ મને પ્રાપ્ત થયા છે. આજે ૬૬ વર્ષની પાકટ ઉમરે પણ નાત, જાત કે કોમના ભેદભાવ વિના સૌ કપડવંજીઓની યથાશક્તિ સેવા કરવાની તેમની ધગશ જેવી અને તેવી કાયમ છે. આપણા વહાલા વતન કપડવંજની સેવા માટે પ્રભુ તેમને દીર્ઘાયુ બક્ષો અને પુણ્યભૂમિ કપડવંજને તેમની દરેક પ્રકારની સેવાઓ મળતી રહો એ જ પ્રાર્થના.

પુણ્યભૂમિ કપડવંજનો જય હો !

સેવાસંઘ<br>
કપડવંજ<br>
તા: ૫–૫–૧૯૫૩.

**શાન્તિલાલ જીવણલાલ ગાંધી**

# આભાર દર્શન

આ પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરવા માટે અમારા પૂજ્ય કુળગુરૂ શ્રોત્રીય માહાસુખરામ પ્રાણનાથ તરફથી મને વખતો વખત કહેવામાં આવ્યું. મને પણ વખતો વખત એમજ લાગ્યા કરતું કે આ કામ મારે માટે અશક્ય તો નહિ પણ મુશ્કેલ થશે, કારણ કે મારી તબીયત સારી રહેતી ન હોતી. છતાં તેઓશ્રીએ એટલો બધો શ્રમ લીધો હતો કે જેને વ્યર્થ જવા દેવો તે મારા જેવા માટે વસ્મુ થઈ પડયું. તેમજ તેઓશ્રીની આપણી કોમ પ્રત્યેની લાગણી પણ એટલી ભારે હતી કે જાણે આપણી કોમનું દેવુંજ હોય નહિ અને તેને ભરપાય કરવા તેઓ મથી રહ્યા હોય તેમ લાગતું. આ કારણે મને જરા જોમ આવ્યું અને મેં મારા ભાઇઓ ઉપર વિશ્વાસ રાખી, આ કામ ઉપાડી લેવા અને પુરૂં કરવા તેમને બાંહેધરી આપી. આથી તેમણે મને પ્રસિદ્ધ કરવાના સર્વ હક્ક અર્પણ કીધા. આ તેમના મોટા દીલને તેમજ આપણી કોમ પ્રત્યેના તેમના અનન્ય પ્રેમ માટે તમો સર્વવતી હું તેમને અત્યંત હાર્દિક ધન્યવાદ આપું છું. તેમજ કોમ તેમની હમેશને માટે રૂણી રહેશે તેની હું ખાત્રી આપું છું.

વળી મેં મારા ભાઈઓ ઉપર જે ભરોસો રાખી આ કામ આગળ ધપાવેલું તેથી પણ સારી રીતે પ્રોત્સાહન મળ્યું છે. આ મારા બધા ભાઇઓએ સર્વે રીતે મને પોતાનાથી બનતી પૂરેપૂરી મદદ આપી છે, કારણ કે જેની પાસે ગયો તેમણે મને તદ્દન આનાકાની વિના મેં માગ્યા તેટલા રૂપીયા આપી કૃતાર્થ કર્યો છે. તે સર્વે ભાઇઓનાં નામ આપી, મળેલા દાનની રકમો તેમના નામ સામે દર્શાવી છે. આ તેમની ઉદાર વૃત્તિથી ખેંચાઇને અને તેની પ્રશંસા દર્શાવવા મેં તેમનાં દરેકનાં ચીરસ્મરણ રૂપે આ નાનકડી બુક જે ઇતિહાસ રૂપે પ્રગટ થાય છે તેમાં, દરેકના ફોટા જોડવા નિશ્ચય કર્યો અને તેમાં પણ મને દરેકે પૂરેપૂરો સહકાર આપ્યો છે. આના માટે હું તે સર્વે ભાઇઓનો રૂણી છું.

આ પુસ્તકને છપાવતાં, પ્રુફ વિગેરે વાંચી સુધારો વધારો કરવામાં, મને ડૉ. ભાઈ રમણલાલ સોમાભાઇએ ઘણીજ મદદ કરી છે. તે માટે તેમનો પણ આભાર આ સ્થાને માનું છું. ડૉ. ભાઈ રમણલાલ નાનપણથીજ આવા સાર્વજનિક કામમાં–તેમાં ખાસ કરીને યુવાનોના કોઇપણ પ્રગતિ સાધવાના ક્ષેત્રમાં–સહૃદય મદદ કરતાજ આવ્યા છે જે તેમના ઉદાર અને પ્રગતિશીલ સ્વભાવની પ્રતિતિ કરાવે છે. તેઓ હજુ ઘણા જુવાન છે, એટલે તેમના તરફથી આવા કામોમાં ઘણા લાંબા કાળ સુધી આપણી નાનકડી કોમને સહાયતા મળતીજ રહેશે તેવી આશા સેવું તો તે અસ્થાને ગણાશે નહિ.

વળી આ પુસ્તકને છાપી આપનાર ભાઈ મોહનલાલ જનરલ કમર્શિયલ પ્રીન્ટરી, હમામ સ્ટ્રીટ, કોટ, મુબઇના માલિકે પણ અમારી ફુરસદે અને ટાઇમના સંકોચ વિના ઘણું ખમીને આ પુસ્તકને આ પ્રમાણેનુ પ્રગટ કરવા અમોને સહાયતા કીધી છે. તે માટે તેમનો પણ આભાર માન્યા વિના મારાથી રહેવાય નહિ.

આ પુસ્તકને છપાવતાં લગભગ બે વર્ષ વિતિ ગયાં છે. આ સમય દરમ્યાન અમારા પૂજ્ય કુલગુરૂ શ્રી. માહાસુખરામ ભાઈ સ્વર્ગવાસ પામ્યા છે. તેમના આત્માને તે જ્યાં હોય ત્યાં શાન્તી મળો તેવી અમારી હમેશને માટે પ્રાર્થના છે.

આ પુસ્તક છપાવવા હાથમાં લીધું ત્યારથી આજ દીન સુધીમાં બીજા થોડાંક ધાર્મિક કાર્યો કપડવણજમાં ઊપસ્થિત થયેલાં તેનું વિસ્તાર પૂર્વક બ્યાન આ બુકના છેડે **"કપડવણજમાં ઉપસ્થિત થયેલ આધુનિક ધાર્મિક કાર્યો"** ના મથાળા નીચે આપવામાં આવેલ છે.

ટુંકામાં મારે આપ સર્વે ભાઇઓને એકજ વિનંતી કરવાની છે તે એ કે આ પુસ્તકની પ્રુફમાં ઘણી ભૂલો રહી ગયેલી છે. તેમજ વાક્ય રચનામાં પણ ખામી છે. તેને આપ સૌ સુધારીને વાંચશો અને અમારી ખામીઓને અપનાવશો. આ પુસ્તક દરેક ભાઇ બહેનો દાગીનાની પેઠે સાચવે તેવી મારી ભલામણ છે તેમાંથી ભવિષ્યની પ્રજા પોતાના કુટુંબ-જ્ઞાતિ-ગોત્ર વિગેરે માટે જાણવાનું મેળવે અને પોતે સગાઇ સંબંધો બાંધતાં આ પુસ્તકની સલાહ લેઈ કોઈ પણ જાતની ભૂલથી બચવા પામે–એજ વિનંતિ.

લી० આપનો સદાનો સેવક,
**વાડીલાલ મનસુખરામ પારેખ.**

# નિવેદન.

▷⊙◁

આ પુસ્તકના દરેક પ્રકરણની શરૂઆતમાં સમજ પડવા જેવી સમજુતી આપી પૂર્વાપર સંબંધ જોડીને પછીજ મૂળ વિષયનું લખાણ શરૂ કર્યું છે, છતાં એક રિવાજ તરિકે પુસ્તકની અંદર આવેલા વિષયો સંબંધી કંઈક વધારે સ્પષ્ટતા કરી અજવાળું પાડવું જોઈએ, તે રિવાજનો ભંગ કરવાનું કંઇ કારણ નથી. આ કોઈ મનુષ્યનું જીવન ચરિત્ર નથી. કોઇ સિદ્ધાંતનું પ્રતિપાદન નથી. માત્ર नियमा वाणिज्य ઉર્ફે નીમા વણિક મહાજનની જ્ઞાતિનો ઇતિહાસ છે. (૧) જુની હસ્ત લીખિત પ્રતોમાંથી (૨) દેવાલયોના શિલાલેખોથી (૩) બીજી નાતોનાં અને દેવસ્થાનોની હકીકત વાળાં છાપેલાં પુસ્તકોમાંથી (૪) મધ્ય ભારત દશા નીમા વાણિઆની પ્રવાસ કમિટિએ છપાવેલા રિપોર્ટ ઉપરથી (૫) બોમ્બે ગેઝેટિઅરના મુંબઇ સરકારે છપાવેલા "ગુજરાત સર્વ સંગ્રહ" નામના પુસ્તકમાંથી તથા (૬) "કપડવંજ શહેરનું વર્ણન" એ નામના છપાવેલા પુસ્તકમાંથી, એમ જયાં જયાંથી આ નીમા વાણિક મહાજનની વાત સંબંધીની હકીકત મળી આવી ત્યાં ત્યાંથી મેળવી એક જગાએ એકઠી કરેલી હકીકતનો આ સંગ્રહ છે. આ સ્થળે ઉપરોક્ત ગ્રંથકર્તાઓનો આભાર માનવાની રજા માગું છું.

આ ઇતિહાસમાં આખિલ હિંદ નિવાસી દશા અને વિશા ઉપભેદો સહિતના સમસ્ત નીમા વણિક મહાજન જ્ઞાતિને અતિ ઉપયોગી હકીકતનો સંગ્રહ છે. એમાં વણિકની નાતનું મૂળ જન્મ સ્થાન, જન્મ સમય, તેનો અડસટ્ટો, તેમના ગૃહસ્થાશ્રમના ધર્મ સંબંધીનું જ્ઞાન, તેમની નાતનું તથા ગોત્રોનાં નામ, તે પડવાનો સમય તથા તેના કારણો તેમજ તેમના કુળદેવ, કુળદેવી. કુળાચાર તથા તે સંબંધીની વિધિ કરાવનાર ને તે ઉપર દેખરેખ રાખનાર કુળગુરૂ વિગેરેનાં વર્ણન, ઇત્યાદિ મળી શકી તેટલી પ્રમાણભૂત સાબીતિઓ સાથેની હકીકત આપેલી છે. જે દરેક નીમા વણિકને જાણવાની અને તેનો તાત્વિક વિચાર કરી તેને હાર્દિક સન્માન પૂર્વક અપનાવી તેનાં યજન, પૂજન, સેવા વિધિ જાણી લઇ તેને અમલમાં મૂકવાની આ કટોકટીના સમયે ખાસ જરૂર છે.

આ પુસ્તકના પ્રકરણ ૭ થી ૧૦ સુધીના ચાર પ્રકરણ ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. નીમા વણિક મહાજનની જાત બ્રાહ્મણોની જાત જેટલીજ પુરાતની, સંયમી, જુની સંસ્કૃતિ અને વંશની વિશુદ્ધિની સંરક્ષક વૃત્તિ વાળી હોઈ, બ્રાહ્મણોના જેટલાજ સમાજમાં માન પામવાને હકકદાર છે. તે પ્રકરણ સાતમા नियमा वैश्याः વાળા પ્રકરણમાં મળી શકી તેટલી સત્ય હકીકતથી સાબીત કર્યું છે. તે ઉપરાંત પ્રકરણ ૮ મા ગોત્રોના નામના મૂળ સંસ્કૃત શબ્દો અને પછી

પ્રાકૃત ભાષામાં તેના પર્યાયને તે પછી લોકભાષામાં તેમજ હાલની બોલાતી ગુજરાતી ભાષામાં એમ વંશાવલિ આપી, એ ગોત્રો ચાતુર્વર્ણ્યના સમયનાં છે તે સાબીત કર્યું છે. આ બે પ્રકરણોથી નીમા વણિક મહાજનની સંસ્કૃતિ અને મહત્તા ઉપર સારો પ્રકાશ પડયો છે. ને તે સત્ય પુરાવાથી સિદ્ધ કરેલું છે. પ્રકરણ નવમામાં ગોત્રોની મહત્તા વિજ્ઞાન દ્દષ્ટિએ બહુજ અસરકારક રીતે વર્ણવી છે. આખા પુસ્તકમાં આ પ્રકરણ નવીજ ભાત પાડે છે. ખાસ આ એક વિશિષ્ટિતા છે. દરેક નીમા વણિક મહાજનની વ્યક્તિએ અવશ્ય વાંચવાની જરૂર છે. પ્રકરણ દશમામાં અખિલ હિંદમાં નીમા વણિક મહાજન જ્ઞાતિ કયા કયા ગામમાં હાલ વસે છે ને ત્યાં તેમનાં ઘર અને મનુષ્યની સંખ્યા કેટકેટલી છે? તેના આંકડા આપ્યા છે. એટલુંજ નહીં પણ તે દરેક ગામમાં દશા અને વીશા તથા શ્રાવક અને મેશ્રી એ કેટલા કેટલા છે તેના આંકડા પણ બતાવ્યા છે. આવા ઉપયોગી પુસ્તકની એક એક નકલ દરેક વ્યક્તિએ પોતાના ઘરમાં વસાવવી એ નૈતિક તેમજ ધાર્મિક ફરજ છે.

પ્રકરણ ૧૧ તથા ૧૩ થી ૧૫ સુધી ચાર પ્રકરણોમાં કપડવંજના વીશા નીમા વણિક મહાજનને ખાસ ઉપયોગી હકીકત છે. તેઓની, તેમનાં હાલમાં ચાલતાં લાણાંની યાદી, ગોત્રોની વહેંચણી તથા વંશાવલી, તેમની જુની તથા હાલની સ્થીતિનું વર્ણન એ બધું જેટલું કપડવંજના નીમા વણિક મહાજનને ઉપયોગી છે તેટલુંજ બીજા ગામે વસતા નીમા વણિકોને પણ ઉપયોગી છે. કારણકે એ બધી હકીકત પોતાને વાસ્તે અનુકરણીય અને વિચારણીય છે.

વિક્રમ સંવત્ ૨૦૦૧ ના કારતક સુદ ૧ થી વિક્રમ સંવત્‌ની એકત્રીસમી સદી શરૂ થાય ત્યારથી, આખી દુનિઆમાં અને ખાસ ભારતખંડમાં અણધાર્યા બનાવો એટલી ત્વરિત ગતિએ બન્યાં કરે છે કે તેને આપણે "અજાયબીઓ" કહીએ તો ચાલે. આ બધી અજાયબીઓથી હાલની પ્રજા વાકેફ છે જેથી તેના પિષ્ટપેશણની જરૂર નથી. તા. ૧૫ મી ઓગષ્ટ ૧૯૪૭ એટલે વિ. સં. ૨૦૦૩ માં હિંદમાં વગર લડાઇએ સ્વરાજ્ય મળ્યું. તેના આનંદમાં કહો કે પ્રજાની એકયતા સાધવાની ધગશમાં કહો ગમે તે કારણ હોય પણ પ્રાંતિક સરકારોએ સામાજિક અને ધાર્મિક રૂઢિઓ સુધારવાના બહાને સમાજ, નાત, ગોત્ર, ધર્મ ઈત્યાદિના બંધારણોને નિષ્ક્રિય કરનારા કાયદાઓ સત્વરતા પુર્વક ઘડવા માંડયા. આથી આધુનિક ઉચ્છૃંખળ કેલવણીથી ઘડાએલા મગજવાળાં કેટલાંક યુવક યુવતિઓનું તે તરફ લક્ષ ખેંચાવા લાગ્યું. આથી સમાજ કે નાતના વિચિક્ષણ આગેવાનોને પોતાની સમાજ કે નાતની ફિકર પેઠી. તેથી પોતાની નાતનાં જન્મસ્થાન, જન્મસમય, કુલદેવદેવી, કુળાચાર ઇત્યાદિ પરંપરાથી ચાલતી આવતી ધાર્મિક અને સામાજિક પદ્ધતિમાં સમયને અનુસરતો યોગ્ય સુધારો કરી તેના સત્ય તત્વોથી પોતાની

નાતની દરેક વ્યક્તિને વાકેફ કરવાની જરૂર સમજાઈ. જેથી ખરા જ્ઞાનના અભાવે જેમ દીવામાં પતંગીઉં ઝંપલાવી જીંદગી બરબાદ કરે છે તેવી રીતે ક્ષુદ્ર લાલચોથી તથા ઉપલકીઆ છૂટછાટોથી લોભાઇ સમાજ કે નાતમાંથી છૂટાપડી આખી જીંદગી દુઃખ ભોગવતા બચી જાય, તે માટે આ ઈતિહાસ એકઠો કરી સમગ્ર નીમા વણિક મહાજનની નાતના યુવક યુવતિઓની સમક્ષ રજુ કર્યો છે. તેનું વાચન-મનન ને નીદિધ્યાસન કરી આવતા કટોકટીના કપરા સુસવાટા સામે જ્ઞાન રૂપી ઢાલ ધરી હીંમતભેર ઉભા રહી પોતાની નાત-જાત-ગોત્ર-કુળાચાર વિગેરે જે તેમના વડવાઓએ લગભગ ત્રણ હજાર વર્ષ ઉપરાંતના કપરા સમયમાં, અનેક કષ્ટો વેઠી સંયમ સાચવી તે બધાંને હયાત રાખ્યાં છે, તેની પડખે ઉભા રહી પૂર્ણ વફાદારીથી અને સન્માન પૂર્વક તેમને બધાંને જીવંત રાખે, એવી આશાથી લેખકે અને ગ્રંથકર્તાએ આ પ્રયત્ન કર્યો છે. આ પ્રયત્નને કેટલી અને કેવી સફળતા મળશે ? તે તો ભવિષ્યની પ્રજાની કર્તવ્યતા ઉપરની ગણત્રીથી ગણાશે.

આ ઇતિહાસ એકઠો કરવામાં કોણે કોણે સહાય કરી છે તેની પ્રસિદ્ધિ જેને તે પ્રસંગે ને સ્થળે કરવામાં આવી છે. છતાં એટલાથી સંતોષ નહી વળતાં તેઓનાં નામનિર્દેશ કરી આભાર માનવાની તકનો લાભ છોડી દઇ શકતો નથી. આ સહાયકોમાં आगमोद्धारक आचार्य श्री सागरानंद सुरीश्वरजी નું સ્થાન પહેલું છે. તેઓ શ્રી સંસારી પણામાં, કપડવંજના વતની વીશા નીમા વણિક જ્ઞાતિના હતા. તેઓ શ્રીનું જીવન ચરિત્ર હાલના જૈન સંપ્રદાયમાં સૌને એટલું બધુ સુવીદિત છે કે લેખક જો એ જીવન ચરિત્રનો આ જગાએ ઉલ્લેખ કરે તો તે જીવન ચરિત્રને અન્યાય થાય અને લેખકની અજ્ઞાનતા જણાઇ આવે આવા બમણા ભયથી તે બાબતમાં ચૂપ રહે છે. આચાર્યશ્રીની આજ્ઞાથી તેઓ શ્રીના અંતેવાસી મુનિ કંચનવિજયજી મહારાજશ્રીની મહેનતે બહુજ સારો ફાળો આપ્યો છે. તેઓ પણ સંસારી પણામાં કપડવંજી વીશા નીમા વણિક જ્ઞાતિના હતા. આ ત્યાગમુર્તિ આચાર્યશ્રી અને વિદ્વાન્ મુનિ મહારાજ કંચનવિજયજી એ બેઉની મૂળ વતનની અને જ્ઞાતિની ઉત્કૃષ્ટ સ્થિતિ જોવાની ધગશનો ઉપકાર માનવાની સારાભાવાર્થ વાળી ભાષાની કમ આવડતને લીધે લેખક માત્ર અભિનંદન કરે છે.

સહાયકોમાં બીજા નંબરનું સ્થાન, ઇન્દોર નિવાસી, નીમા વણિકોના કુલગુરૂ ઔદુમ્બર બ્રાહ્મણ જ્ઞાતિના અલંકારરૂપ નરરત્ન પ્રોફેસર ગોવિંદલાલજી શ્રીધરજી શાસ્ત્રીને ફાળે જાય છે. તેઓ સંસ્કૃત ભાષાના પારંગત અને હોલકર પાઠશાળાના સંસ્કૃત ભાષાના પ્રોફેસર છે. તેમને ઇન્દોરના દશા અને વીશા નીમાવણિક મહાજનો બહુ માનપૂર્વક સેવે છે. તેઓએ (૧) रत्नमयो पारव्याननी શોધિત વર્ધીત હસ્ત લીખીત પ્રત (૨) દશા નીમા સંમેલનની પ્રવાસ કમીટિનો છાપેલો રિપોર્ટ (૩) મધ્ય પ્રાંતના દશા નીમાના

દ્વીતિય અધિવેશનનો રિપોર્ટ (૪) ઇન્દોર દશા નીમાના સંમેલનનો રિપોર્ટ (૫) માળવા અને નિમાડ પ્રાંતમાં વીશા નીમા વણિકોના વસ્તીવાળાં ગામ અને તેમાં ઘર તથા મનુષ્ય સંખ્યાના આંકડા, આ સઘળું જાતે મહેનત કરી મેળવી મોકલી આપ્યું છે. તે કુલગુરૂ તરીકે તેમના યજમાન નીમા વણિકો તરફ કેવી લાગણી છે તેનો સ્પષ્ટ પુરાવો છે. આ પ્રસંગે તેમનો અનહદ ઉપકાર માનું છું. ઔદુમ્બર જ્ઞાતિમાં આવા કર્તવ્યપરાયણ અનેક યુવકો પેદા થાય તેવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરૂં છું.

ત્રીજા સહાયક તરિકે आगमोध्धारक आचार्यश्री सागरानंद सुरीश्वरजो મહારાજના શિષ્યરત્ન વિદ્વાન મુનિમહારાજ चन्द्रोदय सागरजी મહારાજની ગણના થઇ છે. તેઓ શ્રી પણ સંસારીપણામાં કપડવંજ વીશા નીમા વણિક જ્ઞાતિના હતા. તેઓશ્રી વિહાર કરતા કરતા કપડવંજ પધાર્યા ત્યાં અકસ્માત્ ભેટો થયો, તેઓ શ્રીએ ગોત્રોના મુળ સંસ્કૃત શબ્દો અને તે પછીની વંશાવલી અને સત્ય અર્થ શોધવામાં અથાગ મહેનત લીધી છે. જેનું વર્ણન આઠમાં પ્રકરણમાં કર્યું છે, તેથી પુનરૂક્તિ ન કરતાં તેઓ શ્રીનો હાર્દિક ઉપકાર માનું છું.

આ સહાયકોનો ઉપકાર માનતા પહેલાં આ પુસ્તકના મૂળ ઉત્પાદકને જો યાદ ન કરૂં તો મહા પાપનો ભાગીદાર થાઉં: એ મારા સદ્ગત સન્મિત્ર ગાંધી વાડીલાલ લીંબાભાઇ છે. આ પુસ્તકની પ્રથમ પ્રેરણા તેમની મગજ શક્તિનું પરિણામ છે. કપડવંજી વીશા નીમા વણિક મહાજનનું પેઢી નામું અને ગોત્રોની વહેંચણી તેમની મહેનત અને શ્રધ્ધાથી થયેલ છે. લેખકની સાથે ઘેર ઘેર ફરી પેઢીનામું લખાવેલું, ને ગોત્રની વેહેંચણી પણ બીજાઓની મદદ અને સલાહ લઇ નક્કી કરાયેલ ગોત્રના મૂળ સંસ્કૃત શબ્દો અને તેના સત્ય અર્થ જાણવાની તેમની બહુ ઉત્કટ ઇચ્છા હતી, તે આજે ત્રીસ વર્ષે કંઇક અંશે પાર પડી છે, પ્રથમ તો કપડવંજ વીશા નીમા વણિક મહાજન જ્ઞાતિ પુરતુંજ આ પુસ્તક બહાર પાડવાનો વિચાર હતો. પરંતુ કુદરતની કૃપાએ મારા એ મર્હુમ સન્મિત્રના જેષ્ઠ પુત્ર નગીનલાલ અને તેમના સ્નેહી પરીખ વાડીલાલ મનસુખભાઇએ પુસ્તક છપામણીનો ખર્ચ કરવાની ઇચ્છા કરીને નગીનભાઇએ પુસ્તક સુધારી આપવાની ઇચ્છા કરી લેખકને ઉત્તેજન આપ્યું, જેથી અખિલ હિંદ નિવાસી નીમા વણિક મહાજનની જ્ઞાતિને અતિ ઉપયોગી અને અણમોલી વસ્તુ તરિકે આ પુસ્તક બહાર પડે છે. આ બન્ને ગૃહસ્થોએ પોતાના વડિલના આત્માને સંતોષ આપ્યો છે તે બદલ તેમને આનંદ માણવાનો હક્ક છે. આ પુસ્તક છપાવવાનો સઘળો હક્ક પારેખ વાડીલાલ મનસુખભાઇને લેખકે સોંપી દીધો છે ને તેમણે સેવા ભાવથી સ્વીકાર્યો છે. આ પુસ્તક છપાવી માત્ર કપડવંજમાં વહેંચવું કે અખિલ હિંદમાં

વહેંચવું અગર વેચવું હોય તો કઇ રીતે વેચવું તે બધું પ્રકાશકની મુનસફી ઉપર છે. લેખકે આ પુસ્તક સેવાભાવથી લખ્યું છે. માત્ર એટલીજ ઇચ્છા છે કે આ પુસ્તક અખિલ હિંદ નિવાસી નીમા વણિક મહાજનના દરેક ઘરમાં પ્રવેશ કરે તે ઉપરાંત કુલગુરૂઓના પણ દરેક ઘરમાં પ્રવેશ પામે.

આ પુસ્તકમાં જે કંઈ સારૂં છે તે મૂળ ઉત્પાદક તથા હાલના સહાયક તથા સલાહકારની તિવ્રબુદ્ધિનું પરિણામ છે. તે ઉપરાંત કોઇને પણ અણગમો કે ઉણપ જણાતી હોય તો તે લેખકની અલ્પ બુદ્ધિનું પરિણામ છે. આ કાર્યમાં જેમ બને તેમ રાગ-દ્વેષ એ જોડકા દુર્ગુણને દૂર રાખવા પ્રયત્ન કર્યો છે. છતાં કોઇપણ વ્યકિત કે સમાજ કે જથાને જાણે, અજાણે અણગમાનું વિધાન જણાય તો તે માટે લેખક ક્ષમા માગે છે.

આ પુસ્તકમાં કેટલીક જગાએ પુનરૂકિતનો દોષ જણાય છે, તે થવાનાં અનેક કારણો છે. (૧) પુર્વાપર સંબંધ બતાવી વર્ણન શરૂ કરવાની શૈલીને લીધે પ્રથમ લખેલી બીના પાછળથી લખવામાં લાવવી પડે છે. (૨) કેટલીક બાબતો એવી છે કે સત્ય અર્થના જ્ઞાનના અભાવે મૂળ વસ્તુ ઘણા સૈકાથી ભૂલાઇ જવાને રસ્તે ચઢી છે. તેને વારંવાર લખવાથી એ અજ્ઞાનનો પડદો દૂર થાય તે હેતુથી એ વસ્તુની વારંવાર પુનરૂકિત કરવી પડી છે. (૩) લેખકની પોતાની કમ આવડતને લીધે પણ એ દોષ આવવાનો સંભવ છે. આ માટે સમજુ વાચક વર્ગની પાસે ક્ષમા યાચના છે. તે હંસ ક્ષીર નીર ન્યાયે ક્ષમા મળશે એવો વિશ્વાસ છે.

આ પુસ્તક નીમા વણિક મહાજન જ્ઞાતિને માટે લખાયું છે. આગળ લખાઇ ગયું છે તેમ આ સંગ્રહને પુસ્તક સ્વરૂપ આપનાર એટલે પુસ્તકના પિતા તરિકે ગણીએ તો વાડીલાલ મનસુખભાઇ પરીખ છે. તેમના ઉત્તેજનથીજ પ્રેરાઇ લેખકે, સંશોધકે અને સુધારકે માત્ર સેવા ભાવથી કામ કર્યું છે. શુભ આશયનું ફળ તેની ઇચ્છા કરીએ અગર ના કરીએ તો પણ સારૂં ફળ આવેજ એ કર્મનો સ્વભાવ છે. પ્રથમ માત્ર કપડવંજની નાત પૂરતુજ પુસ્તક લખવાનું કે છપાવવાનું હતું. પરંતુ તેમાં રહેલી ઉચ્ચભાવના અને આગમોધ્ધારક આચાર્યશ્રી સાગરાનંદ સુરિશ્વર જેવા ત્યાગ મૂર્તિના આશિર્વાદથી બહુ વિપૂલ સામગ્રી મળવા લાગી અને તેથી માત્ર કપડવંજનાજ નહીં, ગુજરાતનાજ નહીં, પરંતુ લગભગ અખિલ હિંદના નીમા વણિક મહાજનની જ્ઞાતિનો ઇતિહાસ, જે પૂરા અંધારામાં ગોંધાઇ રહ્યો હતો તે અંધકારનો પડદો દુર થઇ કંઇક પ્રકાશ આવ્યો અને આ ઓપવંતી જ્ઞાતિનાં ઉજમાલાં ભવિષ્યની આશા કિરણની ઝાંખી થઈ.

આ બધો જશ ખરૂ જોઇએ તો શ્રીયુત વાડીલાલ મનસુખભાઇ પરીખને ફાળે જાય છે. આ પુસ્તકને છપાવી તેને યોગ્ય કીંમતે વેચવાની ફરજ હવે કપડ-

વંજી વીશા નીમા વણિક મહાજન જ્ઞાતિની સાધન સંપન્ન વ્યક્તિઓની છે. આ વ્યક્તિઓએ એક વ્યવસ્થાપક સમીતિ નીમી તેને આખા હિંદમાં પ્રચાર કરવાની યોજના કરવી જોઇએ. આ બાબત શ્રીયુત વાડીલાલભાઇ ઉપર છોડવી એ એક લીલા ચંદનવૃક્ષના મૂળમાં કોહાડો મારવા જેટલો દ્રોહ ને મહાપાપ છે. હાલના ખર્ચાળ સમયમાં જ્યાં હશે ત્યાં નીમા વણિક મહાજન જ્ઞાતિની કોઈપણ વ્યકિત આ ખરીદી ન શકે એવી જવલેજ જડી શકે. કદાચ કોઇ દૂર દૂરના ગામડામાં કોઇક મળી આવે તો તે વ્યકિત જે જથ્થા કે સમૂહમાં હોય તેના આગેવાનો કે પટેલીઆઓએ વિના મુલ્યે તેમને ભેટ મોકલવી જોઇએ. હાલના ખર્ચાળ જમાનામાં સાધારણ લગ્ન પ્રસંગોમાં પ્રથમના કરતાં ચાર પાંચગણો ખર્ચ થાય છે, સાધારણ દરરોજના વ્યવહારમાં વસ્તીવાળા સાધારણ ગૃહસ્થને ત્યાં પણ દરરોજનો વહી વટી ખર્ચ ત્રણ કે ચાર રૂપિઆ થવા જાય છે. તેવાઓને આ બે એક રૂપિઆને આશરેની કીંમતની ચોપડી ખરીદતાં મુશ્કેલી નડે નહીં એ સમજી શકાય એવી વસ્તુ છે.

દરેક પ્રાંતિક જથા વાળા અગર રોટી બેટી વ્યવહાર કરનાર જથાવાળા પોતાના જથા પુરતી ચોપડીઓની નકલો ખરીદી લેઇ જેમ વાસણની લાહાણી કરે છે તેમ આ જ્ઞાનની એટલે પુસ્તકની લાહાણી કરવાની ઇચ્છા કરી પુસ્તકો ખરીદવાની ઇચ્છા જણાવે તો વ્યવસ્થાપક સમીતિ પુસ્તકની કીમ્મતમાં કંઇક છૂટ આપી શકશે. આ પુસ્તક વેચાણમાં કોઈપણ વ્યકિતને આર્થિક વાસના નથી માત્ર પ્રચારનીજ વાસના છે.

આ પુસ્તક ફરી છપાવવાનો તેના ઉપર જે કંઇ હકક થતો હોય તે સઘળા હકકના હકકદાર પુસ્તક કર્તા પરીખ વાડીલાલ મનસુખભાઇ પારેખ છે. તેમની પરવાનગી સિવાય આમાંનો કોઇ પણ ભાગ કે આખુ પુસ્તક છાપવું છપાવવું નહીં એવી નમ્ર સુચના સાથે.

અસત્યો માંહેથી, પ્રભુ ! પરમ સત્યે તું લઇજા,
ઉંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈજા;
મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ ! લઇજા,
તું હિણો હું છું તો, તુંજ દર્શનાં* દાન દઇજા, ॥ ૧ ॥

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઉચરૂં,
કૃતિ ઇંદ્રીઓની, મુજ મન વિષે ભાવ જ સ્મરૂં;
સ્વભાવે, બુદ્ધિથી, શુભ અશુભ જે કાંઇક કરૂં,
ક્ષમા દૃષ્ટે જો જે, તું જ ચરણમાં નાથજી ! ધરૂં. ॥ ૨ ॥

ઈતિશ્રી શુભંભવતુ

લેખકના,
વાચકને આશિર્વાદ.

---

*દર્શાન્દર્શન.

# પ્રકરણ ૧ લું

## વેદના સમયની ચાતુર્વર્ણ્ય

સમય :—વિક્રમ સંવત્ પૂર્વે બે હજાર વર્ષથી વિક્રમ સંવત્ પૂર્વે પાંચસો વર્ષ સુધીનો ઇતિહાસ.

આર્યોનું મૂળ સ્થાન :—મધ્ય એશિઆના આર્યો તે પ્રદેશમાં ધરતીકંપ, અનાવૃષ્ટિ જેવાં અનિષ્ટ કારણોને લઇને પોતાના મૂળ સ્થાનમાંથી પોતાનું પશુધન લઇ અગ્નિકોણ ( ઉત્તર પૂર્વ ) તરફ ટોળાંબંધ હિજરતે નીકળ્યાં. જ્યાં જ્યાં પોતાનું અને પોતાના પશુધનનું પોષણ થાય ત્યાં ત્યાં મુકામ રાખી રહેવા લાગ્યા. સગવડના અભાવથી અગર પાછળનાં ટોળાંના ધક્કાથી આગળનાં ટોળાં અગ્નિકોણ તરફ ખસતાં ગયાં, અને સિંધુ નદી પર આવ્યાં. સિંધુ નદીનાં જળ ઓળંગવાનું સરળ ન હોવાથી ત્યાં સ્થાયી મુકામ રાખી વસ્યા. "મોહેન-જો-ડેરો" જેવાં, આધુનિક શહેરોની સુખ સગવડતાથી પણ ચઢી જાય તેવાં ભવ્ય શહેરો બાંધ્યાં, અને ભટકવાની જીંદગી બદલી ગ્રામવાસી બન્યા. પાછળથી જે જે ટોળાં આવ્યાં તેમને પણ આ સ્થિતિમાં મેળવી લીધા, ને જુદાં જુદાં ગામ વસાવ્યાં. અહીં સિંધુ જેવો જળસમૂહ, પંચનદ વચ્ચેની હરિયાળી જમીન, ઓછી મહેનતે વધુ ઉત્પાદન થાય તેવાં ખેતરો, હીમથી ઢંકાયલાં પર્વતોનાં શિખરો, નિયમીત વરસાદ તથા વાયુના પ્રવાહો, આ બધું મનુષ્ય અને પશુઓનાં શરીર અને પ્રકૃતિને તદ્દન અનુકુળ તથા આલ્હાદક એવું વગર માગ્યે મળવા માંડયું તેથી ઉપકારવશ લાગણીથી, આ બધું આપનાર દિવ્યશક્તિ ( દેવો )ના ગુણો ગાયા. એ બધા ગુણો તે સમયની તેમની સંસ્કૃત ભાષામાં સૂત્રરૂપે એકઠા કર્યા. થોડા શબ્દોમાં ઘણો અર્થ સમાય એનું નામ સૂત્ર. આવા સૂત્રોનો સંગ્રહ તે આર્યોનું સૌથી પ્રથમ પુસ્તક. તેનું નામ તેમણે "ઋગ્વેદ" પાડયું. "ઋગ્વેદ" રચનારા તે બ્રાહ્મણ કહેવાયા. તેઓ તથા તેમની સાથે આવેલા બીજાઓ "आर्य" ( સુધરેલા ) કહેવાયા. મૂળ સ્થાનમાંથી સિંધુ નદી ઉપર આવી ગ્રામવાસી બની ઋગ્વેદ તૈયાર કર્યો તેટલામાં ઓછામાં ઓછાં હજારેકને આશરે વર્ષ વીત્યાં હશે. સિંધુ નદી ઓળંગી આર્યો પંજાબમાં આવ્યા. પંજાબના આદિવાસીઓને આર્યોએ અનાર્ય, જંગલી દસ્યુ વિગેરે તિરસ્કાર વાચક નામથી ઓળખાવ્યા છે. તેઓએ આર્યોને આગળ વધતાં અટકાવ્યા, પ્રયાણ કરવામાં, આગળ વધવામાં, તથા જ્યાં વસ્યા હતા ત્યાં સુરક્ષિત

રહેવામાં આદિવાસીઓ તરફથી અનેક વિઘ્નો આડે આવ્યાં. તે વિઘ્નોને નિવારવા અને પોતાની પ્રગતિને સફળતાપૂર્વક ચાલુ રાખવાના કાર્યમાં બુદ્ધિબળ સાથે શરીર બળનો પણ ઉપયોગ કરવો પડયો જેથી શૌર્ય સ્વભાવનાં કેટલાંક ટોળાંએ એ કામ સ્વીકાર્યું. તેમાં તેમણે સફળતા મેળવીને તે જગાએ સ્થિર થયા. અને હરપ્પા, તક્ષશીલા જેવાં શહેરો વસાવ્યાં. બ્રાહ્મણોએ દેવકાર્ય, વિદ્યા, જ્ઞાન, અને સમાજ કાર્ય પોતાને સ્વાધીન રાખ્યું. શૌર્યવાન્, તેજસ્વી અને સાહસિક આર્યોનાં ટોળાંને પોતાના બીજા આર્યોનું આદિવાસીઓથી રક્ષણ કરવું, આદિવાસીઓને ડુંગર અને જંગલમાં હાંકી કાઢી નવાં નવાં સ્થળો સંપાદન કરવાં, ઇત્યાદિ કામ સોંપ્યું જે તેઓએ સ્વીકાર્યું તે "ક્ષત્રિય" ગણાયા. તેમનો દરજ્જો બ્રાહ્મણોથી બીજા નંબરનો કર્યો.

આવી રીતે બુદ્ધિમાનો દેવકાર્ય, સમાજકાર્ય તથા જ્ઞાનવિજ્ઞાન કાર્યમાં જોડાયા અને શરીર બળવાળા સાહસિકો આદિવાસી સાથે ઝગડામાં રોકાયા. વળી તેઓનાં પશુધન અને બાલ-વૃદ્ધ મનુષ્યોના ભરણપોષણ માટે અનાજ-દૂધ, દહીં, ઘાસ, ઘી વિગેરે વસ્તુઓ પેદા કરવાનું અને જનસમૂહમાં જ્યાં જોઇએ ત્યાં પહોંચાડવાનું કાર્ય અમુક જથ્થાએ સ્વીકાર્યું તે "વૈશ્ય કહેવાયા. ॥ कृषि गोरक्ष वाणिज्यम् वैश्य कर्म स्वभावजम ॥ આ ગીતાજીનું વાક્ય છે તે પ્રમાણે ગીતાજીની ઉત્પત્તિ પહેલાંના સમયમાં વૈશ્ય કર્મનો આ ઉલ્લેખ છે. આ ત્રણ વર્ણ પોતાને દ્વિજ એટલે બે વખત જન્મેલા કહેવાયા. યજ્ઞોપવિત એટલે જનોઇ સંસ્કાર એ એમનો બીજો જન્મ ગણાતો. તે સંસ્કાર મેળવ્યા પછીજ ધાર્મિક કાર્યો માટેની યોગ્યતા ગણાતી.

તે ત્રણ જાતિ સિવાયના, હારીને શરણે આવેલા આદિવાસીઓ વિગેરે જેમણે ઉપર જણાવેલી ત્રણ જાતિની સેવા કરવાનું સ્વીકાર્યું તે શુદ્ર કહેવાયા. શુદ્રોની શારીરિક અને માનસિક સ્થીતિ, તેમની શરણાંગતિ વિગેરે ઉપર વિચાર કરીને તેઓને રહેવાનાં સ્થળ, ભરણ પોષણનાં સાધન તથા સહીસલામતી માટે રક્ષણ માટેનાં સાધનો તેમને દ્વિજ જાતિએ બહુ ઉદારતાથી આપ્યાં, એટલુંજ નહિ, પણ પર્વના દિવસોમાં ઉત્સવના પ્રસંગોમાં તથા જન્મ, મરણ ને લગ્નનાં પ્રસંગોમાં એઓને જીવન વ્યવહારમાં ઉપયોગી વસ્તુઓ આપતા રહ્યા. આ વ્યવસ્થાને અનેક સૈકા વીતી ગયા છતાં હજુ દ્વિજો પોતાના આ સેવકોને ભુલ્યા નથી. એ આર્ય (સુધરેલા, ઉદાર) સંસ્કૃતિનું લક્ષણ બતાવી આપે છે.

આ પ્રમાણે આર્યોમાં ચાર વર્ણો બંધાઇ (૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય અને (૪) શુદ્ર. આ ચાર વર્ણોના આચાર વિચાર, રહેણીકરણી, લગ્ન વ્યવહાર, ભોજન વ્યવહાર વિગેરે સમાજ વ્યવસ્થાના કાયદા મનુસ્મૃતિ વિગેરે બુદ્ધિમાન બ્રાહ્મણોએ

દેશકાળને અનુસરી ઘડી કાઢયા. તેનો અમલ કરવાનું કામ ક્ષત્રિયોને સોંપ્યું. તેથી ક્ષત્રિયો રક્ષણ કરનાર અને સમાજની વ્યવસ્થા સાચવનાર સત્તાધારી થયા. છતાં સમાજના કાયદા ઘડવા, દેવપુજા ધાર્મિક ક્રિયા અને જ્ઞાન વિજ્ઞાનની ઉપાસનાની પ્રવૃત્તિ બ્રાહ્મણોએ પોતાની પાસે રાખી. એ રીતે સત્તાધારી રાજાઓના પણ રાજા એટલે મહારાજા પદવીને પામ્યા. વર્ણાનામ બ્રાહ્મણોગુરૂ બન્યા. આર્યોના બીજા જથા પાછળ આવતા ગયા તે કારણથી પહેલાં આવેલા આર્યોએ આદિવાસીઓને ડુંગરમાં ને જંગલમાં ધકેલી મૂકી તેમની જમીન, તથા મુલકો કબજે લેઈ પોતાની આર્ય પ્રજા માટે સુખ સમૃદ્ધિનાં સાધનો વધારતા ગયા. આથી તેમની વસ્તી પણ વધી અને સમાજ વ્યવસ્થા સાચવવાનો બોજો પણ વધ્યો. સાથે સાથે સ્વચ્છંદતા તથા જાતિમત્સર પણ વધ્યાં.

આ વર્ણ વ્યવસ્થામાં બ્રાહ્મણોએ પોતાની આત્મ શુદ્ધિ અને સંસ્કૃતિ સાચવવાને વિજ્ઞાન દૃષ્ટિએ ભક્ષ્યાભક્ષ્ય એટલે ભોજન વ્યવહારમાં વટાળનો પ્રબંધ દાખલ કર્યો જેથી દરેક વર્ણ પોતાથી ઉતરતા નંબરની વર્ણ સાથે ભોજન કરે તો તે વ્યક્તિ પોતાની મૂળ વર્ણમાંથી પતિત ગણાય. આ કારણથી વર્ણભેદ સજ્જડ થયો. આ બંધન ઉંચ વર્ણના કેટલાક સ્વચ્છંદીઓને તથા ઉતરતી વર્ણના કેટલાક સ્વમાની લોકોને પસંદ પડયું નહીં. તેથી પ્રથમ છૂપી રીતે અને કાળક્રમે ઉઘાડા છોગે છટકબારીઓ ખોલી આ બંધન સામે બળવો પોકાર્યો. જેને પરિણામે પતિત વર્ણની સંખ્યા વધી, ને સમાજ વ્યવસ્થામાં અવ્યવસ્થા દાખલ થઈ. વળી સમાજ વ્યવસ્થાના કાયદામાં “લગ્ન સંબંધ” માટે પણ સખ્ત બંધન હતાં. દરેક વર્ણનો પુરૂષ પોતાની વર્ણમાંની કન્યા પરણી શકે તથા પોતાથી ઉતરતા વર્ણની કન્યાને પોતાની વર્ણના સંસ્કાર આપીને પરણી શકે. આ લગ્ન અનુલોમ લગ્ન કહેવાય. અને તેનાથી થયેલી પ્રજા વારસો અને વર્ણના બીજા હકો માટે લાયક ગણાય. પરંતુ ઉતરતી વર્ણનો પુરૂષ ચઢતા વર્ણની કન્યા સાથે પરણે તો તે લગ્ન પ્રતિલોમ લગ્ન કહેવાયું અને તેનાથી થયેલી પ્રજાપતિત ગણાઇ. આવાં પ્રતિલોમ લગ્ન થતાં ત્યારે શરૂઆતમાં સમાજ નિયામકોએ તેમની ( લગ્ન કરનારાઓની ) અસલ વર્ણોના ગુણદોષ વિચારી તે પ્રતિલોમ લગ્નથી થયેલી પ્રજા માટે તે સમયને અનુસરી કાયદા બાંધ્યા. પરંતુ સમય જતાં વસ્તી વધી. સંયમ અને આચારવિચારમાં શીથિલતા આવી જેને પરિણામે વર્ણસંકર પ્રજા એટલી વધી કે તેમને માટે નિયામકો કાયદા ઘડી શકયા નહીં. આવા સમયમાં વાયવ્ય દિશાએથી કે જ્યાંથી આર્યો આવેલા તે દિશાએથી બીજી પ્રજાનાં ઘણાં ટોળાં આવવા લાગ્યાં અને તેઓએ ચારે વર્ણોમાં ભળી તેમાં “લગ્ન સંબંધ” બાંધી વર્ણસંકરતાનો વધારો કર્યો. આવા સમયમાં પણ બ્રાહ્મણો પોતાની વર્ણને “વટાળ પ્રબંધ” અને

"લગ્ન સંબંધ" એ બે બાબતોથી બચાવી શકયા હતા. પોતાના વર્ણની સંખ્યા કમી થશે તેની તેમણે દરકાર રાખી નહીં. પરંતુ પોતાની સંસ્કૃતિ અને આત્મ શુદ્ધિવાળી પેઢી કાયમ રહે તેવી વ્યવસ્થાને વળગી રહી જરાપણ ગોટાળો જણાય તો તેને પ્રાંત બહાર અને પતિત ઠરાવી અલગ કરી દેતા. અનુલોમ લગ્નના કાયદા ગૃહ્ય સૂત્રમાં અને પ્રતિલોમ લગ્નના કાયદા પુરાણો તથા સ્મૃતિઓમાં જોવા મળે છે. આ વિષયમાં વધુ જ્ઞાન મેળવવાની ઇચ્છાવાળાએ સ્વર્ગસ્થ સાક્ષર શ્રી ગોવરધનરામભાઇ માધવરામ ત્રિપાઠી કૃત "હિંદુસ્તાનમાં જુના વખતમાં લગ્ન પદ્ધતિ"નું ઇંગ્રેજી ભાષામાં પુસ્તક લખ્યું છે તે વાંચવાથી ઘણું સારૂં જ્ઞાન મળશે.

વાયવ્ય ખૂણાથી બીજી પ્રજાનાં ટોળાં આવવા લાગ્યાં એમ ઉપર જણાવ્યું છે. તે આવવાનાં કારણો અનેક હતાં. અહીં પ્રથમ આવેલા આર્યો સુખી અને સમૃદ્ધિવાન્ થયા તે જાણીને બીજી પ્રજા અત્રે આવવાને આકર્ષાઈ. વળી તે સમયની દુનિયામાં ભરતખંડ માટે એવી વાતો ચાલતી કે ત્યાં ધન-દોલત-સમૃદ્ધિ વિગેરે પુષ્કળ છે. પણ તેને સાચવનાર તથા ભોગવનાર પુરતા નથી. આથી લોભાઈ મહાન્ સિકંદર ભરતખંડ જીતી લેવા આવ્યા. તે સમયે અહીં પંજાબમાં પોરસ રાજા, મગધમાં ચંદ્રગુપ્ત રાજા, અને બ્રાહ્મણોમાં (ચાણાકય) અને તક્ષશિલા વિદ્યાપીઠના કુલપતિ આદિની યોગ્યતાથી અંજાઇ તેના કારભારી અને અને સેનાપતિઓએ આગળ વધવાની ના પાડી. તે હકીકત ઇતિહાસ પ્રસિદ્ધ છે. તક્ષશિલા વિદ્યાપીઠના કુલપતિ માટે એમ કહેવાય છે કે મહાન સિકંદરે તેમને પોતાના મહેમાન બનવા માટે આમંત્રણ આપ્યું. તેના જવાબમાં જણાવ્યું કે વિદ્યાપીઠના કુલપતિ વિદ્યાપીઠના કાયદા પ્રમાણે કોઇના મહેમાન બની શકતા નથી. પરંતુ કોઇપણ મહેમાનની મહેમાનગીરિ કરવા તેઓ તૈયારજ છે. માટે આપે આ વિદ્યાપીઠની મુલાકાતે પધારવું. આવો નિસ્પૃહિ તથા નીડર પરંતુ સંપૂર્ણ વિવેકશીલ પ્રત્યુત્તર મળતાં સિકંદરની ઉત્કંઠા વધી. તે સમય પહેલાં માત્ર દશ વર્ષના અરસામાં કેરો યુનિવર્સિટિના મોટા પુસ્તકાલયનો જેણે નાશ કર્યો હતો તે સિકંદર આ વિદ્યાપીઠની ભવ્યતા તથા કુલપતિની આકર્ષક પ્રતિભા જોઇ અંજાઈ ગયા. અને પોતાની સાથે આવેલા ગ્રીક વિદ્વાનોને તક્ષશિલા વિદ્યાપીઠનો અનુભવ લેવા એક માસ માટે એ કુલપતિને સોંપ્યા. એ સમયના અધ્યાપકો, કુલપતિઓ, વિદ્વાન બ્રાહ્મણો આ સ્થિતિ પર હતા. તેથીજ તેઓ રાજાઓના રાજા એટલે મહારાજની પદવી એ પહોંચ્યા હતા.

આ પછી જે જે જથા આવ્યા તે રાજ્ય સત્તા પ્રાપ્ત કરવા નહીં પરંતુ અહીં વસવાટ કરી આ દેશને પોતાના વતન તરિકે ગણવા આવતા હતા. તેમને પ્રથમ આવેલા આર્યોએ ઉદારતાથી રાખ્યા અને પ્રજામાં ભળી જવા દીધા.

સમાજની અવ્યવસ્થા તથા ચારે વર્ણની ગેરવ્યવસ્થાની શરૂઆત વિક્રમ સંવત્ પૂર્વે ૧૦૦૦ વર્ષ એટલે આજથી ૩૦૦૦ વર્ષ ઉપર થઈ હતી. શરૂઆતમાં બે ત્રણ સૈકા તો મૂળ વ્યવસ્થાને સમાજ નિયામકો ટકાવી રાખી શક્યા. પણ પછી તેઓનો કાબુ સ્હેજ ઢીલો થતો ગયો. તેમણે લગ્ન સંબંધમાં પોતાની વર્ણ ઉપરાંત બીજી ઉતરતા વર્ણની કન્યા સાથે લગ્ન કરવાની છૂટ લીધી હતી તે પાછી ખેંચી લીધી. આથી કંઇક જાતિ અભિમાનનું ઝેર ઓછું થયું અને દરેક વર્ણે પોતાની વર્ણમાંજ લગ્ન કરી શકે એમ ઠરાવ્યું, છતાં પ્રજા તેટલાથી સંતોષ પામી નહિ.

વળી બ્રાહ્મણોમાં નવો પંથ નામે શાક્ત પંથ ઉભો થયો. તેમણે અસલ ધાર્મિક ક્રિયાનો મુદ્રાલેખ સત્ય અને અહિંસાનો ત્યાગ કરી દેવને નામે યજ્ઞ કરી તેમાં પશુઓ અને મનુષ્યોને હોમવાનો અને નૈવેદ્યમાં માંસ અને મદિરાનો ઉપયોગ કરવો તે ધર્મ ઠરાવ્યો. થોડા વખત બાદ આ ધાર્મિક ક્રિયાઓથી પ્રજા કંટાળી ગઈ. પરંતુ છડેચોક કોઇ તેનો નિષેધ કરી શકતું નહીં. સમજુ અને વિદ્વાન બ્રાહ્મણો આ બધી અવગણના નરી આંખે નિહાળી પોતાના મનને પ્રશ્ન કરતા હતા કે ' कौ वेदानुद्धरिष्यति ? ' (વેદનો ઉદ્ધાર કોણ કરશે?) અને તેના ઉપાયો શોધવા પ્રયત્ન કરવા લાગ્યા. હિંસક વિધિથી અને સ્વચ્છંદ લગ્નોથી તેમજ ધાર્મિક ક્રિયાથી બહિર્મુખ રહેવાથી અકળાએલી પ્રજાની મનની "હાયવરાળ" પરમાત્માએ સાંભળી. સમાજમાં મહાન પરિવર્તન કરનાર તથા સર્વના મનની ઇચ્છા પૂર્ણ કરનાર બે મહાન વિભૂતિઓને લગભગ એકજ સમયે અને લગભગ એકજ સ્થળે પરમાત્માએ જન્મ આપ્યો. જેનું વર્ણન અને પરિણામ આપણે હવે પછીના પ્રકરણમાં જોઇશું.

इतिश्री शुभंभवतु.

# प्रकरण २ जुं.

## आर्योनी जाति व्यवस्था

સમય :—વિક્રમ સંવત્ પૂર્વે ૫૦૦ વર્ષથી વિક્રમ સંવત્ ૮૦૦ સુધીનો લગભગ ૧૩૦૦ વર્ષ સુધીનો ઇતિહાસ.

પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં હાલની જ્ઞાતિઓ વિષે કશો પણ ઉલ્લેખ દેખાતો નથી. પાછળના પ્રકરણથી જણાશે કે વેદ સમયની વર્ણ વ્યવસ્થા બ્રાહ્મણ સિવાય બીજી વર્ણોમાંથી લગભગ અદૃશ્ય થઈ ગઇ હતી. ધાર્મિક ક્રિયાઓમાં થતી પશુ અને મનુષ્યની હિંસા પ્રત્યક્ષ જોઇને પ્રજા કંટાળી ગઇ હતી. ભોજન વ્યવહારમાં વટાળનો પ્રબંધ હોવાથી ટૂંકા ટૂંકા જથા થઇ ગયા હતા. અને લગ્ન વ્યવહારમાં પણ સ્વચ્છંદતા વધી પડવાથી પશુ જેવી સ્થીતિ થઇ ગઈ હતી. આવા સમયે કોઇ આગેવાન્ દોરવનાર મળી આવે તો પ્રજા તેને ઝડપથી આવકારે એવી સ્થીતિ હતી. તે સમયના બ્રાહ્મણ નિયામકો કાયદામાં સહજસાજ છૂટ મૂકી પ્રજાને સમજાવી લેવા મથી રહ્યા હતા. પરંતુ તેમાં તેમને સફળતા મળતી નહોતી. આવા સમય માટે શ્રી ગીતાજીના ચોથા અધ્યાયના સાતમા અને આઠમા શ્લોકમાં ગાયું છે કે—

॥ यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।<br>
॥ अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ ७ ॥<br>
॥ परित्राणाय साधूनां विनाशायच दुष्कृताम् ।<br>
॥ धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ॥ ८ ॥

આ પુસ્તક જેમના હાથમાં જવાનું છે તેમાંનો ઘણો ભાગ આ શ્લોકોનો અર્થ સમજી શકે તેમ છે તેથી તેનું પિષ્ટપેષણ કર્યું નથી. આ સમયમાં બ્રાહ્મણોમાંથી તો કોઇ અવતારી પેદા ન થયા પરંતુ બીજા નંબરની દ્વિજવર્ણ ક્ષત્રિય જાતિમાંથી મહાન ગૌતમબુદ્ધ અને મહાન તિર્થંકર મહાવીર સ્વામિ થોડા સમયને અંતરે એકજ સૈકામાં અવતારી સ્વરૂપે પેદા થયા. તેઓ બન્નેને લોકોના મનને ધર્મની ભૂખ અને ગૃહસ્થાશ્રમ ચલાવવામાં પડતી અડચણો તેમજ સમાજની અવ્યવસ્થા બહુ ઉગ્ર સ્વરૂપે દેખાઇ. તે સમયમાં કહેવાતી ઉંચી અને નિચી પાયરીના લોકો વચ્ચે હંમેશા ઝઘડા થતા જોયા. ઠામઠામ વૈર, ગુસ્સો, હિંસા, દારિદ્ર, ચોરી, વ્યભિચાર, અનારોગ્ય, યુવાન અને બાળકોનાં અકસ્માત મરણો, પશુપક્ષિઓ

ઉપરની નિર્દયતા વિગેરેનું તાંડવ નૃત્ય તેઓશ્રીના જોવામાં આવ્યું. તેમણે પ્રજાની મરજી વિચારી સત્ય અને અહિંસાનો ઉપદેશ કર્યો. મનુષ્ય માત્રને ભાઇ સમાન ગણી તેની સેવા કરવી, પ્રાણિમાત્ર ઉપર દયા કરવી, આમ કરવાથી આત્મા સમૃદ્ધ થાય છે અને તેથી મોક્ષ મળે છે. જન્મથી કોઇ ઉચ્ચ કે નીચ નથી. આ નિયમો જે પાળે તે દરેક જણને મોક્ષ મેળવવાનો હક્ક છે. એવો મનુષ્ય ધર્મ સ્થાપ્યો. વળી શુદ્રો, પતિતો, વર્ણશંકરો વિગેરે બહિષ્કૃત વ્યક્તિઓ જેમને ધાર્મિક સંસ્કાર મેળવવાનો અધિકાર નહોતો તેવા સઘળાઓને આ હક્ક ભોગવવાને મળ્યો જેથી અસંતુષ્ટ પ્રજા આ નવા નિયામકોના અનુયાયી ઝડપબંધ થયા. મહાન ગૌતમબુદ્ધના અનુયાયિઓ બૌદ્ધ (જ્ઞાની) કહેવાયા. અને ભગવાન મહાવીર સ્વામિના અનુયાયિઓ જૈન કહેવાયા. આ બન્ને સંપ્રદાયમાં વર્ણ, જાતિ, ઉચ્ચ, નીચ, સ્વીકૃત, બહિસ્કૃત, પવિત્ર, પતિત, એવા કોઇ ભેદ નહોતા તેથી તેમાં સઘળા એક જાતનાજ ગણાયા. જેઓ જૈન સંપ્રદાયમાં ભળ્યા તે વ્યક્તિ તરિકે શ્રાવક અને શ્રાવિકા ગણાયાં. અને જેમણે દીક્ષા લીધી તે સાધુ અને સાધ્વી કહેવાયાં. એ ચારનો એક ચાતુર્વર્ણ્ય સંઘ સ્થપાયો. એ સંઘમાં જાતિભેદ અને વટાળ પ્રબંધ કેટલેક અંશે નરમ પડયો અને ધર્મ ક્રિયાનો અધિકાર દરેક શ્રાવક શ્રાવિકાને પ્રાપ્ત થયો.

આ પ્રવૃત્તિ લગભગ ૧૪૦૦ વર્ષ સુધી ચાલી તે સમયમાં જૈન સંપ્રદાયના વિચિક્ષણ અને દીર્ઘદૃષ્ટિવાળા નિયામકોએ પોતાના સંઘમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય એ ત્રણ મુખ્ય જાતિઓને ભોજન વ્યવહારમાં એકત્ર રાખ્યા. અને શુદ્ર અતિશુદ્ર કે મ્લેચ્છને સંઘ જમણમાં ( નોકારશીમાં ) સાથે લીધા નહીં. તેથી મૂળની દ્વિજ વર્ણને સંતોષ થયો. તેમના સંઘમાં મૂળની ત્રણે દ્વિજ વર્ણો અને તેમાંથી પેદા થએલી જાતોમાંથી રાજાથી શરૂ થઇ રંક સુધીના સઘળા સામેલ થયા. આથી એક સારૂં સંગઠન બંધાયું.

આ સ્થીતિની શરૂઆત વિક્રમ સંવત પૂર્વે ૫૦૦ વર્ષથી શરૂ થઇ. તે સમયે આખા દેશમાં પ્રજા એકત્ર થઇ જેના પરિણામે મહાન્ અશોક અને શ્રી હર્ષવર્ધન જેવા મહાન્ મહારાજાધિરાજોના વખતમાં આખી પ્રજા સુનીતિમાન્ અને સત્ય અને અહિંસા પાળનારી બની. જૂના ઇતિહાસ ઉપરથી જણાય છે કે વિક્રમ સંવત્ છઠ્ઠા સૈકા સુધીમાં ગુપ્ત વંશના રાજાઓનો અખિલ હિંદમાં "સુવર્ણમય" અમલ હતો તે આ સંગઠનના પ્રતાપે.

જેમજેમ વખત જતો ગયો તેમતેમ બધે બને છે તેવી રીતે આ સંપ્રદાયોમાં બુદ્ધિમાન્ નિમાયકો તથા ઉપદેશકોની અછત, તેમનું તથા તેમના

અનુયાયીઓનું ધાર્મિક અજ્ઞાન, બેપરવાઇ, દુર્ગુણોમાં સપડાવું વિગેરે કારણોથી એ ધર્મોના પાયા હચમચવા લાગ્યા. તેવામાં આર્યાવૃતના મૂળ આર્યોના વડી શાખાની વર્ણના બ્રાહ્મણોના વારસો કે જેમની સત્તા પ્રજા ઉપરથી ઓસરી ગઇ હતી તે ફરી સ્થાપીત કરવા મંથન કરતા હતા તે વારસદારેએ કે જેઓ આ ધર્મોનાં છિદ્રો અને પડતી જોવા તાકી રહ્યા હતા તેઓ આળસ તજી તૈયાર થયા. તેમાં કુમારિલ ભટ્ટાચાર્ય અને પછી શ્રીમાન્ આદ્ય શંકરાચાર્યે સારો યશ મેળવ્યો. લગભગ આ ચૌદસેં વર્ષના ગાળામાં બ્રાહ્મણો તદ્દન નિરાશ થઇને બેસી રહ્યા નહોતા. સમયને અનુસરી લોકોની વૃત્તિ દેખી કાયદામાં કેટલીક છુટછાટ મૂકી સુધારા કરતા ગયા હતા પરંતુ જમાનો હાલની પેઠે વીજળી વેગે બદલાતો જતો જોઇ તેમણે તે સમયના પોતાના બ્રાહ્મણ ધર્મને ઠેકાણે હિંદુ ધર્મ ઠરાવ્યો. વેદ સમયના ઇંદ્ર, વરૂણ, અગ્નિ, મેઘ, વાયુ ઇત્યાદિ દેવોને બદલે બ્રહ્મા, વિષ્ણુ ને શંકર એ ત્રિપુટિ દેવોને મુખ્ય ઠરાવ્યા અને તેમના યજન, પૂજન, વ્રત, ઉત્સવ વિધિ વિગેરે દરેક જાતની યોગ્યતા પ્રમાણે નિર્માણ કર્યાં. શ્રી મહાદેવના ભક્તો શૈવ સંપ્રાદયના કહેવાયા. તેમની પૂજન વિધિના ૧૩ પ્રકાર નક્કી કરવામાં આવ્યા. શ્રોત્રિય (વેદજ્ઞ) બ્રાહ્મણ શ્રી શંકરને પરમાત્મા સ્વરૂપે ભજી આત્મા પરમાત્માનો એકાકાર મેળવે છે. અને તેજ મહાદેવના બાણને ગોંસાઇ, બાવા, વૈરાગી, સ્ત્રીઓ, વાણિકો વિગેરે અઢારે વર્ણ પોતપોતાના અધિકાર પ્રમાણે ભજે છે ને પૂજે છે. તે સમયના ધર્મ નિયામકોએ તૈયાર કરેલા અરંજામનો ઉપયોગ શ્રી કુમારિલ ભટ્ટ અને શ્રીમાન શંકરાચાર્ય એઓએ અમલમાં મૂકી અગર તેને વીકસાવી પ્રજાની નાડી પારખી તેના આગળ ધર્યો. વધારામાં સામા ધર્મનાં દુવણો અને ખામીઓ આગળ કરી તે બધાને પોતાના નવા હિંદુધર્મમાં દાખલ કર્યા. તેમ કરવામાં રાજસત્તાનો પણ ઉપયોગ થયો છે. પરંતુ દરેક જાતને તેમની યોગ્યતા પ્રમાણે ને રસથાળ ધરી તેમની ધર્મની ભૂખ ભાગી સર્વને હિંદુ બનાવ્યા. આમાં આદિવાસી કે અનાર્યને પણ બાકી રાખ્યા નથી. તેમની પરાપૂર્વથી ચાલતી "સૂર્ય પૂજા" તે પણ હિંદુ ધર્મમાં દાખલ કરી "નાગ પાંચમ"નો એક દિવસ સમસ્ત હિંદુઓને તહેવાર તરિકે પાળવાનો અનુરોધ કરી તેમને પણ સંતોષ્યા. તેમની વૃક્ષ પુજા માટે આસો સુદ ૧૦ દશેરાનો દિવસ ઠરાવ્યો. ચાસ અશ્વ વિગેરે પશુપક્ષીઓની પુજાને તેવીજ રીતે દાખલ કરી. પક્ષીઓ અને અશક્ત પશુઓ માટે પાંજરાપોળનો બંદોબસ્ત પણ હિંદુ ધર્મમાં દાખલ કરી દીધો છે. આ આચાર બૌદ્ધ ધર્મ પાસેથી મેળવ્યો છે. અતિશુદ્રોને પણ આ હિંદુધર્મના નિયામકો ભૂલ્યા નથી. તેમના ધંધાના કારણે અનારોગ્ય સ્થિતિમાં રહેવું પડે તેમાંથી રક્ષણ પામવા તુલસી નામની પવિત્ર વસ્તુની પુજા કરવાનો આદેશ આપ્યો છે જેનાથી એ

એ અર્થ સરે છે. ગંદવાડનાં રજકણોને નાશ કરનારી વનસ્પતિમાં તુલસી એ મુખ્ય વનસ્પતિ છે. બ્રાહ્મણો પોતાને ઘેર અને દેવમંદિરોમાં તેને પવિત્ર માની નૈવેદ્યમાં ધરે છે કે જેથી ખોરાક ઉપર અને અંદર રોગના જંતુઓ કે પુદ્ગલો હોય તો તે ખોરાક લેનારને હાનિ કરતા થતા નથી પરંતુ નિરોગી બને છે. તે તુલસી અતિશુદ્રોને દેવી તરિકે સોંપી તેનું યજન-પુજન વિગેરે વિધિ ઠરાવી આપ્યો. એટલુંજ નહીં પણ તે વિધિ યથાશાસ્ત્ર કરે અને તે બધી પ્રજા તુલસીને દેવ તરિકે ગણે તે માટે તે સમયના બ્રાહ્મણો પૈકી અમુક જથાને તે કામ કરવા ઠરાવ્યા. જેથી તે બ્રાહ્મણ જાતિમાંથી તો બહિષ્કાર થયા પરંતુ ઢેડ-ભંગી આદિ અસ્પૃશ્ય જાતિની ધર્મની ભૂખ ભાગી તેમને હિંદુ બનાવ્યા. આ હિંદુ ધર્મના સંગઠન માટે બ્રાહ્મણોએ પોતાના અમુક જથાને આ માટે બલિદાન આપવા ફરમાવ્યું ને તે તેમણે સ્વીકાર્યું પણ ખરૂં. તે ગુરૂ ગોર યાને હાલના ગરોડા કહેવાય છે. શરૂઆતમાં તે ગોર જેવા માનપ્રદ શબ્દથી ઓળખાતા પણ પાછળથી મુર્ખ જાતિમત્સરોની તોછડાઇથી "ગરોડા" કહેવાય છે. આ હિંદુ ધર્મના સંગઠનમાં બ્રાહ્મણોના બલિદાનનો ભાગ એ એક દૃષ્ટાંતરૂપ છે. સત્ય અને અહિંસા પ્રથમથીજ હિંદુત્વમાં હતાં છતાં બાહ્ય દેખાવમાં જૈન સંપ્રદાયમાં તેની ઝીણવટ ભરી સંભાળ લેવાતી હતી તે નિયમો એ સંપ્રદાય પાસેથી ગ્રહણ કરેલા છે એમ કહીએ તો તે તદ્દન ખોટું નથી. શ્રીમાન્ શંકરાચાર્યે સોળ વર્ષના ભરતખંડના પ્રવાસમાં જે જે સનાતન ધર્મ વિરોધી સંપ્રદાયો હતા તે બધાની સાથે અહિંસક વાગ્યુદ્ધથી સમજાવી, સંતોષી તેમના ચાલતા ધાર્મિક રિવાજોમાંથી હિંસક અને દુરાચરણને ઉત્તેજે એવા નિયમો હતા તે સુધરાવી સત્ય અને અહિંસક રીતે તેમના ચાલતા આવતા રિવાજો તેમના નિયામકો મારફત ચાલવા દીધા. માત્ર હિંદુ ધર્મના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોનો સ્વીકાર કરાવ્યો. આ રીતે શ્રીમાન્ શંકરાચાર્ય જગદ્‌ગુરુની પદવી પામ્યા. અત્યારે હિંદુ ધર્મમાં અનેક પંથ કે સંપ્રદાયો છે તે બધા મુખ્ય હિંદુ ધર્મના નેજા નીચે તેના સત્ય અને અહિંસાના સૂત્રો પાળી પોતાના નિયામકો મારફત દેવોના યજન, પુજન, ભેટ, સામગ્રી આદિ કરી પોતાની ધર્મ ભૂખને સંતોષે છે ને છેવટે પરત્માના યજન પુજન સુધી પહોંચી મુક્તિ મેળવે છે. આવા હિંદુ ધર્મનું સંગઠન કરનારને જગદ્‌ગુરુની પદવી આપવી તે બીલકુલ યોગ્ય છે. આવું ભગીરથ કામ એક બે પુરૂષોથી બની શકે તેમ નહોતું તેમાં વળી આ ધર્મપરિવર્તનકાર બે વ્યકિતઓ અલ્પાયુષી હતા. કુમારિલ ભટ્ટે યુવાન અવસ્થામાં બૌદ્ધ ગુરૂ પાસે તેમનાં શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં અર્ધી જીંદગી ગાળી હતી. તે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ પોતાના વેદ, વેદાંગ, શાસ્ત્રોના જ્ઞાનમાં મેળવી લોકોને અનુકુળ આવે એવા અર્થવાળા સિદ્ધાંતોનાં શાસ્ત્રો રચ્યાં હતાં તેને શ્રીમાન શંકરાચાર્યે માત્ર સોળ વર્ષની ઉપદેશકની કારકિર્દિમાં અમલમાં

મુકયાં. આ કાર્યમાં આ બેઉની અસાધારણ કાર્યશકિત હતી તે વિના આવું પરિવર્તન અને હિંદુઓનું એકત્ર સંગઠ્ન બની શકત નહીં.

આ સંપ્રદાયો જેવાકે શૈવ, શક્તિ, વૈષ્ણવ, જૈન, રામાનુજ, લિંગાયત, વિગેરે છે. જૈન સંપ્રદાય વસ્તીમાં, ધાર્મિક પ્રવૃતિમાં, ધનવૈભવમાં, આગળ પડતો છે. તે ધર્મના સમકાલિન બૌદ્ધધર્મના નિયામકોએ આ ધર્મ પરિવર્તન સમયને અનુસરતો સુધારો કર્યો નહીં તેથી લગભગ પંદરસેં વર્ષ સુધી જે ધર્મ સંપ્રદાયે આત્મિક કલ્યાણના માર્ગનો પ્રજાને લાભ આપ્યો તે ધર્મને પોતાનું વતન છોડીને દેશવટો લેવો પડયો. જૈન ધર્મ સંપ્રદાયી અત્યારે બીજા સંપ્રદાયીઓ સાથે હળીમળીને આ દેશમાં સારી રીતે વીચરે છે. તે આઠમા નવમા સૈકાના જૈન ધર્મના નિયામકોની બુદ્ધિ અને ધર્મ ઉપરની તેમની ધગશને આભારી છે. વળી જૈન ધર્મના નિયામકો ત્યાગી અને તપસ્વી છે, ગૃહસ્થી શ્રાવકોને પણ દેવદ્રવ્યની કોઈપણ રીતે ઉપયોગ કરવાની મનાઈ છે. આથી દેવને અર્પણ કરેલી વસ્તુઓનો યથાસ્થિત દેવકાર્યમાંજ ઉપયોગ થઈ શકે છે.

શ્રીમાન્ શંકરાચાર્યે સ્થાપેલા હિંદુ ધર્મમાં જે લોકો પાછા આવ્યા તેઓ વેદ સમયની ચાર વર્ણોમાં દાખલ થવા લાયક ન હોવાથી તેઓને માટે બીજી સત્તર જાતો (નાત નહીં) બાંધી. તે બંધારણ વેદ વખતની વર્ણ ઉપર ખ્યાલ રાખી તેમના વંશજો, તેમની રહેણી કરણી, આચાર વિચાર, શારીરિક અને માનસિક દુરસ્તી અને તેજ (પ્રભાવ) વિગેરે ઉપરથી તેમની જાતો નકકી કરી. દાખલા તરિકે ક્ષત્રિય વર્ણના દ્વિજ બૌદ્ધ ધર્મી થવાથી તેમણે વૈશ્યો સાથે ભોજન તેમજ લગ્ન સંબંધનો વ્યવહાર ચાલુ કર્યો હોય તેમનું શૂરાતન અને તેજ (પ્રભાવ) જોઇને તેમને રજપૂત જાતમાં દાખલ કર્યા. આથી તે લોકો પણ પોતાની ગઈ ગુજરી ભૂલી જઇ પોતાની અસલ દ્વિજ વર્ણ મળી જાણી સંતોષ પામી હિંદુ ધર્મના દેવોના ભકતો બન્યા. આવી રીતે ચાર વર્ણને બદલે ચૌદસે વર્ષે અઢાર વર્ણ થઇ. હાલ તો એ અઢાર વર્ણોના ભાગ પડી તે ભાગોમાંથી પણ ભાગ પડી ને તેમાં પણ તડ પડી તે તડમાં પણ શાખાઓ થઈ અસંખ્ય નાતો બની છે. આ નાતોનો ઈતિહાસ જાણવાનું સાધન માત્ર તે સમયનાં સ્મૃતિઓ, પુરાણો, આખ્યાનો ઇત્યાદિ શાસ્ત્રો છે. તે જિજ્ઞાસુ શોધ ખોળ કરી મેળવી શકે છે. આપણને તો वीशा नींमा वणिक महाजन ज्ञातिના જૂના ઇતિહાસ જાણવાની જિજ્ઞાસા છે. તે જિજ્ઞાસા પૂરી કરવા માટે હાલની નાતોના ઇતિહાસ સાથે જોડાય તો આપણી ઇચ્છા કંઇક અંશે પૂરી પડે એવા આશયથી આ પછીના પ્રકરણમાં "હાલની જ્ઞાતો" વિષે વિવેચન કર્યું છે.

इतिश्री. शुभं भवतु

## प्रकरण ३ जुं.

### हालनी ज्ञातिओ.

જ્ઞાતિ એ શબ્દનું મૂળ જ્ઞા એટલે જાણવું. જ્ઞાતિનો અર્થ "જાણીતા માણસોનો સમૂહ."

પાછળના પ્રકરણમાં આપણે જોયું કે વિક્રમ સવંત્ આઠમા સૈકાની આસપાસ ધર્મ અને સમાજના આચાર વિચારમાં મહાન્ પરિવર્તન થયું. વિક્રમ સંવત્ પૂર્વે પાંચ છ સૈકા અગાઉના સમયમાં પ્રજા ત્રણ દ્વિજ વર્ણ અને એક શુદ્ર વર્ણ મળી ચાર વર્ણમાં વહેંચાયેલી હતી. તે પછી એટલે બીજા પ્રકરણમાં જણાવ્યા મુજબ લગભગ ચૌદસેં વર્ષ સુધીના સમયમાં પ્રથમની ચાર વર્ણો બદલાઈ તેને ઠેકાણે પ્રજા અઢાર વર્ણો (જાત)માં વેહેંચાઇ ગઇ. તેમના ધંધા, સ્વભાવ, રીતભાત, અને ધર્મ સંપ્રદાયો ફરી ગયાં. ચાર વર્ણોના સમયની અનુલોમ લગ્ન પદ્ધતિ અને બીજી ઉતરતી વર્ણ સાથે ભોજન કરવાથી થતો વટાળ એ બે પ્રબંધોનો બ્રાહ્મણ સિવાય બીજી વર્ણોએ ઉઘાડાછોગ ભંગ કરવાથી બધું ભેળસેળ થઈ ગયેલ અને છેવટે આશરે વિક્રમ સંવત્ પાંચમાં સૈકાથી આઠમા સૈકા સુધ્રીમાં અગર તેથી આગળના સમયમાં આ અઢાર જાતો નવી બની. આમાં બ્રાહ્મણોએ પોતાની વર્ણોને માટે સખત કાયદા બાંધી તેના અમલ માટે સખત તકેદારી રાખી આ કાયદા ભંગમાંથી બચાવી લીધ્રી. અને પોતાની પ્રાચીન સંસ્કૃતિની અને વંશની વિશુદ્ધિ ટકાવી રાખી. આવો સંયમ પાળવાથી અત્યારે ત્રણ હજાર કરતાં વધુ વર્ષો થયા છતાં બીજી બધી જાતિઓ સાથે બ્રાહ્મણ જ્ઞાતિએ વિશુદ્ધપણું ટકાવી રાખ્યું છે.

બ્રાહ્મણ જ્ઞાતિના નિયામકોએ, ઉપર જણાવેલા બે કાયદાઓનો ભંગ કરનાર કોઈ વ્યક્તિ, સમાજ, જથ્થો કે સમૂહ માલમ પડે તો તેઓને પતિત ગણવામાં હીંમત વાપરી તેમનો બહિષ્કાર કર્યો હતો. આથી એ જ્ઞાતિનું સંગઠન અને મહત્તા સચવાઇ રહ્યાં છે, તે ભેળસેળ ન થવાથી વંશપરંપરાગત ઉતરતા આવતા સંસ્કારો, પવિત્રતા, બુદ્ધિબળ, આકર્ષણશક્તિ, ધાર્મિક શ્રદ્ધા, વગેરે સચવાઇ રહ્યાં છે.

બ્રાહ્મણોનું આ સંગઠન સાચવી રાખવાનું પરાક્રમ છતાં તેમની સાથે રહેતી બીજી જાતોની દેખાદેખી તેમને પણ પોતપોતાની આસપાસના સંયોગો ધ્યાનમાં લેઇ જથા, સમૂહ, ભાગ, વિભાગ પાડવાની લત લાગી. તેથી કોઇએ પોતાના કુલદેવ ગણીને તેમના નામ કે ગુણ ઉપરથી કે કોઇએ દેવ અગર ઋષિને પોતાના કુલદેવ ગણીને તેમના નામ કે ગુણ ઉપરથી કે બીજા અનુકૂળ પ્રસંગો

ઉપરથી અનેક જથા, સમૂહ પાડવા લાગ્યા. આ શરૂઆત દશમા સૈકામાં મુળરાજ સોલંકીના બોલાવ્યાથી ઉત્તર તરફના આવેલા બ્રાહ્મણો પોતાને ઉદિચ્ય (ઔદીચ્ય) નામે ઓળખાવા લાગ્યા ત્યારથી શરૂ થઈ. ત્યાર પહેલાં બ્રાહ્મણો પોતાના ગોત્ર ઉપરથીજ ઓળખાતા હતા. બારમા સૈકા પછીજ બ્રાહ્મણોની નાતનાં નામ મળી આવે છે. આ જથા કે સમૂહમાંથી પેટા સમૂહ પડયા, તેની પણ શાખાઓ કે તડ પડવા લાગ્યાં દાખલા તરીકે વૃદ્ધનગર ઉપરથી નાગર બ્રાહ્મણ થયા. તે નાગરોમાં પણ છ પેટા વિભાગો થયા. મોઢેરા ગામ ઉપરથી મોઢ બ્રાહ્મણ ને તેના પણ છ વિભાગો થયા. શ્રીમાળ શહેર ઉપરથી શ્રીમાળી બ્રાહ્મણ તેમાં પણ અનેક જથા ને તડ પડયાં. મેવાડ ઉપરથી મેવાડા તેના મુખ્ય ત્રણ વિભાગ, વડાદ ઉપરથી વડાદરા, વાલમ ગામ ઉપરથી વાલમ, દધીચી ઋષિ ઉપરથી દધિચ્ય, ઔદુમ્બર ઋષિના નામ ઉપરથી ઔદુમ્બર, તે ઉપરાંત ખેડાવાળ, રવાળ, ગિરનારા, સાચોરા, નાંદોરા, તૈલંગણ, આવા આવા અનેક ભેદ મળીને ચોરાશી વિભાગો થયા. અને તે ઉપરથી બ્રાહ્મણોની **ચોરાશી** કહેવાઇ. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ આ સંખ્યા પણ વધતી ગઇ હાલ લગભગ એકસો પંદર નાતો યાને વિભાગો છે.

આ વિભાગોના શરૂઆતમાં તો સગવડ ખાતર નામ પાડયાં હશે. પરંતુ કાળક્રમે તે વિભાગો રૂઢ થઇ જવાથી તેમની જુદી જુદી નાત ગણાઇ. અને તે નાત, જથા કે સમૂહમાં લગ્ન સંબંધ અને ભોજન પ્રબંધ ચાલુ રહ્યાં. આ બધી નાતના લોકો પોતાના પેટાવિભાગના નામ સાથે બ્રાહ્મણ નામ જોડ્યા વિના બોલતા નથી. જેમકે ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણ, માળવી શ્રી ગૌડ બ્રાહ્મણ, ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ વગેરે. આ બધી નાતો એક પંક્તિએ બેસી જમે છે. કેટલીક નાતોને અનુકુળ સંયોગો મળી આવતાં તે નાત ધનદોલતમાં, રાજ્ય–અધિકારમાં અગર વધારે સંખ્યા એકજ સ્થળે રહેવાની સગવડ મળવાથી, પોતાની જાતિમત્સર વડે અગર પ્રતિષ્ઠા સાચવવાની સંકુચિત વૃત્તિ વડે બીજી બ્રાહ્મણ જ્ઞાતિ સાથે પંક્તિમાં બેસી જમી શકતા નથી. જેવા કે "વડનગરા નાગર ગૃહસ્થ" આવા અપવાદ બાદ કરતાં સઘળી બ્રાહ્મણથી ઉતરતી બીજી કોઈ નાતવાળાનું ભોજન નહીં લેવું એવો સખત પ્રતિબંધ છે. આ પ્રતિબંધ સૌને અનુકૂળ લાગવાથી બધી બ્રાહ્મણ વર્ણે પોતાની પેટા નાતો પાસે સ્વીકારાયો છે. આ પ્રતિબંધનો ભંગ કરનાર નાતની પંક્તિમાં ભોજન લેઇ શકતો નથી. આ જથ્થા, સમૂહ, ભાગો, વિભાગો કાળક્રમે રૂઢિબંધ થવાથી બધા નાતોના નામે ઓળખાયા. આ નાતોનો પ્રબંધ સૌને સમયાનુકુળ લાગવાથી બ્રાહ્મણ નિયામકોએ પોતાની સાથેની ભાઇબંધ જ્ઞાતિઓના જથા, સમૂહ, અને પેટા વિભાગો પડેલા જોઇ અને તેના ફાયદા પણ

પ્રત્યક્ષ જોઈ પોતાની જાતોમાં પણ આવા જથા પડવાં દીધા અગર પાડયા. અને તે જથાને અનુકૂળ તેવા બંધારણ ઘડયાં. આ સમય વિ. સં. ૧૦ સૈકાથી તેરમા સૈકા સુધીનો સમજાય છે. પરંતુ આ બ્રાહ્મણોની નાતોએ તો વ્યવહારમાં ત્રણસેં વર્ષ પછી દેખા દીધી. તે પહેલા બ્રાહ્મણોનું ઓળખાણ તેમની નાત ઉપરથી નહીં પણ તેમના ગોત્ર ઉપરથી જણાતું. મતલબકે બ્રાહ્મણોમાં પોતાની નાતના મહત્વ રકતાં ગોત્રનું મહત્વ તેકાળે વધારે હતું. અને આજે પણ નાત કરતાં ગોત્રનું મહત્વ વધુ છે. બ્રાહ્મણને દરરોજ સંધ્યા સમયે પોતાનો વેદ, શાખા, ગોત્ર, પ્રવર એ યાદ કરી પોતાના નામથી નીત્યકર્મની શરૂઆત કરે છે. અને તેથી પોતે નાતોમાં વેહેંચાઈ ગયા છતાં પોતાના ગોત્રોને ભૂલ્યા નથી. તે જાતને પણ ભૂલ્યા નથી.

આ મુદ્દાના પુરાવા વલ્લભીપુરના રાજાઓએ બ્રાહ્મણોને દાન આપ્યાના તામ્રપત્રો તથા શિલાલેખો જોવાથી માલમ પડે છે. તેમનું ઓળખાણ તેમની નાત ઉપરથી નહીં પણ તેમના ગોત્ર ઉપરથી આપ્યું છે. "છેલ્લામાં છેલ્લામાં સંવત્ ૯૯૬ ના માગશર સુદ ૧૧ ને મંગળવારે ચાલુક્ય (સોલંકી) વંશના મહારાજાધિરાજ દુર્લ્લભસેન મહારાજાએ મધ્ય દેશથી આવેલા સકળવેદશાસ્ત્રાર્થ જાણનાર માંડવ્ય ગોત્રમાં ઉત્પન્ન થયેલા પંચપ્રવરવાળા વિપ્ર રૂદ્રાદિત્ય સુત પંડિત મહીધરને વડોદપદ્રનું "ધમડાછા" ગામ જલદાન પુર્વક અર્પણ કર્યું છે." તેની ચતુર્સિંમા વગેરે લખાણવાળા તામ્રપત્રમાંથી આ જોઈતો ઉતારો કર્યો છે. આ ઉપરથી જણાશે કે વિ. સં. અગીઆરમા સૈકાની શરૂઆત સુધી તો બ્રાહ્મણોની નાતોનો ઉપયોગ વ્યવહારમાં થતો ન હોતો પણ ગોત્રનોજ થતો હતો. મતલબ કે તે સમયમાં નાતની પ્રથા બાલ્યાવસ્થામાં હતી, ને ગોત્રની પ્રથા ઘણા જૂના વખતથી ચાલતી આવતી હતી. તેથી નાત કરતાં ગોત્રનું મહત્વ વધારે મનાયું છે.

પ્રકૃત ગુજરાત પ્રાંતમાંજ બ્રાહ્મણ જાતિ આટલી સંખ્યાબંધ નાતોમાં વેહેંચાઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં ગુજરાત કરતાં બ્રાહ્મણોની સંખ્યા વધુ હોવા છતાં ત્યાં દેશસ્થ, કોકણસ્થ, કરાડા અને સારસ્વત આવી ચાર નાતોજ છે. ઉત્તર હિંદમાં ગૌડ, સારસ્વત, અને સરવરીઆ (સર્વોપરિ) એ ત્રણ નાતોમાં બધા સમાઈ જાય છે. આ રીતે નાતોની સંખ્યા ઓછી છે પરંતુ "લગ્ન સંબંધ" બાંધવાને તો અમુક જથાજ એક બીજા સાથે વ્યવહાર કરતા હશે. ગુજરાતના, બ્રાહ્મણોમાં વધારે વસ્તીવાળી જાતનો જથો એ હાનિકારક વસ્તુ નથી, એટલુંજ નહીં પરંતુ અંદર અંદર એકબીજાને શ્રેયસ્કર છે. પરંતુ તેના વિભાગો, જથા, તડાં વિગેરે ટૂંકી ટૂંકી વસ્તીના થઈ પડયાથી દુઃખકારક છે. આ માટે સમજુ આગેવાનો ચિંતાગ્રસ્ત છે છતાં આ બાબત તેમની સત્તા અને કક્ષાની બહાર છે તેથી લાચાર બની સારો સમય અને લાગ મળે તેની રાહ જોઈ રહ્યા છે.

## (૨) वाणिज्य એટલે વાણિઆ જાતિ.

જૂના સમયની ચારે વર્ણોમાંની પહેલી પંકતિ બ્રાહ્મણ વર્ણમાંથી ઘણી નાતો થઇ એ આપણે જોયું. બ્રાહ્મણ જ્ઞાતિ પંદરસેં વર્ષ સુધીના ધાર્મિક તથા સામાજીક ઝગડામાં હીંમતભેર અડગ ટકી રહી અને તે ટકાવવામાં તેમના નિયામકો અને આગેવાનોનું સઘળું બળ ખર્ચાઈ જતું હતું. પોતાની વર્ણમાંથી કોઇ કાબુ બહાર જતો તો તેનો બહિષ્કાર કરવામાં જરાપણ પાછા પડતા નહીં. પરંતુ કાળક્રમે પોતાની વર્ણનાજ બ્રાહ્મણોએ આધ્યાત્મિક જ્ઞાન વિસારે પાડી ઐહિક એટલે આ જન્મ સંબંધીના જ્ઞાન ઉપર નજર રાખી. યજ્ઞયાગાદિ ક્રિયામાં વામ માર્ગ ગ્રહણ કર્યો. તેથી બીજી પોતાની સાથે વસનારી ક્ષત્રિય અને વૈશ્ય એ બે દ્વિજ જાતિનો તેમની તરફ અણગમો થયો. બ્રાહ્મણોએ આ અણગમો દૂર કરવા અને પ્રથમનું સંગઠ્ઠન સ્થાપવા સખત મહેનત કરી પણ તેમાં નિષ્ફળ નીવડ્યા. તેથી ધર્મ તથા સમાજમાં પરિવર્તન થયું તે આપણે ગયા પ્રકરણમાં જોયું. તે સમયમાં બૌદ્ધ અને જૈન સંપ્રદાયના અવતારી મહાન્ સંસ્થાપકો, તેમના ઉપદેશકો, તેમના ભિક્ષુઓ, ને સાધુઓ એ બધાઓ પ્રજાના મનને સરળતાથી ગમી જાય એવા સીધા સિદ્ધાંતો, તેમાં સત્ય અને અહિંસાના ખાસ સૂત્રોથી સમજાવેલા ધર્મનો રસથાળ બનાવી પ્રજાને પીરસવા લાગ્યા. ઘણા વખતથી ધર્મની ભૂખથી પીડાતા ક્ષત્રિય અને વૈશ્ય વર્ણના પુરૂષો બ્રાહ્મણ ધર્મમાંથી ખસી આ સંપ્રદાયોમાં દાખલ થયા. તેમની સ્ત્રીઓ કે જેમને અત્યાર સુધી ધર્મક્રિયામાં સ્વતંત્ર ભાગ લેવાનો અધિકાર નહોતો એવી ધર્મભૂખી સ્ત્રીઓ પણ આ સંપ્રદાયોમા દાખલ થઇ ગઇ. ખુદ બ્રાહ્મણ વર્ણમાંથી તેમજ ઉંચી કક્ષાના શુદ્રોમાંથી પણ ઘણા આ નવા સંપ્રદાયોના અનુયાયીઓ થયા. આ નવા સંપ્રદાયના નિયામકોએ વટાળ પ્રબંધનાં બંધનો ઢીલાં કર્યાં હતાં. જૈન સંપ્રદાયમાં દાખલ થનાર પુરૂષ શ્રાવક અને સ્ત્રી શ્રાવિકા કહેવાયાં અને ત્યાગી હોય તે સાધુ અને સાધ્વી કહેવાયાં. આ રીતે આ ચાર જથાનો ચતુર્વિધ સંઘ સ્થપાયો. જૈન સંપ્રદાયના નિયામકોએ એટલી દીર્ઘદૃષ્ટિ રાખી કે શુદ્ર. જેમની સાથે જુના વખતના દ્વિજ વર્ણો ભોજન વ્યવહાર કરતા નહિં તેવાઓને પંતિમાં લીધા નહિં છતાં અત્યારે સંઘ જમણ (નોકારશી) હોય તો તેમને જમણ આપવામાં આવે છે. પણ જમવા બેસવાની સગવડ અલગ રાખવામાં આવે છે. આથી બન્ને પક્ષોને સંતોષ થયો. પ્રથમ પક્ષવાળાને પોતાની જાતિની સુદ્ધતા સચવાઇ અને બીજા પક્ષને પોતાની ધર્મની ભાવના સંતોષાઇ. આથી બન્ને પક્ષો આ નવા સંપ્રદાયોમાં ઝપાટા બંધ ઉમંગ ભેર દાખલ થયા. જૈન સંપ્રદાયમાં સત્ય અને અહિંસા એ બે સદ્વર્તનો મુખ્ય હોવાથી સંઘના સભ્યોને વ્યાપારી સિવાય બીજા એટલે ખેતી કરનાર, ઢોર ઉછેરનાર, ખાણો ખોદનાર, રંગનું

કામ કરનાર, લડાઈમાં ભાગ લેનાર, આવા વર્ગના લોકોને આ જૈન સિદ્ધાંત અનુકૂળ ન લાગવાથી તે સંપ્રદાયમાંથી નીકળી હિંદુ ધર્મમાં પ્રવેશ્યા. જૈન સિદ્ધાંતોમાંના અહિંસાના તત્વજ્ઞાનને પૂરેપૂરો સમજી તેનું ચુસ્ત રીતે પાલન કરનારો વર્ગ બાકી રહ્યો. તેમની ફરજ પ્રજાને જોઇતી વસ્તુ જયાં થતી હોય ત્યાંથી લાવી તેમની પાસે મૂકવી, અને તેમની પાસેની ઉત્પાદન થયેલામાંથી વધારાની હોય તો જયાં તેની કીમ્મત વધુ સારી મળતી હોય તેવાં સ્થાન શોધી ત્યાં જઇ વેચી આપવી, આવા વ્યવહારનો "सेवा धर्म" સ્વીકાર્યો. વ્યવહાર શબ્દને માટે સંસ્કૃતમાં वाणिज्य શબ્દ છે. वाणिज्य જે કરે તે वणिकाः કહેવાય. એ वाणिकाः સંસ્કૃત શબ્દ ઉપરથી પ્રાકૃત ભાષામાં વાણિઆ કહેવાવા લાગ્યા. ઉત્તર હિંદમાં વાણિઆને "બનીઆ" અને મહારાષ્ટ્રમાં તેમને "वानी" કહે છે આવી રીતે વ્યવહારિઆ તે વાણિઆ એવી એક જાત જુદી ઓળખાઈ. નાનામાં નાના ગામડામાં ખાધ વસ્તુઓ વેચનાર અને તેમની પાસેની પાકેલી વસ્તુઓ પૈકી જરૂરિઆત કરતાં વધુ હોય તો બીજે ગામ કે શહેરમાં લેઇ જઇ વેચી આપનારથી શરૂ કરી કણીઆ, કંદોઇ, કાપડીઆ, ગાંધી, ઘીયા, તેલી, તંબોળી, નાણાવટી, શરાફ, ચોકસી, ઝવેરી, વિગેરે આ દેશમાં અને પરદેશમાં વસ્તુઓની હેરફેર અને આપલે કરે તે સઘળા વ્યવહારિઆ કે વ્યાપારી તે બધા વાણિઆ ગણાયા. આ જાતિનો મુખ્ય ઉદ્દેશ્ય, પ્રજાની સગવડ સાચવી દેશ પરદેશમાંથી અગર એક ગામથી બીજે ગામ અગર ગામમાં પણ એક ઘેરથી બીજે ઘેર જોઇતી વસ્તુની હેરફેર કરે, લાવી આપી સેવાધર્મ બજાવવો એ છે. વાણિઆ શબ્દ ધંધો સૂચક છે કાળક્રમે તે શબ્દ જાતિ સૂચક થઇ ગયો. તે સમયની પ્રજાનો જીવન વ્યવહાર ચલાવવામાં આ વર્ગ બહુ ઉપયોગી થયાથી પ્રજા પણ તેમની કદર કરવામાં પાછી પડી નહોતી. બ્રાહ્મણોને તેમની સેવાના બદલમાં "महाराज" અને ક્ષત્રીઓને રક્ષણ કરવાના બદલમાં "राजा"ની પદવી આપી તેવી રીતે પ્રજાએ આ વણિકોને "શાહુકાર" "શ્રેષ્ઠ" ઉપરથી "શેઠ" મહાજન એ પદવીઓ આપી. તે સમયે પ્રજાની સેવા કરનારને પોતાની તથા પોતાના કુટુંબની આજીવિકાની ફિકર નહોતી. તેથી નિષ્કામ કર્મ વડે સેવા કરતા. તેમાં તેમનો પૂરો સંતોષ થાય તેટલો બદલો માનભેર મળતો. એવો આ ઔદાર્ય સમય હતો. જેથી સેવક એટલે સેવા કરનાર અને સેવ્ય એટલે સેવા લેનાર બન્ને કુટુંબી જન પેઠે હળી મળી આનંદથી રહેતા. આ સમય આજથી એક હજાર વર્ષ પહેલાંનો છે. ધીમે ધીમે તે સમય બદલાયો છે. કાળક્રમે અનેકાનેક અનિષ્ટ કારણોને લીધે સેવ્ય પ્રજા સંકુચિત હ્રદયની થઇ તેમ તેમના સેવકોમાં પણ અસંતોષે વાસ કર્યો. તેઓ લોભી થયા તેથી પ્રજા અને તેમના સેવકોની મહત્તા તથા કર્તવ્ય નિષ્ઠામાં ઘણી ઉણપ આવી ગઇ છે.

આ વાણિઆ જાતિમાં જૂના સમયના વૈશ્ય, ક્ષત્રિય તથા કેટલાક બ્રાહ્મણોના વંશજોનો શંભુમેળો હતો. પરંતુ ધર્મપ્રવર્તકોએ દ્વિજ જાતિ સિવાય બીજી શુદ્ર, અતિશુદ્ર, આદિવાસી જાતિઓને સનાતની ધર્મવાળાઓએ મહાજનમાં અને જૈન સંપ્રદાયીઓએ સંઘના ભોજન વ્યવહારમાં સાથે ભેળવ્યા નહોતા. આથી તેમનો ભોજન વ્યવહાર સઘળી વાણિઆ જાતિને પુર્ણ વફાદારીથી વળગી રહ્યા.

ધર્મ પરિવર્તનને લીધે સમાજ પરિવર્તન થયું તેથી બ્રાહ્મણધર્મ, બૌદ્ધધર્મ, અને જૈનધર્મ એ ત્રણેમાં ભળેલી પ્રજામાં બ્રાહ્મણ વર્ણ સિવાય બીજા વર્ણોનો દરજ્જો, ધંધો, વિગેરેનો શંભુમેળો થયો હતો. હવે પછી બીજું પરિવર્તન થયું. ત્યારે આ પ્રજાને જૂની વર્ણોમાં લેવી અશક્ય લાગવાથી તે સમયના ધર્મના તથા સમાજના નિયામકોએ બ્રાહ્મણ સિવાય બાકીની પ્રજાને સત્તર જાતોમાં વહેંચી. તે વેહેંચણીમાં અતિ ઉપયોગી એવી આ વાણિઆ જાતિને બ્રાહ્મણ પછી એટલે બીજા નંબરમાં મૂકી. હાલમાં પણ અઢારે જાતોમાં બ્રાહ્મણ પછી વાણિઆ ઉંચી જાતમાં ગણાય છે.

આ વાણિઆ જાતિ પોતાના સેવાધર્મ વડે જૂની વર્ણોમાં ત્રીજા નંબરની વૈશ્ય વર્ણમાંની હતી તેને બદલે આ નવા પરિવર્તનમાં બીજા નંબરની ગણાવવા લાગી. વળી તે જાતિમાં વસ્તીનો અને તે સાથે વિસ્તારનો પણ વધારો થયો. આ જાતના ધર્મોમાં (૧) ભોજન પ્રબંધ (૨) ધંધો રોજગાર અને (૩) લગ્ન સંબંધ આ ત્રણ મહત્વનાં અંગો ગણાયાં. તેમાં પહેલા બે અંગોની વ્યવસ્થા કરવા માટે સંપુર્ણ સગવડ મળી ગઇ. પરંતુ લગ્ન સંબંધ જોડવાને પોતાની જાતોનો બહોળો વિસ્તાર હોવાથી અડચણ પડવા લાગી. આ મુશ્કેલી દૂર કરવામાં (૧) એકજ ગામ કે સ્થળ અને તેની આસપાસ રહેનારા (૨) એકજ જાતોનો ધંધો કરનારા (૩) એક ધર્મ સંપ્રદાયને માનનારા (૪) લગભગ સરખી રહેણી કરણી ને વિચારવાળા (૫) શારીરિક તથા માનસિક શક્તિઓમાં લગભગ સરખા એવાં એવાં લક્ષણો લક્ષમાં લેઈ જથા બાંધવા શરૂ થયા. તે સમયના સમાજ નિયામકો અને ધર્માચાર્યોએ તે જથાનાં બંધારણ માટે કાયદા ઘડયા. અને તે કાયદાને અમલમાં મૂકવા માટે આગેવાન પટેલોને અગર તે સ્થળની રાજસત્તાને તે કામ સોંપ્યું. આવાં બંધારણ અને તેનો ઇતિહાસ તે સમયનાં પુરાણો તથા સ્મૃતિઓમાં મળી આવે છે. આ વાણિઆ જાતિમાંથી આવા જથા અગર સમૂહ, તે સમુહના પણ પેટાવિભાગ, તેના પણ વિભાગ, વિગેરે પુષ્કળ થયાં. એ વિભાગો પ્રથમતો સગવડ ખાતર કામચલાઉ ગણાયા. પરંતુ તેથી જ્યારે તેઓ ટેવાઇ ગયા ત્યારે તે દરેક વિભાગને પોતાની નાતનું સ્વતંત્ર નામ આપ્યું. જેમકે શ્રીમાળનગર ઉપરથી શ્રીમાળી વાણિઆ તેના ત્રણ ભાગ દશા-વીશા અને લાડવા, શ્રીમાળનગરની પૂર્વ બાજુએ

રહેનાર "પોરવાડ" અને તે પણ દશા ને વીશા. શ્રીમાળનગરમાંથી કોઇકિ મતભેદના કારણે નીકળી ઉકેશ નાને સ્થળે ગયા તે "ઓશવાળ" તે પણ દશા ને વીશા, મોઢેરા ગામના વેપારી તે મોઢ વાણિઆ તેના ૭ વિભાગ છે. શ્રી કોટયર્ક ભગવાનના સ્થાનના વેપારી તે ખડાયતા અને તે પણ દશા ને વીશા. શ્રીમાન્ પુણ્યશ્લોક હરિશ્ચંદ્ર રાજાના રાજસૂય યજ્ઞ સમયમાં ઉપયોગી વસ્તુઓનો વેપાર કરી યજ્ઞમાં પૂરી પાડવાને નિયત કરેલા, હાલની ભાષામાં કહીએ તો કોન્ટ્રાકટ આપેલો અગર પરવાના કે લાઈસન્સ આપેલાં જેને તે સમયની ભાષામાં નિયત કરેલા તે નિયમા એ ઉપરથી નીમા કે નેમા અને તે પણ દશા ને વીશા. વાણિઆની જાતોમાં કપોળ વાણિઆની નાત સિવાય લગભગ સઘળી વાણિઆ નાતોમાં દશા અને વીશાના ભેદ સજ્જડ થઈ રૂઢ થઇ ગયેલ છે. આ ઉપરાંત અગરવાલ, ડીડું, પાલીવાળ, વિગેરે નાતોના જથા બસેં વર્ષમાં તો બહુજ વધી ગયા. અનુમાન થાય છે કે વાણિઆની નાતોની શરૂઆત વિ. સં. દશમા સૈકામાં થઇ હોય. વિ. સં. ૧૨૭૫ માં શ્રી વસ્તુપાલ અને તેજપાલે ધોળકામાં ગુજરાત અને તેની આસપાસથી સઘળા વાણિઆઓને તેડાવ્યા તે સમયે વાણિઆની ચોરાશી નાતો હતી. વસ્તુપાલને ત્યાં આ ચોરાશી નાતનું સાજન મળ્યું તે નાતોનાં નામ વસ્તુપાલના રાસમાં લખેલાં મળી આવે છે. આ સાજન પ્રસંગે કોઇ અનિચ્છનીય બહાના તળે વાણિઆમાં દશા અને વીશા એવા ભેદ પડયા. શ્રી વસ્તુપાલ તેજપાલની ધન સંપત્તિ, રાજસત્તા, ધર્મખર્ચ પ્રત્યે અસાધારણ ઉદારતા વિગેરે સદ્ગુણોના તેજદ્વેષથી આ અનિચ્છનીય બહાનું ઉભું કર્યું હોય એવો સંભવ છે. આવું અમદાવાદમાં બીજી સાહિત્ય પરિષદમાં જૈન વિદ્વાન અમચંદ પી. પરમારે "જૈનોમાં પ્રચલિત જ્ઞાતિઓનું દિગદર્શન" એ નામે નિબંધ વાંચેલો તેમાં ઉલ્લેખ કરેલો છે. તે જૈન કોન્ફરન્સ હેરલ્ડમાં પ્રસિદ્ધ થયો હતો. તેમાં દશા અને વીશા માટે આવોજ અભિપ્રાય આપ્યો છે. વસ્તુપાલ તેજપાલ ભાઇઓએ આબુ ઉપર આરસનાં ભવ્ય મંદિરો, દાનશાળાઓ, ધર્મશાળાઓ, વગેરે બંધાવ્યાં હતાં ત્યાં સંવત ૧૨૭૫ માં સમસ્ત જૈન સંઘને ભવ્ય જમણ આપ્યું તે પ્રસંગે ગયેલા શ્રીમાળી, પોરવાડ, ઓસવાળ હુંબડ, નીમા વિગેરેની નાતમાં વીશા અને દશા એવા ભેદ જોવામાં આવે છે. (શ્રીમાળી વાણિઆનો જ્ઞાતિ ભેદ પૃષ્ટ ૧૬૩)

વાણિઆની ઘણી ખરી નાતોમાં આ બે ભેદ સંવત ૧૨૭૫ થી શરૂ થયા છે. આ ભેદ પડવામાં શ્રીમાન વસ્તુપાલ તેજપાલના સદ્ગુણો ઉપરનો તેજદ્વેષ જેમ કારણભૂત ગણાય છે તેવો જ તે બે શેઠીઆઓનો પોતાના વિરોધીઓને સંતોષ્યા નહિં પણ તરછોડયા ને પોતાના પક્ષવાળાને લાભ આપ્યો તે પણ એક કારણ ગણાય છે.

આગળ જોયું તેમ શરૂઆતમાં જથા–સમૂહ–ભાગ–વિભાગ વિગેરે કામચલાઉ પડયા પછી તેને રૂઢ થવા માટે બે ત્રણ સૈકાને સમય જતો તે રીતે આ દશા–વીશાના ભેદ કાયમ થવામાં પણ બે ત્રણ સૈકાં વ્યતીત થયાની ખાત્રી એ ઉપરથી જણાય છે કે વસ્તુપાલના વણિક સંમેલનનો સમય સંવત ૧૨૭૫ નો હતો તે પછી બસેં વર્ષે સુલતાન મહમદનો સમય સંવત ૧૫૦૦ ની આસપાસ છે તે સમયે સુલતાન મહમદનું રાજ્ય આખા ગુજરાતમાં હતું. તેનો કિર્તિલેખ કોઈ જૈન વિદ્વાને લખ્યો છે. તેમાં વાણિઆની બધી નાતોનાં નામ આપેલાં છે. એ નામ વાળી વાણિઆની નાતો ગુજરાતમાં હતી. તેની સંખ્યા ગણતાં ૮૪ થાય છે. તેમાં દશા તથા વીશા એવા ભેદ નથી. પણ મૂળ જ્ઞાતિઓનાં જ નામ છે. તે યાદીમાં આપણે જેની જરૂર છે તે નીમાની નાતનું નામ છે. વળી સંવત ૧૨૭૫ આબુ ઉપરના વાણિઆ સંમેલનમાં ગયેલી નાતોમાં પણ નીમાની નાતનું નામ છે. મતલબ કે સંવત ૧૨૭૫ માં નીમા વાણિઆની વસ્તી ગુજરાતમાં હતી તે ચોક્કસ છે. (શ્રીમાળીનો જ્ઞાતિ–ભેદ પૃષ્ટ ૨૩૪.)

इतिश्री

# प्रकरण ४ थुं

## ज्ञाति अने गोत्र

**ज्ञाति :—**

વિ. સં. દશમાં સૈકા પછી પ્રથમની ચાર વર્ણોનાં બંધારણ, તેના કાયદા, તેની વ્યવસ્થા વિગેરેમાં પરિવર્તન થવાથી અઢાર વર્ણો એટલે જાતો થઈ. તે અઢારે જાતોમાં જથા, સમુહ, ભાગો, વિભાગો, શાખાઓ, તડાં વિગેરે સ્વરૂપે જુદા પડી પોતાની સગવડ પ્રમાણે ગૃહસ્થાશ્રમનો કારભાર ચલાવતા થયા. તે રિવાજો કાળે કરીને રૂઢ થઇ ગયા અને તેનાં બંધારણના કાયદાથી ટેવાઇ ગયા. એટલે તે કામ ચલાઉ સ્વરૂપો તથા સમુહ વિગેરેના આગેવાનો તથા તે સમયના સમાજ નિયામકોએ તેમને એટલે કામચલાઉ સ્વરૂપને જ્ઞાતિ અગર નાતનું નામ આપી કાયમ કર્યાં. એ નાતના બંધારણના કાયદાના ચોકઠામાં ગોઠવાઇ પોતાના ગૃહસ્થાશ્રમનો સઘળો વ્યવહાર ચલાવવા લાગ્યા. આવી રીતે બ્રાહ્મણ વાણિઆ જેવી આગળ પડતી મુખ્ય જાતોમાંથી ચોરાશી ચોરાશી નાતો તે આપણે આગળના પ્રકરણમાં જોયું. તેમાં વળી વાણિઆની જાતની ઘણી ખરી નાતોમાં દશા અને વીશા એવા બે ભેદ પડવાથી એ નાતોના આંકનો પાર રહ્યો નથી. આવા અગર આનાથી પણ વધારે બુરા એવા ભેદો રજપૂત, કણબી, પાટીદાર, કારીગર વર્ગ, વણકર, અંત્યજ વિગેરે સઘળી નાતોમાં પડયાજ કર્યા છે. તેમજ તેના ખોટા મમત્વને લીધે અંદર અંદર ઝઘડા, લડાઇ વિગેરે થયાંજ કરે છે. એવું આપણે ઇતિહાસ ઉપરથી જાણી શકીએ છીએ. જ્ઞાતિભેદનું આ એક દુષણ છે. છતાં ગ્રહસ્થાશ્રમ સુખરૂપે ચલાવવા માટે જ્ઞાતિ એ ખાસ મદદનું સાધન છે ને તે માટે હાલની જ્ઞાતિઓની ઉપયોગિતા છે તે હવે પછીના લખાણથી સમજાશે.

વેદ સમયના બ્રાહ્મણ ધર્મ તથા નવા સુધારેલા હિંદુધર્મમાં વટાળના પ્રબંધે તો અઢારે જાતોને પોતપોતાની જાતિમાં અને પોતાથી ચઢતી જાતિમાં ભોજન લેવાની છૂટ મૂકી એટલે બ્રાહ્મણ કે વાણિઆ જાતિમાં ભલે ચોરાશી ચોરાશી નાતો થઇ પણ તે સઘળી નાતો ને પોતાની જાત એટલે બ્રાહ્મણો બ્રાહ્મણમાં ને વાણિઆઓ સઘળા વાણિઆઓની નાતોમાં ભોજન લેતાં વટળતા નથી. માત્ર પોતાથી ઉતરતી જાતમાં ભોજનવ્યવહારની મનાઇ સમાજના રિવાજથી કાયમ રહી. આથી પ્રજાને પોતાનો વ્યવહાર ચલાવવામાં હરકત આવી નહીં ને ભોજનવ્યવહાર વટાળ પ્રબંધના કાનુન અનુસાર સરળતાથી ચાલ્યો.

ગૃહસ્થાશ્રમી એટલે ઘર બાંધીને વસનારા, પરણીત જીંદગી ભોગવી સંસાર ચલાવનાર એવી અત્યારે વ્યાખ્યા કરાય. ચાર વર્ણોના સમયમાં દ્વિજોને જીંદગી ગુજારવા માટે ચાર આશ્રમો ઠરાવ્યા હતા. (૧) બ્રહ્મચર્ય (૨) ગૃહસ્થ (૩) વાનપ્રસ્થ ને (૪) સન્યસ્ત. આ ચાર આશ્રમોમાંથી હાલ બે આશ્રમો હયાતિ ભોગવે છે. એક ગૃહસ્થાશ્રમ એટલે સંસારી અને બીજો સન્યસ્ત એટલે સાધુ, ત્યાગી, બાવા, સન્યાસી વિગેરે. ગૃહસ્થ શબ્દનો અર્થ પૈસાદાર અથવા ધનિક એવો કરવાની ભૂલ ન કરે તે માટે તે શબ્દની વ્યુત્પત્તિ આપવી પડે છે. ગૃહ=ઘર તેને સ્થ પ્રત્યય લાગ્યો તેનો અર્થ રહેનાર. મતલબ કે ઘર બાંધી તેમાં રહેનાર એવો થાય છે. ભલે તે રહેનારો તદ્દન કંગાલ હોય કે ભીખ માગીને પોતાનાં બૈરી છોકરાંનો નિર્વાહ ચલાવતો હોય તોપણ તે ગૃહસ્થાશ્રમી કહેવાય. વધારે ધનવાન્, રાજા કે અમીર ઉમરાવ તે પણ ગૃહસ્થાશ્રમી કહેવાય. તે સિવાય બાકીના ઘર આગળ આવે તે વટેમાર્ગુ, અતિથિ, મહેમાન, મુસાફર ઇત્યાદિ નામથી ઓળખાય. આ ગૃહસ્થાશ્રમનો સમય જીંદગીના વીસ વર્ષથી પચાસ વર્ષ સુધીનો પહેલાંના સમયમાં મનાતો હતો. હાલતો પરણ્યા પછીથી તે ઘર છોડે નહીં ત્યાં સુધીનો સમય ગૃહસ્થાશ્રમનો ગણાય છે. કપડવંજમાં નીમા વાણિઆની નાતમાં આજ સુધી રિવાજ હતો કે છોકરાનું લગ્ન કરાવતા પહેલાં "નિશાળગળણું" નામે વરઘોડો કાઢી છોકરાના પ્રથમ વિદ્યાગુરૂને ત્યાં જઇ સરસ્વતી પુજન અને ગુરૂપુજન કરી વિદ્યાર્થી જે અત્યાર સુધી બ્રહ્મચર્યાશ્રમમાં હતો તેને ગૃહસ્થાશ્રમમાં લાવવા ગુરૂને યોગ્ય દક્ષિણા આપી તેમની પરવાનગી લેઇ ઘેર લેઇ આવતા. આ વહીવટ વેદના સમયની ચાતુર્વર્ણ્ય સમયનો છે. પ્રથમ બ્રાહ્મણો જનોઇ સંસ્કાર આપી વિદ્યાર્થીને ગુરૂને ત્યાં વેદ–વેદાંગ ને આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરાવતા. તે સમયના નિયમા વૈશ્યો એટલે હાલના નીમા વણિક મહાજનના પુર્વજો પોતાના બાળકને ઉપનયન સંસ્કાર આપી વ્યાપારી ધંધાને અંગે જોઈતું જ્ઞાન મેળવવા ગુરૂને ત્યાં મોકલતા. સાધન સંપન્ન નીમાવણિકો પોતાની અને બીજી વૈશ્ય જાતિનાં બાળકો માટે લાયક ગુરૂ પસંદ કરી તેમને અભ્યાસક્રમ તથા તે અંગેનું મહેનતાણું વિગેરે નક્કી કરી આપી ગામઠી નિશાળો ચલાવતા. આવી નિશાળો કપડવંજમાં તો આજ સુધી ચાલતી. આથી નીમા વણિક મહાજન તે બ્રાહ્મણોની સાથે વૈશ્ય વર્ણની જાતના ચાતુર્વર્ણ્ય સમયના છે. એ જૂના વહિવટનો રહ્યો સહ્યો અવશેષ, તે આધુનિક સંસ્કૃતિ વિનાશક કેળવણીથી પોષાયલા મગજવાળાઓ આ રિવાજનું હાર્દ ( તત્વજ્ઞાન ) સમજવામાં નિષ્ફળ નીવડવાથી છેલ્લા પંદર વીસ વર્ષથી અસ્ત થવા પામ્યો છે.

ગૃહસ્થાશ્રમનો વ્યવહાર ચલાવવામાં " લગ્ન સંબંધ " એ બીજા બધા વ્યવહારો કરતાં વધારે મહત્વનો અને કાયમ સંબંધ જોડનાર વ્યવહાર છે.

લગ્નવડે જૂદીજૂદી બે વ્યક્તિઓ હમેંશને માટે એક થઇ જાય છે. એટલુંજ નહિં પણ તે વ્યક્તિઓનાં કુટુંબીજનો પણ એકબીજા સાથે સંબંધથી જોડાઇ અરસપરસ સુખદુઃખનાં ભાગીદાર થાય છે. આ લગ્ન સંબંધ સરખી સ્થીતિવાળા અને જાણીતા લોકોના સમુહમાંજ બંધાય છે. જ્યાં જ્ઞાતિભેદ નથી તેવાઓમાં પણ લગ્ન સંબંધ બાંધવાનું સ્થાન અમુક જથા કે સમુહમાંજ મર્યાદિત હોય છે. એટલે સઘળી પ્રજામાં લગ્ન સંબંધ એ સમાનતાની હદ નિશાન તરિકે આદિથી તે આજ સુધી ગણાતું આવ્યું છે. આથી અનુમાન થાય છે કે આ ગોઠવણ મનુષ્યની બનાવેલી નહીં પરંતુ કુદરતી પ્રેરણાથીજ નિર્માણ થયેલી છે.

ગૃહસ્થાશ્રમમાં લગ્ન સંબંધ બાંધવામાં પુરૂષો કરતાં સ્ત્રીઓનો અભિપ્રાય બહુ આગળ પડતો હોય છે. એ સ્ત્રી વર્ગ છોકરા કરતાં છોકરીનો "લગ્ન સંબંધ" બાંધવામાં બહુ ઝીણવટ વાપરે છે. પોતાની દીકરી દરેક રીતે સુખી થાય એવી ઇચ્છા હોવાથી વરની ઉમ્મર, શારિરિક ને માનસિક કેલવણી વિષયક અને આરોગ્ય વિષયક સ્થીતિ, તથા ધન, વૈભવ, કુટુંબીજનોના સ્વભાવ અને સંસ્કૃતિ એ બધાં પોતા કરતાં વધારે અગર લગભગ પોતા જેવી સ્થીતિવાળાં હોય તેવા સાથે લગ્ન સંબંધ બાંધે છે. એવાં પોતાના સરખાં દરજ્જાવાળાં અગર લગભગ મળતાં આવતાં કુટુંબોની તે લોકોને એટલે સ્ત્રી વર્ગને પરંપરાથી ખબર હોય છે. તેવાં કુટુંબોમાંથી વરવાળા કન્યા પસંદ કરે છે. અને કન્યાવાળા વર પસંદ કરે છે. વળી હાલના વ્યકિત સ્વાતંત્ર્યના જમાનામાં આ પસંદગીમાં વર અગર કન્યા પણ પોતાનો હિસ્સો માગે છે. પણ તે અમુક કુટુંબો કે જે ગોત્રના નામ વડે વહેંચાઇ ગયેલાં છે તેવાં ગોત્રોમાંથી પોતાના ગોત્ર સિવાય બીજા ગોત્રમાંથી કન્યા અગર વરને પસંદ કરવાની વડિલો છૂટ આપે છે. અને તે રીતનો "લગ્ન સંબંધ" સુખકારી નીવડે છે. આ પ્રમાણે સમાનતાના અને જાણીતા લોકોનો સમુહ તે જ્ઞાતિ. આ જ્ઞાતિનો ખાસ ઉપયોગ "લગ્ન સંબંધ" બાંધવાની હદ્દ નિશાન. આ લગ્ન સંબંધનો પ્રવાહ જ્ઞાતિમાંથી બાદ કરીએ તો જ્ઞાતિનો પછી કોઇ મહત્વનો હેતુ રહેતો નથી. આ પ્રમાણે લગ્ન સંબંધ માટે જ્ઞાતિ અને જ્ઞાતિ માટે "લગ્ન સંબંધ" એમ અરસપરસ એક બીજાની હયાતિ માટે સાંકળરૂપ બની રહી છે.

આધુનિક વિનાશક કેળવણીથી પોષાયલા સ્વચ્છંદી, અસંયમી, અને ઉતાવળીઆ મગજવાળાં સ્ત્રીપુરૂષો આ જ્ઞાતિ પ્રબંધને પોતાની સ્વતંત્રતાની કે સ્વચ્છંદતાની આડે આવનાર બંધનરૂપ માને છે. અને તેનાં ધારાધોરણો તથા તેની એટલે જ્ઞાતિની હયાતિ સુદ્ધાંતનું નિકંદન કાઢવાની ઇચ્છા ધરાવે છે. એટલુંજ નહીં પણ એવી ઇચ્છા પ્રગટ કરતાં શરમાતા નથી. વળી કેટલાકને તો પોતે અમુક નાતના છીએ એમ કહેતાં હલકું લાગે છે. આવાઓ માટે અત્રે લખવું પ્રાપ્ત થાય

છે કે :–જેમ પૃથ્વી એ જગત માત્રનું પોષણ કરનારી અને તેમને ધારણ કરનારી ધરતીમાતા એ પ્રથમ નંબરની માતા છે. તે પછી બીજા નંબરની માતા પોતાની જનની જન્મદાયી એટલે જન્મ આપનાર અને પોષણ કરનાર માતા છે. તેવીજ ત્રીજા નંબરની માતા તે પોતાની જ્ઞાતિ છે કે જે જ્ઞાતિ વડે પોતાનો દેહ બંધાયો છે. તેના વડે પોતાને રક્ષણ, પોષણ, સુખદુઃખનાં ભાગીદાર, સગાંવહાલાં, પોતાનો ગૃહસ્થાશ્રમ ચલાવવામાં મદદગાર પોતાના સ્વભાવને અનુકુળ, ગુણ, ટેવો, ધાર્મિક શ્રદ્ધા, તથા સાંસ્કૃતિક કેળવણીની બાબતમાં લગભગ સમાન અગર પૂરેપૂરી સમાન એવી સ્ત્રી મળે છે. ને સ્ત્રીને તેવો પુરૂષ મળે છે. તે સાથે તે બન્ને પક્ષોના સગાંઓનો સહકાર મળે છે. એવી માતા તુલ્ય ઉપકારક સંસ્થાના વિનાશનો કે તેના તિરસ્કારનો વિચાર કરનાર અગર પ્રયત્ન કરનાર વ્યક્તિ, માફ થઈ ન શકે તેવું એક મહાપાપ કરે છે. અને અધોગતિને નોતરે છે.

આ જ્ઞાતિબંધનથી અસંતુષ્ટ થયેલ ભાઇઓ એ જ્ઞાતિથી નહીં પરંતુ બીજાં ઇતર કારણોથી વેગળા થતા લાગે છે. તેવાઓને નમ્ર વિનંતિ છે કે :–પોતાને અસંતુષ્ટ થવાનાં કારણો શાંત ચિત્તે વિચારે. તે વિચારમાંથી જે કારણો જડી આવે તેની પોતાના જ્ઞાતિબંધુઓ પૈકી પોતાના મિત્રો અને તે પછી વડિલો સાથે ચર્ચા કરે, વાટાઘાટ ચલાવે. તેમાંથી નીકળતા ઉપાયો માટે દુરાગ્રહ ન સેવતાં તે ઉપાયો અજમાવે. તમારા વિચારથી વિરૂદ્ધ વિચારવાળા સાથે પૂરા પ્રેમથી વાતચીત કરે. જેજે અનિષ્ટ તત્વો જ્ઞાતિમાં ફેલાયાં જણાય તેને બધાંની મદદ લેઇ દૂર કરે. તેમાંજ જ્ઞાતિ સેવા કે માતૃસેવા છે. તેમાંજ મર્દાઈ છે. આ રસ્તો સહેલો નથી પરંતુ તે કષ્ટસાધ્ય છે, એટલે મહેનત કર્યાથી તેમાં સફળતા મળે તેમ છે. જ્ઞાતિથી દૂર રહેવું, તેના ધારાધોરણને ફગાવી દેવાં; એ તાત્કાલિક સરળ દેખાય છે. પરંતુ કાળક્રમે બહુ દુઃખમય સ્થીતિ ભોગવવી પડે છે. અત્યાર સુધીમાં આવાં આત્મિ-ઘાતિક પગલાં ભરેલાની સ્થીતિ તપાસો. તેમની માનસિક સ્થીતિનો અભ્યાસ કરો. તો અવશ્ય જણાશે કે જ્ઞાતિથી દૂર રહેવું એ આત્મઘાતિક અને સંપુર્ણ નુકશાન કર્તા છે. ગીતાજીના ત્રીજા અધ્યાયના ૩૫ માં શ્લોકમાં શ્રીકૃષ્ણભગવાને અર્જુનજીને કહ્યું છે કેઃ–

॥ श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ ३५ ॥

ગુજરાતીમાં અર્થ :–સારી રીતે આચરેલા પરધર્મ કરતાં ગુણરહિત એવો પણ સ્વધર્મ શ્રેયસ્કર છે. સ્વધર્મમાં મરણ કલ્યાણ કારી છે (પણ) પરધર્મ ભય કર છે. ॥ ૩૫ ॥ અહીં ધર્મને અર્થ પંથ કે સંપ્રદાય કરવાનો નથી. પણ "ફરજ" તરિકે સમજવાનો છે. કારણકે શ્રીકૃષ્ણ ભગવાન, અર્જુનજીને કોઇ સંપ્રદાયનો

બોધ આપતા ન હોતા પણ પોતાની ફરજ સમજાવતા હતા. તેથી निधनं=મરણ, પોતાની ફરજ બજાવતાં મરણ થાય તો તે આવકરદાયક છે. પરંતુ બીજાની ફરજોમાં તો ભય જ વ્યાપી રહેલો હોય છે.

**गोत्र :—**

આપણે આગળ જોયું કે "લગ્ન સંબંધ" તે ગૃહસ્થાશ્રમીના વ્યવહાર કાર્યમાં સૌથી અગત્યનો સંબંધ છે. એ સંબંધથી સમાનતાનુ ઓળખાણ થાય છે. એવી સરખી સમાનતાવાળાં અનેક કુટુંબોનો જથો તેને ज्ञाति અથવા નાત એવું નામ આપ્યું છે. એ નાતના બંધારણમાં રહીને "લગ્ન સંબંધ" બાંધી પોતાના ગૃહસ્થાશ્રમનો વ્યવહાર અવિચ્છિન સુખરૂપે ચલાવાય, વંશ વૃદ્ધિ અને પોતાના કુળની સંસ્કૃતિની વિશુદ્ધિ સારી રીતે સચવાઇ રહે, તેવાં સાધનો આ જ્ઞાતિ સંસ્થામાંથી મળી રહે છે. ને વળી સુખદુ:ખના ભાગીદાર સમોવડીઆં કુટુંબો એક બીજા સાથે સંબંધ બાંધી ગૃહસ્થાશ્રમનાં સર્વે સુખનો આસ્વાદ ભોગવે છે. આ કારણથીજ વિ. સં. દશમા સૈકાથી નાતોના જથા પડવા શરૂ થયા તેમાં સમાજ નિયામકો તથા ધર્માચાર્યોએ હરકત નાખી નહીં, એટલું જ નહીં પણ પ્રોત્સાહન આપ્યું, ને નાતોની જરૂરિયાત સ્વીકારવામાં અનુમતિ આપી. વિ. સં. દશમા સૈકાથી આ પ્રથા શરૂ થઇ ત્યારથી બસેં વર્ષ સુધી એ જથાના ધારાધોરણમાં અને "લગ્ન સંબંધ"માં ટેવાઇ ગયેલા લોકોએ પોતાની નાતનાં નામ બારમા કે તેરમા સૈકામાં બહાર પાડયાં. વસ્તુપાલના સંવત ૧૨૭૫ ના વાણિજય સંમેલનમાં ૮૪ નાતોનાં નામ છે. તે સાક્ષી રૂપ છે.

ચાર વર્ણો અને ચાર આશ્રમોના સમયની, આર્ય પ્રજાના નિયામકો ધર્મશાસ્ત્ર, વૈધકસાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, મંત્રવિદ્યા વિગેરેમાં જેવા નિષ્ણાત હતા તેવાજ તેઓ પદાર્થવિજ્ઞાન, રસાયનશાસ્ત્ર તથા શરીરશાસ્ત્રમાં પણ નિષ્ણાત હતા. તેઓએ પોતાના વંશની વૃદ્ધિ અને સંસ્કૃતિ ( આચારવિચાર ) આદિ સદ્ગુણોની વિશુદ્ધિ માટે બહુ કડક નિયમો બાંધી તેને ધાર્મિક આજ્ઞારૂપે પ્રસિદ્ધ કર્યા. ચાર વર્ણો સમયના દ્વિજોમાં દરેક કુટુંબના ધંધા, સ્વભાવ, સંસ્કૃતિ આદિ લક્ષમાં લઇ તેમનાં ગોત્ર ઠરાવ્યાં. ગોત્રના મુખ્ય માણસના ગુણ સ્વભાવ તેમની ઓલાદમાં ઉતરે છે એવું તે વિજ્ઞાનદ્રષ્ટાઓ માનતા હતા. વળી તે સાથે એવી પણ માન્યતા હતી કે એકજ ગોત્રની બે વ્યક્તિઓનો "લગ્ન સંબંધ" કરવાથી વંશવૃદ્ધિમાં અને સંસ્કૃતિ વિશુદ્ધિમાં મોટો અંતરાય પડશે. તથા વારસાઇમાં ઉતરાઇ આવેલા દોષોનું નિવારણ થઇ શકશે નહીં. આવાં આવાં વૈજ્ઞાનિક કારણોને લઇ "લગ્ન સંબંધ" એ બે જુદા ગોત્રવાળી વ્યક્તિઓ સાથેજ થાય. કોઇપણ સંયોગોમાં गोत्रभंग કરનાર ધાર્મિક: અને સામાજીક રીતે ગુન્હેગાર ગણાય. આવા કડક નિયમને લીધે

વિક્રમ સંવત્‌ની શરૂઆત સુધી આ પ્રથા ચાલુ રહી. પરંતુ વિક્રમ સંવત પુર્વે છઠ્ઠા સૈકાથી અસલની વર્ણો, તેના ધર્મો, તેના સામાજિક બંધનોમાં પરિવર્તન શરૂ થયું તેને લીધે એ બધું અસ્તવ્યસ્ત થતું આવ્યું, તે વિક્રમ સંવત્ દશમા સૈકા સુધીમાં પહેલાંનું બધુ બદલાઇ ગયું. નવો ધર્મ, નવી જાતો, નવી નાતો, તેના નવા ધર્મો ને રીતરિવાજો દાખલ થયા. તેમાં તે સમયના વિજ્ઞાનવેત્તાઓ, અનુભવી સમાજ નિયામકો તથા ધર્માચાર્યોએ લોકરૂચી ધ્યાનમાં લઇને તેમને અનુકુળ બંધારણ બાંધી આપ્યાં. તેમાં ગોત્રની પ્રથા પણ દાખલ કરી. તે સમયની નાતો, ધર્મો, રીત રિવાજો, આર્થિક, માનસિક તથા આધ્યાત્મિક સ્થીતિ લક્ષમાં લેઇ તેમનાં ગોત્ર ગોઠવી આપ્યાં. અને "લગ્ન સંબંધ" માટે જેમ નાત એક આવશ્ય સ્થાન છે તે કરતાં પણ ઘણું મહત્વનું સ્થાન ગોત્ર પ્રથાને આપ્યું. પ્રથમના સમયની માફક આ સમયમાં પણ ગોત્રભંગ કરનાર ધાર્મિક રીતે તથા સામાજિક રીતે ગુન્હેગાર ગણાય એવું ઠરાવ્યું. આવું કડક નિયમન ઠરાવવાનો મૂળ હેતુ વંશવૃદ્ધિ અને સંસ્કૃતિની વિશુદ્ધિ સંપૂર્ણ ફળદાયી નીવડે તેજ હતો.

ગોત્ર માટે આવો કડક ધારો ઘડવા વિજ્ઞાનશાસ્ત્ર અને શારીરશાસ્ત્રના જ્ઞાને ફરજ પાડી હતી. તે કારણેજ આવું ધાર્મિક બંધન મૂકયું છે. વળી આના સમર્થનમાં બીજી બાબત પણ જણાઇ આવે છે. તે એ કેઃ–હિંદુ કુટુંબોમાંથી "લગ્ન સંબંધ" બાંધવાનો કાબુ ઘણું ખરૂં સ્ત્રી વર્ગના હાથમાં છે. તેમને પોતાના દીકરા માટે પોતાની સમાનતાવાળાં અગર અધિકતાવાળાં કુટુંબોમાંથી કન્યા મેળવી આપવા શોધ કરે છે. તેમાં કંઇક ઉણપ હોય તો તે ચલાવી લે છે. કારણ કે આવતી કન્યામાં કંઈ ઉણપ હશે તો આપણે તે સુધારી લેઇશું. આ ઉપરથી કહેવત છે કે "કન્યારત્ન તો ઉકરડામાંથીએ લાવવું" મતલબ કે આપણા કુળના સારા સંસ્કારો તેને પુરા પાડી ઘર લાયક બનાવીશું. માત્ર તે આપણા ગોત્રની ન જોઇએ. ગોત્ર એટલે કુટુંબ, કુળ એવો અર્થ હિંદુ મહિલાઓ સમજે છે. આ પ્રમાણે દીકરા માટે જે પ્રયત્ન કરે છે તે કરતાં અધિકાધિક પ્રયત્ન પોતાની દીકરી માટે વરની શોધમાં કરે છે. કારણકે દીકરી પારકે ઘેર જવાની છે, તેને માટે ત્યાં રહેલી ઉણપ પુરવાનું દીકરીના માબાપના કાબુમાં નથી. તેથી વરનું વય, આરોગ્ય, સંસ્કૃતિ, શારીરિક ને માનસિક કેળવણી, ધાર્મિકશ્રદ્ધા, સગાંઓની રીતભાત, મોસાળપક્ષ, ધનવૈભવ, એ બધું પોતાના કુળ અગર કુટુંબની સમાન અગર અધિક હોય તેવા કુટુંબનો વર પસંદ કરે છે. તાજુબીતો એ છે કે આ બધું પસંદ હોય પણ તે પોતાનો ગોત્રી હોય તો તે નાપસંદ થાય. આ, સ્ત્રી વર્ગ ઉત્તરોત્તર વારસામાં જેમ ધન દોલત મેળવે

છે તેવી જ રીતે ચીવટાઈથી આપણી દીકરી અમુક કુટુંબોમાં અપાય છે અને અમુક કુટુંબોમાંથી કન્યા લેવાય છે, તે જ્ઞાન પણ મેળવે છે. આથી ગોત્રભંગનો ભય રહેતો જ નથી. (આ ગોત્રની પ્રથા દરેક કુટુંબમાં કેટલી પ્રવેશી ગઈ છે તેનો વિચાર કરતાં કુદરતી પ્રેરણાનો પ્રભાવ સમજાય છે)

વળી પાર્થીવ પદાર્થો સોનું, રૂપુ, ત્રાંબુ એ ધાતુઓને સાંધવી હોય તો તેમાં બીજી ધાતુની મેળવણી કરીએ તોજ તે સંધાય. એક ભાગ ઓક્સિજન અને બે ભાગ હાઈડ્રોજન ભેગાં કરીએ તોજ પાણી બને. એ બેમાંના એકને ઘણા જથાંમાં ભેગા કરીએ, તેના ઉપર અનેક પ્રયગો કરીએ તોપણ પાણી બને નહીં. આ ઉપરથી સમજાય છે કે એક ગોત્રની બે વ્યક્તિઓના "લગ્નસંબંધ"થી અનેક અનર્થ થાય. માટે વણિકોએ નાત અને ગોત્ર, ગોત્રદેવી અને તેના કુળાચાર તથા યજનપુજન તરફ પ્રેમવૃત્તિ રાખવી ને પોતાની પ્રજાને પણ તે તરફ પ્રેમવૃત્તિ રાખવા દોરવવી. એ વંશવૃક્ષના લાભની વાત છે. તે દરેક હિંદુ કુટુંબની વ્યક્તિના મગજમાં જન્મથી જડાયેલી છે. તેનો અનાદર કરવો એ કુદરતના કાનુનને અનાદર કરવા સમાન હાનિકારક નીવડે છે.

હાલ ચાલતી જાતો અને તેના પેટામાં આવેલી નાતોનો જન્મ સંવત ૧૦ મા સૈકાથી શરૂ થયો અને તે પછીનો બસેં વર્ષનો સમય બાલ્યાવસ્થામાં ભોગવી બારમા સૈકામાં સમાજમાં ઓળખાતી થઇ. તે સમયમાં બ્રાહ્મણોની જાત ને ગોત્ર તો જૂનાં જળવાઇ રહ્યાં હતાં તે કાયમ રહ્યા અને હાલ તે ચાલુજ છે. વાણિઆ જ્ઞાતિમાં નાત અગર જથાના જન્મ અને નામ પડતી વખતે તેમનાં ગોત્ર તથા ગોત્રદેવીઓ નક્કી કરાઇ. તે કુળદેવી સંબંધના તથા ગૃહસ્થાશ્રમના જન્મ મરણ તથા પરણ સમયના આચાર, રક્ષણ, યજન, પુજન વિગેરે વિધિઓ નક્કી થયાં અને તે કામ સંભાળનાર તથા કરાવનાર તેમના કુળગોર નક્કી થયા. આ પ્રમાણે ગૃહસ્થાશ્રમમાં સંસાર વ્યવહારમાં ઉપયોગી ધાર્મિક સંસ્કૃતિ સંભાળનાર કુળગોર અને આત્મોન્નતિ તથા તે અંગેનું ધાર્મિક જ્ઞાન આપનાર ધર્માચાર્ય એ બે ગૃહસ્થાશ્રમીના નજીકના અંગીભુત બન્યા.

શ્રીમાળી વાણિઆમાં દશા અને વીશાનાં મળી ૧૩૫ ગોત્ર છે. તેમની કુલદેવી કે ગોત્રદેવી "મહાલક્ષ્મી" છે. ઓસવાળમાં મૂળ ૧૮ ગોત્ર છે. તેમની તથા પોરવાડની કુળદેવી મહાલક્ષ્મી છે. નિયમા વાણિજ્ય ઉર્ફે નીમા વાણિઆ દશા હો કે વીશા, જૈન હો કે વૈષ્ણવ કે સનાતની હો તે બધાની કુળદેવી સર્વમંગળા છે. તેમનાં ૩૨ ગોત્ર છે. આ પ્રમાણે બીજા વાણિઆની જ્ઞાતિમાં ગોત્ર છે તેમજ કુલદેવીઓ પણ છે. આ હકીકત વિ. સં. દશમા સૈકા સુધીમાં થએલાં પુરાણો, સ્મૃતિઓ, આખ્યાનો, વિગેરેમાંથી મળી આવે છે. અઢાર પુરાણોમાંથી મોટુ

श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

स्कंदपुराण તથા पद्मपुराणમાંથી આસ્તિક શોધકને પોતાની જિજ્ઞાસા તૃપ્ત કરે એવી વસ્તુ મળી આવે છે.

गोत्र એ સંસ્કૃત શબ્દ છે. તેનો અર્થ अमरकोष નામે શબ્દાર્થ પુસ્તકમાં संतति, गोत्रम्, जननम्, कुलम्, अभिजन, अन्वय वंश, अन्ववाय, संतान આવા અર્થ આપેલા છે. આથી સાબીત થાય છે કે ગોત્ર એટલે અમુક પુરૂષનો વંશ. પછી તે મૂળ પુરૂષ અમુક નામથી ઓળખાય કે ધંધા ઉપરથી ઓળખાય કે તેમના સ્થાન પરથી ઓળખાય. આ પ્રમાણે જુદી જુદી રીતે મૂળ પુરૂષ કે તેમનું કુટુંબ ઓળખાતું થયું હોય તેમાંથી જે નામ રૂઢ થઇ ગયું હોય તે તેનું ગોત્ર ગણાયું. આ ન્યાતો અને ગોત્રોના જન્મ સમયમાં જે લોકભાષા ચાલતી હતી તે ભાષામાં નાત તથા ગોત્રના નામ છે. આ લોક ભાષા પ્રાકૃત અગર અર્ધમાગધી કે અપભ્રષ્ટ ભાષા હતી તેથી તે ભાષા ઉપરથી સાબીત થાય છે કે ગોત્ર અને નાતનાં નામ તેમના જન્મ સમયમાંજ એટલે વિ. સં. દશમાંથી બારમા સૈકા સુધીમાં પડયાં છે. મારવાડની શ્રીમાળી જ્ઞાતિ અને ઓસવાળ જ્ઞાતિએ ઘણાભાગે તેમનાં ગોત્રનાં નામને પોતાના નામની સાથે અટકમાં વણી લીધુ છે જેમકે "ગુલાબચંદ લોઢા". એ ગૃહસ્થ લોઢા ગોત્રના હોવાથી તેમની અટક "લોઢા" છે. આ "લોઢા" શબ્દ દશમાંથી બારમા સૈકા સુધીની વચમાં ચાલતી લોકભાષાનો છે. એ સંસ્કૃત ભાષાનો શબ્દ નથી. માટે તે ગોત્ર નથી આવી માન્યતા ભૂલભરેલી છે. કારણ કે સંસ્કૃત ભાષા જ્યારે લોકભાષા હતી ત્યારે આ નાતો અને ગોત્રોનો જન્મ નહોતો. જ્યારે તેમનો જન્મ થયો તે સમયે તેમની નાતનાં અને ગોત્રનાં નામ તે સમયની લોકભાષામાં પડ્યાં છે.

આ પ્રમાણે નાત અને ગોત્રની સામાન્ય ચર્ચા કરી પરંતુ આપણે તો નીમા વાણિઆની નાતનો ગોત્રનો જન્મ સમય, જન્મ સ્થાન, તેમનાં નામ ઇત્યાદિની સત્ય હકીકતની જરૂર છે. તે હકીકત મેળવવા પ્રયત્ન કરતાં કંઇક આધારભૂત વસ્તુ હાથ લાગી છે. કોઇપણ જાતના મતમતાંતર અગર દુરાગ્રહથી દૂર રહી વસ્તુને તપાસવામાં આવે તો नियमा वाणिकोનો જન્મ સમય, તેમની નાતનાં અને गोत्रનાં નામ પડવાનો સમય બહુ પુરાતન છે એમ માલમ પડી આવે છે. જેનું વિગતવાર વર્ણન આ પુસ્તકમાં અન્યત્ર વર્ણવવામાં આવશે. તેને સત્યશીલ શોધક દૃષ્ટિથી વાંચવા અને વિચારવા નમ્ર સુચના છે.

इतिश्री.

# प्रकरण ५ मुं.

## नियमा वाणिज्य उर्फे नीमावणिक महाजन.

અગાઉનાં પ્રકરણોથી હાલની નાતોની સ્થીતિ, ઉત્પત્તિ, તેનો સમય, તેનાં ગોત્રો, તેમના વ્યવહાર વિગેરે બાબતોનો સામાન્ય ચિતાર સમજવામાં આવ્યો હશે. આ પ્રકરણમાં नियमा वाणिज्य उर्फे नीमा वणिक महाजन વિષે કંઇક માહીતિ આપવાનો પ્રયાસ કરાશે.

નીમા વણિક મહાજનનાં મૂળસ્થાન, તેમની નાતનો જન્મસમય, તે વિષેનો જૂનો ઇતિહાસ જાણવાનાં સાધનો બહુ અલ્પ અને તે પણ અલભ્ય છે. છતાં મહામહેનતે જે સાધન લભ્ય થાય તેનું હાર્દ અને ખરૂં તત્વ સમજવાની કોઇને દરકાર નથી. નાતનાં બાળકો નાતના નામનો ઉપહાસ કરે છે, વડિલો તે સાંભળી રહે છે, પણ બાળકોને સમજાવવાની કે નિવારવાની તસ્દી લેતા નથી. કાળક્રમે આ ઉપહાસ રૂઢ થઇ જતાં બીજી સાધન સંપન્ન નાતો પણ ઉપહાસમાં સામેલ થાય છે. આથી નાતની અવનતિ થાય છે. આ બીના સમસ્ત જ્ઞાતિ જનોને વિચારવાની છે. કેટલાક જ્ઞાતિ સેવકો ને શુભેચ્છકો પ્રયત્ન કરે છે પરંતુ બહુમતી તો ઉપર જણાવ્યા ઉપહાસ કર્તાની છે. એ શોચનીય બીના છે.

ઉપર જણાવ્યા પ્રમાણેનું દૃષ્ય લેખકને આંખમાંના કણ માફક હેરાન કરતું હતું. તેણે પ્રયત્ન કરતાં જયાં ત્યાંથી નિરાશા સાંપડયે જતી હતી. લેખકના સદ્ભાગ્યે સં. ૨૦૦૪ ના જેઠ માસમાં તેને પોતાના કામ માટે સુરત જવાનું થયું. ત્યાંના અમારા યજમાન દાંતના ડૉકટર કસ્તુરલાલ ગિરધરલાલને દાંતનાકામ માટે મળતાં તેમના પ્રોત્સાહનથી કપડવંજ વીશા નીમા વણિક મહાજન જ્ઞાતિના શણગારરૂપ પુર્વાશ્રમના શ્રાવક અને હાલમાં જૈન ધર્મના આગમોદ્ધારક દેવમુર્ત્તિ વિદ્વાન આચાર્ય શ્રી સાગરાનંદ સુરીશ્વરનાં દર્શનનો લાભ મેળવ્યો. લેખકની ઘણી તિવ્ર ઇચ્છા હોવાથી પહેલીજ મુલાકાતમાં નીમા વણિક મહાજનના જુના ઇતિહાસની તેઓશ્રી આગળ માગણી કરી. તેઓશ્રીએ પુરેપુરી સહાનુભુત્તિથી સઘળી વાત સાંભળી સાન્ત્વન આપ્યું કે "તજવીજ કરીશ." "પછી મળજો" આ જવાબથી સંતોષાઇ તેઓશ્રી પાસે ત્રીજે દિવસે જતાં વેંતજ તેઓશ્રીના અંતેવાસી મુનિશ્રી કંચન વિજયજી મહારાજે આવી મને આચાર્યશ્રીના શ્રી આનંદ પુસ્તકાલયમાં લેઈ ગયા. ત્યાં નીમા વણિકના જુના ઇતિહાસને ઉપયોગી એવા લેખો બતાવી

ઉતરાવ્યા. તે પછી પણ શ્રીમાન્ કંચન વિજયજી મહારાજ પાસે જેજે ઉપયોગી દાખલા હતા તે તેની નકલ કરાવરાવી. હવે પછી માહીતિ મળશે તે ટપાલ મારફતે મોકલવાની ઇચ્છા વ્યક્ત કરી. આ પછી પંદર દિવસમાંજ શ્રીમાન્ કંચન વિજયજી મહારજશ્રીએ "હરિપુરા જૈન બંધુમંડળ સુરત" તરફથી પ્રસિદ્ધ થયેલું "શ્રીમાળી (વાણિઆ)ઓના જ્ઞાતિભેદ" એ નામનું પુસ્તક સંવત્ ૧૯૭૭ માં છપાયેલું તેની એક નકલ ટપાલ માર્ગે ભેટ મોકલી. તેમાં જરૂરી દાખલાઓનાં નિશાનો પણ કરેલાં હતાં. તે પુસ્તક વાંચ્યું તેમાં નીમા વણિકનાં જૂના ઇતિહાસને ઉપયોગી ઘણી વસ્તુઓ મળી આવી. જેથી આ નિબંધ લખવાનો ઉત્સાહ જાગૃત થયો. તેજ અરસામાં સુરતમાં શ્રીહરિશ્ચંદ્ર આખ્યાનની હસ્ત લિખિત પુસ્તિકાના અમુક અધ્યાયનાં પાનાં જોવા મળ્યાં, પરંતુ તે અધુરાં હોવાથી કંઈ કામમાં આવ્યાં નથી. તે ઉપરાંત શ્રી શામળાજીના સદ્ગત મુખ્યાજી શામળદાસ લક્ષ્મીરામ રણાએ "શ્રી દેવગદાધર મહાત્મ્ય" નામનું પુસ્તક છપાવ્યું છે તે જોવા મળ્યું તેમાંથી મળી આવેલી કેટલીક વસ્તુઓનો આ નિબંધમાં ઉપયોગ કર્યો છે.

આ નિબંધનો સમય વિ. સં. દશમાં સૈકાથી શરૂ થયેલ બનાવોનો ઇતિહાસ જણાવે છે. પરંતુ તે કરતાં નીમા વણિક મહાજન કોમ બહુ પુરાતની એટલે આ નિબંધની શરૂઆતના સમય કરતાં પણ બે હજાર વર્ષ પહેલાંની છે. તેમના ઇતિહાસની કાંઇક ઝાંખી શ્રી ઇંદોર નિવાસી શાસ્ત્રીજી ગોવિંદલાલજી શ્રીધરજીની શોધિતવર્ધિત હસ્તલીખીત हरगयोपाख्यान (હરિશ્ચંદ્ર આખ્યાન)ની પ્રત પ્રાપ્ત થતાં અન્ય સ્થળે એ પુરાતન ઇતિહાસ ઉદ્ધૃત કરવાની તક મળી છે. હાલમાં તો આ પ્રકરણ વિ. સ. દશમા સૈકા પછીનું જ ધ્યાન આપશે. આટલી પ્રસ્તાવના કરી મૂળ નિબંધની શરૂઆત કરાય છે.

उत्पत्तिस्थान:—નીમા વણિક મહાજનનું ઉત્પત્તિ સ્થાન જૂના ઇડર રાજ્યમાં અને હાલ સાબરકાંઠા જીલ્લામાં મોડાસાની પાસે જ્યાં હાલ શ્રી देवगदाधरराय (શામળાજી)નું મંદિર છે ત્યાં હતું. તે જગાએ કલ્પગ્રામ અને પાછળથી रुद्रपुरी નામે નગર હતું. તેની નજીકમાં औदुम्बर ઋષિનો આશ્રમ હતો. અયોધ્યાના સત્યવાદી પુણ્ય-શ્લોક હરિશ્ચંદ્ર રાજાએ પોતાને પુત્ર પ્રાપ્તિ માટે રાજસૂય યજ્ઞ પોતાના કુલગુરૂ વશિષ્ઠ ઋષિની સલાહથી શ્રી ઔદુમ્બર ઋષિ પાસે કરાવવા અયોધ્યાથી આ આશ્રમે આવવા પ્રયાણ કર્યું. સાથે રાજ્ય કુટુંબ, રાજ્યસેવકો, પ્રજાજનો, વેપારીઓ, અને બધાના રક્ષણને માટે લશ્કર વિગેરે લેઇ મોટા દમામભેર આ आश्रम માં આવી મુકામ કર્યો. ઔદુમ્બર ઋષિને પોતાની ઇચ્છા જણાવી. તે સાથે કુલગુરૂ વશિષ્ઠ ઋષિનો આદેશ પણ નિવેદન કર્યો. ઔદુમ્બર ઋષિએ બહુ ખુશી સાથે પોતાના શિષ્યોમાંથી વિદ્વાન અને કાર્ય કુશળતાવાળા સોળ બ્રાહ્મણોનું વરણ (પસંદગી) અથવા

નીમણુંક કરી. મહાસુદ ૧૨ ને ગુરૂવાર, પુષ્યનક્ષત્ર, કર્કરાશીમાં ચંદ્ર એ દિવસે રાજસૂયયજ્ઞની શરૂઆત કરી. આવું લખાણુ श्री स्कंदपुराणे सुद्रगयोपाख्याने नारदशौनक संवादे हरिश्चंद्र औदुम्बर संवादे राजसूययज्ञ समाप्ति नाम द्वाविंशोऽध्यायः હરિશ્ચંદ્ર આખ્યાનના બાવીસમા અધ્યાયમાં લખેલું છે.

તે યજ્ઞની પુર્ણાહુતિમાં યજ્ઞમાં પસંદ કરાયેલા બ્રાહ્મણોને દક્ષિણામાં, રાજા હરિશ્ચંદ્ર સાથે આવેલા અને યજ્ઞમાં જોઈતી સામગ્રી પુરી પાડનારા વણિકોને સોળગોત્રના બ્રાહ્મણોનું પોષણ અને સેવનનું કામ કરવા તેમને દાનમાં આપ્યા. આવું ઉપરોક્ત હરિશ્ચંદ્ર આખ્યાનના ત્રેવીસમા અને ચોવીસમા અધ્યાયમાં છે. એ વાણિકોના વ્યાપાર અને બીજી સમૃદ્ધિ તથા સંસ્કૃતિ વિગેરે સ્થીતિ જોઇ તેમની વસ્તીમાં બત્રીશ કુટુંબ અગર ગોત્ર કેં કુલ બાંધી આપ્યાં. તે ચોવીસમા અધ્યાયમાં વણિકોના પુછવાથી તેમની સલાહથી औदुम्बर ऋषि એ સંસ્કૃતમાં તેમનાં બત્રીશ ગોત્ર, તેના હેતુ, અર્થ અને તે દરેકની કુલદેવી ઠરાવી તેમનાં વર્ણન તે અધ્યાયના શ્લોકમાં સવિસ્તર વર્ણવેલ છે. વળી હરિશ્ચંદ્ર રાજાએ તેમને આ નિયમનમાં મૂકયા તે ઉપરથી नियमा वणिका કહેવાય. તે વર્ણન પચીસમા અધ્યાયમાં છે. ઉપરાંત श्रीमद गदाधर महात्म्य નામનું છપાએલું પુસ્તક છે તેના અધ્યાય ૧૯ મા ના શ્લોક ૪૭–૪૮ માં છાપેલું છે. તે ટુંકાણમાં છે ને છપાયેલું છે તેથી વધારે પ્રમાણભૂત ગણાય એમ સમજી એ બે શ્લોક, તેના અર્થ સાથે આ નીચે ઉતાર્યા છે.

॥ इत्थमत्र कृते केशास्तनुतांन: प्रयास्यति ।
विप्राश्च नियमस्थेभ्यो लप्स्यन्ते वृत्तिमुत्तमाम् ॥ ४७ ॥
ततःप्रभृति ते वैश्याः नियमस्था स्तथाव्यधुः ।
तेन ते नियमस्थाख्यां लब्धवन्तो द्विजन्मनि ॥ ४८ ॥

ઉપરના શ્લોકોનો ગુજરાતીમાં અર્થ :—

આ નિયમથી વાણિઆઓને સેવા કરવામાં સુવિધા (સગવડ) રહેશે. બ્રાહ્મણોને પણ કંઈ કલેશ થવાનો નથી. ॥ ૪૭ ॥ આ નિયમને અનુસરતા વાણિઆઓએ બ્રાહ્મણ સાથેનો સંબંધ ચાલુ રાખ્યો ત્યારથી તેઓ નિયમસ્થ વાણિઆ તરિકે પ્રસિદ્ધ થયા. ॥ ૪૮ ॥ (હાલમાં તે નેમાવાણિઆ કહેવાય છે) જુઓ श्रीमद गदाधर महात्म्य નામના છાપેલા પુસ્તકના પૃષ્ટ ૧૬૪.

આ રીતે હરિશ્ચન્દ્ર રાજાના સમયમાં એટલે આજથી લગભગ પાંચ હજાર વર્ષ અગાઉના સમયમાં આ વેપારી કોમનું નામ नियमा वैश्या હતું તે બદલાઈ

વિ. સં. દશમા સૈકાથી શરૂ થતા નવાકાળમાં नियमा वाणिज्य નામ પડયું. એટલે એ કોમને જન્મ સમય દશમા સૈકાથી શરૂ થતા સમયમાં નહીં પરંતુ નામ પલટો થયો છે. એટલે नियमा वैश्याः ને બદલે नियमा वाणिज्य અને હાલના નીમા અથવા નેમા વણિક એવાં નામનો જ ફેરફાર થયો છે. જન્મનો નહીં. આ માટે એક જુદું પ્રકરણ લખવામાં આવ્યું છે.

નીમા વાણિઆનું ઉત્પત્તિ સ્થાન कल्पग्राम અગર रुद्रपुरी ત્યાં હાલ શામળજીનું મંદિર છે તે હતું. હાલ તે જગાએ માત્ર મોટું વિશાળ મહામંદિર છે. એ દેવળ બાંધનાર કારીગરોએ પોતાની સઘળી કારીગરી ખરા જીગરથી ખર્ચી નાંખી છે. દેવળની અંદર અને બહાર દેવીઓની અનેકાનેક મુર્તિઓ કોતરેલી છે. દેવળનું વર્ણન કરવાનું આ સ્થાન નથી. "ગુજરાત સર્વ સંગ્રહ" નામના પુસ્તકમાં આ દેવળ ઈ. સ. ૧૪૫૦ ની આસપાસ બંધાયેલું હોય એમ જણાય છે એવું લખેલું છે. આ પણ અનુમાન છે. આ દેવળ અને તેની આજુબાજુના વિસ્તારની ભુસ્તરશાસ્ત્રની દ્દષ્ટિએ વિચાર કરી જોઈએ તો આ જગાએ જે નગર હશે તે ધરતીકંપનો ભોગ થઈ પડયું હોય એમ લાગે છે. આ જગા વિધર્મી કે લૂટારાના હુમલામો ભોગ થઈ પડી હોય તેમ લાગતું નથી. કારણ કે જે દેવમંદિરો, નદી, તળાવો અત્યારે હયાત છે, તેમની ખુબસુરતી અને કુદરતી સ્થીતિ કાળના ઘસારા સિવાય જેવી ને તેવી કાયમ છે. વળી પડોશમાં હિંદુ રજપૂત રાજ્ય હતું. તેના રાજાઓએ અમદાવાદના સુલતાન સાથે લગભગ બસેં વર્ષ સુધી વખતો વખત લડયાં કર્યું. તેમાં રાજા હારતા, લૂંટતા, વળી લડતા અને સ્વતંત્ર થતા. એમ ચાલ્યા કર્યું છતાં શામળાજીના દેવળને વિધર્મી મુર્તિભંજકોએ કંઈપણ નુકશાન કર્યું જણાતું નથી. તે સમય પહેલાં આ "કલ્પગ્રામ" અસ્ત થઈ ગયું હશે. જેથી ઉજ્જડ પ્રદેશમાં રહેલા મંદિર તરફ એ વિધર્મીઓનું ધ્યાન ગયું નહીં હોય. વળી અમદાવાદથી આ સ્થાન બહુ દૂર અને સીમાડા પર છે. એ પણ બચી જવામાં એક કારણ છે.

:

આ પણ એક અનુમાન છે. તેના સમર્થનમાં એક દલીલ છે કેઃ–ઇ. સ. ૧૯૪૩ ના ફેબ્રુઆરીની પંદરમી તારીખે એટલે વિ. સં. ૧૯૯૦ ના માહ માસમાં સૂર્ય, શની, રાહુ, મંગળ, બુધ, શુક્ર અને ચંદ્ર આકાશમાં એક રાશીમાં એટલે સાયન કુંભરાશિમાં ભેગા થયેલા તે મહાવદ અમાંસ તા. ૧૪ મી ફેબ્રુઆરીના રોજ સાયન કુંભ રાશિ ૨૫ અંશ ઉપર સૂર્યગ્રહણ થયું તે દિવસે આખા દેશમાં ઠંડીનું સખત મોજું ફરી વળ્યું હતું. તે ઉપરાંત સંયુક્ત પ્રાંતની પુર્વમાં અને બિહારની પશ્ચિમે જ્યાં મુજફ્ફરપુર નામનું શહેર છે ત્યાં ધરતી કંપનો આચકો લાગી મુજફ્ફરપુરનો થોડો ભાગ જમીનમાં દટાઇ ગયો ને તે ઉપર

ગંગા નદીનાં પાણી ફરી વળ્યાં. જ્યાં ગંગાનદી વહેતી હતી તે પાત્ર (જગા) ઉંચી આવીને ત્યાં જમીન થઇ ગઇ. કહેવાય છે કે તે તારીખે તે સ્થળે ગંગા નદીનો પટ પાંચ માઇલ પહોળો થઇ ગયો હતો. આ બનાવ વિષે મુજફરપુરની ઇ. સ. ૧૯૩૪ પછી જન્મેલા પ્રજાજનને ઈ. સ. ૨૦૩૪ ની સાલમાં કોઇ પૂછે કે આ શહેરની દશા આવી કેમ છે? તો તે શો ઉત્તર દેશે? તેવો ઉત્તર આ कल्पग्रामના નાશને માટેનો છે.

મંદિરની બાંધણી અને આજુબાજુની જમીનમાંથી નીકળતા પત્થર, ઈંટો વિગેરે જોતાં ત્યાં એક મોટું શહેર હશે એમ નક્કી લાગે છે. વળી તે ગુજરાત અને મેવાડની સરહદ પર આવેલું હોવાથી ત્યાં વેપારવણજ બહુ સારો ચાલતો હતો. તેના અવશેષરૂપે હાલ પણ દર વર્ષે કારતક સુદ ૫ થી કારતક વદ ૫ સુધી બહુ મોટો મેળો ભરાય છે. હાલ પણ રતલામી બળદ, ખેતીની પેદાશ, કંસારાનો માલ, માળવાનું અફીણ, ગુજરાતની તંબાકુ, વળીઆરી વિગેરેની આપલે આ મેળામાં દર વર્ષે પુષ્કળ થાય છે. આ બધા ઉપરથી તે પુરાતન સ્થળ છે એ નક્કી છે. હાલનો વેપાર જોતાં પહેલાંના આ સ્થળે ધમધોકાર વેપાર ચાલતો હશે. અને વેપાર કરનારા સાહસિક વેપારીઓ અને તેમાં મુખ્યત્વે આપણા नियमा वैश्य: જે પાછળથી नियमा वाणिज्य નામ ધારણ કરનારા હાલના નીમા વણિક મહાજન નામધારીના વડવાઓની વસતી પુષ્કળ હશે. તેમની જાહોજલાલીના સમયમાં કોઇ સાહસિક સખાવતી ગૃહસ્થે આ મંદિર બંધાવ્યું હશે એમ અનુમાન કરવામાં ખોટું નથી. આ મંદિરની સ્થાપનાના સમયમાં नियमा वाणिज्य અને તેમના કુળગુરૂ ઔદુમ્બર બ્રાહ્મણોની વસ્તી સારી હશે અને સ્થીતિ પણ સારી હશે. પરંતુ તેમની ઉત્પત્તિ અને નાશનો નિશ્ચિત સમય કહેવાનું તો કંઇ સાધન હજીસુધી તો મળી આવ્યું નથી.

ગુજરાત સર્વસંગ્રહમાં મુંબાઇ ઈલાકામાં વસ્તીની તપસીલ લખતાં ચોરાશી જાતના બ્રાહ્મણોનાં નામ અને સંખ્યા લખી છે, તેમાં "ઉદુમ્બર: બ્રાહ્મણો (૩૪૧) વસ્તી તે શામળાજી તરફથી આવેલ છે ને તે નીમા વાણિઆના ગોર છે." આ લખાણથી પણ નીમા વાણિઆનું સ્થાન શામળાજી હશે એમ સુચિત થાય છે. (ગુજરાત સર્વસંગ્રહ પૃષ્ટ ૪૬ તથા ૫૮). એજ પુસ્તકમાં વાણિઆ જાતની પણ ૮૪ નાતો ગણાવી છે તેમાં ૧૭ જ્ઞાતિઓ તો વસ્તીમાં બહુ ઓછી છે. કપોળ, ખડાયતા, મેવાડા એ કંઠી બંધામાં અને ઓસવાળ, નીમા, શ્રીમાળી એ શ્રાવકમાં વીશા વર્ગની સંખ્યા વધારે છે. અને ઝારોળા, દિશાવાળ. નાગર, નીમા, પોરવાડ, લાડ, શ્રીમાળી, એ કંઠી બંધામાં ને પોરવાડ શ્રાવકમાં દશા વર્ગની સંખ્યા મોટી છે. (ગુજરાત સર્વ સંગ્રહ પૃષ્ટ ૮૧)

વળી પાંચે જીલ્લા તથા કાઠિઆવાડમાં થઇને વધારે વસ્તીવાળી વાણિઆની મોટી પાંચ સાત નાતોની સને ૧૮૭૧ વિ. સં. ૧૯૨૭માં થયેલા વસ્તી પત્રક ઉપરથી વસ્તીના આંકડા આપ્યા છે. તેમાં નીમા કંદીબંધા ૩૦૪૬ ને શ્રાવક ૪૭૨૮ મળી ૫૭૭૪ માણસની વસ્તી જણાવી છે. (ગુ. સ૦ સં. પુસ્તકના પૃષ્ટ ૮૨ની ફુટનોટ) આમાં મુંબાઇ ઇલાકાનાં દેશી રાજ્યો, વાગડ, માળવા, નિમાડ, કોકણમાં કોલાબા, રત્નાગીરી જીલ્લો અને મહારાષ્ટ્રમાં પુના સતારા વિગેરે સ્થળે તે સમયે નીમા વાણિઆ વસ્તા હશે તેમની ગણત્રી આ આંકડામાં નથી. મતલબકે આજથી પોણોસો વર્ષ અગાઉ નીમા વણિકોની વસ્તી સાત હજાર કરતાં વધારેની હશે. આજના હિસાબે તજવીજ કરતાં આ વસ્તી લગભગ વીશહજાર ઉપરાંત થાય છે તે આ પુસ્તકના દશમા પ્રકરણમાં જણાવ્યું છે.

આપણે જૂના ઇતિહાસ ઉપરથી હાલની નાતોનો જન્મસમય વિ. સ. દશમા સૈકા લગભગ થયો ગણીએ છીએ કે જે સમયમાં ગુજરાતમાં મુળરાજ સોલંકીનું રજપૂત રાજ્ય હતું. નાતો દશમા સૈકાથી થઈ એમ માનીએ છતાં સમજમાં તો પોતાનું સ્વતંત્ર નામ ધારણ કરીને વ્યવહારમાં આવતાં લગભગ બે સૈકાંનો કાળ સહજમાં જાય. આગળ ઉપર શ્રીમાન્ આગમોદ્ધારક દેવમુર્તિ આચાર્ય શ્રી સાગરાનંદ સુરીશ્વરજી એઓ પાસેથી પ્રાપ્ત થયેલ "કપડવંજ વિષે નિબંધ" જે હાલમાં જ છપાઈ બહાર પડેલ છે તેથી માલમ પડે છે કે અગીઆરમા અને બારમા સૈકામાં કંપડવંજમાં જૈન સંપ્રદાયની ધાર્મિક પ્રવૃત્તિનો ઘણો સારો વધારો હતો ને તે અનુકરણીય હતો. પરંતુ તેમાં નિર્દેશાયેલા ગોવરધન શ્રેષ્ઠિ અને તેમના વંશજો કઇ નાતના હતા તે જણાવ્યું નથી કારણ કે તે સમયમાં હાલની માફક નાતનો સબળ ઉપયોગ વ્યવહારમાં હતો નહીં. વિ. સં. ૧૨૭૫માં વસ્તુપાલ તેજપાળના આબુ પર્વત ઉપરના પ્રતિષ્ઠા મહોત્સવમાં આપણા નીમા વણિક હતા ને દશા તથા વીશાના ભેદ દાખલ કરવાનું કબુલ કરી આવ્યા હતા. આ સમય પછી લગભગ બસેં વર્ષે ગુજરાતના સ્વતંત્ર મુસલમાન સુલતાન મહમદના રાજ્યમાં રહેતી વસ્તીની નાતોનાં નામ પૈકી વાણિઆની ૮૪ નાતોનાં નામ છે તેમાં નીમા વાણિઆની નાતનું નામ છે. આ સુલતાનનો અમલ ઇ. સ. ૧૪૬૪થી ઇ. સ. ૧૫૧૧ સુધી હતો એટલે વિ. સં. સોળમા સૈકાની આખરનો આ લેખ છે. આ આખો લેખ શ્રીમાળી ( વાણિઆ ) ઓના જ્ઞાતિભેદના પુસ્તકમાં પૃષ્ટ ૨૩૪ માં પૂરેપૂરો છપાયેલો છે. આ ઉપરથી વિક્રમ સંવત્ ૧૨૭૫ થી એટલે તેરમા સૈકાથી સોળમા સૈકા સુધી નીમા વાણિઆની સ્વતંત્ર નાત હતી તે આ ઐતિહાસિક પુરાવાથી સિદ્ધ થાય છે.

નાતના જૂના ઇતિહાસ તેમનો જન્મ અને યૌવનનો સમય અને સ્થાન; તે સમયનાં સ્મૃતિઓ, પુરાણો, આખ્યાયિકાઓ, તે નાતોના વહીવંચાના ચોપડા,

તથા દાનશૂર રાજાઓ, શ્રીમંતો તરફથી આપેલાં દાન સંબંધીનાં તામ્રપત્રો, શીલાલેખો, કપડાં ઉપરનાં લેખો એવાં એવાં સાધનો ઉપરથી કંઇક કંઇક જાણુવા મળે છે. પણ તે અનુક્રમ કડીબંધ પ્રમાણભૂત મળતો નથી. કારણ કે સ્મૃતિઓ પુરાણોનાં લખાણો અતિગૂઢ અને અલંકારિક ભાષામાં હોય છે. જેનું રહસ્ય સમજવા તિવ્ર બુદ્ધિશક્તિ, આસ્થા અને સત્ય જાણુવાની ધગશ જોઇએ. એટલે તેવા વિદ્વાન્ વિજ્ઞાનીઓ પાસેથીજ ખરૂં રહસ્ય જાણુવા મળે. કમભાગ્યે આવા વિદ્વાનોની ઉણપ છે. તેથી જ્ઞાતિનો જૂનો ઇતિહાસ જાણુવાની ઇચ્છાવાળાઓએ મળી શકે તેવાં સાધનો ઉપરથી અનુમાન કરી સંતોષ માનવો પડે છે. સંશોધકને આથી નિરાશ થવાનું કારણ નથી. હાલની નાતોના ઉદ્ભવ સમયે ગુજરાતમાં જૈન સંપ્રદાય સારી ઉન્નતિની ટોચે હતો. તેને કુમારપાળ જેવા રાજાઓનો આશ્રય હતો. 'कलिकालसर्वज्ञ" પરમ પુજ્ય શ્રીમાન્ હેમચંદ્ર સુરીશ્વરજી જેવા મહાન્ વિદ્વાન્ આચાર્ય, તેમના શિષ્યો, તેમના સાધન સંપન્ન અનુયાયી શ્રાવકો વિગેરેએ તે સમયમાં લખેલા શ્રીપાલરાસ, કુમારપાલરાસ, પ્રબોધ ચિંતામણી એવાં એવાં સારાં સારાં પુસ્તકો લખીને ઠામઠામ જ્ઞાન ભંડારો સ્થાપ્યા હતા. તેમાંથી નાતોનો કંઈક પ્રમાણભૂત ઇતિહાસ મળી આવે છે. તે ઉપરાંત વિદ્વાન્ આચાર્યો અને સાધુ સમુદાયના સતત ઉપદેશથી શ્રીતિર્થંકર પ્રભુજીની ધાતુની અને શિલાની પ્રતિમાઓ ઉપર તે ભરાવનારનાં નામ, જાત, કુટુંબ, સમય, ઉપદેશક સાધુના પવિત્ર નામ સહિતના લેખો કોતરેલા હોય છે. તેવા લેખોનો સંગ્રહ સાધુ સમુદાય પોતાના વિહાર સમયે શોધીને એકઠા કરે છે. તેવા લેખોનો સંગ્રહ આચાર્યશ્રી બુદ્ધિસાગર સુરીશ્વરે "જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ"ના બે ભાગ બહાર પાડયા છે. તે સંગ્રહનો વિગતવાર ખ્યાલ શ્રીમાળીઓના જ્ઞાતિભેદ પુસ્તકના પૃષ્ટ ૧૨૯ માં સારી રીતે આપેલો છે. આ લેખ સંગ્રહના બે ભાગ સુરતથી આનંદ પુસ્તકાલયમાંથી મુનિ મહારાજ કંચન વિજયજીએ અત્રે મોકલવાની કૃપા કરી હતી. તે આ બે પુસ્તકોમાંથી નીમા વાણિઆના નામના ચાર અને બંગાળના બાબુજી પુર્ણચંદ્રનાહર એમ. એ., બી. એલ. એમણે એકઠા કરેલા લેખોમાં જૂનામાં જૂનો એટલે સંવત્ ૧૪૯૯ ની સાલમાં નીમા વાણિઆએ બંગાલમાં ( કઠગોલામાં ) શ્રી આદિનાથજીનું મંદિર બંધાવ્યું તેનો લેખ એમ મળી પાંચ અને બીજી ઉપયોગી અને ઇતિહાસમાં અજવાળું પાડે તેવા લેખો તથા પ્રતિમાજી ઉપરના લેખ સંગ્રહમાંથી નીમા વાણિઆના નામવાળા ઉપયોગી લેખો આ પુસ્તિકાના ચૌદમા પ્રકરણમાં લીધાં છે. તે લેખોની નકલ ને તે ઉપરની વિગતવાર સમજણ સાથે આપેલ છે, તે વાંચ્યાથી ખાત્રી થશે. એની પુનરૂક્તિ થાય તેવા ભયથી અત્રે તે લેખ ઉતાર્યાં નથી.

આ ઉપરાંત "શ્રી સિદ્ધાચલનું વર્તમાન વર્ણન" સંગ્રહકર્તા મહેતા અમરચંદ બેહેચરદાસ તરફથી પાલીતાણા વિ. સં. ૧૯૮૧ માં પ્રગટ થયેલું તેના પ્રકરણ ૧૩ માં પૃષ્ટ ૮૯ માં લખ્યું છે કે શ્રી ચંદ્રપ્રભુજીનું દહેરૂ મોદીની ટુંક ઉપર છે તે મહુધાના નીમા શ્રાવકોનું બંધાવેલું છે.

નીમા વાણિઆની નાત એ પ્રથમથીજ એક સ્વતંત્ર નાત તરિકે બીજી વધારે વસ્તીવાળી નાત સાથે હરોળમાં માનભેર શોભી રહી છે. તેનાં અનેક કારણો છે. પરંતુ તેમાંનું મુખ્ય કારણ તો એ છે કે ચાતુર્વર્ણ્યના સમયની આ દ્વિજ વૈશ્યવર્ણની કોમ છે. વૈશ્યવર્ણનો ધર્મ ( ફરજ ) પોતાની ભાઈબંધ બીજી વર્ણને માટે વ્યાપારી બુદ્ધિથી સેવા કરી તેમની સગવડ સાચવવી. એ પરોપકારી સદ્‌ગુણ પંદરસેં વર્ષના ઝઘડામાં અનેક કષ્ટો વેઠીને પણ પોતાની સંસ્કૃતિની અને વંશની વિશુદ્ધિ બ્રાહ્મણોની પેઠે સાચવી રાખી તેથી જેમ બ્રાહ્મણો, બધી વર્ણોમાં જેવી શ્રેષ્ઠતા ભોગવે છે તેવી વૈશ્ય જાતિમાંની વાણિઆની નાતોમાં નીમાકોમ વસ્તીમાં ઓછી હોવા છતાં ( બ્રાહ્મણોની માફક ) અગ્રેસર પદ ભોગવે છે.

કાળક્રમે વૈશ્ય વર્ણના સંસ્કાર ઉપનયન, ( જનોઇ ) ભોજન પ્રબંધ ઈત્યાદિ વૈજ્ઞાનિક ધાર્મિક સંસ્કારમાં આજુબાજુના ઝઘડાવાળા વાતાવરણમાં અને બીજા વૈશ્યોના સહકારનો તદ્દન અભાવ હોવાથી પોતે સમૂળગા અટૂલા થઈ પડીશું એવા ભયથી વાણિઆ જાતિમાં ભળ્યા. તેમાં પણ પોતાની નાત–ગોત્ર–કુળદેવ, દેવી તેના આચાર વિચાર તેમના કુલગોર ઈત્યાદિને સાચવી રહ્યા. ઇષ્ટ ધર્મમાં ભલે જૈન–બૌદ્ધ–સનાતની–વૈષ્ણુવ આદિ ધર્મ સ્વીકાર્યો પરંતુ ગૃહસ્થાશ્રમના કુળાચાર તો પોતાના વૈશ્ય વર્ણના ચાલુ રાખ્યા છે. અને સાથે સાથે પોતાના ઇષ્ટધર્મની ભક્તિભાવના પણ ચાલુ છે. આ પંદરસેં વર્ષના ઝઘડાળુ સમયમાં પોતે નાતનો નામ પલટો કર્યો છે. શરૂઆતના नियमा કાયમ રાખ્યા ને બીજા ભાગના वैश्य અગર वणिक એ શબ્દને બદલે એ સમયની ભાષાનો वाणिज्य શબ્દ સ્વીકાર્યો. એ પ્રમાણે દશમા સૈકા પછી नियमा वैश्यને બદલે नियमा वाणिज्य સ્વીકાર્યું, ને હાલ તે ભાષા બદલાતાં નીમા વાણિઆ પ્રસિદ્ધ રીતે ગણાય છે.

વૈશ્ય વર્ણની જૂની સંસ્કૃતિ સાચવી રાખ્યાથી અને પરિવર્તન શાંત થતાં કેટલાક નિયમાઓને જૈન સંપ્રદાનો લાભ મળવાથી તેમણે વ્યાપારનો સેવામાર્ગ સ્વીકાર્યો. તેના સત્ય અને અહિંસાના સદ્‌ગુણો પોતાના જુના સંસ્કારોના સેવા ભાવમાં ભેળવી દીધાથી આ નાત, બીજી વધારે સાધન સંપન્ન અને વસ્તીવાળી હોવા છતાં પણ, આગળ તરી આવે છે. આ નાત દશા અને વીશા તથા શ્રાવક અને વૈષ્ણુવ એ ચાર ભાગમાં વહેંચાઇ ગઇ છે. છતાં તેમના કુળદેવ પ્રભુના પ્રતાપે એ ચારે

તફા ગ્રહસ્થાશ્રમના ધર્મોમાં એક સરખાજ રહ્યા છે. આ કારણે તેમના માનસિક ગુણો, સાહસિકપણું, સાર્વજનિક ઉદારતા, ગરીબોને અને અન્ય પ્રાણિઓને સહાય કરવાની ધગશ, નિરાભિમાનપણું, ધાર્મિક સહિષ્ણુતા, सत्य અને अहिंसा ઉપર અથાગ શ્રદ્ધા વિગેરે સદ્ગુણોથી નીમા વાણિઆ જયાં જયાં જઈને વસ્યા છે ત્યાં ત્યાં પોતાના વતનીઓની સેવા કરનાર તરિકે વર્તી સન્માનપુર્વક રહ્યા છે. પોતાના રહેવાના સ્થળમાં, તેની આજુબાજુના સ્થાનમાં પણ ત્યાંના વતનીઓ આ નીમા વાણિઆઓને પોતાના હેતસ્વી અને કલ્યાણકારક સમજે છે. ને તેના બદલા તરિકે તે વતનની પ્રજાએ આ નીમા વાણિઆની આગેવાન વ્યક્તિને પોતાના "નગરશેઠ"ની પદવી આપી તેના ઉપર પોતાની પ્રીતિ અને માન સાબીત કરી આપ્યું છે. નીમા વાણિઆની સેવા બુદ્ધિ અને સાર્વજનિક સખાવતોને લેઇને એ જ્ઞાતિને नीमा महाजन એવા વહાલ ભર્યા નામે સંબોધે છે. બીજી વાણિઆની કોઇ એક નાતને महाजन શબ્દથી સંબોધાતી જાણવામાં નથી. એટલું ખરૂં કે ગામની એક કરતાં વધારે વાણિઆની નાતો ભેગી થાય ત્યારે તે महाजन એ નામે સંબોધાય છે ત્યારે નીમા વાણિઆની એકલી જ નાતને તેના વતનના અન્ય જ્ઞાતિજનો "नीमा महाजन" એ નામથી સંબોધતા સાંભળ્યા છે. આજથી વીશ વર્ષ પહેલાં નીમા વાણિઆઓના કુલગુરૂ (ગોર) ઉદુંબર બ્રાહ્મણોનું એક મહાસંમેલન ઇંદોર મુકામે ભરાયું હતું. આ બ્રાહ્મણોની વસ્તી ગુજરાતના ૬, વાગડના ૪, માળવાના ૫, ને જયપુર, ઉદેપુર અને દાતા ભવાનગઢ એમ મળી અઢાર ગામોમાંથી લગભગ બસેં અઢીસેં બ્રાહ્મણો ભેગા થયા હતા. ઇંદોરમાં दशा અને वीशा એમ બન્ને ભેદવાળી નીમા વાણિઆની વસ્તી છે. બન્ને ભેદોવાળા વૈષ્ણવ સંપ્રદાયના છે. આ વાણિઆઓ સાથે પોરવાડ, અગરવાળ વિગેરે વૈષ્ણવ ને હુંબડ, શ્રીમાળી, જેવા શ્રાવક એ બધા વાણિઆઓની સબળ વસ્તી છે. છતાં ઇંદોર નગરની શેઠાઈ વીશા નીમા વાણિઆને ત્યાંજ છે. ગુજરાતના છએ ગામોમાં વાગડનાં ચારે ગામોમાં ને માળવાના ગામોમાં નગર શેઠાઈ નીમા વાણિઆને ત્યાંજ છે. વળી મોડાસા, વીરપુર જેવા ગામોના બ્રાહ્મણોની ચોરાશીની પટેલાઈ (આગેવાની) તે ઉદુમ્બર બ્રાહ્મણોને ઘેર છે. આવી જૂની અને ઓપવંતી નાતની અવગણના કરવી એ મહાપાપ છે, એમ સર્વ કબુલ કરશે.

ભર્તૃહરિ નીતિશતકમાં કહ્યું છે કેઃ—

"अज्ञ सुखमाराध्य, सुखतरमाराध्यते विशेषज्ञ ।
ज्ञानलवर्पिदग्धं, ब्रह्मापिननरं नरञ्जयति ॥

निवमा वाणिज्य ઉર્ફે નીમા વાણિઆના મૂળસ્થાન વિષે બીજો હાલના કરતાં વિશેષ પ્રમાણભૂત પુરાવો ન મળે ત્યાં સુધી હાલનું શામળાજીનું દેવળ અને તેની

આજુબાજુનું "કલ્પગ્રામ" કે "રૂદ્રપુરી" કબુલ કરવું રહ્યું. એ ગામનો કાળે કરીને નાશ થયો. ત્યાંની વસ્તી વેરવિખેર થઈ ગઇ. જેને જ્યાં ફાવ્યું ત્યાં જઈને વસ્યા. આ પદ્ધતિ કુદરતીજ છે. કોઇપણ મૂળ સ્થાન ધરતીકંપના આચકાથી, મહામારી ( કૉલેરા ) જેવા જીવલેણ રોગના જબ્બર સપાટાથી, જળ, અગ્નિ, વાયુ, વિજળી આદિ ભૌતિક શક્તિઓના અતિ ભયંકર તોફાનોથી, પરદેશી અને પરધર્મી રાજાઓના સતત હુમલાથી, પોતાના સ્થાનના રાજાના અમાનુષી વર્તનના જુલમોથી એવાં એવાં અનેક અનિષ્ટ કારણો પૈકી કોઇ કોઈ કારણોના ભોગ બની તેની સામે ટકી રહેવાની અશક્તિએ લાચાર બની મુળ સ્થાનની વસ્તી પોતાના જન્મસ્થાનમાંથી હિજરત કરી અનુકુળ સ્થળે જઇ વસે છે. તે ન્યાયે કલ્પગ્રામની વસ્તી એક કે અનેક કારણોએ સ્થાનભ્રષ્ટ થઈ. મુળ સ્થાનની નજીકમાં તે સમયે મોહનપુર શહેર આબાદી અને સગવડવાળું સ્થાન હતું. તેથી આપણા નીમા વણિકો અને તેમના કુળગુરૂ ઔદુમ્બર બ્રાહ્મણો સાથે મોહનપુરમાં જઇ વસ્યા. ત્યાં ઠરીઠામ પડતાં એક બે સૈકા લાગ્યાં હશે. કેટલાક જથા આજુબાજુના ગામડાંમાં જઇ વસ્યા. નીમા વણિક સાથે કલ્પગ્રામમાં રહેનારા હરસોળા વણિકોએ નજીકમાં વસી હરસોળ વસાવ્યું. આ મોહનપુરનો નાશ બારમા સૈકામાં કે તેની આસપાસ માજુમ નદીના જળપ્રલયના લીધે થયો. તે વાતને આઠસેં વર્ષ થયાં છે. ત્યારે હાલમાં પચીસ વર્ષ ઉપર એ માજુમ નદીના પેટાળમાંથી બે પુરાવા મળી આવ્યા છે. માજૂમ નદીની ભેખડમાંથી એક તામ્રપત્ર જડયું છે. તે અગીઆરસેંની સાલ પછીનો એટલે બારમા સૈકાનો લેખ છે. તેમાં મોહનપુરના રજપૂત રાજાએ કોઇને દાન કર્યાનો એ તામ્રપત્ર છે. તે તામ્રપત્ર સરકારી ખાતાના પુરાતત્વ ખાતામાં મોકલ્યું છે. એવું તે સમયના વર્તમાન પત્રોથી જાણ્યું છે. બીજો પુરાવો એ નદીના ધરામાંથી ત્રણ દેવોની મુર્તિઓ નીકળી છે. તેનું વર્ણન "શામળાજી" નામની પુસ્તિકામાં સાક્ષર શ્રી રમણલાલ સોનીએ કર્યું છે. તેની નકલ પરિશિષ્ઠ નં. ૨ માં ઉતારી છે. મોહનપુરની પડતી સમયે નજીકના વ્યાપારી મથકોમાં કપડવંજ અને ચાંપાનેર એ બે શહેર આપણા નીમા વણિકોને મળ્યાં. મોહનપુરથી ખસતા ખસતા બારમા સૈકાના ઉતરાર્ધ અને તેરમા સૈકાની શરૂઆતમાં કપડવંજ અને ચાંપાનેરમાં નીમા વણિકો આવી વસ્યા. અહીં કપડવંજ તે સમયે રાહના આરે રજપુત ઠાકોરનું ગામ હતું તેના ઉપર રાધનપુરના બાબી નવાબે હુમલો કરી કપડવંજને રંજાડ કરી. તે પહેલાં રાહના આરે કપડવંજ સારૂં સમૃદ્ધિવાન્ અને જૈન સંપ્રદાયી શ્રાવકોમાં ગોવર્ધન શ્રેષ્ઠિ અને તેમનાં વંશજોથી શોભી રહેલું હતું એવું "કપડવંજ નિબંધ" આપણને માહિતિ આપે છે. તે અરસામાં વિ. સં. ૧૧૩૫ માં ૧૪ પુર્વના ટીકાકાર અને મહાન્ આચાર્ય શ્રી અભયદેવ સુરીશ્વર કપડવંજમાં કાળ ધર્મ પામ્યાનો ઇતિહાસ

છે. મહાન્ આચાર્યનું સમાધિસ્થાન રાહના આરાના કપડવંજમાં નહી કરતાં હાલના વસેલા કપડવંજ ભણીના કાંઠે કરેલું હતું. કપડવંજી વીશા નીમા મહાજન જ્ઞાતિએ પોતાના જ્ઞાની આચાર્ય શ્રી અભિદેવ સુરીશ્વરજી ઉપરના ભક્તિભાવથી, તેઓશ્રીના સ્મરણ ચિહ્ન તરિકે ઢાકવાડીમાં પંચના ઉપાશ્રયે તેમનાં પગલાં સ્થાપન કરી દેહરી બનાવી છે. આ રાહના આરાવાળા કપડવંજમાં આફતના ઓળા ઉતર્યા ત્યારે એજ રાધનપુરના નવાબના જનાનખાનાનાં "લાડણી બીબી" નામે બેગમ કોઇ અજ્ઞાત કારણે આ કપડવંજ આવ્યાં અને અહીં સોલંકી સિદ્ધરાજે બંધાવેલાં જળાશયો અને ખુશનુમા હવા અને હરિયાળી જમીન દેખી હાલની જગાએ કપડવંજ વસાવવાની ઇચ્છા કરી. આ બેગમને આપણા નીમા વાણિકોએ નાણાં અને સલાહની મદદ આપી અને તે કપડવંજમાં સ્થીર થઇને રહ્યાં. (જુઓ પરિશિષ્ઠ નં. ૨) આ સમય તેરમા સૈકાની શરૂઆતનો હોય એમ જણાય છે. તે સમયે ગુજરાતમાં વાઘેલા વંશના રજપૂત રાજા અને તેમના જૈન પ્રધાન વસ્તુપાળ તેજપાળ રાજ્ય કરતા હતા. વડા પ્રધાન વસ્તુપાળે પોતાની પાસેની દ્રવ્ય સંપત્તિ આબુ પર્વત ઉપર અલૌકિક દેવાલયો બાંધી ખર્ચી. એ દેવાલયો એટલાં ભવ્ય અને વધારે સંખ્યામાં બંધાવ્યાં કે તે જગાને "દેવાલય વાડી" કહેવાવા લાગ્યું. હાલ આબુપર્વત ઉપર "દેવળવાડા" નામે ગામ છે. આ બધાં દેરાસરમાં પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવા મહોત્સવ કર્યો અને તેમાં ગુજરાતના સઘળા જૈનોને નોતર્યા. ત્યાં સંઘને જમણ અને લાણાં વિગેરેથી સત્કાર્યા. આ સંઘમાં કપડવંજમાંથી અને તે સમયના ચાંપાનેરમાંથી આપણા નીમા વણિકો ગયા હતા. ત્યાં કોઇ અનિચ્છનીય કારણે સઘળી વણિક કોમમાં દશા અને વીશા એવા બે ભેદ પડ્યા. તે બીજી બધી વણિક નાતોની સાથે આપણા નીમા વાણિકોએ પણ એ બે ભેદ સ્વીકારી પોતાને વતન પાછા આવ્યા. હાલના કપડવંજમાં બધા વીશા નીમા વણિકો છે. કોઇપણ દશા નીમાની વસ્તી નથી. એ એનો સબળ પુરાવો છે. ચાંપાનેરના નીમા વાણિઆઓનું પણ તેવુંજ હશે. કારણ કે ચાંપાનેર ભાંગ્યા પછી ત્યાંથી હીજરત કરી ગોધરા, વેજળપુર, કપડવંજ ઇત્યાદિ સ્થળે ભાગી આવેલા નીમા વણિકો ઘણે ભાગે વીશા છે ને તે શ્રાવક છે. આ સમય વિ. સં. ૧૨૭૫ નો છે. એટલે તે વાતને સવા સાતસેં વર્ષ વીતી ગયાં છે. આથી સિદ્ધ થાય છે કે તેરમા સૈકાની શરૂઆતમાં હાલમાં કપડવંજ જે જગાએ છે તે જગાએ વીશાનીમા વણિકો આવી વસ્યા છે. એ આવનારા જથ્થામાં રહીઆ ગાંધીના વડવાઓ અને દેવચંદ માધવજીના વડવાઓ આવ્યાનું ચોક્કસ મનાય છે. ઢાકવાડીમાં જ્યાં દેવચંદ માધવજીના વંશજોનાં હાલમાં મકાનો છે તેની નજીક તે સમયના નીમા વણિકોએ ઉપાશ્રય બંધાવેલો જે હાલમાં તેને પંચનો ઉપાશ્રય કહે છે. એ ઉપાશ્રય આજથી સાતસેં વર્ષ ઉપરનો બંધાવેલો

હોય તેમ તેની ગોઠવણુ જોતાં જણાઈ આવતું હતું. હાલમાં તે ઉપાશ્રયના સ્થાન ઉપર તદ્દન નવો ઉપાશ્રય બંધાવ્યો છે. એટલે જુના મકાનની સાબીતિ આપી શકાતી નથી. વળી તેરમા સૈકાથી સત્તરમા સૈકા સુધીમાં કપડવંજી વીશા નીમા વાણિકોમાં જેમને સાધન અને શ્રદ્ધા મળી તેવાઓએ, વિ. સં. ૧૪૮૮ થી વિ. સં. ૧૭૦૦ સુધીના બસેંબાર વર્ષના ગાળામાં કપડવંજમાં અને બહાર ગામે જૈન પ્રતિમાજીનાં બીંબ ભરાવ્યાં ને દેરાસરો બંધાવ્યાં તેના લેખ પ્રતિમાજી ઉપરના કોતરેલા લેખમાંથી મળી આવે છે. તેનું વર્ણન આ પુસ્તકના ચૌદમા પ્રકરણમાં આપ્યું છે તે જોવાથી ખાત્રી થશે કે તેરમા સૈકા સુધીમાં આવેલા विशा नीमा वणिको વ્યાપારમાં, સામાજીક ક્ષેત્રમાં, રાજકીય પ્રવૃત્તિમાં અને જૈન સંપ્રદાયના ઉત્કર્ષમાં સારી સ્થીતિમાં હતા.

મોહનપુરના પતન પછી ત્રણ સૈકા બાદ ગુજરાતમાં મુસલમાનોની સત્તા જામી અને પ્રથમ વિ. સ. ૧૩૫૩ થી ગુજરાતભરમાં હિંદુઓનો રંજાડ શરૂ થયો. તે સમયે ઈડરમાં રજપુત રાજા હતા તેમને શેહમાં રાખવા મોહનપુરમાં રહ્યાં સહ્યાં ખંડેરો વાળી જગાએ હાલનું મોડાસા સંવત્ ૧૪૪૭ માં વસાવી ત્યાં કીલ્લો બાંધ્યો. તે સમયમાં આપણા નીમા વણિકો જેઓ કપડવંજ ને ચાંપાનેર આવેલા નહીં પણ નજીકના ગામડામાં વાસ કરેલો તેઓએ આ રક્ષણ મળવાથી મોડાસામાં સ્થાપિત થયા. મોડાસાએ બસે વર્ષ જાહોજલાલી પણ ભોગવી. ત્યાં બે ત્રણ સૈક પછી એટલે લગભગ અઢારમી સદીની સરૂઆતમાં નાશ ભાગ થઈ તેમાં આપણા નીમા વાણિકોનો અમુક જથો થાણામેઘરાજ, ડુંગરપુર, મોરી, વાંસવાડા અને માળવામાં ઈંદોર–ઉજ્જન–ખરગોણ વિગેરે સ્થળે રફતે રફતે જઈ સ્થીત થયો. આ તરફ એ સમયે ચાંપાનેરની પણ ભાગતી થઈ ત્યાંના વણિકો ગોધરા–દાહોદ–ઝાલોદ–દેવગઢબારીઆ, વાડાસીનોર–વીરપુર–કપડવંજ, મહુધા ઇત્યાદિ સ્થળોએ હીજરત કરી ગયા. મોડાસા ઉપર છેલ્લામાં છેલ્લો હુમલો દામાજી ગાયકવાડનો ઓગણીસમી સદીમાં હતો. તેમણે ગામ લૂટયું–ને બાળ્યું આથી ત્રાસી નીમા વણિકો દક્ષિણમાં કોકણપટ્ટીમાં મહાડ ને રત્નાગીરી તથા સિહ્યાદ્રિ પર્વતના ઘાટ ઓળંગી પુના સતારા જઈને વસ્યા છે. દક્ષિણના दशा અને विशा એ બન્ને વણિકોના પાંચ સાત પેઢીએ મોડાસાના વણિકો સાથે સગપણ મળી આવે છે. તેઓમાંના કેટલાકનાં ઘરો પણ હતાં. તે હવે ધીમેધીમે વેચાઈ ગયાં છે. આ બધાં વૈષ્ણવ સંપ્રદાયી છે. ને પોતાના કુળદેવ શામળાજીના અનુયાયી છે. કુળદેવી સર્વમંગળા છે. તેમના કુળગુરૂ મોડાસાથી ને ગુજરાતમાંથી ઔદુમ્બર બ્રાહ્મણો જાય છે. તેમની પાસે ગૃહસ્થાશ્રમના કુળધર્મો કરાવે છે ને પોતાના કુળદેવ શામળાજીને શુભ અશુભ અવસરે ભેટ મોકલાવ્યાં કરે છે. આ પ્રમાણે નીમા

વણિક મહાજને મૂળસ્થાન મોહનપુરથી અને ત્યાંથી અગીઆરમા સૈકાની આખરે કપડવંજ ને ચાંપાનેર તથા આજુબાજુના ગામડાંમાં સ્થળાંતર કર્યું. આમ કરતાં એકાદ સૈકું તો ગયું હશે. પછી પંદરમા સૈકામાં મોડાસા સજીવન થયું ત્યારે કપડવંજ અને ચાંપાનેર સિવાયના ત્યાં બધા આજુબાજુના એકઠા થઇ મોડાસામાં વસ્યા. ત્યાં બે ત્રણ સૈકા ઠરીઠામ રહી અઢારમી સદીમાં સ્થળાંતર કર્યું તેમાં કપડવંજમાં ઘણા કુટુંબો આવ્યાં. તેજ સમયમાં ચાંપાનેર પણ ભાગ્યું. ત્યાંથી પણ કપડવંજમાં ભરતી થઈ. આ બધી હીજરત, ઇ. સ. ૧૮૦૨ વિ. સં. ૧૮૫૮ માં સહાયકારી યોજનાનો અમલ થયો ત્યારથી બંધ થઇને દેશ થાળે પડયો. આ સાતસે વર્ષના ઇતિહાસમાં કપડવંજ વીશા નીમા વણિકો શરૂઆતથી તે આજ સુધી રફતે રફતે આવ્યા કર્યા છે. ખેડા જીલ્લામાં કપડવંજ સાથે મહુધામાં વીશા નીમા વણિકની વસ્તી છે. આ બે ગામની વસ્તી બહુ પુરાતની એટલે લગભગ આઠસેં વર્ષ ઉપરની છે. મહુધામાંથી આપત્તિ સમયે કેટલાક કાનમ જીલ્લામાં ને સુરત બંદરે જઈ વસ્યા હતા. સુરતમાં એક સમયે પંદર વીશ ઘર હતાં ને તેમણે સુરત નાનપુરા પોપટ મહેલ્લામાં બંધાવેલું જૈન દેરાસર છે. હાલ સુરત ને ભરૂચમાં વીશા નીમાની વસ્તી નથી. એટલુંજ નહીં પણ કંપડવંજ ને મહુધા તથા કાનમ જીલ્લા સિવાય કાઠીઆવાડમાં, ગુજરાતના મધ્ય ને પશ્ચિમ ભાગમાં કોઈ જગાએ વસ્તી નથી. અખિલ હિંદમાં દશા અને વીશાની વસ્તી કયા કયા ગામમાં અને તેમાં ઘર તથા મનુષ્ય સંખ્યા કેટલી છે, તેની માહીતિ આ પુસ્તકના ૧૦ મા પ્રકરણમાં આવે છે.

આ સિવાય મધ્યપ્રાંતમાં દશા નીમાની વસ્તી છે તેમના ગામની સંખ્યા ૧૧૮, ઘર સંખ્યા ૫૮૧ ને પુરૂષ ૧૩૨૫ અને સ્ત્રી ૧૨૦૬ મળી ૨૫૩૧ માણસની વસ્તી છે. તેઓ દશા નીમા વણિક સાથે વ્યવહાર કરવા રાજી છે. જો કોઇ સેવાભાવી એ તરફ પ્રયત્ન કરે તો જ્ઞાતિનું સંગઠન સારૂં થાય, તેનું બીજું અધિવેશન અમરવાડા જીલ્લે બાલાઘાટમાં ભરાયેલું હતું તેના રિપોર્ટ ઉપરથી આ હકીકત લીધી છે.

ઇ. સ. ૧૮૩૧, સવંત ૧૯૨૭ માં થયેલા વસ્તીપત્રક પ્રમાણે નીમા વણિકોની મુંબઇ ઇલાકામાં કંઠીબંધા ૩૦૪૬ ને શ્રાવક ૨૭૨૮ મળી કુલ્લ ૫૭૭૪ ની વસ્તી નોંધાઇ છે. આમાં દશા અને વીશાના ભેદ જુદા પાડયા નથી. સાંપ્રદાયિક ભેદ જુદા પાડેલા જણાય છે. ત્યાર પછી ચાલીશ વર્ષે એટલે ઇ. સં. ૧૯૧૧ સંવત્ ૧૯૬૭ ના વસ્તી પત્રકમાં કંઠીબંધામાં ૨૦૦૨ પુરૂષો અને ૨૧૮૧ સ્ત્રીઓ મળી ૪૧૮૩ નીમા વાણિઆની સ્તી નોંધાઇ છે. શ્રા ક પુરૂષ ૪૭૬ અને સ્ત્રી ૫૧૫ મળી ૯૯૧ ની વસ્તી

નોંધાઇ છે. એકંદર બન્ને સંપ્રદાયની મળી ૫૧૭૪ની વસ્તી થાય છે. જે ચાલીશ વર્ષે ૬૦૦ માણસની વસ્તીનો ઘટાડો જણાય છે. આ ચાલીશ વર્ષના ગાળામાં બીજી નાતોની વસ્તી વધતી ગઇ છે. કંઠીબંધા નીમા વાણિકોમાં સેંકડે ૩૪ ટકા વસ્તી વધી ત્યારે શ્રાવક નીમા વાણિઆઓમાં ૬૦ ટકા ઘટી છે. આ ઘટાડાનાં ત્રણ કારણો હોવાં જોઇએ (૧) કેટલાકોએ મુંબઇ ઇલાકા બહાર સ્થળાંતર કર્યું હોય (૨) કેટલાકોએ ધર્માંતર કર્યું હોય (૩) ખેડા જીલ્લાના શ્રાવક નીમા વણિકોએ પોતાની નાતનું નામ લખાવવામાં બેપરવાઈ વાપરી પોતાના ધર્મનું નામ એટલે જૈન એમ લખાવ્યું હોય તો સમસ્ત જૈનમાં તેમની ગણત્રી વધે ને શ્રાવક નીમા વણિકોમાં તેમની ગણત્રી ઘટે, આમ બનવા યોગ્ય છે. હાલ ગણતાં શ્રાવક નીમા વાણિઆની વસ્તી કપડવંજ, ગોધરા, મહુધા, વેજલપુર લુણાવાડા વિગેરે મળી લગભગ ૩૭૦૦ ની થાય છે.

આ વસ્તીના આંકડા પૈકી ઇ. સ. ૧૮૭૧ ના આંકડા ગુજરાત સર્વ સંગ્રહ પુસ્તકના ૮૨ પૃષ્ટની ફૂટનોટ ઉપરથી લીધા છે. ને સને ૧૯૧૧ ની સાલના આંકડા "શ્રીમાળી વાણિઆઓના જ્ઞાતિભેદ" પુસ્તકના પરિશિષ્ઠમાં પૃષ્ઠ ૨૭૭–૨૭૮–૨૭૯ એમાંથી લીધા છે. મુંબઇ ઇલાકામાં નીમા વણિક શ્રાવકની વસ્તી ખેડા અને પંચમહાલ તથા રેવાકાંઠામાં છે. તેમાં પંચમહાલમાં શ્રાવક નીમા વાણિકોની વસ્તી પૃષ્ટ ૨૭૯માં ૭૭૧ નોંધાઈ છે. તે સમસ્ત મુંબાઇ ઇલાકાની શ્રાવક નીમા વાણિકોની વસ્તી ૯૯૧ માંથી બાદ કરીએ તો માત્ર ૨૨૦ માણસો મહુધા–કપડવંજ અને લુણાવાડામાં થઇને રહે તે બીલકુલ માનવા જેવું નથી. વસ્તીપત્રકના આંકડા ઉપર અવિશ્વાસ રાખવાનું કંઇ કારણ નથી. તેમ આ ચાલીશ વર્ષના ગાળામાં જૈનોમાંથી ધર્માન્તર કર્યું હોય તે પણ જાણ્યું નથી. તો મક્કમ ઘટાડો માત્ર નાતનું નામ લખાવવામાં બેપરવાઈ વપરાઈ હોઇ તેને આભારી છે.

પોતાની નાતની તરફ આવી બેપરવાઇ બતાવવાના બનાવ તરફ નાતના આગેવાનો અને શુભેચ્છકોનું ધ્યાન ખેંચવાની જરૂર જણાયાથી આ નગ્ન સત્ય અને આંકડાની હકીકત એકઠી કરવાની મહેનત લીધી છે. ભવિષ્યના વસ્તીપત્રક વખતે નાતનાં ખરેખરાં નામ નોંધાય અને એથી નાતનું ઉજ્જવળ ભવિષ્ય જાણી જ્ઞાતિબંધુને પ્રોત્સાહન મળે એવું પુન્ય કાર્ય કરવાની સમજુ આગેવાનો અને વડિલો સમજશે તો લેખક પોતાને કૃતાર્થ થયેલ માની સંતોષ અનુભવશે.

इतिश्री शुभंभवतु.

# प्रकरण ६ ठुं

## શામળાજી.

### નિયમા વાણિજ્ય ઉર્ફે નીમા વણિક મહાજનનું મુળસ્થાન.

**ટીપ** :—આ જુના મૂળસ્થાનની હકીકત સમસ્ત નીમા વણિક મહાજનને લાગુ પડે છે એટલી આ પ્રકરણની વિશિષ્ટતા છે.

અત્યાર સુધીની માહીતિ મુજબ સઘળા નિયમા વાણિજ્ય ઉર્ફે નીમા વણિક મહાજન પછી તે વીશા હો કે દશા, વૈષ્ણવ હો કે શ્રાવક હો કે સનાતની હો તે બધાનું જન્મસ્થાન હાલનું શામળાજી છે. તે સ્થળમાં સ્થાપિત થયેલા શ્રીમદ્ દેવગદાધરરાય ઉર્ફે શામળાજી પ્રભુની સાનિધ્યમાં આ વણિકો અને ઔદુમ્બર બ્રાહ્મણોનો પરસ્પર સંબંધ માટે, નિયમન કરનાર સૂર્યવંશી સત્યવાદી પુણ્યશ્લોક હરિશ્ચન્દ્ર રાજા હતા. તેમણે આ શામળાજી નામના સ્થળે નિયમન કર્યું હતું તેથી સમસ્ત નિયમા વાણિજ્યનું મૂળ જન્મસ્થાન શામળાજી છે. પુણ્યશ્લોક એટલે જેમનું નામ સ્મરણ કરવાથી પુન્ય થાય અને તેમના સદ્ગુણોનો અંતરમાં વાસ થાય. શ્રી રામચંદ્રજી, શ્રી કૃષ્ણજી, શ્રી ઋષભદેવજી, શ્રી મહાવીર સ્વામિ વિગેરે અરિહંત ભગવાન્, શ્રી ગોસ્વામિ, શ્રી વિઠ્ઠલનાથજી, આદિ અવતારી પુરૂષો પુણ્યશ્લોક કહેવાય છે. તે કોટિના આ સત્યવાદી હરિશ્ચંદ્ર રાજા હતા. તેઓશ્રીએ આ નિયમન કરી આપ્યું એથી એ વણિકોનું નામ નિયમા વૈશ્યા અને પાછળથી નિયમા વાણિજ્ય પડયું. આ નામ ઘણા સૈકાથી ચાલતું આવતું હોવાથી જ્ઞાતિઓના જન્મ સમયે નિયમા વૈશ્યને બદલે નાતનું નામ નિયમા વાણિજ્ય ઉર્ફે નીમા વણિક મહાજન સ્વીકાર્યું. આ વસ્તુસ્થીતિ, હરિશ્ચંદ્ર આખ્યાનની હસ્તલીખીત પ્રતોમાં તથા શ્રીમદ્ ગદાધર મહાત્મ્યની છાપેલી પ્રત તથા બીજાં ઐતિહાસિક પુસ્તકો તથા મંદિરના શિલાલેખો ઇત્યાદિ વિશ્વાસપાત્ર પુરાવાથી માનવા લાયક બની છે. વધુ પુરાવા તરિકે ઓમ્બે ગેઝેટીઅર યાને "ગુજરાત સર્વ સંગ્રહ" નામનું પુસ્તક સને ૧૮૮૭ માં મુંબઈ સરકારે છપાવી પ્રસિદ્ધ કરેલ છે તેના પૃષ્ટ ૫૮ માં છપાયેલું છે કે (૧) "ઉદંબર બ્રાહ્મણો શામળાજી તરફના ને નીમા વાણિઆના ગોર છે." (૨) વળી એ પુસ્તકના ૮૩ મા પૃષ્ટની ફુટનોટમાં વધારે વસ્તી વાણિઆની આગેવાન પાંચ છ નાતો જેવી કે શ્રીમાળી, ઓસવાળ, પોરવાડ, ખડાયતા તેમની સાથે નીમા વાણિઆની વસ્તીની સંખ્યા ૩૦૪૬ કંઠીબંધા અને

૨૭૨૮ શ્રાવક મળી ૫૭૭૪ ની સંખ્યા ગુજરાતના બ્રીટિશ જીલ્લા ( તે વખતના ) માંજ છે. આ સંખ્યા ઇ. સ. ૧૮૭૧ ના વસ્તીપત્રકમાંથી લીધી છે. ( ૩ ) વિ. સં. ૨૦૦૨ માં मध्य भारत दशा नेमा સંમેલનની પ્રવાસ કમિટિનો રિપોર્ટ એ સંસ્થાની સ્થાયી કમીટિના તંત્રીશ્રીએ બહાર પાડયો છે તેમાં સમગ્ર નીમા વાણિઆનું ઉદ્‌ભવન સ્થાન श्री देवगदाधरराय પ્રભુ જ્યાં હાલ બિરાજે છે, તે ગામ શામળાજી નામે ઓળખાય છે, તે છે. એટલે મૂળસ્થાન શામળાજી છે. આ સિવાય બીજા અસંખ્ય પુરાવાઓ ઉપરથી નીમા વણિક મહાજનનું મૂળસ્થાન, હાલ જ્યાં श्री देवगदाधरराय પ્રભુ ઉર્ફે શામળાજી પ્રભુનું મંદિર છે, તે સ્થાન છે. ઉપર પ્રમાણે જુનું મૂળસ્થાન નક્કી થયું. તેમના સ્થાપક પણ નક્કી જાણ્યા. જ્ઞાતિનું નામ પાડવાનું કારણ પણ જાણ્યું, છતાં એ બનાવનો નક્કી સમય જાણવા મળ્યો નથી. તે જાણવાનું ચોક્કસ સાધન માત્ર ( ૧ ) હરિશ્ચંદ્ર આખ્યાનની હસ્તલિખિત પ્રતો અને ( ૨ ) શામળાજીના મંદિરમાં કે તેની આસપાસની જગામાંથી મળી આવતા લેખો.

હરિશ્ચન્દ્ર આખ્યાનની હસ્ત લીખીત પ્રતના ૨૧ મા અધ્યાયમાં સૂર્યવંશી સત્યવાદી હરિશ્ચન્દ્ર રાજાએ રાજસૂય યજ્ઞ કર્યો તે પ્રસંગે વરૂણીમાં વરાયેલા સોળ આગેવાન બ્રાહ્મણોની મારફત મહા સુદ ૧૨ ગુરૂવાર, પુષ્યનક્ષત્ર, કર્ક રાશીમાં ચંદ્ર હતો તે દિવસે યજ્ઞની શરૂઆત કરી યજ્ઞ પુરો કર્યો. આવી રીતે માસ, તીથિ વાર, નક્ષત્ર વિગેરે આપ્યાં પરંતુ સંવત્સરનો આંક આપ્યો નથી. તે સમયે યજ્ઞમાં સાધન સામગ્રી બહાર ગામથી લાવીને પુરી પાડનાર વૈશ્યોમાંના વ્યવહારીઆ એટલે વેપારી વર્ગના આગેવાનોના વેપાર ઉપરથી તેમના ૩૨ જથા બાંધી તે બધા વૈશ્યા વણિકોને વંશપરાગત આ સોળ આગેવાન બ્રાહ્મણોને યજ્ઞ દક્ષિણા તરિકે આપ્યા. અને નિયમન કરી આપ્યું કે ગૃહસ્થાશ્રમી વણિકોએ પોતાના કુળદેવ, કુલદેવી અને કુળાચારનું યજન, પુજન, સ્મરણ, સેવા વિગેરે ધાર્મિક વીધિઓ આ સોળ આગેવાન બ્રાહ્મણો કે જે ઔદુમ્બર ઋષિના શિષ્યો હતા અને પોતાના ગુરૂના નામ ઉપરથી ઔદુમ્બર બ્રાહ્મણો કહેવાયા, તેમને પોતાના કુળગુરૂ માની તેમની મારફત એ ધાર્મિક વીધિ કરાવવી જોઈએ. અને તેના બદલમાં એ સર્વે વણિકોએ, એ પોતાના કુળગુરૂ બ્રાહ્મણોનું વંશપરંપરાગત પોષણ કરવું જોઈએ. આ હકીકત પણ એજ હસ્ત લીખીત પ્રતના ત્રેવીસમા અને ચોવીસમા અધ્યાયમાં જણાવેલ છે. આ પ્રમાણેનો વહીવટ કેટલેક અંશે અત્યાર સુધી ચાલે છે. અને કેટલીક બાબતો ભૂલી જવાવા માંડી છે. नियमा वाणिज्यમાં જેટલા વૈષ્ણવો અને સનાતનીઓ છે તેઓ તો અત્યાર સુધી પોતાના ઇષ્ટદેવનાં યજન, પુજન, સ્મરણ, સેવા, ભેટ વિગેરે સાથે પોતાના કુળદેવ શામળાજી ને કુળદેવી સર્વમંગળા અને કુળગુરૂ

(ગોર) એમને શુભ અગર અશુભ પ્રસંગોએ યથા વીધિ ને યથાશક્તિ યજન, પુજન, સ્મરણુ, સેવા, ભેટ વિગેરે ધરે છે. પોતાના મૂળસ્થાન શામળાજીથી સેંકડો અને હજારો મૈલ દૂર ગયા છે અને ત્યાં ગયાને પણ ઘણાં સૈકાં વહી ગયાં છે છતાં હજુ પણ પોતના કુળદેવ શામળાજીને ભેટ મોકલ્યાં કરે છે. યાત્ર ઉત્સવો કર્યાં કરે છે. પોતાની સાથે પોતાના કુળગુરૂઓને પોતાના સ્થાનમાં વસાવ્યા છે. તેમની મારફત શુભ અને અશુભ પ્રસંગોએ ગૃહસ્થાશ્રમના અંગની ધાર્મિક વીધિઓ કરાવે છે. અને તેથી પોતાના કુળદેવ અને કુળદેવી (ગોત્રદેવી)નાં યજન, પુજન, સ્મરણુ, અને સેવા, ભેટ ઈત્યાદિ કરી તેઓનો આશિર્વાદ મેળવી પોતાના મનને સંતોષ અનુભવે છે. માત્ર ગુજરાતમાં જ્યાં નીમા વાણિઆ જૈન સંપ્રદાયી છે તેમાંના કેટલાકમાં આ આચાર વીધિ કરવામાં શીથિલતા આવી છે. શુભ, અશુભ અવસરે શામળાજીને યાદ કરતા નથી કે ત્યાં ભેટ પણ મોકલતા નથી. જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ આ પોતાના કુળદેવ, દેવીઓને વિસારે પાડતા જાય છે. આ અન્યાય માત્ર ગુજરાતના જૈન નીમા વાણિઆઓમાં જ છે. આ બાબતમાં તેમના કુળગુરૂઓ પણ કેટલાક અંશે દોષિત છે. તે કુલ ગુરૂઓ પોતાને ત્યાં શુભ અને અશુભ અવસરે પોતાના કુળદેવ શામળાજીને ભેટ મોકલવા ચૂકતા નથી. આ બાબત પોતાના યજમાનની ધ્યાન ઉપર લાવવાની તેમની પણ ફરજ છે. આ ફરજને અંગેજ શ્રાવક નીમા વાણિઆઓને નમ્ર સુચના યાને દરખાસ્ત કરવી પડે છે કે તેઓએ શુભ પ્રસંગોએ લહાણી વિગેરેથી અને અશુભ પ્રસંગોમાં દાન વિગેરેની વહેંચણીમાં પોતાના કુળદેવને ભેટ સેવા કરવી જોઇએ. એ દરેક નીમા વણિક મહાજનની નૈતિક ફરજ છે. આ બાબતમાં વધારે લખવું કે ચર્ચા કરવી એ આવી ઓપવંતી અને પરોપકાર વૃત્તિવાળી જ્ઞાતિ આગળ ઘટે નહીં એટલું લખી આ બાબત્ત સમેટી લઉં છું. આશા છે કે સુજ્ઞ યજમાનો આ દરખાસ્તનો યોગ્ય જવાબ વાળશે.

હરિશ્ચંદ્ર આખ્યાનની હસ્તલીખીત પ્રતમાંથી નિયમા વૈશ્યના જન્મકાળના સંવત્સરનો પત્તો મળ્યો નહીં. પૌરાણિકો અને શાસ્ત્રીઓને પૂછતાં હરિશ્ચંદ્ર રાજાનો સમય, કલીયુગની તદ્દન શરૂઆત અને દ્વાપરયુગના અંત સમયની લગભગ નજીક હોવો જોઇએ એમ કહે છે. વિક્રમ સંવત પહેલાં યુધિષ્ઠિર શક ચાલતો હતો તે ૩૦૩૫ વર્ષ ચાલી બંધ પડયો. તે પછી વિક્રમ સંવત્ શરૂ થયો. યુધિષ્ઠિર શકની શરૂઆત તે લગભગ કલીયુગની શરૂઆત. એટલે ૩૦૩૫ માં વિ. સં. ૨૦૦૫ ઉમેરીએ તો ૫૦૪૦ વર્ષ કલીયુગનાં થયાં. આ સંખ્યા દર વર્ષે બેસતા વર્ષને દિવસે સારપત્રિકામાં વંચાય છે. એટલે આ ૫૦૪૦ વર્ષના કોઇક સમયમાં હરિશ્ચંદ્ર રાજા થયા છે એમ જણાય છે. પણ તે ક્યારે થયા તે શોધી

કાઢવું એ ઘાસની ગંજીમાં દોરો પરોવ્યા વિનાની એક સોય પડી ગઇ હોય તે શોધી કાઢવા જેટલી મુશ્કેલ છે. પરંતુ પંચતંત્રના વિદ્વાન કર્તાએ એક જગાએ લખ્યું કે "बुद्धिमत्स असाध्यम् नास्ति" અક્કલવાળાને કંઈ અસાધ્ય નથી. હવે સમય જાણવા માટે બીજાં સાધન શામળાજી પ્રભુનું મંદિર છે. એ મંદિર ક્યારે બંધાયું? કોણે બંધાવ્યું? તેનો કોઇ આધાર કાગળ ઉપર નથી. કદાચ હશે તો તે નાશ થયેલ હશે. શ્રી માળવા નેમા હિતવર્ધક મંડળ તરફથી યોજાયેલી સ્થાયી કમીટિએ અખિલ હિંદના દશા વીમા વાણિઆને એકત્ર કરવા અને તેમને મળવા શ્રી મધ્યભારત દશા નીમા સંમેલન ઇંદોર કે ઉજ્જનમાં ભરવા યોજના ઘડી. તે સંમેલનમાં આવવાનું આમંત્રણ રૂબરૂ ગામેગામ જઇને આપવા એક સેવાભાવી ગૃહસ્થોની પ્રવાસ કમીટિ નીમી. તે કમીટિએ દશા નીમાની વસતીવાળા ગામોની મુલાકાતે જવા સં. ૨૦૦૨ ના ચૈત્ર સુદ ૧ થી શરૂઆત કરી ઉપડયા. પ્રથમ માળવા, પછી વાગડ, પછી ગુજરાત એમ એક પછી એક દશા નીમાની વસ્તીવાળાં ગામોએ જઇ ત્યાં સભાઓ ભરી સંમેલનનો હેતુ સમજાવી તેમાં ભાગ લેવા આવનાર પ્રતિનીધિઓ નક્કી કરાવી ફરતા ફરતા મોડાસા આવ્યા. ત્યાંથી પોતાના કુળદેવ શામળાજીની યાત્રાએ ગયા. ત્યાં યાત્રા, ભજન, પુજન, સેવા, ભેટ ઈત્યાદિ કરી મંદિરની કારીગીરી તથા સ્થાપત્ય કળાની ગોઠવણ જોતાં જોતાં અને તપાસતાં મંદિરના શિલાલેખો વાંચવા પ્રયત્ન કર્યો. તેની હકીકતમાં હિંદી ભાષામાં લખે છે કે:—

हम मंदिर के उपर नीचे कई जगह शिकालेखोको ढूंढते रहे, कई जगह स्वंभोकी सफीलो पर व महेराबो पर शिलालेख पाये गये। भाषा संस्कृत व लिपि हिन्दी जैसोथी. किन्तु लेख हमारी समझमे आना कठिनथा।

धूमते धूमते हम लोग मंदिर की तीसरी मंजिल पर पहुंचे. वहां एक जगह महेराब पर एक लेख पाया गया. जोस पर संमत् १५७ भादरवा सुदि २ लिखा हुआ अम पढ शके. इसके आगे अमारी समझमां न आया.। यह संमत् मंदिर के बनानेकाहे या जीर्णोद्धारक है हम नहीं कह सकते हैं। दुसरि जगह संमत् ५०७ मे जीर्णोद्धाराका कराया गया यह स्पष्ट लीखा हुआथा निचे जीर्णोद्धार करानें वाले के नाम इत्यादि सबकुछ लीखे हुएथे. दो तीन जगह १६७५ के संवत् लीख है ओर उसके नीचे संस्कृत भाषा मे वडेबडे लेख है किन्तु उसमे कया लिखाहै हमकुछ नही कह शकते. कयाँके पिछेसे मंदिर के भितर के भागको सफेदेसे रंगदिया गयाहै इसलिए कोई शिलालेख बरावर नहीं पढाजा शकता। हमुने इसमंदिर बनने विषयमें बहुत ज्याँच पडताल की, किन्तु यह मंदिर कब बना व किसने बनाया इसका कुछभी पता न चला ... ... ... ... फीर भी इतना जरूर कह शकते हैं की, यह मंदिर अति प्राचीन छे.

ઉપરનો લેખ હીન્દી ભાષામાં છે. પણ એટલી સરળ ભાષામાં લખાયેલો છે કે તેનો ગુજરાતીમાં અનુવાદ કરવાની જરૂર નથી. કારણ કે હાલના જમાનામાં

હિંદુસ્તાની ભાષા એ હવે રાષ્ટ્ર ભાષા થવા માંડી છે. તેથી આ લેખ દરેક જણ સમજી શકે તેમ છે. આ લેખ તા. ૧૪-૪-૪૫ નો લખેલો છે જેને માત્ર ચાર વર્ષજ થયાં છે.

(૨) આ મંદિરની મુલાકાત લેખકે તા. ૨૧-૧૧-૪૮ એ લીધી હતી. તેની તપાસમાં ઉપરના લેખની સત્યતા જણાઇ હતી. તે વખતે આ ઉપરના લેખની માહીતિ પણ નહોતી. છતાં તપાસતાં લખેલી હકીકત તદ્દન સત્ય છે. તે ઉપરાંત મંદિરના પ્રવેશદ્વારમાં પેસતાં ડાબી બાજુએ એક આસમાની રંગના પત્થર ઉપર શિલાલેખ છે. તે સંવત ૧૮૧૮ ની સાલનો લેખ છે. ને તેમાં સંવત્ ૧૭૧૨ માં સ્વસ્થાન જોધપુરના ભાયાતનું નામ છે. તેમણે જીર્ણોદ્ધાર કરાવ્યો છે. તેમનાં સગાંનાં અને વારસોનાં નામ છે. આ પ્રમાણે જેમણે જેમણે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે તેમણે તેમણે થાંભલા ભીંતો કે મહેરાબ ઉપર લેખ કોતરાવ્યા લાગે છે. આ અંદરના થાંભલાના લેખો તો સાધારણ ભણેલાને અણઉકેલજ છે. સારા ભાષાશાસ્ત્રી અને પુરાતત્વવિદ્ વિદ્વાન એ લેખોની મુલાકાત લેઇ કંઇ અજવાળું પાડે તો આ કરતાં કંઈક જાણવાનું વધારે મળે. પરંતુ મંદિરની સ્થાપનાનું વર્ષ તો અનુમાનથી અને સૈકાની ગણત્રીએ ગણાય એવું સમજાય છે.

(૩) મંદિરની અંદરની અને બહારની સ્થાપત્યકલાની ઝીણવટ ભરી તપાસ કરી તટસ્થ વૃત્તિથી સાક્ષર શ્રી રમણલાલ સોનીએ સારૂં વર્ણન કર્યું છે. એ સ્થાપત્ય ઉપરથી મંદિરની સ્થાપનાનો સમય કંઇક શોધી અને અટકળી શકાય તેમ લાગે છે. જે નીચેની હકીકતથી જણાશે.

(૪) "મારો ભારત દેશ" નામનું પુસ્તક સસ્તુ સાહિત્ય કાર્યાલય તરફથી સને ૧૯૪૫માં બહાર પડયું છે તે પુસ્તક શ્રી કાન્તીલાલ પરીખે લખ્યું છે. તેમાં "ઈલોરાનું સૌંદર્ય" વિષેનો લેખ છે. તે ઈલોરાની ગુફાઓમાં સોળમી ગુફાના ચૈત્યનું જે વર્ણન છે તે વર્ણન આપણા મંદિરની બહારની દિવાલો અને અંદરના ભાગોને મળતું આવે છે. તેના લેખક શ્રી કાન્તીલાલે ગુફાઓ વિ. સં. ના છઠ્ઠા સૈકામાં તૈયાર કરેલી માનેલી છે. તે સમયમાં હિંદમાં બ્રાહ્મણધર્મ, બૌદ્ધધર્મ અને જૈનધર્મ એ ત્રણેની હરિફાઇ બહુ તિવ્ર સ્વરૂપે ચાલતી હતી. એ હરિફાઈથી તે સમયની પ્રજાને એ લાભ થયો કે ભાષા, કળા, હુન્નર, સ્થાપત્ય, સંશોધન, ઇત્યાદિ વિષયોમાં પણ હરિફાઇ ચાલતી થઇ હતી. દેશ સ્વતંત્ર હતો. ગુપ્ત વંશનો સુવર્ણ યુગ હતો. હર્ષ વર્ધન રાજા અને કાદંબરીના કર્ત્તા બાણકવિ પોતે અને તેમના દીકરા, જેવા સંસ્કૃત ભાષાના પારંગત વિદ્વાનો હતા. તક્ષશિલા, નલન્દન ને કાશી વિદ્યાપીઠ જેવી મહા પાઠશાળાઓ સૈકાંઓથી ચાલતી હતી. અને તેના કુશળ કુલપતિઓ (આચાર્યો) વિદ્વાન અને પ્રભાવશાળી બ્રાહ્મણો હતા, વળી

રૂદ્ર મહાલય જેવાં મંદિરોનાં મુહુર્ત શોધી કાઢનાર કચ્છ પ્રાંતના ઉદ્ભટ જોશીઓ અને રૂદ્રાદિત્ય જેવા સ્થાપત્યના નિષ્ણાતો કે જેમણે રૂદ્રમહાલય બાંધ્યો હતો તેવા કારીગરો હતા. તેવા સમયમાં એટલે વિક્રમ સંવત પુર્વે ત્રણ સૈકાથી વિ. સં. સાતમા સૈકા સુધીના એક હજાર વર્ષના સમયમાં ભરતખંડ આખી દુનિઆમાં સુખ અને સમૃદ્ધિમાં અજોડ હતો. તેની સમૃદ્ધિથી લોભાઇ મહાન્ સિકંદર જેવા પરદેશીઓ ચઢી આવ્યા. પરંતુ સંસ્કારી પ્રજાના સંગઠ્ઠનના બળે, વિષ્ણુગુપ્ત (ચાણાક્ય) જેવા મુત્સદ્દી બ્રાહ્મણોએ અને પૌરસ જેવા નીડર ક્ષત્રીઓએ તેને હંફાવ્યો એટલુંજ નહીં પણ એવી છાપ પાડી કે તે પછીના એક હજાર વર્ષ સુધીમાં કોઈ રાજ્ય કરવા ચઢી આવ્યું નહીં. છતાં બાકટ્રીઅન, સીથીઅન, શક, વિગેરે પ્રજાનાં ટોળાં અહીં આવવા લાગ્યાં, તે નમ્રભાવે ઉપરીપણાને દાવે નહીં. અહીંની ઉદાર પ્રજાએ તેમને પોતાનામાં ભેળવી દીધા. પરંતુ ચકોર અને ડાહ્યા ધર્મ ધુરંધરોએ પોતપોતાના ધર્મની સંસ્કૃતિ સદોદિત કાયમ રહે તે માટે શંકાની નજરે વિચાર્યું અને તેની રક્ષા માટે ભૂગર્ભનો આશરો શોધ્યો. તે વખતના ઇજિનેરો, કળાકારો, મુર્તિસર્જકો સૌંદર્ય શોખીનો એમની મદદ લેઇ તેમની વિદ્યાની યોગ્ય કદર કરી પોતાનું રક્ષણ કરી લીધું.

ઇલોરાની ગુફાઓ બની તે સમયે દેશમાં ચાલતા મુખ્ય ત્રણ સંપ્રદાયો વચ્ચે સખત હરિફાઈ ચાલતી હતી, વાગ્યુધો થતાં હતાં પરંતુ તે બધાં અહિંસક હતાં, એ સત્ય વસ્તુ આ ગુફાઓ સાબીત કરી આપે છે. હરિફાઇ એટલે દુશ્મનાવટ નહીં. કોઇનું અન્યાયથી બુરૂં ઇચ્છવાનું કે કરવાનું નહિં. મતભેદમાં પ્રીતિભેદ નહોતો. સામા પક્ષને ન્યાયની દૃષ્ટિએ સમજાવી તેને હરાવી પોતાનો મિત્ર બનાવવો એ નીતિ હતી. શ્રીમાન આદ્ય શંકરાચાર્યે કર્મયોગી મંડનમિશ્રી સાથે વાદ વિવાદ કરી જ્ઞાનયોગી બનાવી પોતાના શિષ્ય સમુહમાં સર્વોપરિ બનાવી દ્વારકાંના શંકરાચાર્ય બનાવ્યા. આવી એ સુવર્ણયુગના એક હજાર વર્ષની નીતિ હતી. એ નીતિ અનુસાર પોતાના અને પોતાના હરિફોના ધર્મ અને સંસ્કૃતિના સંરક્ષણ અર્થે રક્ષણ શોધવામાં ત્રણે સંપ્રદાયોની ૩૪ ગુફાઓ એક જ સ્થળે કોતરાવી. એ દૃષ્ટિ, સામા મતભેદવાળા ઉપર ઉદારતા ને સહિષ્ણુતા સિદ્ધ કરી આપે છે. આ ઉદારતા સબળપક્ષની છે એમ માનવાની કોઇ ભૂલ ન કરે. કારણ કે તે વખતે કોઇ પણ એક સંપ્રદાયનું સામ્રાજ્ય નહોતું. સઘળા ધર્મો ધરકદર ચાલતા હતા. એટલે આ ઉદારતા અને સહિષ્ણુતા એ ત્રણે સંપ્રદાયોના ધુરંધરોની છે.

આ ઇલોરાની ગુફાઓ દોલતાબાદથી નવ મૈલ દૂર વસેલી છે. તેમાં એકંદર ૩૪ ગુફાઓ છે. તેમાં ૧૨ ગુફાઓ બૌધ ધર્મની, ૧૭ બ્રાહ્મણ ધર્મની અને

પાંચ જૈન સંપ્રદાયની છે. બૌદ્ધની ૧૨ ગુફાઓના બે પ્રકાર છે. (૧) વિહાર ઉર્ફે ઉપાશ્રય (૨) ચૈત્ય. આ બધાનું વર્ણન ઉપર જણાવેલ પુસ્તકમાંથી વાંચવું.

બૌદ્ધની ૧૨ ગુફાઓથી થોડે દૂર બ્રાહ્મણોની ગુફાઓ છે. તેમાં ચોથી અને બૌધો સાથે ગણિએ તો ૧૬ મી ગુફા "કૈલાસ" નામે ઓળખાય છે. આ ગુફાની સરખામણીમાં આખી દુનિઆની કોઈ પણ ગુફા આવી શકેજ નહી એટલી ભવ્ય અને અંદરની પ્રચંડ મુર્તિઓ અને શીવજીનાં જુદાં જુદાં ભવ્ય સ્વરૂપ એવાં આકર્ષક છે કે ત્યાંથી ખસવાનું ગમતું નથી. એની દિવાલો ઉપર હાથી વિગેરેની પ્રાણિસૃષ્ટિ એની ભવ્ય કોતરેલી છે કે એ ગુફા તે અજોડ ગુફા છે. આ ગુફાના વર્ણન જેવું અને તે કરતાં અધિકતર વર્ણન શ્રી શામળાજી પ્રભુના દેવળની બહારની બાજુનું છે. તે વર્ણન અને આ ગુફાની દિવાલોનું વર્ણન લગભગ સરખું અને કંઈક મંદિરની દિવાલોનું કોતરકામ અને મુર્તિઓનું ઘડતર કંઈક વધારે ઉંચા પ્રકારનું જણાય છે. ઈલોરાની ગુફાઓનો જન્મ સમય વિ. સં. છઠ્ઠા કે સાતમા સૈકાનો ગણે છે. પરંતુ આ મંદિર તે કરતાં પાંચ સૈકા જુનું બંધાયું લાગે છે. તેને માટે મંદિરના ત્રીજા મજલાની મહેરાબનો લેખ આ પ્રકરણના આગળના ભાગમાં ઉતાર્યો છે. તે સંવત્ ૧૫૭ ની સાલમાં આ મંદિર બંધાયું તે વાસ્તવિક લાગે છે. તે સાલ પછી સાડાત્રણસેં વર્ષે મંદિરને સમારકામ કરાવ્યાનો લેખ છે જે ઇલોરાની ગુફાઓના જન્મકાળની નજીકની સાલનો છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે આ મંદિર વિ. સં. બીજા સૈકામાં બંધાયું છે. આ ઉપરાંત જેમણે મંદિરને મરામત કરાવી તેમણે મંદિરની ભીંતો અને થાંભલા ઉપર શિલા લેખો કોતરાવ્યા છે. તેમાં સંવત્ ૧૬૭૫ ના માગશર અને સંવત્ ૧૭૧૨, એ સાલમાં જોધપુરના ભાયાતોએ પ્રતિષ્ઠા કરી પુષ્કળ બ્રાહ્મણોને જમાડયા, એવો લેખ છે. તે ઉપરથી સમજાય છે કે સંવત્ ૧૭૧૨ શામળાજીના દેવળમાં श्री देव गदाधरराय પ્રભુજીની પુનઃ સ્થાપના થઈ હોય. આ બાબત આગળ ઉપર ચર્ચા કરવાનું રાખી એટલું તો કબુલ કરવું પડે છે કે શામળાજીનું હાલનું દેવળ આજથી બે હજાર વર્ષ કરતાં વધુ વર્ષ ઉપર બંધાએલું છે. તે સમયના ઈજનેરો, કલાકારો, મુર્તિસર્જકો, સૌંદર્યવીરો વિગેરે જેમને ઇશ્વરે અગાધ બુદ્ધિ અર્પેલી હશે તેવાઓએ બાંધ્યું હશે. અને તે ઇલોરાની ગુફાઓના ઘડવૈયાના સાતમી કે દશમી પેઢીના બુદ્ધિમાન્ કલ્પના સર્જકો હશે.

સાધન સંપન્ન ધાર્મિક શ્રદ્ધાવાળાઓએ આ ઈલોરાની મુલાકાત અવશ્ય લેવી જોઇએ.

મનુષ્યના જીવનની હદ્દ જેમ એકસો વર્ષની છે તેમ ગામની અને સ્થાપત્ય મંદિરોની અને મકાનોનો આયુર્દા એક હજાર વર્ષનો ગણાય છે. પરંતુ ગુજરાતનું આ

અજોડ મંદિર વારંવાર સમારકામ કરાવ્યાથી આજે બે હજાર વર્ષ ઉપરાંત થયા છતાં મુર્તિમંત ઉભું છે. વચમાં આજથી એક હજાર વર્ષ પુર્વે મુર્તિ ભંજક વિધર્મીઓ આ દેવળનો નાશ કરવા અંદર પેઠા, અંદરની ગરૂડજીની મુર્તિને તોડવા ફોડવાની કંઈક શરૂઆત કરી. એટલામાં અકસ્માત મંદિરમાંથી ભમરાઓનું જુથ એટલા પ્રબળ પ્રમાણુમાં નીકળ્યું કે તેમના હુમલ્લાથી મંદિર અને અંદરની મુર્તિઓ તે સમયે એટલે વિ. સં. અગીઆરમા બારમા સૈકામાં સુરક્ષિત રહી ગયાં.

આ સમયની અગાઉ થોડા સૈકા ઉપર कल्पग्राम અગર हरिश्चन्द्रपुरी અથવા रुद्रपुरी એ નામે ઓળખાતી વિશાળ અને સમૃદ્ધિવાન્ વ્યાપારી નગરી હતી. તેના સંરક્ષણના અભાવે મેવાડના પહાડોના ભીલો, પંચમહાલના નાયકડા, ગુજરાતના કોળીઓ, અસંતોષી ગરાશીઆઓ વિગેરેનાં ધાડાં આ નગરી ઉપર ત્રાટકવા મંડયાં; જેથી ત્યાંના શિક્ષીત વ્યાપારીઓ ને વતનીઓએ હિજરત કરી. તેમાં આપણા સમૃદ્ધિવાન્ નીમા વાણિઆ અને તેમના વિદ્વાન્ કુલગુરૂ ઔદુમ્બર બ્રાહ્મણો મુખ્ય હતા. તે સમયે જ્યાં અનુકુળતા મળી ત્યાં નાઠા ને ઠર્યા. પછી તે નવી જગાએ વળી પ્રતિકુળતાઓ સાંપડી ત્યારે ત્યાંથી પણ નાઠા. આવી રીતે પોતાને રહેવાનાં સ્થાન બદલતાં બદલતાં જ્યારે દેશ સુખશાંતિમાં થાળે પડયો ત્યારે આપણા પુર્વજો હાલના તેમના સ્થાને ઠરીને રહ્યા. શામળાજી ને ત્યાંથી મોહનપુર ત્યાંથી મુકામ કરતા કરતા કપડવંજમાં આવ્યા ત્યારે રસ્તામાં કાવઠ કરીને ગામ છે ત્યાં ઔદુમ્બર બ્રાહ્મણો ઘણા વખત રહ્યા હોય તેના પુરાવા છે. એ કાવઠ ગામમાં કડવા પાટીદારોની વસ્તી છે. તે ગામની પાદરે મહાદેવનું સ્થાન છે. તે મહાદેવની દર વર્ષે શ્રાવણ માસમાં લેખકના વડવાઓ ત્યાં પુજન અર્ચન કરવા જતા ને શિઆળામાં પોતાની આજીવિકા માટે જોઇતું અનાજ લાવતા. કહેવાય છે કે એ મહાદેવના મંદિરની નજીકમાં ખેતરો છે, ને એક સારો સુરક્ષિત કુવો છે તે આ ઔદુમ્બર બ્રાહ્મણોની માલિકીનો છે. એ કુવાનું નામ આજ પણ ઉદુમ્બરનો કુવો કહેવાય છે. જેમ ગોધરામાં અત્યારે ઉદુમ્બરનો કુવો એ નામનો કુવો છે તેમ આ કાવઠ ગામ માંડવાના જાગીદાર મીઆં સાહેબના તાબાનું હતું તેમના જુના દફતરોમાં આ બાબતના પુરાવા હશે. પરંતુ તેની અહીં જરૂર નથી. જરૂર માત્ર શામળાજી ને મોહનપુર તરફથી કપડવંજ આવ્યા તે રસ્તામાં આટલી નિશાની હાલ પણ છે તે ખાતર આ બાબત અહીં દાખલ કરી છે.

આ પ્રમાણે આ રૂદ્રપુરી આ જંગલી ટોળાંના ત્રાસથી કે કંઈક ધરતીકંપ જેવા કુદરતના કોપથી, કે વિધર્મીઓના હુમલા વિગેરે આફતો પૈકી એક કે અનેક આફતોથી रुद्रपुरी નગરી નાશ પામી અને તેના નામશેષ "રૂદરડી" નામે એક ગામડું શામળાજીથી દોઢેક મૈલ ઉપર આજે હયાત છે. તે ગામની પાદરે

[illegible] એટલે મહાદેવનું દેવળ છે તે પણ શામળાજીના દેવળ જેટલું જુનું છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે આ ગામડું એ રૂદ્રપુરી નગરીનો અવશેષ છે.

करम्बुक क्षेत्र :–આવી વિશાળ નગરી અને વિશ્વ વિખ્યાત દેવ અને દેવાલય જ્યાં હોય ત્યાં જળાશય તો અવશ્ય હોવું જોઇએ. જળાશયમાં મેષવતી (મેશ્વો) નદી હાલ મંદિરની પછીતથી થોડે દૂર વહે છે. તેમાં પાણી (ઓજસ) જોઇએ તેટલા પ્રમાણુમાં નથી, છતાં નહાવા ધોવાના કામમાં પાણી પૂરૂં પડે છે. હવે બીજું જળાશય करम्बुक નામનો કુંડ હતો. તે કુંડ અતિ વિશાળ હોવથી તેને તળાવ કે સરોવરને નામે ઓળખતા. એ કુંડની ચારે બાજુ કાળા પત્થરથી બાંધેલી અને તે ઉપર પાટણના સહસ્રલીંગ તળાવની માફક શીવ મંદિરો વિગેરે બાંધેલાં હતાં. તે ઉપર જણાવ્યા તેવા ભંજકોએ એ મંદિરો અને તેના ઓવારા તોડી ફોડી તેના પત્થરો તેમને જોઇએ તે સ્થળે લેઈ ગયા. એટલે એ करम्बुक કુંડની જગાએ કરમાબાઇનું તળાવ એ નામે ઓળખાયું. આવી રીતે એ ક્ષેત્રનો પણ નવો જન્મ થયો. આવા દુર્ઘટ સમયમાં દેવાલયનું અને અંદરની મુર્તિઓનું રક્ષણ કરવું અશક્ય લાગવાથી શ્રી શામળાજી પ્રભુની મુર્તિને આ તળાવમાં સંતાડી દીધી. ને મંદિર મુર્તિઓ વિનાનું ઉઘાડું રાખ્યું. મુર્તિ ભંજકોને તો ખાસ મુર્તિઓ ઉપર દ્વેષ હોય છે. મકાનો પર નહીં તેથી એ મંદિરની બહારની દિવાલોની નીચેના ભાગની મુર્તિઓને ખંડન ભંજન કરી થાકીને ચાલ્યા ગયા એવી લોક વાયકા છે. આ સમય અલ્લાઉદ્દીન ખીલજીના લશ્કરે સંવત્ ૧૩૫૩ માં ગુજરાતમાં આવી પાટણનો નાશ કર્યો ને ગુજરાતના હિંદુઓને દુઃખના દાવાનળમાં ધકેલી દીધા તે સમયે ઇડર પરગણાના શાણા હિંદુઓએ આ મંદિર અને અંદરની મુર્તિઓને બચાવવા આ સાહસ કર્યું હતું. એટલે વિ. સં. ચૌદમા સૈકામાં આ ભવિષ્યના સારાને માટે આ બનાવ બન્યો હતો. ત્યાર પછી ત્રણસેં વર્ષે એ કરમાબાઇનું તળાવ પણ સુકાઇ ગયું ને ત્યાં ખેતરો થયાં. તે ખેતર ખેડતાં હાલની મુર્તિ હળના છેડાને અથડાઇ. તે ઉપરથી ખેડુતે સાચવીને ખોદકામ કર્યું, તો અંદરથી હાલની મુર્તિ મળી આવી. તે તેણે પોતાની ઝુંપડીમાં રાખી. આજ સમયે એ જગાની આસપાસની જગામાંથી શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમા પણ મળી આવી. કહેવાય છે કે શામળાજીથી ત્રણ ગાઉ ઉપર ટીંટોઇ ગામ છે. ત્યાંના દશા પોરવાડ શ્રાવક ગૃહસ્થને સ્વપ્નામાં આ પ્રતિમાજીનો ખ્યાલ આવ્યો ને તે જગાએથી ખોદ કામ કરી પ્રતિમાજીને ટીંટોઇ ગામે લાવી હાલના દેરાસરમાં પધરાવી પ્રતિષ્ઠા કરી. એ દશા પોરવાડ ગૃહસ્થના વંશજો આજે હયાત છે ને દર વર્ષે પ્રતિષ્ઠાના દિવસે દેરાસર ઉપર તેમના તરફથી ધજા આરોપણ થાય છે. પ્રતિમાજી જુના વખતનાં હોવાથી તેના અંગો વિગેરે હાલની પ્રતિમાઓના

**પ્રમાણમાં** વિશાળ છે. **શ્રી શામળાજી** પ્રભુની મુર્તિ પણ જૂના કાળની હોઇ હાલની દેવ મુર્તિઓ કરતાં વિશાળકાયના છે. આથી પણ સિદ્ધ થાય છે કે એ સ્થળ ઘણું પુરાતની છે. તલાવમાંથી એટલે ખેતરમાંથી હળની અણી મુર્તિને લાગી તેની નિશાની તરિકે હજુ પણ મુર્તિની પીઠમાં ખાડો મોજુદ છે. આ મુર્તિને ખેડુતે ઝુંપડીમાં રાખી તેને જેમ આવડી તે પ્રમાણે મુર્તિની સેવા પુજા કરી. આથી કહે છે કે ખેડુતની આર્થિક અને સાંસારિક સ્થીતિ સુધરતી ચાલી. તે વાતની તેના શાહુકાર હરસોલા વાણિઆ જે નજીકના ગામડામાં રહેતા હતા, તેમને ખબર પડી, તેથી તે વણિક ગૃહસ્થે શામળાજી ગામમાં અમુક સ્થળે પોતાને ખર્ચે નવું દેવળ બંધાવી આ મુર્તિની સ્થાપના કરી તેના યજન, પુજન, ભોગ સામગ્રીનો પોતના ખર્ચે બંદોબસ્ત કર્યો. કારણ કે શ્રી શામળાજી દેવ જેમ નીમા વણિક મહાજન અને ઔદુમ્બર બ્રાહ્મણોના કુળદેવ છે તે મુજબ હરસોળા વાણિઆ અને હરસોળા બ્રાહ્મણ તથા ઝારોળા વાણિઆ ને ઝારોળા બ્રાહ્મણના પણ કુળદેવ છે એવું હરિશ્ચંદ્ર આખ્યાનની હસ્ત લીખીત પ્રતોમાંથી મળી આવે છે. એ મંદિર બંધાવી તેમાં શામળાજી પ્રભુજીની મુર્તિની પ્રતિષ્ઠા કરી તે વાણિક ગૃહસ્થના વંશજો હાલ હયાત છે. તે શામળાજી ગામથી ત્રણેક ગાઉ દુર સરડોઇ ગામમાં રહે છે. તે કુંટુંબ સંતતિ અને સંપત્તિમાં સાધનસંપન્ન અને સુખી છે. એ હરસોળા વણિકના દેવળમાં એકસો વર્ષ ગાળ્યા પછી ઈડરમાં જોધપુરના રાઠોડ રજપુતોને તથા બીજી હિંદુ પ્રજાને તે સમયના વિધર્મી મુર્તિ ભંજકોથી દેવસ્થાનનું રક્ષણ કરી શકે તેવા વિશ્વાસ અને મનોબળ સાંપડયાથી સંવત્ ૧૭૧૨માં હાલના મંદિરમાં હાલની મુર્તિની આજુ બાજુથી બ્રાહ્મણ સમુદાયેને નોતરી શાસ્ત્ર વીધિ અનુસાર પ્રાયશ્ચિત વીધિ કરી પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરી દેવ મુર્તિની સ્થાપના કરી. આ બનાવને ત્રણસેં વર્ષ થયાં. આ બાબતનો શિલાલેખ મંદિરના પવેશ દ્વારમાં પેસતાં ડાબી બાજુએ વાદળી રંગનાં પત્થર ઉપર કોતરેલો છે. તે લેખ વિ. સં. ૧૮૧૮માં લખાયેલો છે. પરંતું તેમાં વિ. સં. ૧૭૧૨માં મંદિર સમરાવ્યું, ચોકખું કરાવ્યું ને દેવની પ્રતિષ્ઠા જોધપુરના રાઠોડ રાજાના ભાયાતે કરી છે. તેમનું તથા તેમના વંશવેલાનાં તથા સગાં સંબંધીઓનાં નામ છે. મંદિરના દરવાજા આગળના હાથી અને દરવાજાની અંદર પેસતાંજ દિવાલ આગળ આરસના બે ચોપદાર રાઠોડી પેહેરવેશમાં બનાવી દિવાલમાં દાખલ કર્યા છે. એ ચારે મુર્તિઓ જોતાં સં. ૧૭૧૭માં પણ સત્તરમાં કેટલી ભવ્ય કારીગરી હતી તે જણાઈ અવે છે.

ઇડરના રાઠોડ રાજાએ આ દેવસ્થાનના પુજન–ભોજન અને બીજી સેવા વિગેરેના ખર્ચ માટે ત્રણ ગામ જુદાં કાઢી મંદિરનો વહીવટ એક બારોટને સોંપ્યો હતો. ભગવાનની સેવા પુજા ઔદુમ્બર બ્રાહ્મણને સોંપી હતી. પરંતુ કાળક્રમે દરેક

કામમાં શીથિલતા આવે છે તે ન્યાયે આ વહીવટદાર મહાશય બારોટના વંશજોના આ કામમાં પણ શિથિલતા આવી. આ વાતની ઈડર રાજ્યના પરમ વૈષ્ણવ મહારાજા શ્રી કેસરીસિંહજી બહાદુરના જાણવામાં આવતાં તેઓશ્રીએ દુરંદેશી વાપરી મોડાસાના વીશા નીમા વાણિઆ, દશા નીમા વાણિઆ, હરસોળા વાણિઆ, ખડાયતા વાણિઆ અને શામળાજી ગામના જાગીરદાર તે દેવની મોરીના જાગીરદાર મળી પાંચ ટ્રસ્ટીઓની કમીટિ નીમી દેવસ્થાનનો સઘળો વહીવટ તેમને સોંપ્યો. ત્યાર પછી શ્રી કેસરી સિંહજી મહારાજ દેવ થયા તેમના વારસ તરિકે કર્નલ પ્રતાપસિંહ લશ્કરી સરદાર આવ્યા. તે આર્ય સમાજીસ્ટ હતા. તેમણે મંદિરના ખર્ચ પેટે આપેલાં ગામ પાછાં ખેંચી લીધાં. તેથી મંદિરનો ખર્ચ નીભાવવો ટ્રસ્ટીઓને માથે પડયો. પરંતુ નીમા, હરસોળા, ખડાયતા એ ત્રણ વાણિઆની નાતના કુલદેવ શામળાજી છે તેમની તરફથી શુભ અશુભ અવસરે, અને કેટલેક ઠેકાણેથી વાર્ષિક ભેટ છે, જેમાંથી મંદિરનો ખર્ચ ચાલ્યાં કરે છે. વળી આજથી ચાલીશ વર્ષ પહેલાં મંદિરના ઉંચા શિખરપર તડ પડેલી જણાઈ તેથી મંદિર જમીનદોસ્ત થવાનો ભય લાગ્યો. પરંતુ મંદિરના ટ્રસ્ટીઓએ શ્રી દેવગદાધર રાય પ્રભુના અનુયાયીઓમાંથી નાણું એકઠું કરી આશરે ચાલીશ હજાર રૂપીયાના ખર્ચે સમારકામ કરાવ્યું, ને શિખર પડતું બચાવ્યું. આ પ્રમાણે દેવાલયની હકીકત છે. **કપડવંજથી જતાં આ તીર્થ રસ્તામાં આવે છે.** તો જીંદગીમાં ઓછામાં ઓછું એક વખત વીશા વણિકે પોતાના કુળદેવનું યજન-પુજન-દર્શન કરવુંજ જોઈએ. તે સાથે શામળાજીથી ત્રણ ગાઉ ઉપર મોડાસા આવવાના રસ્તામાં ટીંટોઈ ગામ છે ત્યાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્થુળકાય પ્રતિમા દેરાસરમાં બિરાજે છે, તેમના દર્શન કરવાં આવશ્યક છે.

વિ. સં. ૨૦૦૪ના આસો માસમાં શામળાજીની યાત્રામાં લેખકે કરામ્બુક ક્ષેત્રની મુલાકાત લીધી. એ ક્ષેત્રની હૃદયદ્રાવક સ્થીતિ જોઈ અનહદ દુઃખ થયું. જેમ મનુષ્ય જન્મમાં ચડતી પડતી, દુઃખસુખ, રાગદ્વેષ ઈત્યાદિ દ્વંદ્વો (જોડાં) સ્વાભાવિક રીતે જોડાએલાં હોય છે તેમ સ્થાવર જંગમ મિલ્કત, દેવસ્થાનો, ને ઈતર મકાનો અને દેવમુર્તિઓ સુદ્ધાં સર્વ ભૌતિક પદાર્થોને (માત્ર આત્માને નહીં) આ દ્વંદ્વો પોતાની અસરમાંથી છોડતા નથી. તે ન્યાયે કરામ્બુક ક્ષેત્ર જે ચાતુર્વર્ણ્યના સમયમાં દેવોને વાસ કરવા સર્જાયેલું એવા પવિત્ર તીર્થનું મરણ થઈને કરમાબાઈના તળાવ રૂપે નવો જન્મ લેવો પડયો. તે તળાવમાં પણ પોતાના પુર્વ જન્મના પ્રભાવે ત્રણસેં વર્ષ સુધી પોતાના ઇષ્ટ પ્રભુને સાચવી રાખ્યા. પછી એ કરમાબાઈના તળાવનું પણ મરણ થયું ને ત્યાં ખેતરો થયાં તે ખેતરમાંથી દેવ મુર્તિ ત્રણસેં વર્ષે બહાર નીકળી ખેડુતની સેવા સ્વીકારી, તે પછી પોતાના સેવક હરસોળા

વધિકારી એકસો વર્ષ સુધી સેવા સ્વીકારી પોતાના મુળસ્થાનમાં આવી બિરાજ્યા છે. હાલમાં હવે તે વાતને ત્રણસેં વર્ષ થયાં. અત્યારે વૈષ્ણવ સંપ્રદાયની રીતે સમય સમયના ભોગ અને દર્શન ભોગવાય છે. જુની રીતની અસર પ્રમાણે દેવસ્થાનો અંગે ગૌશાળા, સદાવ્રત, સેવાપુજા ભેટ વિગેરે વીશેક બાબતનો વહિવટ ઉક્ત કમીટિ કરે છે. આથી યાત્રિક કે અનુયાયી સેવક સનાતની હોય, વૈષ્ણવ હોય, જૈન હોય, રામાનુજ હોય, કે આર્ય સમાજીસ્ટ હોય ગમે તે હિંદુ ધર્મના સંપ્રદાયનો હોય તેને પોતાની યથામતિ ને યથાશક્તિ પ્રમાણે ધર્મ ભાવના સંતોષવાનો સરળ માર્ગ નક્કી કરાયેલો છે. આ કરામ્બુકક્ષેત્રની સ્થીતિ જોતાં સાક્ષર શિરોમણી સદ્ગતશ્રી નૃસિંહરાવભાઇ દિવેટીઆએ પાટણના સહસ્ત્રલિંગ તળાવના કિનારે ઉભા રહી કવિતા રૂપે જે આર્દ્રવર્ણન કર્યું છે તે યાદ આવતાં થોડા ફેરફાર સાથે થોડી લીટીઓ લખી લેખક પોતાના મનનું દુઃખ ઓછું કરવા પ્રયત્ન કરે છે.

**રોળાવૃત્ત**

અહીંઆં કરામ્બુકક્ષેત્ર તળાવ વિશાળું હતું
અહીંઆં જુનું રૂદ્રપુરી આ લાંબું સૂતું
અહીંઆં કુંડની ચોરી તણાં આ હાડ પડેલાં
મોટાં અહીંઆ દેવળ, મળ્યાં માટીનાં ભેળાં ॥ ૧ ॥
એમ દઇ દઇ નામ, કરવી રહી વાતો હાવાં
રૂદ્રપુરી પુરાણુ, હાલતુંજ હાલજ આવા ?
ગુર્જર મેવાડી જન, ઉભો રહીને આ સ્થળમાં
કોણ એહવો હશે ? નયન ભીંજ્યાં નહીં જળમાં ॥ ૨ ॥

સહસ્ત્રલિંગ તળાવ એ હવે ખાડો થઇ ખેતર તરિકે વપરાય છે. તેમ કરામ્બુકનું થયું છે. છતાં મહિનામાં એક દિવસ શ્રી શામળાજી પ્રભુજીનો વરઘોડો આ પોતાના ત્રણસો ચારસો વર્ષના આશ્રયસ્થાને આવે છે. ત્યાં પુજન અર્ચન કરી સ્વારી મંદિરમાં પધારી જાય છે. આટલું મહત્વ બે ત્રણ હજાર વર્ષ વીત્યા છતાં હજી ટકી રહ્યું છે એ પણ સાત્વિક સૃષ્ટિની ખૂબી છે.

મંદિરના અંદરના ભાગનું વર્ણન:—લગભગ બાર પંદર પગથીઆં ચઢી અંદર પ્રવેશદ્વારમાં પેસતાં અંદરની ભવ્યતા, બહારની દિવાલોની કળા જેટલી જ વિચાર મગ્ન કરે છે. આગળ પગલાં માંડતાં ગભારા મધ્યે શ્રી પ્રભુજીની બરાબર સામે ત્રાટક કરી બેઠેલા મનુષ્ય સ્વરૂપે ગરૂડજી બિરાજે છે. ગરૂડજી બે હાથ જોડી આજુબાજુના વાતાવરણને દૂર ખસેડી અને મનની ભાવનાઓને વેગળી ફેંકી દઇ નિરાભિમાન અને નિષ્ક્રિય થઇ પોતાના ઇષ્ટદેવ વિષ્ણુ ભગવાનને બે હાથ જોડી સર્વસ્વ અર્પણ કરી શરણે ગયા છે. આ મુર્તિ ગ્રેનાઇટ શ્યામરંગના પાષાણની

બનાવેલી છે. મુર્તિસર્જકે પોતાને મોક્ષનો જે માર્ગ સુઝયો છે, તે બધો આ મુર્તિના મુખારવિંદમાં અને શરીરના અન્ય ભાગોમાં ઠાલવી દીધો છે. તદ્દન નિષ્ક્રિય અને નિરભિમાન થઇ ભગવાનનું શરણું શોધ્યું, જેથી દુનિયામાં તેમને કોઇ દુશ્મન નથી પણ સઘળા મિત્રજ છે. સર્પ જેવા ઝેરી પ્રાણી જે સર્વને મૃત્યુ દંડની ભેટ કરનાર છે તે સર્પને મૃત્યુ દંડ દેનાર ગુરૂડજી છે. આમ એક બીજાને મૃત્યુ આપનાર દુશ્મનો તદ્દન નિષ્ક્રિયને નિરાભિમાન થઇ સર્પો પણ નિરૂપદ્રવી થઇ ગરૂડજીના અંગે અંગે ભેટે છે. ગરૂડજીના સામું સરખું પણ જોતાં નથી. આ એકાગ્રતાથી ભક્તિ કરવાનો ભાવ અને દુશ્મનને મિત્ર બનાવવાનો ઉપાય અને તે સાથે પોતે મોક્ષને માર્ગે જવાનો આવા ત્રિસંગી ભાવ મુર્તિસર્જકે આ ગરૂડજીની મુર્તિમાં ઉતાર્યા છે. જાણે તે તરફ જો, જો, કરીએજ. જોયાંજ કરીએ. પરંતુ શરીર તથા મનને હુકમ કરનારી ઇમ્પીરિઅલ કૌંસિલ (મગજ) શરીરની ક્ષણભંગુરતાનો ભય બતાવી મનને ચેતાવે છે. તેથી શ્રી પ્રભુજીનાં દર્શન કરવા શરીરની ક્ષણ ભંગુરતા વડે શરીર તે તરફ ધકેલાય છે. श्रीदेव गदाधरराय પ્રભુજીની મુર્તિ ચાર ફુટની છે અને તે પ્રમાણમાં શરીરનાં બીજાં અંગો યથાયોગ્ય છે. પ્રતિમાજી શંખ, ચક્ર અને ગદાધરી વિષ્ણુ ભગવાનની છે. તે પ્રતિમાજી બ્રહ્મચારી સ્વરૂપે કછોટો મારી ઉભી છે. મંદિરમાં કોઇ ઠેકાણે લક્ષ્મીજીની પ્રતિમાજી નથી તેથીજ બ્રહ્મચારી સ્વરૂપે છે એમ લખ્યું છે. આ મંદિરની આ એક વિશિષ્ટતા હોય એમ જણાય છે. બગલમાં મોટી ગદા છે તેથી તે પોતે ગદાધર કહેવાય છે. પ્રતિમાજીનાં બીજાં અંગોના પ્રમાણમાં મુખારવિંદ અને ચક્ષુઓ ભવ્ય અને આકર્ષક છે. મુર્તિસર્જકની પોતાની કળાની સઘળી રિદ્ધિ, સિદ્ધિ આ મુર્તિમાં અને તેમાં ખાસ મુખારવિંદમાં ઠાલવી છે. મુર્તિસર્જકે પોતાની પાસે કંઈપણ બાકી રાખ્યું હોય તેમ જણાતું નથી. દર્શન કરતાં વેંતજ દર્શનાર્થિનું હૃદય જેમ અગ્નિ આગળ ઘી ઓગળી જાય તેમ ઓગળી જાય છે-દ્રવી જાય છે, અને મનની અંદર રહેલી કુવાસનાઓ અને તેને અંગે થયેલા ગુન્હાઓ મનમાં તરફડીઆં મારે છે.

આવી મુર્તિ ઘડનાર અને તેમાં પ્રાણ પ્રતિષ્ઠા પુરનારને અમારા હજારો નમ્ર વંદન હો.

આવી અલૌકિક મુર્તિઓ અને દેવાલયો આવા નિર્જન વનમાં સેંકડો નહીં પણ હજારે વર્ષ સુધી વસી મુમુક્ષુઓને આતરફ આકર્ષણ કરે છે. એવી દૈવી શકિતને અમારા હજારો વંદન હો.

આ પ્રભુજીની સેવા આજથી દશ વર્ષ અગાઉ સુધી ઔદુમ્બર બ્રાહ્મણજ પેઢી દરપેઢીથી મુખ્યાજી તરિકે કરતા. અને કોઈ પણ ઔદુમ્બર

બ્રાહ્મણને તે સેવા કરવાનો લાભ મળતો. હાલમાં મુખ્યાજી દશ વર્ષ થયાં અપુત્ર પ્રભુશરણ થવાથી તેમની વિધવા બાઇની સંમતિથી મેવાડા બ્રાહ્મણને મુખ્યાજી તરિકે નોકરીમાં રાખ્યા છે. તે બીજી વૈષ્ણવ મંદિરોની માફક રાજઠાકોર સેવા પ્રમાણે સાલે સમાનાં ભોગ પુજન-દર્શન વિગેરે સારા ઠાઠથી કરે છે. શામળાજી ગામની આજુ બાજુના વીસ પચીસ ગાઉ સુધીના ખેડુતો તથા આમ પ્રજાને આ દેવ આધાર રૂપ છે. ને તેઓ શ્યામ સ્વરૂપે હોવાથી વહાલ સોયું નામ "શામળાજી" રાખ્યું છે, ને તે ગામનું નામ પણ શામળાજી રાખ્યું છે. ઇતિશ્રી હસ્તલીખીત ब्रह्मयोपाख्यान ની પ્રત કે જેને ઈન્દોર નિવાસી શાસ્રીજી ગોવિંદલાલજી શ્રી ધરજીએ બીજી હસ્ત લીખીત અનેક પ્રતો મેળવી તેમાંથી શોધિત કરી આ પ્રત જે આપણી પાસે આવી છે તેના બાવીસમા અધ્યાયનો શ્લોક ૪૭ થી શ્લોક ૫૫ સુધીમાં મહાન્ ઋષિ ઔદુમ્બર મુનિએ श्री देवगदाधरराय પ્રભુની સ્તુતિ ગાઈ છે તે સ્તુતિ સંસ્કૃતમાં છે. તે મૂળ સંસ્કૃતમાં અને તેનો અનુવાદ ગુજરાતીમાં આપછીના પૃષ્ટમાં ઉતારી લીધો છે. જે ભાવિક અને મુમુક્ષુ જનયે હરરોજ સવારમાં સ્તવન કરવામાં ઉપયોગ કરશે એવી આશા સેવવામાં આવી છે.

●

## श्री देव गदाधरराय प्रभुनी स्तुतिनु अष्टक

औदुम्बरउवाच:

शार्दुल विक्रिडित छंद.

लक्ष्म्या सेवित पादपद्म युगलं, कंदर्प कोटि प्रभु- ।
नित्यं शाश्वतमव्ययं पिवतमं, सत्य स्वरूपं परम् ॥
इन्द्राधैरम रै स्तथा मुनिवरं, व्यासादिभिः सेवितम् ।
वन्दे देव गदाधरं जल धरश्यामं, सदा माधवम् ॥ १ ॥

यश्चो दर्शन तोऽ घनाशनिपुणं भास्वत्सहस्राचिषं ।
संसाराणंव तारकं कीलमल प्रध्वसनं श्रीहरिम् ॥
वैकुंठाधिपतिं चतुर्भुज भजं विश्वेश्वरं निर्गुणम् ।
वन्दे देव गदादरं जलदर श्यामं सदा माधवम् ॥ २ ॥

योऽवत्ते विविधावतार रचना भक्तस्यतुष्टये विभु ।
यं चैतत्सकलं जगत्स्थित महो येनैवचोत्पादितम् ॥
कल्पान्ते विलयं करो व्यापिच तमस्तं जगतगशर्कं ।
वन्दे देव गदाधरं जलधरश्यामं सदा माधवम् ॥ ३ ॥

दीनानां परिपाकं भवभयच्छे दैक दक्षं प्रभु ।
आम्नायै दुरितापहा चतुरै स्तोष्टय मानं सदा ॥
तं पिताम्बर धारिणि मुररिपुं पापौघ विध्वंसनम् ।
वन्दे देव गदाधरं जलधर श्याम सदा माधवम् ॥ ४ ॥

केवल्या परमिश्वरं जगद् धत्रासामि कीलालापितम् ।
श्री विष्णु भव बन्धमति शरणं देवाधिदेवं प्रभुम् ॥
भक्तानाम भयंपदं सुमनसा मानन्द दं, श्रीश्वरं ।
वन्दे देव गदाधरं जलधर श्यामं सदा माधवम् ॥ ५ ॥

यो सत्यामपि वाचि वाक्पटु रहो घ्राणं विनाजिघ्रति ।
योऽ कर्णापि शृणोत्यलं चनवना भावेऽ पिसवार्थदृक् ॥
यागच्छत्यपि निष्पदोऽ कर इह गृण्हातितं विश्वपां ।
वन्दे देव गदाधरं जलधरं श्याम सदा माधवम ॥ ६ ॥

आद्य श्री जगदीश्वरं गुणनिधिं वृन्दार कैः पूजितम् ।
सर्वेशं वरदं दयार्द्र हृदयम् कामप्रदं सेविनाम् ॥
शोभावैरुप शोभितं वरतनु ज्ञेयं पवित्रं शुचिम् ।
वन्दे देव गदाधरं जलधर श्यामं सदा माधवम् ॥ ७ ॥

नक्ष कौस्तुम शोभितं विजते स्थानं श्रियो यस्यतं ।
शार्ङ्गायुध धारिणं मधुरिपुं तं पक्षना मंशुमम् ॥
श्री वत्सेन सलांछितं सूरवरै र्किश्च सपुजितम् ।
वन्दे देव गदाधरं जलधर श्यामं सदा माधवम् । ८ ॥

श्रीमद् देव गदाधराष्टक मिदं नित्यं पठन्ते नरा ।
संप्राप्यैव निर्नं समी हित फलं सर्वे तथान्ते पुनः ॥
देवैः किन्नर चारणां दिमिरगी समान्श माना मुदा ।
तल्लोकं दुरिता दि दोषरहितं गच्छसि निष्पातका: ॥ ९ ॥

संपुर्णम

संपादक प्रो गोविंदलालजी श्रीधरजी शास्त्री

मु. इन्दोर.

---

## श्री देव गदाधरराय प्रभुनी स्तुति अष्टकनु

ગુજરાતીમાં ભાષાન્તર.

જેના બન્ને ચરણ કમળને સ્વયં લક્ષ્મીજી સેવે છે તથા હજારો કામદેવના જેવું જેમનું સ્વરૂપ છે, જે નિત્ય છે, શાશ્વત સ્વરૂપ છે, અવ્યય છે, કલ્યાણકારક છે, તથા સત્ય સ્વરૂપનું સ્થાન છે, ઇન્દ્રાદિ દેવો અને વ્યાસાદિ મુનિગણો જેમને સેવે છે, ભજે છે, એવા અને જળવાળાં વાદળના જેવી શ્યામ જેની કાન્તિ છે એવા દેવ ગદાધરરાય પ્રભુને હું હંમેશાં નમું છું. (૧)

જે ભગવાનના દર્શન માત્રથી સર્વ પાપો નાશ થાય છે, હજારો કિરણોની કાંતિથી દેદિપ્યમાન શોભતા, સંસારરૂપી સમુદ્રમાંથી તારનાર, પાપરૂપી મેલનો નાશ કરનાર, વૈકુંઠના સ્વામી, ચતુર્ભુજ સ્વરૂપ, જેનો જન્મ નથી એવા, વિશ્વના માલિક, નિર્ગુણ સ્વરૂપ, શ્યામમેઘની કાન્તીવાળા, માધવ ભગવાન શ્રી દેવગદાધરરાય પ્રભુને હમેંશાં પ્રણામ કરૂં છું. (૨)

ભક્તોના કલ્યાણ માટે જુદા જુદા સ્વરૂપે અવતાર લે છે અને આ બ્રહ્માડને ધારણ કરે છે, જેના વડે સૃષ્ટિની ઉત્પતિ છે, ને કલીયુગ અંતે મહાપ્રલય સમયે આ સર્વ જગત જે સ્વરૂપમાં લય પામે છે, સર્વ જગતના નિયંતા છે એવા ઘનશ્યામ કાન્તીવાળા શ્રીદેવ ગદાધરરાય પ્રભુને હમેંશાં હું પ્રણમું છું. (૩)

ગરીબ પ્રાણિઓનું પાલન કરનાર, સંસારનાં દુઃખોનું છેદન કરવામાં દક્ષ એટલે તૈયાર, ચારે વેદો સ્તુતિ કરાયેલા, સર્વેથીપર, હમેંશાં પ્રસન્ન મુખવાળા પિતાંબર ધારી, મુરનામના દૈત્યનો નાશ કરનાર, સર્વે પાપનો નાશ કરનાર એવા ઘનશ્યામની કાન્તીવાળા શ્રીદેવ ગદાધરરાય પ્રભુને હમેશાં ભજું છું. નમું છું. (૪)

આ જગતને ધારણ કરનાર તથાં કૈવલ્યપદને ધારણ કરનાર, દુઃખરૂપી દાવાનળમાંથી ઉગારનાર, હે વિષ્ણુ ભગવાન્! અસારીજીવોએ ગીત, ગાન અને સ્તુતિ વડે શરણ પ્રાપ્ત કરવા યોગ્ય, દેવોના પણ દેવ, ભક્તજનોને અભયપદ આપનાર, આનંદને આપનાર, લક્ષ્મીપતિ, ઘનશ્યામના કાન્તિવાળા શ્રીદેવ ગદાધરરાય પ્રભુને હમેંશાં પ્રણામ કરૂં છું. (૫)

જે સત્ય છે છતાં પણ વાણી અને વાક પટુતાથી કેવળ પ્રાણવિના મનુષ્યના મનને પોતાની તરફ ખેંચે છે. કાન નહોવા છતાં બધું સાંભળે છે, આંખો નહીં છતાં ચારે તરફ જુએ છે, પગ નહિં હોવા છતાં સધળે સંચરા ચર છે, હાથ નહીં હોવા છતાં દરેક પ્રાણિને મદદ કરે છે. એવા ઘનશ્યામ શ્રી દેવગદાધરરાય પ્રભુને હમેંશાં પ્રણમું છું. નમું છું. ભજું છું. (૬)

જે આદિ એવા તથા વૃંદાવનના લોકોથી પુજાએલા, ગુણના ભંડાર જગતના ઇશ્વર, સર્વેશ્વર, વરદાન આપવામાં દયાર્દ્રહૃદયવાળા, કામના (ઇચ્છાઓ) ને પુરી પાડનાર, સેવા કરવા યોગ્ય, શંખ, ચક્ર, ગદા, પદમ વગેરે ચિન્હોથી શોભાયમાન સુંદર શરીરવાળા, જ્ઞાનદષ્ટિથી જાણવા લાયક, પવિત્ર એવા ઘનશ્યામ શ્રી દેવગદાધરપ્રભુને ભજું છું. (૭)

જેની છાતીમાં કૌસ્તુભમણી ધારણ કરેળ છે, તે સાથે વિનયને આપનાર શ્રી લક્ષ્મીજી એ સ્થાનમાં બિરાજમાન છે, ધનુષ્ય, ગદા, ચક્ર, વિગેરે આયુધોને

ધારણ કરનાર, મધુ નામના દૈત્યનો નાશ કરનાર, નાભિસ્થાનમાં કમળને ધારણ કરનાર, પવિત્ર એવા, તથા શ્રી વત્સના ચિન્હને હૃદયમાં ધારણ કરનાર, દેવતાઓ વડે ભક્તિથી પુજાએલા, એવા ઘનશ્યામ શ્રી દેવગદાધરરાય પ્રભુને હમેંશાં નમું છું, પૂજું છું, પ્રણમું છું. (૮)

જે મનુષ્યો આ શ્રી દેવગદાધરાષ્ટકનો નિત્ય પાઠ કરે છે તે પોતાના પ્રાણની સાથે કલ્યાણકારક ફળને પ્રાપ્ત કરે છે અને પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી. દેવ, કિન્નર, ચારણો વડે સંભાવના કરવા લાયક, પરમ સુખદાયક એવા દુરિતાદિ દોષ રહિત સ્વર્ગ લોકને એ પવિત્ર મનુષ્યો પ્રાપ્ત કરે છે. (૯)

અનુવાદક : **જયન્તિલાલ હરગોવિંદ શુકલ. કપડવંજ.**

# प्रकरण ७ मुं.

**नियमा वैश्या उद्दे वणिका**

॥ श्रद्धावान् लभते ज्ञानम् ॥

નીમા વણિક મહાજનનો આદિથી તે આજ સુધીનો ઇતિહાસ જાણવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં જેટલી મળી શકી તેટલી સામગ્રી મેળવી તે બધીને યોગ્ય સ્થળે ગોઠવી એક સરળ હારમાળા બનાવી છે. છતાં એ હારમાળામાં અમુક ચિન્તકોને કંઈક અનુચિત ખતરો જણાય છે. તે ખતરાનો સારભાગ એ છે કેઃ– નીમા વાણિઆ વિ. સં. દશમા સૈકાથી બારમા સૈકામાં હયાતિમાં આવ્યા જણાવ્યું છે. પરંતુ જૂનો ઇતિહાસ એમ કહે છે કે નીમા વાણિકોને હરિશ્ચંદ્ર રાજાએ ઔદુમ્બર બ્રાહ્મણોને યજ્ઞદક્ષિણામાં સેવા કરવાની શરતે દાનમાં સોંપ્યા. હરિશ્ચંદ્ર રાજાનો સમય અને આ વિ. સં. દશમા બારમા સૈકાના સમય વચ્ચે બહુજ અંતર છે. તો આ બેમાંથી ખરૂં કયું ? તે ખતરાનો બની શકે તેટલો ખુલાસો કરવા આ પ્રકરણ લખવામાં આવ્યું છે.

આપણે પહેલા પ્રકરણમાં જોયું કે :–આર્યો સિંધુ નદી ઉપર આવ્યા ત્યારથી ઠરીઠામ થઈ ગામ વસાવી અને પછી મોહન–જોડેરો, હરપ્પા, તક્ષશીલા વિગેરે શહેરો વસાવી નગરવાસી બન્યા. પ્રથમ તો કુટુંબનો વડો સઘળું કામ પોતેજ કરતો. તેમાં ખાસ દેવકાર્ય અને જ્ઞાનકાર્ય એ મુખ્ય હતાં અને પોતાની સ્મરણશક્તિ સતેજ હોવાથી સદા યાદ રાખતા. પછી પોતાના વડા દીકરાને એ દેવકાર્ય અને જ્ઞાનકાર્યનાં સૂત્રો મોંએ ગોખાવતા. તેમનો પ્રથમ વડો, તે સૂત્રો પરમાત્માએ કહ્યાં છે તે સાંભળી પોતે અમલમાં મૂકે છે એમ કહેતો. તે श्रु=સાંભળવું એ ધાતુ ઉપરથી એ સુત્રોનો સંગ્રહ તે શ્રુતિ એટલે વેદ એવું નામ પડયું. પ્રથમ "ऋगवेद" આ પણ બધું મુખ પાઠે. આર્યો પ્રથમ ઠંડા અને પહાડી પ્રદેશમાંથી આવેલા એટલે તેઓ શરીરે મજબૂત બાંધાના, તેજસ્વી ચહેરાના, અને મગજ શક્તિએ બધી તેજદાર હોવાથી તેઓ શારીરિક અને માનસિક મહેનત બહુ સરળતાથી અને વધારે ફળપ્રદ કરી શકતા. પછી ભરતખંડની ગરમ હવામાં વધારે વસવાટના સબબે તેમનાં શરીર અને મગજને આળસ અને થાકનો અનુભવ થયો. આ તરફ વસ્તી પણ વધી, એટલે કુટુંબના વડાએ રક્ષણનું કાર્ય ક્ષત્રિયને, ખેતીવાડી, પશુ-પાલન, ને વ્યાપાર એ વૈશ્ય વર્ણને સોપ્યાં તે આપણે જોયું ॥ कृषि गोरक्ष वाणिज्यं वैश्यकर्मस्वभावजम् ॥ આ સુત્ર ઠરાવી વૈશ્યને તે કામ સોપ્યું. હરીશ્ચંદ્ર રાજાના

સમયના વૈશ્યો તે આપણા નીમા વાણિક મહાજનના મૂળ પુરૂષો હતા. તેમને એક એક બ્રાહ્મણને બેબેએ વૈશ્યોએ સેવા કરવી એવું नियमन. કર્યું. તે ઉપરથી તેઓ नियमा वेश्या અથવા वाणिका કહેવાયા. આ બાબત હરિશ્ચંદ્ર પુરાણની હસ્ત લીખીત પ્રતના ૨૪ મા અધ્યાયમાં વર્ણવેલી છે. તે પછી તે વાણીકોના વ્યવહાર અને ધંધા વિષે તેમના પોતાના પુછવાથી औदुंबर ઋષિએ પચીસમા અધ્યાયના નં. ૧થી નં. ૧૨ શ્લોક સુધીમાં વર્ણવી બતાવ્યા છે. તે મૂળ શ્લોક આ નીચે ઉતાર્યા છે–તેનો ગુજરાતી અનુવાદ પણ ભાવાર્થ રૂપે નીચે આપ્યો છે. તેમાં એ नियमा वेश्या અથવા वाणिका ના ધંધા વિષે પ્રથમના શ્લોકોમાં અને પાછળના શ્લોકમાં કુલાચાર એટલે ગૃહસ્થાશ્રમના કુળધર્મ વિષે औदुंबर ऋषि એ વર્ણન કર્યું છે–

## अध्याय २५ मो॰

औदुम्बर उवाच--

॥ युष्माकं य आचारा, वाणिजस्तान्वदाम्यहम् ।
॥ जीवनं वैश्य वृत्यावो वाणिज्य क्रयविक्रयैः ॥ १ ॥

॥ कृषिंच पशुपालंच, व्यापारोराजसेवनम् ।
॥ देव ब्राह्मण भक्तिश्च, पूर्तधर्म प्रधानता ॥ २ ॥

॥ अहिंसा सत्यम क्रोध, शौचमिंद्रियेनिग्रह ।
॥ सर्व प्राणिष्वनुकम्पा तीर्थानामसेवनं तथा ॥ ३ ॥

॥ सामान्येव सदाधर्मो, मयाह्येष प्रकीर्त्तितः ।
॥ विशेषेऽयं कुलाचारः श्रूयतां समयोदितः ॥ ४ ॥

॥ मंचिकाभरणं पूर्वं, विवाहे कार्यं मुज्वकैः ।
॥ तथा हस्त प्रदानंच, संमुखी करणं वरं ॥ ५ ॥

॥ मधूलिकाभिधाचार, स्तत्रैव यजनंतथा ।
॥ गान्धोलि संज्ञकश्चैव, चंगावीति तथा परम् ॥ ६ ॥

॥ गंगातर्पण मिरमेव, तथैवालदानं मतम् ।
॥ मंगलेषुच सर्वेषु, दद्यात्षोडश पूजकम् ॥ ७ ॥

॥ भोजने धृतकर्षंच, ब्राह्मणेभ्य प्रदीयते ।
॥ हस्तमेलाप के चैव, चतुषष्टि सुपुगकम् ॥ ८ ॥

॥ प्रदधाद् ब्राह्मणेभ्यश्च, बालवृद्धे माएवच ।
॥ दक्षिणां च यथाशक्ति नोलंध्यं दापकं तथा ॥ ९ ॥

॥ आत्मानः शुभमिच्छ द्भिर्नोलंध्यं दापकं व्रतैः ।
॥ विप्राशिर्वचनं प्राप्य यथापिन मतः परम् ॥ १० ॥

॥ उर्वीवरपुरं रम्यं, दुर्गा यक्षाः मरम्बुकम् ।
॥ श्री सूर्यप्रवराख्यश्च, कुर्वन्तु तवमंगलम् ॥ ११ ॥

॥ योगीश्वरो महायोगी, सोमनाथाभिधेश्वरः ।
॥ सर्वमंगला नाम्नीं, सशीना मंगलदायिनी ॥ १२ ॥

॥ कालिका पीठमाताच, कुर्वन्तु तवमंगलम् ।
॥ नदिमेषवती पुण्या, तथा धर्म शीलामता ॥ १३ ॥

॥ औदुम्बरो मुनिवरः कुर्वन्तु तव मंगलम् ॥

**ગુજરાતીમાં ભાવાર્થ:—**

ઓદુમ્બર ઋષિ કહેવા લાગ્યાઃ-હે વાણિકો ?. તમારૂં જીવન, વેપારથી એટલે ખરીદવું અને વિક્રય એટલે વેચવું એવી તમારી વૈશ્ય વૃત્તિથી ચાલવું જોઇએ. ॥૧॥

તે ઉપરાંત વૈશ્ય વર્ણના બીજા સામાન્ય ધર્મો કયા કયા છે ? તે હું કહું છું. ખેતી કરવી, ઢોર ઉછેરવાં, ને તેમનું પાલણપોષણ કરવું, રાજ્યની અને રાજ્યાધિકારીઓની સેવા કરવી એટલે નોકરી કરવી. દેવ અને બ્રાહ્મણ ઉપર ભક્તિ પ્રીતિ રાખવી એમાંજ વૈશ્ય ધર્મની પ્રગલ્ભતા છે. ॥૨॥

તદઉપરાંત સત્ય બોલવું, અહિંસા પાળવી, ગુસ્સો કરવો નહીં, પવિત્રતા રાખવી, મન અને ઇન્દ્રીઓને કબજે રાખવી દરેક પ્રાણિ ઉપર દયા રાખવી, તીર્થોમાં યાત્રા કરવી, આ તમારા સામાન્ય ધર્મો મેં કહ્યા ॥૩॥

હવે ખાસ લગ્ન વીધિના કુળાચારોના વિશેષ ધર્મો વર્ણવું છું તે સાંભળો ॥૪॥

પ્રથમ વિવાહની શરૂઆતમાં ઉંચું આસન માંચી અગર મંડપ બાંધી તૈયાર કરવાં હસ્ત મેળાપ વખતે વર કન્યાને સામા સામી બેસાડવા ॥૫॥

હસ્ત મેળાપ વખતે અધૂલિકા નામની ગોત્ર દેવીનું સ્થાપન કરી સોળ પ્રકારે આચાર મુજબ પુજન કરવું. પછી ગાન્ધોલી તથા ચંગાડી નામનાં દેવીઓનું પુજન કરવું ॥૬॥

ત્યાર બાદ ગંગા તર્પણ એટલે નાન્હીશ્રાદ્ધ કરાવવું જેથી કોઇપણ વિઘ્ન કે સૂતકનો બાધ નડે નહીં. આવી રીતે દરેક મંગળ કાર્યમાં આરંભ વખતે સોળ પ્રકારથી સોળ માતૃકાનું પુજન કરવું.

સોળ બ્રાહ્મણોને ઘીનું દાન આપવું હસ્ત મેળાપ વખતે ચોસઠ સોપારીએ બાળક અથવા વૃદ્ધ એવા બ્રાહ્મણોને આપવી ॥૮॥

યથાશક્તિ દક્ષિણા આપવી. કુળના આચાર પ્રમાણે વિવાહ સમયે કોઇનું દાપું બાકી રાખવું નહીં. ॥૯॥

પોતાનું શુભ ઇચ્છનાર વૈશ્યે દાપું બાકી રાખવું નહીં. બ્રાહ્મણોને નમસ્કાર કરીને નીચે મુજબ આશિર્વાદ લેવાં. ને બ્રાહ્મણોએ આશિર્વાદ આપવા ॥૧૦॥

આ ગામમાં વાસ કરતા દેવતાઓ, દુર્ગામાતા, યક્ષ નામના ગણો, શ્રી સુર્યનારાયણ દેવ, અને કશમ્ણુકક્ષેત્ર તમારૂં મંગલ કરો. ॥૧૧॥

યોગીઓના ઇશ્વર સોમનાથ મહાદેવ મહાયોગી, તથા સર્વમંગળા નામની સર્વ મંગળ કરનારી પાર્વતી દેવી, અને પીઠમાતા કલીકા દેવી તમારૂં સર્વ પ્રકારે મંગળ કરો. ॥૧૨॥

મેષવતી (મેશ્વો) નામની નદી તથા મહર્ષિના આસન રૂપે રહેલી ધર્મશીલા તથા મુનીરાજ ઔદુમ્બર મહર્ષિ તમારૂં સર્વપ્રકારે મંગળ કલ્યાણ કરો. ॥૧૩॥ ઔદુમ્બર ઋષિએ તે વાણીકોને વૈશ્યો ના આચાર સમજાવ્યા તેથી સહજ ખ્યાલમાં આવશે. તે સિવાય બીજો પુરાવો આ નીચે આપ્યો છે.

અખિલ ભારતીય નેમા પરિષદનું द्वितिय અધિવેશન વિ. સં. ૧૯૯૭ માં એટલે આજથી આઠ વર્ષ ઉપર अमरवाडा જીલ્લે वालाघाट માં ભરાયેલું. તેનો સંક્ષિપ્ત ઇતિહાસની છપાએલી એક નકલ પ્રાપ્ત થઈ છે. તેના અઢારમે પાને ॥ छट्टापरिच्छेद ॥ તેની નીચે નેમા જ્ઞાતીની ઉત્પત્તિનો લેખ છાપેલો છે. તેની નકલ આ નીચે તેમની ભાષામાં અક્ષરશઃ છાપી છે. ભાષા હીન્દી અને લીપિ બાલબોધ છે. પરંતુ ઉતારો તો ભાષા હીન્દિ અને લીપિ ગુજરાતીમાં કર્યો છે. જીસ સમય રાજા હરિશ્ચંદ્રને પુત્ર પ્રાપ્તિકે લીયે રૂદ્રગયા પર રાજસૂય યજ્ઞ કીયા થા ઉસમે જો બ્રાહ્મણ, વૈશ્ય આયે વ સામગ્રી વિગૈરહ યજ્ઞકે લિયે લાયેથે ઉનકો રાજાને ઉદંબર ઋષિકા આજ્ઞાસે યજ્ઞકા કામમેં નિયમિત કિયા ઔર વૈશ્યોને નિયમાનુસાર કાર્ય પુણ કિયા. ફિર યજ્ઞકે બાદમેં વૈશ્યકો નેમા મહાજન કહકર દો વૈશ્યોકા એક બ્રાહ્મણકો દાનમેં દે દીયા. યહ સબ કથા સવિસ્તર સ્કંદ પુરાણાન્તર્ગત હરિશ્ચંદ્ર પુરાણમેં લિખી હુઈ હૈ, જીસકો રૂદ્રગયા મહાત્મ્ય કહેતે હૈ ઇસ અવસરમેં રૂદ્રગયા મહાત્મ્યકા કુછ પ્રમાણ દેતે હૈ રાજાકા યજ્ઞ સંપુર્ણ હુઆ ઇસકે બાદ બ્રાહ્મણ ઔર વૈશ્ય જો કલ્પગ્રામસે બુલાયે થે વે વાપિસ જાને લગે ઉસ વખ્ત રાજાને ઉદુમ્બર ઋષિસેં પૂછા કી મહારાજ ! બ્રાહ્મણોકો ઐસા દાન દેના સોચેં કી બહુત દિન સ્થાયી રહે. ઉદંબર ઋષિને જો આજ્ઞા કી હૈ ય વર્ણન કરતા હું ॥

**श्लोक**

अमी वाणिक वरा राजन सदाचारा सुचेतसा ।
प्रत्येक ब्राह्मण स्थापौ द्वौ द्वौ जीवन हेतके ॥
अग्निकर्म सुरता मन्दक्ता विष्णु तत्पराः ।
सद्व्यापार परासर्वे, सर्वे धर्मधुरंधरा ॥
परोपकार निरता, परदुःख हतसदा ।
स्वामिभक्ता सदाचारा, सत्कर्मतत्परा ॥
एते षटसह माणि मुखां नेमा प्रकीर्तिता ।

ઇસ તરહસેં એક બ્રાહ્મણુકો દો મહાજન દિયે ગયે. બ્રાહ્મણ જો આયેથે ઉનકો ઋષિકે નામસેં હિ ઉદ‌ંબર બનાયે; ઔર મહાજન જો વૈશ્યથે કે જીન્હોને નેમપુર્વક યજ્ઞ મેં સામગ્રી દી ઉનકો નેમા મહાજન બનાયે જો મુખ્ય કામમેંથે. ૭ હુજાર વે દસે નેમે કહેલાતે હૈ બાદ દશ હજાર ઉસમે વીસે લમ્સા ઇત્યાદિ વિસ્તાર ખીહિ.*

આ પરિષદ મધ્યપ્રાંત જ્યાં હાલ સાગર–દમોહ–જબલપુર–નાગપુર હોશંગાબાદ ઇત્યાદિ શહેરોમાં તથા તેની આસપાસના ગામોમાં વસે છે તેઓ તેમની ભાષામાં પોતાને "દશા નેમા વૈશ્ય" કહેવરાવે છે. તેઓ આપણા સંપ્રદાયને જાણુતા નહોતા તે આ પરિષદમાં ઇન્દોર, ઝાલોલ, વાંસવાડા, ગામોમાંથી દશા નીમા વણિક મહાજનના પ્રતિનીધિઓ ત્યાં ગયા ત્યારે તેઓને જાણ થઇ. ને આપણા દશા નીમા વણિક મહાજન સાથે સપર્ક સાધવાને રીત રિવાજો સ્વીકારવા તૈયાર થયા છે. તેમના ૧૧૮ ગામ છે, ૫૮૧ ઘર છે, ૧૩૦૫ પુરૂષને ૧૨૦૬ સ્ત્રી મળી ૨૫૧૧ માણુસની વસ્તી છે. તેમની ભાષા અને લખાણુ જોતાં મેશ્રી (વૈષ્ણવ) ધર્મના અનુયાયી જણાય છે. આ બે પુરાવા ઉપરાંત બીજા અનેક પુરાવાઓ નીમા વાણિઆ અને ઉદ‌ંબર બ્રાહ્મણોના સંબંધ બતાવનારા છે. તેની અહીં જરૂર નથી. જરૂર માત્ર તે સંબંધ ક્યારે જોડાયો છે? આધુનિક છે કે પુરાતની છે? તે જાણુવાની જરૂર છે.

આ પ્રકરણુના પ્રથમ ભાગમાં લખાઇ ગયું છે કે દેવ કાર્ય અને જ્ઞાન કાર્ય મુખોન્મુખ એટલે એક બીજાથી સાંભળી શીખીને મંત્રો, સુત્રો, વીધિ, વિદ્યાનો, ઇત્યાદિ ચાલતાં હતાં. કાળક્રમે વસ્તી વધી. ને તેમાં સ્મરણુશક્તિ ને બુદ્ધિમતા ઉતરતા પ્રકારની થતી ગઈ ત્યારે વીચિક્ષણુ બ્રાહ્મણોએ અને સમાજ નિયામકોએ ધર્મજ્ઞાન, વિદ્યા, આચાર વિચાર, વીધિવિધાન, લખી રાખવા માંડયું. આમ દરેક વર્ણુનું, દરેક પ્રકારનું, લખાણુ વધારે બુદ્ધિવાન્ અને શક્તિવાન્ બ્રાહ્મણોએ લખવા માંડયું. એટલે હાલ જે જે નાતોનાં સ્મૃતિઓને પુરાણો હાલ જે સ્વરૂપમાં છે તે બધાં તે સમયમાંજ બન્યાં હોય એમ મનાતું નથી. સ્મૃતિ એટલે યાદ કરવું મતલબકે જુનું યાદ કરી કરીને સંભારી સંભારીને લખવું તેનું નામ સ્મૃતિ. પુરાણો એટલે જુના બનાવોનું વર્ણુન. જે વખતે પુરાણો લખાયાં તે તે સમયનાં નહિં પણ તેના પેહેલાના સમયના બનાવોનું લખાણુ. આ લખાણોમાં આમપ્રજાને શ્રદ્ધા બેસે તે હેતુથી મુળ સત્યવાતને વળગી રહી તેને, લોકરૂચીને ગળે ઉતરે તેવી રીતે સત્ય વસ્તુ સમજાવવી એ સ્મૃતિકારોને પુરાણુકર્ત્તાનો હેતુ ને તેમની વિજ્ઞા. આપણું સ્કંદ પુરાણુ કે જેમાં હરિશ્ચન્દ્ર આખ્યાન સમાયેલું છે તે સ્કદ પુરાણુ અને એ આખ્યાન

---

* ફુટનોટઃ–ઇસ ઉત્પત્તિકા પ્રમાણુ સંદપુરાણુમેં વર્ણુન કિયા ગયા હૈ ઉસે દેખો!

દ્વાપરયુગના આખરમાં કે કલિયુગની શરૂઆતમાં હરિશ્ચન્દ્ર રાજાની સાનીધ્યમાં કે હયાતિમાં લખાયું હોય તેમ મનાતું નથી. આ પ્રમાણે બધાં શાસ્ત્રોને આધુનિક પણ ન મનાય તેમ જેના તે સમય જેટલાં પુરાતની પણ ન મનાય. આટલી ચર્ચા પછી કહેવાને હિંમત આવે છે કે હરિશ્ચન્દ્ર આખ્યાન તે વિ. સં. દશમા કે બારમા સૈકામાં લખાયું નથી. પરંતુ તેનાથી ઓછામાં ઓછા એક હજાર વર્ષ પહેલાં એટલે વિ. સં. ની શરૂઆતની પહેલાં સમયની આસપાસના સમયમાં લખાએલું છે. એવી એની ભાષા અને વિચારોથી નક્કી સમજાય છે. ચાતુર્વર્ણ્યના સમયમાં આપણા નીમા વણીક મહાજનનાં મુળ પુરૂષો वैश्य द्विज વર્ણના હતા. તે પછી રાજા હરિશ્ચન્દ્રની આજ્ઞાનુસાર नियमा वश्य થયા. પછી ચાતુર્વર્ણ્ય મટી સમાજ પરિવર્તનના ઝઘડાળુ સમય લગભગ ચૌદસો વર્ષ ચાલ્યો તેમાં જેમ બ્રાહ્મણોએ પોતાનાં કુળ ભોજન પ્રબંધ, લગ્ન સંબંધ ને કુળાચાર જાળવી રાખી પોતાના વર્ણનું સંગઠન, સંસ્કૃતિ સાચવી રાખ્યાં તે મુજબ આપણા नियमा वैश्याः એઓ ભોજન પ્રબંધ જાળવવામાં નિષ્ફળ નીવડયા. તેમજ ઉપનયન સંસ્કાર વિગેરે પણ છોડ્યાં. પણ લગ્નસંબંધ અને કુળાચાર, કુળ દેવ-દેવી અને કુળગુરૂ એઓને સાચવી રહ્યા. તેઓએ આ લાંબા ઝઘડાળુ સમયમાં नियमा वैश्य સિવાય કોઈ પણ જાત અગર નાત સાથે લગ્ન સંબંધ બાંધ્યો નથી. તેમ ગૃહસ્થાશ્રમના ધર્મમાં કંઈ ફેરફાર કરેલો દેખાતો નથી. હરિશ્ચંદ્ર આખ્યાનની હસ્ત લીખીત પ્રતના ૨૫મા અધ્યાયના ૧ થી ૧૨ સુધીના જે શ્લોકો છે તેમાં વર્ણવેલા ધર્મો રીતરિવાજોનું અદ્યતન પાલન પણ દેખાય છે. બ્રાહ્મણોની માફક આ વૈશ્યો ભોજન વ્યવહારમાં ટકી ન શકયા તેનાં અનેક કારણો છે. (૧) વસ્તીમાં બહુ આછા. (૨) બ્રાહ્મણ અને ક્ષત્રિય વર્ણની મદદનો બીલકુલ અભાવ (૩) શુદ્રની સાથે ભળતાં પોતે સમાજ ભ્રષ્ટ થાય. (૪) વેપારનો જ ધંધો એટલે વેપાર કરનાર બીજી જાતો સાથે ગાઢો સહકાર (૫) ઝઘડાળુ સમયમાં બૌધ અને જન સંપ્રદાયીઓનો આ નયળ પ્રબંધનો નાશ કરવાનો સતત ઉપદેશ. આવાં અનેક કારણોએ તેઓએ દ્વિજોનો વટાળ પ્રબંધમાં છુટ લીધી. પરંતુ ચાતુર્વર્ણ્યના સંસ્કારી લોહીના વંશજોએ માત્ર વેપારી એટલે વણિકોની નાત સાથે ભોજન વ્યવહાર રાખ્યો. છતાં તેમની સાથે લગ્ન સંબંધ તો બાંધવા તૈયાર ન થયા. એમ કરવામાં તેમની કોમનું નામ નિશાન જતું રહેશે એવું દશમાથી બારમા સૈકા સુધીના नियमा वैश्यो ના આગેવાનોને કુલગુરૂઓને લાગ્યું હશે. તેથી તે બાબતમાં મૌન જ પકડયું. છતાં સાથેના વ્યાપારીઓના સહવાસથી પોતાની નાતના અસલ નામનો પહેલો ભાગ नियमा કાયમ રાખી બીજો ભાગ વાણિજ્યને સ્વીકારી नियमा वाणिज्य કહેવાયા. આથી ખાત્રી થાય છે કે દશમાથી બારમા સૈકામાં नियमा वाणिज्य ની નાતનો જન્મ થયો નથી પરંતુ वैश्य ને બદલે वाणिज्य એટલો નામમાં ફેર થયો છે, એ नियमा

वाणिज्य ઉપરથી नियमा वाणिका ને તે પછી નીમા વાણિઆ આ રીતે આપણી સંસ્કારી કોમના નામના પાંચ અવતાર થયા (૧) वैश्य (૨) नियमा वेष्य (૩) नियमा वाणिका: (૪) नियमा वाणिज्य (૫) नीमा वणिक महाजन—અથવા નીમા વાણિઆ.

આવી રીતે નામ ફેરફારથી સંસ્કૃતિની વિશુદ્ધિ અને વંશની વૃદ્ધિ તથા વિશુદ્ધિને કંઈ અસર થતી નથી. એ આપણા સમાજ નિયામકોને પૂરેપૂરી ખબર હતી વળી આ બે માટે તો આપણા કુળદેવદેવી, કુળગુરૂ અને કુળાચાર ને સાચવી રાખવામાંજ હિત રહેલું છે.

બ્રાહ્મણોએ જેમ પોતાની વિશુદ્ધિ સાચવી સમાજમાં અગ્રણીપદ ભોગવે છે, તેવીજ રીતે વાણિઆઓમાં આપણી નાતે પોતાના કુળાચાર સંસ્કાર લગભગ ત્રણહજાર વર્ષથી સાચવી રાખી પોતાનું રક્ષણ કરનાર અને નિયમન કરનારને ગૃહસ્થાશ્રમના ધર્મકાર્યની વીધિમાં માનપુર્વક યજનપુજન, સ્મરણ કરે છે. તેના ફળ તરિકે લાખો માણસની વસ્તીવાળી વાણિઆની નાતોમાં આ જુજ વસ્તીવાળી નાત તેજસ્વી ઓજસ પુર્વક અને માનભેર અગ્રણીપદ ભોગવે છે. अस्तु.

પુસ્તકો અને શાસ્ત્રો ઉપરથી આપણે તજવીજ કરી જાણી લીધું કે હાલના નીમા વણિક મહાજનના મુળપુરૂષો આજથી આશરે ત્રણ કે ચાર હજાર વર્ષના સમયમાંના છે. હવે બીજાં સાધનોની તપાસ કરીએ. તે બીજા સાધનમાં "શામળાજી" પ્રભુનું દેવાલય છે. તેના વર્ણનના પ્રકરણમાંથી આપણે જાણ્યું છે કે; એ દેવળ વિ. સં. ૧૫૭ માં બંધાવ્યું હોય એવો લેખ મળી આવ્યો છે. તેને સાચો માનીએ તો આજથી બે હજાર વર્ષ ઉપર ત્યાં આપણા વડવાઓ રહેતા હતા. એટલુંજ નહીં પણ તે પહેલાં ઘણાં સૈકાં અગાઉ ત્યાં તેમની વસ્તી હતી. તેમની એટલે નીમા વણિક મહાજનના મૂળપુરૂષોના જીવન કાળમાંજ શ્રી શામળાજી પ્રભુજીનું પ્રગટય થયું છે. ને ઔદુમ્બર ઋષિએ તેમની સ્તુતિ પ્રાર્થના કરી છે. તે પ્રભુજીનું પ્રાગટય થતાંની સાથેજ આવું મંદિર તયાર થયું હોય એમ માની શકાય નહીં. પ્રથમ તો એ પ્રતિમાજી ઔદુમ્બર ઋષિની મઢુલીમાં કે હરિશ્ચંદ્ર રાજાના રાજસુયયજ્ઞના યજ્ઞમંડપમાં બિરાજતી હશે. પછી જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ એ પ્રભુજીના કાયમ સ્થાનને માટે તે સમયના સાધન સંપન્ન કોઇ ભક્તને પ્રેરણા થઇ હશે. તે ભકતે આ મઢુલી કે યજ્ઞમંડપ કરતાં કોઈ વધારે સારા અને સગવડવાળા સ્થાનમાં એ પ્રતિમાંજી પધરાંવ્યાં હશે. એમ થતાં થતાં વિ. સં. ૧૫૭ માં પોતે આ મંદિરમાં સ્થાપિત થયા હશે. મતલબકે એ દેવાલય બંધાયા પહેલાં એટલે વિ. સં. ૧૫૭ પહેલાં લગભગ પાંચ સાત સૈકાં અગાઉના સમયમાં નીમા વણિક મહાજનના વડવાઓ, તેમના કુલદેવદેવી અને કુલગુરૂઓની સાનિધ્યમાં વસતાં હતાં,

એ નક્કી છે. અને તે પહેલાં તેમના પણ વડવાઓ શ્રી શામળાજી પ્રભુની સાનિધ્યમાં હશે એ પણ ચોક્કસ છે. આ પ્રમાણે બ્રાહ્મણ જાત જેટલીજ સંસ્કારવાળી આ વાણિઆની નાત પ્રશંસા માટે હક્કદાર છે. અને તેથીજ તે જ્યાં જ્યાં જઈને વસ્યા છે ત્યાં ત્યાંની બીજી પ્રજાના પોષક અને રક્ષણ કર્તા તરિકે ધર્મ બજાવે છે. ને તે સ્થળની નગરશેઠાઇ ભોગવે છે. આશા છે કે આટલા વિવેચનથી સંશયાત્માના સંશયો દુર થયા હશે.

નિયમા વાણિજ્યના સમય કાલે પુણ્યશ્લોક હરિશ્ચંદ્રરાજાની વિનતિથી ઔદુમ્બર ઋષિએ તેમની એટલે નિયમા વૈશ્યોની સમાજ વ્યવસ્થા અહર્નિશ વ્યવસ્થિત ચાલે તે માટે તેમના વેપારધંધા અને સંસ્કૃતિ ઉપર ખ્યાલ રાખી તેમના બત્રીસ જથા કે કુટુંબ કે કુળ કે ગોત્ર નક્કી કરી આપ્યાં. કે જેથી લગ્નસંબંધ કરવામાં હરકત આવે નહીઃ એ માટે હસ્ત લીખીત પ્રતનાં ૨૪મા અધ્યાયમાં શ્લોક ૫૦ થી ૯૩ સુધીમાં વર્ણન કર્યું છે આ ગોત્રોની પ્રથા કપડવંજ વીશા નિમા વણિક મહાજનની જ્ઞાતિમાં આજ સુધી સચવાઇ રહી છે. તે પોતાના કુળોના સ્થાપક પુણ્ય શ્લોક હરિશ્ચંદ્ર રાજાને હસ્તમેળાપના મંગળ સમયે યાદ કરે છે. બીજા ગામોમાંની માહીતિ લેખકને નથી. પરંતુ ત્યાં ગોત્રોચ્ચારની પ્રથા છે એવી માહીતિ તો પત્ર વ્યવહારમાંથી અને મુખોન્મુખ વાતચીતમાંથી મળી આવે છે. આ ગોત્રની પ્રથામાં શરૂઆતમાં કુલગુરૂનાં ગોત્ર તે યજમાનનાં ગોત્ર એમ આધારભુત પ્રણાલિકા કેટલોટ વખત ચાલી હશે એમ જણાય છે. કારણ કે તેના પડઘા કોઈ કોઇ જગ્યાએ અત્યારે પણ દેખાય છે. પરંતુ યજમાનોની વસ્તી વધી અને કુલગુરૂઓની વસ્તી ઘટી જેથી વર અને કન્યા તથા તે બેના મોસાળ પક્ષના એમ ચાર કુળગુરૂઓનાં અલગ અલગ ગોત્ર મળવાં કઠિણ થઈ પડશે એમ ધારી આ કર ગોત્રોનો આશ્રય શરૂઆત પછી થોડા સમય જતાં લેવાવો શરૂ કર્યો હશે. ને તેને હાલ સુધી વળગી રહ્યા છે. આ સંસ્કારી પ્રજાને જ્યારે મુળ સ્થાનમાંથી હિજરત કરવી પડી તેવા દુઃખના સમયમાં પણ પોતાના ગૃહસ્થાશ્રમનો ધર્મ બરાબર સચવાય તે માટે જુદા જુદા ગોત્રના બે જથા સાથેજ હિજરતમાં રહ્યા. અને જ્યાં ઠરીઠામ થયા ત્યાં પણ સાથે રહ્યા છે. કપડવંજમાં દાખલા તરિકે રહીઆ ગાંધીનું કુટુંબ અને ઢાક વાડીમાં રહેનારા દયાળજી માધવજીનું કુટુંબ, બીજો દાખલો વસ્તા દોસીનું કુટુંબ અને પાનાચંદ રઘનાથ ગાંધીનું કુટુંબ, મોદીઓનું કુટુંબ અને દયાળ ભુલાનું કુટુંબ, આવા અનેક દાખલા કપડવંજમાંથી મળી આવે છે. અત્યારે પણ આ કુટુંબો વચ્ચે "લગ્ન સંબંધ" બહુ સરળતાથી ચાલે છે. આવું દરેક જગાએ થાય તે માટે એ ગોત્રોનાં સંસ્કૃત નામ અને તેના પ્રાકૃત ભાષાનાં નામ અને તેનો વ્યુત્પત્તિ સાથે ગુજરાતીમાં અર્થ તેનું એક પત્રક બનાવવાની યોજના આ પછીના પ્રકરણ ૮ મામાં દાખલ કરી છે, તેથી વાકેફ થઇ ગોત્રના નામથી આ અજ્ઞાત નીમા

મહાજનની દરેક વ્યક્તિ પોતાનાં વેપાર ધંધા અને સંસ્કૃતિનો ખ્યાલ રાખી પોતાનાં કુલગુરૂઓ સાથે મસલહત કરી પોતાનાં અને પોતાનાં સગાંનાં ગોત્ર નક્કી કરે તો ભવિષ્યમાં મિથ્યાવાદનો અંત આવે. "જાગ્યા ત્યાંથી સવાર" એ પ્રમાણે આ ગોત્રનાં સંસ્કૃત અને પ્રાકૃત નામ તથા તેનો ભાવાર્થ જાણ્યા પછી તેમાંથી પોતાને અનુકુળ આવે તે ગોત્ર પોતે કબુલ કરે અને હવે પછી ભવિષ્યમાં તે પ્રમાણે વર્તવાનો નિર્ધાર કરે તો ગૃહસ્થાશ્રમના ધર્મનું એક આવશ્યક અંગનું પુનર્વિધાન કર્યાનું ફળ મેળવાશે.

અખિલ ભારત નેમા પરિષદના દ્વિતિય સંમેલનના રિપોર્ટ ઉપરથી જણાય છે કે એ ભાઈઓ દશાનીમા વૈશ્ય છે. તેમણે પોતાના રિપોર્ટના છઠ્ઠા પરિચ્છેદમાં નીમા વાણિયાની ઉત્પત્તિ, સુંદ પુરાણાન્તર્ગત રૂદ્રગયોપાખ્યાનમાં વર્ણવેલી છે તે સ્વીકારી છે. તેમને આ બત્રીસ ગોત્રની માહીતી નથી. તો કોઇ સેવાભાવી નીમા વણિક મહાજન ગૃહસ્થ અગર તેમના કુલગુરૂઓમાંથી કોઇ વ્યક્તિ ત્યાં જઇ તેમને આ કુળદેવ–દેવી કુળગુરૂ અને કુળાચારની માહીતી આપે તો લગભગ પચીસસેં માણસની વસ્તી આ સંસ્કારમાં ભળે તો એક જ્ઞાતિ સેવાના સંગઠનનું ઉત્તમ કાર્ય કર્યાનું ફળ મેળવે.

જેમ જ્ઞાતિના નામોનો સંસ્કૃતમાંથી પ્રાકૃત અને તેમાંથી લોકભાષામાં ને ત્યાંથી પછી ગુજરાતીમાં થયેલ ફેરફાર આ પ્રકરણમાં અગાઉ વર્ણવેલ છે, તેવીજ રીતે આ બત્રીસ ગોત્રનાં મુળ સંસ્કૃત નામ ઉપરથી પ્રાકૃત ને પછી કેટલાકનાં લોકભાષામાં નામોનોજ ફેરફાર થયો છે. એ જાણી હવે પછી ગોત્રનાં હાલ બોલાતાં નામના અર્થની માહીતી નહીં હોવાના કારણે એ નામો તો કલ્પિત છે એમ સમજવાની ને માનવાની તથા તેની તરફ અવગણના કરવાની ભૂલ ન કરે તે માટે નીમા વણિક મહાજનની દરેક વ્યક્તિને નમ્ર વિનંતિ છે.

ગૃહસ્થાશ્રમના "લગ્નસબંધ" ના ધર્મમાં અને જ્ઞાતિની હયાતિ માટે ગોત્ર એ એક આવશ્યક અંગ છે. તેની અવગણના એટલે જ્ઞાતિની અવગણનાની બરોબર અહિત કર્તા નીવડે છે. અને તેથી સમસ્ત જ્ઞાતિ ઉપહસનીય સ્થીતીમાં મુકાઈ જવા તરફ ખેંચાય છે. આ અનિષ્ટ થતું અટકે તે માટે ગોત્રના નામના મૂળ શબ્દો અને તેના સત્ય અર્થ બહુ મહેનતથી મેળવી આગળના પ્રકરણમાં આપ્યા છે. આથી સમગ્ર નીમા વણિક મહાજન ભલે દશા હો કે વીશા જૈન હો વૈષ્ણવ હો કે સનાતની હો. તે દરેક વ્યક્તિ આ પછીના આઠમા પ્રકરણમાં દર્શાવેલાં મૂળ તથા સત્ય અર્થનો અભ્યાસ કરી તેનો યથાયોગ્ય ઉપયોગ કરી જ્ઞાતિની મહત્તા અને તેજમાં વધારો કરે એવી આશા સેવવામાં આવે છે.

અસ્તુ

# प्रकरण ८ मु

## गोत्रना नामना मुळशब्दो तथा तेना अर्थ.

નિયમા વૈશ્યાઃ એ પ્રકરણમાં આપણે જોયું કે જ્ઞાતિના જુના ઇતિહાસના જ્ઞાનના અભાવે આવી સંયમ પાળનારી અને વંશ વિશુદ્ધિમાં બ્રાહ્મણો જેટલી જ કાળજી રાખનારી બહુ જુના વખતની જ્ઞાતિની કદર કરવામાં આપણે બહુજ ભુલ કરી છે. આપણે એ પણ જોયું કે ચાતુર્વર્ણ્યના સમયમાં જેમ બ્રાહ્મણો ભોજન સંબંધ અને લગ્ન સંબંધના ચુસ્ત હિમાયતી હતા. તે સમયના नियमा वैश्याःપણ તેટલા જ હિમાયતી હતા. એટલે બ્રાહ્મણો જેમ પોતાની જાતિની હયાતિ આજથી ત્રણ હજાર વર્ષ પહેલાંની જણાવે છે તેવી જ રીતે આ જ્ઞાતિની હયાતિ પણ તે સમયનીજ છે. વચમાં વિ. સં. પુર્વે પાંચમા છઠ્ઠા સૈકાથી સમાજ અને ધર્મ એ બંન્ને સંસ્થાઓ વચ્ચેનો વિવાદિત સમય શરૂ થયો ત્યારથી વિ. સં. નવમા સેકા સુધી બ્રાહ્મણોએ પોતાના ભોજન પ્રબંધ અને લગ્નસંબંધ ચુસ્તપણે સાચવી રાખ્યા તેવી રીતે नियमा वैश्याः એમણે લગ્નસંબંધ પોતાની જ્ઞાતિમાંજ સાચવી રાખ્યો. ભોજન પ્રબંધ પોતે વેપારી હોવાથી બીજા વેપારી કે વાણિઆ સાથે શરૂ કર્યો અને બ્રાહ્મણો પછીની વાણીઆની જાતમાં પોતાના લંગ્નસંબંધનાં સંયમને લીધે અગ્રેસરપણું મેળવ્યું. નવમા દશમા સૈકામાં वैश्याः ને બદલે वाणिज्य એમ નામ પલટો કરી, સઘળા વ્યાપારી વાણિઆઓમાં ભળી ગયા. તે પણ આપણે જોયું. લગભગ બે હજાર વર્ષના વિવાદી સમયમાં ભાષામાં પણ બહુ ફેરફાર થયો. તેમની જ્ઞાતિની ઉત્પત્તિ સમયે લોક ભાષા સંસ્કૃત હતી. તેમની જ્ઞાતિનું અને ગોત્રોનાં નામ સંસ્કૃત ભાષામાં હતાં. તે પછી સમય જતાં વિવાદી સમયે જેમ સમાજ અને ધર્મમાં પરિવર્તનો કર્યા તેવું પરિવર્તન ભાષામાં પણ થયું. લોક ભાષા સંસ્કૃત હતી તેવી પ્રાકૃત પણ થઇ. તે પ્રાકૃત પછી નવમા દશમા સૈકા પછી અપભ્રંશ ભાષા થઇ તે પછી પંદરમા સૈકામાં જુની ગુજરાતી અને તે પછી સોળમા સૈકામાં હાલની ગુજરાતી થઇ. આપણા ગુજરાત પ્રાંત પુરતો આ ભાષાનો ઇતિહાસ છે. જ્યારે નવમા સૈકામાં वैश्या ના જનોઇ સંસ્કાર ભોજન પ્રબંધ વિગેરે છોડી વાણિઆ જાતીમાં ભળ્યા, ત્યારે પોતાની નાતના ગોત્રનાં નામ સ્વીકારતી સમયે તેમના સમાજ નિયામકોએ અસલ સંસ્કૃત શબ્દોની અર્થ સંપત્તિ સાચવી તે સમયની લોકભાષામાં નવાં નામ સ્વીકાર્યાં. આ નામો કાયમ રહ્યા પરંતુ અર્થ-સંપત્તિ વિસારે પડી, બ્રાહ્મણોએ અર્થ સંપત્તિ પોથી પાનામાં સંગ્રહી રાખી એ પોથી પાનાનું જીવન સાચવવામાં બ્રાહ્મણોએ સમાજની અને જ્ઞાતિની ઉત્તમ

સેવા કરી છે. એમ કહ્યા વિના રહેવાતું નથી. આપણા નીમા વણિક મહાજનના ગોત્રોની અર્થ સંપત્તિ તે સમયના બ્રાહ્મણોએ હરિશ્ચંદ્ર આખ્યાન યાને रुद्रगयोपाख्यानમાં સંગ્રહી રાખી છે તે હસ્ત લીખીત પ્રતોમાં હતી ને તે અલભ્ય હતી. હાલમાં પ્રયત્ન કરતાં તે લભ્ય થઈ છે. પરંતુ આ લોકભાષામાં બોલાતાં ગોત્રનાં નામ અર્થસંપત્તિના જ્ઞાનના અભાવે અરૂચિકર લાગવાં માંડ્યાં. તે તરફ બેદરકારી વધી. તે એટલે સુધી કે એ અરૂચિકર નામોની પણ વિસ્મૃતિ થઇ પડી. પરંતુ લગ્નસંબંધના સંરક્ષણમાં પુરૂષો કરતાં સ્ત્રીઓમાં સારા પ્રમાણમાં વિશ્વાસ અને આગ્રહ છે. તેમણે પોતાના ગોત્રનાં નામ તો નહીં પણ અર્થસંપત્તિ સાચવી રાખી છે. આપણામાં કહેવત છે કે "એકસો ન જાણે જોશી તેટલું જાણે એક ડોસી" આ કહેવતના પુરાવામાં હિંમતભેર ઉભા રહી કહી શકાય છે કે ત્રણ હજાર વર્ષ કરતાં વધારે વર્ષ હયાતિ ભોગવનાર नियमा वाणिज्य ની જ્ઞાતિએ પોતાની કન્યા બીજા કોઇ વાણિઆને દીધી નથી. એટલું જ નહીં પણ પોતાની જ્ઞાતિમાં પોતાના ગોત્રમાં પણ દીધી નથી. કોઈક કદાચ અપવાદ રૂપે હશે, પણ તે જવલે જ. આ વિજ્ઞાન સંરક્ષક વૃત્તિની કદર મારા સદ્‌ગત સન્મિત્ર ગાંધી વાડીલાલ લીંબાભાઇમાં હતી. તે કહેતા હતા કે "એકસો વર્ષના ઇતિહાસમાં કપડવંજ વીશા નીમા વણિક મહાજનમાં ગોત્ર ભંગ થયો મારા જાણવામાં નથી." તેમને આ લોક ભાષામાં બોલતાં ગોત્રના નામોની અર્થ સંપત્તિ જાણવાની બહુ તમન્ના હતી. અને તે માટે મને હંમેશાં પ્રેરણા આપ્યાં કરતા. આ બત્રીસ ગોત્રોની મુળ સંસ્કૃત શબ્દોની હું શોધમાં હતો. प्रयत्ने प्रभु એ કહેવત પ્રમાણે તા. ૧૩-૧૨-૪૮ ની ટપાલમાં હસ્ત લીખીત रुद्र गयोपाख्यान ની એક પ્રત મળી આવી. આ મોકલનાર ગૃહસ્થ ઔદુમ્બર બ્રાહ્મણોમાં સાક્ષર શિરોમણી છે, તેમના કુટુંબમાં વંશપરંપરાગત સંસ્કૃત ભાષાનો અભ્યાસ છે. હાલ ઈન્દોરની હોલકર પાઠશાળામાં સંસ્કૃત ભાષાના પ્રોફેસર છે. તેમના કુટુંબની અટક "શાસ્ત્રી" તરિકે ચાલે છે. તે ભાઇ પાસે પત્ર દ્વારા માગણી કરતાં તે પોતે પત્રમાં લખે છે કે 'આ સાથે હસ્ત લીખિત હરિશ્ચન્દ્ર પુરાણની એક પ્રત મોકલું છું જેનો અર્ધાથી વધારે ભાગ મારા હાથથી જ નકલ કરેલો છે. એમાં વાણિઆઓનાં ગોત્રોનાં નામ સંસ્કૃતમાં જ છે. એમાંનો ઘણોખરો ભાગ જોવા જેવો છે. કારણ આ પ્રતિ ૧૨-૧૫ જુની પ્રતો ઉપરથી કરેલી છે. જે જે પ્રતિમાં જે જે વધારે શ્લોકો મારા જોવામાં અવ્યા છે તે બધાનો સંગ્રહ મેં આ પ્રતમાં કરેલો છે વિગેરે....વિગેરે...." પત્રમાં હરિશ્ચન્દ્ર પુરાણ શબ્દ વાપર્યો છે તે અને रुद्र गयोपाख्यान એ બે એક જ વસ્તુનાં નામ છે. આ એક સબળ પુરાવો અમને મળી ગયો છે. તેમાં ગોત્રનાં મુળ શુદ્ધ સંસ્કૃત નામ તેના સત્ય અર્થ સહિત અમને મળ્યાં છે. ગોત્રનાં નામની વિશુદ્ધિ કરવામાં તથા તેના સત્ય અર્થ મેળવવામાં આ એક અતિ અગ-

ત્યનું પ્રમાણુ ભૂત સાધન મોકલનાર ઔદુમ્બર બ્રાહ્મણુ જ્ઞાતિના શણગાર રૂપ શાસ્ત્રીજી ગોવિંદલાલજી શ્રીધરજીનો આ સ્થળે સંપુર્ણ માન સાથે ઉપકાર માનું છું. કુલગુરૂ તરિકેની ફરજના તેમના વિચારોને, અને સમસ્ત નીમા વણિક મહાજનને પોતાના યજમાન ગણી તેમની પ્રતિ કૌટુંબિક લાગણી ધરાવે છે તે લાગણીને લેખકનાં નમ્ર વંદન હો.

(૨) અર્થ સંપત્તિ મેળવવા માટે બીજું સાધન "શ્રીમદ્ ગદાધર મહાત્મ્ય" નામની છાપેલી ચોપડી મળી છે. તે ઇ. સ. ૧૯૩૪માં બહાર પડી છે. તેના પૃષ્ટ ૧૮૫ની ફુટનોટમાં આ બત્રીસ ગોત્રનાં હાલ બોલાતાં નામ આપ્યાં છે, તે નામ આ ચોપડી ઉપરથી લીધાં છે.

(૩) ત્રીજી એવી હસ્ત લીખિત પ્રત જોવા મળી હતી પરંતુ તે અપુર્ણ હતી. છતાં તેમાં બત્રીસ ગોત્રનાં નામ છે તે છાપેલી ચોપડીમાં છે તેના સરખા જ છે. એટલે છાપેલી ચોપડી તે સબળ પુરાવા તરીકે ગણી લીધી છે.

આ ત્રણ સાધનોથી સિધ્ધ થાય છે કે નીમા વણિક મહાજનમાં ૩૨ ગોત્ર છે. એટલે જથા છે, કુળ છે. બ્રાહ્મણુ, વાણિઆ, રજપૂત વિગેરે સઘળી નાતોમાં ગોત્રનો પ્રબંધ છે જ. શ્રીમાળી વાણિઆમાં ૧૩૫ ગોત્ર છે. ઓસવાળમાં ૧૮ ગોત્ર છે. પોરવાડમાં પણ ગોત્ર છે. રજપૂતોમાં પણ છે. નીમા વણિક મહાજનમાં પણ ૩૨ ગોત્ર છે. ફેર માત્ર એટલો જ છે કે બીજી નાતો અને ગોત્રોનાં જન્મ નવમા દશમા સૈકામાં એટલે અઢાર વર્ણના જન્મ સમયે થયો છે ત્યારે આ નીમા વણિક મહાજનની નાત અને ગોત્રનો જન્મ સમય ચાતુર્વર્ણ્યના સમયમાં એટલે આશરે ત્રણ હજાર વર્ષ અગાઉના સમયના છે. ને તે વખતે બોલાતી ભાષામાં એટલે સંસ્કૃત ભાષામાં છે. તેને ઘણો સમય થયો. તેમાં ભાષાના પરિવર્તનના બળે એ નામો વિકૃત સ્વરૂપે આપણી પાસે હાલ છે. તેની વંશાવળી, (૧) મુળ સંસ્કૃત (૨) પ્રાકૃત અને પછી (૩) દશમા બારમા સૈકાની લોકભાષા ઉપરથી જ હાલની બોલાતી ગુજરાતી ભાષામાં બોલાય છે તે. એમ ત્રણ અંકોડાથી મેળવવા પ્રયત્ન કર્યો. તેમાં પહેલા નંબરના સાધન તરીકે रुद्र गयापारव्यान ની હસ્ત લીખિત પ્રત ઉપરથી પહેલો અંકોડો અમે બીજા નંબરના સાધન શ્રીમદ્ ગદાધર મહાત્મ્યની છાપેલી ચોપડીથી ત્રીજો અંકોડો મળ્યો. હવે વચમાં બીજો અંકોડો એટલે પ્રાકૃત ભાષા કોષ કે પ્રાકૃત ભાષા વિશારદ સેવા ભાવી વિદ્વાનની શોધમાં હતો તેવામાં પરમાત્માની કૃપાથી श्री वर्धमान् आगमंदिर संस्थापक आगमोद्धारक आचार्य श्री सागरानंद સુરીશ્વરજીના શિષ્ય વિદ્વદ્‌રત્ન મુનીમહારાજ श्री चन्द्रोदय सागरजी કે જેઓ સંસ્કૃત તથા પ્રાકૃત એ બન્ને ભાષાના પારંગત છે તેઓના આકસ્મિક મેળાપ થયો. આ મેળાપ જેટલો આકસ્મિક હતો તેટલો જ બલકે તે કરતાં અધિક ઉપયોગી નીવ-

ઉપો. મુની મહારાજ શ્રી चन्द्रोदय सागरजी પુર્વાશ્રમમાં કપડવંજના વીશા નીમા વણિક મહાજનના જ્ઞાતિના મોદી કુટુંબના નબીરા હતા. એ કુટુંબની સાર્વજનિક ઉદારતા અને ગરીબો પ્રત્યેની દયાની લાગણીથી તે કુટુંબ "પાદશાહ"ના ઉપનામથી આખી નાતમાં અને ગામમાં ઓળખાતું આવ્યું છે. સંસારીપણામાં નામ ચંપકલાલ વાડીલાલ મોદી હતું. મોદી વાડીલાલ, તેમના મોટાભાઇ ચુનીલાલ અને તે બન્નેના પિતા લલ્લુભાઇ કેવળદાસ એ બધાઓએ દીક્ષાઓ લઈ આ અસાર સંસારમાંથી દુર થઈ સાધુ જીંદગી સ્વીકારી છે. આવી રીતે પુત્ર પોત્રાદિ સહિત આખું કુટુંબ દીક્ષા માર્ગ સ્વીકારે એવા માત્ર એક બે જ દાખલા છે. આપણા ચંપકલાલ મોદી એ બાલ્યાવસ્થામાં માત્ર તેર વર્ષની ઉમ્મરમાં જ દીક્ષા લીધી હતી. પોતે અખંડ બ્રહ્મચર્યને પ્રતાપે સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષાના વ્યાકરણ અને સાહિત્યના પારંગત થયા છે. તેમની વાણી સત્ય, મધુર અને મોહક છે. માત્ર ત્રીશેક વર્ષની ઉમ્મરમાં સારી રીતે વ્યાખ્યાન કરે છે. આગમ સુત્રોનો અને અને બીજા સંપ્રદાયી ગ્રંથોનો પરિચય બહુ વખાણવા જેવો છે. તેમાં ભાષાઓ ઉપરનો તેમનો કાબુ આ મુલાકાતમાં ઉત્તમ જણાઈ આવ્યો છે. પહેલી મુલાકાતે ગોત્રના સંશોધનની મુશ્કેલી તેમની પાસે રજુ કરી તે સાંભળતાં એ કાર્ય કરવાની પોતે હા પાડી. ગોત્રનો મુળ આધાર પોતે માગ્યો તેથી મને મળેલું પહેલું સાધન રજુ કર્યું. તેનો તેમને જોઇતો ભાગ વાંચી તેની શુદ્ધસ્વરૂપની અને સત્ય અર્થની સંપુર્ણ ચોકસાઇ કરી.

स्कंद गयोपाख्यानના ૨૪મા અધ્યાયના શ્લોક ૫૮થી શ્લોક ૯૨ સુધીના શ્લોકનું વાચન, મનન ને નીદિધ્યાસન ભાષાની દ્રષ્ટિએ કર્યું તે શ્લોકોમાંથી મુળ સંસ્કૃત શબ્દ તેને લાગેલા પ્રત્યયો અને તે બેના ગુજરાતીમાં થતાં સત્ય અર્થ એની તપાસ કરી. વધુ પુરાવામાં શબ્દ ચિન્તામણી કોષ જોઇ તેમાં મળેલા અર્થ સ્વીકારી તેનાં પૃષ્ટ પણ તે શબ્દો સામે નોંધાવ્યા.

આ પછી આવ્યો પ્રાકૃત ભાષાનો વારો. આપણને જે વચલા અંકોડાંની જરૂર હતી તે અંકોડાની આ મુની મહારાજે બહુ ઝીણવટથી છણાવટ કરી. સંસ્કૃતમાંના અર્થવાળો પ્રાકૃત શબ્દ पास क हम्मणो (પ્રાકૃત કોષ) માંથી પર્યાય તથા પ્રત્યયોના અર્થનાં પ્રમાણ શોધી તેના પૃષ્ટની નોંધ કરાવી. તે ઉપરાંત अभिधान राजेंद्र પ્રાકૃત કોષ જેના સાત ભાગ છે, તેમાંથી તેવા પર્યાય શોધી તેના પૃષ્ટની પણ નોંધ કરાવી. આવી રીતે (૧) स्कंद गयोपाख्यानના ચોવીસમા અધ્યાયના શ્લોકનો અંક (૨) શબ્દ ચિંતામણી કોષના પૃષ્ટનો અંક (૩) पास क हम्मणो (પ્રાકૃત કોષ) ના પૃષ્ટનો અંક તથા (૪) अभिधानराजेन्द्र कोष ના ભાગ અને તે નીચે ની પૃષ્ટનો અંક એ રીતે ચાર પ્રમાણો સાથેનું પત્રક બનાવી હાલ બોલાતાં

ગોત્રનાં નામ જે બીજા નંબરના સાધન ઉપરથી લીધાં છે તે નામ દાખલ કર્યાં. એ પછી એ ત્રણે અંકોડાની સાંકળથી ગુજરાતીમાં સર્વ અર્થસંપત્તિ આવી જાય અને સર્વેના સમજવામાં આવે એવી દૃષ્ટિએ ગુજરાતી ભાષામાં લખાયેલા અર્થ અને ભાવાર્થ તપાસી જોયા. ને તે સુધાર્યા પણ ખરા. આવી રીતે ભાષાઓનું શુદ્ધ સ્વરૂપ અને તેના સત્ય અર્થની ચોકસાઇ માટે અસારધાણ જીગરથી તૈયાર કરી સંશોધનનું કામ સાંગોપાંગ પુરૂં કર્યું.

આ પત્રક વાંચવાથી સાધારણ ભણેલા આસ્તિક સ્ત્રી પુરૂષો ગોત્રનાં નામના સત્ય સ્વરૂપ અને સત્ય અર્થથી માહિતગાર થવાથી એ અરૂચિકર નામોનો હવે આદરથી ઉચ્ચાર કરશે એ નિર્વિવાદ છે. લેખકને થયેલ મુનિ મહારાજ श्री चन्द्रोदय सागरजी નો આકસ્મિક મેળાપ અને આ આકસ્મિક મદદ એ બન્ને મળવાથી જે આનંદ થયો છે તે અવર્ણનીય છે. મુનિ મહારાજનો ભેટો ન થયો હોત તો આ અણઉકેલ પ્રશ્ન જેના ઉપર સેંકડો વર્ષથી અજ્ઞાન પડદો પડી ગયો હતો, તે આટલી સલુકાઇથી ખસેડાત કે કેમ? આ વિષયમાં લેખક જ્ઞાનમાર્ગી હોવાથી શ્રી પરમાત્માએજ આ મુનિ મહારાજનો મેળાપ અને ભાષા સંશોધન કરવાની તેમની તમન્ના તે રીતે બન્ને બક્ષિસ તેણેજ આપી છે. એ પરમાત્માને લેખકનાં હજારો વંદન હોજો. મુનિ મહારાજ આટલી નાની ઉમ્મરમાં આટલી વિદ્યા પ્રાપ્ત કરી છે તેની સાથે નમ્રતાનો ગુણ જે સાધુપણાને દીપાવનાર છે તે પણ ઘણા પ્રમાણમાં સંગ્રહેલો છે. તેઓશ્રીએ લીધેલી તસ્દી માટે આભારની લાગણી પ્રદર્શિત કરતાં વચમાંજ પોતે બોલી ઉઠયા કે આવું ભાષા સંશોધનનું કામ કરવાની તમે ( લેખકે ) તક આપી તે માટે તમને ( લેખકને ) ઘણો ધન્યવાદ આપવો ઘટે છે. આ સાંભળી હું તાજુબી સાથે આવાક રહ્યો. તેઓશ્રીના આવા નિર્માની સાધુપણાને લેખકના પ્રેમપુર્વક નમન છે.

अस्तु

# અખિલ હિંદ નિવાસી નીમા વણિક મહાજનના ૩૨ ગોત્રના નામના મૂળ શબ્દો તથા તેની સત્ય અર્થ સંપત્તિ

## દરેક ભાષામાં ગોત્રનું નામ તથા છૂટા શબ્દો અર્થ સહિત

કુલદેવ—શામલાજી. | કુલદેવી—સર્વ મંગલા.

| ભાષા | સંસ્કૃત | | | પ્રાકૃત | | | લોકભાષા | ગુજરાતી |
|---|---|---|---|---|---|---|---|---|
| ગોત્ર નંબર | ગોત્રનું નામ તથા તેના છૂટા શબ્દો અર્થસહિત | रुद्रयोपाख्यान ના ૨૪ માં અધ્યાયના શ્લોકનો અંક. | शब्दचिंतामणी कोषनो पृष्ठनो અંક | ગોત્રનું નામ તથા તેના છૂટા શબ્દો અર્થસહિત | प्राकृत शब्दमहार्णव कोष पा.स.म. ના પૃષ્ઠનો અંક | अभिधान राजेन्द्रकोषना ભાગ અને પૃષ્ઠનો અંક | લોકભાષા તથા હાલની ગુજરાતી ભાષામાં બોલતાં ગોત્રનાં નામ | ગોત્રનો ગુજરાતીમાં અર્થ તથા ભાવાર્થ. |
| ૧ | घृतानयनकम् घृत-ઘી<br>आनयन-લાવનાર<br>कम्-પાદપુરણ અવ્યય | ૫૮ | ૪૩૭<br>૧૪૪<br>૨૪૩ | घिआणयण घिअ-ઘી<br>आणयण-લાવનાર | ૩૮૬<br>૧૩૮ | ભા—૩ જો<br>૧૦૪૦ | ઘીઆણું | ઘી જે નૈવેદ્યમાં પવિત્ર અને ખાસ જરૂરની વસ્તુ છે તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ घृतानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **ઘીઆણું** |
| ૨ | शांखिक [शंख-શંખજેવી દરિઆઈ પવિત્ર વસ્તુ<br>इक-કરનાર | ૫૯ | ૧૨૪૪ | संखिय-( शांखिक )<br>મંગળવસ્તુ | ૧૦૩૯ | ભા—૭ મો<br>૬૫ | સાખી | શંખ જેવી પવિત્ર દરિઆઇ વસ્તુઓનાં ઘરેણાં બનાવરાવી તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ शांखिक અને તે ઉપરથી લોક ભાષામાં **સાખી** |
| ૩ | कुष्ठानकम् [कुष्ठल-પૃથ્વીની સપાટિ-જમીન ભૂમિસ્થળ<br>आनकम्-ઉત્તેજન આપનાર | ૬૧ | ૩૨૭<br>૧૪૩ | कुठाणाणु<br>कुठाण-ખરાબ જગા<br>आणु-લાવનાર | ૧૩૮ | ભા—૩ જો<br>૫૭૮ | કુઠલાણા | પૃથ્વીની સપાટી એટલે જમીનનું સ્થાન જેને જે યોગ્ય હોય તેવી નક્કી કરી આપનાર જથાના ગોત્રનું નામ कुष्ठानकम् ને તે ઉપરથી લોક ભાષામાં **કુઠલાણા.** |
| ૪ | गुडानयनकम् गुड-ગોળ<br>आनयन-લાવનાર<br>कम्-પાદપુરણ અવ્યય | ૬૨ | ૪૧૩<br>૧૪૪<br>૨૪૩ | गुडाणकं<br>गुड-લાલસાકર,ગોળ<br>आण-લાવનાર<br>कम्-કરનાર | ૩૭૨<br>૧૩૭<br>૨૮૧ | ભા—૩ જો<br>૯૦૫ | ગુડાણકં | ગોળ લાવવાનું ઇચ્છનાર એટલે જે ગોળને સારા કામમાં વપરાયછે ને દેવને નૈવેદ્યમાં ધરાવે છે તેવી પવિત્ર વસ્તુ ગોળ તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ गुडानयनकम् અને તે ઉપરથી લોક ભાષામાં **ગુડાણકં** |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ५ | मण्यानयनकं मणि-हीरा, पोખराજ વિગેરે આનયન-લાવવું [રત્ન कम्-પાદપુરણ અવ્યય | ६३ | ९९५<br>१४४<br>२४३ | मण्याणकं<br>मणि-હીરા, રત્ન<br>आणकं-લાવનાર | ८२९<br>१३८ | ભા-૬ જો<br>૯૩ | મણીઆણા | હીરા-પોખરાજ આદી ઝવેરાતનો ધંધો કરનાર વેપારીના જથાના ગોત્રનું નામ मण्यानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **મણીઆણા.** |
| ६ | दध्यानयनकं दधि-દહીં<br>आनयन-લાવવું<br>कम्-પાદપુરણ અવ્યય | ६४ | ५९७<br>१४४<br>२४३ | दह्याणकं दहि-દૂધનું વિકાર પામેલું<br>आण-લાવવું [રૂપ<br>कम्-કરનાર | ५६४<br>१३७<br>२८१ | ભા-૪ થો<br>૨૪૮૭ | દહિઆણા | દુધ-દહીં, માખણ વિગેરે લાવનાર અને તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ दध्यानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **દહીઆણા.** |
| ७ | मह्यानयनकं મહિ-પૃથ્વી<br>आनयन-લાવવું<br>कम्-પાદપુરણ અવ્યય | ६५ | १०२८<br>१४४<br>२४३ | मह्याणयण<br>मही-પૃથ્વી, જમીન<br>आणयण-લાવનાર | ८४५<br>१३८ | ભા-૬<br>૨૩૦ | મહિઆણા | જમીનનો ઉપયોગ કરી શકાય તેવી બનાવનાર જથાના ગોત્રનું નામ मह्यानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **મહીઆણા.** |
| ८ | न्यायानयनकं<br>न्याय-ઈન્સાફ, કાયદા<br>आनयन-લાવવું<br>कम्-પાદપુરણ અવ્યય | ६६ | ७४०<br>१४४<br>२४३ | णायकारिण<br>णायका-ન્યાય કરનાર ન્યાયાધિશ<br>इण-કરનાર | ६०५ | ભા-૪<br>૨૦૦૨ | નૈયાણક | પ્રમાણિકપણાથી ઈન્સાફ કરનાર ને તે પ્રમાણે વર્તનાર જથાના ગોત્રનું નામ न्यायानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **નૈયાણક** |
| ९ | रायानयनकं<br>રૈ-ધન, દોલત, સોનું<br>आनयन-લાવનાર<br>कम्-પાદપુરણ અવ્યય | ६७ | ११०५<br>१४४<br>२४३ | रायाणकं<br>रअअ-રૂપું-ચાંદી<br>आणक-લાવનાર | ०<br>१३८ | ભા-૬<br>૪૧૭ | રહિઆણા | ધન-દોલત-સોનું વિગેરે દ્રવ્ય વાપરનાર અગર લાવી આપનાર જથાના ગોત્રનું નામ रायानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **રહીઆણા.** |
| १० | गुर्वानयनकं<br>गुरु-આચાર્ય, ઘરના વડિલ અથવા गरिअस-ઘણા મોટા ભાવવાળા<br>आनयन-લાવનાર<br>कम्-પાદપુરણ અવ્યય | ६८ | ४१५<br>४०४<br>१४४<br>२४३ | गुरुआणकं<br>गुरुअ-ધર્મોપદેશક<br>आण-લાવવું<br>कम्-કરનાર<br>गरिमन-મોટાપણું | ३७४<br>१३७<br>२८१ | ભા-૩<br>૮૫૦ | ગરીઆણા | ગુરૂઓને પુજનાર તથા મોટાપણાને ઇચ્છનાર એટલે ઉદાર મનવાળા, બીજાને મદદ કરવાની ઇચ્છાવાળા વણિકના જથાના ગોત્રનું નામ गुर्वानयनकम् ને તે ઉપરથીલોક ભાષામાં **ગરીઆણા** |

# અખિલ હિંદ નિવાસી નીમા વણિક મહાજનના ૩૨ ગોત્રના નામના મૂળ શબ્દો તથા તેની સત્ય અર્થ સંપત્તિ

## ૬૨ ભાષામાં ગોત્રનું નામ તથા છૂટા શબ્દો અર્થ સહિત

**કુલદેવ–શામળાજી** | **કુલદેવી–સર્વ મંગલા.**

| અનુક્રમ નંબર | ગોત્રનું નામ તથા તેના છૂટા શબ્દો અર્થ સહિત | रुद्रयोपाख्यान ના ૨૪ માં અધ્યાયના શ્લોકનો અંક | शब्दचिन्तामणि कोष ना पृष्ठनो अंक | ગોત્રનું નામ તથા તેના છૂટા શબ્દો તેના અર્થ સહિત | प्राकृत शब्दमहार्णव कोषपा.स.म. ના પૃષ્ઠનો અંક | अभिधान राजेन्द्रकोषના ભાગ અને પૃષ્ઠનો અંક | લોકભાષા તથા હાલની ગુજરાતી ભાષામાં બોલતાં ગોત્રનાં નામ | ગોત્રના નામના શબ્દના ગુજરાતીમાં અર્થ તથા ભાવાર્થ. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | हर्यानयनकं हरि-ઘોડો<br>आनयन-લાવનાર<br>कम्-પાદપુરણ અવ્યય | ૬૯ | ૧૩૯૬<br>૧૪૪<br>૨૪૩ | हर्याणकं<br>हरि-ઘોડો<br>आणकं-લાવનાર | ૧૧૮૬<br>૧૩૭ | ભા–૭<br>૧૧૮૩ | હરીઆણા | ઘોડા લાવનાર અને વેચનાર સોદાગર વણિકોના જથાના ગોત્રનું નામ हर्यानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **હરીઆણા.** |
| ૧૨ | कम्बलानयनकं<br>कम्बला-કામળી, ધાબળી, શાલ વિગેરે ઉનનું કાપડ<br>आनयन-લાવનાર<br>कम्-પાદપુરણ અવ્યય | ૭૦ | ૨૪૪<br>૧૪૪<br>૨૪૩ | कम्बलाणकं<br>कम्बल-કામળી ઉનનાં કપડાં<br>आणक-લાવનાર | ૨૬૭<br>૧૩૭ | ભા–૩<br>૧૭૯ | કંબલાણા | ઉનની વસ્તુઓ કામળી, ધાબળા, શાલ વિગેરે ગરમ કાપડ બનાવનાર અને વચનાર વેપારીના જથાના ગોત્રનું નામ कम्बलानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **કંબલાણા.** |
| ૧૩ | चम्पकानयनं<br>चम्पक-ચંપા નામનું સુગંધીદાર ફુલ<br>आनयन-લાવનાર | ૭૧ | ૩૯૫<br>૧૪૪ | चम्पकाणकं<br>चम्पक-ચંપાનું ફુલ<br>आण-લાવવું<br>कम्-કરનાર | ૩૯૫<br>૧૩૭<br>૨૮૧ | ભા–૩<br>૧૦૯૭ | ચંપાણક | ચંપો આદિ સુગંધીદાર અને સુરંગી ફુલ પેદા કરનાર અને તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ चम्मकानयनम् ને તે ઉપરથી લોક ભાષામાં **ચંપાણક** |
| ૧૪ | माणिक्यानयनकं<br>माणिक्य-રાતા રંગના ઝવેરાતની જાત<br>आनयन-લાવનાર | ૭૨ | ૧૦૩૨<br>૧૪૪ | माणिक्काणकं<br>माणिक्क-માણેક<br>आण-લાવવું<br>कम्-કરનાર | ૮૦૬<br>૧૩૭<br>૨૮૧ | ભા–૬<br>૨૪૫ | માણિક્કાણા | માણેક એ રાતા રંગની ઝવેરાતની ખનિજ વસ્તુ છે તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ माणिक्यानयनम् ને તે ઉપરથી લોકભાષામાં **માણિકકાણા.** |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | कच्छाश्वानयनं<br>कच्छ-એ નામનો દેશ છે<br>अश्व-ઘોડા<br>आनयन-લાવનાર | ૭૫ | ૨૨૭<br>૧૧૫<br>૧૪૪ | कच्छासआणयणं<br>कच्छा-એ નામનો<br>अस्स-ઘોડા [દેશ છે<br>आणयणं-લાવનાર | ૨૬૬<br>૧૧૬<br>૧૩૮ | ભા−૩<br>૧૮૩ | કચ્છીઆણું | કચ્છદેશમાંથી ઘોડાલાવી અહી વચનાર ઘોડાના વેપારી સોદાગરના જથાના ગોત્રનું નામ कच्छाश्वानयन् ને તે ઉપરથી લોક ભાષામાં **કચ્છીઆણું** |
| ૧૬ | विधानानयनं<br>विधान-વિધિ કરવાની રીત-પ્રકાર<br>आनयनं-લાવનાર | ૭૭ | ૧૧૭૭<br>૧૪૪ | विहाणाणयणं<br>विहाण-શાસ્ત્રોક્ત વીધિ-રીત<br>आणायणं-લાવનાર | ૧૦૧૧<br>૧૩૮ | ભા−૬<br>૧૨૭૪ | વીડવાણા | ધાર્મિક ક્રિયામાં શાસ્ત્રોક્ત વીધિથી પદ્ધતિ બતાવનાર વિધિપુર્વક કામ કરવાનું જાણનાર વિદ્વાનોના જથાના ગોત્રનુ નામ विधानानयनं ને તે ઉપરથી લોક ભાષામાં **વીડવાણા.** |
| ૧૭ | कुल्कं<br>कुठेरक-ધોળી તુળસી | ૭૮ | ૩૧૦ | कुद्र-ગાંધીની દુકાનેથી મળતી વસ્તુઓ | — | ભા−૩<br>૫૭૮ | કઠ | સુગંધીદાર ધુપ, અત્તર, ધુપેલ, અગર બત્તી વિગેરે સુગંધીદાર દ્રવ્યને વેપારીના ગોત્રનું નામ कुल्कम् ને તે ઉપરથી લોક ભાષામાં કઠ. |
| ૧૮ | कूटानयनकं<br>कूट-પત્થર ભાંગવાનો લોખંડનો હથોડો, ઘણુ<br>आनयन-લાવનાર<br>कम-પાદપુરણ અવ્યય | ૭૯ | ૩૦૮<br>૧૪૪<br>૨૪૩ | कुडाणकं<br>कूड-લોખંડનો હથોડો<br>आणकं-લાવનાર | — | ભા−૩<br>૫૭૮ | કૂટાણક | લોખંડની વસ્તુઓના વેપારીના જથાના ગોત્રનું कूटानयनकम અને તે ઉપરથી લોક ભાષામાં કૂટાણક. |
| ૧૯ | चिक्कानयनकं<br>चीक-સહન કરવુ<br>आनयन-લાવનારા<br>कम्-પાદપુરણ અવ્યય | ૮૦ | ૪૬૫<br>૧૪૪<br>૨૪૩ | चिखअआणायणं<br>चिखअण-સહનશીળ-તાવાન, સહિષ્ણું<br>आणयणं-લાવનાર | ૪૦૭<br>૧૩૮ | — | ચિખલાણુ | સહનશીળતા અને ધીરજવાન્ ગુણવાળા વણિકોના જથાના ગોત્રનું નામ चिक्कानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **ચિખલાણુ.** |
| ૨૦ | दत्तानयनकं<br>दत्त-આપેલું ધીરેલું સંભાળેલું, રક્ષેલું<br>आनयन-લાવનાર<br>कम-પાદપુરણ અવ્યય | ૮૧ | ૫૬૬<br>૧૪૪<br>૨૪૩ | दत्ताणयणं<br>दत्त-આપેલું, સ્થાપિત, થાપણુ<br>आणयणं-લાવનાર | ૫૫૯<br>૧૩૮ | ભા−૪<br>૨૪૪૯ | દત્તાણું | આપેલું લાવનાર. ધીરધારનો ધંધો કરનાર વેપારીના ગોત્રનું નામ दत्तानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **દત્તાણું** |

# અખિલ હિંદ નિવાસી નીમા વણિક મહાજનના ૩૨ ગોત્રના નામના મૂળ શબ્દો તથા તેની સત્ય અર્થ સંપત્તિ

## ૬૨ ભાષામાં ગોત્રનું નામ તથા છૂટા શબ્દો અર્થ સહિત

कुलदेव–शामळाजी. | कुलदेवी–सर्व मंगला.

| અનુક્રમ નંબર | ગોત્રનું નામ તથા તેના છૂટા શબ્દો અર્થ સહિત | रुद्रयोपाख्यान ના ૨૪ માં અધ્યાયના શ્લોકનો અંક | [illegible] | ગોત્રનું નામ તથા તેના છૂટા શબ્દો તેના અર્થ સહિત | प्राकृत शब्दमहार्णव कोष पा. स. म. ના પૃષ્ઠનો અંક | अभिधान राजेन्द्रकोषના ભાગ અને પૃષ્ઠનો અંક | લોકભાષા તથા હાલની ગુજરાતી ભાષામાં બોલાતા ગોત્રના નામ | ગોત્રના નામના શબ્દોના ગુજરાતીમાં અર્થ તથા ભાવાર્થ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | विद्रुमानयनं<br>विद्रुम-પરવાળાં<br>आनयन-લાવનાર | ૮૨ | ૧૧૭૭<br>૧૪૪ | विद्रुमाणकं<br>विद्रुम-પરવાળાં<br>आणकं-લાવનાર | ૬૮૦<br>૧૩૮ | ભા–૬<br>૧૧૯૫ | વિદ્રુમાણક | પરવાળાં જે ઔષધમાં કામ આવે છે એ પરવાળાંના વેપારીના જથાના ગોત્રનું નામ विद्रुमानयनं ને તે ઉપરથી લોક ભાષામાં **વિદ્રુમાણક.** |
| ૨૨ | कट्वानयनकं<br>कटु-તીખોરસ, તીખાશ<br>आनयन-લાવનાર<br>कम्-પાદપુરણ અવ્યય | ૮૩ | ૨૨૯<br>૧૪૪<br>૨૪૩ | कडुआणकं कडुअ-તીખા, કડવા રસ<br>आण-લાવવું [વાળા<br>कम्-કરનાર | ૨૭૩<br>૧૩૭<br>૨૮૧ | ભા–૩<br>૨૦૭ | કડુઆણા | તીખું–કડવું તેલ સરશીયું, ડોળીયું, ઉ કણત્રીઉ વિગેરે તેલના વેપારીના જથાના ગોત્રનું નામ कट्वानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **કડુઆણા.** |
| ૨૩ | वडवानयनकं<br>वाडव-સમુદ્રનો અગ્નિ<br>आनयन-લાવનાર<br>कम्-પાદપુરણ અવ્યય | ૮૪ | ૧૧૫૨<br>૧૪૪<br>૨૪૩ | वडवाणकं<br>वडवा-સમુદ્રની અગ્નિ<br>आण-લાવવું<br>कम्-કરનાર | ૬૨૦<br>૧૩૭<br>૨૮૧ | — | વડવાણું | સમુદ્રમાંના અગ્નિ વડવાનલ જેવા શ્રેષ્ઠ અગ્નિ સંબંધી જ્ઞાન ધરાવનાર દાવાનલ વિગેરેની દેખરેખ રાખવનાર જથાના ગોત્રનું નામ वडवानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **વડવાણું.** |
| ૨૪ | यानानयनं<br>यान-રથ, ગાડી, પાલખી વિગેરે વાહન<br>आनयन-લાવનાર | ૮૫ | ૧૦૭૨<br>૧૪૪ | जाणाणकं<br>जाण-રથાદિ વાહન નૌકા, જહાજ<br>आण-લાવવું<br>कम्-કરનાર | ૪૪૧<br>૧૩૭<br>૨૮૧ | ભા–૪<br>૨૪૪૯ | જાણાણક | જવા આવવાનાં સાધનો ગાડું, ગાડી, વહાણ, હોડી વિગેરે સાધન રાખનાર ને પ્રજાને પુરા પાડનાર જથાના ગોત્રનું નામ यानानयकं અને તેઉપરથી લોક ભાષામાં **જાણાણક.** |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૫ | नीरानयनकं<br>नीर-પાણી, જાત, રસ<br>आनयन-લાવનાર<br>कम्-પાદપુરણ અવ્યય | ૮૬ | ૭૨૯<br>૧૪૪<br>૨૪૩ | णीराणकं<br>णीर-પાણી, જળ,<br>आण-લાવવું<br>कम्-કરનાર | ૫૧૬<br>૧૩૭<br>૨૮૧ | ભા—૪<br>૨૧૫૩ | **નીરાણું** | જળમાર્ગે વેપાર કરનાર અને પાણીની પરબો વિગેરેની વ્યવસ્થા કરનાર જથાના ગોત્રનું નામ नीरानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **નીરાણું.** |
| ૨૬ | मंडनानयनकं<br>मंडन-ઘરેણાં, શણગાર<br>આભુષણ<br>आनयन-લાવનાર | ૮૭ | ૯૯૬<br>૧૪૪ | मंडणाणं<br>मंडण-આભુષણ<br>શણગાર<br>आणं-લાવનાર | ૮૨૧<br>૧૩૮ | ભા—૬<br>૧૮ | **મંડઆણું** | દાગીના, ઘરેણાં, અલંકાર વિગેરે તૈયાર કરાવી વેચનાર વેપારીના જથાના ગોત્રનું નામ मंडनानयनम् તેઉપરથી લોક ભાષામાં **મંડઆણું.** |
| ૨૭ | कचानयनकं<br>कच-વાળ-કેશ<br>आनयन-લાવનાર<br>कम्-પાદપુરણ અવ્યય | ૮૮ | ૨૨૬<br>૧૨૪<br>૨૪૩ | कयाणु<br>कय-કેશ, વાળ<br>आणु-લાવનાર | ૨૮૩<br>૧૩૮ | ભા—૩<br>૩૪૬ | **કચલાણું** | ઉન—રેશમ—વાળ વિગેરે લાવી તેને ઉપયોગી બનાવરાવી તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ कचानयनकम ને તેઉપરથી લોક ભાષામાં **કચલાણું.** |
| ૨૮ | मानानयनकं<br>मान-માપવું, માપણી<br>કરવી ચોકસાઇ કરવી<br>आनयन-લાવનાર<br>कम्-પાદપુરણ અવ્યય | ૮૯ | ૧૦૩૪<br>૧૪૪<br>૨૪૩ | मयाणकं<br>माण-માપ, પરિમાણ<br>मया-ચોકસાઈ કરવી<br>आणकं લાવનાર | ૮૪૯<br>૧૩૭ | ૧—૬<br>૨૩૮ | **મયાણક** | વસ્તુઓના તોલ—માપ—વજન વિગેરેનું નિયમન કરનાર, ચોક્કસ કરનાર તે માટે ત્રાજવા-કાટલાં, જોખ વિગેરે રાખનાર વેપારીના ગોત્રનું નામ मानानयनकम् ને તેઉપરથી લોક ભાષામાં **મયાણક.** |
| ૨૯ | गुडधानानयनं<br>गुड-ગોળ-સાકર<br>धाना-ધાણા<br>आनयन-લાવનાર | ૯૦ | ૪૧૩<br>૬૫૧<br>૧૪૪ | गुडधाणाणकं<br>गुड-લાલ સાકર<br>धाणा-એક જાતનો<br>મસાલો<br>आणक-લાવનાર | ૩૭૨<br>૬૦૦<br>૧૩૭ | ભા—૩<br>૯૦૫ | **ગુલદાણા** | ગોળ—ધાણા—સાકર વિગેરે શકનવંતી વસ્તુઓના વેપારીના જથાના ગોત્રનું નામ गुडधानानयनं ને તે ઉપરથી લોક ભાષામાં **ગુલદાણા.** |

# અખિલ હિંદ નિવાસી નીમા વણિક મહાજનના ૩૨ ગોત્રના નામના મૂળ શબ્દો તથા તેની સત્ય અર્થ સંપત્તિ

## ૬૨ ભાષામાં ગોત્રનું નામ તથા છૂટા શબ્દો અર્થ સહિત

**कुलदेव–शामलाजी**. **कुलदेवी–सर्व मंगला.**

| અનુક્રમ નંબર | ગોત્રનું નામ તથા તેના છૂટા શબ્દો અર્થ સહિત | रुद्रयशोपाख्यान ના ૨૪ માં અધ્યાયના શ્લોકનો અંક | [illegible] ના અંક | ગોત્રનું નામ તથા તેના છૂટા શબ્દો તેના અર્થ સહિત | प्राकृत शब्दमहार्णव कोषपा.स.म. ના પૃષ્ઠનો અંક | અભિધાન રાજેન્દ્રકોષના ભાગ અને પૃષ્ઠનો અંક | લોકભાષા તથા હાલની ગુજરાતી ભાષામાં બોલતા ગોત્રના નામ | ગોત્રના નામના શબ્દોના ગુજરાતીમાં અર્થ તથા ભાવાર્થ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦ | मंचानयनकं<br>मञ्च-ઉંચું આસન, ઉંચો મંડપ<br>अनायन-લાવનાર<br>कम्-પાદપુરણ **અવ્યય** | ૯૧ | <br>૯૯૪<br><br>૧૪૪<br>૨૪૩ | मञ्चाणकं<br>मञ्च-ઉંચું આસન<br><br>आण લાવવું<br>कम्-કરનાર | <br>૮૨૦<br><br>૧૩૭<br>૨૮૧ | ભા–૬<br>૧૭ | **મંચઆણું** | લગ્ન-સભા-સાજનું-યજ્ઞ વિગેરે માટે મંડપ બાંધવાની અને તેને શણગારવાની વસ્તુઓ રાખનાર અને તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ **मञ्चनयनकम्** ને તે ઉપરથી લોક ભાષામાં **મંચઆણુ.** |
| ૩૧ | खरिकानकं<br>खरिका-કસ્તુરીનો ભૂકો<br>आनकं-ઉત્તેજન આપનાર લાવનાર | — | ૩૮૭<br>૧૪૩ | खरिआणकं<br>खरिआ-કસ્તુરીનો ભૂકો<br>आण-લાવવું<br>कम-કરનાર | — | ભા–૩<br>૭૨૩ | **ખરીઆણું** | કસ્તુરી જેવી મોંઘી ને ઉપયોગી વસ્તુ બહાર દેશાવરથી મંગાવી તેનો વેપાર કરનાર વાણિકોના ગોત્રનું નામ खरिकानकम् અને તે ઉપરથી લોક ભાષામાં **ખરીઆણુ.** |
| ૩૨ | जीवानयनकं<br>जीव-ચૈતન્ય ઉત્સાહ, પ્રેરણા<br>आनयन-લાવનાર<br>कम-પાદપુરણ અવ્યય | — | ૫૦૧<br>૧૪૪<br>૨૪૩ | जियाणकं<br>जिय - પરાભવ પામેલા જીતાયેલા<br>आणकं-ઉત્તેજને આપનાર | ૪૪૪<br>૧૩૮ | ભા–૪<br>૧૫૧૧ | **જીયાણકું** | હારેલાઓને અને નિર્બલ, નિરૂત્સાહિ થયેલાને જીવન વ્યવહારની વસ્તુઓ આપી તેમને જીવવાને તૈયાર કરનાર દયાળુઓના ગોત્રનું નામ जीवनयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **જીયાણકું.** |

ગોત્રના મુળશબ્દો તથા તેની અર્થસંપત્તિ સમજવા માટે કેટલીક સુચનાઓ:—

૧ ગોત્રોના નામોનો અનુક્રમ रूद्रगयोपाख्यान ના ૨૪ મા અધ્યાયના ૫૮ મા શ્લોક થી શરૂકરી તે અનુક્રમે ત્રીસ ગોત્રોનાં નામ લીધાં છે

૨ છેલ્લાં બે નામ रुद्रगयोपाख्यान ના ૨૪ મા અધ્યાયમાં નથી પરંતુ શ્રીમદ્ ગદાધર મહાત્મયની છાપેલી ચોપડીમાં પૃષ્ઠ ૧૮૫ માની ફુટનોટમાં એ બે નામ છે. ને તેમના અર્થ शब्द चिन्तामणि કોષ તથા પા. સ. હ. પ્રાકૃત કોષમાં અને अभिधान राजेन्द्र કોષમાં એમ ચાર સ્થળે પ્રમાણ મળી આવ્યાથી તેમના મુળ શબ્દ ને અર્થ દાખલ કર્યા છે.

૩ નીચે જણાવેલાં છ ગોત્રનાં નામ શ્રીમદ્ ગદાધર મહાત્મ્યની ચોપડીમાં છે પરંતુ ૧ रुद्रगयो पाख्यान ૨ शब्द चिन्तामणि कोष ૩ पा.स. ह પ્રાકૃત કોષને ૪ अभिधान राजेन्द्र कोष એમ ચારેમાંથી એકપણ સાધનમાં તેમનાં નામ કે છુટા શબ્દો કે સત્યઅર્થ એમાનું કશું મળી આવ્યું નહીં તેથી તે મૂળશબ્દથી બહુ વિકૃત સ્વરૂપમાં ગયા જાણી તેમને છોડી દીધા છે.

૩ કોગણુંક, ૪ શુંબાણુક ૧૨ બોરીઆણું ૧૩ ઉબરાણું ૧૬ બચવાણું ૧૮ ઢીકકાણું

૪ નીચે જણાવેલ છ ગોત્રનાં મૂળશબ્દો તથા સત્ય અર્થસંપત્તિ ઉપર જણાવેલાં ચાર સાધનોમાંથી મળી આવ્યાથી તેમણે દાખલ કર્યા છે.

(૧) નં. ૪ શુકાણુક (૨) નં. ૧૨ કંબલાણું (૩) નં. ૧૪ માકિણુકાણું (૪) નં.૨૧વિદ્રુમાણુક (૫) નં. ૨૨ કંડુઆણું (૬) નં. ૨૪ જાણાણુક.–મળીને–૬

૫ પ્રાકૃત ભાષામાં " न " અક્ષરને બદલે " ण " અક્ષર વપરાય છે. જુઓ પા. स. म. પૃષ્ઠ–૬૦૫

૬ પ્રાકૃત વ્યારકણમાં બીજા સામાન્ય નિયમો ઘણા છે, પણ તે જાણવાની આ સ્થળે જરૂર નથી. માત્ર " न " ને બદલે " ण " " य " ને બદલે " ज " ને " ર " રકારને બદલે તેની પછીનો અક્ષર બેવડાય છે. જેમ ' सर्व ' ને બદલે सव्व ધર્મને બદલે धम्म. કર્મને બદલે कम्म આ નિયમને આધારે विद्रुम ને બદલે "विद्दुम" પ્રાકૃતમાં થયું છે એ દ્રષ્ટિએ વાંચવા તથા વિચારવાની સુચના છે.

૭ આ અર્થ સંપત્તિ સંપુર્ણ હોવાનો દાવો લેખક તેમજ વિદ્વાન સંશોધક પણ કરતા નથી. એમાં કંઇ ભૂલ કોઈ આસ્તિક વિદ્વાનને જણાય ને તે પ્રકાશકને લખી જણાવશે ને તે સત્ય હશે તો ઉપકાર સાથે સ્વીકારવામાં આવશે.

ગોત્રના નામના શુધ્ધ સ્વરૂપ અને સત્ય અર્થ સંપત્તિ ઉપર ઘણા સમયથી અજ્ઞાન પડદો ફરી વળ્યો હતો. તે અત્યારે કંઇક ખસી કંઇક પ્રકાશ તેજ સત્યનાં કિરણોના અજવાળાં દેખાવાની શરૂઆત થઈ છે. આશા છે કે આ પ્રકાશ, તેજ. સત્યનો લાભ, સમસ્ત નીમા વણિક મહાજનના સભ્યો લેઇ એ અરૂચિકર શબ્દોને પ્રેમપુર્વક અપનાવી લગ્નસંબંધમાં થનારી ક્રિયામાં આદરપુર્વક ભાગ લેશે તો લેખક, સંશોધક, પ્રકાશક તેમ જ અન્ય સહાયકોને અનહદ આનંદ થશે. પરમાત્મા સૌને આસ્તિક સદ્દબુદ્ધિ પ્રેરે એજ પ્રાર્થના.

અસ્તુ.

# प्रकरण १ मु

## गोत्रनीं महत्ता

આઠમા પ્રકરણમાં ગોત્રના નામના શબ્દોનું મુળ તથા તેના ભાષાવાર સત્ય અર્થ, શાસ્ત્ર સિદ્ધરીતે સંશોધન કરીને આપ્યા છે. તેથી સમસ્ત નીમા વણિક મહાજનની દરેક વ્યક્તિને ગોત્ર ના જ્ઞાનની જરૂરિઆત કેટલેક અંશે આવકાર દાયક લાગશે, એ નકકી છે. છતાં લેખકને તેટલાથી પુરતો સંતોષ થતો નથી. કારણ કે ઘણી પેઢી પરંપરાથી ગોત્રના અર્થ ઉપર અજ્ઞાન પડદો એવો તો ઢંકાઇ ગયો હતો કે તે હાલમાં પડદા રૂપે નહીં રહેતાં મૂળ વસ્તુ સાથે એક રૂપ થઇ ગયો છે. આ પડદો એક વખતના પ્રયાસે હઠી જાય એ અશકય છે. ઘણા મેલા કપડાને સાબુ દઇ ગરમ પાણીમાં બાફી અનેક વખત ધોઇએ ત્યારે તે મેલ જેવો તેવો છુટો થાય એવી રીતે આમાં પણ કંઇ વધારે પ્રયત્ન કરવાની જરૂર છે. લેખકને વિશ્વાસ છે કે " प्रयत्ने प्रभु " એ ન્યાયે અત્યાર સુધીના આ કાર્યમાં અણુચિંતવી મદદ અને સિદ્ધિ મળી છે તેવી જ રીતે આ પ્રયત્નમાં પણ અણુચિંતવી મદદ મળી છે તે આ નીચે ઉતારવામાં આવી છે. આશા છે કે તેની સિદ્ધિ પણ તેવી જ રીતે મળશે.

હાલની આપણી વ્યવસાયી જીંદગીમાં દરેકના હ્રદયમાં એક એવી માન્યતા ઘર કરી બેઠી જે કે "જુનાં પોથાં તે તો બધાં થોથાં." તે એટલે સુધી કે હ્રદયમાં તો શું પણ લોહીના દરેક પરમાણુંમાં એટલે નસેનસમાં આ માન્યતા ઓત પ્રોત થઇ ગઇ છે. તેથી તે સંબંધી પોતે વિચાર સરખો પણ કરતા નથી પણ જો કોઇ તે સંબંધી વિચાર રજુ કરે અગર વાટાઘાટ કરવા માગે તો તેને ઉપહસનીય ગણી ઉતારી પાડે છે, ને નિરૂત્સાહિ બનાવી દે છે. ખાસ તેવાઓને અને બીજાઓને પોતાની આ કહેવત વાળી માન્યતા અજ્ઞાનતાને લીધે જ છે. અને તેનાં માઠાં ફળ આપણે ભોગવીએ છીએ તે જણાવવા અને સમજાવવા જુનાં પુસ્તકોમાંથી કેટલાંક કેટલાંક સત્યોં, જેને આપણે આજ સુધી ખોટાં ને કાલ્પનિક ગણતા હતા તે અત્યારે સાચાં માનતા થયા છીએ તેવાં ટાંકી બતાવ્યાં છે તે ઉપર વિચાર કરી પોતાની અજ્ઞાનજનક માન્યતા દૂર કરવા નમ્ર સૂચના છે.

ઘણા જુના સમય પછીના એટલે આજથી પચીસસેં વર્ષ ઉપરના મહાન્ સિકંદરની ચઢાઇના સમય ઉપર દ્રષ્ટિ કરીશું તો તે સમયમાં તક્ષશિલા અને કાશીની વિદ્યાપીઠો, નલન્દનનો ઉપાશ્રય, ઉજ્જયિનીની વેધશાળા, વાલ્મિક, કશ્યપ,

વિશ્વામિત્રઆદિ ઋષિઓનાં ગુરૂકુળો વિગેરે સંસ્થાઓ હિંદના લોકોને દરેક બાબતમાં જ્ઞાન-ભોજન ઘણી ઉત્તમ રીતે આપતા. એ જ્ઞાનભોજન, સમાજ અને ધર્મ પરિવર્તનના પંદરસેં વર્ષ લગભગના સમયમાં પ્રજાએ ઘણી સારી રીતે ખાધું, પચાવ્યું, ને વધાર્યું. તે સમય દેશમાં અહિંસક અને સત્યના આધાર ઉપર હરિફાઇ ચાલતી ને માત્ર વાગયુદ્ધો થતાં. એક બીજાથી ચઢતા થવા અને આમ પ્રજાને આકર્ષવા તે સમયના હરિફો પોતાની બુધ્ધિનો ઉપયોગ અહિંસક રીતે જ કરતા. જેથી દરેક બાબતમાં શોધ ખોળ થઈ ને ભૌતિક તેમ જ આધ્યાત્મિક જ્ઞાનનો વધારો થતો ગયો. દેશ તે વખતે સ્વતંત્ર હતો. જેથી પ્રજાએ આ વધારાના જ્ઞાનનો આસ્વાદ ઘણી સારી રીતે ભોગવ્યો. તે આપણે સુવર્ણયુગના સમયમાં જોયું છે.

આ પછી એટલે વિ. સં. અગીઆરમા સૈકાથી શરૂ થઇ વિ. સં. અઢારમા સૈકા સુધી દેશ, ધર્માંધ, વિધર્મી, દ્રવ્ય અને સત્તાના લોભી એવાઓના કબજામાં પડયો જેથી હિંદુ સંસ્કૃતિની દરેક બાબતને મરણતોલ ફટકા સહન કરવા પડયા. પોતાનાં જ્ઞાન – ધર્મ – દ્રવ્ય – સંસ્કૃતિ – વિગેરે સાચવવાને અનેક કષ્ટો અનેક વર્ષો સુધી સહન કરવાં પડ્યાં. અને તે સમયમાં પુસ્તક પાનાં દરિઆમાં ને દ્રવ્ય જમીનમાં સંતાઇ ગયાં. ને જેમ તેમ કરી હિંદુઓ પોતાની જીંદગી ગુજારવાં લાગ્યા. એને આ બધું મેળવેલું જ્ઞાન ને સંસ્કારને છોડવાં પડયાં, આમાંથી જે કંઇ બાકી રહ્યું હતું તે ઓગણીસમાં સૈકામાં યુરોપિઅન ચકોર પ્રજા આવી તેણે પાણીના મુલ્યે આ બધા જ્ઞાન ભંડારના સાધનો પોતાને ત્યાં લઇ ગયા. ત્યાં તેનો ઉપયોગ કરી પોતાના નામનો રંગઢંગ ચઢાવી નવાં નવાં પુસ્તકો, હુન્નર ઉદ્યોગો સ્થાપી દુનિઆમાંથી પોતે કીર્તી અને દ્રવ્ય પોતાના દેશના લોકોને ભોગવવા આપ્યું. આ વખતે આ સંસ્કારી પણ પરતંત્ર હિંદ હતાશની નજરે બધું જોઇ રહી. આ કાળમીઢ સમયમાં જતાં જતાં આપણી પાસે રામાયણ અને મહા ભારત એ બે ઐતિહાસિક ગ્રંથોનો વારસો રહ્યો છે. તે ગ્રંથોમાંથી રામાયણ નાં કેટલાક દાખલા આ નીચે ટાંકયા છે.

(૧) શ્રી રામચંદ્રજી લંકાથી પુષ્પક વિમાનમાં બેસી અયોધ્યા આવ્યા તેને હવે અત્યારે સત્ય માનીએ છીએ.

(૨) હિંદ અને લંકા વચ્ચે ટુંકામાં ટુંકા જળ માર્ગ ઉપર નળ, નીલ, અંગદ, જાંબુબાન આદિ ઇજનેરોએ પૂલ બાંધ્યો તેને હાલ વસાઇની ખાડીનો પૂલ જોઇને તે પૂલની વાત સત્ય માનીએ છીએ.

(૩) વિમાન માર્ગે છત્રીધારીઓ અધ્ધરથી શહેરમાં પ્રવેશ કરે છે તે જોઇને હનુમાનજી અશોક વાડીમાં સીતાજીને મળ્યા હોવાનું સત્ય માનવું પડે છે.

(૪) ઇંદ્રજીતને હાથે લક્ષ્મણજીને સાંગ (તલવાર) વાગી તેથી તે મુર્છિત થયા તે માટે અમુક પર્વત ઉપરથી અમુક વનસ્પતિ અમુક સમયમાં આવે તો લક્ષ્મણજી સાજા થાય એવું શ્રીમાન રામચંદ્રજીના લશ્કરમાં હાલની રેડક્રોસ સોસાયટી જેવી કોઇ સંસ્થા હોય અને તેમાં વનસ્પતિના ગુણજ્ઞ આયુર્વેદી વૈદે બતાવ્યું હોય એમ અત્યારે કબુલ કરવું પડે છે. અને હનુમાનજી જેવા શક્તિ-શાળી વિમાની તે ટેકરી ઉપર જઈને ત્યાંથી વનસ્પતિ કાપી તેનો ગાંસડો ધારેલા સમયની અંદર લાવી આપ્યો તે વાત પણ હવે કબુલ કરવી પડે છે,

(૫) લક્ષ્મણજી તે સમયના વિજ્ઞાન શાસ્ત્રીઓમાં અને તેમાં ખાસ विधुत शास्त्र ના જ્ઞાનમાં પારંગત હતા તે વાત સર્વને સુવીદિત હતી. તેથી શ્રીમાન रामचन्द्रजी એ જ્યારે સીતાજીને વાલ્મિક ઋષિના આશ્રમમાં સંન્યાસિની દિક્ષા લઈ જીવન પુરૂં કરવા લક્ષ્મણ સાથે મોકલ્યાં તે સમયે લક્ષ્મણજીએ વાલ્મિક ઋષિના આશ્રમ નજીક સીતાજીને લઈ જઈ તેમને શ્રીમાન્ રામચંદ્રજીનો સંદેશો કહ્યો. તે સાંભળી સીતાજી નહીં ગભરાતાં લક્ષ્મણજીના વિજ્ઞાનની મદદ માગી. આથી લક્ષ્મણજીએ સીતાજીથી અમુક અંતરે જઈ પોતાની પાસેના વિધુત વાહક યંત્રમાંથી પૃથ્વીમાં વિધુત પ્રવાહ મુકયો તેના બળે જમીન પહોળી થઈ ને સીતાજી અંદર સમાઇ ગયાં તે પછી વિધુત પ્રવાહ ખેંચી લેતાં જમીન પોતાની મુળ સ્થીતિમાં આવી ગઈ. આજ સુધી આ વાતને આપણે કલ્પનામય સમજતા હતા પરંતુ અત્યારે જ્યારે વિધુત સાધનોથી નહીં જાણેલા બનાવો નજરે જોઈએ છીએ ત્યારે લક્ષ્મણ-જીની વિધુતશાસ્રની વાત આપણે સત્ય છે એમ માનવું પડે છે.

(૬) રામાયણના સમયના श्रीमान रामचन्द्रजी ના સહાયકોને આપણે હજુ સુધી વાનર સમજીએ છીએ તે પણ ભયંકર ભુલ છે આર્યલોકો હિંદમાં આવ્યા તે પહેલાં ત્રણ હજાર વર્ષ અગાઉથી ભૂમધ્ય સમુદ્રના કિનારાથી સિંધ અને પંજાબમાં આવેલાને मोहन जोडेरा જેવાં નગરો વસાવી ત્યાં રહ્યાં, એ નગરો ઉપર સિંધુ જળનો જળ પ્રલય થયો ત્યારે ત્યાંથી દક્ષિણમાં ગયા તે द्राविड કહેવાયા. તેમનું પ્રથમ આગમન સ્થાન मोहन जोडेरो " નામ ના શહેરનું મુળસ્થાન હાલમાં મળી આવ્યું છે, તેમનું વર્ણન કરવાનું આ સ્થાન નથી, તેના ઉપર " हिंदनी अति प्राचिन संस्कृति " એ નામનો લેખ ગુજરાત શાળા પત્ર પુ. ૬૭ અંક. ૩ માહે માર્ચ સને ૧૯૨૮ના પૃષ્ટ ૭૩માં આપેલો તે વાંચવાથી ખાત્રી થશે કે. આ द्राविडो કેટલા જુના વખતથી સંસ્કારી અને પાવરધા હતા તે ખ્યાલમાં આવશે. તેમના વંશજોને આપણે વાંદરાં કહી અવગણિએ એમાં આપણી અજ્ઞાનતા અને વિચાર શકિતની ઉણપ એજ મુખ્ય કારણ છે. શ્રીમાન રામચંદ્રજીને આપણે પુર્ણ પુરૂષોત્તમ અવ-તારી ભગવાન માનીએ છીએ તેઓ આવા વાંદરાંની મદદ માગે એ માનવું એ

બીલકુલ ખોટું છે. તેઓ વિજ્ઞાનીઓ, મુત્સદ્દી, આયુર્વેદજ્ઞ, લડાયક અને નીતિવિષયકમાં પારંગત હતા અને તેમના તે સદ્દગુણો જોઇને જ શ્રી રામચંદ્રજીએ તેમની સાથે મૈત્રિસંબંધ કર્યો હતો, હવે આપણને ખાત્રી થાય છે કે "જુનાં પોથાં એતો થોથાં" એ માન્યતા ભુલ ભરેલી અજ્ઞાન મુલક છે. જેથી હવે એ માન્યતાને દુર કરવા દરેકને નમ્ર સૂચના છે.

આવો જ વર્તાવ આપણા ગોત્ર સંબંધનો છે. ચાતુર્વર્ણ્યનાં સમયમાં ગોત્ર અને વર્ણનો જન્મ થયો તે સમયના વૈજ્ઞાનિકોને ગોત્રના ગુણદોષનું જ્ઞાન ધાર્મિક અને સામાજીક દ્રષ્ટિએ સંપુર્ણ હતું એટલું જ નહિં પણ વિજ્ઞાન દ્રષ્ટિએ તો તે કરતાં પણ વધારે જ્ઞાન હતું. પરંતુ એ વિચિક્ષણ વિજ્ઞાનિઓને માનવશક્તિના જોખમ સામે થવાના દોષની પણ તેટલી જ ખબર હતી. તેથી તેમણે ગોત્રના ગુણદોષની ભીષણતા આમ પ્રજા આગળ ખુલ્લી ન કરતાં તેને ધાર્મિક અને સામાજીક બંધનમાં ગોત્રને પ્રથમ સ્થાન આપી દીધું. અને એ રીતે આખી પ્રજાને આ જ્ઞાનનો દુરૂપયોગ કરી છિન્નભિન્ન થતી ને અધોગતિને રસ્તે જતાં બચાવી લીધી છે. ગોત્રભંગને ધાર્મિક વટહુકમથી ગુન્હો ઠરાવ્યો, અને વંશની સંસ્કૃતિની વિશુધ્ધિના સાધનમાં ગોત્રની પ્રથાને અતિ આવશ્યક અંગ ઠરાવ્યું, કે જેથી કોઇ તેનું ઉલ્લંઘન કરવાની હિમ્મત કરી શકે નહીં. આ ધાર્મિક વટહુકમથી ગોત્રની પ્રથા સઘળી કોમમાં આજસુધી અસ્ખલિત રીતે ચાલી રહી છે. આ લેખ લખતી વખતે ખબર પડે છે કે જાદવ કુળમાં જન્મ લઇ આહિરને ત્યાં ઉછરેલા श्री कृष्ण भगवान् નાં લગ્ન રાધિકાજી સાથે થયેલાં તે રાધિકાજીના પિતાના ગામનું નામ बरसाणा છે, એ બરસાણાનો કોઇપણ રહીશ श्री कृष्ण भगवान् નું જન્મ સ્થાન मथुरा અને ઉછેરસ્થાન गोकुल એ બે ગામના સર્વજનિક જળાશયનું પણ પાણી સરખું વાપરતા નથી તો પછી બીજા સંપર્કની તો વાત જ શી? આ સિવાય આપણા જીલ્લાના ધારાળા ભાઇઓ જે ગામમા પોતાની દીકરી આપી હોય તે ઘરને, તેના કુટુંબને અને તેના ગામ સુધ્ધાંતને "પુજા" એટલે "પુજ્ય" ગણી તેમની મહેમાનગીરી કે હુકો તમાકુ કે પાણી સરખું પણ વાપરતા નથી તો પછી બીજા સંપર્ક અને વ્યવહારની તો વાત જ શી હોય? આવા ધાર્મિક વટહુકમનો આવો પ્રવાહ હજુ ચાલ્યાં કરે છે. તેની પ્રબળતા જાણવા આ દાખલા ટાંક્યાં છે.

ગોત્રના ગુણદોષ સંબંધી વિજ્ઞાન દ્રષ્ટિએ વિવેચન કરતાં આપણા જુના વારસામાં મળેલો જ્ઞાનનો ઢગલો તો અગીઆરમા સૈકાથી અઢારમા સૈકાના અંત સુધીના કાળમીઠ યુગમાં દરિઆની તળીએ જઇને બેઠો, અને જે કંઇ જુનાં પુસ્તકો હતા, તે ઓગણીસમા સૈકાની શરૂઆતથી યુરોપખંડની ચકોર પ્રજા અહીં આવી તેઓ પાણીના મુલ્યે લઇ ગયા. ને તેને પોતાના જ્ઞાનના રંગઢંગ ચઢાવી

નવા વૈજ્ઞાની તરિકે દુનિઆમાં પ્રચાર કરી કીર્તિ દ્રવ્યથી પોતાના દેશને સમૃધિવાન બનાવ્યો. પશ્ચિમના વિજ્ઞાનિકોએ આ બાબત અથાક મહેનતથી સારૂં જ્ઞાન એકઠું કરેલ છે. પાશ્ચિમાત્ય પ્રજનન શાસ્ત્ર પણ આ વિષયમાં ઉપયોગી માહીતિ પુરી પાડે છે. આ વિષયનો અભ્યાસ, રા. રા. નગીનલાલ વાડીલાલ ગાંધી જે કપડવંજ દીવાની કોર્ટમાં સરકારી વકીલ અને એડવોકેટ છે તેમણે સારો કરેલો છે. આ ભાઇ નગીનલાલ તે લેખકના સદ્ગત સન્મિત્ર વાડીલાલ લીંબાભાઇ કે જે આ પુસ્તકના મુળ ઉત્પાદક છે, તેમના જ્યેષ્ટ પુત્ર થાય. તેઓ માત્ર જ્ઞાતિ સેવાની ધગશને લેઈને આ કાર્યમાં સલાહ અને દોરવણી આપી રહ્યા જે. તેમને આ પુસ્તકોનાં પ્રકરણો વંચાવતાં ગોત્ર સંબંધીનું તેમનું તત્વજ્ઞાન મારી મદદે ધસી આવ્યું. એ ભાઈએ ગોત્ર સંબંધીનું વિજ્ઞાનદ્રષ્ટિએ મેળવેલું જ્ઞાન મને સમજાવ્યું, કહી સંભળાવ્યું. તે સમયે માગણી કરતાં વિના સંકોચે એક નિબંધ લખી આપવાનું પોતે જણાવ્યું. જેના પરિણામે ગુજરાતીમાં નિબંધ લખી આપ્યો છે તેની અક્ષરશઃ નકલ આ નીચે ઉતરી છે.

"મુળ પુરૂષથી ઉતરી આવેલા અનેક પેઢીના સ્ત્રી પુરૂષો એક ગોત્રના એટલે "ગોત્રી" કહેવાય છે. તે દરેક સ્ત્રી પુરૂષને ચોક્કસ પ્રકારના ગુણ ધર્મવાળા જંતુઓ, રજકણો, કે પરમાણુંઓ પેઢીઓગતથી જન્મ સાથે શરીરમાં ઉતરી આવેલા હોય છે. તે ગુણ ધર્મવાળું પુંકેસેર [ સ્પર્મ ] Sperm અને અંડ (ઓવા) ovа હોય છે. એક સ્પર્મ અને એક ઓવાના સંયોગથી બાળકની ઉત્પતિ થાય છે. દરેક ઓવામાં ૨૪ જોડ ક્રોમોઝોમ્સ Chromosomes હોય છે. સ્પર્મમાં ૨૩॥ જોડ અને કોઇમાં ૨૪ જોડ ક્રોમોઝોમ્સ chromosomes હોય છે. ૨૩॥ જોડના ક્રોમોઝોમ્સવાળા સ્પર્મનો સંયોગ ઓવા સાથે થાય છે તો તેનું ફળ પુત્ર હોય છે. જયારે ૨૪ જોડના ક્રોમોઝોમ્સ વાળા સ્પર્મનો સંયોગ ઓવા સાથે સાથ તો તેનું ફળ પુત્રી હોય છે. દરેક બાળકને માતા તરફથી ૨૪ અને પિતા તરફથી ૨૩ અગર ૨૪ chromosomes ક્રોમોઝોમ્સ વારસામાં મળે છે.

દરેક ક્રોમોઝોમ્સની અંદર સેંકડો પરમાણુંઓ હોય છે. તે દરેક પરમાંણુંનું નામ "જન" છે. દરેક બાળકને ઉપર જણાવ્યું તે રીતે તેની માતા અને પિતા તરફથી અનેક "જન" વારસામાં મળે છે. અને તમામ પ્રકારની વંશ પરંપરાગત રીતે જે જે શક્તિઓ, ત્રુટિઓ, ગુણદોષ, બુધ્ધિ, શરીર, લોહી, માંસ,

---

ફુટ નોટઃ—આ સબંધી વધુ માહીતી જાણવાની ઇચ્છાવાળા જીજ્ઞાસુને "YOU AND HEREDITY." BY AMRAM SCHEINFELD. EDITED BY J. B. S. HALDANE. 1939 CHATTO AND WINDUS LONDON. પુસ્તકમાંથી મળી રહેશે.

રૂપરંગ, વજન વિગેરે અનેક વસ્તુઓ બાળકમાં ઉતરી આવે છે તે તમામનું આદિ કારણ ઉપર જણાવેલ "જન" છે. "જન" ના કદના પ્રમાણમાં તેની શક્તિ આશ્ચર્ય કારક છે. એક સંયોગ વખતે પુરૂષના વીર્યના માત્ર એકજ ટીપામાં સ્પર્મ (પુંકેસર) સંખ્યા દશ કરોડ સુધીની હોય છે.

ઓવાનું કદ છાપેલી ચોપડીમાંના પુર્ણવિરામના ટપકાથી પણ કમી છે. એક સ્પર્મનું કદ ઓવાથી હજારેક ગણું નાનું હોય છે. એક સ્પર્મમાં ૨૪ ક્રોમોઝોમ્સ અને એક ક્રોમોઝોમ્સમાં સેંકડો "જન" હોય છે. આવી રીતે "જન" ના કદનો ખ્યાલ, તર્ક શક્તિની ઇશ્વરી બક્ષીસ જેમને હશે તેમનેજ આવશે. "જન" નું કદ નાનામાં નાની દેખી શકાય તેવી ચીજથી લાખો ગણું સુક્ષ્મ અને તેનાથી પણ અતિસુક્ષ્મ, અત્યંત સુક્ષ્મ છે. "જન" ની શક્તિ કેટલી? બાળકને વારસામાં મળતી તમામ શક્તિ, અશક્તિ, ગુણદોષ, રૂપ, રંગ, વગેરે તમામનું આદિકરણ "જન" છે.

એક"જન" ની અંદર લાખોના હિસાબે એટમ હોય છે. જેવા પ્રકારના "જન" એવા પ્રકારનાં શરીર અને મન ઘડાય છે. બુદ્ધિ, સ્વભાવ, સદ્ગુણ, દુર્ગુણ વિચાર, વાણિ વગેરે અનેકનો વિધાતા આ "જન" છે. બહારના સંયોગો, સમાજની રૂઢિઓ, તથા બંધનો, આબોહવા વગેરે અનેક "એનવાયરમેન્ટ" (વાતાવરણ) બાળકને અસર કરે છે. અને બાળકના વારસાઇ ગુણદોષમાં સુધારો વધારો યાને ફેરફાર કરે છે. છતાં મુળ ભૂત વસ્તુનો વિધાતા (નિર્માતા) તો આ "જન" છે. "જન" અનેક જાતના છે. તેનું વિગતવાર વર્ણન કરવાનું આ સ્થાન નથી. આ કામ પુરતી જરૂરી છે કે:– દરેક "જન" બાળકની અમુક અમુક શારીરિક, માનસિક, તેમજ આધ્યાત્મિક શક્તિઓને અગર ઉણપોને તે ઉત્પન્ન કરે છે.

ચામડીના રંગ, આંખની કીકીનારંગ, વાળનારંગ, નાકનીઅણી, ચહેરાનોઘાટ, શરીરની ઉંચાઇ, પહોળાઇ, જાડાઇ, હાથપગની લંબાઇ, અગર ટુંકાઇ, હૃદય, ફેફસાં વિગેરે શરિરના અનેક ભાગોની રચના તથા બંધારણ ઉપર વર્ચસ્વ આ "જન" નું છે. કોકેશીઅન અને આર્ય પ્રજાનાં શરીર પણ તે કારણથીજ એકજ ઘાટનાં હોય છે. સીદીનાં શરીર પણ "જન"ના કારણથી જુદા પ્રકારનાં હોય છે.

"જન" ના શ્વેત અને શ્યામ નામે બે વિભાગ વૈજ્ઞાનિકોએ પાડયા છે. આ વિભાગ "જન" ના રંગના નહીં પણ ગુણના છે, સદ્ગુણ સાત્વિકપણું ઉપયોગીપણું વધારનાર "જન" તેને શ્વેત "જન" કહ્યા છે. તામસગુણ, નિરૂપયોગીપણું સ્વાર્થી, દુખદ, રોગિષ્ઠ ઇત્યાદી વધારનાર "જન" તે શ્યામ (બ્લેક) કહ્યા છે. દાખલા તરિકે આંખની જોવાની શક્તિના "જન" ગુણમાં બે પ્રકારના છે એક "શ્વેતજન" ને બીજો "શ્યામજન". આંખની જોવાની શક્તિને નુકશાન કરે છે. બાળકને મા તેમજ બાપ બન્ને તરફથી જો એક "શ્યામજન" વારસાઇમાં મળ્યો હોય તો તે "જન" ની શક્તિ વિકસીત થતી નથી. પણ સુષુપ્ત અવ-

શ્યામાં રહે છે. પરંતુ મા અગર બાપ તરફથી બે અગર વધુ શ્યામ (બ્લેક) "જન" વારસાઇમાં મળ્યા હોય તો તે શ્યામ "જન" ની શક્તિ વિકસીત થાય છે. પરિણામે તે "જન" થી બાળકને વેઠવા પડે છે. આંખની શક્તિ બાબતના બે શ્યામ "જન" બાળકને વારસાઇમાં મળે તો તેની આંખની જોવાની શક્તિ ને હાનિ પહોંચશે. અને ત્રણ અગર વધુ શ્યામ "જન" મળ્યા હોય તો અંધાપા સુધી આંખને હાનિ કર્તા થઈ પડશે.

ડાયાબીટીસ (મધુ પ્રમેહ), હાર્ટડીઝીસ (હૃદય રોગ), કેન્સર અને ટયુબર કયુલોસીસ (ક્ષય) જેવાં દરદો વારસાઇથી ઉતરી આવે છે. આજ રીતે ચામડીનો રંગ, આંખનો રંગ, વાળનો વર્ણ, વિગેરે અનેક ચીજો બે અગર વધુ "જન" થી નિર્મિત થયેલી હોય છે તે ચીજ સ્પષ્ટ અને વ્યાપક રીતે બાળકમાં ઉતરી આવશે. પરિણામે શ્વેત "જન" ના ગુણો અને શ્યામ "જન" ના દોષો સ્પષ્ટ અને વ્યાપક રીતે બાળકમાં ઉતરી આવશે. ગુણ કરતાં દોષ વધુ ગ્રહણ કરવાની શક્તિ સાધારણ રીતેજ વિશેષ હોવાથી એકજ ગુણધર્મના "જન" વારસાઇમાં મળે તો ગુણ કરતાં દોષ વધુ પ્રમાણમાં વારસાઇમાં ઉતરી આવે અને તે દોષો પરિપુર્ણ વિકસીત થાય.

એકજ ગોત્રના સ્ત્રી અને પુરૂષનું લગ્ન થવાથી તેમનાં બાળકમાં એકજ જાતના "જન" ની સંખ્યા વધુ ઉતરી આવવાનો સંભવ છે. તે કારણે તે બાળકોમાં શારીરિક, માનસિક, તેમજ આધ્યાત્મિક વધુ પડતા ગુણો અગર વધુ પડતા દોષો ઉતરી આવે અને ઉપર જણાવ્યું તેમ ગુણ કરતાં દોષો વધુ ઉત્કૃષ્ટપણે પ્રગટ થવાનો સંભવ છે. આ કારણ સર એકજ ગોત્રનાં સ્ત્રી પુરૂષનો "લગ્નસબંધ" વર્જ્ય (ત્યાજ્ય) ગણવામાં આવ્યો છે. જે જે કોમમાં એકજ સ્ત્રી પુરૂષોનાં લગ્ન કરવાની છુટ છે તે તે કોમની લાંબા ગાળે અવનતિ થયેલ છે. તે હકીકત ઇતિહાસથી સાબીત થાય તેમ છે.

શ્યામ "જન" થી ઉતરી આવતા વારસાઇથી મળી શકતા કેટલાક રોગો જેવાકે ડાયાબીટીશ (મધુ પ્રમેહ), હાર્ટડીઝીસ (હૃદયરોગ), કેન્સર, ટયુબરકયુલોસીસ (ક્ષય), ચાઇલ્ડ હુડ (રૂપેરીઝુલ), હાઇબ્લડ પ્રેશર, અલસર, અસ્થમા (દમ) હેમોફીલીઆ (લોહી બંધ ન થવું) લેથલ્સ કીડની ડીઝીસ, કમળો, એલરજી, ઈડીઅસી અને બીજી માનસિક અપુર્ણતાઓ, ઇનસેનીટિ, આંખના દરદો, કેટેરેક, મોતીઓ, એકઝીમા (ખરજવું) મોસી આંખ, બહેરાશ, રંગનો અંધાપો, રતાંધળાપણું, દાંતના દર્દો, શરીરના બાંધાના પ્રકાર (નીચાપણું), પેટાલીસીટા, ચામડીની વિચિત્રતા અને તેના રંગ, વાળના રંગ, તથા વળાંક, હાલીઆપણું, માથાની તાલ, શરીરના અવયવની ખોડ, ચામડીનાં ચાઠાં, વિગેરે.

કેટલાક "જન" ની ખાસ વિલક્ષણતા એ છે કે તેઓ જીંદગીના અમુક વર્ષ વીત્યા પછીજ અસર કરે છે. એકજ કુટુંબમાં અમુક વર્ષ બાદજ ક્ષય અગર

તેવા રોગ કુટુંબીઓને અસર કરે છે. વિજ્ઞાનની આ હકીકત જ્યોતિષ્ય શાસ્ત્રને આડકતરી રીતે સાબીતિ આપતી રહે છે. વળી "જન" માનસિક અસાધારણ શક્તિઓ ઉત્પન્ન કરે છે. દુનિઆના પ્રવિણ સંગિત શાસ્ત્રીઓની વારસાઇ જોતા તેમને તેમના વડિલો તરફથી સંગિતના "જન" વારસાઈમાં બે કરતાં વધુ "જન" મેળવનાર ઉત્કૃષ્ઠ કોટિના સંગિતકાર હતા. ઘણી નાની ઉમ્મરમાં તેમની શક્તિ વિકસીત થયેલી હતી. તે આ "જન" ના પ્રતાપે જ થયેલી હતી. આગેવાન વ્યક્તિઓના વડવા ઘણા કેશમાં પુરૂષો હતા.

**જૈનશાસનમાં ગોત્ર** ની જણાવેલી **મહત્તા.**

જૈન ઇતિહાસમાં ગોત્રને ઘણી અગત્યતા આપવામાં આવી છે. દરેક તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ વિગેરે શલાકા પુરૂષો ઇશ્વાકુ, હરિવંશ, વિગેરે અમુક ઉચ્ચ ગોત્રમાંજ જન્મ લે છે. એટલુંજ નહીં પણ આત્માનાં બંધનમાં આઠ કર્મમાં ગોત્ર કર્મને એક કર્મ તરિકે જણાવેલું છે. કલ્પસુત્ર વિગેરે શાસ્ત્રોમાં શ્રી આદીશ્વર ભગવાનને ઈક્ષ્વાકુ કુળ યાને ગોત્રના જણાવેલ છે. આ કુળની શ્રેષ્ઠતા એટલી હદ સુધી જણાવેલી છે કે શ્રી આદીશ્વર ભગવાન પછી તેમની અગણિત પેઢીઓ સુધીના સંતાનો જન્મથીજ એટલી ઉચ્ચ કોટિના હતા કે તેઓ તમામ મોક્ષે ગયેલા. સત્યવાદી હરિશ્ચન્દ્ર રાજા પણ ઈક્ષ્વાકુ કુળના હતા તેમ હાલના ઇતિહાસકારો જણાવે છે. શ્રી મહાવીર સ્વામી ભગવાન જન્મથી "કશ્યપ" ગોત્રના હતા. તેમને સંબોધનાર્થે "કાશ્યપ" શબ્દ જૈન ધર્મ સુત્રોમાં વાપરવામાં આવ્યો છે. ગોત્રની મહત્તા જૈન ઇતિહાસમાં એટલે સુધી આપવામાં આવી છે કે મહા પુરૂષો ઘણી વખત તેમના નામથી નહીં પણ ગોત્રના નામથી ઓળખતા હતા. શ્રી મહાવીર સ્વામિજીના મુખ્ય ગણધરનું નામ જૈન ઈતિહાસમાં "ગૌતમ" નામથી પ્રસિદ્ધ છે. ગૌતમ તેમના ગોત્રનું નામ છે. તેમનુ નામ ઇન્દ્રભુતિ હતું. જૈન ઈતિહાસ ગોત્રના નામથી ઓળખાતા અનેક સ્ત્રી પુરૂષોનાં નામથી ભરપુર છે.

શ્રી મહાવીર સ્વામીના ૨૭ સત્તાવીશ ભવોનું જીવનચરિત્ર પણ ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એટલે ગોત્ર કર્મનુંજ આખ્યાન છે. શ્રી આદીનાથ ભગવાનના સુપુત્ર ભરત ચક્રવર્તીના સુપુત્ર મરિચીના ભવમાં પોતાના તે વખતના અને ત્યાર પછીના ઉચ્ચ ગોત્રના અભિમાનના પાપકર્મના પરિણામે તેઓને વખતો વખત નીચગોત્રમાં જન્મ લેવો પડેલો. અને તે પ્રમાણે કર્મ ભોગવતાં છતાં શેષ રહેલું કર્મ તેમના છેલ્લાં અને તીર્થંકર તરિકેના ભવમાં ૮૨ બ્યાસી દિવસ પર્યંત પણ ભોગવવું પડેલું. શ્રી મહાવીરસ્વામિજીનું ચરિત્ર ગોત્રના મહત્તા માટે સચોટ ઉદાહરણ છે.

જૈન ઇતિહાસમાં પણ એકજ ગોત્રમાં લગ્નનો પ્રતિબંધ છે. ચોથા આરાના છેવટના ભાગમાં "વંશોત્પત્તિ" જૈન ઇતિહાસ પ્રમાણે તેમજ અર્વાચીન વિજ્ઞાન

પ્રમાણે "બાય-સેકસ્યુઅલ" હતી, એટલે એક સ્ત્રી અને એક પુરૂષની જોડી યાને "યુગલ" એકી સાથે અવતરતું. તે યુગલ વળી એક સ્ત્રી અને એક પુરૂષની જોડીને જન્મ આપી કાળધર્મ પામતું તેઓ "યુગલીઆ" કહેવાતા. આવાં "બાય-સેકસ્યુઅલ" જંતુઓ હાલપણ પ્રાણી સૃષ્ટિમા હયાત છે. "Gynaundro morph," "ગાયન્ડ્રોમોર્ફ" Drosophela ડ્રોસોફીલા દાખલા રૂપ છે. વંશોત્પત્તિની આ પ્રથા શ્રી આદીશ્વર ભગવાન સુધી ચાલી. પહેલી વખતેજ તેઓશ્રીએ તેમની સાથે જન્મેલી સાથે અને તે ઉપરાંત તેમની સાથે નહીં જન્મેલી એવી બીજી સ્ત્રી સાથે એમ બે સ્ત્રીઓ સુનંદા અને સુમંગળા સાથે લગ્ન કર્યાં. તે રીત, તે સમય સુધી ચાલતી આવેલી પ્રથાથી વિરૂદ્ધ હતી. વળી તે લગ્નોથી એક પુત્ર અને એક પુત્રીને બદલે એકસો પુત્રો અને બે પુત્રીઓનો વસ્તાર પણ થયો. બાય-સેકસ્યુઅલ પ્રથાનો તેમણે અંત આણ્યો. યુગલીયા યાને એક ગોત્રમાં લગ્ન કરવાની પ્રથા બંધ થઇ. અને ભિન્ન કુળના પૂરૂષ અને ભિન્ન કુળની સ્ત્રી જોડે લગ્ન કરવા ઠર્યું. શ્રી આદીનાથજીના પુત્ર પૈકી ભરત અને બહુબલજી પરણેલા હતા. તેઓ જુદા કુળ યાને ગોત્રની સ્ત્રીઓ સાથે પરણેલા. તેઓ સાથે જન્મ પામેલી "બ્રાહ્મી" અને "સુંદરી" સાથે પરણેલા નહીં. શ્રી આદીશ્વર ભગવાનના વખતથી એકજ ગોત્રનાં સ્ત્રી પુરૂષોને પરણવાની પ્રથા બંધ કરવામાં આવી. એકજ ગોત્રમાં લગ્ન કરવાની પ્રથા યુગલીઆ અવસ્થા સુંધી ચાલી ત્યાં સૂધી શ્રી આદીશ્વર ભગવાન તથા ત્યાર પછી ત્રીપૃષ્ટ વાસુદેવ સિવાય તીર્થંકર ચક્રવર્તિ વિગેરે ૬૩ ત્રેસઠ શલાકા પુરૂષો પૈકી કોઇપણ શલાકા પુરૂષનો જન્મ થયો નથી. તે હકીકત એક ગોત્રમાં લગ્ન નહીં કરવા બાબત પુરતો પુરાવો છે.

સંપાદક:— ગાંધી નગીનલાલ વાડીલાલ.

એડવોકેટ—કપડવંજ

ગોત્રના ગુણદોષની સમીક્ષા વિજ્ઞાનદૃષ્ટિએ ઘણી સારી રીતે ભાઇ નગીનલાલે કરી છે. આં ભાઇને પોતાના વકીલના ધંધાને ખપતા કાયદાના જ્ઞાન ઉપરાંત, જ્યોતિષનું, વિજ્ઞાનનું, સામુદ્રિકનુ તથા વંશોત્પત્તિ વિગેરે શાસ્ત્રોનું જ્ઞાન મેળવવાનો શોખ છે. તેમની કર્તવ્યનિષ્ઠા પરાકાષ્ટાએ પહોંચેલી હોવાથી આ શોખથી મેળવેલા જ્ઞાનનો લાભ કોઇને આપવાનો વખત તેમને મળતો નથી. માત્ર જ્ઞાતિપ્રેમની ખાતરજ ઉપર જણાવેલા બે વિધાનો લખી આપ્યાં છે તે બહુ અસરકારક અને સૌને જાણવા લાયક છે. આવાં વિધાનો લખી આપી અમારા પુસ્તકને શોભાવ્યું છે તે માટે આ સ્થળે અમારા એ યુવાન ભાઇને ધન્યવાદ આપીએ છીએ. પરમાત્મા તેમને દીર્ઘાયુ અને જ્ઞાનપિપાસુ વૃત્તિ બક્ષો. એજ પ્રાર્થના કરી વિરમીએ છીએ.

ગોત્રની ધાર્મિક, સામાજિક, વૈજ્ઞાનિક તેમજ જૈન ઐતિહાસિક રીતે ચર્ચા કરવામાં આવી છે. એકજ ગોત્રમાં લગ્ન કરી કોઇપણ વ્યક્તિઓ આવું ભયંકર

અને મહાન દુઃખ વહોરવાની વાત સરખી પણ કરે નહીં, એવી લેખકને ખાત્રી થાય છે. નીમા વણિક મહાજન જે ચાતુર્વર્ણ્યના સમયની ચાલતી આવેલી નાત છે, તે જ્ઞાતિએ બ્રાહ્મણો જેટલોજ સંયમ પાળી પોતાની કન્યા પોતાનાં ૩૨ ગોત્ર બહાર કોઈને હજુ આપી નથી આવા સંયમને લીધે તેમની બુદ્ધિ, મગજશક્તિ આચારવિચાર, ગૃહસ્થ આશ્રમના કુળદેવ, કુળાચાર વિગેરે બ્રાહ્મણોની માફક સાચવી રાખ્યાં છે આ સાચવતાં જ્ઞાતિને અનેક સમય સુધી અનેક કષ્ટો વેઠવાં પડયાં હશે તે વેઠીને પણ પોતાનાં કુળધર્મની મુડી [ પોતાની નાત અને ગોત્ર ] સાચવી રાખી છે. તેના ફળ તરિકે બ્રાહ્મણો અત્યારે જે અઢારે વર્ણમાં પુજ્ય અને શ્રેષ્ઠ મનાય છે તેમ ૮૪ ચોરાસી નાતના વણિકોમાં આ નાત "મહાજન" તરિકે અને તેના અગ્રણી 'નગરશેઠ' તરિકેની માનપ્રદ પદવી ભોગવે છે આવી પવિત્ર નાતનો વારેસો ભોગવનાર નીમા વણિક મહાજનની દરેક વ્યક્તિ આવા દરજ્જાની નાતના પોતે નબીરા છે તે ખ્યાલમાં રાખી નાત-ગોત્ર અને કુળ ધર્મને અજવાળે એવાં કૃત્યો તરફ પ્રેરાય તેવી નમ્ર સુચના છે. પ્રભુને અમારી પ્રાર્થના છે કે અમારી આ સુચનાને ફળપ્રદ બનાવો.

तथास्तु० ભર્તૃહરી નીતિશતકમાં એક શ્લોક છે કેઃ—

आर्यावृत्त

॥ अज्ञ सुखमाराध्य, सुखतर माराध्यते विशेषज्ञ;
॥ ज्ञान लवणिदग्धं, ब्रह्मापिम नरंनरजयति. ॥

ગુજરાતીમાં અર્થ अज्ञ નહીં જાણનાર માણસ થોડી મહેનતે સમજી શકે છે. વધારે સમજુ અને જ્ઞાની માણસ તે કરતાં વધુ સરળતાથી સમજે છે. પરંતુ થોડું જાણનાર અને બાકીનું નહી જાણનાર [ અર્ધદગ્ધ ] ને તો બ્રહ્મા પણ સમજાવી શકતા નથી તો માણસની તો તેવાઓને સમજાવવાની તાકાતજ શી ? મતલબ કે તેવા માણસોને સાધારણ મનુષ્ય સમજાવી શકતાજ નથી. જેથી આવા માણસોને સમજાવવાનું યાને સીધે માર્ગે ચઢાવવાનું કાર્ય તો શ્રી કુળદેવ શ્રી દેવ-ગદાધરરાય [ શામળાજી ] ના ચરણમાં વિનંતિ કરી તેમનેજ સોંપવું કે જે પોતાનાં બાળકો નીમા વણિક મહાજન અને તેમના કુળગુરૂ ઓદુમ્બર બ્રાહ્મણોની દરેક વ્યક્તિને યથાયોગ્ય નીતિ વિષયક આ ધાર્મિક રસ્તે જવાની પ્રેરણા આપે. तथास्तु०

॥ इतिश्री. ॥ शुभंभवतु.

# प्रकरण १० मु

અખિલ હિંદ નિવાસી દશા અને વીશા નીમા વણિક મહાજનની વસ્તીવાળાં પ્રાંતવાર સ્થળો ને તેમાં ઘર તથા મનુષ્યની સંખ્યા આ પ્રકરણમાં જણાવવામાં આવી છે. આ વસ્તીના આંકડા પત્રવ્યવહારથી કે બીજી સંસ્થાઓનાં છાપેલાં નીવેદનમાંથી લીધેલા છે. પત્રવ્યવહારની છેલ્લી તારીખ સંવત્ ૨૦૦૫ના ચૈત્ર શુદ–૧૫ બુધવાર તા. ૧૩–૪–૪૯ સુધીની છે.

નિયમા વાણિજ્ય ઉર્ફે નીમા વણિક મહાજનની નાતનો જન્મ સમય, જન્મસ્થળ, તેમનાં હાલમાં ચાલતાં ૩૨ ગોત્ર આદિની હકીકત આગળના પ્રકરણોમાં બની શકી તેટલી પ્રમાણભૂત સામગ્રીથી વર્ણવેલી છે. ઉપલક દૃષ્ટિથી આ હકીકત કેટલાકને આધુનિક અને ઓછી વિશ્વાસપાત્ર લાગે છે ને તેથી તેઓ શંકાની દૃષ્ટિએ આ બાબતપર બહુ આસ્તિક નજરે જોતા નથી કે વિચારતા નથી આ માટે કેટલોક ખુલાસો કરવો આવશ્યક છે.

નિયમા વૈશ્ય એ હરિશ્ચંદ્ર રાજાના સમયની એક ચાતુર્વર્ણ્યમાંની એક વર્ણનો અમુક ભાગ છે. વૈશ્ય વર્ણ દ્વિજ એટલે બે વખત જન્મેલી. એક વખત જન્મપામવો ને બીજી વખત યજ્ઞોપવિત એટલે જનોઈ સંસ્કાર પામવો એમ બે વખત જન્મ તેને દ્વિજ કહે છે. એ દ્વિજ વર્ગમાંનો આ એક ભાગ છે. સત્યવાદી હરિશ્ચન્દ્રરાજા અયોધ્યામાંથી કલ્પગ્રામ કે રૂદ્રપુરી પોતાની અંગત સેના, કારભારીઓ, સેવકો, ઇત્યાદિ લઈને આવ્યા ત્યારે પ્રજાને અને સાથેના બીજાં માણસોને સાધન સામગ્રી પુરીપાડવાને અમુક જથાને તે કામ સોંપ્યું ને તેમના જથાના વેપાર ધંધા ઉપરથી તેમનાં નામ એટલે ગોત્ર સ્થાપ્યાં. જે એ લોકોને પણ પોતાના ધંધા માટે અને સંસ્કાર વિશુદ્ધિ તથા લગ્નસંબંધ માટે એ ગોત્રો આવશ્યક સાધન થઇ પડયું. આ ચાતુર્વર્ણ્યના સમયમાં વર્ણ-સંકરતા વધી, વસ્તી પણ વધી, લોકો નિયમનની બહાર જવા લાગ્યા, ઉઘાડાછોગ બ્રાહ્મણોના કાબુના ત્રાસથી કંટાળી બળવો કરવાની તૈયારીમાં હતા. તે માત્ર કોઇ આગેવાનજ શોધતા હતા. તેવા સમયમાં ક્ષત્રિય દ્વિજ જાતિમાંથી મહાત્મા શ્રી ગૌતમ બુદ્ધ મહારાજ નામે અવતરી આગેવાન પેદા થયા. તેમણે ધાર્મિક ઝુંડો ફરકાવ્યો. ને ત્રાસેલા તથા અધીરા લોકોની ધાર્મિક ભૂખ ને તૃષા સંતોષી. તે સમયની લગભગ સમીપમાં ક્ષત્રિય દ્વિજ વર્ણમાંથી સત્ય અને અહિંસા તથા ત્યાગના તપસ્વી તરિકે શ્રીમન્ તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામિ અવતારી પેદા થયા. તેઓશ્રીએ પોતાના મંતવ્યથી

ઉપદેશી ઘણી અજ્ઞાન પ્રજાની ધર્મની ભૂખ અને તૃષા મટાડી. આ બન્ને મહાન આચાર્યો અને તેમના અનુયાયીઓ અને ચાતુર્વર્ણ્યના બ્રાહ્મણો આગેવાનો અને તેમના અનુયાયીઓ વચ્ચે લગભગ પંદરસો વર્ષ સુધી એક સરખી સાઠમારી ચાલી. આ સમયમાં બ્રાહ્મણોએ પોતાના કુળના બાળકોને આચાર વિચારમાં ચુસ્તપણે જાળવી રાખ્યા. જે કોઇ ઉછ્ંખળ થઇ નિયમ બહાર જાય તો તેમને બહિષ્કૃત કરવામાં જરાપણ પાછીપાની કરી નહીં. જેથી પંદરસેં વર્ષે જ્યારે દેશની પ્રજા ધાર્મિક ઝઘડામાંથી નીકળી હિંદુ ધર્મમાં દાખલ થઈ, ત્યારે પોતાની સંસ્કૃતિની વિશુદ્ધિ અને લગ્ન સંબંધની પ્રણાલિકા સાચવી રાખી હતી તેની મદદના બળે નવાધર્મમાં પણ તેજ આગેવાન રહ્યા. અને બીજી પ્રજાએ 'वर्णानाम ब्राह्मणो गुरु' એ વાક્ય સિદ્ધ માન્યું. આ સમયે આપણા નિયમા વૈશ્યો પણ બ્રાહ્મણોની માફક પોતાની સંસ્કાર વિશુદ્ધિ, ગૃહસ્થાશ્રમના નિયમો, લગ્ન વિશુદ્ધિની પ્રાણાલિકા સાચવી રાખેલી. આ પંદરસો વર્ષના ધર્મ પરિવર્તનના સમયમાં ભલે ગમે તે ધર્મના અનુયાયી થયા હોય પરંતુ ગૃહસ્થાશ્રમના આચાર વિચાર, કુળદેવ ને કુળદેવીનું યજન પુજન અને જન્મ મરણ ને પરણુ સમયનું તે દેવ-દેવીઓનું આહ્વાન વિગેરે વીધિસાચવી રાખ્યાં હતાં. તેમના કુલગુરૂ બ્રાહ્મણો તે પણ તેમની સાથમાં હતા. જે કોઇ આ ઉછ્ંખલ સમયમાં શિસ્ત પાલનમાં એટલે ગૃહસ્થાશ્રમના કુલધર્મોમાં શીથિલ માલમ પડ્યોકે પોતે બળવો કરે તેવાઓને તેઓ બહિષ્કાર કરવામાં ડગ્યા નથી. મુળમાં તેમની વસ્તી ટુંકી છતાં શિસ્ત પાલનને સારી રીતે સાચવ્યું હતું. તે માત્ર ગૃહસ્થાશ્રમના ધર્મમાંજ. બાકીના સોળ સંસ્કારના ધર્મમાં તેઓ ટકી શક્યા નહીં. એટલે જનોઇ સંસ્કાર, ઓટણુ સંસ્કાર એટલે ભોજન વીધિ. મતલબકે વટાળ પ્રબંધમાં તે બીજાઓની સાથે ઘસડાયા. પ્રથમથી જ તેઓની સાથે બ્રાહ્મણોનો ભોજન પ્રબંધ નહોતો. અને હવે તો હોય જ શી રીતે ? તેથી તેમણે ભોજન પ્રબંધ બીજી જાતો સાથે બાંધ્યો. માત્ર લગ્ન સંબંધમાં મક્કમ રહ્યા. જેથી સંખ્યામાં ઓછો હોવા છતાં પોતાના જથાને એક એકમ તરિકે સાચવી શક્યા. ને બીજી તેમની હરોળની વાણિકની જ્ઞાતિ સાથે આગળ પડતો ભાગ લેઇ અ ણો કોમ તરિકે શોભી રહ્યા છે. તેમના જથાની સંખ્યાઓછી હોવા છતાં પોતાના અસલ દ્વિજ સંસ્કારની જાગૃતિને લીધે પુનર્વિવાહ, શુદ્ર સાથે ભોજન પ્રબંધ, વ્યસની અને મોજશોખની વસ્તુઓનો ઉઘાડા છોગ ઉપયોગ ઈત્યાદિ અસંયમી રીતરિવાજો પોતાના જથામાં પેસવા દીધા નથી. પોતાના ઔદુમ્બર કુળગુરૂઓને છોડયા નથી. તેમજ પોતાના પુર્વજોના રક્ષણકર્તા પુણ્ય શ્લોક હરિશ્ચંદ્ર રાજાને પણ ભુલ્યા નથી. આ, આખી નાતની જુની સંસ્કારવૃત્તિ અને કદરશનાશીનું પ્રતિબિંબ છે. ॥ यदा यदा मुञ्चति वाग्वाणम् ।

तदा तदा जाति कुल प्रमाणम् ॥ આ કહેવત સત્ય છે. ને આપણી નીમાવણિક મહાજનની નાતને અક્ષરે અક્ષર લાગુ પડે છે.

નીમાવણિક મહાજનનાં ૩૨ ગોત્ર છે. ગદાધર મહાત્મય અને रुद्र गयो पारव्यान (હરિશ્ચન્દ્ર આખ્યાન) માં સ્પષ્ટ જણાવ્યું છે કે આ વ્યાપારીઓના જથાને ઓળખવાને અને પોતાના સંસ્કારો ને ધંધા સાચવવા ને તેમના ધંધા ઉપરથી તેમના ગોત્રનાં નામ હરિશ્ચન્દ્ર રાજાના સમયમાં પડેલાં હતાં. તે પછી લગભગ બે હજાર વર્ષના સમય પછી ભાષામાં બહુજ ફેરફાર થયો મુળની સંસ્કૃત અને તેની પુત્રી પ્રાકૃત. તેની પુત્રી અપભ્રંશ અને તેની પુત્રી લોકભાષા જે આઠમા નવમા સૈકામાં બોલાતી હતી તે ભાષામાં ગોત્રનાં નામ અત્યારે બોલાય છે. તેના મુળ સંસ્કૃત ઉપરથી ગુજરાતીમાં અર્થ અને ભાવાર્થ લખ્યો છે તે વાંચવાથી ખાત્રી થશે કે નીમાવણિક મહાજનની જ્ઞાતિ, તેનું નામ, તેનાં ગોત્ર, તેના કુળદેવ અને કુળદેવી એ આધુનિક નથી. પરંતુ કલિયુગ પેહેલાંના ત્રેતા યુગના પાછલા ભાગના સમયના ચાતુર્વર્ણ્યના ધર્મના સમયની એટલે આજથી લગભગ છ સાત હજાર વર્ષ પહેલાંનાં છે. નામ અને ગોત્રની ભાષા ઉપરથી વ્યક્તિ કે સમષ્ટિની જુનવટ અટકળી શકાય નહીં, પરંતુ પેઢીઓગતના સંસ્કાર, મગજશક્તિ, શરીરના બાંધા, આચાર વિચાર એવાં એવાં અનેક સાધનોથી એ કોમ કે જથો બંધાયાના સમયની અટકળ નક્કી થાય છે. આથી છેક સાત હજાર વર્ષ ઉપર લેખનપદ્ધતિ સારી રીતે વ્યાપેલી નહોતી, દરેક મંત્રોને ઉપાસના મુખપરંપરા ચાલતી હતી, તે સમયનાં મગજ તે બધું ગ્રહણ કરી શકતાં હતાં. પછી જેમ જેમ જનરેશન ઉતરતું ગયું તેમ તેમ યાદ-શક્તિ, મગજશક્તિમાં ઓટ આવતો ગયો તેમ તેમ તે સમયના વીચિક્ષણ વિદ્વાનોએ પ્રથમથી સાંભળેલા (શ્રુત= સાંભળવું) વચનોને એકઠાં કરી તેને યાદ કરી તે શ્રુતિ ઉપરથી સ્મૃતિ અને પુરાણો રચ્યાં એટલે તેમાં જુના દેવો, ઋષિઓ અને મુનિઓની વાણીથી ગુંથેલા ગ્રંથો હાલના ઉતાવળીઆ ગૃહસ્થો વાંચે છે ત્યારે તેના ઉપર અનાસ્થા બતાવે છે. તેમને આ ખુલાસાથી પ્રતિતિ થશે કે સ્મૃતિ અને પુરાણો એ કલ્પિત નથી પરંતુ પરાપુર્વથી કહેતાં આવેલાં કથનોનો સંગ્રહ છે. આવી વિચારણાથી એ સ્મૃતિ અને પુરાણો વંચાય તો અંદરથી અમૃતમય સમજણ સૂઝી આવે તેમ છે. આવી કોટિનું આખ્યાન નીમા વણિક મહાજન અને ઔદુમ્બર બ્રાહ્મણો માટે લખાયેલું હરિશ્ચંદ્ર આખ્યાન ઉર્ફે रुद्रगयोपारव्यान છે. તેના દરેક અધ્યાયને છેડે આવી રીતનું વાંચવા મળે છે કે इतिश्री स्कंद पुराणे रुद्रगयोपारव्याने नारद शौनक संवादे हरिश्चंद्र औदुम्बर संवादे ........नाम..............मोऽध्याय. દાખલા તરિકે वाणिजां गोत्र कथनं नाम चतुर्विंशोऽध्यायः આવું દરેક અધ્યાયના છેવટના ભાગમાં લખેલું હોય છે. આવી હસ્ત લીખિત પ્રત ઈંદોર નિવાસી શાસ્ત્રીજી ગોવીંદ લાલજી શ્રીધરજીએ બીજી હસ્ત લીખિત પ્રતો

મેળવી તેમાંની ખરી હકીકત આ પ્રતમાં દાખલ કરી લખેલી છે, તેમાંથી આ ગોત્રના અર્થ લીધા છે, જે આગળનાં પ્રકરણુમાં આવી ગયા છે. તે વાંચ્યાથી અને ઉપરની સઘળી હકીકત વાંચ્યાથી ઘણા વખતથી રૂઢ થઇ ગયેલી માન્યતામાં સુધારો થઇ, આ પુરાણુ પુસ્તકો અને તેમાં દર્શાવેલા આચાર વિચાર તથા કુળદેવ–દેવી તરફ શ્રદ્ધા વધે તો તે આવકાર દાયક સુધારો ગણાય.

આ પુરાણી પદ્ધતિનાં શાસ્ત્રો કેવળ આપણા જ ગૃહસ્થાશ્રમમાં કે ધર્મમાં છે, એમ માનવાની કોઇભૂલ ન કરે. દરેક ધર્મના પેગંબર શ્રી પ્રભુ પાસેથી પેગામ મેળવી તે પ્રમાણે પોતાની આસપાસનાને સંભળાવે, સમજાવે, પછી તેમના અનુયાયીઓ તે વચનો એકઠા કરી તેમાં પોતાની યાદ શક્તિ અને મગજશક્તિનો ઉપયોગ કરી લોકની રૂચિને યોગ્ય શાસ્ત્રો બનાવે. તે પછી પ્રમાણભૂત શાસ્ત્ર ગણાય. આજ પ્રમાણે ચારવેદો, ખટ્શાસ્ત્રો, બાઇબલ, કુરાન, ભગવત્ગીતા, જૈન ધમનાં આગમસુત્રો, બૌધ્ધ ધર્મનાં શાસ્ત્રો બન્યાં હોય એમ માનવાને મન પ્રેરાય છે. આ વિષયને માટે મનભેદ હશે તો તે માટે લેખકને કોઇજાતનો હઠાગ્રહ નથી. આ એક સામાન્ય વિચાર દર્શાવ્યો છે. આટલી ચર્ચા પછી આપણી મૂળ વાત ઉપર આવીએ.

વિ. સ. આઠમાથી દશમા સૈકા સુધીમાં ધાર્મિક બખેડા બંધ પડી સમાધાનમાં હિંદુધર્મ દાખલ થયો. ચાર વર્ણોને બદલે અઢાર વર્ણો થઈ. તેમાં બ્રાહ્મણથી બીજે નંબરે વાણિઆની જાત બહાર આવી. ને બીજી સત્તર વર્ણે તેમને શ્રેષ્ઠ એટલે શેઠ તરિકે સત્કાર્યા. એ વર્ણે એટલે વાણિઆની જાતે તે સમયમાં બીજી વર્ણોની સગવડ પુરી પાડવામાં પ્રજાસેવા સારી રીતે કરી. જેથી બ્રાહ્મણ પછી બીજે નંબરે ક્ષત્રિય હોય, પરંતુ તે વર્ણમાં ઘણાંજ અનુચિત ફેરફારો થયાથી તેઓ ક્ષત્રિય ને બદલે રજપૂત થયા જે વાણિઆ પછી ત્રીજે નંબરે ગણાયા. આ સમયની ભાષામાં वाणिज्य ને બદલે વ્યવહારીઆ અને તે પછી વ્યાપારીઆ તે ઉપરથી વેપારી અને તે પછી વાણિઆ એ નામ પ્રચલિત થયું આ વાણિઆ જાતમાં સ્થળ, કુળ, વેપાર, પ્રથમની જૂની સંસ્કૃતિનો સંબંધ, સમુહમાં અગર જથામાં સાથે રહેવાના સંયોગ આદિ અનેકાનેક કારણોને લીધે આ વણિક વર્ણમાં જૂદી જૂદી નાતો થઇ. આ નાતો વધતાં વધતાં ૮૪ ચોરાશી જેટલી સંખ્યાએ પહોંચી ગઇ. વિ. સં. આઠમા સૈકાનો સમય નાતાનો જન્મ સમય માનીએ તો સંવત ૧૨૭૫માં તો વસ્તુપાલને ત્યાં ૮૪ ચોરાશી નાતના વાણિઆનું સાજનુંભેગું થયું હતું એટલે પાંચસેં વર્ષમાં તો નાતો બહુજ વધી ગઇ. છતાં તેટલાથી સંતોષ ન માનતાં વણિકોના તે સાજનામાં જ દશા અને વીશા એવા બે જથા જુદા પડી ગયા. એ સાજનામાં નીમા વણિક મહાજન પણ ગયેલા તેમણે પણ પોતાની

ટુંકી વસ્તી હોવા છતાં મહાજનના શેઠીઆઓની શેહ અને શરમથી આ બે ભાગ પાડવાનું કબુલ કરી આવ્યા. આ વાતને આજ સવા સાતસેં વર્ષ થઇ ગયાં છે. એક તદ્દન નજીવા કારણે અને સારા તેજસ્વી પુરૂષનું તેજ સહન કરી ન શકાયાથી મતલબકે તેણે દ્વેષથી તેમના મંગળકાર્યમાં સાચી જુઠી અફવાઓ વહેતી મૂકી, આ નાતોના ટુકડા કરી નાંખ્યા. જે કોઈ કાળે ભેગા થઈ શકે જ નહીં એવી સ્થિતિ થઇ છે. દાખલા તરિકે પિત્તળની એક સો થાળીઓનો જથો બે ભાઇઓને સરખે હિસ્સે વેહેંચવો હોય તો સરખા વજનની પચાસ પચાસ થાળીઓ જુદી કરી પછી ત્રાજવામાં વજન કરી વત્તુઓછું હોય તો મેળવી આપી વેહેંચી લે તો તે બન્ને ભાઇઓને અરસપરસ તેનો ઉપયોગ કરવો હોય તો થાય. પરંતુ અજ્ઞાન અને દ્વેષથી એ એકસો થાળીઓને કુહાડા વતી ભાંગી તેના કકડા કરી વજનમાં વહેંચીલે તો એમાંથી એકકેને તે ઉપયોગમાં આવે નહીં. આ વાત હાલના જમાનામાં જેવી અસંભવિત લાગે છે તેવી જ રીતે દશાને વીશાના ભેદમાં પણ તદ્દન અજ્ઞાન અને તેજદ્વેષ દેખાઇ આવે છે. વસ્તુપાલ નાતે પોરવાડ વણિક હતા. તેથી તેમની નાતને આ ભાગ પાડવાનું કારણ મળે ને તે કરે તો તે કદાચ ક્ષન્તવ્ય ગણાય પરંતુ આ માતા તુલ્ય નાતની દેહના ટુકડા કરવા માટે આ ડાહી અને ચતુર ગણાતી વણિક વર્ણે હરિફાઇ કરવા માંડી. દરેક વણિક નાતે દશા અને વીશાના ભેદ પાડી દીધા. આજે સવા સાતસેં વર્ષથી ચાલુ છે. તે એવા રૂઢ થઇ ગયા છે કે એ બે જથા એક કરવાની કલ્પના સરખી પણ કોઈ જ્ઞાતિ સેવકના મગજમાં સ્ફુર્તિ નથી.

આપણી નીમા વણિક મહાજની નાતના આગેવાનો દશા અને વીશા એ બે ભેદથી સંતોષ પામ્યા નથી, પણ એ પેટાભેદમાં પણ સ્થળના કારણે, ધર્મના કારણે, વિગેરે અનેક કારણોએ પોતપોતાના જથામાં પણ જૂદા જૂદા સમુહ પાડી બેઠા છે. આથી નાતનું પીઠબળ કમી થતું જાય છે. એટલું જ નહીં પણ નીમા વાણિઆની નાતને કોઇ ઓળખતું પણ નથી. બલકે તે વૈશ્ય નથી પણ શુદ્ર છે, એવી ટીકા વસ્તીમાં અને સંપત્રિમાં વધારે સાધન સંપન્ન વણિક નાતોમાંથી जातिमत्सरના દોષને લીધે ટીકા કરતા સંભળાય છે. આથી જ્ઞાતિના સમજી પુરૂષોને અત્યંત ખેદ થાય છે. ગુજરાત, વાગડ, માળવા; નિમાડ, કોકણપટ્ટી (દક્ષિણ) અને મધ્ય હિંદમાં સં– ૨૦૦૨ ના વર્ષમાં દશા નીમા વણિક મહાજનની જ્ઞાતિનાં ચાર હજાર ઘર અને સાડા ચૌદ હજાર મનુષ્યની વસ્તી હતી. હાલ તેમાં વધારો થતો જાય છે. મધ્યપ્રાંતના દશા નીમા જ્ઞાતિએ अखिल भारतिय नेमा परिषदનું પ્રથમ અધિવેશન ભર્યા પછી બીજું અધિવેશન સં. ૧૯૯૭ માં એટલે આજથી આઠ વર્ષ ઉપર अमरवाडा જીલ્લે બાલાઘાટમાં ભર્યું હતું તેમાં ૪૭ ગામના ૨૪૯ પ્રતિનીધિઓ હાજર હતા. માળવા પ્રાંત નજીક હોવાથી ઇંદોર. ઝાલોદ; વાંસવાડા એ ગામના નીમા વણિક મહાજનના પ્રતિનીધિ ગયા હતા. તેમાં મુખ્ય હેતુ

નીમા વણિક મહાજન જુદા જુદા દૂરના સ્થળે વસેલ હોવાથી બધા એકત્ર થાઓ એ ઠરાવ મુખ્ય હતો. તે પછી ઈંદોર મુકામે માલવા, ગુજરાત, વાગ્વર (વાગડ) તથા દક્ષિણપ્રાંતિય दशा नीमा महासंमेलन તા. ૧૮ મી નવેમ્બર સને ૧૯૪૬ ને રોજ ભરાયું હતું તેમાં પ્રથમ "ऐकयता उपर मूळ प्रस्ताव" પસાર થયો છે તેની એક નકલ પ્રાપ્ત થઈ છે તે આ નીચે ઉતારી છે.

"श्रीमालवा, गुजरात, वाग्वर एवं दक्षिण प्रांतिय दशा नीमा प्रतिनीधि सम्मेलन इन्दोरमें ता. ५-६-७ जनवरी १९४६ को स्थान स्थान के प्रतिनीधिओ द्वारा जो प्रस्ताव सर्व संमतिसे स्वीकृत किये गये है. उनका चारो प्रान्तो के जाति-बन्धुओ को सार्वजनिक तौरपर निमंत्रण दे कर बुलाइ गइ यह आमसभा हृदयसे समर्थन करती है. और उनको आधार भूमिका के तौर पर मानते हुए घोषणा करती है की आजसे चारे प्रांतोने परस्पर के रोटी बेटी आदिके समस्त जातिय व्यवहार समान रुपमें किये जाने पर किसी प्रकारकी प्रतिबन्ध नहि रखा है ऐसा माना जायगा और साथही अपने इष्ट देव भगवान् देव गदाधर रायसें प्रार्थना करती है कि वें हमें एसि प्रेरणा दे जीसमें हम अपनी इस ऐक्यताकोद्वार अधिकाधिक संगठित हो कर उन्नति पथकी ओर अग्रसर हो तें रहे ।

( प्रचार समीति द्वारा प्रकाशित ) (सही) रामगोपाल आगरेवाला
सभापति

આ સિવાય ઇન્દોર સંમેલનમાં થયેલા કાર્યો અને ઠરાવોની માહીતિનાં કાગળો મળ્યા છે. જે અહીં ઉતારવાની જરૂર નથી. આ જણાવવાનો હેતુ માત્ર એકજ છે કે દૂર દૂર વસનારા જાતિભાઈઓ એક થવા મંથન કરી રહ્યા છે. ત્યારે આપણે વીરોવશાપુર્ણ એવા વીશા નીમાવણિક મહાજન એકજ ગામના, એકજ નાતના, અને આજથી પચીસ વર્ષ ઉપર તો સગાઈના સંબંધથી ગુંથાએલા, સ્નાન સુતક ને જન્મ મરણ ને પરણના પ્રસંગોમાં સાથે ઘુમતા ભાઈઓ માત્ર સાંપ્રદાયિક બહાના નીચે કન્યાવ્યવહાર બંધ કરી બેઠા છે. ગુજરાતમાં આવા પ્રસંગ મહુધા, લુણાવાડા ને કદાચ વીરપુરમાં બન્યા છે. ત્યાંના વીશા નીમા વણિક મહાજનનો પ્રજાવર્ગ અંતઃકરણથી નાખુશ છે. છતાં ધર્મના આગ્રહિ આગેવાનોની શરમથી ઉઘાડા બોલી શકાતું નથી કે વર્તી શકાતું નથી. સાંભળ્યું છે કે વીશા નીમા જૈન સંમેલનના કાર્યવાહકો કેળવણી ફંડના કામ માટે લુણાવાડા ગયેલા તે પ્રસંગે ત્યાંના વૈષ્ણવ (મેશ્રી) વીશા નીમા વણિક ગૃહસ્થોએ આ સંકુચિત વાડો મોકળો કરી समस्त वीशा नीमा वणिक સંમેલન રાખે તો તેમાં અમે અને બીજા ગામના મેશ્રીઓ બહુ ખુશીથી આ કાર્યમાં ભાગ આપવા તૈયાર છીએ. પરંતુ તે

---

नोटः- उक्त प्रस्ताव उपस्थित किये जानेके पहिले प्रतिनीधि सम्मेलन द्वारा स्वीकृत तमाम प्रस्तावो को किया गया था. परन्तु उनका प्रकाशन पहले हि हो चूका है वास्ते उन्हे यहांपर पुनः नहि छापा गया है॥

દરખાસ્ત તે સમયે ગયેલ કાર્યવાહકોએ આગળ ઉપર વિચાર કરવાનું મુલતવી રાખી તેને ખોરંભે મૂકી. તે વાતને ત્રણુચાર વર્ષ થઈ ગયાં છે તે સમયમાં ગોધરા ઉપર આફત વરસાઈ છે. તેમાં લુણાવાડા સમસ્ત જ્ઞાતિ બંધુઓએ ધાર્મિક ભેદ ભાવ વેગળો મૂકી પોતાના જ્ઞાતિલાઓની બનતી શક્તી તાત્કાલીક મદદ કરી સેવા કરી છે. તે સૌના જાણુવામાં છે. જ્ઞાતિ સેવા એ કુદરતી પ્રેરણા છે. સર્વ જ્ઞાતિલાઓનું લોહી અમુક અંશે એક જ છે. જ્ઞાતિલાઓને દુઃખીને આફતમાં સપડાએલા જોઈ બીજો સાધનસંપન્ન જ્ઞાતિ વાળો જોઈ નજ રહે. તેનું જીગર ઉશ્કેરાઈ જ જાય. અને એ દુઃખી અને આપત્તિવાન્‌ને પોતાનાથી બને તેટલી મદદ કરવા દોડી જાય, એ કુદરતી ભાવના છે. આવા વિચારોથી બને ત્યાંસુધી જ્ઞાતિવ્યવહારમાં ભાગલા પાડતા અટકવું જોઈએ કારણકે એ કુદરતી અને નૈતિક ગુન્હો છે. નીમાવણિક મહાજનની વસ્તી અખિલ હિંદમાં બહુ ઓછી છે. આવી ઓછી વસ્તી વાળી દાઉદી વોહોરા અને પારસી કોમના કુળદેવ–દેવી–કુળગોર–અને કુળાચાર તરફ નજર કરો. પારસીઓનું અસલ વતન ઇરાનદેશ. તે દેશમાં તેમનું રાજ્ય અને વસ્તી હતી. તે ઉપર ઈતરધર્મના ઝનુનીઓનાં ટોળાં આવ્યાં. તેમને રોકાયાં ત્યાં સુધી રોકયાં. છેવટે લાચાર બની પોતાના કુળદેવ અગ્નિદેવ, તેમની ધાર્મિક વીધિ કરનાર મોબેદો અને બીજા સામાન્ય ગૃહસ્થાશ્રમીઓ પોતે વતનને છેલ્લી સલામ કરી હિંદ દેશ તરફ હીજરત કરી. અહીં પશ્ચિમ કિનારે વહાણુમાં આવ્યા. અહીં સંજાણમાં રજપૂત રાજ્ય હતું. તેની પાસે કિનારે ઉતરવાની રજા માગી. ને વસવાટ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી. રાજાએ (૧) હથિઆર ન વાપરવાં (૨) બૈરાંઓએ હિંદુબૈરાંનો પોશાક પહેરવો વિગેરે શરતો મુકી. તે બધી કબુલ કરી પરંતુ પોતાના કુલદેવ–દેવી કુળાચાર, ધર્મશાસ્ત્ર અને કુલગુરૂ એઓ માટે પુર્ણ સ્વતંત્રતા માગી લીધી ને તે રજપૂત રાજાએ આપી ત્યારે વહાણોમાંથી પોતાના કુળદેવ અને મોબેદોને માટે માનપુર્વક સ્થાન મેળવી બીજા બધા ગૃહસ્થો કિનારે ઉતર્યા. અત્યારે એમના કુળદેવ શ્રી મહાઅગ્નિને ઉદવાડા ગામે મોટું ભવ્યમંદિર (અગિઆરી) બંધાવી ત્યાં સ્થાપિત કર્યા છે. ત્યાં વીધિપુર્વક સતત્ પુજા થયાં કરે છે. તે સ્થાનની પવિત્રતા માટે સખત શિસ્ત પાલન છે. પારસીઓમાં અજબ પતિઓ, મહાન્ વિજ્ઞાનીઓ, મોટા રાજ્યાધિકારીઓ અને પશ્ચિમના સુધારા સ્વીકારવામાં સૌથી અગ્રેસર એવા જુદા જુદા વિચારના અને સાધનવાળા હોવા છતાં અગિઆરી ( દેવસ્થાન ) માં તો કુલગુરૂની સુચનાઓને તે આધીન જ હોય છે. ઓછામાં ઓછી તંગસ્થિતિની પારસી વ્યક્તિ અને ઉપર ગણાવેલા પૈકીની કોઈ વ્યક્તિ ત્યાં દેવસ્થાનમાં તો સરખા જ હોય છે. ત્યાં તે નિરાભિમાની બની દેવ સેવા–કુટુંબસેવા–ને જ્ઞાતિસેવાનો એક અદનો સેવક બની જાય છે. એ વીધિની સંતોષકારક વ્યવસ્થા થયા પછી જ પ્રાંતસેવા,

દેશસેવા, ને રાષ્ટ્રસેવા કરવાનો પોતાને હક્ક છે, એમ માને છે. આવી કુળધર્મ ઉપરની સદ્‌બુદ્ધિને પરિણામે આખી કોમ અખિલ હિંદમાં સૌથી મોખરે આબાદીનું સુખ ભોગવે છે. તે, એ દેવસેવા, કુટુંબસેવા, ને જ્ઞાતિસેવાના પુન્ય પ્રતાપે ભોગવે છે. આ એકજ દાખલો આપણા વીશે વશાપુર્ણ વીશાનીમા વણિક મહાજન જ્ઞાતિના સજ્જનોની સમક્ષ પુરતો છે. બીજો દાખલો દાઉદી વહોરાઓનો પણ આવી ધાર્મિક શ્રદ્ધા અને પોતાના કુળગુરૂ મહાન્ મુલ્લાંજી સાહેબ તરફ પુરા માનપુર્વક વફાદારી અને સેવા ભેટ કરવાની તમન્ના તે અનુકરણીય છે. તેમના કુલધર્મથી ફટાઇ ગયેલ ને ખારીજ થયેલાઓની સ્થીતિ ઘણાખરાને વીદિત છે. આવા બે દાખલાથી નીમા વણિક મહાજનની દરેક વ્યક્તિ પોતાના કુળદેવ–દેવી કુલાચાર અને કુલગુરૂ તરફ પુજ્ય અને સદ્‌ભાવ હાલના કરતાં વધુ પ્રમાણમાં રાખવા પ્રેરાય તો સમસ્ત નીમા વણિક મહાજનની જ્ઞાતિની ઘણી ઉન્નતિ થાય અને જ્ઞાતિ સુખ અને આબાદી સારી રીતે ભોગવે. શ્રીકુળદેવ ભગવાન્ દેવગદાધરરાય (શામળાજી)ને આવી પ્રાર્થના કરી અખિલ હિંદમાં વીશા અને દશા નીમાવણિક મહાજનનાં રહેવાનાં ગામ તે ગામમાં ઘર ને તે ઘરનાં મનુષ્ય સંખ્યાનો અડસટ્ટો આપવા પ્રયત્ન કર્યો છે. તે સર્વે જ્ઞાતિબંધુઓના વિચાર માટે રજુ કર્યો છે.

આ સાથેના પત્રકમાંના આંકડા અમુક નીતિના અને સત્તાવાર વસ્તીપત્રક પ્રમાણોના નથી. એ પ્રથમથી જણાવી દેવું જોઇએ.

૧ ગુજરાત પ્રાંતના પહેલેથી સાત ગામના વસ્તીના આંકડા કપડવંજમાં શ્રીવીશાનીમા જૈન સંમેલન વિ. સં. ૨૦૦૨ના અષાડ માસમાં ભરાએલું તેમના રિપોર્ટ ઉપરથી લીધા છે.

૨ ગુજરાતના નં. ૮ થી ૧૧ નંબરના ગામના, વાગડ, મેવાડ પ્રાંતના, માળવા, મહારાષ્ટ્ર, કોકણ, નિમાડ અને મધ્યપ્રાંતની વસ્તીમાંના દશા નીમાની વસ્તીના આંકડા, માળવા પ્રાંતની દશાનીમા સંમેલને નીમેલી પ્રવાસ કમીટિએ ગામે ગામ ફરી તૈયાર કરેલા રિપોર્ટ ઉપરથી લીધા છે.

૩ ગુજરાતના નં. ૧૨ થી ૧૪ સુધીના ગામના આંકડા ત્યાંના કુલગુરૂ પાસેથી પત્રવ્યવહાર મારફત મંગાવ્યા છે. તેમજ મહારાષ્ટ્ર કોકણની વીશાનીમાના આંકડા તે પણ ત્યાંના કુલગુરૂ મારફત પત્રવ્યવહારથી આવ્યા છે. માળવા તથા નિમાડના વીશા નીમાવણિક મહાજનનાં ગામ–ઘર–ને મનુષ્ય વસ્તીના આંકડા ઇન્દોર નિવાસી શાસ્ત્રીજી ગોવિંદલાલજી શ્રીધરજીએ જાતે દરેક ગામે ફરીને મેળવીને મોકલ્યા છે. આ માટે લેખક આ સ્થળે તેમનો આભાર માને છે. આ સિવાય બીજી ઘણી ઉપયોગી સામગ્રી તેમણે મોકલાવી છે. જેવી કે (૧) હરિશ્ચંદ્ર આખ્યાન યાને रुद्र गयो पाख्यान ની સુધારો વધારો કરી હસ્ત લીખિત પ્રત–(૨) માળવા સંમેલને નીમેલી પ્રવાસ કમીટિનો શરૂઆતથી છેલ્લે સુધીનો રિપોર્ટ (૩) અમરવાડામાં

અખિલ દશાનેમા સંમેલન ભરાવ્યું તેનો રિપોર્ટ તથા (૪) ઇંદોર અને અમર-વાડા સંમેલને કરેલા ઠરાવોની છાપેલી નકલો ઇત્યાદિ અનેક સામગ્રી પુરી પાડી છે. (૫) તેમણે પોતે 'હમારા વિચાર' એ નામે નીમા વાણિઆ વિષે એક નિબંધ લખ્યો છે. ને તેમાં નીમા વાણિઆ એ ચાતુર્વર્ણ્યના સમયના દ્વિજ વર્ણ છે તે સચોટ સાધનથી સિદ્ધ કરી આપ્યું છે. આ નિબંધ અને બીજી કાર્યવાહી જોતાં આખી નીમા વણિક મહાજનની નાત કે જે પોતાના યજમાન છે તેની ઉપર પોતાની હાર્દિક લાગણી છે. તે સ્પષ્ટ જણાઇ આવે છે. આવા ઔદુમ્બર કુલગુરૂ-ઓમાં નરરત્ન સમાન વિદ્વાનનો આભાર માનવાને લેખક બહુજ આતુર છે, તેથી આસ્થાને આભાર માન્યો છે.

(૪) આ વસ્તીના આંકડા સંવત્ ૨૦૦૦ ની સાલથી તે આજ સુધી એટલે ૨૦૦૫ ચૈત્ર સુદ-૧૫ સુધીના છે. તેમાં સુધારાને પુરેપુરો અવકાશ છે, પરંતુ લગભગ સરખા છે.

(૫) નીમા વાણિક મહાજનની વસ્તીમાં દશા અને વીશાના ભેદો જુના હોવાથી તેના આંકડા મળી આવ્યાથી તે જુદા જુદા ગામવાર આપ્યા છે. તેમ સાંપ્રદાયિક ભેદ શ્રાવક અને મેશ્રીના ભેદના પણ આંકડા મળી શકી તેટલી માહીતિથી આપ્યા છે. પ્રથમથી જણાવ્યું છે કે આંકડા સંપુર્ણ ખરા હોવાનો દાવો લેખક કે પ્રકાશક કરતા નથી પરંતુ લગભગ ખરા છે. સાંપ્રદાયિક ભેદમાં મુખ્ય સરળતા એ છે કે દશા નીમા वाणिक माहाजन બધા મેશ્રી છે. માત્ર વીશા નીમા વણિક મહાજનમાં ગુજરાતનાં તેમનાં પાંચગામ ગણાય છે તેમાં મહુધા, લુણાવાડા, વીરપુર એ ગામોમાં શ્રાવક અને મેશ્રી એ બે સંપ્રદાયના છે. બાકીનામાં મોડાસા તરફના બધા વીશા નીમા મેશ્રી અને મધ્ય ગુજરાતના વીશાનીમા શ્રાવક છે. પૃષ્ટ ૧૭થી૨૦ સુધીના પત્રક ઉપરથી તારવણી કરતાં નીચે મુજબ જણાઇ આવે છે.

| | ગામ | ઘર | મનુષ્ય |
|---|---|---|---|
| (૧) સમગ્ર वीशा नीमा महाजननी વસ્તીવાળાં ... ... | ૪૭ | ૧૯૨૪ | ૯૫૦૧ |
| दशा नीमा वणिक महाजननी વસ્તીવાળાં ... ... | ૧૦ | ૩૫૦૦ | ૧૩૦૦૦ |
| ઉમેરતાં અખિલ હિંદ नीमा वणीक महाजननी સંખ્યા... | ૫૭ | ૫૪૨૪ | ૨૨૫૦૧ |

આ સામાજિક ભેદોનું પરિણામ છે

| ધાર્મિક ભેદોનું વિવરણ કરવામાં આવે તો | ગામ | ઘર | મનુષ્ય |
|---|---|---|---|
| શ્રાવકની વસ્તીવાળાની સંખ્યા ... .. ... ... | ૭ | ૮૫૫ | ૩૫૨૫ |
| મેશ્રી (વૈષ્ણવ) ની વસ્તીવાળાની સંખ્યા ... ... | ૫૦ | ૪૫૬૯ | ૧૮૯૭૬ |
| બન્ને સંપ્રદાયના નીમા વણિક મહાજનની સંખ્યા ... | ૫૭ | ૫૪૨૪ | ૨૨૫૦૧ |
| મધ્યપ્રાંતના દશા નીમાની વસ્તી આ પ્રમાણે છે. ... ... | ૧૧૮ | ૫૮૧ | ૨૫૧૧ |

इतिश्री शुभंभवतु.

## અખિલ હિંદ નિવાસી નીમા વણિક મહાજનના સામાજીક ભેદો

| અનુક્રમ નંબર | પ્રાંત | સામાજીક ભેદો | | | |
|---|---|---|---|---|---|
| | | વીશાનીમા વણિક | | દશા નીમા વણિક | |
| | | ઘર સંખ્યા | મનુષ્ય સંખ્યા | ઘર સંખ્યા | મનુષ્ય સંખ્યા |
| | **ગુજરાત** | | | | |
| ૧ | કપડવંજ | ૨૩૨ | ૧૨૫૩ | – | – |
| ૨ | મહુધા તથા કાનમ જીલ્લો | ૧૦૦ | ૪૦૬ | – | – |
| ૩ | ચુણેલ | ૪૦ | ૧૭૯ | – | – |
| ૪ | મહુધા મેશ્રી | ૮૫ | ૫૫૧ | – | – |
| ૫ | ગોધરા | ૨૫૦ | ૧૦૧૬ | – | – |
| ૬ | વેજલપુર | ૧૦૦ | ૩૬૬ | – | – |
| ૭ | લુણાવડા માલવણ | ૧૮૩ | ૪૪૧ | – | – |
| ૮ | વીરપુર | ૩૫ | ૧૦૪ | ૧૪૫ | ૫૦૦ |
| ૯ | વાડાસીનોર | – | – | ૬૦૦ | ૩૦૦૦ |
| ૧૦ | દેવગઢબારીઆ | – | – | ૨૫૦ | ૧૦૦૦ |
| ૧૧ | દાહોદ | – | – | ૪૭૫ | ૧૫૦૦ |
| ૧૨ | ઝાલોદ | – | – | ૧૭૫ | ૭૦૦ |
| ૧૩ | મોડાસા | ૧૧૪ | ૪૬૯ | ૧૦૫ | ૪૫૦ |
| ૧૪ | થાણા, મેઘરાજ | ૬૫ | ૨૫૦ | – | – |
| ૧૫ | બાકોર, પાંનવાડા | ૯૦ | ૩૭૫ | – | – |
| | એકંદર પ્રાંતની વિગત | ૧૨૯૪ | ૫૪૧૦ | ૧૭૫૦ | ૭૧૫૦ |
| | **વાગડ, મેવાડ** | | | | |
| ૧ | વાંસવાડા | – | – | ૩૫૦ | ૧૨૦૦ |
| ૨ | સાગવાડા | – | – | ૩૫ | ૧૨૫ |
| ૩ | સલુંબર | – | – | ૨૦ | ૭૫ |
| ૪ | ઝાબુઆ | – | – | ૩૦ | ૧૨૫ |
| ૫ | હીરાપુર | – | – | ૨૫ | ૧૨૫ |
| ૬ | ગંગધાર | – | – | ૭૫ | ૨૦૦ |
| ૭ | સીતામહુ | – | – | ૧૧૫ | ૩૦૦ |
| | એકંદર પ્રાંતની વિગત | – | – | ૬૫૦ | ૨૧૫૦ |
| | **મહારાષ્ટ્ર** | | | | |
| ૧ | કોકણપટ્ટીમાં ૧. મહાડ, ૨. ખેડ, ૩. પોલાદપુર, ૪. દાપોલી ૫. જાળગામ ૬. માંટવણ ૭. બીરવાડી વિગેરે | ૧૦૦ | ૪૦૦ | ૭૦૦ | ૨૧૦૦ |
| ૨ | ઘાટ—૧. પુના ૨. આંબવણ ૩. આંબેગામ ૪. ચીંચવડ ૫. ચુહા ૬. સતના | ૭૫ | ૩૦૦ | ૧૦૦ | ૪૦૦ |
| | એકંદર પ્રાંતની વિગત | ૧૭૫ | ૭૦૦ | ૮૦૦ | ૨૫૦૦ |

| અનુક્રમ નંબર | પ્રાંત | સામાજીક ભેદો | | | |
|---|---|---|---|---|---|
| | | વીશા નીમા વણિક | | દશા નીમા વણિક | |
| | | ઘર સંખ્યા | મનુષ્ય સંખ્યા | ઘર સંખ્યા | મનુષ્ય સંખ્યા |
| | **માલવા** | | | | |
| ૧ | ઇન્દોર | ૬૩ | ૩૯૧ | ૨૦૦ | ૮૦૦ |
| ૨ | ઉજ્જન | – | – | ૮૦ | ૩૨૦ |
| ૩ | ધાર | ૨૭ | ૧૦૫ | – | – |
| ૪ | અમઝેરા | ૧૦ | ૮૬ | – | – |
| ૫ | બડનગર | ૧૧ | ૧૦૮ | | |
| ૬થી ૧૦ | રતલામ, બડા, વદા, એટમા, વલખેડા, મનાસા | – | – | ૨૦ | ૮૦ |
| | એકંદર પ્રાંતની વિગત | ૧૧૧ | ૬૯૦ | ૩૦૦ | ૧૨૦૦ |
| | **નમાડ** | | | | |
| ૧ | ખરગીણ | ૨૨૫ | ૧૭૦૦ | – | – |
| ૨ | નિરસપુર | ૬ | ૧૫૦ | – | – |
| ૩ | ઠીકરી | ૫ | ૫૦ | – | – |
| ૪ | મહેશ્વર | ૧૦ | ૧૦૦ | – | – |
| ૫ | બ્રાહ્મણગાંવ | ૫ | ૫૦ | – | – |
| ૬ | શનાવદ | ૮ | ૩૨ | – | – |
| ૭ | બડવાણી | ૫૨ | ૪૦૯ | – | – |
| ૮ | ધરમપુરી | ૧૪ | ૭૫ | – | – |
| ૯ | ડેહરી | ૯ | ૭૫ | – | – |
| ૧૦ | મનાવર | ૨ | ૨૪ | – | – |
| ૧૧ | બાંકાનેર | ૮ | ૩૬ | – | – |
| | એકંદર પ્રાંતની વિગત | ૩૪૪ | ૨૭૦૧ | – | – |
| | **મધ્ય** | | | | |
| | અમરવાડા જીલ્લે બાલાઘાટ, મધ્ય પ્રાંતના દ્વાતિય અધિવેશનના રિપોર્ટ ઉપરથી વિ.સં ૧૯૯૭ | – | – | ૫૮૧ | ૨૫૧૧* |
| | એકંદર પ્રાંતની વિગત | – | – | ૫૮૧ | ૨૫૧૧ |

* આ નિમા પોતાને દશાનિમા કહેવરાવે છે. પરંતુ તેમના કુલદેવ,–દેવી, કુલગુરૂ, અને કુળાચાર આપણા સંપ્રદાય સાથે મળતા આવતા નથી એવું રિપોર્ટ ઉપરથી જણાય છે. તે ઉપર વિચાર કરી આ આંકડા પુસ્તકમાં દાખલ કરવા મુનાસબ કરશો.–લી૰ લેખક

ગુજરાતમાં વીશા નીમાની વસ્તી મોડાશા, શામળાજી મેધરાજ, બાકોળ અને પાલવાડામાં માત્ર વૈષ્ણવ મહુધા અને ઝુણાવાડમાં, વૈષ્ણવ તથા શ્રાવક બેઉ સંપ્રદાયની છે. બાકી બધેજ માત્ર શ્રાવક સંપ્રદાયની છે.

ગુજરાત શિવાયના બધાજ પ્રાંતોમાં દશા અને વીશા બેઉ નીમા મોટે ભાગે વૈષ્ણવ સંપ્રદાય પાળતા થઈ ગયેલા છે. અસલ બધાજ જૈન સંપ્રદાયના હતા એમ ઇતિહાસ ઉપરથી સમજાય છે.

ગુજરાતમાં પણ દશાનીમા લગભગ બધાજ વૈષ્ણવ સંપ્રદાયના છે.

# प्रकरण ११ मुं.

હવે પછીના પ્રકરણોમાં કપડવંજ વીશા નીમા વાણીક મહાજનની સ્થીતિના ઇતિહાસની રૂપરેખા આવવાની છે. તેમાં કપડવંજની હકીકત, વીશા નીમા વાણિકો કપડવંજમાં કયાં કયાં સ્થળોએથી આવ્યા? તેઓએ કપડવંજને વેપાર વડે દીપાવ્યું તેની ગામડાને બદલે શહેરમાં ગણત્રી કરાવી. અમદાવાદના જૈન શેઠીઆઓ સાથે મૈત્રી સંબંધ અને વ્યાપારી સંબંધ બાંધી તેમની હરોળમાં માનભેર શોભવા લાગ્યા વિગેરે તેમની જુની અને હાલની હકીકતનો સંગ્રહ આપવામાં આવશે. કપડવંજ વીશા નીમા વણિક મહાજન જ્ઞાતિની દરેક વ્યક્તિ માને છે કે તેમની આ જાહોજલાલીની શરૂઆત, કપડવંજમાં श्री चिन्तामणि पार्श्वनाथ પ્રભુજીની પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરી ત્યાર પછી થઇ છે. એ સંબંધીનું વર્ણન આ પુસ્તકના ચૌદમા પ્રકરણના માં વિગતવાર વર્ણવ્યું છે. કપડવંજમાં બીજા સાત દેરાસર છે. ત્યાં સૌ યજન, પુજન, સેવા પુજા કરવા જાય છે પરંતુ કંઇક અધિક પ્રશ્ન તો, આ श्री चिन्तामणि पार्श्वनाथ प्रभुजी ના દેરાસર તરફ વધારે ઢળતાં દેખાય છે. આથી આકર્ષાઈ इष्टदेव श्री चिन्तामणि पार्श्वनाथ પ્રભુજીની સ્તુતિનું સંસ્કૃત ભાષામાં अष्टक અને તેનું समश्लोकी ગુજરાતીમાં આ સાથે આપવામાં આવ્યું છે. જેથી દરેક વ્યક્તિ પ્રાતઃસ્મરણમાં આ અષ્ટકનો પાઠ કરી પોતાના નિત્ય કામનો આરંભ કરે એવી આશા સેવવામાં આવી છે. तथास्तु.

इति श्री. शुभं भवतु.

## श्री चिन्तामणि पार्श्वनाथ प्रभुजीनी स्तुति
### शार्दुल विक्रिडित छन्द

॥ किं कर्पुरमयं सुधारसमयं किं चन्द्ररोचिर्मयं
किं लावण्यमयं महामणिमयं, कारुण्यकेलिमयम् ।
विश्वानन्दमयं महोदयमयं, शोभामयं चिन्मयम् ।
शुक्लध्यानमयं वपु जिनपते भूयाद् भवालम्बनम् ॥ १ ॥

पातालं कलयन् धरा धवलयन्नाकाशमापूरयन् ।
दिक् चक्रं क्रमयन् सुरासुरनर श्रेणी च विस्मापयन् ॥
ब्रह्माण्डं सुखयन् जलानिजलधे: फेनच्छलाल्लोलयन् ।
श्री चिन्तामणि पार्श्वनाथ संभव यशो हंस श्चिरं राजते ॥ २ ॥

पुण्यानां विपणिस्तमो दिनमणि: कामे भ कुम्भे शृणि: ।
मोक्षे निस्सरणि: सुरेन्द्र करणी ज्योति: प्रभा सारणि: ॥
दाने देवमणिर्नतोत्तमजन श्रेणि: कृपासारिणि ।
विश्वानन्द सुधाघृणिर्भवभिदे श्री पार्श्व चिन्तामणि: ॥ ३ ॥

श्री चिन्तामणि पार्श्व विश्वजनता संजीवनस्त्वं मया ।
दृष्टस्तात तत: श्रिय: समभवन्नाशक्रमाचक्रिणम् ॥
मुक्ति: क्रीडति हस्तयो र्बहु विधं सिद्धं मनोवाञ्छितम ।
दुर्दैव्यं दुरितं च दुर्दिन भयं कष्टं प्रणष्टं मम ॥ ४ ॥

यस्य प्रौढतम प्रताप तपन: प्रोद्दामधामाजगत् ।
जंघाल: कलिकाल केलिदलनो मोहान्ध विध्वंसक ॥
नित्योद्योतपदं समस्त कमला केलिगृहं राजते ।
स श्री पार्श्व जिनो जने हितकृते चिन्तामणि: पातुमाम् ॥ ५ ॥

विश्वव्यापि तमोहिनस्ति तरणिर्बालोऽपि कल्पाङ्कुरो ।
दारिद्र्याणि गजावलीं हरिशिशु: काष्टानि वन्हे: कण: ॥
पियूषस्य लवोऽपि रोग निवहं यद्वत्तथा ते विभो ।
मूर्ति: स्फुर्तिमती सती त्रिजगती कष्टानि हर्तुं क्षमा ॥ ६ ॥

ह्रिं श्रिंकारवरं नमोक्षर परं, ध्यायन्ति ये योगिनो ।
हृत्पद्मे विनिवेश्य पार्श्व मधिपं चिन्तामणि संज्ञकम् ॥
भाले वामभुजे चनाभि करयो, र्भूयो भुजे दक्षिणे ।
पश्चादष्ट दलेषुते शिवपदं, द्वित्रैर्भवैर्यान्त्यहो ॥ ७ ॥

## શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ પ્રભુજીની સ્તુતિ
### સમશ્લોકી ગુજરાતી અનુવાદ

શું કર્પુરમયં અમીરસ ભર્યું કે ઇન્દુ રશ્મિ ઘડયું ?,
શું સૌંદર્ય સ્વરૂપ મહામણિ સમું, હે પાર્શ્વનાથ પ્રભુ !;
કરૂણાનંદ સ્વરૂપ જ્યોતિ રૂપ શું, છો ધ્યાન શોભામયં,
હો આધાર રૂપે સદા જગતમાં, હે પાર્શ્વનાથ પ્રભો ! ॥૧॥

જે પાતાલ વળી ધરાતલ અને, આકાશ શોભાવતો,
ડોલાવી દિક્ચક્ર દેવગણને, આશ્ચર્યમાં નાંખતો;
બ્રહ્માંડે સુખને ભરે વળી જળે, દિસિ કરે સાગરે,
એવો હંસ પ્રભુશ્રીનો યશ રૂપી દેવો ચિરં શોભતો ! ॥૨॥

છો પુણ્યૌઘ સમા રવિરૂપ તમે, તેજે તમસ કાપતા,
મોક્ષાર્થે સીડી રૂપ છો નિજપદે, સુરેન્દ્રને સ્થાપતા;
જ્ઞાને દેવમણિ દિસો સુજનને, કાજે કૃપા આણુ છો,
આનંદામૃત પાવછો જગતને, શ્રી પાર્શ્વનાથ ચિન્તામણિ. ॥૩॥

છો સારા ભવરોગહારી સુખદા, સંજીવની ઔષધિ,
થાતાં દર્શન આપનાં પ્રભુ મને, વાંચ્છિત સિદ્ધિ મળી;
પામ્યો હું પદવી મહા રમી રહી, મુક્તિ સદા હાથમાં,
દિર્ભાગીપણું પાપ તાપ ટળતાં દર્શન થતાં તાતનાં. ॥૪॥

જેનો પ્રૌઢ પ્રતાપ સુર્ય સરખો, તેજસ્વી છે વિશ્વમાં,
ટાળે જે કળિ કાળની પીડ વળી, કાપે પડા મોહનાં;
શું ! કેલી ગૃહરૂપ આપ દીસતા, લક્ષ્મી રમે લહેરમાં,
રક્ષો દેવ કૃપાળુ નિત્ય મુજને, શ્રી પાર્શ્વનાથ પ્રભો ! ॥૫॥

ટાળે જેમ તિમિર સૂર્ય જગમાં, ને કલ્પવૃક્ષ હરે
દારિદ્ર, સિંહબાલ એક ગજનાં, ટોળાં જુઓ સંહરે;
કાષ્ઠોનો ઢગ જેમ એક તણખો, મહારોગ અમૃત હરે,
તેજસ્વી મૂરતિ ત્રિતાપ હરતી શ્રી પાર્શ્વનાથ પ્રભો ! ॥૬॥

જે યોગી હ્રીઁ શ્રીઁ મયં પ્રભુશ્રીને, હૃદયાવિષે સ્થાપીને,
બાલે બેઉ ભુજા અને કરવળી, નાભીવિષે સ્થાપીને,
પશ્ચાત્ અષ્ટદળે પવિત્રમનથી, જે ધ્યાન તેનું ધરે,
તેને મોક્ષ તણી મહાન પદવી, બે ત્રણ ભવાન્તે મળે. ॥૭॥

गीर्वाण द्रुम धेनु कुंभ प्रमुखास्तस्याङ्गणे रङ्गिणो ।
देवा दानव मानवाः सविनयं तस्मै हित ध्यायिनः ॥
लक्ष्मीस्तस्य वशावशैव गुणीनां ब्रह्माण्ड संस्थायिनः ।
श्री चिन्तामणी पार्श्व नाथ मनीशं संस्तौति यो ध्यायति ॥ ८

श्री पार्श्वो धरणेन्द्र सेवितपदः पार्श्वं प्रभुं भावतः ।
पार्श्वेण प्रतीबोधितश्च कमठः पार्श्वाय तुष्टोऽर्थकृत् ॥
पार्श्वा ज्जिन्तित कार्य सिद्धिरखीला पार्श्वस्य तेजो महत् ।
श्री पार्श्वे प्रकटः प्रभाव इह मेः श्री पार्श्व सौख्यं कुरु ॥ ९

संपादक: मुनीश्री [illegible] [illegible] महाराज

શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ પ્રભુનું જે ધ્યાન નિત્યે ધરે,
કલ્પદ્રુમ શું કામધેનુ ઘરના, આંગણુ વિષેતો રહે;
દેવો દાનવ માનવો હૃદયથી, જેને સદાએ સ્તવે,
એવા શ્રી પ્રભુ પાર્શ્વનાથ જગમાં, કલ્યાણ સૌનું કરે ॥ ૮ ॥

સેવામાં ધરણેંદ્રથી પ્રભુશ્રીના પાદામ્બુજે પ્રેમથી,
પામ્યો બોધ કમઠ પ્રભુ મુખથકી તેને સદાએ નમું;
જેનું ધ્યાન ધર્યાથકી હૃદયથી, વાંચ્છિત સિદ્ધિ મળે,
એવા શ્રી પ્રભુ પાર્શ્વનાથ સૌનું કલ્યાણ નિત્યે કરો ॥ ૯ ॥

સમશ્લોકી અનુવાદક—લક્ષ્મીશંકર મગનલાલ પંડ્યા કપડવંજ.

# પ્રકરણ ૧૨ મું.

## કપડવંજ નિવાસી વીશા નીમા વણિક મહાજન જ્ઞાતિના કુળગુરૂ (ગોર) ની જુની અને હાલની હકીકત સાથે વંશાવળી

કપડવંજ નિવાસી વીશાનીમા વણિક મહાજન જ્ઞાતિના આશ્રંતિની શાખાના શ્રોત્રિય અટકધારી બ્રાહ્મણોના લાગાદાર

| અનુક્રમ નંબર | વિક્રમ સં. ૧૯૦૭ ના શ્રાવણ સુદ ૨ ના દિવસની યાદી ઉપરથી |
|---|---|
| ૧ | શ્રોત્રિય મંછારામ હરિવલ્લભ સુત ગોવર્ધન |
| ૨ | ,, મુગટરામ અંબારામ |
| ૩ | ,, ગોવિંદરામ જોઇતારામ |
| ૪ | ,, ભાઇશંકર વ્રજભૂખણ |
| ૫ | ,, લક્ષ્મીરામ હરજીવન |
| ૬ | ,, દામોદર હરિશંકર |
| ૭ | ,, શીવશંકર દેવશંકર |
| ૮ | ,, રણછોડ જેશંકર |
| ૯ | ,, શોભારામ ઉમીયાશંકર |
| ૧૦ | ,, ભાઇશંકર મોતીરામ સુત જુગતરામ |
| ૧૧ | ,, વિજારામ અનોપરામ |
| ૧૨ | ,, જુગતરામ જોઇતારામ |
| ૧૩ | ,, પ્રાણનાથ પિતાંબર |
| ૧૪ | ,, ગણપતરામ દેવશંકર |
| ૧૫ | ,, પ્રાણનાથ જોઇતારામ |

## કુલગુરુ (ગોર) ઓદુમ્બર બ્રાહ્મણો મુદ્ગલ ગોત્ર શુક્લ યજુર્વેદીની યાદી.
### વિ. સં. ૧૯૦૭ની સાલની યાદીઉપરથી ઉધૃત કરેલી.

| અનુક્રમ નંબર | વિ. સં. ૨૦૦૫ના આસો સુદ ૧૫ને રોજના લાણાદારની યાદી. |
|---|---|
| ૧ | સ્વ. શ્રો. ચુનીલાલ ડાહીલાલ ભિખારામ અનોપરામ |
| ૨ | શ્રોત્રિય. રસિકલાલ ચૂનીલાલ સંતોકરામ પ્રાણનાથ જોઇરામ |
| ૩ | ,, કાન્તિલાલ કેશવલાલ પ્રાણનાથ પીતાંબર |
| ૪ | ,, રસિકલાલ સંતોકરામ દોલતરામ દામોદર હરિશંકર |
| ૫ | ,, વાસુદેવ ગોવિંદલાલ હરગોવિંદ ભગવાનરામ દેવશંકર |
| ૬ | ,, રતીલાલ મણીલાલ ગોકુળદાસ પ્રાણનાથ જોઇતારામ |
| ૭ | ,, મહાસુખરામ પ્રાણનાથ પીતાંબર સુત રમણિકરાય |
| ૮ | ,, ધીરજલાલ શંકરલાલ ગોકુળદાસ પ્રાણનાથ જોઇતારામ |
| ૯ | ,, નટવરલાલ મહાસુખરામ પ્રાણનાથ પીતાંબર |
| ૧૦ | ,, મણિશંકર સંતોકરામ દોલતરામ દામોદર હરિશંકર |
| ૧૧ | ,, બંસીલાલ મણીલાલ ગોકુળદાસ પ્રાણનાથ જોઇતારામ |
| ૧૨ | સ્વ. ,, ચીમનલાલ સંતોકરામ પ્રાણનાથ જોઇતારામ |
| ૧૩ | સ્વ. ,, જયન્તિલાલ મહાસુખરામ પ્રાણનાથ પીતાંબર |
| ૧૪ | સ્વ. ,, નટવરલાલ ચૂનિલાલ સંતોકરામ પ્રાણનાથ જોઇતારામ |

ટીપઃ—વિ. સં. ૨૦૦૫ ની યાદીમાં નં. ૧–૧૨–૧૩–૧૪ આ ચાર લાણાં વિધવાઓનાં છે. તેમની હયાતિ બાદ બંધ થશે. એટલે દશ લાણાં રહેશે.

(૨) એકસો વર્ષના સમયમાં સંતતિની વૃદ્ધિ તો નહીં પરંતુ ચોથા ભાગની ઘટતી આવી છે. એ નાતની કમનસીબી ગણાય.

લેખક.

સમસ્ત ઔદુમ્બર બ્રાહ્મણો જેઓના મુળ પુરુષોને હરિશ્ચંદ્ર રાજાના રાજસુય યજ્ઞમાં ઔદુમ્બર ઋષિએ વરુણમાં નિમ્યા હતા ને તે યજ્ઞની દક્ષિણામાં નીમા વણિકની યજમાન વૃત્તિ હરિશ્ચંદ્ર રાજાએ ભેટ કરી તે બ્રાહ્મણોના ગોત્ર હસ્ત લિખિત શોધિત વાચિત રુદ્રયામલોપાખ્યાનની ઇંદોરથી આવેલી પ્રતના દ્વાવિંશોઽધ્યાય (બાવીશમો અધ્યાય) શ્લોક ૧ થી ૧૨ સુધીમાં સોળ ગોત્ર ગણાવ્યાં છે તેની નક્કલ. ગુજરાતીમાં ભાવાર્થ.

નારદ ઉવાચઃ—માઘ માસે સિતે પક્ષે, પંચમ્યાં ગુરુવાસરે ।
પુષ્ય નક્ષત્ર સંયોગે, કર્કસ્થે રોહિણી પતૌ ॥ ૧ ॥

રાજ સુયસ્ય યજ્ઞસ્ય, પ્રારંભં કૃતવાન્ નૃપઃ ।
ઔદુમ્બરેણ મુનિના, યદાદિષ્ટં વિધાયસઃ ॥ ૨ ॥

તદાદાવકરોદ્ભૂપ, ઋત્વિજાં વરણં મુદા ।
બ્રાહ્મણં મુદ્ગલં ચક્રે, સંસ્થાપ્ય પ્રથમે પદે ॥ ૩ ॥

જાતુકર્ણં ચ હોતારં, દ્વિતિય પદ સંસ્થિતમ્ ।
વત્સં મુનિં તૃતિયે ચ, સંસ્થાપ્યમન્ય પદે તદા ॥ ૪ ॥

ચતુર્થે ચ પદેઽગતસ્યં, ગાવસ્વોતાર મિશ્વરમ્ ।
પારાશર્યં પંચમે ચ, બ્રાહ્મણા છનં શ્વિનં પદે ॥ ૫ ॥

ષષ્ઠે ચ ગાતમં ચક્રે, પદે પોતતારમેવતમ્ ।
કૌડિન્યં સમે ચક્રે, આગ્નિધ્રં ચ પદે પદે નૃપઃ ॥ ૭ ॥

ઉદ્દગાતારં તથા ચક્રે, આત્રેયં ચાષ્ટમે પદે ।
પ્રસ્તોતારં કશ્યપં ચ, ચક્રે સનવમે પદે ॥ ૭ ॥

દશમે પ્રતિહર્તારં ભારદ્વાજં મુનિં પદે ।
એકાદશ કૌશિકં હિ સુબ્રહ્મણ્ય પદે શુભે ॥ ૮ ॥

અધ્વર્યું પુષ્કર મુનિ પ્રકરોદ દ્વાદશી પદે ।
પ્રતિ પરતોતારમથં ચંદ્રાત્રેયં ત્રયોદશી ॥ ૯ ॥

કૃષ્ણાત્રેયં ચ નેષ્ટારં પદે ચતુર્દશી નૃપઃ ।
ઉન્નેતારં પંચદશી શાંડિલ્યમ્ કરોત્પદે ॥૧૦॥

ષોડસે મૈત્રાવરુણમ ઉપમન્યુપદે વ્યધાત્ ।
એવંતન્મુનિનાદિષ્ટા ઋત્વિજસ્તા ન્નૃપોઽસ્ત્રોત ॥૧૧॥

તેવૃતા વસુધાદેવા હરિશ્ચન્દ્રેણ ધીમતા ।
યજ્ઞધ્વર પ્રસિદ્ધર્થં મણ્ડેશ પ્રતિયે તદા ॥૧૨॥

અષ્ટાંગ ચ પદં તત્ર મધુપર્ક સમાન્વિતમ્ ।
ઋત્વિગ્યો વિધિવદ્દત્તં દીક્ષા પુતેન ભુ ભુજા ॥૧૩॥

---

ઉપર પ્રમાણે (૧) મુદ્દગલ, (૨) જાતુકર્ણ, (૩) વત્સ, (૪) અગસ્ત્ય (૫) પારાશ (૬) ગૌતમ (૭) કૌડિન્ય (૮) આત્રેય (૯) કાશ્યપ (૧૦) ભરદ્વાજ (૧૧) કૌશિ (૧૨) પુષ્કર (૧૩) ચંદ્રાત્રેય (૧૪) કૃષ્ણાત્રેય (૧૫) શાંડિલ્ય (૧૬) મૈત્રા વરૂણ. આ પ્રમાણે સોળ ગોત્રના વંશજ ઔદુમ્બર ઋષિના શિષ્યા હતા. તેમને હરિશ્ચંદ્ર રાજાએ ઔદુમ્બર મુનિની આજ્ઞા પ્રમાણે વરૂણમાં નીમ્યા અને તે ભૂદેવો એટલે પૃથ્વીના દેવોની અષ્ટાંગ યોગથી અને મધુપર્કથી રાજાએ પુજા કરી અને તે બ્રાહ્મણોએ પોતાને સોંપેલા કામની દીક્ષા લીધી એટલે તે કામ સ્વીકાર્યું.

આ પ્રમાણે ઔદુમ્બર બ્રાહ્મણોનાં હાલમાં પણ સોળ ગોત્ર છે. આ સોળ ગોત્રોમાં મુદ્દગલ ગોત્ર જે પ્રથમ પદે યજ્ઞમાં નીમાયા હતા તે ગોત્રના બ્રાહ્મણો કપડવંજના શ્રોત્રિય અટક ધારી છે. તે તેમની નાતમાં આગળ પડતા અને કંઈક વધારે સંસ્કારી કુળવાન ગણાય છે એ કહેવાની જરૂર નથી.

इति अलम्

## कपडवंज निवासी श्रोत्रिय अटकधारी औदुम्बर ब्राह्मणो पैकी केटलाकनी जाणवा लायक हकीकत.

સામાન્ય:—આ વંશવૃક્ષ વિ. સં. ૧૬૪૩થી શરૂ થયેલું વિસ્તારેલું છે. તેના વંશજો ૧૯૦૭માં પંદર લાણુાથી હયાત હતા. જેની નામાવલિ આ પ્રકરણને પહેલે પાને આપી છે. આ ઉપરથી એમ સમજવાને ભૂલ ન થાય કે લગભગ ત્રણુસેં વર્ષથી આ એકજ કુટુબ વસતું હશે? બીજાં ઘણાં કુટુંબો હતાં. 'તેલી' અટક ધરાવતા વીશા નીમા વણિકના કુલગુરુ (ગોર) જેમનું નામ નૌતમરામ શ્રોત્રિય હતું અને તે હાલાના શ્રોત્રિયવાડાના મોહલ્લાની દક્ષીણુ બાજુના મહોલ્લામાં રહેતા. હાલ પણુ તે મહોલ્લાને 'નાનો શ્રોત્રિયવાડો' કહે છે. એ નૌતમરામ શ્રોત્રિય નિર્વંશી થવાથી તેમની પાસેથી 'તેલી' યજમાનોની યજમાન વૃતિ રૂા. ૧૫૦) એકસો પચાસ રૂપિયા આપી શ્રોત્રિય ગોવરધન મંચ્છારામે વેચાતી લીધી હતી. તે દસ્તવેજ લેખકના જોવામાં આવેલો હતો પરંતુ અત્યારે તે અપ્રાપ્ય છે. તે સિવાય બીજા કુટુંબીઓનાં મકાનો વેચાયાના લૂગડા ઉપરના દસ્તાવેજો પણુ જોવા મળ્યા હતા આ ઉપરથી ખાત્રી થાય છે. ઉપરોકત ત્રણુસેં વર્ષમાં ઔદુમ્બર બ્રાહ્મણોની કપડવંજમાં વધારે વસ્તી હતી. અને તેમાંના ઘણા ખરા પ્રતિભાશાળી ને કાર્ય કુશળ હતા.

વિશેષ:—રૈક્વા શ્રોત્રિય કપડવંજની ભૂમિ દેવભૂમિ છે. આજથી એક હજાર વર્ષ ઉપર જૈન સંપ્રદાયના શ્રીમાન્ અચાર્ય અભિદેવ સૂરિશ્વરનાં પુનિત પગલાંથી આ ભૂમિ પવિત્ર થયેલી છે. હાલમાં પણુ ગુજરાતમાં કપડવંજની પ્રજામાં ધર્મ ઉપર ભક્તિભાવ અનેરો દેખાય છે. દાખલા તરીકે આજે પણુ કપડવંજના શ્રોતિય વાડામાં શ્રી ચૌમુખજીના દેરાસરજીની જમીન છે. ત્યાં પારેખ વાડીલાલ મનસુખરામે પોતાની કમાઇમાંથી રૂ. ૬૦૦૦૦)નું ટ્રસ્ટ બનાવી તે જમીન ઉપર પૂજ્ય ૧૦૦૮ આચાર્ય દેવ શ્રી અભયદેવ સુરીશ્વરનું નામ જોડી શ્રી. અભયદેવ સૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદીર બાંધવાનુ અને ત્યાં માત્ર જૈન સંપ્રદાયના શ્રુત જ્ઞાનનો પુસ્તક ભંડાર કરવાચા છે તેટલુંજ નહિ પણુ તેજ જગાએ પૂજ્ય આદરમાન શેઠ શ્રી. મણીભાઇ સામજીભાઇ જૈન પાઠશાળા ચલાવી તેનો પુર્નધાર કરવા નક્કી કરેલ છે. જે થોડા વખતમાં તે ઠેકાણે સમય શોભતુ જ્ઞાન મંદીર બંધાવીં સર્વે સંઘસમસ્તની મદદથી આ ઊદાર ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા ધારેલ છે. તેવીજ રીતે આગામની દરેક પ્રજા પછી તે ગમે તે સપ્રદાયી હો, શ્રાવક હો, શૈવ હો, વૈષ્ણુવ હો, મોહોમેદન સુન્ની હો કે શીયા હો, દરેક સંપ્રદાયના ધર્માચાર્યો, ઉપદેશકો, સંચાલકો એ વિગેરેનું ભાવપુર્વક કપડવંજમાં સન્માન થાય છે. એ ધર્મભાવના ના પ્રતાપે કોઇ કોઇ અનન્ય ભક્તો પણુ જન્મે છે. તે

ત્યારે રેંડા શ્રોત્રિય નો કપડવંજમાં જન્મ થયો હતો. વૈષ્ણવ સંપ્રદાયના ૨૫૨ વૈષ્ણવોની વાર્તા છે. તેમાં રેંડાશ્રોત્રિય ની વાર્તા ૧૯૩ મી છે. આ વાર્તા સંગ્રહ, વૈષ્ણવ ધર્મસ્થાપક શ્રીમાન્ આચાર્ય વલ્લભાચાર્યના પૌત્ર શ્રીમાન્ ગોકુલનાથજી મહારાજ આપે લખેલો છે. તેની હસ્તલીખિત પ્રતો મોટા મોટા ગામના વૈષ્ણવ મંદિરોના પુસ્તકાલયમાં છે. એવી એક પ્રત કપડવંજમાં પણ છે. આ રેંડાશ્રોત્રિય શ્રીમાન્ આચાર્ય શ્રી વલ્લભાચાર્યના સુપુત્ર વિઠ્ઠલનાથજી ગોસ્વામિ તરિકે પોતે પ્રસિદ્ધ છે. તેમની સેવામાં આ ભાઈ નાનપણથી જોડાયા હતા. ને શ્રી ગોકુલમાં ગોસ્વામિની સેવામાં કાળ નિર્ગમન કરતા હતા. એક સમયે ગોકુલમાં રમણરેતીમાં તે રેંડાડુંબર પ્રભુભક્તિની તન્મયાવસ્થામાં પડયા હતા તે સમયે શ્રી નન્દનન્દન શ્રી કૃષ્ણ પ્રભુએ સાક્ષાત્કાર આપી તેમના ગળામાં માળા પહેરાવી હતી તે માળા ઘણા વર્ષો સુધી રહી હતી.

જ્યારે પોતે તન્મયાનસ્થામાં પડયા ત્યારે કંઇ નહોતું ને જાગ્યા ત્યારે ગળામાં માળા પ્રસાદી હતી. વળી તેમને રાસલીલાનો સાક્ષાત્કાર થયો હતો વિગેરે તેમની વાર્તામાં છે.

શ્રી રેંડાશ્રોત્રિય શ્રી ગોંસાઈજી મહારાજ શ્રી વિઠ્ઠલનાથજી મહારાજે પોતાની પાસેથી મદનમોહનજી પ્રભુની સેવા આપી દેશમાં જઈ ગૃહસ્થાશ્રમ શરૂ કરવાની આજ્ઞા આપી કપડવંજ વિદાય કર્યા. અહીં વૃદ્ધ ઉમ્મર છતાં કન્યા મળી તેને પુત્ર થયો તે પુત્રના યજ્ઞોપવિત સમયે વિ. સં. ૧૬૪૩ માં શ્રીમાન્ આચાર્યશ્રી ગોકુળનાથજી મહારાજ કપડવંજ પધાર્યા ને તેમના સગાં સંબંધીઓને તથા પાડોશીઓને વૈષ્ણવ ધર્મની દીક્ષા આપી તે સમયથી કપડવંજમાં વૈષ્ણવધર્મની શરૂઆત થઇ છે. હાલ એ પંથમાં એકહજાર ઉપરાંત ઘરના અનુયાયીઓ છે. આ રેંડાડુંબર અને તેમના વંશજોએ આ સંપ્રદાય ફેલાવવામાં ઘણો સારો ફાળો આપ્યો છે. હાલના વૈષ્ણવો પણ તેમને અગ્રગણ્ય અને આદર્શ પ્રભુ ભક્ત તરિકે માન આપે છે. અગીઆર પેઢીએ નિર્વંશી થયાથી શ્રી ગોસાઇજી મહારાજે આપેલી પ્રભુ સેવા પોરબંદર પધરાવી છે. આટલું લાંબુ વિવેચન કરવાનું કારણ એકજ છેકે જ્યાં જ્યાં નીમા વણિક હાજમનની અને ઔદુમ્બર કુલગુરૂઓની વસ્તી છે તેમાં જેટલા મેશ્રી (વૈષ્ણવ) છે તે આ શ્રીમાન્ આચાર્ય ગોકુળનાથજી મહારાજની ગાદીના અનુયાયીઓ છે શ્રીમાન્ આચાર્ય શ્રી ગોકુળનાથજી મહારાજ એ શ્રીમાન્ ગોસ્વામી મહારાજના ચતુર્થ પુત્ર હતા. તેથી તેમની ગાદીના અનુયાયીઓ ચતુર્થગાદીના વૈષ્ણવો ગણાંય છે. હાલમાં મોડાસા, વાડીસીનોર, વીરપુર, લુણાવાડા, દાહોદ, ઝાલોદ, વાંસવાડા, ઇંદોર, ઉજ્જન, ખરગોણ, બડનગર, વિગેરે ગામના નીમા વણિક મહાજન પછી તે દશા હો કે વીશા હો, પણ જે મેશ્રી હોય તેમની ધર્મભૂખ સંતોષવા અને પોતાના કુળગુરૂઓ તરફ ભક્તિભાવ જગાડવાનો હેતુ છે.

(૨) કપડવંજના ઔદુમ્બર બ્રાહ્મણોમાં रेंडाश्रोत्रिय એ વૈષ્ણવ સંપ્રદાયમાં આદર્શ ભક્ત ગણાય છે. ત્યારે તેમના બીજા પુત્ર कल्याण श्रोत्रियनी ચોથી પેઢીએ આશારામ શ્રૌત્રિયે પણ શૈવ સંપ્રદાયમાં તેવોજ આગળ પડતો ફાળો આપ્યો છે. કપડવંજમાં હાલ વૈજનાથ મહાદેવનું દેવસ્થાન છે. તે દેવળ અને મહાદેવની પ્રતિષ્ઠા આ આશારામ શ્રોત્રિયે કરેલી છે. જેનું યજન, પુજન વિગેરે કપડવંજની સનાતની પ્રજાના ઘણા લોકો ભક્તિભાવથી કરે છે. આ હકીકત કપડવંજ શહેરનું વર્ણન નામની ચોપડી જે આજથી પચાસ વર્ષ ઉપર છપાએલી છે તેમાંથી આ હકીકત લીધી છે.

(૩) એ આશારામભાઇના સગા ભત્રિજા નરભેરામભાઇએ વૈજનાથ મહાદેવના દેવસ્થાનની ઉત્તરપુર્વે બાજુએ ધર્મશાળા બંધાવી છે તે ઉદુંમ્બરની ધર્મશાળા નામે ઓળખાય છે. આ હકીકત પણ ઉપર જણાવેલી ચોપડીમાંથી લીધી છે.

તે સિવાય નરભેરામભાઇએ સરખલીઆ દરવાજે ઢોરને પાણી પીવાનો હવાડો બંધાવ્યો હતો અને કપડવંજ વાડાસીનોરના પગ રસ્તે પાણીની તંગી હોવાથી કાપડીની વાવ નામે હાલ જળાશય ઓળખાય છે તે સમરાવ્યું હતું એટલુંજ નહિં પણ આ (૧) ધર્મશાળા (૨) હવાડો (૩) કાપડીની વાવ. એ ત્રણે મિલ્કતની સમરામણી માટે અમુક રકમ તે સમયના અગ્રણી શશાદ અમથા પારેખની દુકાને વિ. સં. ૧૯૦૯ પહેલાં જમા મૂકી હતી એવું એમના જૂના ચોપડામાંથી જડી આવે છે.

(૪) નરભેરામભાઇના સગા ભત્રિજા મુગટરામ અંબારામ શ્રીનાથજીના મંદિરના વહિવટદાર હતા. તે પછી અવસ્થા થયે કપડવંજના મુખ્ય વહિવટકર્તા રાજારામ દેશાઇને ત્યાં મુખ્ય સંચાલક હતા. આ ભાઇ બહુ સારા પ્રતિભાશાળી ને બુદ્ધિમાન હતા.

(૫) તેમની વખતના બીજા ભાઇઓ સરકારી નોકરીમાં સારા હોદા ભોગવતા હતા. ગોવિંદરામ જોઇતારામ નાશિક શહેરમાં મામલતદાર હતા. ને તેમને તે સમયમાં રૂા. ૬૨–૮–૦ પેન્શન મળતું હતું. આ ઉપરાંત હાલના સમયના અને વીસમી સદીના પુરૂષોની હકીકત ઘણાખરાને સુપરિચિત છે, જેથી તે લખવાની જરૂર નથી.

ટૂંકમાં સારાંશ કે નીમા વાણિક મહાજનમાં જેમ કપડવંજ નિવાસી વીશા નીમા વણિક જ્ઞાતિ સંતતિ, સંપત્તિ, પરોપકારવૃત્તિ ને ધાર્મિક તેમજ

સાર્વજનિક ઉદારતામાં અગ્રેસરપણું ભોગવતા. તેવુંજ તેમના કુલગુરૂઓ (ગોર) પણ ઉપર જણાવેલા સદ્ગુણોમાં તેમની શક્તિના પ્રમાણમાં પ્રતિભા અને અગ્રેસરપણું ભોગવતા. અને હાલમાં પણ માનનીય સ્થાનમાં તેમની ગણત્રી છે. આ સઘળું કપડવંજની દેવભૂમિ અને દરેક વ્યક્તિની પોતાના ધર્મ સિધ્ધાંતો ઉપરનો ભક્તિભાવ અને અન્ય સંપ્રદાયીઓ તરફનો પરોપકારી ભાવનું પરિણામ છે, એ કહેવું અતિશયોકતી ભરેલું ગણાશે નહીં. પ્રભુ સૌને આ ભવમાં વધારો કરવાની સદ્બુદ્ધિ પ્રેરે. એવી પ્રાર્થના સાથે વિરમું છું.

ઇતિશ્રીરસ્તુ

# પ્રકરણ ૧૩ મું

## કપડવંજ નિવાસી વીશા નીમા મહાજનની લાણાંની તથા તેમના કુલગુરૂ (ગોર)ના નામની યાદી. સં. ૨૦૦૫ ના પોષ સુદ ૧૫ લાણાંની સંખ્યા ૨૩૨

| અનુક્રમ નંબર. | લાણાદારનું નામ | કુટુંબનો અનુક્રમ નંબર. | હાલના કુલગુરૂ (ગોર)નું નામ |
|---|---|---|---|
| ૧ | શેઠ રમણભાઈ મણીભાઇ તથા અજીતભાઇ મણીભાઇ | ૧ | કપડવણજ ઓદુમ્બર ગોરનું પંચ |
| ૨ | શેઠ જેશીંગભાઇ પ્રેમાભાઈ | ૧ | એજન |
| ૩ | ગાંધી પાનાચંદ લીંબાભાઇ | ૨ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૪ | ગાંધી નગીનલાલ વાડીલાલ | ૨ | એજન |
| ૫ | દોસી શંકરલાલ દોલતચંદ રણછોડભાઈ | ૬ अ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્રો |
| ૬ | દોસી સાંકળચંદ ટેમચંદ | ૬ ब | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૭ | દોસી રતીલાલ ચુનીલાલ મગનલાલ | ૧૮ | એજન |
| ૮ | દોસી નગીનદાસ શામળદાસ | ૬ ब | એજન |
| ૯ | દોસી રમણલાલ શામળદાસ | ૬ ब | એજન |
| ૧૦ | તેલી મંગળદાસ ભુરાભાઇ વ્રજલાલ | ૨૫ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૧૧ | દોસી કાન્તીલાલ સામળદાસ | ૬ ब | શ્રોત્રિય પ્રાથનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૨ | ગાંધી બાલુભાઇ વાડીલાલ | ૨ | એજન |
| ૧૩ | ગાંધી મણીલાલ બાલાભાઇ રણછોડ | ૨ | એજન |
| ૧૪ | ગાંધી કેશવલાલ દલસુખભાઈ | ૨ | એજન |
| ૧૫ | ગાંધી રમણલાલ વાડીલાલ | ૨ | એજન |
| ૧૬ | ગાંધી મણીલાલ વાડીલાલ | ૨ | એજન |
| ૧૭ | ગાંધી નગીનદાસ ગણુભાઇ | ૨ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૧૮ | ગાંધી ચંદુલાલ મગનલાલ | ૨ अ | શ્રોત્રિય ચૂનીલાલ કાલીદાસ |
| ૧૯ | ગાંધી કીકાભાઇ ચંદુલાલ છગનલાલ | ૨ अ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૨૦ | ગાંધી શંકરલાલ છગનલાલ મૂળજીભાઇ | ૨ अ | એજન |
| ૨૧ | ગાંધી જયંતીલાલ શંકરલાલ છગનભાઈ | ૨ अ | એજન |
| ૨૨ | ગાંધી કેશવલાલ છગનલાલ મોતીચંદ | ૨ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૨૩ | ગાંધી મંગુભાઈ છગનલાલ મોતીચંદ | ૨ | એજન |
| ૨૪ | ગાંધી મણીલાલ કોદરભાઈ મનસુખભાઈ | ૨ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૨૫ | શા. આદીતલાલ મથુરભાઇ પ્રેમચંદ | ૧૬ | શ્રોત્રિય ચૂનીલાલ કાલીદાસ |

| અનુક્રમ નંબર. | લાણાદારનું નામ | કુટુંબનો અનુક્રમ નંબર. | હાલના કુલગુરૂ (ગોર)નું નામ |
|---|---|---|---|
| ૨૬ | શા. દોલતચંદ ભોગીલાલ ગુલાબચંદ | ૧૮ | શ્રોત્રિય સંતોકરામ દોલતરામના પુત્રો |
| ૨૭ | ગાંધી શંકરલાલ છોટાલાલ તારાચંદ | ૨ અ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૨૮ | ગાંધી કસ્તુરલાલ શંકરલાલ | ૨ અ | એજન |
| ૨૯ | દોસી જેશીંગભાઇ કેશવલાલ મૂળજીભાઇ | ૩ | શ્રોત્રિય સંતોકરામ દોલતરામના પુત્રો |
| ૩૦ | શા. બાબુભાઈ ખુબચંદ | ૩૩ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૩૧ | શા. છોટાલાલ ચુનીલાલ | ૩૪ | એજન |
| ૩૨ | તેલી રતીલાલ કેશવલાલ પાનાચંદ | ૧૨ | એજન |
| ૩૩ | દોસી મણીલાલ ડાહ્યાભાઈ રતનજી | ૧૯ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૩૪ | ગાંધી કેશવલાલ છગનલાલ તારાચંદ | ૨ અ | એજન |
| ૩૫ | ગાંધી જેશીંગભાઇ કેશવલાલ છગનલાલ | ૨ અ | એજન |
| ૩૬ | શાહ હીંમતલાલ મોતીચંદ | ૩૦ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૩૭ | શાહ ચુનીલાલ મોતીચંદ | ૩૦ | એજન |
| ૩૮ | ગાંધી સવાઇલાલ ચુનીલાલ છગનલાલ (પાનાચંદ કુબેરદાસ) | ૨ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૩૯ | દોસી ફુલચંદ રાયચંદ હરજીવન | ૬ અ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૪૦ | દોસી વાડીલાલ મગનલાલ રતનજી | ૧૯ | એજન |
| ૪૧ | શાહ શનીલાલ જેચંદભાઈ | ૩૧ | કપડવંજ ઔદુમ્બર ગોરનુ પંચ |
| ૪૨ | ગાંધી રતનચંદ મગનલાલ પ્રેમચંદ | ૨ અ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૪૩ | ગાંધી કાન્તીલાલ વાડીલાલ નાથજીભાઇ વેજલપુરવાલા | ૪૦ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૪૪ | દોસી વિનોદચંદ્ર રતીલાલ ચુનીલાલ મગનલાલ | ૧૮ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૪૫ | ગાંધી ચંદુલાલ હસમુખભાઈ પ્રેમચંદ | ૧૪ | શ્રોત્રિય સંતોકરામ દોલતરામના પુત્રો |
| ૪૬ | ગાંધી ભોગીલાલ શામળદાસ | ૧૪ | એજન |
| ૪૭ | ગાંધી મણીલાલ પાનાચંદ શામળદાસ | ૧૪ | એજન |
| ૪૮ | ગાંધી વાડીલાલ શામળદાસ | ૧૪ | એજન |
| ૪૯ | દોસી નગીનદાસ ધરમચંદ | ૧૬ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્રો |
| ૫૦ | દોસી રતીલાલ બાલાભાઈ રણછોડદાસ | ૬ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૫૧ | ગાંધી ચંદુલાલ મોહનલાલ અમરચંદ | ૨ અ | એજન |
| ૫૨ | ભોગીલાલ વીરચંદ સખીદાસ | ૨૧ | એજન |
| ૫૩ | તેલી કસ્તુરલાલ કેશવલાલ પાનાચંદ | ૧૨ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૫૪ | ગાંધી કાલીદાસ મોહનલાલ અમરચંદ | ૨ અ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૫૫ | ગાંધી મણીલાલ ગીરધરલાલ મનસુખભાઈ | ૨ અ | એજન |

| અનુક્રમ નંબર. | લાણદારનું નામ | કુટુંબનો અનુક્રમ નંબર. | હાલના કુલગુરૂ (ગોર)નું નામ. |
|---|---|---|---|
| ૫૬ | ગાંધી કેશવલાલ ગિરધરલાલ મનસુખભાઈ | ૨ અ | એજન |
| ૫૭ | મહેતા પદ્મકાંત કાન્તિલાલ મગનલાલ | ૫ | એજન |
| ૫૮ | મહેતા રમણલાલ શંકરલાલ છોટાલાલ | ૫ | એજન |
| ૫૯ | મહેતા કેશવલાલ શંકરલાલ ,, | ૫ | એજન |
| ૬૦ | દોસી ડાહ્યાભાઈ નહાલચંદ શીવલાલ | ૧૩ | એજન |
| ૬૧ | દોસી સવાઇલાલ ડાહ્યાભાઇ નહાલચંદ | ૧૩ | એજન |
| ૬૨ | દોસી વાડીલાલ હરજીવનદાસ કુબેરદાસ | ૧૭ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્રો |
| ૬૩ | દોસી કસ્તુરલાલ હેમચંદ રણછોડભાઇ | ૨૦ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૬૪ | દોસી પોપટલાલ હેમચંદ ,, | ૨૦ | એજન |
| ૬૫ | દોસી બાબુલાલ હેમચંદ ,, | ૨૦ | એજન |
| ૬૬ | દોસી મુકુંદલાલ હેમચંદ ,, | ૨૦ | એજન |
| ૬૭ | દોસી હેમચંદ રણછોડભાઇ [શાંતીદાસ | ૨૦ | એજન |
| ૬૮ | દોસી ચંદુલાલ દલસુખભાઈ લલ્લુભાઈ | ૬ અ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર ને પૌત્ર |
| ૬૯ | દોસી કસ્તુરલાલ શામળદાસ દોલતચંદ | ૬ અ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્રો |
| ૭૦ | શાહ શનીલાલ મથુરાદાસ પ્રેમચંદ | ૧૬ | શ્રોત્રિય ચૂનીલાલ કાલીદાસ |
| ૭૧ | શાહ શોમચંદ ગીરધરલાલ માણેકચંદ | ૧૬ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્રો |
| ૭૨ | શાહ દલસુખભાઇ હીરાચંદ દયાળજી | ૧૬ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્રો |
| ૭૩ | શાહ મગનલાલ ગીરધરલાલ માણેકચંદ | ૧૬ | એજન |
| ૭૪ | દોસી મુકુંદલાલ પુનમચંદ નહાલચંદ | ૬ અ | શ્રોત્રીય પ્રાણનાથ જોઈતારામના પૌત્રો |
| ૭૫ | દોસી રમણલાલ પુનમચંદ ,, | ૬ અ | એજન |
| ૭૬ | દોસી નહાલચંદ રણછોડદાસ | ૬ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૭૭ | શાહ નહાલચંદ કાલીદાસ | ૩૨ | કપડવણજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૭૮ | ગાંધી ઓચ્છવલાલ છગનલાલ તારાચંદ કેવળભાઇ શેઠની ખડકી | ૨ અ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબના પુત્ર અને પૌત્ર |
| ૭૯ | શાહ વાડીલાલ ભેગીલાલ ગુલાબચંદ | ૧૮ | શ્રોત્રિય સંતોકરામ દોલતરામના પુત્રો |
| ૮૦ | મહેતા ત્ર્યંબકલાલ મગનલાલ કાલીદાસ | ૫ | શ્રોત્રિય ચુનિલાલ કાલીદાસ |
| ૮૧ | શાહ શંકરલાલ વીરચંદ કાલીદાસ | ૬ બ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૮૨ | દોસી શંકરલાલ કાલીદાસ હેમચંદ | ૧૩ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૮૩ | ગાંધી રમણલાલ કેશવલાલ દલસુખભાઇ | ૨ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરનાં પુત્ર અને પૌત્ર |
| ૮૪ | પારેખ વાડીલાલ મનસુખભાઇ પાનાચંદ | ૧૦ | એજન |
| ૮૫ | પારેખ રતિલાલ ઓચ્છવલાલ મનસુખભાઇ પાનાચંદ | ૧૦ | એજન |

| અનુક્રમ નંબર. | લાણુદારનું નામ | કુટુંબનો અનુક્રમ નંબર. | હાલના કુલગુરૂ (ગોર)નું નામ. |
|---|---|---|---|
| ૮૬ | ગાંધી રમણુલાલ પાનાચંદ લીંબાભાઈ શામળભાઈ શેઠની ખડકી | ૨ | એજન |
| ૮૭ | પરીખ પ્રેમચંદભાઇ રતનચંદ મનસુખભાઈ | ૧૫ | શ્રોત્રિય ચુનિલાલ કાલીદાસ |
| ૮૮ | શાહ હીરાલાલ ચુનિલાલ શીવાભાઇ | ૧૫ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૮૯ | દેસી જમનાદાસ ખુશાલદાસ | ૬ | કપડવણુજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૯૦ | શાહ છગનલાલ રતનચંદ | ૭ | શ્રોત્રિય ચુનિલાલ કાલીદાસ |
| ૯૧ | દેસી શંકરલાલ પ્રભાભાઇ રતનજી | ૧૯ | શ્રોત્રિય પ્રાણુનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૯૨ | શાહ નગીનદાસ મગનલાલ લલ્લુભાઈ કાલીદાસ | ૧૩ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૯૩ | દેસી છગનલાલ નાથજીભાઇ ગોપાળદાસ | ૧૯ | શ્રોત્રિય પ્રાણુનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૯૪ | દેસી મોહકમચંદ બાલાભાઈ નાથજી | ૧૯ | એજન |
| ૯૫ | દેસી રમણુલાલ બાલાભાઇ નાથજી | ૧૯ | એજન |
| ૯૬ | ગાંધી વાડીલાલ ગીરધરલાલ ગુલાબચંદ | ૧૧ | કપડવણુજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૯૭ | ગાંધી શનીલાલ ગીરધરલાલ ગુલાબચંદ | ૧૧ | એજન |
| ૯૮ | તેલી વાડીલાલ જમનાદાસ | ૧૨ | એજન |
| ૯૯ | તેલી રમણુલાલ પાનાચંદ શીવલાલ | ૧૨ | એજન |
| ૧૦૦ | તેલી હરજીવન નાથજીભાઇ | ૨૫ | એજન |
| ૧૦૧ | તેલી પાનાચંદ હરજીવનદાસ | ૨૫ | એજન |
| ૧૦૨ | શાહ મગનલાલ વીરચંદ કાલીદાસ | ૧૩ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૧૦૩ | દેસી સોમાભાઇ પુનમચંદ લલ્લુભાઇ | ૯ | એજન |
| ૧૦૪ | તેલી વાડીલાલ ભુરાભાઇ વ્રજલાલ | ૨૫ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૧૦૫ | તેલી મણીલાલ ભુરાભાઇ વ્રજલાલ | ૨૫ | એજન |
| ૧૦૬ | ગાંધી ભોગીલાલ દલસુખભાઇ ખીમચંદ | ૨૪ | શ્રોત્રિય પ્રાણુનાથ જોઇતારામના પૌત્રો |
| ૧૦૭ | ગાંધી કસ્તુરભાઈ ભોગીલાલ દલસુખભાઇ | ૨૪ | એજન |
| ૧૦૮ | ગાંધી વાડીલાલ દલસુખભાઇ પ્રેમચંદ | ૧૪ | શ્રોત્રિય સંતોકરામ દોલતરામના પુત્રો |
| ૧૦૯ | દેસી બાપુભાઇ શંકરલાલ કેવળદાસ | ૧૮ | એજન |
| ૧૧૦ | દેસી હરજીવનદાસ તારાચંદ મોતીચંદ | ૨૩ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૧૧ | દેસી ચંપકલાલ એન્જીવલાલ નહાલચંદ કરમચંદ | ૬ અ | શ્રોત્રિય પ્રાણુનાથ જોઇતારામના પૌત્રો |
| ૧૧૨ | શાહ રમણુલાલ મૂળચંદદાસ | ૩૬ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૧૩ | દેસી રતીલાલ પુનમચંદ હીરાચંદ | ૩ અ | શ્રોત્રિય પ્રાણુનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૧૪ | તેલી શંકરલાલ પાનાચંદ શીવલાલ | ૧૨ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |

| અનુક્રમ નંબર. | લાણુદારનું નામ | કુટુંબનો અનુક્રમ નંબર. | હાલના કુલગુરૂ (ગોર)નું નામ. |
|---|---|---|---|
| ૧૧૫ | તેલી શામળદાસ જમનાદાસ | ૧૨ | એજન |
| ૧૧૬ | શાહ કાન્તીલાલ છોટાલાલ લલ્લુભાઇ | ૩ ब | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્રો |
| ૧૧૭ | શાહ ગીરધલાલ છોટાલાલ ,, | ૩ ब | એજન |
| ૧૧૮ | શાહ ચંદુલાલ છોટાલાલ ,, | ૩ ब | એજન |
| ૧૧૯ | શાહ ચુનિલાલ શામળદાસ | ૩૯ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૨૦ | દોસી વાડીલાલ તારાચંદ મોતીચંદ | ૨૩ | એજન |
| ૧૨૧ | દોસી રતીલાલ વાડીલાલ તારાચંદ | ૨૩ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૨૨ | ગાંધી પુનમચંદ શંકરલાલ પ્રેમચંદ | ૧૪ | શ્રોત્રિય સંતોકરામ દોલતરામના પુત્રો |
| ૧૨૩ | ગાંધી ઓછવલાલ શંકરલાલ પ્રેમચંદ | ૧૪ | એજન |
| ૧૨૪ | ગાંધી નગીનલાલ શંકરલાલ પ્રેમચંદ | ૧૪ | એજન |
| ૧૨૫ | દોસી પુનમચંદ હીરાચંદ ખેમચંદ | ૩ अ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૨૬ | શાહ નગીનદાસ મનસુખરામ મહુધાવાળા | ૩૭ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૨૭ | ગાંધી કેશવલાલ દલસુખભાઈ પ્રેમચંદ | ૧૪ | શ્રોત્રિય સંતોકરામ દોલતરામના પુત્રો |
| ૧૨૮ | ગાંધી નગીનદાસ કેશવલાલ દલસુખભાઇ | ૧૪ | એજન |
| ૧૨૯ | દોસી હીંમતલાલ જયચંદભાઇ હરજીવન | ૧૧ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૩૦ | શાહ ચુનીલાલ નહાલચંદભાઈ નારણદાસ | ૮ अ | એજન |
| ૧૩૧ | શાહ શંકરલાલ ભૂરાભાઈ | ૪ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્રો |
| ૧૩૨ | શાહ જેશીંગલાલ શંકરલાલ ભૂરાભાઈ | ૪ | એજન |
| ૧૩૩ | દોસી રમણલાલ નાલચંદ પ્રેમચંદ દલાલવાડો | ૧૮ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૩૪ | પરીખ કીકાલાલ નગીનદાસ વિમળચંદ | ૨૨ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૩૫ | પરીખ રમણલાલ નગીનદાસ વિમળચંદ | ૨૨ | એજન |
| ૧૩૬ | પરીખ રતનચંદ કુબેરદાસ | ૨૧ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૧૩૭ | દોસી જમનાદાસ નહાલચંદ વૃજલાલ | ૩ | શ્રોત્રિય સંતોકરામ દોલતરામના પુત્રો |
| ૧૩૮ | શાહ હીરાલાલ શંકરલાલ પ્રેમચંદ | ૪ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૧૩૯ | પરીખ શામળદાસ ઝવેરદાસ | ૧૫ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૪૦ | પરીખ નગીનદાસ શામળદાસ ઝવેરદાસ | ૧૫ | એજન |
| ૧૪૧ | પરીખ વાડીલાલ ઝવેરદાસ શીવાભાઇ | ૧૫ | એજન |
| ૧૪૨ | દોસી કેશવલાલ પુનમચંદ લલ્લુભાઇ | ૯ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૧૪૩ | દોસી ચંદુલાલ પુનમચંદ લલ્લુભાઈ | ૯ | એજન |
| ૧૪૪ | દોસી ચંદુલાલ મૂળજીભાઇ નહાલચંદ | ૩ | શ્રોત્રિય સંતોકરામ દોલતરામના પુત્રો |
| ૧૪૫ | શાહ શાંતીલાલ છોટાલાલ શીવલાલ ઘાયજના | ૩૮ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૪૬ | શાહ ત્રીભોવનદાસ કીલાચંદ | ૨૭ | એજન |

| અનુક્રમ નંબર. | લાણુદારનું નામ | કુટુંબનો અનુક્રમ નંબર. | હાલના કુલગુરૂ (ગોર)નું નામ. |
| --- | --- | --- | --- |
| ૧૪૭ | પરીખ કસ્તુરલાલ વાડીલાલ દેવચંદ | ૧૧ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૪૮ | પરીખ રમણલાલ વાડીલાલ દેવચંદ | ૧૧ | એજન |
| ૧૪૯ | દોસી નગીનલાલ શંકરલાલ સાકળચંદ | ૩ | શ્રોત્રિય સંતોકરામ દોલતરામના પુત્રો |
| ૧૫૦ | તેલી ગીરધરલાલ હરજીવનદાસ | ૧૨ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૫૧ | શાહ ચીમનલાલ પ્રેમચંદદાસ જેચંદ | ૪ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૧૫૨ | ગાંધી ગીરધરલાલ છગનલાલ દલસુખભાઈ | ૨ अ | શ્રોત્રિય ચૂનિલાલ કાલીદાસ |
| ૧૫૩ | દોસી પિતાંબરદાસ લલ્લુભાઈ પ્રેમચંદ | ૩ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૧૫૪ | દોસી મુકુંદલાલ મંગળદાસ રણછોડદાસ | ૩ | એજન |
| ૧૫૫ | દોસી શંકરલાલ વીરચંદ મોતીચંદ | ૩ अ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૫૬ | દોસી નગીનદાસ મંગળદાસ કરમચંદ | ૩ अ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૫૭ | દોસી પુનમચંદ પાનાચંદ નાથજીભાઇ | ૧૬ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૧૫૮ | શાહ જેશીંગલાલ લલ્લુભાઇ માણેકચંદ | ૨૯ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૫૯ | શાહ અંબાલાલ કીલાભાઇ | ૨૭ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૬૦ | શાહ રતીલાલ હરજીવનદાસ જયચંદ | ૨૩ | એજન |
| ૧૬૧ | શાહ ચંદુલાલ શામળદાસ જેચંદ ગુલાબચંદ | ૧૮ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્ર |
| ૧૬૨ | શાહ ઓચ્છવલાલ ખુશાલદાસ મનસુખભાઈ | ૨૬ | શ્રોત્રિય પ્રાણનાથ પીતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૬૩ | શાહ ગીરધરલાલ ભોગીલાલ કરમચંદ | ૧૩ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્ર |
| ૧૬૪ | શાહ નગીનલાલ ગીરધરલાલ ભોગીલાલ | ૧૩ | એજન |
| ૧૬૫ | શાહ મણીલાલ ગીરધરલાલ ભોગીલાલ | ૧૩ | એજન |
| ૧૬૬ | ગાંધી ચંદુલાલ વાડીલાલ ગીરધરલાલ ગુ. | ૧૧ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૬૭ | ગાંધી ચુનીલાલ ગીરધરલાલ ગુલાબચંદ | ૧૧ | એજન |
| ૧૬૮ | શાહ રમણલાલ શંકરલાલ પ્રેમચંદ | ૪ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૧૬૯ | દોસી ચંદુલાલ ચુનીલાલ નાથજીભાઇ | ૧૬ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૧૭૦ | પરીખ શંકરલાલ ગીરધરલાલ દલસુખભાઈ પ્રેમચંદ | ૩ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૧૭૧ | દોસી રમણલાલ વાડીલાલ નહાલચંદ | ૬ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૧૭૨ | દોસી જયન્તિલાલ વાડીલાલ નહાલચંદ | ૬ | એજન |
| ૧૭૩ | દોસી વાડીલાલ નહાલચંદ રણછોડભાઇ | ૬ | એજન |
| ૧૭૪ | દોસી જેશીંગલાલ હીંમચંદભાઈ | ૧૬ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૧૭૫ | દોસી વાડીલાલ નાથજીભાઇ | ૧૬ | એજન |
| ૧૭૬ | દોસી નગીનલાલ વાડીલાલ નાથજીભાઇ | ૧૬ | એજન |
| ૧૭૭ | શાહ જેશીંગલાલ ચુનીલાલ મહાસુખભાઇ | ૧૮ | શ્રોત્રિય સંતોકરામ દોલતરામના પુત્રો |
| ૧૭૮ | શાહ કસ્તુરભાઈ નહાલચંદ પ્રેમચંદ | ૧૮ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પત્રો |

| અનુક્રમ નંબર. | લાભાદારનું નામ | કુટુંબનો અનુક્રમ નંબર. | હાલના કુલગુરૂ (ગોર)નું નામ. |
|---|---|---|---|
| ૧૭૯ | પરી ચીમનલાલ આલાભાઇ ગીરધરલાલ | ૧૧ | એજન |
| ૧૮૦ | પરી પોપટલાલ આલાભાઇ ,, | ૧૧ | એજન |
| ૧૮૧ | દોસી શંકરલાલ મગનલાલ હીમચંદ | ૬ બ | એજન |
| ૧૮૨ | શાહ વાડીલાલ મગનલાલ જેઠાભાઇ | ૧૩ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૮૩ | પરી છોટાલાલ દેવચંદભાઈ | ૧૧ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૮૪ | દોસી રમણલાલ જેચંદભાઈ હરજીવન | ૧૧ | એજન |
| ૧૮૫ | દોસી કસ્તુરલાલ જેચંદભાઇ ,, | ૧૧ | એજન |
| ૧૮૬ | શાહ જશવંતરાય ચુનીલાલ મગનલાલ જેઠાભાઇ | ૧૩ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૮૭ | શાહ જયન્તિલાલ શંકરલાલ આદીતલાલ ગં. સ્વ. બેન વિમળા | ૭ | એજન |
| ૧૮૮ | શાહ જયન્તિલાલ શંકરલાલ આદીતલાલ ગં. સ્વ. બેન વિમળા | ૭ | એજન |
| ૧૮૯ | દોસી જયન્તિલાલ શંકરલાલ પુનમચંદ | ૪ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૧૯૦ | દોસી છોટાલાલ જેચંદભાઈ પ્રેમચંદ | ૨૩ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૯૧ | દોસી શંકરલાલ છગનલાલ ખીમચંદ | ૩ અ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૯૨ | તેલી ચંપકલાલ છોટાલાલ ગીરધરલાલ | ૧૨ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૧૯૩ | તેલી બાબુલાલ છોટાલાલ ,, | ૧૨ | એજન |
| ૧૯૪ | તેલી કસ્તુરલાલ છોટાલાલ ,, | ૧૨ | એજન |
| ૧૯૫ | દોસી ચીમનલાલ ગીરધરલાલ ખેમચંદ | ૩ અ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૯૬ | દોસી રસિકલાલ જેચંદભાઈ હરજીવન | ૧૧ | એજન |
| ૧૯૭ | શાહ રમણલાલ વાડીલાલ છગનલાલ | ૧૩ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૧૯૮ | દોસી કાંતિલાલ ચુનીલાલ વીરચંદ | ૩ અ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૧૯૯ | દોસી મંગળદાસ ચુનીલાલ વીરચંદ | ૩ અ | એજન |
| ૨૦૦ | દોસી ચંદુલાલ ડાહ્યાભાઇ કેવળદાસ | ૧૮ | એજન |
| ૨૦૧ | દોસી ચીમનલાલ ડાહ્યાભાઇ કેવળદાસ | ૧૮ | એજન |
| ૨૦૨ | ગાંધી વાડીલાલ ગીરધરલાલ મનસુખભાઈ મોદીની ખડકી | ૨ અ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૨૦૩ | શાહ વ્રજલાલ લલ્લુભાઇ કાલીદાસ | ૧૩ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૨૦૪ | દોસી કાંતીલાલ મૂળજીભાઇ | ૩ | શ્રોત્રિય સંતોકરામ દોલતરામના પુત્રો |
| ૨૦૫ | શાહ કેશવલાલ શોમાભાઈ જમનાદાસ | ૭ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્રો |
| ૨૦૬ | શાહ વાડીલાલ શોમાભાઇ જમનાદાસ | ૭ | એજન |
| ૨૦૭ | શાહ શાંતિલાલ વાડીલાલ શોમાભાઈ | ૭ | એજન |

| અનુક્રમ નંબર. | લાણુદારનું નામ | કુટુંબનો અનુક્રમ નંબર. | હાલના કુળગુરૂ (ગોર)નું નામ. |
|---|---|---|---|
| ૨૦૮ | શાહ કીલાભાઇ જેઠાભાઇ | ૨૭ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૨૦૯ | શાહ કસ્તુરલાલ કીલાભાઈ | ૨૭ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૨૧૦ | શાહ છગનલાલ મહાસુખભાઈ | ૧૩ | એજન |
| ૨૧૧ | ગાંધી પાનાચંદ તારાચંદ હરજીવન | ૨ अ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૨૧૨ | ગાંધી શાન્તીલાલ ચુનીલાલ | ૧૩ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૨૧૩ | દોસી હીંમતલાલ પુનમચંદ | ૬ अ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્રો |
| ૨૧૪ | શાહ જેશીંગભાઇ વાડીલાલ છગનલાલ | ૧૩ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૨૧૫ | મોદી શંકરલાલ દોલતચંદ મુળજીભાઈ | ૭ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૨૧૬ | શાહ શંકરલાલ પાનાચંદ નથુભાઇ | ૧૩ | એજન |
| ૨૧૭ | શાહ મૂળજીભાઇ ભોગીલાલ દોલતચંદ | ૧૩ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૨૧૮ | શાહ ચુનીલાલ ભોગીલાલ દોલતચંદ | ૧૩ | એજન |
| ૨૧૯ | શાહ વાડીલાલ ભોગીલાલ દોલતચંદ | ૧૩ | એજન |
| ૨૨૦ | શાહ ચીમનલાલ ગીરધરલાલ ભોગીલાલ | ૧૩ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્રો |
| ૨૨૧ | શાહ પાનાચંદ મગનલાલ જેઠાભાઇ | ૧૩ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૨૨૨ | શાહ હીરાલાલ વાડીલાલ રતનચંદ | ૭ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૨૨૩ | શાહ પોપટલાલ હીરાલાલ વાડીલાલ | ૭ | એજન |
| | કાયાની ખડકી | | |
| ૨૨૪ | શાહ કેશવલાલ હીંમચંદ સુરતી | ૨૮ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૨૨૫ | શાહ સોમચંદ હરજીવનદાસ જેચંદભાઇ | ૨૩ | એજન |
| | કરમચંદ ત્રીકમની ખડકી | | |
| ૨૨૬ | મોદી પોપટલાલ નગીનદાસ શામાભાઈ | ૭ | શ્રોત્રિય ચુનીલાલ કાલીદાસ |
| ૨૨૭ | પરી જયંતીલાલ વાડીલાલ જમનાદાસ | ૮ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૨૨૮ | પરી કેશવલાલ જમનાદાસ કરમચંદ | ૮ | એજન |
| ૨૨૯ | દોસી ગુણવંતલાલ હીંમતલાલ | ૧૧ | શ્રોત્રિય પ્રાણનાથ પિતાંબરના પુત્ર અને પૌત્ર |
| ૨૩૦ | શાહ શંકરલાલ જમનાદાસ દોલતચંદ | ૩૫ | શ્રોત્રિય વાસુદેવ ગોવિંદલાલ |
| ૨૩૧ | શાહ મંગળદાસ શામળદાસ | ૪૧ | કપડવંજ ઔદુમ્બર ગોરનું પંચ |
| ૨૩૨ | શાહ આદીતલાલ ચુનીલાલ દલસુખભાઈ | ૨૪ | શ્રોત્રિય પ્રાણનાથ જોઇતારામના પૌત્રો |

ખુલાસો :—નાના દીકરાનું લાણું, તેમના પિતા ગુજર્યા હોવા છતાં તેમની માની હયાતિ સુધી બાપના નામ ઉપર લખવામાં આવે છે.

## કપડવંજ નિવાસી વિશા નીમા વાણિઆનાં દરેક કુટુંબના ગોત્રનાં માત્ર નામ સંસ્કૃતમાં તેમજ હાલ બોલાતી ગુજરાતી ભાષામાં બોલાતાં નામની યાદી

| કુટુંબનો અનુક્રમ નંબર. | કુટુંબના મુખ્ય માણસનું નામ. | સંસ્કૃત ભાષામાં ગોત્રનું નામ. | લોકભાષા તથા ગુજરાતીમાં ગોત્રનું નામ. |
|---|---|---|---|
| ૧ | શેઠ હીરજી અંબાઇદાસ | शांखिक | સાખી |
| ૨ | ગાંધી રૂઢજી રહીઆ | घृतानयनकं | ઘીઆણુકં |
| ૩ | દોસી પુંજીઆ વસ્તા તથા મીઠા વસ્તા | मण्यानयनकं | મણીઆણુકં |
| ૪ | શાહરંગજી દયાળદાસ | मंचानयनकं | મચુઆણા |
| ૫ | મહેતા કાલીદાસ જીવણદાસ | न्यायानयनकम | નૈયાણુકં |
| ૬ | દોસી ભૂધર કુંવરજી તથા ત્રીકમ કુંવરજી | दत्तानयनकं | દત્તાણકં |
| ૭ | મોદી રંગજી નાનાભાઇ તથા મોદી લક્ષ્મીદાસ | कद्रानयनकं | કડુઆણા |
| ૮ | પરી કરમચંદ ત્રીકમજી | कुष्ठानकम् | કુઠલાણા |
| ૮અ | પરી નારણદાસ વસનદાસ | कुष्टानकम् | કુઠલાણા |
| ૯ | દોસી જીવણલાલ સુંદરજી | दध्यानयनकं | દહિઆણા |
| ૧૦ | પરી મનસુખભાઇ પાનાચંદ | रायानयनकं | રૈહીઆણા |
| ૧૧ | ગાંધી ભવાનીદાસ જીવણદાસ | कच्छाथानयनं | કચ્છીઆણા |
| ૧૨ | તેલી ખાતુ ભેમભાઇ | खारिकानकम् | ખરીઆણા |
| ૧૩ | દોસી દયાળ ભૂલા તથા ભૂખણ ભૂલા | चम्कानयनं | ચંપાણકં |
| ૧૪ | ગાંધી રંગજી તુકીદાસ (હરજીવન રઘનાથ) | गुवनियनकं | ગરીઆણા |
| ૧૫ | પરી રંગજી રાઘવજી (પરી. મનસુખભાઇ માણેકચંદ) | चिर्कीनयनकं | ચીખલાણા |
| ૧૬ | શાહ દયાળજી માધવજી તથા દેવચંદ માધવજી | गुहधानानयनं | ગુલદાણા |
| ૧૭ | દોસી હરજીવન કુબેરદાસ | मह्यानयनकम् | મહીઆણા |
| ૧૮ | શાહ નાનાભાઈ કીશોરદાસ તથા ત્રીકમદાસ કીશોરદાસ | मानानयनकं | મયાણકં |
| ૧૯ | દોસી ભૂધરજી ગોરધન મહુધાવણ | हर्यानियनकम् | હરીઆણા |
| ૨૦ | દોસી લક્ષ્મીદાસ કેશવદાસ | शांखिक | સાખી |
| ૨૧ | પરી. લક્ષ્મીદાસ રંગજી તથા પરી. પ્રભુદાસ રંગજી | कुठकम्<br>मह्यानयनकं | કઠ<br>મહીઆણા |
| ૨૨ | પરી નગીનદાસ વિમળચંદ | | |
| ૨૩ | દોસી કુંવરજી રતનજી | गुडानयनकम् | ગુડાણકં |
| ૨૪ | ગાંધી ખેમચંદ ગોવિંદજી | विंद्रुमानयनं | વિદ્રુમાણકં |

| કુટુંબનો અનુક્રમ નંબર. | કુટુંબના મુખ્ય માણસનું નામ. | સંસ્કૃત ભાષામાં ગોત્રનું નામ. | લોકભાષા તથા ગુજરાતીમાં ગોત્રનું નામ. |
|---|---|---|---|
| ૨૫ | તેલી મનોરદાસ રણછોડદાસ તથા નારણદાસ રણછોડદાસ | कचानयनक | કચલાણા |
| ૨૬ | દેસી ઓચ્છવલાલ ખુશાલદાસ મનસુખભાઇ | यानानयनं | જાણાણકં |
| ૨૭ | શાહ કીલાભાઇ જેઠાભાઇ દ્રાપરાવાળા | वडवानयनकम् | વડવાણા |
| ૨૮ | શાહ અમીચંદ વિઠ્ઠલભાઈ | विधानानयनम् | વીડવાણું |
| ૨૯ | શાહ ખેમચંદ ગોવિંદજી | नीरानयनकं | નીરાણકં |
| ૩૦ | શાહ હરજીવન મૂળજીદાસ | मंडनानयनं | મંડઆણું |
| ૩૧ | શાહ શનીલાલ જેચંદદાસ | जीवानयनकं | જીયાણકં |
| ૩૨ | ગાંધી નહાલચંદ કાલીદાસ દ્રાપરાવાળ | कम्बलानयनकम् | કંબલાણું |
| ૩૩ | શાહ બાબુભાઇ ખૂબચંદદાસ | माणिक्यानयेमम | માણિક્કાણા |
| ૩૪ | શાહ છોટાલાલ ચુનીલાલ | विधानानयने | વીડવાણું |
| ૩૫ | શાહ શંકરલાલ જમનાદાસ | कद्वानयनकम | કડુઆણા |
| ૩૬ | શાહ મૂળચંદ ડાહ્યાભાઈ | न्यायानयनकम | નૈયાણકં |
| ૩૭ | નગીનદાસ મનસુખભાઈ | कचानयनकम | કચલાણા |
| ૩૮ | શાહ શાંતીલાલ છોટાલાલ શીવલાલ | कूटानयनकं | કુડાણકં |
| ૩૯ | શાહ ચુનીલાલ શામળદાસ | हर्यानयनकं | હરીઆણા |
| ૪૦ | શાહ વાડીલાલ નાથજીભાઇ વેજલપુરવાળા | कद्वानयनकं | કડુઆણા |
| ૪૧ | શાહ મંગળદાસ શામળદાસ | मानानयनकम | પ્રયાણકં |

इतिश्री शुभंभवतु

# प्रकरण १४ मुं.

## कपडवणज निवासी वीशा नियमा वाणिज्य
उर्फे
## वीशा नीमा वणिक महाजन

नियमा वाणिज्य એ સંસ્કૃત ભાષાનો સામાસિક શબ્દ છે. એ તૃતિયા તત્પુરૂષ સમાસ છે. તે શબ્દને છુટા પાડી તેનો અર્થ સમજીએ તો नियमेन वाणिज्य એટલે નિયમ વડે વ્યવહાર કરનાર તે नियमा वाणिज्य. હાલના સમયને અનુસરી અર્થ સમજીએ તો અમુક વસ્તુ અગર વસ્તુઓનો વ્યવહાર એટલે આપ લે કરવાનો પરવાનો, અધિકાર, ઈજારો, પટો અથવા લાયસન્સ હોય તેવા વ્યાપારીને તે સમયની ભાષામાં नियमा वाणिज्य કહ્યા.

ઉપર કહી ગયા તે પ્રમાણે નિયમા વાણિજ્ય એ શુદ્ધ ગુજરાતી ભાષાનો શબ્દ નથી પરંતુ હાલ બોલાતી ગુજરાતી ભાષા પહેલાં બોલાતી લોક ભાષાનો શબ્દ છે. આ ભાષા શ્રીમાન્ વસ્તુપાલ તેજપાલના સમયમાં એટલે સંવત્ ૧૨૭૫ની આસપાસના સમયમાં બોલાતી ભાષા કરતાં પણ જૂની ભાષાનો શબ્દ છે. એ જૂની ભાષા સંવત્ આઠમા સૈકાથી અગીઆરમા સૈકા સુધીના કાળમાં બોલાતી ને લખાતી ભાષાનો આ શબ્દ હોય એમ જણાય છે. આ ભાષામાં લખાએલાં શાસ્ત્રો, પુસ્તકો, ગ્રંથો, રાસો, કવિતાઓ, વિગેરે ભાષા સાહિત્ય જૈન ભંડારોમાંથી મળી આવે છે. વળી એ સમયમાં બ્રાહ્મણોએ જેમ પોતાની શંસ્કૃતિ જાળવી રાખી હતી તેમ પોતાની સંસ્કૃત ભાષા પણ સાચવી રાખી હતી. એટલે તે સમયનાં બ્રાહ્મણોએ લખેલાં પુરાણો, આખ્યાનો, નાટકો વિગેરે સંસ્કૃતમાં લખેલાં મળી આવે છે એટલુંજ નહીં પણ નાટકમાં બ્રાહ્મણ, ઋષિ, મુની વિગેરે બોલે છે ત્યારે બ્રાહ્મણને અને ક્ષત્રિયને, आर्यपुत्र એમ બોલે છે, ને બ્રાહ્મણ સિવાય બીજી વર્ણના લોકો બોલે છે ત્યારે તે સમયની લોકભાષામાં વપરાતા શબ્દો બોલે છે. મતલબકે તે સમય લોક-ભાષા સંસ્કૃત નહોતી, પરંતુ સંસ્કૃતમાંથી ઉતરી આવેલી તેની મોટી દીકરી પ્રાકૃત અગર અર્ધમાગધી કે અપભ્રંશ નામે ઓળખાતી લોકભાષા હતી. આ ભાષામાં સંસ્કૃત શબ્દોનો જથ્થો વધારે છે. ને લોકભાષાના શબ્દો છે, તે સંસ્કૃત ભાષાના શબ્દોથી ઓછા વિકારવાળા છે, આથી આપણું नियमा वाणिज्य નામ સંસ્કૃત ઉપરથી લોકભાષાંમાં આઠમાં સૈકા પછી આવ્યું. ત્યાર પહેલાં આપણું નામ માત્ર વૈશ્ય હતું. તે જ્યારે ધર્મપરિવર્તન થયું અને સામાજીક અવ્યવસ્થા થાળે પાડવાને સમાજ નિયામકોએ પ્રયત્ન કર્યો, ત્યારે આપણી વૈશ્ય જાતિને વીણી કાઢી

તેને नियमा-वाणिज्य નામ આપી તેમના તે સમયના ધંધાનો વિચાર કરી તે ભાષામાં ગોત્રનાં નામ પણ પાડી આપ્યાં. એ લોકભાષામાં આપેલાં ગોત્રનાં સંસ્કૃત નામ શોધી તેનું આ પુસ્તકના આઠમા પ્રકરણમાં વિવરણ કર્યું છે.

આ નિયમાવણિજ્ય એ નાતનું નામ અને ગોત્રના નામના ઇતિહાસ માટે આટલું વિવરણ કરવાની જરૂર એથી પડી છે કે:—નીમા વાણિઆ એ શ્રીમાન્ હરિશ્ચંદ્ર રાજાના સમયના વૈશ્ય બંધુઓ છે. આ નાતનું અને ગોત્રોનાં નામ આઠમા સૈકાથી દશમા સૈકા સુધીની બોલાતી ભાષામાં છે. જેથી નીમા વાણિઆની ઉત્પત્તિના સમય ને બાધ આવે છે. તેના જવાબમાં જણાવવાનું કે હરિશ્ચન્દ્ર રાજાના વૈશ્ય બંધુઓએ એક હજાર કરતાં પણ અધિક વર્ષો સુધી પોતાની સંસ્કૃતિ, વેપાર, ધર્મ વગેરે બ્રાહ્મણોની માફક સાચવી રાખ્યું હતું. પછી એ અવ્યવસ્થાનો અંત આવ્યો ત્યારે એ વૈશ્ય બંધુઓના વિદ્વાન આગેવાનો અને તેમના કુળગુરૂ ઔદુમ્બર બ્રાહ્મણોએ, તે સમયના સમાજ નિયામક આચાર્યો, વિદ્વાન ધર્મગુરૂઓ એમની સાથે મળી આ વૈશ્ય બંધુઓની નાત અને ગોત્રો નિર્માણ કરી સમાજમાં માનપૂર્વક પોતાની સંસ્કૃતિ, વ્યાપાર, ધર્મ વિગેરેનું સંરક્ષણ કરી બધા વ્યાપારીઓ સાથે મહાજનમાં જોડાયા.

विक्रम સંવત્ અગાઉ લગભગ છસેં વર્ષ અગાઉ અખિલ હિંદમાં ધર્મ પરિવર્તનકાર:અને सत्य અને अहिंसाના ઉપદેશક મહાન્ દેવાંશી બે પુરૂષોએ અવતાર લીધો ને લગભગ પંદરસો વર્ષ સુધી હિંદની અજ્ઞાન પ્રજાને सत्य અને अहिंसाનો ઉપદેશ આપી સન્માર્ગે વાળ્યા. તે ધર્મપ્રવર્તકના અનુયાયીઓમાં સાધુઓ, વિદ્વાનો, આચાર્યો વિગેરેએ, અજ્ઞાન અને અબુધ પ્રજાને સમજાય નહીં તેવી સંસ્કૃત ભાષાને બદલે લોકમાં બોલાતી લોકભાષાનો ઉપયોગ કરી તેમાં શાસ્ત્રો, કથાઓ, જીવન ચરિત્રો, રાસો, કવિતો વિગેરે રચ્યાં જે તે સમયના ધર્મ જીજ્ઞાસુઓને સમજવાને અનુકુળતા મળી, જેથી જૈન ધર્મના તે સમયના નિયામકો આ મહાન્ પરિવર્તનમાંથી બચી ગયા. ને પોતાની ધર્મ સંસ્કૃતિનું સંરક્ષણ સારી રીતે કરી શકયા. આમાં सत्य અને अहिंसाનો ઉપદેશ વ્યવહાર અને વ્યાપારમાં અમુલ્ય થઈ પડયો જેના પરિણામે વાણિયાનો એક સુદૃઢ કસિમુહ જૈન સંપ્રદાય ને આદર આપતો થયો. કપડવંજનું નામ તે સમયની ભાષામાં कर्पटवाणिज्य એમ લખ્યું છે. તેનો સામટો અર્થ કાપડનો વેપાર જે સ્થળે ચાલે છે તેનું નામ कर्पटवाणिज्य. જૈન સંપ્રદાયના દેવ મંદિરોમાં ધાતુની અને શીલાની પ્રતિમાજીઓ (બિંબ) ભરાયેલી તે સમયે તે પ્રતિમાજીના અમુક ભાગમાં તેની સાલ, ભરાવનારની નાત, વંશ, સગાં, તેમજ સાધુજીનાં નામ કોતરાવેલાં હોય છે. આ સાધન, સમય અને ઇતિહાસ જાણવાનું અમુલ્ય સાધન છે. આવા લેખોમાં સંવત્ ૧૫૨૨, ૧૬૧૮, ૧૬૫૫

અને સંવત્ ૧૬૬૬ના બે લેખો એ પ્રમાણે પાંચ લેખોમાં कर्पटवाणिज्य वास्तव्यम એવા શબ્દ કોતરેલા મોજુદ છે. ને તેનો અર્થ હાલની ભાષામાં કપડવંજ એવો થાય છે. મતલબકે नियमा वाणिज्य શબ્દ જે ભાષાનો છે તે લોક ભાષા ઘણી જૂની ગુજરાતી અગર અર્ધ માગધી ભાષા હોઇ તે આઠમાથી અગીઆરમા સૈકામાં બોલાતી હોવી જોઇએ અને આ નિયંમ વાણિજ્ય જે ન્યાતનું નામ સૂચવે છે તે પણ તેજ સમયમાં સમાજમાં સ્વતંત્ર નાત તરિકે બહાર આવેલી હોવી જોઇએ અને તે જુના સમયની ચાતુર્વર્ણમાંની ત્રીજી વર્ણ વૈશ્યમાંથી ઉતરી આવેલી. જુના વખતના પોતાના ત્રીજા નંબરેથી ઉપર ચઢી આ નવા જમાનામાં બીજે નંબરે એટલે (૧) બ્રાહ્મણ અને બીજી વાણિઆ એમાં આ नियमा वाणिज्य આવી ગઇ એ તેમની સંસ્કૃતિના સંરક્ષણનો બદલો તે સમયના નિયામકોએ તેમને આપ્યો એ વાત ભાષા દૃષ્ટિએ જોતાં પણ નિર્વિવાદ સિદ્ધ થાય છે.

गोत्र :—નીમા વાણિઆની નાતના નામના જન્મ સાથે તેમના ગોત્રના નામોનો પણ જન્મ થયો છે. ગૃહસ્થાશ્રમમાં પોતાના કુળને ઓળખાવનાર, પોતાના વંશની વૃદ્ધિ તથા સંસ્કૃતિની શુદ્ધિને સાચવનારી અને વધારનાર તરિકે પોતાની નાત કરતાં પણ અતિ મહત્વનું સાધન गोत्र છે. બહુ જુના વખતમાં એટલે ચાતુર્વર્ણના સમયમાં જ્યારે નાતોનો જન્મ નહોતો અને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ દ્વિજ એટલે બે વખત જન્મ લેનાર અને ચોથી શુદ્ર એમ ચાર જાતો હતી ત્યારે દરેકને પોતાનું गोत्र હતું. જુના શિલા લેખો કે તામ્રલેખો ઉપરથી સિદ્ધ થાય છે કે. અમુક વ્યક્તિને ઓળખાવવા માટે તેની નાત કે જાતનું નામ અહીં પણ गोत्रના નામથી તેનું ઓળખાણ અપાતું. વિક્રમ સંવત્ ૯૯૬ ના માગશર સુદી ૧૧ને મંગળવારે સોલંકીવંશના ગુજરાતના મહારાજા દુર્લભસેને નવસારી પ્રાંતના "ધમડાછા" ગામ પંડિત મહીધરને દાનમાં આપ્યું. તેના તામ્રપત્રના લેખમાં પંડિત મહીધરને ઓળખાવવા માટે તેની નાતજાતનું નામ નહીં પણ "માંડવ્ય ગોત્રમાં ઉત્પન્ન થયેલા પંચ પ્રવરવાળા વિપ્ર રૂદ્રાદિત્ય સુત પંડિત મહીધરને" આ પ્રમાણે गोत्र એ સનાતન એટલે ઘણા જુનાકાળથી દરેક વ્યક્તિને ઓળખાવનારૂં સાધન છે. આવા અનેક દાખલા જુના લેખો (પછી તે હસ્ત લીખીત હોય, શિલા લેખો કે ધાતુ લેખો હોય) તેમાંથી જડી આવે છે. જુઓ શ્રીમાળી વાણિઆના જાતિભેદ પુસ્તકના પૃષ્ટ ૨૪૨ ઉપરની ફૂટનોટ. એ गोत्र સાથે તેમની गोत्रदेवी (કુલદેવી) પણ હોય છે દરેક ગૃહસ્થાશ્રમીએ જન્મ, પરણ અને મરણ સમયનું રક્ષણ અને પોષણ એ ગોત્રદેવીને સોંપેલું હોય છે, કારણ કે આ ત્રણે સમયો. મનુષ્યની કર્તવ્યતાની કક્ષાની બહાર છે, મતલબ કે આ બાબતોમાં મનુષ્ય નિરૂપાય છે, તેથી જ એ

અદશ્ય દૈવી શક્તિને તે સોંપી બાકીનાં પોતાથી બની શકતાં વ્યવહારીક કાર્યો કરે છે. આ કારણે ઉપર જણાવેલ ત્રણે પ્રસંગો અગર તેના અંગના બીજા પ્રસંગોએ ગોત્રદેવી (ગોત્રજ) યાને કુલદેવીનું પોતાના ઘરમાં આવાહન કરી તેનું યજન પુજનનો સંપુર્ણ વીધિ કરી પછી જ વ્યવહારિક કે ધાર્મિક પ્રસંગનો વીધિ કરવો શરૂ કરે છે. આવી પ્રથા, હિંદુઓમાં દરેક નાતમાં એટલે વેદાંતી બ્રાહ્મણોથી માંડીને છેક અતિશુદ્ર જેવી નાતમાં એક કે બીજા નામે ચાલુ જ છે. ગૃહસ્થ એટલે ઘર બાંધી રહેનાર મનુષ્ય શૈવ હોય, વૈષ્ણવ હોય, જૈન હોય, શાક્ત હોય કે ગમે તે ધર્મ પાળતો હોય તો પણ ઘરમાં કુળદેવીની સ્થાપના કર્યા સિવાય કોઇપણ માંગલિક કે અમાંગલિક કાર્ય કરાયજ નહીં. આવી રીત હિંદુ ગૃહસ્થને માટે છે એટલું જ નહીં પણ ત્યાગી, સંન્યાસી, આચાર્યો, સાધુ, બાવા, શ્રીપુજ્યજી, આશ્રમવાસી મઠાધિપતિ વિગેરે એવાઓને પણ કુલદેવી અને તેમનાં કુળ, નાત, ગચ્છ, સંઘાડા, આશ્રમ, ગાદી ઇત્યાદિ હોય છે. માત્ર નામ ફેર હોય છે. પરંતુ હિંદુ સમાજની દરેક વ્યક્તિ ભલે તે ગૃહસ્થી હો કે ત્યાગી હો અગર હિંદુ સમાજના કોઈપણ સંપ્રદાયનો હો તેને ગોત્રદેવીનું સ્થાન તો સામાન્ય જ હોય છે. એટલું જ નહીં પણ તેને ધાર્મિક અવલંબન માને છે વૈષ્ણવ ધર્મ આચાર્યોને પણ આ બધાં અવલંબન છે. જૈન સંપ્રદાયના પ્રવર્તક અને ચોવીસમા તીર્થંકર પ્રભુ પરમપુજ્ય મહાવીર સ્વામીને તેમના ગૃહસ્થાશ્રમમાં પણ ગોત્ર, કુળદેવી અને અને કુલગુરૂ (ગોર) હતા. તેમનું ગોત્ર કાશ્યપ હતું. આ બંધન વિનાનો હિંદુ, ખીલે બંધાયા વિનાના પશુ જેવો થઈ જાય છે ને તે પોતાને, પોતાનાં સગાં તથા કુટુંબી વર્ગને તથા નાત અને સમાજ એ બધાંને દુઃખી કરે છે ને પોતે દુઃખી થાય છે નાસ્તિક મનુષ્યો, જેઓ દેવ દેવીઓ અને શાસ્ત્રોને માનતા નથી તેવાઓને પણ પોતાથી કોઈ અધિક સત્તાને તાબે રહેવું પડે છે. માટે ગોત્ર વિષે દરેક ગૃહસ્થીએ જાણીતા રહેવું જોઇએ.

નીમા વણિક મહાજનની નાત ઘણે ભાગે હિંદુ ધર્મના બે સંપ્રદાયોમાં વહેંચાયેલી છે [ ૧ ] જૈન ( શ્રાવક ) [ ૨ ] વૈષ્ણવ ( કંઠીબંધા ). આ બન્ને સંપ્રદાયોના ધર્મગુરૂઓ, મહાન્ આચાર્યો, વિદ્વાન ઉપદેશકો તથા સાધુ સાધ્વીઓ પોતપોતાના સંપ્રદાયોનાં તત્વજ્ઞાન દેવમંદિરો અને તેની યજનપુજન વીધિ, વ્રતો, ઉત્સવો, ભજનો, પુજાઓ, દાનપ્રસંગો વિગેરેનો તેમના આગમો તથા શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણેની વીધિ અનુસાર કરવા પોતાના અનુયાયીઓને યથાશક્તિ દોરે છે, એ બન્ને સંપ્રદાયોના સંસ્થાપકો ( ૧ ) પરમપુજ્ય તીર્થંકર ભગવાન્ શ્રી મહાવીર સ્વામીજી તથા ( ૨ ) પરમપુજ્ય શ્રીમાન્ આચાર્ય શ્રી વલ્લભાચાર્યજીને તેઓની ગ્રહસ્થાશ્રમ અવસ્થામાં તેમને નાત–ગોત્ર–કુળ–કુળદેવી અને કુળગુરૂ

હતાં. તેમને તથા તેમના ઉપદેશકો, આચાર્યો, સાધુ, બાવા, વિગેરેના આ સ્થાપન અને તેમનું યજન પુજન વીધિ વિગેરે યથાવીધિ કરે છે. એટલુંજ પણ પોતાના અનુયાયીઓને પોતાના ગૃહસ્થાશ્રમીનાં ગોત્ર, ગોત્રદેવી (કુલદેવી) તેની સ્થાપના, યજન પુજન વીધિ વિગેરે કરવામાં અવગણના બતાવતા નથી પરંતુ ગૃહસ્થાશ્રમી માટે તે વીધિને પરમ આવશ્યક ગણે છે. આ વીધિ નહીં કરનાર, ગૃહસ્થાશ્રમીના ધર્મનો દ્રોહ કરનાર ગણાય છે.

હાલની કેળવણીની પદ્ધતિમાં ધાર્મિક તત્વનો અભાવ હોવાથી જુની સંસ્કૃતિને, વિઘાતક કેળવણીથી ઘડાયેલા મગજવાળા કેટલાક યુવકો પોતાની આ બાજુની ફરજના જ્ઞાનના અભાવે અને કેટલાક પ્રૌઢ પુરૂષો પણ સગવડીઆ ધર્મ પોષવાની વૃત્તિવાળા બની પોતાનાં ગોત્ર, ગોત્રદેવી (કુલદેવી) તેનાં યજન પુજન વીધિ વિગેરેના નિયમો તરફ જોઇએ તેટલી આદર વૃત્તિથી વર્તતા જણાતા નથી. આમાં તેમના કુલગુરુઓનો દોષ પણ છે. તેઓ આ બાબતમાં પોતાના યજમાનો ને જ્ઞાન આપવામા બેદરકાર રહે છે જેના પરિણામે તેઓ યજમાન તરફથી જોઇએ તેટલો આદર પામી શકતા નથી. તેમની બેદરકારીનું એ પ્રાયશ્ચિત છે. યજમાન ભલે વૈષ્ણવ હોય કે જૈન હોય તેમને આ ગૃહસ્થ ધર્મનું રહસ્ય સમજાવવામાં આવે તો તે આવકારદાયક રીતે યજન પૂજનમાં ભાગ લે એ અનુભવ સિદ્ધ છે. યજમાન શબ્દનો અર્થ પૂજા કરનાર એવો થાય છે. પરંતુ પુજાકરાવનાર કુલગુરૂ પુજન વીધિનું તત્વજ્ઞાન સમજાવે નહીં અને પુજાકરનારની ખુશામત અને સગવડ સાચવનાર થાય તો તેનું પ્રાયાશ્ચિત જેટલું યજમાનને લાગે છે તેટલું બલકે તે કરતાં પણ વધુ ફાળો પુજા કરાવનારને ભાગે જાય છે, આ બાબત પુજા કરનાર યજમાને અને પુજા કરાવનાર કુલગુરુ (ગોર) તેમણે એક બીજા ઉપર, પોત પોતાની આ ધાર્મિક વિષયમાં પૂરેપૂરી ફરજ બજાવવા માટે અંકુશ રાખવો જોઈએ. આથી અદૃશ્ય શકિત આપણી કુળ-દેવીનું યથાશકિત યજન પૂજન કરી સંતોષ મેળવવાને હકદાર થઈએ છીએ. આ માટેજ આ વિષય ઉપર વધારે સ્પષ્ટિ કરણ કર્યું છે.

નીમા વાણિઆ જેમ ધાર્મિક સંપ્રદાયોમાં વૈષ્ણવ અને જૈન એ રીતે બે ભાગમાં વહેંચાયલા છે. તેવી રીતે વ્યવહારિક પ્રથામાં દશા અને વિશા એવા બે ભાગમાં વહેંચાયલા છે, એ રીતે આખી નાત ચાર તફામાં વહેંચાઇ ગઇ છે, તે બધાનું મૂળ સ્થાન એકજ છે. તે સ્થાન હાલ જ્યાં દેવગદાધરરાય શામળાજી)નું મંદિર છે. તેની પાસે કલ્પગ્રામ હતું, તે હતુ. અત્યારે તે નાશ પામેલું છે. હાલ ત્યાં જે વસ્તી છે તે ગામનું નામ દેવમંદિરના નામ ઉપરથી શામળાજી ચાલે છે. આ સ્થાન તે નીમા વાણિઆનું મૂળ સ્થાન. તેમના કુળદેવ તે દેવગદાધરરાય (શામળાજી) છે, તેમની

કુલદેવી સર્વમંગલા છે. આ નીમા વાણિઆ પૈકી જે વૈષ્ણવ છે તેમના ઇષ્ટદેવ તે શ્રીનાથજી છે. અને જે જૈન છે તેમના ઇષ્ટદેવ श्रीकेसरिआजि ( श्रीऋषभदेवजी ) છે પણ તે બન્ને સંપ્રદાયીઓના કુલદેવતા તો **શામળાજી** જ છે. એ કુલદેવ સમક્ષ સત્યવાદી રાજા હરિશ્ચન્દ્ર પોતાની સાથેના વૈશ્યોને વ્યાપારમાં જોડયા. આથી નીમા વાણિઆની નાતને સ્થાપનાર રાજા હરિશ્ચન્દ્ર છે. તેમના વ્યાપાર ઉપરથી તેમનાં ૩૨ ગોત્ર છે તે હરિશ્ચંદ્ર આખ્યાનની હસ્ત લીખીત પ્રતિ જૂદે જૂદે સ્થળેથી મેળવી તે ઉપરથી સંશોધન કરી ઘણેભાગે મળતી આવતી પ્રતિમાં સુધારો વધારો કરી તૈયાર કરેલી એક પ્રત औदुम्बर ज्ञातिकुल भूषण ઇંદોરનિવાસી શ્રીમાન્ ગોવિંદલાલ શ્રીધરજી શાસ્ત્રીએ લેખકની માગણીથી મોકલી છે તે નકલના ચોવીસનાં અધ્યાયમાં નીમા વાણિઆના સ્થાપન તથા તેમનાં ૩૨ ગોત્રનાં સંસ્કૃત નામ તથા તેમની કુલદેવીઓ તથા હરિશ્ચંદ્ર રાજાએ તેમને સ્થાપિત કર્યા તે સર્વ હકીકત આપેલી છે. અવકાશે તે અધ્યાય મૂળ સંસ્કૃત શ્લોક તેના અર્થ સહિત આપવા વિચાર છે. તે પ્રભુ કૃપાથી પાર પડે તો તેમાં જોવાથી સર્વે માહીતિ મળી શકશે એ ચોવીસમો અધ્યાય પૂરો થતાં છેલ્લે એવું લખ્યું છે કે इति स्कंद पुराणे ब्रह्मयो पाख्याने नारद शौनक संवादे हरिश्चन्द्र औदुम्बर संवादे वाणिआं गोत्रकथनं नाम चतुर्विंशोऽध्यायः॥

હરિશ્ચંદ્ર રાજાને પોતાને પુત્ર સંતતિ માટે રાજસૂય યજ્ઞ કરવાની પ્રભુ પ્રેરણા થઇ, ને તે માટે તેમના કુલગુરૂ વશિષ્ટ મુનિની સલાહથી હાલ જ્યાં શામળાજી છે ત્યાં ઔદુમ્બર મુનિ પોતે આશ્રમ રાખી તપનિર્વાહ કરતા હતા, તેમની પાસે રાજસૂયયજ્ઞ કરાવવાનો નિશ્ચય થયાથી, હરિશ્ચંદ્ર રાજા પોતાની સાથે કુટુંબ કબીલો, ગુરૂવર્ગ, અને સેવકવર્ગ, તેમજ અન્ય રાજ્ય સાથે સંબંધ ધરાવતા પ્રજાવર્ગના માણસો સહિત ઔદુમ્બર ઋષિના આશ્રમે આવ્યા. તેમની દેખરેખ નીચે અને શાસ્ત્રોક્ત વેદ વિધિ અનુસાર વશિષ્ટ આદિ મહામુનિઓ અને તેમના તથા પોતાના ત્યાં હાજર રહેલા શિષ્યો ઇત્યાદિ વિદ્વાન બ્રાહ્મણો મારફત, રાજસૂયયજ્ઞ કરાવ્યો. તેની પુર્ણાહુતીના પ્રસંગમાં હરિશ્ચંદ્ર રાજાએ યજ્ઞ દક્ષિણામાં ઔદુમ્બર મુનિના સોળગોત્રના શિષ્યોને પોતાની સાથે આવેલા વ્યવહારિક કાર્યમાં મદદ કરનારા વૈશ્યો, તેમને દાનમાં આપ્યા. ઔદુમ્બર મુનિએ તેમની વ્યાપારાદિ ક્રીયાઓ જોઈ તેમના ૩૨ સમૂહ જૂદા પાડી આપી તેમનાં ગોત્ર ઠરાવ્યાં. આ સમય બહુ જૂના વખતનો સનાતન વેદ સમયમાં જ્યારે માત્ર ચાર વર્ણો હતી તેમાંની ત્રીજા નંબરની વૈશ્ય વર્ણના આ પ્રજા વર્ગ સાથે થયેલો. તેમને વ્યાપારમાં જોડયા. ત્યારપછી ઘણા કાળે એટલે વિક્રમ સંવત્ પહેલાં લગભગ છસેં વર્ષે જ્યારે લોકો વેદમાર્ગની પ્રક્રિયાઓથી કંટાળ્યા, યજ્ઞોના નામે હિંસા દુર્વ્યસન વધ્યાં ત્યારે આગળ જણાવ્યું છે તેમ મહાન્ ધર્મપ્રવર્તકોનાં

સ્વરૂપ પ્રગટ થયાં અને તે ઝઘડો પંદરસે, વર્ષ સુધી હિંદમાં ચાલ્યો. તે પછી વેદધર્મનું સ્વરૂપ બદલાયું અને લોકરૂચીને અનુસરતો હિંદુ ધર્મ સ્થાપન થયો. આ ધર્મ પરિવર્તનમાં બ્રાહ્મણોએ પોતાની જાતને ખાસ સંભાળી રાખી હતી અને સંસ્કૃતિ, આચાર વિચાર, માતૃભાષા, સ્પર્શાસ્પર્શ-(પવિત્રતા) અભક્ષ્યાભક્ષ્ય (ભોજનવટાળ) વિગેરે સંભાળી રાખી પોતાની બ્રાહ્મણ જાતિમાં સડો પેસવા દીધો નહોતો તેથી આ નવમા દશમા સૈકામાં તે હિંદુ ધર્મમાં માનનીય પદને યોગ્ય ઠર્યો. ને બીજી પ્રજાએ તેમની (બ્રાહ્મણોની) બુદ્ધિ-સંસ્કૃતિનો લાભ લઇ પોત-પોતાની જાત અને તેની પેટાભાગ નાતનાં બંધારણ ઘડયાં તે સમયમાં આપણા હરિશ્ચંદ્ર રાજાના વૈશ્ય બંધુઓએ પણ બ્રાહ્મણોની માફક પોતાની પ્રણાલિકા સાચવી રાખેલી હોવાથી તેમના આગેવાનોએ તે સમયના સમાજ નિયામકો, ધર્મપ્રવર્તકો અને એ વૈશ્યોને કુલગુરુ ઔદુંબર બ્રાહ્મણના વંશજોએ મદદ કરી જુની પ્રણાલિકોને સજીવન કરી તે સમયની લોકભાષામાં તેમની જાત અને ગોત્રના નામનો પુનરૂદ્ધાર કર્યો-મતલબકે જાત બદલી નથી પણ બ્રાહ્મણોની પેઠે વૈશ્ય જાત કાયમ રાખી પરંતુ यशो पवित्त એટલે જનોઇ સંસ્કાર જેવા કેટલાક સંસ્કાર દેશકાળ બળે તજી દીધેલા તેથી તેમના નામનો ફેરફાર કર્યો એટલે વૈશ્ય જાતિનું નામ वाणिज्य ને પોતાના મૂળ આશ્રયી હરિશ્ચંદ્ર રાજાએ નિયમન કરી આપેલું તે ઉપરથી नियमा મળી नियमा वाणिज्य અને તે પછી બદલાતાં નીમા વાણિઆ-આ પ્રમાણે નામ માત્રનો ફેરફાર તે આજથી એક હજાર વર્ષ ઉપર થયો અને તે ફેરફાર પણ પોતાના હજારો વર્ષ ઉપરના આશ્રયી રાજાનું નામ કાયમ રાખવાની અતિ ઉત્કટ અને આદરણિય ભાવના ઉપરથી થયો છે જે પોતે હંમેશા-સેવા ભાવની સેવનાની કબુલત કહી આપે છે આ નાતનું નામ કોઈ ગામ ઉપરથી કે સ્થળ ઉપરથી નહીં પરંતુ હજારો વર્ષ ઉપર જેમણે આપણા વડિલોને દીપાવ્યા એવા પરોપકારીના ચિન્હ બદલે તેમણે પાડી આપેલું નામ અત્યારે સ્વીકારી સ્વતંત્ર નાત તરિકે સમાજમાં અગીપદ ભોગવે છે, આ સેવાભાવનું ફળ!! અત્યારે પણ ગોત્રોચ્ચાર પ્રસંગે (૧) શ્રી. નીમા જ્ઞાતિય (૨) હરિશ્ચંદ્ર સ્થાપનોય અમુક ગોત્રોય અગર ગોત્રસ્ય એમ બોલાય છે.

આ ગોત્ર સંબંધી બાબતની સમજુતી પૂર્ણ કરતા પહેલાં તે સંબંધીની કેટલીક સત્ય હકીકત નીવેદન કરતાં આનંદ થાય છે કે આજથી ત્રીશ વર્ષ ઉપર કપડવંજમાં વીશા નીમા વાણિઆનાં ૨૧૫ લાણાં હતાં ને તે લગભગ ત્રીશ કુટુંબોમાં વહેંચાયેલાં હતાં. તેમાંના ઘણાકને પોતાના ગોત્રની માહીતિ નહોતી. એ દરેક કુટુંબના ગોત્ર ઠરાવવા તે સમયના જુના અને આસ્તિક બુદ્ધિમાન યજમાનો અને તેમના કુલગુરૂ ઔદુમ્બર બ્રાહ્મણોમાંના તે સમયમાંના વિદ્વાન પુરૂષો સાથે વાટાઘાટ કરી. તેમાં તરફેણમાં તથા વિરૂદ્ધમાં ઘણી દલીલો ભેગી થઇ તે સઘળી

એકઠી કરી તે ઉપર વિચાર ચલાવી આ યોજના તેના સત્ય સ્વરૂપમાં નિર્માણ થાય તે માટે એક યજમાન્ ગૃહસ્થની મદદ માંગી. આ ગૃહસ્થ, લેખકના સમકાલિન, બાળસ્નેહિ જૂની સંસ્કૃતિના સંરક્ષક, તેમની નાતમાં વ્યવહારિક બુદ્ધિ શક્તિમાં અજોડ, પોતાના કુલગુરૂ ઉપર કુટુંબીજન જેટલો ભાવ રાખનાર, તે ઉપરાંત આ લેખકના પરમ સન્મિત્ર ગાંધી વાડીલાલ લીંબાભાઈ તેમની પાસે આ ભેગી કરેલી બધી હકીકત મૂકી. તેઓશ્રીએ તે હકીકત ઉપર લેખક તથા તેમના બીજા સમકાલિન મિત્રો સાથે ચર્ચા કરી, આ કાયમનાં ત્રીશ કુટુંબોની અટકો, તેમના ધંધા, તેમના હાલમાં ચાલતા લગ્ન સંબંધો એ સઘળું ધ્યાનમાં લઈ દરેક કુટુંબને તેમના ગોત્રનું નામ આપ્યું અને તે કુટુંબના મૂળ પુરૂષથી શરૂ કરી આજ સુધીનું પેઢીનામું (વંશાવળી) પૂછી પૂછીને લખાવી તૈયાર કરાવ્યું. લેખકને કહેતાં આનંદ થાય છે કે આ વાતને ત્રીશ વર્ષ ઉપરાંત થયા છતાં એકાદ અપવાદ સિવાય ગોત્રભંગનો દાખલો શોધ્યો જડતો નથી. આથી વીશા નીમા વાણિઆનીજૂની સંસ્કૃતિ જળવાઈ રહી છે. આવા સ્તુત્ય સ્વજ્ઞાતિ સેવાકાર્યમાં લેખકના એ સદ્ગત સન્મિત્રનો ફાળો પુષ્કળ છે. એ માટે એ સદ્ગતના આત્માને જેટલો આશિર્વાદ આપું તેટલો ઓછો છે. એ ત્રીશ કુટુંબોથી વધી હાલ ૪૦ કુટુંબો, મહુધા–કાનમ–ગોધરા આદિ સ્થળોએથી આવી વસેલા હોવાથી થયાં છે. ને લાણાં પણ ૨૩૨ થયા છે, એ બધાંનાં ગોત્ર તથા સંવત્ ૨૦૦૫ સુધીની વંશાવળી અન્યત્ર પ્રકરણ ૧૬મામાં આપવામાં આવી છે. જેનો ઉપયોગ યથાશક્તિ કરી લેખકના એ સદ્ગત સન્મિત્રના આત્માને શાંતિ આપશે તો લેખક પોતાને કૃતાર્થ થયેલ માનશે.

ન્યાતના વ્યવહારિક વિભાગ વીશા અને દશા કપડવણજમાં બધા વીશા નીમા વાણિઆ છે. આ વીશા શબ્દની સમજુતી સમજવી જરૂરી છે. વીશા એ શબ્દ સંજ્ઞા સૂચક છે. એક–બે–ત્રણથી વીશ સુધી. વીશ સુધી પહોંચે તે વીશા. કઈ વસ્તુમાં વીશ સુધી જવું એ અર્થ ગર્ભિત છે. ધાતુમાં સ્વચ્છ અસ્વચ્છતાનું માપ "આની" થી થાય છે. તદ્દન સ્વચ્છ તે સોળ આની અને એથી ઓછું તે પંદર, ચૌદ, તેર, બાર આની એમ અંકાય છે. બહુ ઓછું તે એક આની ગણાય છે. આજ પ્રમાણે મનુષ્યના ગુણ, સ્વભાવ, ટેવ માનસિક ઉદારતા વિગેરે સદ્ગુણોનું માપ વ્યવહારમાં તો આનીથી અંકાય છે. વળી એ આનીથી પણ ઝીણવટરીતે ગણત્રી કરવી હોય તો દોકડાનું માપ ઠરાવ્યું છે જે એક રૂપિયાનો એકસોમો ભાગ છે. આવી રીતે વ્યવહારમાં ગણત્રી માટે અંક સંજ્ઞા છે. પણ જુના સંસ્કૃત ગ્રંથોમાં આવી ગણત્રી માટે વશાનું માપ નકકી કરેલ છે. બ્રાહ્મણોએ મનુષ્યના ગુણ, સ્વભાવ, ટેવ, માનસિક સ્થીતિ વગેરેનું માપ વશાથી માપવાનું ઠરાવ્યું છે. જે

સકળ સદ્‌ગુણ સંપન્ન મનુષ્ય તે વીશ વશાનો માણસ ગણાય. બેસતા વર્ષે સાર પત્રિકામાં જોશી મહારાજો પદાર્થોના વત્તા ઓછાનું માપ વશાથી નકકી કરે છે તે સર્વેને માલમ છે મતલબ કે વીશ વશાનો મનુષ્ય એટલે પૂરેપૂરો ડાહ્યો. એનાથી જેટલું ડહાપણ ઓછું તેટલા તેના વશા ઓછા. આવી રીતની અંક સંજ્ઞા ઘણા જુના કાળથી ચાલી આવી છે. તે હિસાબે વીશા એટલે પૂરેપૂરા ડાહ્યા, એવો અર્થ થયો. હવે એમને વીશા પદ બીજી પ્રજાએ આપ્યું કે પોતે પસંદ કર્યું ? તે સહજઐતિહાસિક પ્રમાણોથી જોવું જોઇએ.

(૧) ગુજરાત સર્વસંગ્રહ નામના પુસ્તકના પૃષ્ઠ ૮૨ માની ફુટનોટ નં. ૧માં લખે છે કે "જ્યારે મૂળ જ્ઞાતિમાંથી કેટલાકે ફંટાઈ નવાં કુળ સ્થાપ્યાં ત્યારે જુના કુળે પોતાને વીશા (વીશે શુદ્ધ) અને નવાને આછા શુધ્ધ ગણી દશા કહ્યા. વળી વીશામાંથી કે દશામાંથી ફંટાઇ થોડો જથ્થો જુદો પડ્યો તે "પાંચા" કહેવાયા. વાણિઆની બધી નાતોમાં આ દશા અને વીશાનો ભેદ છે, માત્ર કપોળ "વાણિઆમાં નથી." (૨) વળી એજ પુસ્તકના ૮૨ મા પાનામા લખે છે કે ઓસવાળ, નીમા, શ્રીમાળી એ શ્રાવકમાં વીશા વર્ગની સંખ્યા મોટી છે. અને ઓરોળા, દીશાવાળ, નાગર, નીમા, પોરવાડ, લાડ, શ્રીમાળી એ કંઠી બંધા (વૈષ્ણવ)માં ને પોરવાડ શ્રાવકમાં દશાવર્ગની સંખ્યા મોટી છે. (૩) "શ્રીમાળી વાણિઆના જાતિભેદ" નામના પુસ્તકને ૧૬૧ મે પૃષ્ટે પહેલા પેરેગ્રાફનો ઉતારો "હમણાં દશ વર્ષ ઉપર પ્રગટ થયેલ "જૈન સંપ્રદાય શિક્ષા" નામના ગ્રંથમાં વસ્તુપાલ તેજપાલ સંબંધી હકીકત લખતાં ફુટનોટમાં આ પ્રમાણે લખે છે "ઇન્હીકે સમયમે દશા ઓર વીશા એ દો તડ પડે હેં જીનકા વર્ણન લેખકે બડ જાનેકે ભયસે યહાં પર નહીં પર કર શકતે હેં!! આમ કહીને એ અણુગમતો વિષય ટુંકમાં પતાવી દીધો છે.

(૪) આ સિવાય પાછળના પ્રકરણમાં જણાવ્યું છે કે સંવત્ ૧૨૭૫માં આબુ ઉપર પ્રતિષ્ઠા મહોત્સવ થયો તેમાં સઘળા વાણિઆનો સંઘ નોતર્યો તેમાં અમુક બાબતમાં મતભેદ પડવાથી વીશા અને દશા એવાં બે તડ પડયાં આ તડ વાણિઆ જાતની સઘળી નાતોમાં કાયમના ભેદ થઇ બે ભાગમાં વહેંચાઇ ગયા.

આ વિષય બહુ ચર્ચાસ્પદ છે પરંતુ અહીં તેના વિષે યથાસ્થિત વિવરણ કરવાનું આ સ્થાન નથી. ટુંકમાં તાત્પર્ય એ છે કે વીશા અને દશા એ એકજ નાતના બે ભાગ (તડ) છે. માત્ર અમુક મમત્વને લઇને બે ભાઇ જુદા પડે તેથી તે સગાઈમાંથી મટી જતા નથી. "ગુજરાત સર્વ સંગ્રહના પૃષ્ટ ૮૨ માંની ફુટનોટનો અભિપ્રાય અમને વાસ્તવિક લાગે છે. તે લખે છે કે આ બે ભેદમાંના

કોઇ ઉંચા કે નીચા નથી. કોઇ કુલિન કે કોઈ કલંકિત નથી. વીશા અને દશા એ બન્ને નાત–ગોત્ર–કુળ–તેમનાં દેવ દેવીઓ–તેમના વ્યવહારિક સંબંધો–અને રિવાજો–ધંધા એ વગેરે સઘળું એકજ છે. માત્ર એમાં નામનોજ ભેદ છે. પરંતુ લગભગ સવાસાતસેં વર્ષથી આ ભેદ વડે જૂદા પડી ગયા છે. તેથી બે તડ એક થવાં અશકય છે. હાલના જમાનામાં ગૃહસ્થાશ્રમીને જોઇતી સંતતિ અને સંપત્તિની બન્ને પક્ષોમાં સારી રીતે છૂટ છે. એટલે કોઇને કોઇની જરૂર પડતી જણાતી નથી. નાતના જન્મની શરૂઆતમાં બંધારણ ઘડનારા અને તેનો અમલ કરાવનાર વર્ગ જેને અત્યારે પટેલીઆ–આગેવાન–પ્રમુખો–પ્રેસિડેન્ટો વિગેરે નામથી ઓળખાય છે. તેવા આગેવાનોની પાસે નાતના માણસો ઉપરની સત્તા અને શેહમાં રહી હાજી હા કહેનારાનો જથ્થો વધારે હોવાથી સત્તાનો દોર વધારે ચલાવતા હોવા જોઇએ. તે સત્તાનો દોર કેટલાકથી સહન ન થઇ શકવાથી તેમની સત્તા ના કબુલ કરી જૂદા પડયા, ત્યારે આ મૂળ સત્તાધારીઓએ પોતે પોતાને "वीशंवशाशुद्ध" એટલે સંપૂર્ણ ડાહ્યા એવું ઉપનામ પોતે ધારણ કરી સામા થનારને अर्धदग्ध એટલે અડધા ડાહ્યા એટલે દશા એવું ઉપનામ આપ્યું. સત્તાનાં જુલમથી કંટાળેલાઓએ આવાં ઉપનામ વિગેરેની બાબતમાં મુંગા રહ્યા એટલે મૂળ સત્તાધારીઓએ ननिषेधो ह्यनुमति એ ન્યાયે પોતે વીશા અને જૂદા પડયા તે દશા એ નિશ્ચયપણે પ્રચલિત કર્યું.

હાલના પ્રત્યક્ષ દાખલાથી સમજાય છે કે કપડવંજમાં દશા પોરવાડ વાણિઆ વૈષ્ણવ સંપ્રદાયી છે. તેમની નાતમાં આગેવાન ગણાતા દેશાઈ, શેઠ, તેમના બીજા જ્ઞાતિવાળાઓ કરતાં મનુષ્યનો જથ્થો નાતના વહીવટનો કબજો, આગેવાનપણું, તથા તે પ્રમાણમાં ધન વૈભવ પણ વધારે, આ બધાથી આકર્ષાઈ તેમને કન્યાઓ વધારે છુટથી મળવા માંડી આથી તેમનામાં જાતિમત્સર એટલે મિથ્યાભિમાને પ્રવેશ કર્યો. જેથી કન્યા આપવા આવનારનો અને આવેલી કન્યાનો તિરસ્કાર થવા લાગ્યો આથી કેટલાક સ્વમાની તેમના જ જ્ઞાતિ ભાઈઓએ પોતપોતાની સરખી લાયકાતવાળાનો જથ્થો બાંધી આ મિથ્યાભિમાનીઓથી જુદા પાડયા. ને તેમને કન્યાઓ આપવી બંધ કરી. આ જથ્થો હાલમાં એકડીયા તરિકે ઓળખાય છે. ને આ જથ્થામાં નહીં તેવા બગડીયા એવું નામ તેમણે સ્વીકારી લીધું છે. આ બંને જથાના દેવમંદિરો, નાતવરાને તેનાં બંધારણ તેમની ધર્મશાળાઓ, તેમના કુળાચાર, તેમના કુળગોર એ બધું એકજ છે. માત્ર લગ્ન સંબંધ જ નહીં. આ પ્રમાણે વીશા અને દશા એ બે ભેદના નીમા વણિકો તે સઘળી બાબતમાં એકજ છે. માત્ર લગ્ન વ્યવહાર નથી એટલી જુદાઇ. એક તદ્દન નજીવા કારણે બે ભાઇ જુદા પડયા તેની પાંત્રીસ પાંત્રીસ પેઢી થઇ ગયા છતાં એક થવાનો કોઈ વિચાર સરખો

પણ કરતું નથી. એ આ સમજી અને ઉદારચિત્ત મનુષ્યના જથાવાળી નાતને શોભારપદ નથી એમ સખેદ અભિપ્રાય આપવો પડે છે. આવું ઉચ્ચારણ કરવાનું કારણ એકજ છે કે આ જુની સંસ્કૃતિવાળી નાત આખા હિંદમાં બંન્ને પક્ષની મળી પચીસ હજાર કરતાં વધુ વસ્તી નથી. આવી ટુંકી નાત હિંદમાં પારસી, દાઉદી વહોરાની છે તે પોતાની નાતના ભાગલા પડવા દેતી નથી. અને એક સંપથી રહે છે, તો વ્યાપાર વણજમાં, ધનવૈભવમાં ને બીજી બધી રીતે વધારે વસ્તીવાળી નાતો કરતાં, આગળ પડતો દરજ્જો ધરાવે છે. તે એમની એકસંપીનુંજ પરિણામ છે. આ પ્રેરણા આપણી નીમા વણિકોની ડાહી વ્યકિતઓમાં ઉદ્ભવે એટલું ઇચ્છવું બસ છે.

## કપડવંજમાં વસવાટ

આગળ જણાવી ગયા છીએ તેમ કપડવંજ એ ગુજરાતમાં બહુ જુના વખતનું શહેર છે. ચાંપાનેર, પાટણ એમના જન્મ પહેલાંનું આ કપડવંજ લગભગ છઠ્ઠા કે સાતમા સૈકામાં વસેલું છે. ગુજરાતની પુર્વ દિશાપર આવેલું અને નજીકના માળવા–મેવાડ સાથે ગુજરાતના પ્રદેશમાં થઈ આરબી સમુદ્ર માર્ગે ખંભાત–સુરત–ભરૂચ બંદર વિગેરે સાથે વ્યાપાર કરવાના ધોરી માર્ગે ઉપર વસેલું હોવાથી તે વ્યાપારી મથક હતું. આ કપકવંજ તે સમયમાં મોહોરનદીને ઉત્તર પશ્ચિમ કાંઠે રાહના આરે વસેલું અને વ્યાપારીઓથી સમૃધ્ધ થયેલું હતું. અગીયારમાં સૈકામાં અહીં જૈન સંપ્રદાય પુર બહારમાં હતો. વિ. સં. ૧૧૩૫માં મહાન્ આચાર્ય અભયદેવ સુરીશ્વર અહીં કપડવંજમાં કાળ ધર્મ પામ્યા. તે સમયે કપડવંજ રાહનાઆરે મોહોર નદીના ઉત્તર પશ્ચિમ કાંટે હતું. તેમની સમાધિનું સ્થાન ગામને સામે કાંઠે એટલે હાલના કપડવંજ ભાણીના કાંઠે મોહોર નદીના કીનારે હતું. આવા મહાન્ આચાર્ય ઉપરની ભકિત ભાવનાથી તેમની યાદગીરી રાખવા કપડવંજી વીશા નીમા શ્રાવકોએ પોતાના પંચના ઉપાશ્રયે તેઓનાં પગલાં સ્થાપન કરી દેહરી બંધાવી છે. ગોવર્ધન શ્રેષ્ઠિ અને તેમના વંશજો અગીઆરમા અને બારમાં સૈકામાં સારી રીતે જૈન ધર્મનાં કાર્યો કર્યાં હતાં. અહીં શ્રી. વાસુ પુજ્ય સ્વામીજીનું બાવન જીનાલય ગોવર્ધન શ્રીષ્ઠિએ બંધાવ્યું હતું. તેરાહના આરેથી હાલની જગાએ કપડવંજનું સ્થળાંતર થયું ત્યારે એ જીનાલયપણ જમીનદોસ્ત થયું હોય એમ માનવું રહ્યું. કારણ કે એ જીનાલયના નાશનો કોઇ ઐતિહાસિક પુરાવો મળતો નથી. કપડવંજ નિવાસ''જે આ પુસ્તકમાં અન્ય ઉતાર્યો છે. તેવાંચ્યાથી ખાત્રી થાય છે કે સિદ્ધરાજ અને કુમારપાળના સમયમાં કાલી– “कलीकाल सर्वज्ञ” શ્રીમાન્ મહારાજ હેમચંદ્ર સુરીશ્વરના પ્રતાપે સમગ્ર ગુજરાતમાં જૈન સંપ્રદાયનો સૂર્ય સંપૂર્ણ કળાએ તપતો હતો, તે સમયે કપડવંજના પૂરદમામથી જૈનસંપ્રદાય પ્રકાશતો હતો પરંતુ તે અનુયાયીઓ નીમા વણિકો હતા

કે કેમ ? તે જણાતું નથી. ગોવર્ધન શ્રેષ્ઠિ અને તેમના વંશજોની નાતજાતનો ઉલ્લેખ નથી કારણ કે નાતોનો જન્મ થયે માત્ર સો બસો વર્ષ થયેલાં તેથી તેનું બહુ મહત્વ તે સમયમાં ગણાતું નહીં. પરંતુ તે સમયની ભાષા તેમનાં નામ ઇત્યાદિથી તેઓ ઓસવાળ હોવા જોઇએ અને તેમણેજ કપડવંજમાં જૈન ધર્મનો સારો પ્રભાવ જમાવેલો જણાય છે.

આ જૈન પ્રભાવશાળી સમયમાં નીમા વણિક મહાજનના કેટલાક જથા યાને કુટુંબો કપડવંજ આવ્યાં તે બીના આ પુસ્તકના પાંચમા પ્રકરણમાં પૃષ્ટ ૨૭ થી પૃષ્ટ ૪૦ સુધીમાં સવિસ્તર વર્ણવી છે એટલે અહીં તેની પુનરૂક્તિ કરી નથી. તે આવનાર પહેલા જથામાં રહીઆ ગાંધીના વડવાઓ અને દેવચંદ માધવજીના વડવાઓ હાલના કપડવંજમાં ઢાકવાડી અને તેની આસપાસમાં આવી વસ્યા. તેની સાથે મોદીઓની ખડકીમાં વસનારા જ્ઞાતિ ભાઈઓ હશે એમ જણાય છે અને તે તેરમા સૈકાની શરૂઆતનો સમય હતો. ત્યાર પછી બીજો હપ્તો ચાર સૈકા ગયા પછી મોડાસા તરફથી ખસતાં ખસતાં શેઠીઆ કુટુંબ એટલે હીરજી અંબાઈદાસનું કુટુંબ તેમના પાડોશી લાલદાસ તેલીનું કુટુંબ, રંગજી તુકીદાસ (ગાંધી) અને તેમની પાછળ પાછળ ચાંપાનેર તરફથી મનસુખભાઇ માણેકચંદ અને કરમચંદ ત્રીકમજી એ ગૃહસ્થો લગભગ અઢારમા સૈકામાં એટલે વિક્રમ સંવત ૧૭૦૧ થી ૧૭૯૯ સુધીમાં આવ્યા હોય તેમ જણાય છે. તેમણે હરસદ માતાની પોળ અને તેની સામેની હાલ કહેવાતી કેવળભાઇ શેઠની ખડકીમાં વસવાટ કરી દીધો. તેમના ઘરોના જૂના લૂગડાં ઉપરના દસ્તાવેજો જોતાં આ અનુમાન સત્ય ઠરે છે. ચાંપાનેર મહમદ બેગડાના વખતમાં ફરીથી સમૃદ્ધ થયું તે સમયનો લાભ લઇ આપણા વીચીક્ષણ પુરૂષો આ તરફ આવી ગયા. વચ્ચે વચ્ચે વસ્તાદોસી અને દેવચંદ ભુધર અને પાનાચંદ રઘનાથ એ સમૃદ્ધ અને સાહાસિક વેપારીઓએ કપડવંજમાં દલાલ-વાડામાં વસી ઉત્તરના દરવાજાથી તે દક્ષિણના દરવાજા સુધી આખો દલાલવાડો સંતતિ અને સંપત્તિથી ભરી દીધો. અહીં કપડવંજમાં તેમને ફાવટ આવવામાં જૈન સંપ્રદાયે તેમને બહુ જ સહાય કરી છે. અહીંના નીમા વાણિઆ બધા વીશા છે ને તે બધા શ્રાવક છે. આ ગામની નજીક જૈનપુરી તરિકે પ્રખ્યાતિ પામેલું અમદાવાદ તેની સાથે અહીંના શેઠીઆ કુટુંબે ધાર્મિક, વ્યાપારિક અને આર્થિક સંબંધ બાંધી વ્યાપારમાં માળવા ને મેવાડ અને ઈડર રાજ્ય આદિ સ્થળોએ વ્યાપાર લંબાવી તેમાં ફાવ્યા અને અમદાવાદના ઓશવાળ જૈન શેઠીઆઓની હરોળમાં બેસવાને અહીંના શેઠીઆ હક્કદાર થયા. આ શેઠીઆની મુનીમગીરી, ગુમાસ્તાગીરી, આડત ઇત્યાદિના ધંધાથી બીજા ઉપશેઠીઆ પણ થયા. પ્રથમ આવનાર વણિકોના જ્ઞાતિપ્રેમના પ્રતાપે પાછળથી આવનાર કુટુંબો જેવાંકે મનસુખ

પાનાચંદ, પાનાચંદ કુબેરદાસ કરમચંદ ત્રીકમજી એ ચાંપાનેરથી આવ્યા ને ગુલાબચંદ નાનાભાઇ તથા દયાળભુલાનું કુટુંબ એ અંગાડીથી આવેલા જણાય છે. પ્રથમ વસેલા કુટુંબોએ તેમને સગપણથી, વ્યાપારથી રહેઠાણની જોગવાઈ કરી આપી, અનેક રીતે તેમને મદદ કરી. આ સિવાય ગોધરા, સુરત, ભરૂચ, લુણાવાડા, મોડાસા વિગેરે સ્થળોએથી વીશા નીમા વણિક આવીને વસ્યા. તે બધાનો પ્રથમ આવેલાઓએ અપનાવી લીધા, સ્વીકારી લીધા અને કોઇપણ જાતનો ભેદ રાખ્યા વિના હાલ લગભગ ચાલીશ કુટુંબો સારી રીતે સંપથી રહે છે. સંવત્ ૧૯મા સૈકાની આખર પહેલાં એટલે સંવત ૧૮૯૯ પહેલાં આ સ્થળાંતર બંધ થયું. કારણ કે તે સમયે દેશ લઢાઇ, લૂંટફાટ તોફાન વગેરેથી સુરક્ષિત થયો હતો. ઈ. સ. ૧૮૧૬ સંવત્ ૧૮૭૨ લગભગ જ્યારે વ્યપાર કરવાની અને સ્વરક્ષણની જોગવાઈ મળી તે અરસામાં કપડવંજના વીશા નીમા વણિકોએ કપડવંજનો વેપાર વધારી અમદાવાદ સાથે હરિફાઇમાં સામેલ થયા. વિ. સં. ૧૯૦૦ની સાલમાં તો કપડવંજના વીશા નીમા વણિક મહાજનની જ્ઞાતિની સમૃદ્ધિ, વ્યાપાર, ઈજ્જત, ને કપડવંજી માત્રની નાતજાતના ભેદભાવ સિવાય સુખસગવડ સાચવવાની પરોપકાર વૃત્તિ, એ બધાં સૌ ઉન્નત શિખરે પહોંચ્યાં હતાં.

આવા ઉન્નત સમયમાં સાધન સંપન્ન વ્યાપારીઓએ પરદેશમાં દુકાનો ખોલી. તેમાં બને તેટલા પ્રમાણમાં બીજા ગામોમાં વસતા વીશા નીમાની વસ્તીને બને તેટલી સગવડ આપી, તેમની સાથે લગ્ન સંબંધ પણ બાંધ્યો. તે સમયમાં શેઠ નથુભાઇ લાલચંદભાઇ પોતે મોડાસાના વીશા નીમા વણિક વૈષ્ણવને ત્યાં પરણ્યા હતા. શેઠ કેવળભાઈ જયચંદભાઇએ લુણાવાડાના પોતાની નાતના નગરશેઠની દીકરી સાથે લગ્ન કર્યું હતું. શેઠ લલ્લુભાઇ મોતીચંદ મહુધા અને શેઠ કરમચંદભાઇ મીઠાભાઇ ગુલાલચંદ તે પણ મહુધા તથા મહેતા છોટાલાલ કાળીદાસ ગોધરા તથા તેમના નાનાભાઇ મગનલાલભાઇ ચુણેલ પરણ્યા હતા. આ સિવાય દોસી જોઇત્તા પુંજીઆના કુટુંબની દીકરીઓ મહુધા–ભરૂચ–કાનમ એ સ્થળોએ આપી હતી. મહેતા છોટાભાઇની દીકરી ચુણેલ પરણાવી હતી આવા ઘણા દાખલાઓ મળી આવે છે. મતલબ કે કપડવંજના વીશાનીમા વાણિઆઓ તેમની ઉન્નત દશામાં જાતિમત્સરના રોગથી બચી ગયા હતા એ એમની પરોપકાર વૃત્તિ અને જ્ઞાતિપ્રેમના સત્કાર્યનું ફળ છે.

છેલ્લા એકસો વર્ષથી અંગ્રેજ પદ્ધતિએ લોકને કેળવણી અપાયાથી અને તે કેળવણીમાં જૂના ધાર્મિક સંસ્કૃતિના સંસ્કારોના શિક્ષણનો અભાવ હોવાથી એ વિઘાતક કેળવણીથી ઘડાયેલાં મગજવાળાં સ્રીપુરૂષો જે અત્યારે પ્રૌઢ વયે છે

તે અને તેમનાં બાળકો ને યુવક યુવતિઓમાં ઉપર ગણાવ્યા છે તેવા સદ્દગુણો ઓસરતા જાય છે. અને ધાર્મિક તત્વજ્ઞાન સમજવાની અશક્તિ કે બેદરકારીને લીધે મિથ્યાધર્માંધપણું વધતું જાય છે. આના પરિણામ હાલ મહુધા અને લુણાવાડામાં પ્રત્યક્ષ ફુટી નીકળ્યાં છે. આ બે ગામમાં વીશાનીમાની વસ્તી છે. તેમાં શ્રાવક અને વૈષ્ણવ એવા બે ધાર્મિક તફા છે. આજથી પચીસ ત્રીસ વર્ષ અગાઉ આ બન્ને તફાનાં કુંટુબો કોઇપણ જાતનો ભેદભાવ રાખ્યા વિના લગ્ન સંબંધ અને ખાનપાનનો સંબંધ રાખતા હતા. તે માત્ર એક નજીવા કારણે, જે લખતાં પણ શરમ આવે છે એવાં એટલે બહારગામ કંકોત્રી કે કાળોત્રી લખવામાં વૈષ્ણવો કહે છે કે 'જેગોપાળ' લખો અને શ્રાવકો કહે છે કે જુહાર કે ઝવાર લખો. આ તકરારે મોટું સ્વરૂપ લીધું અને સંકુચિત મનવાળા વિઘ્નસંતોષી વ્યક્તિઓએ બન્ને પક્ષને જૂદા પાડી દુઃખી કર્યા છે. કે તે જાતે દુઃખી થયા છે, આથી મહુધાવાળા વૈષ્ણવોને લુણાવાડા અને લુણાવાડાવાળાને મોડાસા રામપુર ઇત્યાદિ જવું પડે છે અને શ્રાવકોને મહુધા-ગોધરા-કવડવંજ-કાનમ-વિગેરે સ્થળે ફરવું પડે છે. આ સ્થીતિ બન્ને પક્ષના સમજુ મનુષ્યોને બહુ અસહ્ય છે. આવા અસહ્ય દુઃખનું નિરાકણ કરે તેવા જ્ઞાતિસેવક ઉપર પ્રભુકૃપા ઉતરે અને તેને પ્રેરણા બળ અને સમજાવવાની શક્તિ આપે તોજ આ કામ થાય. આ બાબતમાં બન્ને પક્ષના ધર્માચાર્યો પણ મિથ્યા મમત્વ મૂકી દઈ ગૃહસ્થાશ્રમના કુળધર્મમાં આ બાધ લાવવો એ એક પાપ કર્મ અને નિંદીત કર્મ છે એવું પ્રતિપાદન કરી ઉપદેશ આપે તો એક ધર્મકૃત્ય કર્યું ગણાય.

જ્યાં એક ગામના સગાવહાલા વીશાનીમામાં આ મુશ્કેલી આવી છે. તેવામાં દશા અને વીશાનીમા એ બે જથાને એક કરવાની વાત કરવી એ આકાશ કુસુમવત્ છે. આજથી ત્રણ વર્ષ ઉપર વીશાનીમા જૈન સંમેલનના સંચાલકો લુણાવાડા ગયા હતા ત્યાંના વૈષ્ણવ વીશા નીમાઓએ એકંદર વીશાનીમા વાણિઆનું સંમેલન કરવા વિનંતિ કરી હતી પરંતુ તે સમયે સંચાલકોએ વિચાર કરવા ઉપર રાખી તે વાત વેગળી કરી હતી. કારણ કે હાલની વિઘાતક કેળવણીથી પોષયેલા સઘળાઓ ધર્માંધપણાથી અને મિથ્યાત્વના દોષથી રંગાયેલા છે. જેથી એકદમ આ દુઃખ મટવું કઠિણ છે. છતાં લેખક આ તકનો લાભ લેઈ સૌ સુજ્ઞ વીશાનીમા વ્યક્તિઓને સાદર વિનંતિ કરે છે કે આ વીશાનીમાના તાત્કાલિક પડેલા ભેદને તો જેમ બને તેમ જલદી સાંધો તેમાંજ આખી કોમનું ભલું છે ને શોભા છે.

## ધાર્મિક સ્થીતિ

અહીંના વીશાનીમાની સમગ્ર નાત તપગચ્છના જૈન શ્વેતાંબર મુર્તિપુજક સંપ્રદાયની છે. તેઓ કપડવંજમાં તેરમા સૈકાની શરૂઆતથી આવવા માંડયા તે

સમયે જૈન સંપ્રદાય આ ગામમાં પૂર બહારમાં હતો. તેનાં રંગમાં આ આખી કોમ રંગાઈ, તે સમયના સાધુ સાધ્વી અને શ્રાવક શ્રાવિકાઓએ આ સનાતની કોમને તત્વજ્ઞાનથી, વ્યાપારાદિ સગવડથી અને બીજી રીતે મૈત્રી સંબંધથી, બહાર કંટાળીને કે ત્રાસના માર્યા આવેલા, મદદની પૂરેપૂરી ભૂખવાળા આવેલાઓને તે સમયના જૈન સંપ્રદાયી ચતુર્વિધિ સંઘે ઉપર જણાવ્યું તેવી રીતની વાનીઓ પીરસી તેમને તૃપ્ત કરી શ્રાવક ધર્મમાં રંગ્યા. આ જૂના અને નવા સઘળા નીમાવણિક મહાજનોના પોતાની વૈશ્ય જાતિના પરોપકારી અને ધાર્મિક પ્રેમવૃત્તિના સદ્‌ગુણોના જુના સંસ્કારો અહીં અનુકુળતા મળતાં જાગૃત થયા. સૌથી પ્રથમ શ્રી ચિન્તામણજી પાર્શ્વનાથ પ્રભુની હાલની પ્રતિમાજીની સ્થાપના કરી. પ્રતિષ્ઠા કરાવનાર તે સમયના પુજ્ય મુનિ મહારાજે એવાં વચન ઉચ્ચારેલાં કે આ પ્રત્તિષ્ઠાના મુહુર્ત્ત સમયમાં એક પળનો વિલંબ થયો અગર એક પાયો સહેજ ખસ્યો, જો આવી રીતે ન થયું હોત તો કપડવંજ વીશા નીમા વણિક મહાજનની સ્ત્રીઓ સોના રૂપાના બેઢે પાણી ભરત. હવે તો ત્રાંબા પિત્તળને બેઢે પાણી ભરશે, એ નિઃશંક છે. આવી વાત કહેનારા ઘરડાઓએ પ્રતિષ્ઠા સમયે જાતે સાંભળેલી એમ તેઓ કહે છે. હાલમાં કપડવંજમાં આઠ દેરાસર છે. તેમાં આ દેરાસર પ્રમાણમાં સાંકડું છે. છતાં ઘણાંક શ્રાવક શ્રાવિકાઓ યજન, પુજન, દર્શન માટે અહીં વધારે પ્રમાણમાં આવે છે. અહીંના વીશા નીમા વણિકોના ઘણા ભાગની વ્યક્તિઓ એમ માને છે કે श्री चिन्तामणिजी पार्श्वनाथ પ્રભુની પ્રતિષ્ઠા કર્યા પછી કંઈક સુખ સમૃદ્ધિનો ઉદય થયો. વ્યાપારી અને શેઠીઆની હરોળમાં આવ્યા. એટલુંજ નહીં પણ બીજી વણિક જ્ઞાતિઓમાં અગ્રેસર પદે આવી આપણી નાતના શેઠીઆને ત્યાં 'નગરશેઠાઈ' પણ આવી. આ સઘળી જાહો-જલાલીની શરૂઆત કર્તા श्री चिन्तामाणीपार्श्वनाथ પ્રભુની સ્તુતિનું અષ્ટક સંસ્કૃતમાં તેમજ ગુજરાતીમાં આ પુસ્તકના અગીઆરમા પ્રકરણમાં મુકયું છે જે ભાવિક શ્રાવકો પ્રાતઃસ્મરણમાં તેનું પાન કરી કૃતાર્થ થશે. કપડવંજમાં આપણી જ્ઞાતિને આવવાનો સમય તેરમા સૈકાની શરૂઆતનો હતો તેથી વિ. સં. ૧૨૭૫માં આબુ ઉપર દેવસ્થાનોની પ્રતિષ્ઠા મોહોત્સવમાં કપડવંજ અને ચાંપાનેરમાંથી નીમા વણિકો ગયા હતા અને ત્યાંથી દશા અને વીશા એવા બે ભેદ પડયા તે આખી નીમાવણિક મહાજન જ્ઞાતિને માટે સ્વીકારી લાવ્યા હતા, અને પોતે વીશા એટલે વીશે વશા પુર્ણ એટલે પુરેપુરા ડાહ્યા એવું પદ સ્વીકારી પોતાને વતન પાછા ફર્યા હતા. એટલે વિ. સં. ૧૨૭૫ પહેલાં જે નીમા વણિક હતા તે તે સાલ પછી વીશા નીમા વણિક થયા ને તે કપડવંજમાં સ્થાયી થયા. કપડવંજમાં સઘળા વીશા નીમા વણિક જ છે. કોઈ દશા નીમાની વસ્તી જ નથી. આ કપડવંજ વીશા નીમા શરૂઆતથી એટલે કપડવંજમાં વસ્યા ત્યારથી જૈન સંપ્રદાયી હતા. ને તેથી જ વસ્તુપાળ તેજપાળનું

સમસ્ત ગુજરાતમાંના જૈન સંપ્રદાયીઓને આમંત્રણ હતું તે રૂઈએ આપણા કપડવંજ અને ચાંપાનેરી નીમા વણિકો જૈન સપ્રદાયી હોવાથી તેમને પણ આમંત્રણ હતું અને તે આમંત્રણને માન આપી તેઓ આબુ પ્રતિષ્ઠા મહોત્સવમાં ગયા હતા. ( જુઓ શ્રીમાળી વાણિઆઓનો જ્ઞાતિ ભેદ પુસ્તકનું પૃષ્ઠ ૧૯૩ ) વળી આપણા કપડવંજી નીમા વાણિઆ કપડવંજમાં આવ્યા તે અગાઉ, કપડવંજ જે શહેના આરે વસેલું હતું તેમાં જૈન સંપ્રદાય સારી જાહોજલાલીમાં હતો. ને ગોવર્ધન શ્રેષ્ઠી અને તેમના વંશજોના પૂણ્ય કાર્યોનું જ્ઞાન આપણને પાછલા પ્રકરણમાં મળ્યું છે તે છતાં તેનું જ્ઞાન સારી રીતે જાણવાને માટે "કપડવંજ નિબંધ" એવી પત્રિકા હાલમાં છપાઈ બહાર પડી છે તેનો અક્ષરશઃ નકલ આ નીચે ઉતારી છે. "श्री वीर जिण चरियं" આ પુસ્તક સંવત્ ૧૧૩૯ જેઠ સુદ ૩ છત્રાવલ્રી ( છત્રાલ ) નગરમાં ગુણચંદ્રગણી સાધુએ રચ્યું છે. માધવ નામના લહીઆએ લખ્યું છે. તે શ્રી સુરત મધ્યે દેવચંદ લાલભાઈએ છાપ્યું છે તેમાં કપડવંજની હકીકત છે. આ પુસ્તકને છેડે સારરૂપે કપડવણજ નિબંધ વિષે લખાણ કરી પરિશિષ્ટરૂપે છાપ્યું છે તેનું મથાળું **કપડવંજ નિબંધ** રાખ્યું છે તેની આ નીચે નકલ છે.

—:નકલ:—

પરમેશ્વર પાર્શ્વનાથનું ચરિત્ર જેમણે પુજ્યપાદ દેવભદ્ર સુરિશ્વર પાસે રચાવ્યું તેમના વંશનાં ધર્મકાર્ય પ્રગટ કરવાને માટે આ નિબંધ પ્રગટ કરવાની જરૂરિઆત પડી છે. તેથી કપડવંજમાં થઇ ગયેલ શ્રેષ્ઠિ ગોવરધનનું અને તેમનાં વંશજોનું ધર્મકાર્ય નિરૂપણ પુજ્ય દેવભદ્રાચાર્યે રચેલી વીરચરીય અને પાસનાહ ચરીયની પુસ્તિકાથી કરાય છે.

કપડવણજ નગરમાં અગીઆરમા સૈકામાં પુન્યાત્મા ગોવર્ધન નામે શેઠીઓ થયો, જે શ્રી જીવદેવ સુરીશ્વરના શિષ્ય સિદ્ધાંતોકત વિશિષ્ટ સંજમનાધારક ગુણવંત ગાંભિર્યાદિ ગુણોથી જગતમાં અદ્વિતીય એવા વાયડ ગચ્છીય શ્રી જીનદત્તસુરીશ્વરજીથી બોધ પામ્યો અને વાયડ કુળમાં જયપતાકા સમાન બન્યો, જેણે નંદીશ્વર જેવા મનવાળા ભવ્યજનોને દર્શન કરાવવા માટે વાસુપુજ્ય ભગવાનનું એક મહાન બાવન જિનાલયનું ઉંચું ચૈત્ય કપડવંજમાં અગીઆરમાં સૈકામાં બનાવ્યું. તે ધર્મશાળી પરમ શ્રાવકને ગુણીઅલ અને ધર્મકાર્યમાં સહાય કરવાવાળી સોઢા નામે ભાર્યા હતી અને અગણિત ગુણોના ભાજન ચાર પુત્રો હતા. પહેલો अम्मय બીજો सिद्ध ત્રીજો जज्जनाग અને ચોથો नमय નામે હતા. એ ચારે પુત્રો નયવિનય, સત્ય, ધર્માર્થ અને શીલગુણોથી ભુષિત હોવાથી લોકને દેખવા માત્રથી યુધિષ્ઠિર આદિ સત્પુરૂષોની સદ્દહણા

થઇ આવતી. પરમાર્થદર્શી ગોવર્ધન શેઠ બહુ ધર્મકાર્યો કરી પોતાની શ્રાવક પણાની જીંદગી સફળ કરી. તે ધર્માત્મા સંસારની અસારતાનો અમલ કરી ભાવપૂર્વક સંથારાદીક્ષા અંગિકાર કરી. સમાધિપુર્વક કાળધર્મ પામી દેવલોકે ગયા. અને अम्मय અને सिद्ध આ બે પુત્રો પણ દેવલોક પામ્યા. અને ત્રીજો પુત્ર જે जज्जनाग તે કપડવંજથી નીકળી છત્રાવલ્લી ગામે રહેવા ગયો. અને ચોથો પુત્ર नमय શેઠીઓ મૂળ સ્થાન કપડવંજમાંજ રહ્યો. તેઓને પોતાના ભાણેજ यशोनाग અત્યંન ગુણીઅલ હોવાથી પોતાના પુત્રો કરતાં પણ ખુદ ગાઢ સ્નેહ હતો नमय શેઠીઆને सावित्री નામે ભાર્યાથી બે પુત્રો गोवादित्य અને कपर्दी નામના થયા. તેમાં कपर्दी નામનો શેઠીઓ મહાન્ ધર્માત્મા બન્યો જેણે કપડવંજથી પહેલ વહેલાજ શત્રુંજય પ્રમુખ સમસ્ત તીર્થ યાત્રાનો સંઘ કાઢી હજારો ભવ્યાત્માને યાત્રા કરાવી. અને બહુ ધર્મકાર્યો કરી ધર્મપ્રભાવકપણું પ્રાપ્ત કર્યું.

છત્રાલમાં રહેનાર શ્રાવક ગુણધારક जज्जनाग શેઠીઓ પણ પુરૂષાર્થ કરી જગતમાં પ્રસિદ્ધિ પામ્યો તેને સુંદરી નામે ભાર્યાથી બે પુત્રો એક शिष्ट અને બીજો वीर થયા. તે બન્ને શેઠીઆ દાનવિજ્ઞાન બુદ્ધિ અને વિશુદ્ધ ધર્મના ધારક હોવાથી એવી પ્રસિદ્ધિને પામ્યા કે તેમના ગુણઅંશને પણ જણાવવા નિપુણ મનુષ્ય પણ સમર્થ થઈ શકે નહિ. જેઓની શરદૃચંદ્રના તેજ સરખી નિર્મળ યશકીર્ત્તિ જગતમાં ચારે ફેર ફેલાણી અને જેઓએ જીનાબિંબ ભરાવ્યાં અને અત્યંત પ્રશસ્ત તીર્થયાત્રા સંઘ વિગેરે ધર્મ કાર્યો કરી ધર્મીજનોમાં પહેલા નંબરનું અગ્રેસરપણું પ્રાપ્ત કર્યું અને ભવ્યજનોની અજ્ઞાન તૃષા છીપાવવા માટે તેઓએ તમામ આગમનાં પુસ્તકો લખાવી શ્રુતજ્ઞાનરૂપી પરબ પ્રવર્તાવી, પોતાના જન્મ જીવીતનું ફળ મેળવ્યું. અને वीर શેઠીઆએ આમશેઠીઆઓ સહિત પરમ સિદ્ધિથી શત્રુંજય તીર્થનો સંઘ કાઢયો. તદુપરાંત એક એવું સુંદર પાર્શ્વનાથ ભગવંતનું બિંબ ભરાવ્યું કે જાણે સુવર્ણમય દેખાવમાં ભાસવા લાગ્યું. તેમના પિત્રાઈ પુત્ર नन्नाय શેઠીઆએ આમશેઠીઆઓ સાથે પરમં સિદ્ધિથી શત્રુંજય તીર્થનો સંઘ કાઢયો અને જન્મ સફળ કર્યો. તે वीर શેઠીઆને यशोदेव નામે પુત્ર ધર્મવીર થયો. તે ધર્મધગશને ધારણ કરનાર यशोदेवની આગ્રહપુર્વક વિનતિથી અને તે વખતના नन्न ઠાકોરની વિનતિથી વિક્રમ સંવત્ ૧૧૬૮માં પુ૦ પા૦ આચાર્યવર્ય દેવભદ્ર સુરીશ્વરે આ પરમેશ્વરપાર્શ્વનાથનું પ્રાકૃત ચરિત્ર ભરૂચ નગરમાં આમદત્તના મંદિરમાં રહીને રચ્યું. આ ચરિત્રમાં જે કોઇ અનુચિત કહેવાઇ ગયું હોય તે આચાર્યોએ ખમવું અને શોધી લેવું એવું વ્યકતવ્ય છેલ્લે ભાગે શ્રી દેવભદ્ર સુરીશ્વરજીએ જણાવેલ છે. श्री कपडवंजमां महान् धर्मकार्यो नुं तारण સંવત્ ૧૧માં તથા બારમા સૈકામાં

(૧) કપડવંજમાં ગોવર્ધન શેઠીઆએ વાસુપુજ્યસ્વામીનું બાવન જિનાલય મંદિર બનાવ્યું.

(૨) ગોવર્ધન શેઠીઆની સંથારા દીક્ષા.

(૩) કપર્દી શેઠીઆનો કપડવંજથી સમસ્ત તીર્થયાત્રાનો મહાન્ સંઘ.

(૪) શિષ્ટ અને વીર શેઠીઆની જીનાબિંબ પ્રતિષ્ઠા અને મહાન્ તીર્થ યાત્રાનો સંઘ.

(૫) શિષ્ટ અને વીર શેઠીઆએ સમસ્ત આગમોનું લખાવવું.

(૬) તે બન્ને શેઠીઆએ શ્રી દેવભદ્રસુરી પાસે વીર ચરિત્ર રચાવવું.

(૭) વીર શેઠીઆનું સુઆંગ પાર્શ્વનાથ બિંબનું ભરાવવું અને પ્રતિષ્ઠા.

(૮) જજ્જનાગ શેઠીઆનો તીર્થયાત્રા સંઘ.

(૯) યશોદેવ શેઠીઆએ પ્રાકૃત પાર્શ્વનાથ ચરિત્રનું રચાવવું

અગીઆરમા અને બારમા સૈકામાં ઉપર મુજબનાં ધર્મ કાર્યો કપડવંજમાં થયાં તે મુજબ અન્ય સમયમાં પણ ઘણાં ધર્મ કાર્યો જે થયેલાં હોય તેની નોંધ જે જે કોઇ ઇતિહાસ રસિક સજ્જન પ્રગટ કરે તો બહુ લાભ થાય.

વર્તમાન કાળમાં પણ 'પાસનાહુ ચરિય' મુદ્રિત કરવવામાં પણ જે કપડવણજના સદ્ ગૃહસ્થોએ* યશ બતાવવા પુર્વક દ્રવ્ય સહાય કરી છે તે ધન્વાદને લાયક છે. इतिशुभंभवतु.

પાલનપુર સં, ૨૦૦૧ ના પ્ર. ચૈત્ર વદી ૨ શુક્ર તા. ૩૦–૩–૪૫

લી. મુની નિપુણવિજય.

—: સંપુર્ણ :—

આ લેખ સંવત ૧૧૬૮ માં યશોદેવ શેઠીઆએ પરમેશ્વર પાર્શ્વનાથજીનું પ્રાકૃત ભાષામાં ચરિત્ર લખાવ્યું તે ઉપરથી કપડવંજ નિબંધ લખાયો છે. એ યાશોદેવના પિતા વીર અને તે વીરના પિતા જજ્જનાગ એ જજ્જનાગના પિતા ગોવર્ધન શ્રેષ્ઠિ જેમણે વાસુપુજ્ય ભગવાનનું એક મહાન્ બાવન જિનાલયનું ઉચું ચૈત્ય કપડવણજમાં અગીઆરમા સૈકામાં બંધાવ્યું. આ ગોવર્ધન શેઠ તે યશોદેવના દાદાના પિતા થાય એટલે ઓછામાં ઓછાં સાઠ વર્ષ સં. ૧૧૬૮ માંથી બાદ કરીએ તો ૧૧૦૮ અને સંવત્ ૧૧૩૯માંથી બાદ કરીએ તો ૧૦૭૯ માં ગોવર્ધન શ્રેષ્ઠિ હયાત હોય અને તેમણે તે ભવ્ય જિનાલય બંધાવ્યું હોય. કપડવંજની પ્રાચીન હકીકત

× જેઓનાં મુબારક નામ લખી મોકલ્યાં નથી.

જેની કેટલીક હકીકતની નકલ પરિશિષ્ઠ ૨ માં મૂકેલી છે તે જોતાં ગોરધંન શ્રેષ્ઠિના સમયનું કપડવંજ રાહના આરે હતું અને તે ઉપર રજપૂત રાજ્ય હતું. ઉપરના પ્રસ્તુત લેખમાં યશોદેવની આગ્રહપુર્વકની વિજ્ઞપ્તિથી અને તે વખતના નન્ન ઠાકોરની વિનતિથી વિક્રમ સંવત્ ૧૧૯૮ માં આ ગ્રંથ લખાયો છે. એટલે ગોવર્ધન શ્રેષ્ઠિના સમયમાં તો શું પણ તેમના પૌત્રના પુત્રના સમયમાં પણ કપડવંજ રજપૂતોના કબજામાં હતું અને તે રાહના આરે વસેલું હતું. સિદ્ધરાજે કુંડ અને બત્રીશ કોઠા વાવ્ય બંધાવેલી તે જગાએ વસ્તી નહોતી. પરંતુ લશ્કરને રહેવાનું અને સંતાવાનું અનુકુળ સ્થાન હતું અને તે લશ્કરની સગવડ :ખાતર આ જળાશયો બંધાવ્યાં હતાં કારણ કે સિદ્ધરાજને અને માળવાના રાજા યશોવર્માને બારવર્ષ સુધી લડાઇ ચાલેલી તે સમયે ગુજરાતમાં લશ્કરી થાણા માટે નજીક અને અનુકૂળ સ્થાન તરિકે કપડવંજ હતું. આ પછી બે સેકાના અંતરે એટલે સંવત્ ૧૩૫૩ પછીના સમયે રાધનપુરના મુસલમાની લશ્કરે રજપૂતો પાસેથી કપડવંજ જીતી લઇ લાડણી બીબીએ સિદધરાજનાં બંધાવેલાં સુંદર જળાશયોથી આકર્ષાઇ રાહના આરેથી વસ્તીને અહીં વસાવી. નાતના જથાવાર મકાનો બંધાવી શહેરની આજુબાજુ કોટ ચણાવ્યો તે પછી પચાસ વર્ષે એટલે સંવત ૧૪૦૯ માં કોટની નજીક છે તે જુમામસીદ બંધાવી. આ સમય બારમા સૈકાની આખર અને તેરમા સૈકાની શરૂઆતનો હતો. ને તે સમયથીજ નીમા વણિક મહાજન કપડવંજમાં આવી વસ્યા છે. જેને હાલ આઠસે વર્ષ થવા જાય છે.) આથી એ બાવન જીનાલયની જગાએ આ મસ્જીદ છે ને તેના ભોંયરામાં મુર્તિઓ છે તે અફવા બીલકુલ નાપાયાદાર છે. ભોંયરામાં કેટલાક જોઇ પણ આવ્યા છે. તેમને ખાત્રી થઇ છે કે ભોંયરામાં મૂર્તિઓ નથી. એટલે જૈનમંદિરની એ મસ્જીદ બની છે એ બીના ખોટી માલમ પડે છે. આવી બિન ભરોસાલાયક અફવાથી ધર્માન્તર વૈમનસ્ય વધે તેમ ન બને ને બન્ને કોમ વ્યવહારિક કાર્યમાં એક બીજા સાથે હળીમળીને વર્તે તે હેતુથી આ સ્પષ્ટિકરણ કર્યું છે. ગોવર્ધન શ્રેષ્ઠિએ બંધાવેલું ચૈત્ય રાહના આરે વસેલા કપડવંજમાં હતું તે કાળે કરીને નષ્ટ થયું છે. તેના પાયા વિગેરે અત્યારે જડી આવે છે. આ વસ્તુ સત્ય છે એમ લેખકનું માનવું છે.

આ લેખમાં ગોવર્ધન શ્રેષ્ઠિની અને તેમના વંશજોની નાતનું નામ આવ્યું નથી પરંતુ વાયડકુળમાં જયપતાકા સમાન થયો એમ જણાવ્યું છે. હવે એ વાયડકુળ તે તેમનું પોતાનું કે તેમના ગુરૂ વાયડ ગચ્છીય જીવદત્ત સુરીશ્વરજીના ગચ્છનું તે પણ સ્પષ્ટ નથી. છતાં અનુમાન થાય છે કે દશમાં સૈકામાં જ્યારે નાતોનો જન્મ થયો ત્યાર પહેલાં પોતાના ગુરૂના ગચ્છ—કુળ—કે ગોત્રના નામથી

તેમના અનુયાયીઓ પણ ઓળખાતા. એટલે ગોવર્ધન શેઠીઆની નાત અને તેમનાં ગોત્ર તે સમયમાં વ્યવહારમાં વપરાતાં નહીં હોય એ નિર્વિવાદ છે. સંવત્ ૧૩ મા સૈકાથી વાણિઆનાં નાત અને ગોત્ર વ્યવહારમાં પ્રસિદ્ધ થયાં તે અગાઉ તેમનાં ગોત્ર તેમના વ્યવહારિક ગુરૂ કે ધર્મગુરૂનાં ગોત્ર તે વણિકનાં ગોત્ર એ વાત પણ આ લેખ ઉપરથી સિદ્ધ થાય છે.

વીશા નીમા વાણિઆ સંવત્ ૧૨૭૫ માં જૈન હતા એવું ઐતિહાસિક પ્રમાણ વસ્તુપાલ તેજપાલના સંઘ સંમેલનમાંથી મળી આવી છે. હવે તે પછીના વર્ષોમાં નીમા વાણિઆઓએ ધર્મ પ્રવૃત્તિમાં જીનાબિંબ ભરાવી પ્રતિમાજીની પ્રતિષ્ઠા મહોત્સવ કર્યા છે તે પ્રમાણ પ્રતિમાજી ઉપરના કોતરાવેલા લેખથી સિદ્ધ થાય છે. એ જૂનામાં જૂના સમયથી શરૂ કરી તે પછીના અનુક્રમે આ નીચે ઉતારવામાં આવ્યા છે. હાલના સમયે મળી આવ્યા તેટલા લીધા છે. અને હવે પછી મળી આવશે તે સમયને અનુસરી દાખલ કરાશે. આ લેખની પ્રસાદી શ્રીમાન્ આગમોદ્ધારક આચાર્ય સાગરાનંદ સુરીશ્વરની આજ્ઞાથી તેમના અંતેવાસી કંચનવિજયજી મહારાજ તરફથી મળી છે. આ માટે એ મહાન્ ગુરૂનો તથા મુનિ કંચવિજયજીનો આ તકે આભાર માનું છું. આ મહાન્ ગુરૂ અને તેઓશ્રીના ઘણા શિષ્યો પુર્વાશ્રમમાં (ગૃહસ્થાશ્રામમાં) કપડવંજ વીશા નીમા વાણિઆની જ્ઞાતિના હતા. તેઓશ્રીએ પોતાની જન્મધાત્રી જ્ઞાતિની સેવા અર્થે જેટલી માહીતિ મળી તેટલી આપી જ્ઞાતિસેવાનું ઉત્તમ કાર્ય કર્યું છે. તે એટલું અમુલ્ય છે કે તે બાબત માત્ર આભાર માનવાનું લખી કદર કરવી તે લાયક કદર કરી ન કહેવાય માત્ર વ્યવહારમાંજ એ લખાણ લખી ખરી કદર કરવા માટે તો લેખક પોતાની લાગણી દર્શાવવા અશક્ત છે. એટલું જણાવી લેખોની હારમાળા આ નીચે ઉતરવામાં આવે છે.

(૧) કપડવંજ નિબંધ વિક્રમ સવંત્ ૧૧ મા કે ૧૨ મા સૈકામાં કપડવંજમાં જૈન સંપ્રદાયી ધર્મકાર્યો થયાં તેની વિગતવાળો લેખ. આ લેખની નકલ આ પ્રકરણના પૃષ્ટ ૧૪૦ થી ૧૪૨ મા પૃષ્ટ ઉપર આપેલી છે.

(૨) શ્રી ચિંતામણજી પાર્શ્વનાથના દેરાસરમાં ધાતુના સમવસરણ ઉપરનો લેખ.

'સવંત્ ૧૪૮૮ વર્ષે જેઠ વદી ૨ નેમાજ્ઞાતિય સં. સુદા ભાર્યા માણેકદેવી પુત્ર સં. ગંગા કેન ભાર્યા રામતી પ્રમુખ કુટુંબ एतेन સ્વશ્રેયસે શ્રી મહાવીર સમોસરણું કારયિતં પ્ર. તપાસી સોમ સુંદરભિઃ

(૩) શ્રી નીમા વાણિઆ જૈન ગૃહસ્થે પુર્વપ્રાંત (બંગાલ)માં શ્રી આદીનાથજીનું મંદિર બંધાવ્યું તેના લેખનો ઉતારો.

'શ્રી આદિનાથજીનું મંદિર કઠઝોલા (બેંગાલ) સંવત્ ૧૪૯૯ વર્ષે પોષ વદી ૧૦ ગુરૌ શ્રી નીમા જ્ઞાતિય ગં. ગઉદા ભાર્યા સલધુ તયોઃ સુતેન સહ સાયરેણ સ્વશ્રેયસેશ્રી જીવત સ્વામી શ્રી સુપાર્શ્વનાથ બિંબ કારાયિતં પ્રતિષ્ઠિતં શ્રી બૃહત્તપા પક્ષે શ્રી રત્નસિંહ શુરિભિઃ શુભંભવતું !.

(૪) શ્રી શાંતીનાથ પ્રતિમાજીના ઉપરનો લેખ.

સંવત ૧૫૦૧ જેઠ સુદ ૧૦ નીમા જ્ઞાતિય દો૦મુટા સુતસાંગા સુત ધનશી ભાર્યા શ્રે૦ ચાંદ ભા જાઇ સુતા મલકુ શાંતીનાથ બિંબ કારીતવતી પ્રતિષ્ઠિતમ શ્રી મુનિ સુંદરશ્રીભિઃ

(૫) કપડવંજમાં શેઠશ્રી જેશીંગભાઈ પ્રેમાભાઇ કેવળભાઈના ઘર દેરાસરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમાજી પુજાય છે તે ઉપરનો લેખ.

સંવત્ ૧૫૨૨ વર્ષે વૈશાખ......નીમા જ્ઞાતિય દોસી વાંચ્છા ભા૦ હુબી સુત દોસી.......રામ ભાર્યા વારૂ સુત દોસી ગણુપતિ ભાર્યા રેવતી કડક અને ભા હરપતિ ભા૦ ચકુતિ સુતેન શ્રી પ્રાર્શ્વનાથ બિંબં કારયિતં પ્રતિષ્ઠિતં તપાગચ્છે શ્રી લક્ષ્મી સાગરજી કર્પટવાણિજ્ય વાસઃ

(૬) કપડવંજમાં ધાકવાડીમાંના દેરાસરમાં શ્રી શાંતીનાથજીની પ્રતિમાજી ઉપરનો લેખઃ—

"સંવત્ ૧૬૧૮ વર્ષે ફાગવદી ૨ શુક્ર કર્પટ વાણિજ્ય વાસ્તવ્ય નીમા જ્ઞાતિય દોસી માયા ભાણીઆ કાનજી પુત્રરત્ન જાગા ભા૦ શાણી તથા........પુત્ર સુતેન દોસી જાગાકેન સ્વશ્રેયસે શ્રી શાંતીનાથ બિંબ કારાયિંત તપાગચ્છે શ્રી સોમવિલય સુરિભિઃ પ્રતિષ્ઠિતમ્.

(૭) કપડવંજમાં દલાલવાડામાં શ્રી વાસુપુજ્ય ભગવાનની પ્રતિમાજી ઉપરનો લેખઃ—

"સંવત્ ૧૬૫૫ માર્ગ સુદી ૫ ગુરૂ લઘુશાખાયાં કર્પટ વાણિજ્ય વાસ્તવ્ય શ્રી શ્રીમાળી જ્ઞાતિય ૫૦ અક્કાનાલા ભાર્યા મકાઇ પુત્ર રૂપજી પ્રમુખ પંચપુત્રા વિ. કુટુંબ સુતેન સ્વશ્રેયસે વાસુબિબં કા૦ પ્ર૦ તથાગચ્છે ભટ્ટારક શ્રી હરિવિજય સુરી પટે મુકુટ શ્રી વિજય સેન સુરિભિઃ"

(૮) કપડવંજમાં ધાકવાડીમાંના દેરાસરમાં શ્રી આદિનાથજી પ્રભુની પ્રતિમાજી ઉપરનો લેખ.

"સંવત્ ૧૬૬૬ વર્ષે ફાગણુ સુદ ૩ શુકે કર્પટવાણિજ્ય વાસ્તવ્ય......... શ્રીમાળી જ્ઞાતિય શા. ગોહિઆ સહભાર્યા ગંગાદિસુતેન શા તારા........કું........

નમતે જલદે ભા૦ મોહનતે પુત્ર જીવરાજ દેવરાજે વણુરાજ જીવરાજ પુત્ર શા૦ રતન સ્વકુટુંબ યુતેન સ્વશ્રેયસે શ્રી આદિનાથ બિંબં કારયિતં પ્રતિષ્ઠતમ્ શ્રી તપાગચ્છે ભટ્ટારક કોટી કોટી સવશ્રી હીરવિજય સુરિ પટ્ટાલંકાર મુગટમણી સુ.......સુરી સ્વગત મુતચીત સકલમંડલ શાહી શ્રી અકબર દેશ જયશાસન શ્રી વિજયસેન સુરીશ્વર નિર્દેશાત્ શ્રી વિજયદેવસુરી ભિઃ.......કર્પટવાણિજ્ય સકલ સંઘસ્ય શ્રી રસ્તુ.

(૯) શ્રી ચૌમુખજીના દેરાસરમાં પ્રથમ મુખ પ્રતિમાજી શ્રી અજીતનાથજી ની પ્રતિમા ઉપરનો લેખઃ–

સંવત્ ૧૬૬૬ વર્ષે ફાગણ સુદ ૩ શુક્ર કર્પટ વાણિજ્ય........ભાર્યા કમલાદે પુત્ર શા. શીવા ભાર્યા દેવકી નામ્ના સ્વશ્રેયસે શ્રી અજીતનાથ બિંબં........ શ્રી વિજયસેનસુરી નિર્દેશાત્........કર્પટવાણિજ્ય સંબંધી સકલ સંઘસ્યચ શ્રી રસ્તુ૦

ઉપર પ્રમાણે એક કપડવંજનિબંધ અને આઠ પ્રતિમાજી ઉપર લેખ મળી નવ પ્રમાણો મળી આવેલ છે તેમાં નં. ૧ નો નિબંધ તથા છેલ્લો નવમા નંબરનો લેખ તેમાં જ્ઞાતિનું નામ નથી. નં. ૭ અને નં. ૮ ના લેખમાં શ્રીમાળી નાતનું નામ છે. બાકીના પાંચ લેખ નં. ૨–૩–૪–૫–૬ એ લેખમાં નીમા :વાણિઆ તે કર્પટવાણિજ્ય એટલે કપડવંજના રહેનાર ને તે સંવત્ ૧૪૮૮ થી સંવત ૧૭૦૦ સુધીના બસેંબાર વર્ષના ગાળામાં કપડવંજના નીમા વાણિઆ આવાં ધર્મકાર્ય કરે એવા સંપત્તિવાન્ અને શ્રદ્ધાળુ હતા એવું આ લેખો ઉપરથી સિદ્ધ થાય છે. આ ઉપરાંત મહાન્ વિદ્વાન આચાર્યશ્રી બુદ્ધિસાગર સુરીશ્વરનો જૈન ધાતુ પ્રતિમા પંદરસે લેખસંગ્રહ નામના પુસ્તક ના બે ભાગ પ્રસિદ્ધ કરેલા છે તેમાં પહેલા ભાગમાં લેખનો સંગ્રહ છે. તેમાં નીમા વાણિઆના નામના ૪ લેખ છે વળી બંગાળના બાબુસાહેબના પ્રતિમા ઉપરનો લેખ સંગ્રહ છે તેમાં એક હજાર લેખ છે તે પાષાણ પ્રતિમાજી ઉપરના લેખો છે તેમાં નીમા વાણિઆની જ્ઞાતિનો એક લેખ છે જે સંવત ૧૪૯૯ની સાલનો આ પ્રકરણના ૪૦ મા પૃષ્ઠે દાખલ કરેલ છે. હવે આચાર્યશ્રી બુદ્ધિસાગરના પ્રતિમા લેખ સંગ્રહના બે પુસ્તકો સુરતમાં શ્રીમાન્ આગમોદ્ધારક આચાર્ય શ્રીની શ્રી જૈન આનંદ પુસ્તકાલયમાંથી મંગાવી તેમાંના નીમા વાણિઆની જ્ઞાતિવાળા લેખો તેમની સાલની જુનવટના અનુક્રમે આ નીચે ઉતાર્યા છે.

(૧) आचार्य श्री बुद्धि सागर खुरीना जैन धातुप्रतिमा लेख संग्रह भाग पहेलो तेमांना पृष्ट २५३ मां लेखांक १४६० नो उतारो० लेखनुं स्थलः-श्री केसरिआजीनीं प्रतिमाजीं० सं. १०४२ वर्षे वैशाख सुदि ५ शोमे महारक श्री जसराज श्रीकला भार्या सोनबाई विजिराज द्वैदाचल वीप्रणात तपडी शा० भा० हासणदेवसा पत्रकार देवराई मारा भ्रात यागुराज भा० छीभ्रात साचा भा० पींची राजननाथः शेरपाल श्रीकाष्टासंघे विख्याका सवगोत्रे एक श्री यादीसावंदन ॥

(૨) ઉપરોક્ત લેખસંગ્રહ ભા. ૨ જે તેના પૃષ્ઠ ૮૪ માના ઉપરના લેખનો ઉતારો.
लेखनुं स्थळ;–मातर श्री सुमतिनाथ मुख्य बावन जिनालय लेखांक नं. ४८६.

सं. १३०९ वर्षे फागण शु० ८ सोमे कापडवाणिज्ये श्री गुर्जरज्ञातौ मातृजयतलदेवि श्रेयोर्थं ह० साजणेन श्री आदिनाथ बिंबं श्रीकमल प्रभसुरीणामुपदेशात कारितं प्रतिष्ठितं च ॥

(३) लेख संग्रह भा० १ लो पृष्ट १०२ लेखनुं स्थल अमदावादरीचीरोड उपरना श्री महावीर स्वामीना देरामांना लेखोमांथी लेखांक ९५२ ना लेखनो उतारो.

सं. १४८८ वर्षे कार्तिक सुदी २ सोमे कर्पटवाणिज्य वास्तव्य श्री श्रीमाल ज्ञा० श्रे० सीहा भा० संसारदे तयोः सु० श्रे० भाई आकेन भा० चापु सु० वाछा भात श्रे० सोमा भा० राऊ गोधागुणी आदि कुटुम्ब युतेन स्वश्रेयसेश्री अजीतनाथ बिंब का० प्र० तपागच्छनायक श्री सोमसुंदर सुरिभिः ॥

(४) लेखसंग्रह भा० १ लो पृष्ठ २०२ लेखनुं स्थल अमदावाद श्री शांतीनाथजीना देराना लेखोमांना लेख नं. १२३९ ना लेखनो उतारो :—

सं. १५०५ वीरपुरे नीमा ज्ञाति श्रे० देवा भा० लाष्ट पु० धरणाकेन भा० नाभलदे भातृव्य सांगा सुराजाद्यादियुतने श्रीमुनिसुव्रत बिंब का० प्र० श्री जयचन्द्र सूरिभिः ॥

(५) लेख संग्रह भा. २ रा. पृष्ट. १७६ लेखनुं स्थळ:–खंभात मुकामे माणेक चोक श्री पार्श्वनाथ जिनालय देरासरमांना लेखोमांना लेख नं. १७९ ना लेखनो उतारो :–

सं. १५०६ वर्षे मा० शु. १३ कर्पटवाणिज्यवासि उकेशज्ञातिय श्रे० नरपाल भा० नामलदे पुत्रकर्मणने मार्या करमादे भातृज भोजादियुतेन स्वभातृश्रेयसे श्री संभवनाथ बिंब का० प्र० बृहत्तपाश्री जयचन्द्र सुरिभि : ॥

(६) लेख संग्रह भा. २ रा पृष्ठ १९६ लेखनुं स्थल खंभात मुकामे ठे० बोळपीपलो श्रीनव पल्लव पार्श्वनाथ जिनालयमांना लेख नं. १०९१ नो उतारो :–

सं. १५२३ वर्षे वैशाख सुदी ३ नीरपुर वास्तव्य नीमा ज्ञातीय श्री० तेजा भा० छाडी पुत्रसादाकेन भार्या मंदोदरी पुत्र प्रभा......टचा पानीपादि कुटुंब युतेन श्री नेमीनाथ बिंबकारितं प्रतिष्ठितं तपाश्री लक्ष्मीसागर सुरिभिः ॥

(७) लेखसंग्रह भा. २ रा पृष्ठ ७२ लेखनुं स्थल मु० खेडापरामां श्री आदिनाथ जिनालयमां लेखांक नं. ४१८ ना लेखनो उतारो, सं. १५२५ वर्षे फा० सु० ७ नीमाज्ञा० दो० वाछा भा० करणु पुत्र दो० महिराजने भा० रंगी पुत्रपासादी कुटुंबयुतने मातृ दो० बहजाश्रयोर्थं श्रीवासुपुज्य बिंबं का० प्रतिष्ठितं तपागच्छेश श्रीलक्ष्मी सागर सूरिभिः ॥

(८) लेख संग्रह भा. १ लो पृष्ट १५२ लेखस्थल अमदावाद झवेरीवाडो श्रीसंभवनाथ जैन देरासर तेमांना लेखोमांथी लेख नं. ८३८ नो उतारो.

सं. १५३१ वर्षे नीमा ज्ञा० श्रे० पाताभा० अरधू सुतजेसाराणा सामल पांचादि कुटुंब युतेन स्वश्रेयार्थं श्री धर्मनाथ बिंब का० प्र० तपागच्छे श्री लक्ष्मीसागर सूरिभिः ॥

(९) लेखं संग्रह भा. १ लो पृष्ठ २५३ लेखस्थल श्री केसरियाजी पादुका लेख लेखांक नं. १४५९ ना लेखनो उतारो.

सं. १८७३ वर्षे शाके १७३९ प्रवर्तमान्येमासोत्तममासे शुभकारि जेष्ठ मासे शुक्ल पक्षे चतुर्दशी तिथौ गुरौ उपकेशज्ञातिय वृद्ध शाखायां कोष्ठका गोत्रे सुश्रावक पुन्यप्रभावक श्री.

देवगुरु भक्तिकारक श्री जिनाज्ञाप्रतिपालक शाह श्री शंभुदासतत्पुत्र कुलोद्धारक कुलदीपक शिवलाल अंबावीदास तत्पुत्र दौलतराम वृषभदास श्री. उदेपुरवास्तव्यः श्री आदिनाथ पादुका कारागिता प्रतिष्ठिता श्री तपागच्छे सकल भट्टारक शिरोमणी भट्टारकश्री श्रीविजय जिनेन्द्र सूरिभिः उपदेशान्मोहन विजयने श्री धूलेवरे भंडारी दलिचंदआगुच्छाई ॥

(१०) लेख संग्रह भा. १ ना पृष्ठ ११ लेख स्थल डभोई (दर्भावती) मुनिसुव्रत स्वामीजीना देरासर ना लेखोमांथी लेख नं. ६२ ना लेखनो उतारो :–

संवत् १९०३ शा. १७६८ प्रा माघ कृष्णा । कपडवंज वास्तव्य शा नेमा शा कालिदास जीवणदा तद्भार्या जतनबहु सुत छोटालाल स्वश्रेयार्थे श्री अनंतनाथ बिंब कारितं प्रतिष्ठितं श्रीलोढायोशालना शान्ति सागर सुरिभिः ॥

(११) लेख संग्रह भा. १ लानी प्रस्तावनाना पृष्ठ १९ मे पाने निमा वाणिग ज्ञाति विषे जे लखाण छे तेनो उतारो.

निमा वाणिग ज्ञाति कपडवणज विगेरे गामोमां नीमा वाणिआओनी वसती विशेष छे तेओ जैन धर्मी छे तेओए जैन मंदिरो बंधाव्या छे जैन उपाश्रयो बंधाव्या छे तेओनी ज्ञाति मांथी जैनाचार्यो साधुओ थया छे हाल पण तेओनी ज्ञातिमांथी मुनि थयेल पन्यास आनंद सागरजी, पन्यास मणिविजयजी जैन कोममां गीतार्थ विद्वान तरिके सर्वत्र प्रख्यात छे.

| | |
|---|---|
| श्री जैन धातु प्रतिमा लेख संग्रह भा. १ लो<br>लेखक योगनिष्ठ शास्त्रविरद जैनाचार्य<br>श्रीमद् बुद्धिसागरजी.<br>वीर संवत् २४४३ विक्रम संवत् १९७३ | एजन भाग २ जो.<br>वीर संवत् २४५०.<br>विक्रम संवत् १९८० |

आ पुस्तको हाल श्री जैन आनंद पुस्तकालय सुरत पु. नं. ६०–३३.

વિવેચન :— (૧) સામાન્ય (૨) પ્રત્યેક લેખ સંબંધી

(૧) સામાન્ય વિવેચન :—આ બંને લેખ સંગ્રહમાં એકંદર ૨૬૭૩ લેખોનો સંગ્રહ છે તેમાંથી નીમા જ્ઞાતિએ પ્રતિષ્ઠિત કરાવેલાં એવા તો માત્ર પાંચ લેખ મળી આવ્યા છે. આનું મુખ્ય કારણુ તો એ છે કે લેખક મહાન આચાર્ય શ્રી એમણે ઉત્તર ગુજરાત અને કંઇક પશ્ચિમ ગુજરાતમાંના ૬૫ ગામોમાંથી આ લેખ લીધા છે. આચાર્યશ્રીની કપડવંજ અને તેની આસપાસના જૈન વસ્તી વાળા ગામોમાં પધરામણી થયેલી નથી. કે જે ગામોમાં નીમા જ્ઞાતિની વસતી વિશેષ છે. તેથી તે નાતના લેખો ઓછા હોય તે સ્વભાવિક છે.

બીજું કારણુ એ ભાસે છે કે :—વિક્રમ સંવત્ ૮૦૨માં અણહિલપુર પાટણુ અને ચાંપાનેર એ બે શહેરનો જન્મ જોડકાં બાળક સમાન એકસાથે થયેલો તે જન્મ સમયે જ મહાન શીલગુણસુરિશ્રીના ઉપકારે ગળથુથીમાં જૈન સંસ્કૃતિ આવેલી હતી. તે સમયે કપડવંજ પ્રૌઢ ઉમ્મરે પહોંચેલું એટલે વલ્લભીપુરના સમયમાં વડનગર, ખંભાત, ભરૂચ, પ્રભાસપાટણુ આદિ જૂનાં શહેરોની સાથે આ શહેરની હયાતી હતી. તેમાં બીજાં શહેરોની માફક

સનાતન ધર્મ અને જૈન ધર્મ સાથે સાથે ધરકહર ચાલતા હતા. અને વળી તે સમયમાં નિયમાવાણિજ્ય આ તરફ આવેલાં નહીં તેથી તેમની નાતના લેખો બહુ મળી આવતા નથી.

(૨) પ્રત્યેક લેખ સંબંધી વિવેચનઃ—ઉપરના નં. ૧૧ લેખોના ઉતારામાંથી નં. ૧ અને નં. ૯ વિષે પ્રથમ આ વિવેચન છે. આ બન્ને લેખમાં બિંબ ભરાવ્યાં કે પ્રતિષ્ઠા કરાવી એવો કોઇ ઉલ્લેખ નથી. નવમા નંબરમાં પાદુકા સ્થાપનનો ઉલ્લેખ છે. તેને સં. ૧૮૭૩ એટલે માત્ર ૧૩૨ વર્ષ ઉપરનો આ લેખ છે. તેનું લખાણુ હાલના જમાનાને ઘણે અંશે મળતું આવે છે. તેમાં જ્ઞાતિ–શાખા–ગોત્ર–કુટુંબ પરિવાર આદિનો સ્પષ્ટ ઉલ્લેખ છે. નં. ૧૪૬૦નો લેખ જે સૌથી પહેલો ઉતાર્યો છે તેમાં પાદુકા કે પ્રતિમા કાંઇ કરાવ્યું જણાતું નથી. આ લેખ આજથી લગભગ એક હજાર વર્ષ ઉપરનો છે. એ લેખની ભાષા સંસ્કૃત સાથે વધારે મળતી અને મેવાડી ભાષાને કંઇક મળતી આવે છે. એ લેખ ઉપરથી શ્રી કેસરીઆજી પ્રભુની સ્થાપનાનો સમય માની લેવાની ભૂલ ન થાય તે માટે આ વિવેચન છે. લેખ ઉપરથી જણાય છે કે લેખ કોતરાવનાર ગૃહસ્થે દેવળની મરામત કરાવી હશે કે જીર્ણોદ્ધાર કર્યો હશે. ગુજરાત સર્વ સંગ્રહ પુસ્તકના પૃષ્ટ ૧૩૮ની ફુટનોટમાં લખે છે કે :—'જુનામાં જુનાં જૈન દહેરાં આબુપરનાં તથા ચંદ્રાવલીનાં છે. તે સંવત ૧૧૦૦ થી ૧૪૦૦ સુધીમાં બંધાયાં છે. જૈન દહેરાં પ્રથમ બંધાએલાં તે સંવત ૪૧૨માં નવા આચાર્ય માન તંગસુરીના કાળમાં કોઈ કહે છે કે તે પહેલાં હતાં પણ પ્રસિદ્ધ નહોતાં." આ ઐતિહાસિક નોંધ સાચી ઠરે છે. ઈ. સ. ૧૦૨૨ થી ૧૦૭૨ સુધીના સોલંકી વંશના પહેલા ભીમદેવ રાજાના સમયમાં તેના પ્રધાન અને સેનાપતિ નીમશાએ આબુ ઉપર ત્યાંના રાજા જગદેવ પરમાર ઉપર ચઢાઈ કરી તેની પાસેથી આબુ પર્વતનાં કેટલાંક શિખરો કબજે કર્યાં. અને ત્યાં પોતાની સઘળી અને કંઇક રાજ્યની દોલત ખર્ચી જૈન દેવાલયો બંધાયાં. આ અરસામાં કેસરીઆજી પ્રભુનુ દેવળ નાનું સરખું હશે અગર તે બિસ્માર હાલતમાં હશે તે દેવળનો આ લેખમાં જણાવેલા ગૃહસ્થોએ જીર્ણોદ્ધાર કર્યો હશે એમ જણાય છે. કારણ કે લેખના છેલ્લા વાક્યમાં લખાણુ છે કે सवगोत्रेऐक श्री याणी सानंदरा આથી સિદ્ધ થાય છે કે નં. ૧૪૬૦માં નંબરનો લેખ કે જે એક હજાર વર્ષ અગાઉનો લેખ છે. તે પ્રતિમાબિંબ ભરાવ્યાના કે પ્રતિષ્ઠા કરાવ્યાનો નહીં પરંતુ જીર્ણોદ્ધાર કરાવ્યાનો લેખ છે.

આદીશ્વર ભગવાન યાને ઋષભદેવજી પ્રભુની પ્રતિમાજી તો બહુપુરાતની છે. આ દેવને જૈનધર્મી પોતાના પ્રથમ તીર્થંકર તરિકે સમજી તે નામે ભજે છે ને

પૂજે છે. બીજા જૈનેતર આ દેવ વિષ્ણુભગવાનને નામે ભજે છે ને પૂજે છે. આ આદિવાસી અને અજ્ઞાની અણઘડ વસ્તી તેમને પોતાના કુળદેવને ઈષ્ટદેવ તરિકે 'દાદા' ના વ્હાલસોયા નામથી ભજે છે ને પૂજે છે. જેમ ઉત્તર ગુજરાતની અભણ પ્રજા 'અંબાયના........(સોગન) 'મહી નદીની આસપાસની વસ્તી ધારામા, ઠાકરડા મહીના........(સોગન)....' પાળે છે. ને તેને દૈવી આજ્ઞા તરિકે ગણે છે તેવી રીતે ઇડર, ડુંગરપુર, ઉદેપુર મેવાડ એ તરફની બધી વસ્તી શ્રી केसरिआजीને પોતાના પુર્ણપરમેશ્વર તરિકે માને છે. મતલબ કે સર્વે હિંદુ વર્ણના આ સનાતની ઇષ્ટદેવ છે. આ ઋષભદેવજીના જીવનચરિત્રમાંથી જાણવા મળે છે કે શ્રી રામચંદ્રજી શ્રી ઋષભજી એવા વિષ્ણુ ભગવાનના અવતારી આ ઋષભદેવજી નાભી રાજાના પુત્ર હતા. તેમના સમયમાં મનુષ્યો "યુગલીઆ કોટીનાં" હતાં. અગ્નિનો ઉપયોગ મનુષ્યને શીખવ્યો. માટીનાં વાસણ બનાવતાં શીખવ્યું. મનુષ્યના ધર્મ શીખવ્યા. સગાઈ અને ગોત્રની સમજ આપી. છેવટે પોતે ત્યાગી થઈ મનુષ્યને મોક્ષમાર્ગનું સૂચન કર્યું. આવા ઇશ્વરી અવતારી પુરૂષને હિંદુઓની સર્વ વર્ણ વિષ્ણુભગવાન તરિકે ને જૈનો પ્રથમ તીર્થંકર પ્રભુ તરિકે આદિનાથ ભગવાનને નામે પૂજે છે ને ભજે છે. વિ. સં. ૧૦૪૨ માં આ મૂર્તિની સ્થાપના થઇ નથી, પણ તે અગાઉ ઘણા સૈકા પહેલાં સ્થાપના થઇ છે, તે જણાવવા આ વિવેચન છે.

(૨) બીજા નંબરનો લેખ સં. ૧૩૭૯ નો છે. તે લેખની ભાષા શુદ્ધ સંસ્કૃત છે. કપડવંજને સંસ્કૃત ભાષામાં कापड वाणिज्य લખાતું હતું તે તથા તે સમયમાં શ્રી ગુર્જર જ્ઞાતિના વણિકો વસતા હતા તે સ્પષ્ટ જણાઇ આવે છે.

(૩) ત્રીજા નંબરનો લેખ સં. ૧૪૦૮ની સાલનો છે એટલે બીજા નંબરના લેખ કરતાં એકસો વર્ષ આધુનિક છે. ભાષામાં પણ ફેર પડયો છે. કપડવંજને कर्पट वाणिज्य લખે તે સમયે કપડવંજમાં श्रीश्रीमाल જ્ઞાતિના વણિકો વસતા હતા તે જણાય છે.

(૪) પાંચમા નંબરનો લેખ વિ. સં. ૧૫૦૬ ની સાલનો છે. જે ત્રીજા નંબર કરતાં અઠાઢ વર્ષ આધુનિક છે. તેની ભાષા પણ ત્રીજા નંબરને મળતી આવે છે. આ લેખથી જણાય છે કે સં. ૧૫૦૬ માં कर्पटवाणिज्य (કપડવંજ) માં उकेश (ઓસવાળ) વણિકોની વસ્તી હતી. હાલ કપડવંજમાં આ વસ્તી બીલકુલ નથી નથી. વળી તે સમયમાં સંયુક્ત કુટુંબની ભાવના હતી. આ લેખમાં પોતે, સ્ત્રી, પુત્ર, ભત્રીજા, અને ભાઇ ઈત્યાદિનાં નામ અને તે સર્વેના કલ્યાણ અર્થે શ્રી સંભવનાથ બિંબ કારયિતું, પ્રતિષ્ઠિતમ્. કપડવંજ નિબંધમાં જણાવેલ ગોવર્ધન શ્રેષ્ઠિ અને તેમના પુત્રપૌત્રાદિ કુટુંબ આ જ્ઞાતિનું હોય અને કપડવંજ ઉપરની કોઇક આફતના કારણે ઓશવાળ વણિકો હિજરત કરી ગયા હોય એ સંભવિત છે.

## સ્વ. દોશી પુનમચંદ લલ્લુભાઇ



જેઓનું કુટુંબ કપડવણજમાં જીવણલાલ સુંદરલાલને નામે ઘણું જાણીતું છે. તેઓએ જીંદગીભર જનસેવા અને નાત જાતના ભેદ ભાવ વિનાની ભાવનાથી ઘણાઓને સંતોષ્યા છે. કપડવણજમાં પ્રેમાળ કુટુંબ તરીકે તેઓ ઘણા જાણીતા છે.

(૫) નંબર ૪–૬ આ બન્ને લેખ नीमावणिक જ્ઞાતિના છે પણ તે વીરપુરના રહીશ છે. આ વીરપુર તે કાઠીઆવાડમાં દેશી રાજ્ય હતું ત્યાંના નહીં પણ પ્રથમના વાડાસીનોર સંસ્થાનના તાબાનો વીરપુર મહાલ છે તે વીરપુરના છે. હાલ ત્યાં વીશાનીમાની વસ્તી છે. કપડવંજના દોસી જીવણલાલ સુંદરલાલ જે હાલ શોભાભાઇ પુનમચંદ દોસી બી. એ. એલ. એલ. બી. કપડવંજમાં છે તેમના દાદા થાય. એ દોસી જીવણલાલ વીરપુરમાં પોતાના મોસાળમાં ઉછર્યા હતા. મતલબ કે તે સમયમાં કપડવંજ અને વીરપુરના વીશાનીમા વણિકોને સગાઈનો સંબંધ હતો.

(૬) લેખ નં. ૭ ને ૮ આ બે લેખો સં. ૧૫૨૫ અને સં. ૧૫૩૧ એટલે લગભગ સમકાલિન છે. તે નીમા વણિકોના છે. પરંતુ તે કયા ગામના છે તે સ્પષ્ટ નથી. આપણે પ્રથમ લીધેલા લેખોમાં એક લેખ સં. ૧૫૨૨નો છે તે नीमावणिकनो છે. તેમાં પણ ગામનું નામ નથી. તેમજ દશા કે વીશાનો ભેદ પણ નથી. આ ત્રણે લેખમાં પ્રતિષ્ઠા કરાવનાર तपगच्छेश श्री लक्ष्मी सागर सुरिभि એ સ્પષ્ટ છે. લેખ નંબર ૧૦ માનો તો તદ્દન આધુનિક છે. આજથી માત્ર એકસો બે વર્ષ અગાઉનો છે. તે કપડવંજના वीशानीमा महाजन જ્ઞાતિમાં કાલીદાસ જીવણદાસ મહેતાના નામથી પ્રસિદ્ધ છે. તેમનો એ લેખ છે. સમગ્ર ગુજરાતીમાં અંગ્રેજ સરકારની સત્તા ઇ. સ. ૧૮૧૮માં એટલે સંવત્ ૧૮૭૪માં સ્થપાઈ તે પહેલાં અહીં પેશ્વાઇ સત્તા હતી. તે સમયમાં પણ શ્રી કાલીદાસ મહેતાના પિતાશ્રી જીવણદાસ મહેતા રાજ્યના ન્યાય ખાતાનું કામ કરતા ને તેમની અદાલત કે કચેરી, જે કહો તે હાલ નેટિવ જનરલ લાઇબ્રરી છે ને તેની પાસે કુવો છે. તેની નજીકના મકાનમાં હતી એવું ઘરડા માણસો કહે છે. મતલબ કે પેઢીઓ ગતથી તેઓ મુત્સદ્દીગીરીમાં મશગુલ હતા. ઇ. સ. ૧૮૩૫ પછી અંગ્રેજ સરકારે દેશીઓને મોટા હોદ્દાની જગાઓ આપવી શરૂ કરી તે સમયમાં આપણા કાલીદાસ મહેતા ન્યાયાધીશ તરિકે નીમાયા. તેમની પ્રમાણિકતા અને બાહોશીથી વધતાં ધોળકાની મુખ્ય કોર્ટમાં **સદરઅમીન** જેવી માનવંત પદવીએ ચઢયા હતા. તેમણે ડભોઈમાં વિક્રમ સંવત્ ૧૯૦૩ એટલે ઇ. સ. ૧૮૪૭માં એટલે આજથી બરાબર એકસોને બે વર્ષ ઉપર શ્રી અનંતનાથ પ્રભુની પ્રતિમા ભરાવી છે. આ લેખથી કપડવંજી વીશા નીમાને બીજી જ્ઞાતિની જ્ઞાતિની હરોળમાં આણી છે. ॥ एकश्चन्द्रस्तमोहन्ति नचतारागणैऽपिच ॥ આ સંસ્કૃત કહેવત પ્રમાણે આખી નાતને દીપાવી છે, તેથી તે ધન્યવાદને પાત્ર છે. સદ્દગત કાલીદાસ મહેતાના વંશજો હાલમાં સંતતિ, સંપત્તિ, નીતિ, આબરૂ વિગેરે સદ્દ-ગુણોનું ઉચ્ચ કોટિનું સુખ ભોગવે છે. સદ્દગત કાલીદાસ મહેતા એઓએ કપડવંજમાં અંતિસરીઆ દરવાજા બહાર વૈજનાથ મહાદેવનું દેવસ્થાન અને તેની ઉત્તર

બાજુએ નાની ધર્મશાળા છે તે નીમા વાણિઆના કૂલગુરૂ (ગોર) ઔદુમ્બર બ્રાહ્મણો તરફથી સ્થાપન કરેલ છે તેની આસપાસ બાકી રહેલી બાજુમાં આ શેઠીઆએ ભવ્ય ધર્મશાળા બંધાવી છે. તે એમની ધાર્મિક અને સાર્વજનિક ઉદારતાનો પુરાવો છે.

(૮) હશે લેખ ઉપરનું વિવેચન પૂરૂં કરી અગીઆરમી કલમના ઉતારા ઉપર આવીએ તો કપડવંજ નિવાસી વીશા નીમા વણિકની ધાર્મિક અને સાર્વજનિક ઉદારતાથી આકર્ષાઇ લેખ સંગ્રહના પ્રગટ કર્તાને પોતાની પ્રસ્તાવનામાં લખવું પડયું છે કે વીશા શ્રીમાળી, ઓશવાળ અને પોરવાડ જેવી જૈન સંપ્રદાયી જ્ઞાતિઓની વસ્તીની સંખ્યાના પ્રમાણમાં ઓછી સંખ્યા હોવા છતાં કપડવંજી વીશા વણિક જ્ઞાતિ સખાવતોમાં સંપૂર્ણ સંતોષી મન સાથે હરોળમાં ઉભી રહી છે, તે વાચન વાંચ્યાથી ભવિષ્યની પ્રજાને ઉત્તેજનકારક અને આવકારદાયક નીવડશે એ નિસંશય છે.

હાલના સમયમાં એટલે સંવત્ ૨૦૦૧ પછી એક વીસમી સદીમાં કપડવંજમાં વીશા નીમા વાણિઆનાં ૨૩૨ લાણું છે આટલી વસ્તીમાં આઠ દેરાસર છે. બીજી સંપ્રદાયની વસ્તીના પ્રમાણમાં આ દેરાસરની સંખ્યા સારી ગણાય. કપડવંજમાં ઘરની સંખ્યા સાત હજારની છે. તેમાંથી ત્રણ હજાર ઘર વહોરા અને સુન્નીમુસલમાનોનાં બાદ કરીએ તો ચાર હજાર ઘર હિંદુઓનાં રહે તેમાંથી વાઘરી કોળી–જાટ–ભીલ વિગેરે મજુરી કરનાર કે ખેતી કરનાર વર્ગનાં એક હજાર બાદ કરીએ તો ત્રણ હજાર ઘર ઉચ્ચ વર્ણના ધર્મના સંસ્કાર ઝીલી શકે સમજી શકે તેવા હિંદુઓનાં રહે. તેમને માટે બધાં દેવસ્થાન એટલે મહાદેવ–માતા–હનુમાન શ્રીરામજી, નારાયણદેવ–શ્રીકૃષ્ણ આદિ દેવ મંદિરો ગણીએ તો ભાગ્યેજ વીશની સંખ્યા થાય. વસ્તીના પ્રમાણમાં જૈનોનાં દેરાસર દરત્રીસ ઘરે એક દેરાસર આવે છે તે હિસાબે જૈનેતરનાં દેવસ્થાનો એકસો હોવાં જોઇએ. પણ તેમ નથી. તેનાં મુખ્ય કારણ બે છે. (૧) જૈનેતરમાં ઘણા ખરા ઘરમાં પોતાના કુળદેવ અને ઇષ્ટદેવની પુજા–સેવા ને પ્રાર્થના કરવા માટે 'દેવઘર' જેવી અલગ જગા હોય છે ને તેમાં પોતાના દેવની મુર્તિઓ કે છબીઓ હોય જેની દરરોજ પુજા–સેવા–પ્રાર્થના વિગેરે કરાય છે. જૈન સંપ્રદાયમાં આવા દેવઘરની પ્રથા નથી. સઘળું દેવકાર્ય દેરાસરમાં જ થાય છે. ભગવાનને પુજાની સામગ્રી ચંદન વિગેરેની જોગવાઇ પણ ત્યાં જ હોય છે એટલુંજ નહીં પણ કેટલીક જગાએ તો નહાવાના પાણીની સગવડ અને પવિત્ર કપડાંની સગવડ પણ દેરાસરમાં હોય છે એટલે તેમનાં દેરાસરો પોળે પોળે રાખવાં પડે છે. (૨) જૈન ભાઇઓને પોતાના ઇષ્ટ દેવની પુજા કરવાની ધગશ પણ તિવ્ર હોય છે. દેરાસરમાં સાધન સામગ્રીની સગવડનો લાભ તેના

# સ્વ. શેઠ શ્રી જેસીંગભાઈ પ્રેમાભાઈ

( શેઠ શ્રી હીરજીભાઇ અંબાઇદાસના કુટુંબના સુપુત્ર )



જેઓએ છેક વીસ વરસની ઉમરથી જીવન પર્યંત આપણી કોમની
આગેવાની લઈ પંચના શેઠ તરીકેની ફરજ બજાવી
કોમની અમુલ્ય સેવા કરી છે.

ખર્ચના ફાળામાં રકમ આપ્યા સિવાય કોઇ પણ શ્રાવક મફત લેતા નથી એટલું જ નહિં પરંતુ પોતાને ત્યાંથી જે વસ્તુઓ ભગવાનને અર્પણ કરવા લઈ જાય છે તે પણ આરોગ્યદાયક અને કીંમતી હોય છે. આ તેમના ધર્મ ઉપરની શ્રદ્ધાનું પરિણામ છે. વળી દેરાસરમાં પુજા કરવા જવામાં શ્રીમંતાઇ કે મોટાઇનો દંભ ઓગળી જાય છે. અને દેવમંદિરમાં સઘળા શ્રાવક સરખા છે એ ભાવના કેળવાય છે. આખા કપડવંજમાં નગરશેઠ જેશીંગભાઈ પ્રેમાભાઈને ત્યાંજ ઘરદેરાસર છે. તેઓ પણ ઘણા સમય બહારના દેરાસરમાં યજનપુજન માટે રાજીખુશીથી જતા હતા.

આ આઠ દેરાસર ઉપરાંત સાધુજીને રહેવાના બે ઉપાશ્રયો સાધ્વીજી માટે જુદા બે ઉપાશ્રયો ૧ પોષધશાળા ૧ ભોજનશાળા ૧ અનાથાશ્રમ ૧ પુસ્તકશાળા ૧ જૈન પાઠશાળા આટલી સંસ્થાઓ તો જૈન સંપ્રદાયીની છે. તે ઉપરાંત પાંજરાપોળ સાર્વજનિક દવાખાનું, સાર્વજનિક ધર્મશાળાઓ બે (મુસાફરખાનાં) તથા કેળવણીની સંસ્થાનાં મકાનોમાં અમુક હૉલ વિગેરે વીશા નીમા વાણિઆ તરફથી ચાલે છે. જૈન સંપ્રદાયી વીશા નીમા વાણિઆની નાતના પંચગ્રામમાં કપડવંજ સંતતિ, સંપત્તિ, સખાવતો ને ધાર્મિક સહિષ્ણુતા એ સદ્ગુણોમાં પહેલે નંબરે શોભે છે.

આ બધી સ્થિતિ ગૃહસ્થાશ્રમીની જણાવી તેવી જ ધાર્મિક સ્થિતિ ત્યાગી વર્ગની પણ છે. આખાં કુટુંબોનાં કુટુંબો દાદાની હયાતિમાં દાદાથી શરૂ કરી પુત્ર, પૌત્ર, દૌહિત્રિ–દૌહિત્ર ઇત્યાદિ સહકુટુંબ અને સપરિવાર સઘળી વ્યક્તિઓ વ્યવહારમાં વિપુલ રીતે સાધન સંપન્ન હોવા છતાં દીક્ષાઓ લઈ પોતાને માટે આત્મકલ્યાણ સાધ્યું છે અને બીજા શ્રાવક શ્રાવિકાઓને સદ્બોધી ધર્મમાર્ગે દોરાવ્યા છે. ત્યાગી સંસ્થામાં આટલી બધી આલ્હાદક સ્થિતિનું મૂળ સ્થાન હાલના મહાન્ આચાર્ય આગમોદ્ધારક સાગરાનંદ સુરીશ્વરના પૂર્વાશ્રમી પિતા સદ્ગત ગાંધી મગનલાલ ભાઇચંદભાઇ છે. તેઓ તેમજ તેમનાં પત્નીએ પોતાના બે દીકરાઓને પ્રથમ દીક્ષા અપાવી પોતાની સઘળી દોલત ધાર્મિક કેળવણીમાં ખર્ચવા કપડવંજ જૈન સંઘને સુપ્રત કરી. તે દોલતના વ્યવસ્થાપકોએ કાશી (બનારસ) માં જૈન પાઠશાળા સ્થાપનાર શ્રી વિજયધર્મ સુરીશ્વર તથા શ્રી હેમવિજય સુરીશ્વરના સદુપદેશથી સંવત્ ૧૯૫૦ ના શ્રાવણ સુદ ૭ ને દિવસે જૈન પાઠશાળા સ્થાપી તે સમયે વીશા નીમા ગૃહસ્થ પાનાચંદભાઇ કુબેરદાસ એમણે તાત્કાલિક એક હજાર રૂા. સંઘને આ જૈન પાઠશાળા ચલાવવામાં ખર્ચવા આપ્યા. આ શાળાથી તે સમયના બાળકોથી માંડીને વૃદ્ધ પુરુષો સુધીના તમામ શ્રાવકો નિત્યકર્મ તેના અર્થ સાથે શીખ્યા. પુજાઓ–સ્તવનો સજ્જાયો વિગેરેના તથા જીવવિચાર, નવતત્વ વિગેરે તત્વજ્ઞાનના ગ્રંથોના અર્થ સાથે બોધ પામ્યા. આથી જૈન સંપ્રદાયના તત્વજ્ઞાન તરફ અભિરૂચિ પેદા થઈ. જેથી ઘણાક ગૃહસ્થાશ્રમીએ

પોતાની ગૃહસ્થ ધર્મની ફરજો પૂરી કરી દીક્ષા લીધી. આમાં કોઇકે અકાળે એટલે બીલકુલ નાનપણમાં પણ ઝંપલાવ્યું હશે પરંતુ તેઓ ત્યાં ધાર્મિક કાર્યોમાં બહુ સારા કાર્યકર નીવડયા છે. આ રીતે કપડવંજ નિવાસી શ્રાવક શ્રાવિકામાંથી લગભગ એકસો વ્યક્તિઓએ દીક્ષા લીધી હશે. અને તેનામાં ઘણાખરા અત્યારે દીર્ઘાયુષી હોઈ સાંપ્રત જમાનામાં આગળ પડતો ભાગ લેતા જોઇએ છીએ. આ સિદ્ધિના યશનો ઘણોભાગ ગાંધી મગનલાલ ભાઇચંદભાઇને અને તેમના વ્યવસ્થાપકોએ સ્થાપેલી જૈન પાઠશાળાને ફાળે જાય છે. આ સંસ્થા ૫૪ વર્ષની વૃદ્ધ થઇ છે. તેના ફરતાફરતી વ્યવસ્થાપકો અને જૈન શિક્ષકોની પૂરેપૂરી કાળજીના અભાવે વિદ્યાર્થીઓની અછતના ભૂખમરાએ ક્ષયરોગથી પીડાતી માત્ર નામથી જીવતી રહી છે. હાલની અંગ્રેજી પદ્ધતિની વિઘાતક કેળવણીના પ્રતાપે યુવક અને યુવતીઓ આ સંસ્થા તરફ આકર્ષાતાં જણાતાં નથી, છતાં હાલના પ્રૌઢ અને સાધન સંપન્ન આગેવાનો કે જેમાંના કેટલાક આ પાઠશાળાના જૂના વિદ્યાર્થીઓ છે તેઓ येनकेन प्रकारेण આ પોતાની માતૃસંસ્થાને નવા નવા ઉપાયોથી સજીવન કરવા પ્રયત્ન કરી રહ્યા છે. હાલમાં પરીખ વાડીલાલ મનસુખભાઇ એમણે પોતાના સ્વર્ગવાસી પુત્રના સંસ્મરણાર્થે જ્યાં હાલ જૈનશાળા બેસે છે તે મકાનમાં વાંચનાલય (લાઇબ્રેરી) કાઢયું છે. તેમાં સ્ત્રીઓ તથા છોકરીઓ માટે બપોરના બે વાગ્યાથી ચાર વાગ્યા સુધીનો વખત તેમને માટેજ ખાસ રાખેલો છે. જેથી તેઓ આ ધાર્મિક જ્ઞાન લેવા પ્રેરાય એવો તેમનો શુભ હેતુ છે.

## સાર્વજનિક સખાવતો

ઉપર પ્રમાણે ધાર્મિક સંપ્રદાયમાં સંતોષકારક ફાળો આપ્યો છે તે સાથે સાર્વજનિક કાર્યોમાં પણ વીશા નીમા વણિક મહાજન જ્ઞાતિ તેમની બીજી ભાઇબંધ જ્ઞાતિઓ કરતાં આગળ નંબર ધરાવે છે. મતલબકે કપડવંજની બીજી હિંદુ અને વહોરા કોમ તરફથી જેટલાં સાર્વજનિક કાર્યો થયાં છે તે કરતાં આ જ્ઞાતિ તરફથી વધારે થયાં છે. આ સાર્વજનિક કાર્યોમાં દરેક ધર્મની અને દરેક કોમની પ્રજાને સરખી ઉપયોગમાં આવે એવી ચીવટ રાખેલી છે. સ્વર્ગસ્થ શેઠ મીઠાભાઈ ગુલાલચંદના નામથી સરખલીઆ દરવાજા બહાર ધર્મશાળા બંધાવી છે. તેમના સમયમાં આ દરવાજેથી બહારગામ વેપારવણજ માટે જવા આવવાનો ધસારો સારો હતો. તેથી જતા આવતા મુસાફરો, વેપારીઓ, વટેમાર્ગુઓને આવા વિશ્રામસ્થાનની ખાસ જરૂર હતી. આ ધર્મશાળામાં સાડા સાત ફુટ ઉંચાઈના હનુમાનની મુર્તિ સ્થાપન કરી તેનું દહેરૂ બંધાવેલું છે. ત્યાં દર વર્ષે આસો વદ ૧૪ ને દિવસે સઘળી કપડવંજ પ્રજા દર્શન કરવા જાય છે. તદુપરાંત (૨) સ્વર્ગસ્થ શેઠના નામથી પાંજરાપોળ ચાલે છે તેને

અંગે બજારમાં પરવડી અને ગરીબોને સદાવ્રત આપવાનો ખર્ચ હજુ પણ ચાલે છે. (૩) પાલીતાણામાં મહુંમ શેઠજી તરફથી ભવ્ય દેરાસર બંધાવ્યું છે તથા યાત્રાળુઓને માટે બીજી સગવડો પણ કરી છે. કપડવંજમાં મહુંમ શેઠનું રહેવાનું મકાન હતું કે જે આવાં મકાન કપડવંજમાં ગણ્યાં ગાંઠયાં પાંચ સાત જ હશે તેવું ભવ્ય મકાન ઉપાશ્રયના ઉપયોગ માટે ધર્માદા કરી દીધું છે. આ બધી વ્યવસ્થા થયે આજથી એકસો વર્ષ થયાં છતાં, તે સંસ્થાઓનો વહીવટ મહુંમ શેઠ મીઠાભાઈના સગા પરિખ મનસુખભાઈ માણેકચંદની પેઢી ચલાવે છે. તે પેઢીના ગૃહસ્થોએ આ સંસ્થાઓને પોતાની માની મહુંમ શેઠના હેતુને માન આપી અસ્ખલિત રીતે એકસો વર્ષથી વહીવટ ચલાવ્યે જાય છે. હાલના વહિવટદાર વાડીલાલ ઝવેરભાઈ પરિખ હાલની આર્થિક આંધી અને મોંઘવારીના સમયમાં પણ સંસ્થાઓને ધાર્મિક અને આર્થિક સ્થિતિમાં સારી રીતે ચલાવી રહ્યા છે. તે ધન્યવાદને પાત્ર ગણાય.

આ સિવાય સ્વર્ગસ્થ શેઠ લલ્લુભાઈ મોતીચંદનાં વિધવા મહુંમ માણેક શેઠાણીએ અંતિસરીઆ દરવાજે ભવ્ય ધર્મશાળા બંધાવી છે. તેમાં ચોકની અંદર અંબાજી માતાજીનું દેવળ છે. ચોકની અંદર એક કૂવો છે. જે મીઠા પાણીનો છે. કપડવંજમાં વોટર વર્ક્સ નહોતું ત્યારે આ આ કુવાનો લાભ લગભગ અધું ગામ લેતું હતું. ધર્મશાળા પાછળ વાડી છે. તેમાં શ્રી નેમીનાથજી ભગવાનનું દેરાસર છે. આ ધર્મશાળાનો ઉપયોગ સઘળી વર્ણ અને ધર્મના લોકો કરે છે. આ શેઠાણીએ પાલીતાણામાં શ્રી આદીશ્વર ભગવાનની મુખ્ય ટુંકમાં ભવ્ય દેરાસર બંધાવ્યું છે તથા જાત્રાળુઓ માટે બીજી જોગવાઈઓ પણ કરી છે. તદુપરાંત કપડવંજમાં અનાથાશ્રમ પણ તેમના તરફથી ચાલુ છે. મુહૂંમ માણેક શેઠાણીએ સ્થાપેલાં બધાં કાર્યોનો વહીવટ વીલની રૂઈએ જીલ્લાની ડીસ્ટ્રીકટ કોર્ટે નીમેલા કપડવંજી વીશાનીમા વણિક મહાજન જ્ઞાતિના ગૃહસ્થો ચલાવે છે. તેમાંના એક વહિવટદાર, શેઠજી કેવળભાઈ જેચંદભાઈની પેઢીના કાયમપણે હોય છે.

સ્વર્ગવાસી શેઠ મણીભાઈ શામળભાઈના દેહોત્સર્ગ વખતે એક લાખ રૂપિઆની ધર્માદા સખાવત જાહેર કરાઈ હતી. તેમાંથી સંપ્રદાયની રીતે ધર્માદા ખર્ચ કરવા સાથે સાર્વજનિક ખાતે કપડવંજ હાઈસ્કુલમાં એક સાયન્સ હૉલ અને કપડવંજ મ્યુનિ૰ ડીસ્પેન્સરીમાં એક ઑપરેશન હૉલ મુહૂંમ શેઠના નામથી બંધાવેલ છે. આ બે સ્થાનો તે વખતે ખાસ જરૂરી હતાં એટલુંજ નહીં પણ તે સંસ્થાનો પોતે બંધાવી શકે તેવી સ્થીતિમાં નહોતી જેથી પ્રજાને ઘણી અગવડ વેઠવી પડતી જાણી મહુંમનાં વિધવા જડાવ શેઠાણીએ આ બે સ્થળે હાથ લંબાવ્યો હતો.

તદુપરાંત કપડવંજમાં પાણીની બહુ જ હાડમારી હતી તે દુર કરવા મર્હુમ જડાવ શેઠાણીએ પોતે પચીસ હજાર રૂપિયા કાઢી ફંડની શરૂઆત કરી તે ફંડમાં ચાર લાખ રૂપિઆ ભેગા થયા તેટલા સરકાર પાસેથી મેળવી ડ્રેનેજ સાથે વોટર વર્કસ (પાણીના નળ) કરાવી કપડવંજની પ્રજાને ભેટ કર્યું. ઘેર ઘેર પાણીની પરબો બેસાડી, તરસ્યાની તરસ છીપાવી. જો કે આ કામ તેમના મુનીમ સદ્‌ગત રા. બ. વલ્લભરામભાઇ છોટાલાલભાઇએ પૂરેપૂરી બાહોશી વાપરી કર્યું છે પરંતુ મર્હુમ રા. બ. ઘણી વખત કહેતા અને માનતા હતા કે આ બધી સિદ્ધિતે શેઠની પેઢીના પ્રતાપે છે. પોતે જો તે પેઢી ઉપર નહોત તો આ કામ પાર પડત કે કેમ? તે માટે તે પોતેજ ના પાડતા હતા. પાણીના નળની યોજનાની સફળતા મર્હુમ જડાવ શેઠાણી અને સદ્‌ગત ચંપાબ્હેનની બુદ્ધિ અને લોક સેવાથી આ અમુલ્ય તક ઝડપી લેવાની તમન્નાને આભારી છે એ નિઃશંક છે.

વળી મર્હુમ જડાવ શેઠાણી, તે સમયના રાજ્યાધિકારીઓ, ઠાકોરો, શેઠીઆઓ, વિગેરેને સમયે સમયે પોતાને ત્યાં આમંત્રી તેમની સુખસગવડોની કાળજી ધરાવતાં હતાં. સને ૧૯૧૪ થી સને ૧૯૧૯ સુધીના પહેલા વિશ્વ વિગ્રહમાં બ્રીટિશ સરકારને હિંદુસ્તાન તરફથી નાણાંની મદદ મોકલવાના ફંડમાં પોતે એક લાખ રૂપિયા વૉર ફંડમાં આપ્યા હતા જેની તે વખતના બ્રિટીશ પ્રધાનમંડળને અને ખુદ નામદાર શહેનશાહને ઘણી સારી અસર થઇ હતી. સને ૧૯૨૦ના બેસતા વર્ષે મર્હુમ જડાવ શેઠાણીને ઓ. બી. ઇ. નો માનવંતો ખિતાબ ખુદ શહેનશાહે પોતે અર્પણ કર્યો હતો. આવા માનવંતા ખિતાબો ઘણા થોડાને જ અપાતા; અને તેમાં ખુદ શહેનશાહ તરફથી તો જવલ્લે જ અપાતા. તેમાંનો આ ખિતાબ, આપણા લાડીલા શેઠીઆના કુટુંબનાં મર્હુમ જડાવ શેઠાણીને મળ્યો તેની કદર જેવી તેવી ગણાવી જોઇએ નહીં. અખિલ હિંદ નિવાસી નીમા વણિક મહાજન જ્ઞાતિમાં તો આ એક જ દ્દષ્ટાંત છે. આખા ગુજરાતમાં પણ તે સમયમાં આ પહેલો જ દાખલો હતો. અમદાવાદ, વડોદરા, સુરત, મુંબાઇ વિગેરે સ્થળોના હિંદુ અને તેમાં વણિક મહાજનમાં આ ખિતાબ મેળવનાર મર્હુમ શેઠાણી એકજ હતાં. તે વખતનાં વર્તમાન પત્રોમાં "ગુજરાતમાંનાં હિંદુ શેઠાણી" એવાં મથાળાંવાળા લેખો આવતા હતા. આ બધો લાભ, આપણા લાડીલા શેઠીઆઓની દરેક વ્યક્તિની પરોપકારી અને દયાળુ વૃત્તિના ફળરૂપે મર્હુમ જડાવ શેઠાણી ભોગવવા ભાગ્યશાળી થયાં હતાં તે નિશંક છે.

અત્યાર સુધી ગણાવેલાં સાર્વજનિક સખાવતોનાં કાર્યો તે આપણા શેઠીઆ હીરજીભાઇ અંબાઇદાસના વંશજો અને વારસો તરફથી થયેલ છે. એ કુટુંબ અખિલ હિંદ નિવાસી નીમા વાણિક મહાજન જ્ઞાતિમાં એક અજોડ છે. જૈન સંપ્રદાયમાં

## સ્વ. બ્હેન ચંપા બ્હેન, સ્વ. શેઠ મણીભાઈ સામળભાઇનાં પુત્રિ

( શેઠ વાડીલાલ જમનાદાસ પરીખનાં ધર્મ પત્નિ )



ઉપર ચિત્રમાં સુપુત્રિ બ્હેન ચંપાબ્હેનની બાજુમાં ખુરસીમાં આપણા આજના વરાયેલા પ્રમુખ **શેઠ બાબુભાઈ મણીભાઈ પરીખ** અને તેમની બેઊ બાજુ તેમનાં બે બ્હેનો, ( **બ્હેન કુસુમ** તથા **બ્હેન સુશીલા** ) ઉભેલાં છે.

બ્હેન ચંપાબ્હેન સંવંત ૧૯૮૫ના જેઠ સુદ ૫ ના રોજ તદ્દન મધ્યમ ઉમ્મરે સ્વર્ગવાસ સીધાવ્યાં.

પણ આ કુટુંબની સારી પ્રતિષ્ઠા છે. સમસ્ત હિંદની જૈન સંપ્રાદાયની શેઠ આણુદજી કલ્યાણજીની પેઢીની વહીવટી કૌન્સિલમાં કપડવંજ તરફથી એક પ્રતિનીધિ તરિકે શેઠ રમણભાઈ ઉર્ફે બાબુભાઈ મણીભાઇ બિરાજે છે તેમની કાર્યદક્ષતાએ જૈન સંપ્રદાયમાં કપડવંજને અને વીશા નીમા વણિક મહાજન જ્ઞાતિને શોભાવ્યાં છે. આ પછી સાર્વજનિક સખાવતો કરનાર તરિકે શેઠીઆ કુટુંબ પછી પહેલું નામ પરિખ વાડીલાલ મનસુખભાઈનું આવે છે. તેમને બાળ કેળવણી ને તેમાં કન્યા કેળવણી તરફ વધારે રસ જણાય છે. નવચેતન હાઇસ્કુલમાં કોઇપણ નાતની ને ધર્મની બાળા પહેલા ધોરણથી તે છેલ્લા ધોરણ સુધી ભણતી હોય તે સઘળાંની માસીક ફી પરી. વાડીલાલભાઈ તરફથી સંસ્થાને અપાય છે. વળી કર્વે યુનિવર્સિટિના કોર્સનો અભ્યાસ કરવા ઇચ્છતી બાળાઓ માટે તેમનાં સદ્ગત માતુશ્રી ગજરાબાઇના નામથી મહિલા વિદ્યાલય શરૂ કરવાને તેને નીભાવવા એ નવચેતન વિદ્યાલયની સંસ્થાને પંચોતેર હજાર રૂા. ની બાદશાહી સખાવતે ભેટ કરી છે. આજ પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે જૈન પાઠશાળાને મદદ કરવા અને સાર્વજનિક ઉપયોગમાં લેવા માટે તેમના સદ્ગત પુત્ર કસ્તુરભાઈના નામથી વાંચનાલય અને પુસ્તકાલય સ્થાપન કર્યું છે. આ પુસ્તકાલયમાં અદ્યતન વિજ્ઞાનનાં, સાહિત્યનાં, અને બીજાં ઉપયોગી પુસ્તકો સાથે ધાર્મિક પુસ્તકોનો જથો પણ સારો રાખ્યો છે. આ પુસ્તકાલયમાં બીજા જ્ઞાતિબંધુઓએ અમુક અમુક વિષયોનાં પુસ્તકોનાં કબાટો ભેટ આપી આ પુસ્તકાલય ઘણી સારી સ્થીતિમાં પગભર થયું છે.

હાલમાં સ્વર્ગસ્થ જયન્તિલાલ શંકરલાલ આદિતલાલ પાદશાહના નામથી સાર્વજનિક ધર્માદા દવાખાનું ચાલે છે. તેનો સઘળો ખર્ચ, મર્હુમ જયન્તિલાલના ભાગીદાર ચીમનલાલ ડાહ્યાભાઈ કેવળદાસ તરફથી પૂરો પડાય છે. આ દવાખાનામાં પણ કોઇ જાતનો ભેદભાવ નથી તેમજ છેવટના સુધારા સુધીનાં દવાનાં અને ઓપરેશનનાં સાધનોથી દવાખાનું ભરપુર છે. આ દવાખાનાનો લાભ આજુબાજુના ગામડાંના લોકો પણ લે છે. આ સિવાય હિંદુ પ્રસુતિગૃહ ( સુવાવડ ખાતું ) તેમાં ભાઇ ચીમનલાલભાઇએ તથા પરીખ વાડીલાલભાઇએ દર વર્ષ સારી રકમ આપવી શરૂ કરી સદરહુ સંસ્થાને પગભર કરી છે જેનો લાભ હિંદુ વર્ણની દરેક કોમ લેછે. આવી અનેક રીતે કપડવંજી વીશા વણિક મહાજન જ્ઞાતિના ગૃહસ્થો પોતે સાધન સંપન્ન થાય અને પોતાને સારી તક મળે તો સાર્વજનિક કાર્યમાં સખાવતો કરવામાં પાછા પડતા નથી પણ ઉદાર હાથે નાણાં વાપર્યેજ જાય છે. નીમા વણિક મહાજન જાતી ચાતુર્વર્ણ્યના સમયની વૈશ્ય વર્ણમાંથી ઉતરી આવેલી બહુ પુરાતની જાત છે. તેમના મુળ વડવાઓના સમયની સેવાવૃત્તિ, ઉદારતા,

સહનશીલતા વ્યાપારિકબુદ્ધિ વિગેરે સદ્‌ગુણો ઉત્તરોત્તર પેઢીઓગત ઉતરી આવેલ છે. આપણે પાછલા નવમા પ્રકરણમાં જોયું કે દરેક ગોત્રના મનુષ્ય શરીરમાં "જન" નામના પરમાણુંઓ અનેક પેઢીઓ થઈ ગયા છતાં કાયમ રહ્યાં કરે છે પણ તે પ્રતિકુળસ્થીતિમાં નિષ્કામ થઈ સુસ્ત પડી રહે છે. ને તેવાને તેવા તેમનાં વંશ વારસોમાં ઉતરે છે એમને સંયોગો અનુકુળ મળે તો તે પોતાનો પ્રભાવ અગણિત સ્વરૂપે દીપાવી શકે છે. એ ન્યાયે આ કપડવંજી વીશા નીમા વણિક મહાજન જ્ઞાતિના અગ્રણી શેઠીઆ કુટુંબ તથા બીજી વ્યક્તિઓ પોતાની સ્થીતિને અનુસરી સખાવતો કરે છે. જ્યારે બીજી જ્ઞાતિઓ પોતાની નાત અને સંપ્રદાયના જ વાડામાં સખાવતો કરે છે, ત્યારે આ નાત પોતાની નાત અને સંપ્રદાયના વાડા ઉપરાંત સાર્વજનિક સંસ્થાઓમાં પણ છુટે હાથે નાણાં ખરચે છે. તેથી જ આ નાતના શેઠ તે આખા શહેરના નગરશેઠના પદે બિરાજે છે. તે એમની આ વિશિષ્ટ ઉદારતાનું જ પરિણામ છે.

## આર્થિક સ્થીતિ – વ્યાપાર ચડતી ને પડતી

આર્થિક સ્થિતિનું અવલોકન કરતાં પહેલાં મૂળવતન કપડવંજની ભૂતકાળની અને વર્તમાનકાળની સ્થીતિનું અવલોકન કરવું જરૂરનું છે. ગુજરાત સર્વસંગ્રહના પૃષ્ઠ ૪૫૩–૫૪ માં તે ગ્રંથકાર કપડવંજ વિષે લખે છે કે "એ જૂના કાળથી વસેલું છે. પાંચસેંથી આઠસેં વર્ષનાં ઘરો આજ પણ છે. કોટની દિવાલ પાસે જુના શહેરની જગા છે." એટલે જુનું કપડવંજ તે અણહિલપુર પાટણ ને ચાંપાનેરની પહેલાં વસેલું છે. સાધારણ નિયમ છે કે શહેરની જીંદગી એક હજાર વર્ષની ગણાય એટલે કપડવંજનો જન્મ ખંભાત, સોમનાથ પાટણ, વૃદ્ધનગર (વડનગર) જૂનું દ્વારકાં, વલ્લભીપુર એ શહેરોના સમયમાં જૂનું કપડવંજ હતું, તે મહોર નદીના કિનારે શહના આરે હતું, ત્યાંથી અનેક કારણે હાલની જગાએ સ્થળાંતર થયું. તે સમય સંવત્ ૧૩૫૩ પછી મુસલમાનો ગુજરાતમાં આવ્યા ત્યારે આખા ગુજરાતે જે આફતો સહન કરી તે કપડવંજે પણ સહન કરી. તેની ચડતીપડતીનો ઇતિહાસ જોવો હોય તો પરિશિષ્ટ ૧ લા નો ચોથો પેરેગ્રાફ અને પરિશષ્ઠ નં. ૨ જો વાંચી જોવો. કપડવંજના સદ્‌ભાગ્યે કહો કે કમભાગ્યે કહો પણ ઇ. સ. ૧૮૧૬ એટલે સંવત્ ૧૮૭૨ થી કપડવંજ અંગ્રેજ સરકારના તાબામાં આવ્યું, ત્યારથી વીશા નીમાની નાતની દ્રવ્ય સંપત્તિનો વધારો થતો થંભી ગયો. ઇ. સ. ૧૮૧૮ માં અંગ્રેજ સરકારે પીંઢારાનો ને પેશ્વાઇનો અંત લાવી રૈયતને સંરક્ષણનો લાભ આપ્યો તે સદ્‌ભાગ્ય. પરંતુ આ બધો બંદોસ્ત કરતાં લશ્કરી ખર્ચ વધ્યો તે વધારી કંપની સરકારે માળવાના અફીણની ખેતી અને વેપાર પોતાના હસ્તક લીધો. આથી

કપડવંજની દ્રવ્ય સંપત્તિમાં મોટું ગાબડું પડયું. અમદાવાદના શેઠીઆઓને પણ સોસવું પડેલું પરંતુ તેમણે કપાસનો વેપાર અને મીલોની સ્થાપના કરી પોતાની જાહોજલાલી સાચવી રાખી. આપણા શેઠીઆઓએ રૂનો વેપાર અને આડતનો ધંધો સ્વીકારી પોતાને પડેલી ખોટનો બદલો મેળવી જાહોજલાલી સાચવી રાખી. પરંતુ માળવાના વેપારની બરોબરી તો ન જ આવી. વળી કંપની સરકારે દારૂનો ધંધો પોતાના હાથમાં લઈ આબકારી ખાતુ કાઢયું. જેથી મહુડાં તથા ડોળી અને તેનું તેલ ડોળીયું એ આવતું બંધ થયું. જેથી કપડવંજી સાબુનાં કારખાનાં બંધ થયાં કપડવંજી સાબુ અમદાવાદ સુરત અને મુંબાઇ સુધી અત્રેના દાઉદી વોહોરા વેપારીઓ મોકલતા. તેમનાં કારખાનાં બંધ થયાં તેથી વાહોરાભાઇઓ કપડવંજનો વેપાર છોડી મુંબઇ ધંધે વળગ્યા. વળી ઈ. સ. ૧૮૨૮ માં વરાળયંત્રની શોધ થઇ તેના પરિણામે સુતર કાંતવાના ને કાપડ વણવાનાં કારખાનાં નીકળ્યાં જેથી કપડવંજમાં રેંટીઆની રમઝટ અને વણકરોની હાથશાળનો ધમધમાટ બંધ પડતો ગયો. તેમાંના ઘણા બેકાર થવાથી યંત્રવાદના શરણે બીજા શહેરોમાં વસ્યા. આવી રીતે કપડવણજ એટલે કાપડ વણવાનો અને કાપડ વેચવાનો ધંધો જોશભેર ચાલતો ને તેથી જ ગામનું નામ કપડવણજ અને જુનું સંસ્કૃત નામ કર્પટ વાણિજ્ય જે હતું તે ધંધાને ગળે ફાંસી દેવાઈ. આથી શ્રીમંતોની આવક વધતી અટકી ને ગરીબોની આજીવિકા અટકી. આ સિવાય કપડવંજની પડતીનાં બીજાં કારણો કદાચ હશે પરંતુ મુખ્ય કારણમાં તો રાજ્યકર્ત્તાની વ્યાપારી નીતિ જ હતી. તેથી ગુજરાતની સાથે સાથે કપડવંજની પણ સંપત્તિમાં તેમજ વસ્તીમાં ઓટ આવ્યો અને તેથી ગુજરાત ઉપર અંગ્રેજ સરકારનું રાજ્ય આવ્યું તે કમભાગ્યની નિશાની ગણાઇ.

સંવત્ ૧૮૭૪ થી પચાસ વર્ષ એટલે સંવત્ ૧૯૨૪ સુધી વીશા નીમાની નાતે પોતે ભેગી કરેલી સંપત્તિમાં રહ્યો સહ્યો વેપાર ખેડી સહેજ સાજ સંપત્તિમાં વધારો કરી ગુજરાતમાં કપડવંજની ઇજ્જત અને ખ્યાતિ ટકાવી રાખી. ગુજરાત સર્વ સંગ્રહ પૃષ્ટ ૪૫૪ માં લખે છે કે "ઇ. સ. ૧૮૬૪ એટલે સંવત્ ૧૯૨૦ માં ત્યાં વેપારી તથા શાહુકાર દોલત આબરૂમાં ફક્ત નડીયાદથી જ ઉતરતા" જુઓ પરિશિષ્ઠ નં. ૧ નો ૪ થો પેરેગ્રાફ. કપડવંજ, મધ્યગુજરાત તથા માળવા મેવાડના વ્યાપારાર્થે જવાના ધોરી માર્ગ હોવાથી પૂર્વ અને ઇશાન ખૂણેથી એટલે માળવા અને મેવાડમાંથી અનાજ, તેલીબીઆં વિગેરે લાવી મધ્યગુજરાતને પહોંચાડતા અને મધ્ય ગુજરાતમાંની ઉત્તમ તમાકુ, વળીઆરી, જીરૂ વિગેરે તે પ્રદેશોમાં પહોંચાડતા. તેમ કરીને કપડવંજની દ્રવ્ય સંપત્તિની જાહોજલાલીનો સૂર્ય પચાસ વર્ષ સુધી સારો તપતો રાખ્યો મતલબ કે આ પચાસ વર્ષ કપડવંજની વીશા નીમા જ્ઞાતિએ સુવર્ણયુગ જેવાં સુખ માણ્યાં—ભોગવ્યાં.

આ અરસામાં લાંબી મુદત ટકી રહે કે તેમાં વધારો થાય એવી કોઈ યોજના શ્રીમંતોએ કે સાહસિકોએ વિચારી નહિ અને ચીનાઓની માફક પોતાની જુની ઘરેડમાં ચલાવ્યા કર્યું. આ તેમની અનુદાર વૃત્તિનો લાભ આજુબાજુનાં બીજાં ગામોએ લીધો ને તે પગભર થયાં. મીલ ઉદ્યોગ કાઢવાનો કોઇએ પ્રયત્ન કર્યો જણાતો નથી. વળી આ અરસામાં મુંબાઈથી અમદાવાદ રેલ્વે આવી તે સમયે પ્રયત્ન કરી સહજ વળાંક લઇ કપડવંજને રેલ્વે સાથે જોડયું હોત તો અત્યારે કપડવંજ તે છોટી મુંબાઇ જેવું સ્થળ બની ગયું હોત. પરંતુ કુદરતને કપડવંજની જાહોજલાલી પસંદ નહોતી જેમ આ અરસામાં દ્રવ્ય સંપત્તિમાં ખોટ આવ્યો તેમ સંતતિમાં પણ બહુ ખૂટકો પડયો. સાધનસંપન્ન, સાહસિક વૃત્તિવાળા શેઠીઆઓના નવજુવાન નબીરાઓ અલ્પાયુષી થઇ નિઃસંતાન ઉપડી ગયા. આ અરસામાં માત્ર નગર શેઠ જેના કુટુંબની વંશાવળી જોતાં આ કુદરતી ફટકાથી થરથરી જવાય છે. પ્રથમ શેઠ મીઠાભાઇ (૨) તેમના પુત્ર કરમચંદભાઇ (૩) શેઠ લલ્લુભાઇ, (૪) દોલતભાઈ (૫) શીવાભાઇ આ ચારે શેઠીઆ ભરયુવાન વયે અને તે વળી નિઃસંતાન. તે પછી (૬) શેઠ ગીરધરભાઇ (૭) શેઠ નહાલચંદ ભાઈ આ બે ભાઇઓ પણ ભર યુવાન વયે અને નિઃસંતાન. આવા નીવડેલ આદર્શ વ્યક્તિ સમાન જેની લગભગ ચાલીશ વર્ષ સુધીની જીંદગીની આશા રાખીએ તેવા ટુંકી ઉમ્મરમાં ઉપડી ગયા આથી ન્યાતની અને ગામની કમનસીબીની પરાકાષ્ટા આવી ગઇ હતી. આ પછી બીલકુલ ગમખ્વાર અને સખતમાં સખત ફટકો પડયો કે જેવો કપડવંજ ગામની જીંદગીમાં તેવો ફટકો પડયો નહીં હોય તે શેઠ મણીભાઈ શામળભાઇનો દેહોત્સર્ગ આ એક અતિકરૂણ અને દુઃખદ બનાવ બન્યો છે. મહુંમ શેઠની ઉમ્મર માત્ર વીશ વર્ષની ભાગ્યે હશે. તેમને પ્રજામાં માત્ર દોઢ વર્ષની બાળકી નામે ચંપા બ્હેન તેને અને યુવાન વિધવા શેઠાણીને કકળતાં મૂકી પોતે દેહોત્સર્ગ કર્યો. આ અરસાની આસપાસ નાતના સાહસિક યુવાનો કે જેની ભવિષ્યની જીંદગી બહુ ઝળકતી નીવડવાનાં ચિહ્નો દેખાતાં હતાં તેવા યુવાનો, પ્રૌઢો, આધેડ ગૃહસ્થો અને નાતની મર્યાદા અને શોભા સાચવનાર વૃદ્ધ ગૃહસ્થો એક પછી એક ટુંક મુદતમાં સ્વર્ગવાસી થયા. આ ફટકાઓથી વીસા નીમાની નાતના જીવંત પુરુષો હતાશ થઇ ગયા. વેપાર અને દ્રવ્યમાં ખોટ આવ્યો તેથી તેમની ચાલતી પેઢીઓ (દુકાનો) બંધ થઇ ગઈ તે સમયના દોઢસો ઘરમાં લગભગ સો એકને આશરે

બીજી નાતના વાણિયા અને બ્રાહ્મણો ગુમાસ્તી કરતા હતા તે બધાઓને રજા આપવી પડી અને એ પેઢીઓ ચલાવનાર ગૃહસ્થોના દીકરાઓને મુંબાઈ–અમદાવાદ સુરત આદિ સ્થળે નોકરી કે ગુમાસ્તી કરવાનો વખત આવ્યો—આ પચાસ વર્ષના ગાળામાં સંતતિ બાબત બહુ ફટકો પડયો છતાં જૈન ધર્મ ઉપરની અટલ શ્રદ્ધાથી ધાકવાડીમાં શ્રી આદીશ્વર ભગવાનનું દેરાસર શેઠ વૃજલાલ મોતીચંદની પેઢી તરફથી બંધાવ્યું છે. સંવત્ ૧૯૦૪ વૈશાખ વદ ૬ જુઓ પરિશિષ્ઠ નં. ૨. તે સિવાય દલાલવાડામાં સંવત ૧૯૨૮ ના વૈશાખ સુદ ૬ ને રોજ શા. વીરચંદ લાલદાસે શ્રી વાસુપુજ્ય ભગવાનનું દહેરૂં બંધાવી ત્યાં પ્રતિષ્ઠા કરી છે. એવું પરિશિષ્ઠ નં. ૨ ના પૃષ્ટ ૫૧ મે લખ્યું છે. વળી મર્હુમ શેઠ નહાલચંદભાઈ નથુભાઈ નિઃસંતાન સ્વર્ગસ્થ થયા તેમની યાદગીરીમાં તથા પુન્યાર્થે તેમનાં માતુશ્રી સદ્‌ગત્ અમૃતબાઈ શેઠાણીએ સંવત ૧૯૪૨ ના વૈશાખ સુદ ૧૧ ને રોજ એક ભવ્ય દેરાસર બંધાવી અંદર ચોવીસ તિર્થંકર પ્રભુની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. આ દેરાસર તે અષ્ટાપદજીના દેરાસર તરિકે ઓળખાય છે. ને તે બીજાં સાતે દેરાસર કરતાં બાંધણી, સગવડ અને શોભામાં ઉત્તમ પ્રકારે છે.– હિન્દુસ્તાન ભરમાં અષ્ટાપદજીનાં એકંદર દેરાસરની સંખ્યા ફક્ત ૪ છે.

આ બધી જુની વાતો યાદ કરવામાં કંઈ અર્થ નથી, એવું હાલના સમયના કામગરા યુવાનોને કદાચ લાગશે તે ભય જાણુતા છતાં આ દુષ્કર પ્રસંગ વિસ્તાર્યો છે. તે એટલા જ માટે કે હાલના યુવાનો કેવી ઊચ જ્ઞાતિના ને કેવા સાહસિક વ્યાપારીઓના વંશના છે? તે જાણમાં લાવવા ઉપરાંત તેમનાં ગુણાંશ તમારામાં પણ છે માત્ર તમારી આધુનિક કેળવણીને લીધે તથા તમે ગર્ભશ્રીમંતાઈમાં ઉછરેલા હોવાથી તેનાથી પેદા થતા પ્રમાદ અને મિથ્યાભિમાનમાં કદાપિ રંગાએલા હો જેથી તમારા વૃદ્ધોના ગુણાંશો દબાઈ ગયા હોય, સુસ્ત થઈ ગયા હોય, તમે નાઉમેદ થઈ બેફિકરા થઈ ગયા હો, તમને ભણવું, કામ કરવું, મહેનત કરવી, વિનયી થવું ઇત્યાદિ ઉન્નતિને રસ્તે ચઢવાનાં પગથીઆં ઉપર ચઢવું ન ગમતું હોય. તેમ કરતાં તમને શરમ આવે, આળસ આવે, વિગેરે તે સ્વભાવિક છે. તમારા વડવાઓના ગુણાંશોને જાગૃત કરવા. નવા જમાનાને અનુસરી વેપાર ધંધાને લાયક થવાની લાયકાત કેળવવા, અને જે તમારી પવિત્ર ફરજ છે, તે ફરજનું ભાન કરાવવા માટે જ ઉપર જણાવેલો દુઃખદ પ્રસંગ વિસ્તાર્યો છે. આશા છે કેઃ– આથી યુવાન ભાઈઓ જાગૃત થઈ પોતાની, પોતાના કુટુંબની, સમસ્ત નાતની ને તે પછી પોતાના વતનની આબાદી, સુખ સમૃદ્ધિ ને દ્રવ્ય સંપત્તિ વધારવામાં કમર કસી આગળ વધશે જ.

रांग लावणी.

॥ सौ चलो जीतवा जंग ब्युगलो वागे; याहोम करीने पडो फतेह छे आगे. ॥

## હાલની આર્થિક સ્થીતિ અને વ્યાપાર.

હાલમાં જે પચાસ વર્ષની ઉમ્મરના નીમા વાણિક ગૃહસ્થો છે તે તો પોતાના બાપદાદાનો ધંધો જેવો કે ખેડુતોમાં ધીરધાર–ખેતીનાં સાધન આપવાં અપાવવાં, તેની ખેતીમાંથી પેદા થયેલો માલ બજારમાં લાવવો તથા અનુકુળ સ્થળે મોકલી વેચી આપવો તેના બદલામાં ખેડુતને જોઇતો માલ લાવી આપવો વિગેરે ખેડુત જેને પોતાના શાહુકાર કે શેઠ કહે છે તેઓ આ ધંધાનાં કાર્યો કરે છે. પરંતુ દુનિઆ કૂદકે ને ભૂસકે આગળ વધે છે તેથી આવા ગૃહસ્થના છોકરાઓ પૈકી પોતાના પેઢીગત ધંધામાં કામ કરતાં વધે તેમણે નવા નવા ધંધા શોધી અગર મેળવી તેમાં જોડાઈ પોતાની વાર્ષિક આવક વધારવી જ જોઇએ. જૂના ધંધામાં કાયદાઓએ ફેરફાર કર્યો છે સખત મોંઘવારી અને ગર્ષ શ્રીમંતાઇના ઉડાઉ ખર્ચાએ ભલભલાને ચોંકાવી મૂકયા છે આપણા નીમા વાણિઆમાં ઉપર જણાવ્યા તેવા ગામડાના ધીરધાર કરવાનો ઉપરાંત કાપડીઆઓનો ધંધો સામાન્ય છે તે ધંધો પણ માળવાના અફીણના વેપારની માફક ખોરવાઇ જવા બેઠો છે. આવા વેપારીઓના નબીરાઓ પૈકી દુકાનના ઉપયોગ કરતાં વધારાના યુવાનો હોય તેમને એકના એકજ ધંધામાં રોકી રાખવા તે તેમની જીંદગીની કીમ્મતની બરબાદી કરવા સમાન છે. એવા યુવાનોને ટેકનીકલ કેળવણી, વ્યાપારી કે ઈંજનેરી કેળવણી વીગેરે નવી જરૂરિઆતો ને જોઈતાં સાધનો પેદા કરવા માટે જોઇતી કેળવણી આપી. જે તે ધંધામાં પલોટો. જેઓ પોતે નવા ધંધામાં જવા ઇચ્છા ધરાવતા હોય તેવાઓને ઉત્તજન આપી મદદ કરો, તેમને નિરૂત્સાહી ન બનાવો. આ દરેક નાગરિક વડિલની પોતાના બાળક તરફની ફરજ છે. આપણી બીજી ભાઈબંધ કોમનો દાખલો જુઓ. "પાટીદાર" તેમનો કુલ પરંપરાગત ધંધો ખેતી કરવાનો. તેને બદલે આ ત્રીશ વર્ષના જમાનામાં દાકતરો જોઈએ તો તે, ઇંજનેરો જોઇએ તો તે, ઇલેકટ્રી ખાતામાં નિષ્ણાતો જોઈએ તો તે, સરકારી નોકરીમાં, બેંકોમાં, ઝવેરીઓમાં, વકીલ બારિસ્ટરોમાં, વિગેરે અનેક ધંધામાં જ્યાં જોઇએ ત્યાં પટેલ દેશાઇ કે અમીન હોય જ હોય. આવી રીતે નીમા વાણિઆમાં કેમ ન બને? હાલના સમયમાં સંતતિ માટે નાત ઉપર કુદરતની કૃપા છે. તે સંતતિની વિપુલતાથી દેખાઇ આવે છે. પરંતુ તે બાળકોને કેળવણી આપવામાં માબાપોની બેપરવાઇ જણાઈ આવે છે. આવા માબાપો કુદરતે આપેલી બક્ષિસનો સદુપયોગ કરવાનાં બેપરવાઈ બતાવે તે નૈતિક ગુન્હેગાર છે. તે ગુન્હાની વહેલી મોડી સજા તેમને ભોગવવી પડશે એ નિર્વિવાદ વસ્તુ છે. તે ગુન્હા થતા અટકે ને તેની ખરાબ અસર



ભાઈ વાડીલાલ મનસુખરામ પારેખ

આ ઈતિહાસ છપાવવામાં જેઓએ રૂા. ૫૦૧) ભેટ આપ્યા છે.

ભોગવવી ન પડે તે માટે આટલી ચેતવણી આપવી પડે છે. વીશા નીમાની નાતના ધંધાના મુખ્ય બે વર્ગ ગણાવ્યા. (૧) ગામડામાં ધીરધાર (૨) કાપડનો. આ બંને ધંધા હાલમાં બદલવા જેવી સ્થિતિમાં આવી પડયા છે. છતાં હજુ તે મૂકી દેવા જેવી સ્થિતિમાં નથી આવ્યા, એટલે નવા યુવાનોએ આ ધંધાઓ ઉપર બહુ મોહ ન રાખતાં પ્રૌઢોને તે ધંધાઓ સોંપી પોતાનું યુવાનીનું ઉછળતું મગજ બીજા નવા ધંધામાં વાળવાનું રહ્યું. હવે ત્રીજો ધંધો ગાંધી વાણિઆનો તે નાતને આવશ્યક છે. તે સિવાય ચોથો ધંધો હાલમાં કેટલાક સાહસિક યુવાનોએ ઉઘાડયો છે. તે કપાસ પીલવાના જીનનો, તેલી બીયાંને પીલી તેલ કાઢવાનો, રૂ લઇ બહારગામ મોકલવાનો. આ ધંધા પહેલા ત્રણ ધંધા કરતાં કંઇક વધારે સારી કમાણી કરી શકે તેવા છે. બીજાઓને ધંધે લગાડી શકે તેવા છે પણ તેમાં પ્રમાણિકપણાનો ઉપયોગ કરે ત્યારે. જો તેમાં વધુ લોભ કરવા જાય તો જોખમાઇ જવાનો સંભવ છે. વ્યાપારના ધંધામાં જેમ જેમ સત્યનું પ્રમાણ વધતું જશે તેમ તેમ તે વ્યાપારની જાહોજલાલી વધતી જશે. આ અનુભવ સિદ્ધ બાબતમાં બે મત હોઇ શકે જ નહીં. શરૂઆતમાં હરિફાઇને લીધે મુશ્કેલી જણાશે પરંતુ ચીવટાઇથી સત્યને વળગી રહેવાય તો પરિણામે શાખ બંધાય અને આપો આપ અણધારેલી સિદ્ધિ આવી મળે. એ સત્ય વડે મગજ ઉપર કાબુ રહે જેથી શક્તિ ઉપરાંતના ખોટા વેપારમાં ફસાઇ જતાં બચાય એ નાનો સૂનો ફાયદો નથી.

આ સિવાય ઘણા યુવાનો મુંબાઈ, અમદાવાદ, સુરત વિગેરે સ્થળે જઇ મીલસ્ટોર, ઇલેકટ્રીક સ્ટોર, બીજાં નાનાં કારખાનાં અગર તે કારખાના માટે જોઇતાં સાધનો મેળવી આપવાનો ધંધો કરે છે. આ ધંધા હાલના જમાનાને અનુસરતા ને આવકારદાયક છે.

આ બધા કરતાં ન્યાતને નવા ધંધા તરફ દોરનાર પરીખ વાડીલાલ મનસુખરામ છે. તેઓશ્રી હાઇસ્કુલની કેળવણીમાં ન ફાવતાં ઇન્જીનીઅરીંગની કેળવણી લેઇ તે પરીક્ષા પાસ કરી. એન્જીનીઅર તરીકે એકાદ વર્ષ કામ કરી સી. કે. વોહોરાની કું. અમદાવાદવાળાને ત્યાં વેપારી પેઢીમાં નોકરી રહ્યા. આ પેઢીને એન્જીનીઅરીંગ સ્ટોર્સનો વેપાર હતો. ત્યાં તેમને સાત આઠ વર્ષનો અનુભવ મળ્યો અને તેમાં તેમની પ્રમાણિકતા અને કાર્યદક્ષતા જોઈ બાટલી બોઇની કું. મશીનરીના વેપારીઓએ તેમની કદર કરી. જેથી તેઓ ત્યાં ભાગમાં સંવત્ ૧૯૭૮ની સાલમાં જોડાયા, ત્યારથી દિનપ્રતિદિન મેસર્સ બાટલી બોઈની કું.નું કુલ સંચાલન તેઓના હાથમાં આવ્યું અને તે કંપનીને તેઓએ આખા હિંદમાં પ્રખ્યાતિમાં આણી. અને આબાદીમાં વધતા ગયા. તેઓએ સને ૧૯૧૫માં ઇલેકટ્રોપ્લેટીંગ અને પોલીશીંગનું કારખાનું તેઓના ભાઇ ઓચ્છવલાલ મનસુખલાલ

પરીખ તથા તેઓના ભાણેજ ભાઇ કેશવલાલ છગનલાલ ગાંધીના કુટુંબ માટે નાંખી આપ્યું. આ કારખાનાએ તડકો છાંયડો ઘણો વેઠયો. પણ તેઓએ હીંમતથી તે બધી મુશ્કેલીઓને વટાવી. તે વખતે તેમની બાટલીબોઈ કંપનીની ભાગીદારીની આવકે બહુ સારો ભાગ ભજવ્યો. આ કારખાનાની શાખાઓ અમદાવાદ તથા દીલ્હીમાં જે. સી. પરિખની કું.ના નામથી ખોલી જે બેઉ શાખાઓ આજે મોજુદ છે. પરંતુ તે બધામાંથી પરી. વાડીલાલભાઇ છુટા થયા. આ પ્રમાણે છુટા થતાં મુંબાઇનું કારખાનું ગાંધી કેશવલાલ છગનલાલની સ્વતંત્ર માલીકીનું થયું. સમય જતાં તે કારખાનું ભાઇ ચીમનલાલ ડાહ્યાભાઇ કેવળદાસે ખરીદી લેઇ ભાઇ શંકરલાલ આદીતલાલ પાદશાહની સ્વતંત્ર માલીકીનું બનાવી દીધું.

આવી રીતે આ કારખાનું ભાઇ શંકરલાલ પાદશાહના હાથમાં આવ્યું તે અરસામાં તેમના દીકરા ભાઇ જયન્તિલાલે સ્કુલનો અભ્યાસ છોડી આ કારખાનામાં જોડાયા. થોડાજ વખતમાં આ કામમાં તેમની બુદ્ધિ ખીલી નીકળી જેથી આખા કારખાનાનું સંચાલન તેમના હાથમાં આવી ગયું. આ ભાઇએ કોઇ કોલેજની કેળવણી લીધી નહોતી પરંતુ તેમની કુદરતી બુદ્ધિએ કારખાનાને આગળ પડતું આણી મુકયું. આ ધાતુના કામમાં નિષ્ણાત એવા અનુભવી ઇજનેરોને રોકયા. પાછળથી એ ઈજનેરો પણ ભાઇ જયંન્તિલાલની તિવ્ર બુદ્ધિને તાબે થયા. આ કારખાનાના સઘળા વહિવટદારોની કામદારોની વફાદારી ભાઈ જયન્તિલાલે મેળવી લીધી હતી તેના વડે આ કારખાનાને આખા હિંદમાં પ્રખ્યાતિમાં આણ્યું કારખાનામાં તદન છેવટની ઢબનાં, મકાનોને લગતાં સર્વ જાતનાં ફીટીંગો, બનવા લાગ્યાં. તેની માંગ પણ વધી આથી કારખાનું ભાઇ જયન્તિલાલના નામથી 'જયન્ત મેટલ વર્કસ'ના નામથી જગજાહેર થઇ ગયું. કુદરતે ભાઈ જયન્તિલાલને જીંદગીની વધુ બક્ષિસ કરી હોત તો, આજે એ કારખાનાની, એ વીશા નીમા વણિક જ્ઞાતિની ને કપડવંજ ગામની સ્થીતિમાં અજબ પલટો આવી ગયો હોત. પરંતુ એ ભાઈનો ભર જુવાન વયે દેહોત્સર્ગ થયો. ને તે વળી નિઃસંતાન. આ સખ્ત ફટકો નાનો સૂનો નથી. પરંતુ તે બાબતમાં નિરૂપાય છીએ. આ ફટકો તેમના કુટુંબને, આખી નાતને અને તે બધા કરતાં તેમની સાથે કામ કરતા અને કારખાનાનાં સાહસિક સંચાલક ભાઇ ચીમનલાલ ડાહ્યાભાઇને વધુ કારીગા સમાન થઈ પડયો. ભાઇ જયન્તિલાલને જન્મથી મળેલી બાહોશી એ એક કુદરતી બક્ષીસ હતી પરંતુ તે કર્મયોગના પ્રભાવે લાંબી મુદત ભોગવાઇ શકાઈ નહીં એ કપડવંજી વીશા નીમા વાણિકની નાતની કમનસીબી ગણાય.

ભાઈ જયંતિલાલ જેમ યંત્રવાદ અને શોધખોળમાં કુશળ હતા તેવા તેમના સાથીદાર ભાઇ ચીમનલાલ કારખાનાને વ્યવસ્થિત ચલાવવામાં નાણાંની વ્યવસ્થા



**સ્વ. શ્રી. ચીમનલાલ ડાહ્યાભાઇ**

કોમ તરફની જેઓની મમતા હમેશને માટે યાદ આવ્યા કરશે.
આ ઇતિહાસ છપાવવામાં પણ તેઓએ રૂા. ૫૦૧) ભેટ આપ્યા છે.

વિગેરે કરવામાં તેવાજ કુશળ હતા. આ એના સહકારથી કામ ઝડપથી અને સારી રીતે દીપી નીકળ્યું હતું. પરંતુ ભાઈ જયન્તિલાલના જવાથી ભાઇ ચીમનલાલને બહુજ ફટકો લાગ્યો તેમનો ઉમંગ ઓસરતો ચાલ્યો. છતાં સાહસિકપણાથી એ બધું વેઠી કારખાનાને અત્યારે સારી સ્થીતિમાં ચલાવ્યે જાય છે. પોતાના સાથીદારના પુન્યાર્થે 'જયન્તસાર્વજનિક દવાખાનુ' એનો સઘળો ખર્ચ ઉઠાવ્યેજ જાય છે. હવે પ્રથમની માફક નવી નવી યોજનાઓમાં પ્રવેશતા જણાતા નથી પણ પોતાનું કારખાનું અને કપડવંજનું દવાખાનું એતો ખરા જીગરથી ચલાવે જાય છે એટલું ધન્ય છે. આ સિવાય અત્રેના ભાઈ રતીલાલ હરજીવનદાસ પણ ભાઇશ્રી વાડીલાલ પરીખના હાથે કેલવણી લેઈ મુંબઇમાં મોટું કારખાનું ચલાવે છે. તે આજના જમાનામાં પૂરેપૂરી જાહોજલાલી ભોગવે છે.

ભાઇ વાડીલાલ અને ભાઈ ચીમનલાલ કપડવંજી વીશા નીમા વણિક જ્ઞાતિમાં કારખાનાના ઉદ્યોગમાં પહેલા કહીએ તો ચાલે. તેમના હાથ નીચે ઘણાઓ શીખી તે ધંધામાં કામે લાગી ગયેલ છે. આજે તેમના શિષ્ય સમુદાયનો પરિવાર એટલો વધી ગયો છે કે લગભગ પચાસ સાઠ માણસો આ ધંધામાં નોકરીએ નહીં પરંતુ પોતાનો સ્વતંત્ર ધંધો કરતા થયા છે. આ હિસાબે ભાઇશ્રી વાડીલાલ અને ચીમનલાલ પાયોનીયર કહેવાય. વળી તેમણે પોતાની શક્તિ અનુસાર કંઇકને વિદ્યાદાન દેવામાં પોતાના હાથ લંબાવ્યા છે અને લંબાવતા જાય છે. ભાઇ વાડીલાલે ખુદ કપડવંજમાંજ બે લાખ રૂપિઆની ટ્રસ્ટ દ્વારા સખાવત કરી છે. આ ભાઇઓને વ્યાપારમાં જેવી નાણાંની વિપુલતાની બક્ષીસ કુદરત તરફથી મળી છે તેટલી મનની ઉદારતા પણ કુદરતે તેમની ઉપર પુર્ણ કૃપા કરીને બક્ષી છે. જેથી લોકસેવાની સાર્વજનિક તેમજ ધાર્મિક સંસ્થાઓમાં મુંગે મોંએ સખાવતો કર્યેજ જાય છે. એ તેમની ઉપર કુદરતની સંપુર્ણ કૃપાની નિશાની છે.

હાલના યુવાનોમાં માત્ર જુજ સંખ્યામાં ગ્રેજ્યુએટો છે. આ સંખ્યા ઘણી ઓછી છે. પણ જેમ જેમ આ લોકો ઉમ્મરે આગળ વધતા જશે તેમ તેમ તેઓ મારફતે કેળવણીનો પ્રચાર વધુ અને વધુ થવા સંભવ છે. સમસ્ત નાત તેમના તરફની ઘણી આશાઓ રાખે છે. સમય જતાં સમજાશે.

હાલની અંગ્રેજી કેળવણીમાંથી નાતમાં ત્રણ ડોકટરો છે તે બધા ક્વૉલીફાઇડ છે. વકીલોની સંખ્યા સાત છે તે પૈકી એક સરકારી વકીલ છે. આ સંખ્યા ગૌરવ લેવા લાયક તો નહીં જ. એટલા માટે ચેતવાની જરૂર છે. મતલબ કે હાલના જમાનાને અનુસરતી, બાળક બાળકીઓથી શરૂ કરી ઠેઠ ટોચ સુધીની કેળવણી દુનિયાની બીજી પ્રજા સાથે હરોળમાં ઉભા રહે તેવી જાતની કેળવણી

આપવા માબાપોએ, વાલીઓએ અને આગેવાનોએ ખાસ કાળજી રાખવી જોઈએ. શ્રીમંતોએ કેળવણી માટે નાણાં આપી સંતોષ પકડવો હવેના સમયમાં પાલવે તેમ નથી. એ નાણાંનો કેવો ઉપયોગ થાય છે? તે પણ જોવું જોઇએ.

કપડવંજી વીશા નીમા વણિક મહાજન જ્ઞાતિનો યુવાનવર્ગ તે આખી નાતની મુડી છે. એ મુડી વેડફાઈ ન જાય પણ વધુને વધુ કાર્યસાધક બને તેવો બંદોબસ્ત નાતના આગેવાનોએ કરવાની ખાસ જરૂર છે. સમસ્ત જૈન વીશા નીમા વણિક મહાજન જ્ઞાતિ માટે કેળવણીફંડની યોજના થઇ છે. આખી જ્ઞાતિ ઉપર કુદરતની કૃપા છે કેઃ હાઈસ્કુલની અને કૉલેજની કેળવણી લેતાં થતા ખર્ચ માટે તે વિદ્યાર્થી પાસે કે તેમના વાલી પાસે તેટલું તો સાધન હોય છે જ. માત્ર કેળવણી નિષ્ણાત દેખરેખ રાખનારની જરૂર છે. આ ફંડના સંચાલકો હરેક ગામે આવી દેખરેખ રાખનારી કમિટિ નીમે ને તેમને યુવક વર્ગની દેખરેખ સોંપે તો કાંઇક સારૂં પરિણામ આવે, એવી આશા રખાય. સને ૧૯૪૮ના જાન્યુઆરીમાં ભાઈ વાડીલાલ પરિખે તેમના ભાણેજને અમેરિકા કેળવણી લેવા મોકલ્યો, એ બીલકુલ પસંદ કરવા લાયક અને અનુકરણીય પગલું છે. આવા પાંચ સાત દશ યુવકો દેશમાં અને પરદેશમાં જુદી જુદી લાઇનોની કેળવણી લેવા જાય અને ત્યાંથી શીખી લાવી અહીં નાતને, ગામને, અને જીલ્લાને તેનો લાભ આપે તો તેમની પાછળ ખર્ચેલો પૈસો ઉગી નીકળે ને ખર્ચ કરનારને પુર્ણ સંતોષ થાય.

इतिश्री शुभंभवतु

## શા. રતીલાલ હરજીવનદાસ

(કોહિનુર સ્ટોર્સવાળા)



જેઓએ મુંબઈમાં મશીનરી બનાવવાનું કારખાનું નાખી આપણી આખી કોમને દોરવણી આપી છે. સારી જેવી સંપત્તિ મેળવવા ઉપરાંત જ્ઞાતિના ઘણા ભાઈઓને ધંધામાં સામેલ કીધા છે. એમના દોરવણી નીચે ઘણા સુખી થયા છે.

# प्रकरण १५ मुं

## कपडवंज निवासी वींसा नियमा वाणेज्यना हालना वतन विषे कईक हकीकत.

સામાન્ય રીતે દરેક વ્યક્તિ દેશપરદેશની ભૂગોળ-પેદાશ-વેપાર ને રાજકીય વિગેરે સ્થીતિ જાણવા ઇન્તેજાર હોય છે. હાલની નિશાળોમાં કંઇક અંશે તે હકીકત શીખવવામાં આવે છે. પરંતુ પોતાના વતનની સ્થીતિ જાણવા માટે તે બેદરકાર રહે છે. આ એક અજુગતું વિધાન છે. આપણે કપડવંજ વિષે તો સારી રીતે માહિતગાર રહેવું જોઇએ. કપડવંજની હાલની પોળો, મકાનો, રસ્તા, જોવા લાયક સ્થળો ઈત્યાદિ પ્રત્યક્ષ દ્રષ્ટિગોચર છે માટે તે વિષે અત્રે ઉલ્લેખ કરવાની જરૂર નથી. કપડવંજના જુના ઇતિહાસનું કંઇકિ દિગ્દર્શન 'કપડવંજ શહેરનું ટુંકુ વર્ણન' એ નામની પુસ્તિકામાં આજથી ૪૫ વર્ષ અગાઉ સદ્‌ગત મહાસુખરામ નરસિંહરામ ભટ્ટે એમણે સંશોધન કરી મળી તેટલી હકીકત ભેગી કરી તે પુસ્તિકામાં છપાવી બહાર પાડી છે. તેમાંથી જાણવા જોગ હકીકતનો ઉતારો આ પુસ્તિકાને છેડે પરીશિષ્ટ નં. ૨ માં આપ્યો છે. તે ઉપરાંત સને ૧૮૮૭ માં મુંબઈ સરકારે "બોમ્બે ગેઝીટીઅર"નું ભાષાંતર 'ગુજરાત સર્વસંગ્રહ' નામનું પુસ્તક છપાવી બહાર પાડયું છે તેના પૃષ્ટ ૪૫૩ માં કપડવંજ વિષે હકીકત આપી છે તેની નકલ પરીશિષ્ટ નં. ૧ ના ૪ થા પેરેગ્રાફમાં ઉતારી છે તે વાંચવાથી વધુ માહીતિ મળશે. એ ઉપરાંત તેમાં જે હકીકત નથી આવી તે માટે અને કેટલીક મોઘમ આપી છે તેની સ્પષ્ટ સમજુતી અર્થે આ નીચે વિવેચન કરવામાં આવ્યું છે. (૧) 'ગુજરાત સર્વસગ્રહ' લખે છે કે 'કપડવંજ જુના કાળથી વસેલું છે. પાંચસેંથી આઠસેં વર્ષનાં જુના ઘરો આજ પણ છે.' આ હકીકતને બીજા સ્થાનથી પુષ્ટિ મળે છે. તા. ૩૦-૩-૪૫ ની તારીખે છપાવી પ્રસિદ્ધ કરેલો 'કપડવંજ નિબંધ' નામનો લેખ તે જૈન આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદ સુરીશ્વરજીના પટ્ટશિષ્ય મુનિ નિપુણ વિજયજીએ છપાવ્યો છે. તેમાં વિક્રમ સંવત્ ૧૧ મા ને ૧૨ મા સૈકામાં કપડવંજમાં જૈન સાંપ્રદાયિક ધાર્મિક કાર્યો જેવાં કે બાવન જીનાલયનું મંદિર, શેત્રુંજય સુધીનો યાત્રાસંઘ, જીનબિંબની પ્રતિષ્ઠા, સમસ્ત આગમોનું લખાવવું. શ્રી વીરચરિત્ર રચાવવું, વળી શ્રી પાર્શ્વનાજીનું પ્રાકૃત ભાષામાં ચરિત્ર રચાવવું વગેરે અનેકવિધ ધર્મ કાર્યો શ્રેષ્ટિ ગોવર્ધન અને તેમના સુપુત્રો તથા પૌત્રો તરફથી કર્પટ વાણિજ્યમાં એટલે કપડવંજમાં થયાં હતાં.

કપડવંજ ઘણું પ્રાચિન શેહેર અને જૈનોનું એક સુપ્રસિદ્ધ ધામ સદીઓ પહેલાંથી છે. તેનો એક ખાસ નોંધવા લાયક દાખલો નવાંગી ટીકાકાર શ્રી. અભયદેવ સૂરિશ્વરજીના જીવન વૃત્તાંત ઉપરથી મળી આવે છે. સૂરિશ્રી કપડ-

વણુજમાં શહુના આરે જ્યારે શેહેર વસેલું હતું તે સમયમાં આજે જ્યાં શ્રી કપડવણુજ વીશા નીમા જૈન પંચનો ઉપાશ્રય છે ત્યાં ગામ બહાર આવીને ધ્યાનસ્થ રહેતા હતા. આ સમય વિ. સં. ૧૧૦૦ થી ૧૧૩૯ ના વચગાળાનો છે. કારણુ કે સૂરિશ્રી વિ. સં. ૧૧૩૯ માં આ જગોએ કાળ ધર્મને પામ્યા હતા. જ્યારે લાડણીબીબીએ વિ. સં. ૧૧૭૫ના અરસામાં કપડવણુજ શહેર શહુના આરેથી ખસેડી–નવો કોટ બંધાવી આ જગાએ શહેર વસાવ્યું ત્યારે ત્યાંના જૈન શ્રેષ્ટીઓએ આ જગા વેચાણુ લેઇ તે ઉપર જૈનપંચનો ઉપાશ્રય બંધાવી તેમાં સૂરિજીનાં પાદ (પગલાં) પધરાવ્યાં જે આજદીન સુધી મોજુદ છે. હાલ તે જુના ઉપાશ્રયની જગાએજ મરામત કરાવી નવો બંધાવ્યો છે પણુ તેજ ગાદી અને તેજ પગલાં ઉપરજ (ઉપાશ્રયની લેવલ ઊંચી હોવાથી તેટલે ઊંચે) સૂરિજીનાં પગલાંની દેહરી બંધાવી છે. જે હાલ પંચના ઉપાશ્રયમાં હયાત છે. શ્રી અભયદેવ સૂરિજીએ અધિષ્ટાતાદેવીની આજ્ઞાથી અને મદદથી નવણી ટીકા લખી છે. તેમની બનાવેલી ઘણી અગત્યની કૃતિઓ જેવી કે હરિભદ્રસૂરિજીના પંચાશક અને સોડષક પર ટીકાઓ, શ્રી જિનભદ્રગણિના વિશેષાવશ્યક ભાષ્ય પર ટીકા વગેરે રચી જૈન શાસન ઉપર મોટો ઉપકાર કરેલ છે. તેઓશ્રીને કોઢનો રોગ થયેલો. તે રોગ નિવારવાના ઉપાય તરીકે અધિષ્ટાત્રી દેવીએ તેમને શેઢી નદીને કાંઠે આવેલ થાંભણા ગામ નજીક ખાખરાના ઝાડ નીચે ભૂમિમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની નીલવર્ણી પ્રતિમાજી છે. કે જેનો પૂર્વે નાગાર્જુને રસસિદ્ધિ કરવામાં સધિયારો લીધો હતો, તે પ્રતિમાને આપ જઇને પ્રગટ કરો અને તેને પ્રક્ષાલ પૂજા કરી તે નવણુ તમો લગાડો એટલે તમારો કોઢ મટી જશે તેવી આજ્ઞા કરી. આમ સાંભળી સૂરિજી ત્યાં ગયા અને 'જયતિહુઅણુ' નામનું બત્રીશ ગાથાનું સ્તોત્ર બનાવી ઊચ્ચારતાં પ્રતિમાજી પ્રગટ થયાં. જે પ્રતિમાજી હાલ ખંભાતમાં 'સ્થંભન પાર્શ્વનાથ'ને નામે સુપ્રસિદ્ધ છે. સૂરિજીએ કાળનું માપ કાઢીને આ બત્રીશ ગાથાના સ્તોત્રમાંથી છેલ્લી બે ગાથા ગોપવી. જેથી હાલ આ સ્તોત્ર ત્રીસ ગાથાનુંજ આપણુને વારસામાં મળ્યું છે. આવા એક જૈન મહારથીની આ કાળ ભૂમિ હોવાથી કપડવણુજ શેહેરને ગર્વ લેવાનો અધિકાર છે. તેમજ કપડવણુજની હસ્તિ તેમજ જૈનો દશમા અને અગિયારમા સૈકામાં હતા તે પૂરવાર થાય છે. સૂરિજીનો જન્મ ધારાપુરી નગરીમાં શ્રી મહીધર પિતા અને શ્રી ધનદેવી માતાજીના પેટે થયો હતો. સોળ વરસની ઉમ્મરે તેઓએ શ્રી જિનેશ્વરસૂરિજી પાસે દિક્ષા ગ્રહણુ કરી હતી. આવા અનોખા ભાગ્યવાળા કપડવણુજ શેહેરમાં હાલમાં શ્રી અભયદેવસૂરિશ્વરજી જૈન જ્ઞાનમંદિરનો પાયો નંખાયો છે. ભાઇ વાડીલાલ મનસુખરામે રૂા. ૬૦૦૦૦)નું ટ્રસ્ટ કરી સૂરિશ્રીનું નામ કાયમ માટે તેની સાથે જોડી દીધું છે. આ જ્ઞાનમંદિર શ્રોત્રીવાડામાં શ્રી ચૌમુખજીના દેસાસરની માલિકીની જમીનમાં બંધાવવામાં આવનાર છે.

આ હકીકત ઉપરથી ખાત્રી થાય છે કે આજથી એક હજાર વર્ષ ઉપરનું કપડવંજ શહેર વસ્તીમાં, આર્થિક, સાંસારિક તથા જૈન સાંપ્રદાયિક ધાર્મિક સ્થિતિમાં ઘણું આગળ વધેલું હોવું જોઇએ. શ્રેષ્ઠિ ગોવર્ધનભાઇ તથા તેમનાં વંશજોની નાત લખી નથી. કારણ કે તે અરસામાં નાતનું આજના વખત જેટલું મહત્વ ગણાતું નહિ, તે સમયમાં દશા અને વીશાનો ભેદ પણ નહોતો તેથી કોઇ નાત કે તેના ભેદનો ઉલ્લેખ પણ નથી. આ શેઠીઆ કર્પટ વાણિજ્યના રહીશ હતા. તે સમયની લોક ભાષામાં કપડવંજને कर्पटवाणिज्य કહેતા. આ સમયમાં કપડવંજ રજપૂત ઠાકોરોના કબજામાં હતું. તેથી ધાર્મિક, આર્થિક અને સાંસારિક વ્યવસ્થા પૂરબહારમાં સ્વતંત્ર હતી. તેથી પ્રજાની ઉન્નતિ પણ પૂર બહારમાં હતી. તે સિવાય કપડવંજ, એ મેવાડ મારવાડ ને માળવા તેમજ દરિયા કિનારો એ બધાં સ્થળે જવા આવવાના ધોરી માર્ગ ઉપર હોવાથી વ્યાપારમાં અગત્યનું સ્થાન ભોગવતું હતું, પરંતુ બધાં સ્થાવર સ્થાનો ને ગામોને માટે એક હજાર વર્ષનો આયુર્દા ગણાય છે. તેમ આ વિક્રમ સંવત્‌ના છઠ્ઠા સાતમા સૈકાના સુવર્ણ યુગમાં જન્મી, પોષાઇ, સુદૃઢ થઇ ગુજરાતના મુખ્ય વ્યાપારી શહેરોની ગણનામાં મોખરે આવેલું કપડવંજ, તેના ઉપર વિક્રમ સંવત્ બારમા સૈકાના મધ્યભાગથી એટલે સંવત્ ૧૧૭૫ પછી આફતના ઓળા પડવા માંડયા. તે સમયે રાધનપુરના નવાબે કપડવંજ ઉપર ચઢાઈ કરી રજપુત ઠાકોરોને કાઢી મૂકયા. આથી કપડવંજ નદીના ઉત્તર પશ્ચિમ કિનારે શહેના આરે હતું તે ભાંગ્યું. અને હાલની જગાએ કપડવંજ વસ્યું. એજ રાધનપુરના નવાબના જનાનખાનાંની બેગમ લાડણીબીબી રાધનપુરથી કપડવંજ આવી વસ્યાં તેમણે સોલંકી સિદ્ધરાજ મહારાજે બંધાવેલાં જળાશયો ને ખુશનુમા હવા જોઇ તે જગાએ હાલનું કપડવંજ વસાવ્યું. તે બેગમ સાહેબને આપણા નીમા વણિકોએ અનેક રીતે મદદ કરી પોતાનું તથા આખા ગામનું રક્ષણ મેળવવા બેગમ સાહેબ પાસે કોટ ચણાવ્યો. અગીઆરમા અને બારમા સૈકામાં જાહોજલાલી ભોગવતું કપડવંજ શહેર મોહોર નદીના ઉત્તર પશ્ચિમ કાંઠે શહના આરે હતું તે ઉપર જણાવેલા કારણે ભાગ્યું ને ત્યાંથી કેટલાક પરદેશ જતા રહ્યા અને બાકીના સાધનહિન અને સ્વરક્ષણમાં મક્કમ એવા હાલને સ્થળે કપડવંજ વસ્યું છે ત્યાં આવી વસ્યા. તેમાં આપણા નીમા વણિકો કપડવંજને હાલને સ્થળે સુરક્ષિત કરનાર લાડણી બીબીને દ્રવ્યની અને બીજી સલાહની મદદ આપી તેમની મારફત રક્ષણ મેળવ્યું એ વાત આગળના પૃષ્ટમાં આવી ગઇ છે. અહીં પણ મુર્તિ ભંજકોએ અને અસંતોષી ગરાશીઆઓ તથા લુટારાઓએ કપડવંજી પ્રજાને જંપવા દીધી નહીં તેથી ઘણાક પરદેશ જતા રહ્યા. તેમાં કંસારા લોકોનો વથા દાઉદી વોહરાભાઇઓનો દાખલો અત્યારે મોજુદ છે. કંસારવાડાનો ચકલો, તેમની કુલદેવી હર્ષદમાતાનું મંદિર અત્યારે સાતસેં વર્ષ થયાં કપડવંજમાં મોજુદ

છે. કંસારા ડભોઇ, નડીયાદને વીસનગર ગયા ત્યાં આજે પણ 'કપડવંજી' કહેવાય છે. વહોરાઓની હિજરતને લીધે તેમની જુની વહોરવાડનો મોહલ્લો મોજુદ છે. ને તેઓ સુરત પોતાના ધર્મગુરૂને આશ્રયે સુરત બંદરે ગયા ત્યાં જે જગાએ વસ્યા તે જગા હાલ કપડવંજી ટેકરો નામે ઓળખાય છે. આ સમયમાં કપડવંજમાં વીશા નીમા હતા તેમાંથી કેટલાક સુરત બંદરે વહોરાભાઇઓની સાથે સુરત જઇને વસ્યા. સુરતમાં નાનપુરાનાં પોપટ મોહલ્લામાં વીશા નીમા વણિકનાં પંદર વીશ ઘર હતાં તેમણે પોતાને માટે જૈન દેરાસર બંધાવેલું તે હાલ હયાત છે. આ હિજરત અને નાસભાગ પંદરમા અને સોળમા સૈકા સુધી થઇ હોય એમ જણાય છે. એ હિજરતની શરૂઆતના એટલે તેરમા સૈકાની શરૂઆતના સમયમાં અને ત્યારપછી કપડવંજની કુનેહબાજ વસ્તીએ, રાધનપુરના બાબીનવાબના જનાનખાનાનાં 'લાડણી બીબી' અહીં આવ્યાં તેમને આર્થિક મદદ અને બીજી સગવડો આપી તેમની મારફત શહેરનું રક્ષણ મેળવ્યું. લાડણી બીબીએ પણ સૌજન્યતા વાપરી, શહેરને કોટ બંધ બનાવી કોમવાર વસ્તી વસાવી તેમને સુરક્ષિત કર્યા. હાલમાં તે કોમવાર મોહેલ્લાનાં નામ કોમના નામની સાથે વાડો કે મોહલ્લો એવા નામથી ચાલે છે જેમકે સલાટવાડો, કણબીવાડો, ભટવાડો, નાગરવાડો, શ્રોત્રિયવાડો, દલાલવાડો, વિગેરે નામ હજુ પણ ચાલે છે. આ વાત આગળ આવી ગઈ છે.

આવી રીતે વિક્રમ સંવત્ છઠ્ઠા સાતમા સૈકાના સુવર્ણયુગમાં કપડવંજનો જન્મ થયો સંભવિત છે. તેની સુખી અને સમૃદ્ધિવાન પ્રજાએ લગભગ સાતસેં વર્ષ સુધી આબાદી ભોગવી. તેના વંશવારસોએ ઉપર ગણાવેલ ત્રણસો વર્ષ સુધી આર્થિક અને સાંસારિક સંકડામણ, અને ધાર્મિક મુશ્કેલીઓ વિગેરે અંધકાર દુર્દશાના સંકટ ભોગવ્યાં. આવા સમયમાં પણ કપડવંજીઓએ અસંતોષી બહારવટીઆઓ તથા લૂટારાઓને આર્થિક મદદ વડે અને તેમની બીજી સગવડો સાચવી તેમને પોતાના રક્ષક નીમ્યા. વળી તે સમયમાં નવા જથા પણ આવવા લાગ્યા તેમને પણ અપનાવી લીધા. આ સમય સત્તરમા સૈકાની શરૂઆતનો સમજાય છે. આ હકીકત કપડવંજની સમગ્ર પ્રજાની ગણીએ તો પણ તે પ્રજામાં વીશાનીમા મહાજનની નાત આર્થિક, વ્યાપારિક, ધાર્મિક ને રાજકિય સ્થિતિમાં સૌથી મોખરે હતી તેથી તે નાતને આ હકીકત ખાસ લાગુ પડે છે. વળી કપડવણજમાં વૈષ્ણવ ધર્મના પ્રથમ સ્થાપક અને ઉપદેશક મહાન્ આચાર્યશ્રી ગોકુળનાથજી મહારાજ પોતે સંવત્ ૧૬૪૩ માં કપડવંજ પધાર્યાં તે સમયે શ્રોત્રિય કુટુંબના વડા રેંડા ઉદંબર કપડવંજમાં દલાલવાડામાં રહેતા હતા તેમને ત્યાં ગોસ્વામીજી પોતે પધાર્યા હતા એવો લેખ છે. તેઓશ્રીએ રેંડા ઉદંબરનાં સગાં અને આડોશી પાડોશીને વૈષ્ણવ ધર્મની દીક્ષા આપી તેમને પોતાના અનુયાયી

બનાવ્યા. હાલ તે સંપ્રદાયમાં લગભગ એક હજાર ઘર ને તેમાં ચાર હજાર માણુસો છે. તેઓશ્રી ગોકુલનાથજી ચોથી ગાદીના આચાર્યશ્રી છે તેથી તેમના અનુયાયીઓ ચતુર્થગાદીના વૈષ્ણવો ગણાય છે. અખિલ હિંદના દશાનીમા અને કેટલાક વીશા નીમા મહાજન તેઓશ્રી ગોકુલનાથજીની ગાદીના વૈષ્ણવ છે. ગુજરાતમાં મોડાસા, વાડાસીનોર, વીરપુર, લુણાવાડા, દાહોદ, ઝાલોદ, દેવગઢબારીઆ વિગેરે ગામોના નીમા મહાજન આ ચતુર્થ ગાદીના વૈષ્ણવ છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે સંવત્ ૧૬૪૩ પહેલાં કપડવંજમાં ઉદ્દંબર બ્રાહ્મણોની અને વીશાનીમા મહાજનની વસ્તી હતી. એ સમય ના અને તે પછીના સમયના મકાનોના વેચાણ દસ્તાવેજો જે લૂગડા પગર લખતા હતા તે વાંચવામાં આવતાં દલાલવાડામાંના અને હાલના તાપેશ્વરની ખડકી તથા કેવળભાઇ શેઠની ખડકીનાં ઘણાં મકાનો શ્રોત્રિય અટકના ઔદુમ્બર બ્રાહ્મણો પાસેથી વેચાણ લીધાનું જણાય છે. આ વાતને હાલ ત્રણસેં ઉપરાંત વર્ષ થઇ ગયાં છે એટલે સત્તરમો સૈકો પુરો થવાના સમયમાં ચાંપાનેર શહેરની પડતીની શરૂઆત થઇ. મોડાસાની પણ ભાગતી થઇ. અમદાવાદ તે સમયમાં જોર પર આવવા માંડયું. મુર્ત્તિભંજકોની રંજાડ ઓછી થઇ અને હિંદુ લૂંટારા તથા મરાઠા જોર પર આવ્યા. તેમની તરફથી ગુજરાતમાં રંજાડ વધી પડી પરંતુ તે સમયના અમદાવાદના સાહસિક ઓસવાળ જ્ઞાતિના આગેવાન શેઠ ખુશાલચંદ લક્ષ્મીચંદ એમણે મરેઠાઓ સાથે સમજુત કરી કે અમદાવાદ કોઇપણ વખત ન લૂંટવું એવો કરાર કરાવી અમદાવાદ બચાવ્યું. (ઈ. સ. ૧૭૨૫ સંવત ૧૭૮૧ જુઓ ગુજરાત સર્વસંગ્રહ પૃષ્ઠ ૨૮૬ની ફુટનોટ) આથી ત્યાંના સમસ્ત વ્યાપારી મહાજનોએ ઠરાવ કરી જેટલો માલ કાંટે તોલાય તેની કીમ્મતના સેંકડે પા (¼) રૂપિઓ હકસાઇ આપવી એવો ઠરાવ કરી તેમને નગરશેઠની પદવી આપી. આજે પણ સરકાર તે હકસાઇ બદલ રૂ. ૨૧૩૩) ત્રીજોરીમાંથી આપ્યાં જાય છે. ગાયકવાડે પણ તે શેઠને પાલખી–છત્રી–મશાલ અને દર વર્ષે એક હજાર રૂપિયા રોકડાનો હક્ક આપ્યો છે. આ શેઠ જૈનધર્મી હતા તેમના સહધર્મી અને વ્યાપારી બુદ્ધિવાળા આપણા શેઠીઆ લાલચંદ ગુલાબચંદ જેમને 'લાલગુલાબ' ના લાડીલા નામથી સૌ પ્રજા ઓળખે છે તેમણે તથા તેમના કુટુંબી વૃજલાલ મોતીચંદની પેઢીવાળા શેઠીઆઓએ અમદાવાદના ઉપરોક્ત શેઠીઆઓ સાથે સંપર્ક સાધી માળવા વિગેરે પ્રાંતો સાથેના વેપારમાં માથું મારી પોતાની સ્થિતિ પગભર કરી એટલું જ નહિં પણ અમદાવાદના શેઠીઆઓથી અધિક લાવી મૂકી. ગુજરાત સર્વ સંગ્રહ લખે છે કે ઇ. સ. ૧૮૧૬ એટલે સંવત્ ૧૮૭૨ માં કપડવંજ સારૂં વધેલું હતું. ઇ. સ. ૧૮૬૪ એટલે સંવત્ ૧૯૨૦ માં વ્યાપારી તથા શાહુકાર દોલત આબરૂમાં ખેડા જીલ્લામાં માત્ર નડીયાદથી બીજે નંબરે હતા. (જુઓ પરીશિષ્ઠ નં. ૧ નો ૪ થો પેરેગ્રાફ) મતલબ કે સંવત્ ૧૯૨૦ માં કપડવંજ સંપુર્ણ સમૃદ્ધિવાન્ અને

સુખી હતું. વળી અમદાવાદના નગરશેઠની માફક આપણા શેઠીઆઓએ કપડવંજને પીંઢારાં તથા લુંટારા તથા મરેઠાના ત્રાસથી બચવા માટે રક્ષકો રાખી શહેરને સુરક્ષિત બનાવ્યું. એટલે કપડવંજની તે સમયની પ્રજામાં વીશાનીમા વાણિઆ સૌથી આગળ પડતા, સમૃદ્ધિવાન્ અને સુખી હતા. આવી રીતે સંવત્ ૧૭૭૫થી સંવત્ ૧૯૨૫ સુધીનો દોઢસો વર્ષનો સમય કપવંજની પ્રજાએ આબાદી ને સુખી સ્થિતિમાં ગાળ્યો.

આ ઉપરથી માનવાને કારણ મળે છે કે વીશાનીમા વણિકના અમુક જથા પ્રથમ મોહનપુરથી મુકામ કરતા કરતા વિ. સં. બારમા સૈકાના ઉતરાર્ધમાં કપડવંજ આવ્યા. મોહનપુરે વિ. સ. અગીઆરમાં સૈકાના અંતમાં કે બારમા સૈકાની શરૂઆતમાં જળ સમાધી લીધી તે વાત આગળ આવી ગઈ છે. એ મોહનપુરનાં રહ્યાંસહ્યાં ખંડેરો ઉપર મુસલમાન સુલતાને લશ્કરી સગવડની ખાતર મોડાસા વસાવ્યું (જુઓ ગુજરાત સર્વ સંગ્રહ પૃષ્ઠ ૫૦૧) તેની ભરજુવાનીમાં મોડાસામાં નીમા વણિકોનાં સાતસેં ઘર હતાં એમ મધ્યભારતની પ્રવાસ કમીટિનો છાપેલો રિપોર્ટ કહે છે. તે વસ્તી બસેં વર્ષ સુધી મોડાસામાં આરામ ભોગવી મોડાસામાં જ્યારે આફતો આવવા માંડી ત્યારે ત્યાંથી સંરક્ષણ શોધતા શોધતા ચોતરફ વીખરાયા. તેમાં આપણા નીમાવણિક જ્ઞાતિનાં ઘણાં કુટુંબો તે મોડાસા તરફથી ખસતા ખસતા કપડવંજમાં આવી સ્થીર થયા. આ પ્રમાણે અનુકુળ સ્થળે સ્થીર થતાં એક બે સૈકા વહી પણ ગયા હોય. તેમાં કેટલાક વાગડ–માળવા ને મેવાડ તરફ ને કેટલાક ગુજરાત તરફ વળ્યા. ગુજરાતમાં ત્રણસેં વર્ષ અગાઉ આવી વસેલા કપડવંજી અને ચાંપાનેરીઓએ આ નીમા વણિકોના જથાને અનેક રીતે સગવડો આપી અપનાવી લીધા. ને તેથી તેઓ મધ્ય કે પશ્ચિમ ગુજરાત ભણી જઈ શકયા નહીં. માત્ર કપડવંજની પાસે મહુધામાં નીમા વણિકોની વસ્તી છે. ને મહુધામાં પણ પેશ્વાઈ સમયે આપત્તિ આવવાથી કેટલાંક કુટુંબો કાનમ જીલ્લામાં હિજરત કરી ગયા છે. પણ ઘણોખરો વ્યવહાર પોતાના મુળ વતન મહુધા સાથે રાખે છે તે બધા વિશા નીમા વણિક છે. ને ઘણે ભાગે શ્રાવક છે. ને વડોદરા વિગેરે સ્થળમાં મેશ્રી પણ છે. મહુધામાં વીસાનીમા વણિકોમાં શ્રાવક અને મેશ્રી એવા બે ભેદ આધુનિક પડી ગયા છે.

મોડાસા તરફની હીજરતમાં ગુજરાત સિવાય આપણી નીમા વણિક જ્ઞાતિ વાગડ, માળવા, નિમાડ, પંચમહાલ, દક્ષિણમાં કોકણ તથા મહારાષ્ટ્રમાં વિગેરે સ્થળે જઈ વસ્યા છે. તેમની માતૃભાષા, રીતરિવાજો, કુળધર્મ, કુળદેવ–દેવી અને તે સંબંધીની ધાર્મિક વીધિઓ ગુજરાતના નીમાવણિકોના જેવીજ છે. તેઓના કુળગુરૂ ઔદુમ્બર બ્રાહ્મણો છે. કુળદેવ શામળાજી છે. ને ગોત્રદેવી સર્વ મંગળા છે.

ગોત્ર પણ ગુજરાતના નીમા વણિક જેવાંજ છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે મોહનપુરના નાશ પછી ચારસેં વર્ષે વસેલા મોડાસાથી પણ સોળમા સૈકાની અંતમાં નાશભાગ થઇને તેઓ બધા ઉપર પ્રમાણે વીખરાઇ ગયા. મોહનપુરની પડતીના સમયથી હીજરતે નીકળેલી નીમા વણિક જ્ઞાતિના અમુક જથા કપડવંજમાં આવ્યા તેને લગભગ આઠસેં વર્ષ થવા આવ્યાં તે જથામાં રહીઆ ગાંધીના વડવાઓ અને તેમનાથી જુદા ગોત્રના દયાળજી માધવજીના વડવાઓ પ્રથમ આવ્યા હોય એમ જણાય છે. દયાળજી માધવજીના વશંજોનાં મકાનો જે હાલ ઢાક વાડીમાં છે તેની નજીક તેઓએ પોતા માટે ઉપાશ્રય બંધાવેલો હતો તેની બાંધણી અને કોતરકામ જોતાં તે આજથી સાતસેં વર્ષ ઉપરનું મકાન હોય એમ નકકી સમજાતું હતું. હાલ માત્ર દશ પંદર વર્ષ ઉપરજ તે મકાનનું પુનર્જીવન થયું છે. વળી આ બધા પંચનો વહીવટ હાલ રહીઆ ગાંધીના કુટુંબના વડી શાખાના વંશજો પાસે છે. તે કુટુંબ કપડવંજમાં પ્રથમ આવેલું તેમનો વેપાર, જમીન, ધીરધાર વગેરે મોહનપુર દિશામાં હાલ પણ છે. તેઓ પ્રથમ આવેલા હોવાથી અને પાછળથી આવેલાઓને જોઈતી સગવડો આપી તેમને કપડવંજમાં વસવાને મદદ આપી જ્ઞાતિ સેવાનું કાર્ય આ કુટુંબે યથાર્થ કર્યું હોય એમ જણાય છે. તેમની પાછળ આવેલા જ્ઞાતિજનોએ પણ તેમની આ સેવા કાર્યની કદર કરી, પંચની મિલ્કતનો અને જ્ઞાતિબંધારણના કાયદાનો અમલ કરવાનો પરવાનો આ રહીઆ કુટુંબના વડવાઓને વંશપરંપરા આપી જુના વખતમાં જેને પટેલીઆ કહેતા હતા તેવા માનભર્યા ખિતાબથી તેમને નવાજ્યા હતા, તે હાલ આઠસેં વર્ષથી ચાલુ છે. રહીઆ ગાંધીના કુટુંબમાં શકિતશાળી પુરુષો જે તે સમયમાં હયાત હતા. તેઓને એ કુટુંબીઓએ પોતાના તરફથી પંચનો વહીવટ કરવાનો સોંપેલો હતો. અને તે વહીવટદારોએ સારો વહીવટ ચલાવ્યો હતો. જેમાં ગાંધી કેવળદાસ તથા ગાંધી મોતીચંદના નામથી હાલની વીશાનીમા વણિક મહાજનની ઘણીખરી વ્યકિતઓ સારી રીતે ઓળખે છે. હાલમાં રહીઆ ગાંધીના વડિલ શાખાના લીંબાભાઈ ગુલાબચંદ જોઈતાદાસના જેષ્ઠ પુત્ર વાડીલાલના મોટા દીકરા ગાંધી નગીનદાસ વાડીલાલના હાથમાં પંચનો વહીવટ છે અને પંચની મિલ્કત તેમના નામ ઉપર છે.

આ પછીના સમયમાં ચાંપાનેરની પડતીની નિશાની આ ચકોર નાતના ગૃહસ્થોને જણાઇ. તેથી ચાંપાનેરથી કહો કે મોડાસા તરફથી શેઠ હીરજી અંબાઈદાસના નામથી ચાલતું શેઠીઆ વર્ગનું કુટુંબ અને તેમનાં સગાં સહોદર કપડવંજમાં આવી વસ્યા. તેમની પાછળ મોડાસા તરફથી મુકામ કરતા કરતા બીજાં કુટુંબો આવતાં ગયા અને ચાંપાનેરનો વેપાર તુટયો અને તે શહેરની પડતી સ્પષ્ટ જણાય ત્યારે ત્યાંથી ખસતા ખસતા ગોધરા–દાહોદ–અલોદ–વેજલપુર–હુંગાડી

ઈત્યાદિ સ્થળે વસતા વસતા અનુકુળતાઓ મળતાં કેટલાક કપડવંજ આવી વસ્યા. આ જથા ચાંપાનેરથી સીધા કપડવંજ આવ્યા કે ઉપર ગણાવેલાં ગામે મુકામ કરતા કરતા આવ્યા, તે ચોકકસ કહી શકાતું નથી. આ જથા પછી જૂના વખતમાં કપડવંજમાંથી હિજરત કરી સુરત–ભરૂચ–કહાનમ આદિ સ્થળોએ વસેલા વીશા નીમા વણિક તેમને અનુકુળતા મળતાં કપડવંજમાં આવી સ્થીત થયા. વધારે વસ્તીવાળું, સાધન સંપન્ન એવું વસ્તા દોસીનુ કુટુંબ આવ્યું. તેમણે થોડાજ સમયમાં સંતતિ અને સંપત્તિમાં આખો દલાલવાડો અને ચિંતામણજીની ખડકી ભરી દીધી. વસ્તા દોસીના પુંજીઆદાસ દોસીના જોઈતાદાસે પોતાના નામથી આખી ખડકી ભરી દીધી. ને રતનજી પુંજીઆદાસે તે સમયના ઔદુમ્બર બ્રાહ્મણોનાં ઘર વેચાતાં લેઈ તેઓ વસ્યા. તે વાત તેમના લૂગડાં ઉપરના દસ્તાવેજો ઉપરથી સિદ્ધ થાય છે. વસ્તા દોસીના કુટુંબ સાથે પાનાચંદ રૂધનાથનું કુટુંબ કે જે તેમનાથી જુદા ગોત્રનું છે તે સાથે આવેલા, તેમનાં મકાન જોઇતા પુંજીઆની ખડકીમાં છે ને વચ્ચો–વચ્ચ ભીંતભરેલી જે અત્યારે પણ મોજુદ છે. આપણે આગળ જણાવી ગયા છીએ કે વિક્રમ સંવત્ ૧૬૪૩ માં ઔદુમ્બર બ્રાહ્મણના વડા શ્રોત્રિય રેંડા ઉદંબર કંપડવજમાં હતા તે સમયની આસપાસમાં એટલે સત્તરમા સૈકાના ઉત્તરાર્ધમાં વસ્તાદોસીનું કુટુંબ ચાંપાનેરથી આવ્યું એ ઐતિહાસિક પુરાવાથી સિદ્ધ થાય છે. તેમ તેમનો આવવાનો સમય પણ નકકી જણાઈ આવે છે. આ કુટુંબોના સાહસિક અને કુનેહબાજ વંશજોએ, આપણા લાડીલા શેઠીઆ કુટુંબ સાથે લગ્ન સંબંધ બાંધી તેમની સાથેના વ્યાપારમાં સાહસિક પણાથી ઝુકાવ્યું. આ કુટુંબ ઉપર કુળદેવની પુર્ણકૃપા વરસતી હતી તેથી સંતતિ અને સંપત્તિમાં ઠીકઠીક આગળ વધી શેઠીઆ કુટુંબ સાથે સરખામણી કરવા કંઈક લાયક બન્યા. તેમાંના કેટલાક કુનેહબાજ નબીરાઓએ આપણા શેઠીઆઓની સાથે રહી પોતાની સંપત્તીનું અને તે સાથે સમસ્ત કપડવંજની પ્રજાનું રક્ષણ શોધવા અમદાવાદના નગરશેઠની માફક પ્રયત્ન કર્યો, ને તેમાં સફળ પણ થયા. ગુજરાતના સુલતાનોના સમયમાં તેમની પેહેલાંના ઠાકોર–જાગીરદારો, તાલુકદારો, ગરાશીઆઓ જેમની સ્વતંત્રતા અને આજીવિકા લગભગ નાશ પામવા જેવી થઇ ગઇ હતી, તેઓ મહા મહેનતે પોતાના જુના રિવાજો, ખરચો ને દોરદમામ ટકાવી રાખતા હતા, અને તેમ કરતાં તેમને જ્યારે નાણાં ભીડ બહુ પજવતી ત્યારે પોતે કે ભાડુતિ માણસો રાખીતે લૂંટ–ચોરી–ધાડ વિગેરે પાડવાનો ધંધો કરતા. મૂળનું સનાતની લોહી તેથી બ્રાહ્મણ અને સ્રીઓને રંજાડતા નહીં પરંતુ વણિક દેખે તો તેને બકાલ કહી છોડતા પણ નહી. આવી વિકટ પરિસ્થીતિ કપડવંજની આસપાસના નજીકના પુનાદ્રા, ડાભા, આંબલીઆરા, ભુંડાસણ માંડવા, સાઠંબા, રમાંસ ઈત્યાદિ ઠકરાતો તરફથી ઉભી થતી. આપણા વણિકોએ

તેમની સાથે સ્નેહસંબંધ બાંધી આર્થિક સહાય આપી; તેમના ચાલુ ખર્ચમાં કરકસર કરવાની શીખામણ આપી, તેમના મિત્રો બન્યા, અને તેમને મિત્રો બનાવ્યા. આમ કરવામાં આપણા વણિકોએ (૧) ધન દૌલતનું વ્યાજ અને આબરૂ તથા (૨) સુરક્ષિતપણું એ રીતે બે લાભ મેળવ્યા. અને વળી જે ભક્ષક હતા તે રક્ષક બન્યા. અને આગળ જતાં તેઓ આપણા નોકર થયા. અને બુદ્ધિમાન્ સાહસિક વણિકો તેમના શેઠ થયા. આજ સુધી માંડવાના મિઆંને કપડવંજના રક્ષક તરિકેની રકમ રૈયત ઉપર કર નાંખી ભેગી કરીને આપતા. તે ઇ.સ. ૧૮૧૬ સંવત્ ૧૮૭૨માં કપડવંજ અંગ્રેજ સરકારના તાબામાં આવ્યું ત્યારે રૈયત ઉપરથી કર બંધ કરી કોમ્પેનશેશન તરિકે અંગ્રેજ સરકારે કપડવંજની સરકારી તિજોરીમાંથી આપી છે. (જુઓ પરિશિષ્ઠ નં. ૨ અથવા કપડવંજ શહેરનું ટુંકુ વર્ણન પૃષ્ઠ ૧૯)

આવી રીતે ગામનો વ્યાપાર–રક્ષણ–ધર્મની જાહોજલાલી સાર્વજનિક સખાવતો તથા ગામને જોઇતી ઇતર સુખ સગવડો કપડવંજની વીશાનીમાની નાતે જેવી ને જેટલી પૂરી પાડી છે તેવીને તેટલી કપડવંજની બીજી કોઇ નાતે પુરી પાડયાનું જાણવામાં નથી. આ બે કુટુંબો ઉપરાંત બીજાં જે જે કુટુંબો આવીને કપડવંજમાં વસ્યાં છે તે કુટુંબોની સાધન સંપન્ન વ્યક્તિઓએ પોતાની યથાશક્તિ કપડવંજની સેવા કરવામાં કસર રાખી નથી. સઘળાઓએ એકમતે અને એક જુથે પોતાના કુટુંબની, નાતની ને ગામની સેવા કરી છે. આ બાબતમાં કોઇ અધિક ન્યુન નથી. માત્ર "લાલ ગુલાલ" અને વૃજલાલ મોતીચંદનાં પેઢીના શેઠીઆઓ તે અપવાદ રૂપ હતા. સઘળા માળાના મણકાની સમાન સરખા પણ આ શેઠીઆઓ તે માળાના "મેળ" સમાન હતા. આ શેઠીઆ કુટુંબ માત્ર વીશાનીમાની નાતનાજ "મેળ" સમાન હતા એમ નહીં પરંતુ આખા કપડવંજ કસ્બાને અને તેની આજુબાજુનાં ગામડાંને એ નિરાધારના આધારરૂપ હતા. એઓની જાહોજલાલીના સમયમાં હાલના જેવો દાક્તરોનો ને દરદોનો રાફડો ફાટી નીકળ્યો નહોતો. લોકો મિતાહારી, સંયમી અને આરોગ્યવાન હતાં. છતાં આ શેઠીઆઓએ આયુર્વેદીક વૈદ્યોને વર્ષાસન બાંધી આપી તેમની પાસે દરદોને અસરકારક દેશી દવાઓ તૈયાર કરવાતા ને પોતાની પેઢી ઉપર જથો રાખી મૂકતા. ગમે તે નાતનો કે ગમે તે ધર્મનો માણસ ગમે તે સમયે વૈદકીય સહાય માગવા આવતો તેને વિના મુલ્યે મળતી. તે સાથે કીમતી માત્રાઓ હિરણ્યગર્ભની ગોળીઓ જેવી કિંમતી દવાઓ સઘળા કપડવંજીઓને વિનામુલ્યે મળતી. કેટલાંક આબરૂદાર કુટુંબો નિરાધાર સ્થીતિમાં આવી ગયાં હોય તેમને ત્યાં કોઇ ન જાણે તેમ પોષણનાં સાધન મોકલાવતા. ઉઘાડી રીતે દેખાતા ગરીબો માટે અને વટેમાર્ગુ તથા સાધુ સંત અને વૈરાગી વિગેરે માટે સદાવ્રતો ચાલતાં. સારા

અવસરમાં ગાડી-ઘોડા તે ઉપરનો સામાન, છત્રી, પોશાક, વિગેરે તેમના સમયમાં જેનો વપરાશ હતો ને વસ્તુઓ સાધારણ મનુષ્ય હમેંશને માટે વસાવી ન શકે તેવાં તમામ સાધનો આ બે શેઠીઆઓ તરફથી કોઈ પણ જાતના ખર્ચ સિવાય મળતાં. ગરીબ વ્યાપારીને નાણાંની મદદ વગર વ્યાજે મળતી. ને સાધારણ સ્થીતિના મનુષ્યોની પુંજીનું આ શેઠીઆઓની પેઢીઓ રક્ષણ સ્થાન હતું. મતલબકે કોઇપણ વ્યક્તિ આ બે શેઠીઆઓની ડોંઢીએ (દરવાજાએ) જાય તો તે ખાલી હાથે પાછો ફરતો નહીં. તેને યથાશક્તિ કંઇક સંતોષ મળતો. આ શેઠીઆઓની આ પરોપકારી વૃત્તિનું પ્રતિબિંબ આખી કપડવંજી વીશાનીમા વણિક મહાજનની નાત ઉપર પડયું છે. આ વાતો આજથી એકસો વર્ષ પહેલાંની જુની થઇ છે. પરંતુ ત્યારપછી પણ આ ભાગ્યશાળી નાતમાં જે જે સાધન સંપન્ન થયા તેઓએ પ્રજાની સેવા કરી છે. ને હાલ પણ કર્યે જાય છે. સંવત્ ૧૯૫૬ના દુષ્કાળ સમયે રહીઆ ગાંધીના વડીશાખાના વંશજ લીંબાભાઇ ગુલાબચંદ ગાંધીની પેઢી તરફથી તેમના જ્યેષ્ટ પુત્ર વાડીલાલ લીંબાભાઇ ગાંધીએ બેમાસ સુધી, ગામના અને આજુબાજુના ગામડાંના ગરીબ લોકોને માણસદીઠ એક શેર, શેર અનાજ આપ્યું હતું. તે સમયે અનાજનો ભાવ વધી બાર પાઇએ થઇ ગયો હતો છતાં આ ગૃહસ્થે માત્ર ચાર પાઇએ શેર લેખે અનાજ આપ્યા કર્યું હતું ને બાકીની ખોટ પોતે ભોગવી હતી. કુદરતની કૃપાએ ભાદરવા સુદ ૫-૬ કે જે દિવસ, જૈન સંપ્રદાયનો વાર્ષિક મહોત્સવ પર્યુષણપર્વ નામે કહેવાય છે તેનાં પારણાનો દિવસ હતો, તે દિવસે વરસાદ આવવાથી ચાર પાઇ પણ લીધા વિના બધાઓને મફત અનાજ આપી બીજે દિવસથી આ પ્રથા બંધ કરી હતી. આ અનાજની વહેંચણી વખતે આખી વીશા નીમા વાણુક મહાજનની નાતના પુરૂષવર્ગે પુરેપુરો સહકાર આપ્યો હતો. ગામમાંથી અને પરગામથી અનાજ ખરીદી લાવવું, અહીં વ્યવસ્થીત ગોઠવવું, કોઈપણ માણુસ રહી ન જાય અગર કોઇ ટંટો ફિસાદ કરે નહીં તેની દેખરેખ રાખવી વિગેરે કામમાં રહીઆ ગાંધીના નબીરાઓ અને અન્ય જ્ઞાતિ બંધુઓ ખડે પગે તૈયાર રહેતા. રહીઆ ગાંધીના વંશજો ગામડાના વેપારી હોવાથી તેઓના લોહીમાં ગ્રામ્યજીવનનું ઝનુન તથા આબરૂ સચવાઇ રહ્યાં હતાં અને તેથી તોફાની.........તથા છટકેલ મગજવાળા તેમનાથી ડરતા હતા. તેમને માટે એટલે રહીઆ ગાંધીના કુટુંબને માટે કહેવત ચાલતી આવી છે કેઃ—

ચાર રાંકા અને ચાર રહીઆ,<br>
તથા ચાર આદમ ઘાંચીના છૈયા;<br>
ઇસ્કુ મત છેડો, મેરા ભૈયા.



સ્વ. ગાંધી વાડીલાલ લીંબાભાઇ

જેઓએ સંવત ૧૯૫૬ ના ભયંકર દુકાળ સમયે પોતાની ઊદારતાનો અદ્‌ભૂત અનુભવ કરાવ્યો છે.

આ કહેવતનો બનાવ આજથી એકસો વર્ષ ઉપરનો છે. પરંતુ આ અનાજ વહેંચવાનો સમય વિ. સં. ૧૯૫૫ એટલે આજથી લગભગ પચાસ વર્ષ પહેલાંનો છે. તે હાલના હયાત માણસો પૈકી પ્રૌઢ વયના માણસોની જાણમાં છે. વીશા નીમા વણિક મહાજન જ્ઞાતિનો આ પરોપકાર વૃત્તિનો સદ્‌ગુણ વંશપરંપરાગત વારસામાં આવ્યો છે. આવી શક્તિશાળી અને પુન્યવાન જ્ઞાતિએ તેની જીંદગીથી તે આજ સુધીમાં ઘણો તડકો છાંયો વેઠયો, ચડતી પડતી અનુભવી. હાલમાં છેલ્લા પંદર વર્ષથી સંતતિ અને સંપત્તિમાં કાંઇક સુધારો દેખાય છે. તેમજ પરોપકાર વૃત્તિ પણ ચાલુ રહી જણાય છે. એ ન્યાતની ઉપર કુળદેવની સંપુર્ણ દયા છે એમ નકકી જણાય છે.

આવી નાતને અને તેના કુળાચારને અવગણવા ને તે તરફ નિરાંદર દ્રષ્ટિએ જોવું અને વર્તવું એ એક મહા પાપ છે. આવું નિરાંદર વર્તન રાખનાર જ્ઞાતિજનને સવિનય વિનતિ છે કે તેઓએ પોતાના આવા વર્તન અને વિચાર માટે શાંતમગજે વિચાર કરવો અને તેમાં પલટો લાવી આ નાત કે જે તે નાતની દરેક વ્યક્તિને પુજ્ય માતા તુલ્ય છે તેના તરફ પુજ્યભાવથી વફાદાર રહેવું અને તેના કુળાચારો તથા બંધારણોને અનુરૂપ એવાં વર્તનને સતત ચાલુ રાખવા પ્રયત્ન કરવો. આ માત્ર વાત્સલ્યને લીધેજ સૂચના છે. એને માને તો તે નૈતિક ફરમાન પણ છે. ભવિતવ્યતા તમો સર્વને સદ્‌બુદ્ધિપ્રેરે. तथास्तु.

આવી સાધનસંપન્ન અને સેવાભાવી નાતના સુપુત્રોની સેવાથી સંતોષ પામેલી કપડવંજી પ્રજા પણ કદર કરવામાં પાછી પડી નથી. સંતતી અને સંપત્તિમાં વીશાનીમા મહાજનની નાત કરતાં બીજી વણિક નાતો અધિકાધિક હોવા છતાં પોતાનું બહુપણાનું મમત્વ છોડી આ ઓછી વસ્તીવાળી નાત હોવા છતાં પણ તેમની પરોપકાર અને સેવાવૃત્તિના બદલામાં આ શેઠીઆ કુટુંબને 'નગરશેઠ'ની પદવી આપી સન્માન્યા છે એ કપડવંજની બીજી પ્રજાને પણ શોભારૂપ છે. આટલી હકીકત વિક્રમ સંવત્‌ની વીસમી સદીની શરૂઆતના સમયની વર્ણવી. ત્યારપછી નાતને આફત વેઠવાનો સમય આવ્યો. કુદરતી આફતોની શરૂઆત શેઠીઆ કુટુંબમાં પ્રથમ શેઠ મીઠાભાઇ ગુલાલચંદના દેહોત્સર્ગથી થઈ. તેઓશ્રી સંવત્ ૧૯૦૩ માં દેહવિલય થયા. તે પછી માત્ર બે ત્રણ વર્ષમાંજ તેમના સુપુત્ર કરમચંદભાઇ અપુત્ર સ્વર્ગવાસી થયા. ત્યારપછી થોડા થોડા વર્ષને અંતરે દોલતભાઈ, શીવાભાઇ અને છેવટે લલ્લુભાઇ એ ત્રણે શેઠીઆ અલ્પાયુષી થઇ અપુત્ર સ્વર્ગસ્થ થયા. છેવટે નથુભાઇ શેઠના ગીરધરભાઇ તથા છેલ્લા છેલ્લા નહાલચંદભાઈ શેઠે પણ દેહોત્સર્ગ કર્યો. આ બધી

વ્યકિતઓ કપડવંજના માઠા કીસ્મતેજ નાની વયમાં અને નિર્વંશી થઇ, કપડવંજી પ્રજાને રડતી કકડતી મૂકી ગયા. આપણામાં કહેવત છે કે 'માણુસ ધનનો ભાંગ્યો સંધાય પણ મનુષ્યનો ભાગ્યો ન સંધાય.' આ કહેવત પ્રમાણે કપડવંજ આખું શોકગ્રસ્ત બન્યું. વ્યાપાર ધંધો તૂટયો. લોકો નિરાશ થયા અને ઉત્તેજન તથા સાહસિક વૃત્તિનો અંત દેખાયો. પૈસે ટકે પણ નાત પાછળ પડી ગઇ ને સાંસારિક સંકટો પણ ભોગવ્યાં. એટલામાં અધુરામાં પુરૂં શેઠ મણીભાઇ શામળભાઇનું તદ્દન ભરયુવાન વયે અપુત્ર અવસાન થયું. આ મરણથી કપડવંજી પ્રજાના દુઃખનો પાર રહ્યો નહીં. આ દુઃખ સૌએ મુંગે મોંએ સહન કર્યું આ ગમખ્વાર બનાવ પછી માત્ર જેશીંગભાઇ શેઠ ઉપરજ બધાની આશા ને નજર હતી તે પણ કપડવંજીના પાપકર્મને પ્રતાપે ખુંચવાઇ ગઈ. આ પ્રમાણે માત્ર શેઠીઆ કુટુંબ ઉપરજ આફતનો વરસાદ વરસ્યો એમ નથી. પરંતુ તે સમયમાં ન્યાતના બીજાં કુટુંબોમાં જે નામાંકિત અને કાર્યકુશળ વ્યકિતઓ હતી, કે જેના માટે જ્ઞાતિલાઓ બહુ સારી આશા રાખતા હતા, તેવાઓ પણ આ સમયમાં અલ્પાયુષી બની આ દુનિઆમાંથી અદૃશ્ય થયા. આથી આખી નાત શોકસાગરમાં ધકેલાઇ ગઈ. સંતતિ તથા સંપત્તિ એ બન્નેમાં ધસારાબંધ ઓટ આવ્યો. જેથી કેટલાકનો આ સંસાર ઉપરથી પ્રેમ અને ઉમળકો ઉઠી ગયો. તેમણે આવા દુઃખદ અસાર સંસારમાં રીબાવા કરતાં તે સંસારનો ત્યાગ કરી પોતાના આત્માના મોક્ષ (નિર્વાણ) માટે દીક્ષાના માર્ગે વળ્યા. કેટલાંક કુટુંબો તો સ્ત્રી–પુત્ર–પુત્રી પૌત્ર, દૌહિત્ર, દુહિતાઓ આદિ આખું કુટુંબ એ માર્ગે સંચર્યું. આવી રીતે લગભગ પોણોસોથી એકસો વ્યક્તિઓ સાધુઓ અને સાધ્વીજીના સંઘાડામાં પ્રવેશ્યાં હશે. નાતના ઘરોમાં લગભગ પોણાભાગના ઘરોમાં ગુમાસ્તા–નોકર–ઘોડાં ઇત્યાદિ સારા વખતમાં હતાં તે બધાંને આ દુઃખી સમયમાં ધીમે ધીમે રજા આપી અને તેમના વતીનું કામ સ્ત્રી–પુરૂષોને જાતે કરવાં પડયાં. આવી ગૃહસ્થાઇ ભોગવવાને ટેવાઇ ગયેલાઓને પોતાનું સ્વમાન હણાયાનું દુઃખ સાલવા માંડયું જેથી બુદ્ધિ–શક્તિમાં પણ ઓટ આવ્યો. પોતાનો પેઢીઓગતનો ધંધો મહાપરાક્રાષ્ટાએ કરવા લાગ્યા પરન્તુ તેમાં બરકત આવી નહિં અને ગૃહસ્થાઇનો, ખાનપાનનો ખર્ચો તો ચાલુ હતો તે પૂરો કરવામાં નાણાં ભીડ પણ નડી. આથી નિરાશ થઇ બેસી રહેવાનો પ્રસંગ સાંપડયો. આવી પરિસ્થિતિમાં ધીરજવાન્ વણિકોએ પોતાના મગજનું સમતોલપણું સાચવી રાખ્યું. આ પ્રસંગે આખી નાતની એકસંપી (સંગઠન) મદદે આવી. નાતના સાધનસંપન્ન અને કરવાને ટેવાએલા પ્રૌઢો અને યુવાનો કે જે મુંબાઈ વિગેરે સ્થળે પરદેશ જઇ ધંધામાં જામી ગયેલા અને સાધનસંપન્નમાં પણ ઠીકઠીક આગળ વધેલા તેઓએ પોતાના જ્ઞાતિભાઈઓમાં જે શક્તિશાળી હતા તેમને સમજાવ્યા ને પોતાની સાથે પરદેશ

આવવા સત્કાર્યો, ધંધો કરી શકે તેવાઓને ધંધો, ગુમાસ્તી કરી શકે તેવાઓને ગુમાસ્તી, ને મજુરી કરી શકે તેમને કારખાનામાં મજુરી મેળવી આપવામાં મદદ કરવાની ખાત્રી આપી. આવો એકાદ જથ્થો પરદેશ ખાતે ગોઠવાઈ ગયો, ત્યારે બીજાઓની આંખો ઉઘડી. તેઓ પણ તે રસ્તે વળ્યા. જેઓ પરદેશની પીડા ખમી શકે નહિં તેવા પ્રૌઢોને કપડવંજમાં પોતાને ફાવે તેવો ધંધો કરવાને સમજાવ્યા. તેમાંના કેટલાકે પોતાના બાપદાદાનો ધંધો બદલ્યો પણ ખરો. તેમના દીકરાઓને પરદેશ ખેંચ્યાં. આથી નાણાં ભીડ કંઈક ઓછી થઈ અને તે સાથે ગૃહસ્થાઈના દુર્ગુણોપણ કંઈક ઓછા થયા. બધાંને એમ સમજાયું કે મજુરી, ગુમાસ્તી કે સટ્ટાવિનાનો ચોકખો વેપાર કર્યા સિવાય છુટકો નથી. આથી શારિરિક અને માનસિક શક્તિ બળમાં ઠીકઠીક વધારો થયો. જેથી વૈદકીય ખર્ચ બચ્યો, જીવનદોરી લંબાઈ, મરણ પ્રમાણ ઘટયું ને જન્મ પ્રમાણ વધ્યું. આ રીતે સંતતિ તથા સંપત્તિ એ બેમાં ઠીકઠીક ફાવ્યા. આ બધા લાભ પુરૂષ વર્ગમાં થયા. સ્ત્રી વર્ગ તો જુના જમાનાનો છે તેનો તેજ છે. આખા દિવસનો પોણો ભાગ રસોડામાં ગાળવો, આવી રીતે આહાર વિહારમાં અસંયમી હતાં તે કરતાં અધિક બનતાં જાય છે. ઘરનું કામકાજ કરતાં શરમ આવે માટે દરેક ઘેર લગભગ એક સ્ત્રી નોકર તો હોયજ. આથી સ્ત્રી વર્ગમાં માંદગી વધી છે. ઘેરઘેર ડૉકટરોનાં અને વૈદ્યોનાં બીલ મુંગે મોંએ ચૂકવાય છે. આ માટે સ્ત્રીવર્ગે જમાનાને ઓળખી પોતાના સમયનો કંઈ સદુપયોગ થાય એવી ગોઠવણ કરવી જોઈએ. ઓછામાં ઓછો એક કલાક દરરોજ રેંટિઆ જેવી પ્રવૃત્તિમાં ગાળવો કે જેથી અંગ કસરત અને આર્થિક લાભ બન્ને મળે. આ એક નૈતિક સૂચના છે.

જેમ દિવસ પછી રાત અને રાત પછી દિવસ એ ક્રમ અનિવાર્ય છે, તેમ સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એ પણ અનિવાર્ય છે. કપડવંજે તેના જન્મથી તે આજસુધી સુખ દુઃખ ભોગવ્યાં પરંતુ આ વખતને દુઃખનો સમય, પહેલાંના જે બેત્રણ સૈકાં સુધીનો ગાળો હતો તે કરતાં ટૂંકો એટલે પચાસ સાઠ વર્ષનો જ ભોગવ્યો. તે કર્મમાર્ગીઓ તેને સત્કર્મના ફળ તરિકે માને છે, ને જ્ઞાનમાર્ગીઓ તે કાર્યોના ફળનો ન્યાય આપનાર અદૃશ્ય શકિત જેને પરમાત્મા કે ઇશ્વર તરિકે ઓળખે છે તેની કૃપા તરિકે માને છે. લેખક બીજા મતને માનનાર છે. તે અંતઃકરણથી માને છે કે એ અદૃશ્ય શકિત (પરમાત્મા કે ઇશ્વર) તેણે આ પુણ્યશાળી ન્યાતને જ્હારે ધાર્યી નાતના કામકરંદા અને સેવાભાવી પુરૂષોને પોતાના જ્ઞાતિબંધુઓને દોરવવાની પ્રેરણા અને બળ આપ્યાં. આ દોરવવામાં બીજાઓ સાથે બાટલીબોઈ

કંપનીના મૅનેજર અને જયંત મેટલ વર્કસના માલીકો એમણે આગળ પડતો ભાગ લીધો છે. તેમની લાગણી અને મહેનતનું વર્ણન ચૌદમા પ્રકરણમાં આપ્યું છે તેથી અહીં પુનરૂકિત કરી નથી. આ ગૃહસ્થોની પ્રવૃત્તિમાં બહારગામ કામ કરતા ભાઈઓએ પણ યથાશકિત મદદ કરી છે. વળી આ આગેવાન દોરવનારાઓએ વિદ્યાર્થીઆલમ ઉપર પણ સારૂં લક્ષ આપ્યું છે. સારૂં ભણનારને નાતની સભાઓ ભરી તેમને ઉત્તેજન અને ઈનામો આપી ભણવામાં ઉત્સાહ વધાર્યો છે. હાઈસ્કુલથી આગળ વધેલ કૉલેજીઅનોને સ્પષ્ટ કહી દીધું છે કે અમારી પાસે જે કંઈ સાધન છે તે તમારા માટેજ છે. નાતનો કોઈપણ યુવક નાણાંના અભાવે પોતાનો અભ્યાસ બંધ રાખી શકે નહીં. આ નાણાં ધર્માદા તરિકે નહીં પરંતુ લોન તરિકે દરેક કૉલેજીઅન વાપરી શકે છે. આ યોજના પ્રમાણે એક યુવકને ઇન્જીનીઅરીંગનો વધુ સારો અભ્યાસ કરવા અમેરિકા મોકલ્યો છે. તે ન્યુયોર્ક જઈને આ ખાતાની સારામાં સારી કૉલેજમાં ને તેની બોર્ડીંગમાં દાખલ પણ થઇ ગયો છે. પાંચ વર્ષનો અભ્યાસ કોર્સ છે. ને શિક્ષણ–ભોજન વિગેરેનો દરવર્ષે દશ હજાર રૂપિઆ ખર્ચ આવશે તે પાંચ વર્ષના પચાસ હજાર રૂપિઆ લોન તરિકે આ દોરવનાર પૈકી એક ગૃહસ્થ તે પરીખ વાડીલાલ મનસુખભાઇ એ આપ્યા છે. જાપાનદેશની માફક જુદાજુદા વિષયોના નિષ્ણાતો કપડવંજી વીશાનીમા મહાજનની નાતમાંથી પેદા થાય તો પાંચ દશ વર્ષમાં તો આખી નાતનો ને ગામનો પણ રંગ બદલાઈ જાય એમ સંભવ છે. આ સ્થાને જ્ઞાતિપ્રેમનો એકજ દાખલો આપું. અમદાવાદના દશા પોરવાડ વૈષ્ણવ શેઠ મંગળદાસ ગિરધારદાસ તેમની પેટાનાતનાં માત્ર ચાલીશજ ઘર છે. મહુંમ શેઠ મંગળદાસે મીલ ઉદ્યોગમાં ઝુકાવ્યું, ને તેમાં ફાવ્યા. તે ચાલીશે ઘરને ઘોડાગાડી ને નોકર ચાકરના સાધનવાળાં, પૈસે ટકે ને આબરૂમાં સાધનસંપન્ન થઇ બધાં શેઠની સાથે શોભે એવાં કરી આપ્યાં. એ ચાલીશે ઘરના યુવકો અને કામ કરી શકે તેવાં પ્રૌઢોને પોતાના કારખાનામાં કામ શીખવી તેમને કામ કરતા બનાવી તેના બદલામાં પૂરેપૂરો પગાર આપી બધાને સાધનસંપન્ન બનાવ્યા. આનું નામ તે જ્ઞાતિપ્રેમ કે જ્ઞાતિસેવા. આપણા આ દોરવનાર ભાઇઓનું વર્તન ભવિષ્યની પ્રજાને અનુકરણીય છે. હાલમાં છેલ્લા પંદર વર્ષથી કપડવંજી વીશા નીમાની નાત કપડવંજની બીજી વણિક નાતોમાં અને ગુજરાતમાંના જૈન વીશા નીમાના પાંચ ગામની જ્ઞાતિમાં પુર્વકાળે જે અગ્રણી પદ ભોગવતી હતી તે પદે અત્યારે આવી ગઈ છે. આ દોરવનારે હાલમાં મુંબાઇ–મદ્રાસ–દીલ્હી–કલકત્તા આદિ સ્થળોએ દુકાનો ખોલી ત્યાં જ્ઞાતિજનોને મોકલ્યા છે. તે બધાની કાર્યશક્તિ અને જ્ઞાતિ સેવાના ભાવમાં અધિકાધિક પ્રેરણા અને બળ કુળદેવ વધારે પ્રમાણમાં આપ્યા કરે તેવી પ્રાર્થના કરી આ પ્રકરણ સંપૂર્ણ કરૂં છું. તથાસ્તુ૦

## પરીખ રમણલાલ નગીનદાસ વિમળચંદ

( દીલ્હી વાળા )



જેઓએ લડાઇના સમયમાં સરકારને તંબુઓ પુરા પાડી આખા દેશને સહાય કરી છે. હાલ સ્ટાર મેટલ (એન્ટીમની જેવી ધાતુનું આખા હિંદુસ્તાનમાં માત્ર એકજ કારખાનું ) ના મેનેજીંગ ડાયરેકટર. આ પુસ્તક છપાવવામાં જેઓએ રૂ. ૨૫૧) આપી સહાય કરી છે.

## कपडवंजनी औद्योगिक स्थिती

કપડવંજની વસ્તી આજથી સવાસો વર્ષ ઉપર માત્ર ૧૦ હજાર મનુષ્યની હતી છતાં તે ગામ કહેવાતું નહીં, પરંતુ તે કસ્બો કે શહેર કહેવાતું. હાલ પણ શહેર કહેવાય છે. કસ્બો કહેવાના કારણમાં અહીં પ્રમાણમાં શીયા અને સુન્ની બન્ને મળી મુસલમાનોની વસ્તી શહેરની વસ્તીના પ્રમાણમાં સેંકડે તેત્રીશ ટકા છે. આથી કસ્બો કહેવાય છે. શહેર કહેવાના કારણમાં આ શહેરની આસપાસની જમીન ખેતીપ્રધાન નથી પરંતુ ઉદ્યોગપ્રધાન છે. કપડવંજની દક્ષિણ દિશા બાદ કરીએ તો બાકીની ત્રણે દિશામાં કપડવંજની આજુબાજુના પાંચ માઇલ ફરતી જમીન 'ઉસર' એટલે ખારવાળી છે. પુર્વ દીશાએ અંતિસર ગામની નજીક એક વહેળો છે તે ચોમાસામાં નદીનુ સ્વરૂપ ધારણ કરે છે એટલે વધારે જથામાં પાણી વહે છે. તેનુ નામ 'ખારવો' છે. ખારવો એટલે ખારવાળો. મતલબ કે એ વહેળો જે જે સીમમાં થઇને જાય છે તે તે સીમની જમીન ખારવાળી બને છે. અંતિસરથી બે ત્રણ ગાઉ 'લસુંદ્રા' નામે ગામ છે ત્યાં ઉના તાઢા પાણીના કુંડ છે. તેની અને તે ગામની આજુબાજુ જમીન પણ લગભગ તેવી ને ઓછી ફળદ્રુપ છે. આવાં આવાં અનેક કારણથી કપડવંજમાં ખેડુત એટલે કણબી અને પાટીદારની વસ્તી ઓછી છે. 'કણબીવાડો' અને 'વછેવાડ' આ બે લત્તામાં કડવા કણબીઓની વસ્તી છે. તે આશરે સવાસોથી દોઢસો ઘરની એટલે પાંચસેથી સાતસેં માણસની હશે. તે હાલની વસ્તી સાથે સરખાવતાં સેંકડે ત્રણથી ચાર ટકાની છે. આનું કારણ સ્પષ્ઠ છે કે અહીંની જમીન ફળદ્રુપ નથી. અહીંની જમીનની કીંમત પણ ચરોતરની માફક બહુ નથી. એટલે સાધન સંપન્ન લોકોમાં ખેતી કરવા કરાવવાનો મોહ કે પ્રયત્ન પણ નથી. કણબી પાટીદારોની અછતના પ્રભાવે વગર સાધનવાળા મુસલમાન વર્ગ માત્ર ચોમાસા પુરતીજ ખેતી કરી બાકીના આઠ મહિના ગાડાં ફેરવવાનો અને મજુરીનો ધંધો કરે છે. કપડવંજની આસપાસની 'ઉસર' જમીનનો ઉપયોગ શેહેરની શરૂઆતથીજ સાબુ અને કાચના ઉદ્યોગમાં લેવાયાં જતો. 'ઉસર જમીનના તળીઆનો ભાગ ખારવાળી જાડી માટી (ઉસ) પણ રેતીથી પાતળી હોય છે અને ઉપરનો ભાગ ખાર પુટી નીકળી પોપડીવાળો થાય છે. એ પોપડીવાળો ભાગ લાવી તેને ભઠ્ઠીમાં ગોઠવી તેના થર ઉપર લાકડાંના થર એમ પાંચ સાત થર ગોઠવી તેની ચારે બાજુ ભઠ્ઠી ચણી તેને અગ્નિ સળગાવી એ ખારનો રસકરી ઠારે છે તેનું નામ 'કાચ'. આ કાચ જોઇએ તેટલો શુદ્ધ નહીં તેથી તેમાં ભાંગી જવાનો 'બરડપણા'નો ગુણ વધારે હોય છે. જેથી આ કાચ બીજા કાચનાં કારખાનામાં મોકલતાં ત્યાં તેને વધારે ચોકખો કરી બિલોરી કાચ બનાવતા. અહીં આ કાચનો ધંધો કરનાર 'સીસગર' નામવી મુસલમાનની એક જાત છે. આ ધંધામાં કાઠી એટલે લાકડાં

વગેરે બહુ મોંઘાં પડવાથી હાલમાં આ ધંધો બંધ પડયો છે. આ લોકોને આપણા વીશાનીમા વાણિઆની સરાફી પેઢીઓએ ઓછા વ્યાજે નાણાની સગવડ કરી આપી હતી. પછી તદ્દન કાચ ગાળવો બંધ થયો ત્યારે બીલોર કાચનો ભંગાર પરદેશથી મંગાવી આપી તેને ગાળી તેમાંથી કાચની પહોળા પટાની બંગડીઓ જેને પાટલીઓ કહે છે તેની બનાવટ તેમની પાસે કરાવી અને તે માલ વેચવાને મદ્રાસ પ્રાંતનું સ્થાન પણ શોધી આપ્યું. આ રસ્તે કંઈક ધંધો ચાલતો રાખ્યો પરંતુ પોતાના ધંધામાં બીલકુલ સુધારો કરવોજ નહીં એવી આદતવાળા સુસ્ત અને વ્યસની કારીગર વર્ગ ઉંચો આવ્યો જ નહીં. હાલમાં માત્ર નામશેષ 'સીસગર' વાડો રહ્યો છે. તેમની કંગાલીઅત, રહેવાનાં ને કારખાનાનાં ઝુંપડાં એ જૂના વખતની સ્થીતિનું પ્રદર્શન હાલના જમાનામાં પણ સજીવન રહ્યું છે. આ લોકોને આપણી કોમે ઓછી મદદ આપી નથી. છતાં, એ કાચના ઉદ્યોગની ને એ સીસગર લોકોની સ્થિતિ જોઈએ તેટલી સુધરી નથી. છતાં છેલ્લા વિશ્વયુદ્ધના વખતમાં તેઓની સ્થિતિ કંઈક સુધારા પર આવી છે.

હવે બીજો ઉદ્યોગ **સાબુનો.** પોપડી નીચેની ખારવાળી માટીને ભેગી કરી તેને ચણેલા કુંડમાં સાત આઠ દિવસ સુધી પાણીમાં રાખી તેમાંનો ખાર ઓગળાવી તે ઉપર આવે તે ખારવાળું પાણી એકઠું કરી તેને તાવડામાં અગ્નિથી ઉકાળી તેમાં 'ડોળીઉ' નાંખી બરાબર એ મિશ્રણ થાય ને પાણીનો ભાગ બળી જાય ત્યાં સુધી તેને અગ્નિ ઉપર રાખી પછી જે લોચાદાર થાય ત્યારે જમીન ઉપર પાથરી તેને ગુંદી ગુંદાવી ઠારી તેનાં ચકતાં કે ગોળ પાડી તે સાબુ તૈયાર કરતા. જ્યારે આ સાબુનો ઉપયોગ પૂરબહારમાં હતો ત્યારે અમદાવાદ શહેરમાં કપડવંજી અને પ્રાંતિજનો એમ બેજ સાબુનો વાપર વધારે હતો. તેની ગણત્રી પણ પ્રજામાં સારી હતી. અને તેથી અમદાવાદના વતની કવીશ્વર દલપતરામભાઈએ ગુજરાતની પ્રખ્યાત વસ્તુઓની કવિતામાં એક સ્ત્રી કે જેનો પતિ પરદેશ ગયો છે તેમને સંદેશો પાઠવે છે કે :—

## હરિગીત છંદ

'વળી કપડવંજી કાચા સાબુ, રહી સમીપ રચાવજો;
વળી ઘર દિશે વરસાદ પહેલાં આપ વહેલા આવજો.'

આ કવિતામાં પણ સૂચન છે કે સમીપ એટલે પાસે રહીને બનાવરાવજો. કારણ કે ત્યાંના કારીગરો જુના જમાનાના અને સુસ્ત છે માટે તમે પાસે રહી તેમને સુધારા બતાવી આ વસ્તુઓ તે સુધારા પ્રમાણે બનાવરાવી લેતા આવજો. કવિઓ કેટલી દેશ સેવા કરે છે? તેનો આ નમુનો. આ

ઉદ્યોગમાં આપણી નાતે ભાગ લીધો નથી. કારણ કે સાબુ બનાવવાની ક્રિયામાં જીવહિંસાનો સંભવ હોવાથી જૈન સંપ્રદાય પ્રમાણે આ ધંધો શ્રાવક માટે વિર્જ્ય છે. એટલે તે ધંધો કરવાની મનાઈ છે. આ ધંધામાં ઘણે ભાગે વોહોરાઓએ ભાગ લીધો હતો અને તેને સારી રીતે જમાવ્યો હતો. પરંતુ ક્રમભાગ્યે ઈ. સ. ૧૮૧૬ એટલે સંવત્ ૧૮૭૨ માં આ કપડવંજ અંગ્રેજ વ્યાપારીની કંપની સરકારના હાથમાં આવ્યું ત્યારથી આ ઉદ્યોગનાં પણ નાશનાં પગલાં બેઠાં. ઈ. સ. ૧૮૨૮માં વરાળયંત્રની શોધ થઈ ને તે પછી ત્રીશ વર્ષ થતાં થતાંમાં આગબોટ અને આગગાડી ધસારાબંધ આવવા લાગી. આવવા જવાનાં સાધન વધ્યાં, એટલે ખર્ચ તથા સમયનો પણ બચાવ થયો. જેથી કંપની સરકાર ઉપરાંત તમામ અંગ્રેજ પ્રજા હિંદુસ્તાન ઉપર વેપાર કરવા ઉતરી પડી. અને અહીંના કારખાનાને અનુકુળ વસ્તુઓ સસ્તી અને સરસ લાવી ઢગલાબંધ હિંદમાં ભરી દીધી; આથી આપણા કારખાનાં ખોટ ખાતાં થઈ ગયાં. સાબુના ઉદ્યોગમાં ઉસના ખારની જગાએ કૉસ્ટીક સોડા વપરાયો. અને તે પણ સસ્તો અને જોઈએ તેટલો મળે. વળી યંત્રોથી બીજા અનેક જાતના સાબુ દેશમાં ઢગલાબંધ આવ્યા. અને તે વળી સુગંધીદાર અને અહીંના સાબુ કરતાં સોંઘા. આથી આપોઆપ આ ઉદ્યોગ બંધ કરવો પડયો. તેના કારખાનાના માલીકો ને મજુરો બેકાર બન્યા તે મુંબાઈ આદિ સ્થળે ફુટપાથ ઉપર ધંધો શોધતા ફરવા લાગ્યા.

(૩) હવે ત્રીજો ધંધો કાપડના વણાટનો. હાથે કાંતેલા સુતરને હાથે વણતા વણકરોએ તૈયાર કરેલાં ધોતીઆં, પછેડીઓ, ગંજીઆં વિગેરે જથાબંધ થતાં વાહોરાઓ પાઘડીઓ વણતા. ઉંચ વર્ણની સ્ત્રીઓ રેંટિયાવતી હાથે સૂતર કાંતતી. ઈ. સ. ૧૮૨૮ પહેલાં તો આ કાપડ વણવાનો ધંધો પુરબહારમાં હતો. વળી આ ધંધો આપણી નાતના ઘણા લોકો પેઢીઓગતથી કરતા. ને તે 'દોસી વાણિઆ'ની અટકથી ઓળખાતા. કપડવંજી વીશા નીમાની નાતમાં ધંધા ઉપરથી અટકો પડેલી તેમાં મોટો ભાગ અનુક્રમે ગણિએ તો (૧) દોસી (૨) ગાંધી આ બે અટકોની સંખ્યા વધારે છે. જૂનો હાથ વણાટનો ધંધો બંધ પડયો ત્યારે પરદેશથી કાપડ મંગાવી અહીં કાપડીઆ તરીકે ઓળખાઈ તે કાપડ વેચવા માંડયું. હાલના જમાનામાં દરેક ધંધાના 'એસોશિએશન' સ્થપાય છે જેને જુના જમાનામાં મહાજન કહેતા. આપણે અહીં કાપડ એસોશિઅન તે બધાં એસોશિએશનો કરતાં પૈસેટકે માતબર અને મેમ્બરોમાં પણ વધારે સંખ્યાવાળું અને આપણી કોમના સાઠ પોણોસો ટકાવાળુ એસોશિઅન પહેલા નંબરનું ગણાય છે. આ ધંધાથી વીશા નીમા વાણિઆની આર્થીક સ્થીતિ ઠીક ઠીક જળવાઈ રહી છે.

(૪) ચોથો ધંધો લોખંડ વિગેરે ખનિજ ઉદ્યોગ. કપડવંજની આજુબાજુની જમીનમાં ડુંગરો અને ટેકરાઓ છે. તેને ખોદતાં તેની માટીમાં લાલ રજકણો વધુ જણાય છે. એ માટી લોખંડની કાચી ધાતુ છે એ નક્કી છે. આપણા શેઠીઆ કુટુંબ તરફથી અને વોહરા ગૃહસ્થોમાં મુર્હુમ ખાનબહાદુર મહુમદઅલી અબદુલકાદર કાંગા શેઠ તરફથી એ કાચી ધાતુની શોધ કરાવતાં સેંકડે ૪૮ ટકા લોખંડ છે એવો નિષ્ણાતોનો રિપોર્ટ આવેલો પરંતુ પાસે કોલસાની ખાણ જોઈએ તે નથી, તેમજ રેલ્વેથી અઠ્ઠાવીશ મૈલ દૂર (કારણકે આ રિપોર્ટ ઈ. સ. ૧૯૧૪ પહેલાંનો છે કે તે વખતે નડીયાદ કપડવંજ રેલ્વે નહોતી) તેથી ખર્ચ બહુ થવાનો સંભવ હોવાથી, એ ઉદ્યોગ જીવતાંવેંત તુરત મરણ શરણ થઈ ગયો છે.

(૫) ખેતીની પેદાશ ને તેનો વ્યાપાર એ છેલ્લામાં છેલ્લો કપડવંજનો ઉદ્યોગ ચાલે છે. ખેતીના ઉદ્યોગ વિષે આગળ કહેવાઇ ગયું છે. તેમ કપડવંજની તળની જમીનમાંથી કપડવંજની પ્રજાને પૂરૂં પડે તેટલું પણ અનાજ પાકતું નથી. બીજાં શહેરોની માફક કપડવંજને પણ અનાજની બાબતમાં પરાવલંબી થવું પડે છે. કપડવંજી પ્રજાને તો ગામડાંમાંથી અને બહાર દેશાવરથી ખોરાકની વસ્તુઓ મંગાવી તેને બદલે અહીંની વસ્તુઓ બહાર મોકલવાની ફરજ પડતી હતી, તે ફરજવાન્ ધંધો આ હેરફેર કરનાર વ્યવહારીઆ એટલે વ્યાપારીઓએ સ્વીકાર્યો. આ ધંધામાં જીવહિંસાનો સંભવ નહીં અને પોતાને જીવવાને ખોરાક તો જોઇએ એટલે આ સ્વાર્થ અને પરમાર્થ એ બન્ને કાર્ય સિદ્ધિવાળા ધંધામાં વીશાનીમાવણિકોએ શરૂઆતથીજ ઝંપલાવ્યું. અને તેમાં તેઓ ઠીકઠીક ફાવ્યા પણ ખરા. અને સૌમાં શ્રેષ્ઠ એટલે શેઠની પદવીને પામ્યા.

હવે જ્યારે જમીનમાંથી ઝાઝું પાકતું નથી ત્યારે તે જમીનનો ઉપયોગ શો હતો ? તેના જવાબમાં એમ જણાય છે કે કપડવંજ તાલુકાની દક્ષિણ દિશા સિવાયની ઇતર દિશાઓની જમીન 'માળ' નામે ઓળખાય છે. તે પડતર રહેવાથી ઘાસ પુષ્કળ થતું તેથી ઢોરની આબાદી સારી સચવાતી. વધુ ઘાસ પરદેશ જતું; દુધ-ઘી વિગેરે પૌષ્ટિક ખોરાકોની સોંઘવારી રહેતી. પરંતુ જ્યારે રેલ્વેનું સાધન થયું ત્યારે રાજપીપળા સંસ્થાનના લેઉવા પાટીદારો, કચ્છના કડવા પાટીદારો, કાઠીઆવાડી લુહારો અને સુથારો, દરજીઓ એ બધાંનાં આગમન કપડવંજમાં થયાં. તેમણે માળની જમીન ભાંગીને ખેતી લાયક બનાવી, તેમાં કપાસની ખેતી ખીલવી. બીજી જાતની જમીનમાં મગફળી, વલીઆરી, જીરૂ, ગવાર, ભીંડી વગેરે પાક જે જે જમીનને માફક આવે તેવા પાક આ નવા આવનારા ખેડુતોએ અને તેમની

# શા. વાડીલાલ મગનલાલ

( જીનવાળા )



જેઓએ કપડવણજમાં ઘણું મોટું સાહસ ખેડી પ્રથમ પંકતિની જીનીંગ ફેક્ટરી
નાખી, આપણી આખી કોમને રૂના બીઝનેસમાં નિર્ભર કીધા છે.
ધાર્મિક તેમજ વ્યવહારિક દરેક કામમાં પોતાના ટાઈમનો ભોગ આપી
સદાય આગળ પડતો ભાગ લે છે. આ પુસ્તક છપાવવામાં પણ
તેમણે રૂા. ૨૫૦) ની સહાય કીધી છે.

દેખાદેખી જુના ને આળસુ વતની ખેડુતોએ ઉગાડવા માંડયા. તે બધી વસ્તુઓ થોકબંધ કપડવંજના બજારમાં આવી ને તેનો વ્યાપાર બીજા વણિકો સાથે આપણા વણિકોએ ધમધોકાર ચલાવ્યો. કપાસની છત થવાથી તેને પીલી રૂ કાઢી તેની ગાંસડીઓ બાંધી મુંબઇ-અમદાવાદની મીલોના દરવાજે ખડી કરી દીધી. હાલ જેમ ભરુચ-આકોલા વિગેરે કપાસની વધુ પેદાશવાળા સ્થળોમાં રૂના ભાવ બોલાય છે ને વ્યાપાર ચાલે છે ને તે સ્થળોનું લીષ્ટ છે તે લીષ્ટમાં કપડવંજ વિજય એ નામ પણ દાખલ થઇ ગયું છે. 'વિજય' એ એક રૂની જાત અને તે કપડવંજની આસપાસની જમીનમાં વધારે પ્રમાણમાં થાય છે, અને એ રૂ બીજા દેશી રૂ કરતાં ઉત્તમ કોટીનું ને લાંબા તારનું બને છે. તેથી 'કપડવંજ વિજય' એ નામ વ્યાપારીઓના ભાવના લીષ્ટમાં દાખલ થઈ ગયું છે એ કપડવંજ માટે આ એકવીસમી સદીની શરૂઆતમાં શુભ નિશાની છે. રેલ્વે આવતા પહેલાં એક જીન બરાબર ચાલ્યું નહિ ને તેને બંધ કરવું પડયું. તે જગાએ કપડવંજમાં અત્યારે પાંચ-છ જીન ચાલે છે તેમાં આપણી નાતવાળાની બહુમતિ છે એ આવકારદાયક છે. કપાસની માફક મગફળીનો પાક પણ કપડવંજ તાલુકામાં સારો થાય છે તેને પીલી તેલ કાઢવાને 'તેલની મીલ' નામે ત્રણેક કારખાનાં ચાલે છે. તેમાં આપણી નાત તો હોયજ હોય. એમાં કંઈ નવાઇની વાત નથી.

આ સિવાય બીજી ચીજો વળીઆરી, જીરૂ એ વસ્તુઓ સેંકડો કળશી ભરી રાખનાર અને સમય સારો આવે પરદેશ વેચનાર વ્યાપારીઓમાં પણ આપણી નાતની બહુમતી છે. આ પરદેશી ખેડુતોએ આવી જમીનને ખેતી લાયક બનાવી તેમાં ખર્ચવા નાણાં જોઇએ એ નાણાં પોતાના દેશમાંથી સાથે લાવે તેવા સાધન સંપન્ન નહોતા. તેઓ તો ધન શોધવા આવ્યા હતા. તેમની સાહસિક વૃત્તિ જોઇ આપણા નીમા વાણિઆઓએ એ પરદેશી અને અજાણ્યા ખેડુતોને સાહસિક વૃત્તિથી નાણાં ધીર્યા ને તેના બદલામાં તેમની સુધારેલી જમીનમાં ભાગ પડાવી ઓછાવત્તા અંશે પોતે પણ જમીનદાર બની પોતાના વંશ વારસોને સુદૃઢ અને સુખી કરવામાં પાછા પડયા નથી. આ રીતે કપડવંજમાં અને બહારગામમાં ધંધો કરી, એક બીજાની અરસપરસ મદદ અને સહકારથી કપડવંજી વીશાનીમા વણિક મહાજનની સમસ્ત જ્ઞાતિ પોતાની અસલ સ્થિતિએ પહોંચવા ધસી રહી છે એ એક આનંદદાયક બીના છે.

આ ઉપરાંત પોતાની વંશપરંપરાગતની પરોપકાર વૃત્તિનો ઉપયોગ કરી પ્રજા સેવા કરવાનો સંતોષ મેળવવાના રસ્તા હાલના જમાનામાં બદલાયા છે. તે બદલાયેલા રસ્તાઓમાં પણ આપણા વણિકોમાંની સાધનસંપન્ન વ્યક્તિઓ

ઠીક ઠીક ઘસી રહી છે. સ્થાનિક મ્યુનિસીપાલીટીમાં આજથી વીશ વર્ષ અગાઉ જે માત્ર એકજ ગૃહસ્થ મેમ્બર તરિકે બીરાજતા તેના કરતાં વધારે ગૃહસ્થો અત્યારે મ્યુનિસીપાલીટીમાં બીરાજે છે એટલુંજ નહીં પણ તે બધા કામ કરવાની કમીટીના ચેરમેન પદે ચુંટાઈ પ્રજા સેવાનો લાભ મેળવે છે. તે ઉપરાંત લોકલબોર્ડની તાલુકા સમીતિ, જીલ્લા સમીતિ, પ્રજાહિતાર્થ સેવા મંડળ, સ્થાનિક સ્વરાજ્ય મંડળ, સેવાસંઘ, અને તેનું દવાખાનું ઇત્યાદિ પ્રજા મંડળનાં ગણાતાં અંગોમાં આપણા નીમા ગૃહસ્થો ઘણું સારૂં કામ કરી રહ્યા છે. તે ધન્યવાદને પાત્ર ગણાય-તેમની પછીની પેઢીના યુવાનોને આ અનુકરણીય છે. હાલ કાર્યકર્તા, ઓનરરી વર્કરો અને તેમના અનુગામીઓને પરમાત્મા સદ્‌બુદ્ધિ અને પ્રેરણા બળ આપો એવી પ્રાર્થના છે.

પ્રકરણ ૧૬ મું.

કપડવંજ વીશાનીમા વણિક મહાજનની જ્ઞાતિના ગોત્રની વેહેંચણી તથા તે બધા કુટુંબોની વંશાવલિ સં. ૨૦૦૫ ચૈત્ર સુદ ૧૫.

## કપડવંજ નિવાસી વીશાનીમા વણિકોના દરેક કુટુંબનાં ગોત્રના નામના મૂળ શબ્દો તેના સત્ય અર્થ જણાવનારૂં પત્રક.

कुलदेव-शामलाजी. कुलदेवी-सर्व मंगला.

| અનુક્રમ નંબર | કુટુંબના મુખ્ય માણસનું નામ | લોકભાષામાં તેમજ ચાલતી ગુજરાતી ભાષામાં બોલાતું ગોત્રનું નામ | સંસ્કૃત ભાષામાં ગોત્રનું નામ તથા તેના છુટા શબ્દો અર્થ સહિત | પ્રમાણ: हलायोपाख्यान ના ૨૮મા અધ્યાયના શ્લોકનો આંક | પ્રમાણ: शब्दचिंतामणि કોષ ના પૃષ્ઠનો આંક | પ્રાકૃત ભાષામાં ગોત્રનું નામ તેના છુટા શબ્દો તેના અર્થ સહિત | प्राकृत शब्दमहार्णव કોષ ના પૃષ્ઠનો આંક | अभिधानराजेन्द्र कोष ના ભાગ તથા પૃષ્ઠનો આંક | ગુજરાતીમાં તેના અર્થ અને ભાવાર્થ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧<br>૨ | શેઠ હીરજી અંબાઇદાસ<br>દોસી લક્ષ્મીદાસ કેસવદાસ | **સાખી** | शांखिक<br>शंख–શંખજેવી પવિત્ર દરીઆઇ વસ્તુ<br>इक–કરનાર, બનાવનાર | ૫૯<br>... | <br>૧૨૪૪ | संखिअ (शांखिक) મંગળવસ્તુ | <br>૧૦૩૯ | <br>ભા–૭<br>૬૫ | શંખ જેવી પવિત્ર દરિઆઇ વસ્તુઓનાં ઘરેણાં બનાવરાવી તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ शांखिक ને તે ઉપરથી લોક ભાષામાં **સાખી.** |
| ૩ | ગાંધી રછજી રહીઆ<br>ગાંધી જોઈતાદાસ રછજી<br>ગાંધી પરમાનંદ રછજી | **ધીઆણું** | घृतानयनकम्<br>घृत–ઘી<br>आनयन–લાવનાર<br>कम्–પાદપુરણુ અવ્યય | ૫૮<br>...<br>...<br>... | <br>૪૩૧<br>૧૪૪<br>૨૪૩ | <br>घिआणयण<br>घिअ–ઘી<br>आणयण લાવનાર | <br><br>૩૮૬<br>૧૩૮ | <br>ભા–૩<br>૧૦૪૦ | ઘીએ નૈવેધમાં પવિત્ર અને ખાસ જરૂરની વસ્તુ છે તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ घृतानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **ઘીઆણું.** |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | વસ્તા દોસી<br>દોસી જોઇતા પુંજીઆ વસ્તા<br>દોસી રતનજી પુંજીઆ વસ્તા<br>દોસી મીઠાભાઇ વસ્તા | મણીઆણા | मण्यानयनकम्<br>मणि હીરા પોખરાજ વિગેરે રત્નો<br>आनयन—લાવવું<br>कम्—પાદપુરણ અવ્યય | ૬૩<br>...<br>...<br>... | ૯૯૫<br>૧૪૪<br>૨૪૩ | मण्याणक्कम्<br>मणि—હીરા, રત્ન<br>आनकम्—લાવનાર | ૮૨૯<br>૧૩૮ | ભા. ૬<br>૯૭ | હીરા પોખરાજ આદિ ઝવેરાતનો ધંધો કરનાર વેપારીના જથાના ગોત્રનું નામ मण्यानयनकम् ને તે ઉપરથી લોકભાષામાં **મણીઆણા.** |
| ૫ | રંગજી દયાળદાસ શાહ | મચુઆણા | मंचानयनकम्<br>मंच—ઉંચું આસન ઉંચોમંડપ<br>आनयन—લાવનાર<br>कम्—પાદપુરણ અવ્યય | ૯૧<br>...<br>...<br>... | ૯૯૪<br>૧૪૪<br>૨૪૩ | मंचाणकम्—<br>मंच—ઉંચું આસન<br>आण—લાવવું<br>कम्—કરનાર | ૮૨૦<br>૧૩૭<br>૨૮૧ | ભા. ૬<br>૧૭ | લગ્ન, સભા, સાજનું, યજ્ઞ વિગેરે માટે મંડપ બાંધવાની અને તેને શણગાર વાની વસ્તુઓ રાખનાર અને તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ मंचानयनकम् ને તે ઉપરથી લોકભાષામાં **મંચઆણા.** |
| ૬<br><br>૭ | મહેતા કાલીદાસ જીવણદાસ<br><br>શાહ મુળચંદ ડાહ્યાભાઈ | નૈયાણક | न्यायानयनकम्<br>न्याय—ઇન્સાફ, કાયદો<br>आनयन—લાવનાર<br>कम्—પાદપુરણ અવ્યય | ૬૬<br>...<br>...<br>... | ૭૪૦<br>૧૪૪<br>૨૪૩ | णायकारिण<br>णायका—ન્યાયાધિશ<br>इण—કરનાર | ૬૦૫ | ભા. ૪<br>૨૦૦૫ | પ્રમાણિકપણાથી ઇન્સાફ કરનાર ને તે પ્રમાણે વર્તનાર જથાના ગોત્રનું નામ न्यायानयनकम् ને તે ઉપરથી લોકભાષામાં **નૈયાણક.** |
| ૮ | દોસી ભુધર તથા ત્રીકમજી કુંવરજી<br>દોસી દેવચંદ ભુધરદાસ<br>દોસી કુબેરદાસ ભુધરદાસ<br>દોસી ત્રીકમજી કુંવરજી | દત્તાણું | दत्तानयनकम्<br>दत्त—આપેલું દીધેલું સંભાળેલું, રક્ષેલું<br>आनयन—લાવનાર<br>कम्—પાદપુરણ અવ્યય | ૮૧<br>...<br>...<br>... | ૫૬૬<br>૧૪૪<br>૨૪૩ | दत्ताणयणं<br>दत्त—આપેલું સ્થાપિત. થાપણ<br>आणयणं—લાવનાર | ૫૫૯<br>૧૩૮ | ભા. ૪<br>૨૪૪૯ | આપેલું લાવનાર, ધીરધારનો ધંધો કરનાર વેપારીના જથાના ગોત્રનું નામ दत्तानयनकम् ને તે ઉપરથી લોકભાષામાં **દત્તાણું.** |

# કપડવંજ નિવાસી વીશાનીમા વણિકોના દરેક કુટુંબના ગોત્રના નામના મૂળ શબ્દો તેના સત્ય અર્થ સાથે જણાવનારૂં પત્રક.

કુલદેવ-શામળાજી. | કુલદેવી-સર્વ મંગળા.

| અનુક્રમ નંબર | કુટુંબના મુખ્ય માણસનું નામ | લોકભાષામાં તેમજ ચાલતી ગુજરાતી ભાષામાં બગડેલું ગોત્રનું નામ | સંસ્કૃત ભાષામાં ગોત્રનું નામ તથા તેના છુટા શબ્દો અર્થ સહિત | પ્રમાણ: ક્રિયાપાકલ્યાન ના ૨ ક્રમા અધ્યાયના શ્લોકનો આંક | પ્રમાણ: શબ્દચિંતામણિ કોષ ના પૃષ્ઠનો આંક | પ્રાકૃત ભાષામાં ગોત્રનું નામ તેના છુટા શબ્દો તેના અર્થ સહિત | प्राकृत शब्द महार्णव कोष ના પૃષ્ઠનો આંક | अभिधान राजेन्द्रकोश ના ભાગ તથા પૃષ્ઠનો આંક | ગુજરાતીમાં તેનો અર્થ તથા ભાવાર્થ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯<br><br>૧૦<br><br>૧૧ | મોદી રંગજી નાનાભાઇ લક્ષ્મીદાસ<br>શાહ શંકરલાલ જમનાદાસ દોલતચંદ<br>શાહ વાડીલાલ નાથજીભાઇ વજલપુર | કડુઆણા | कट्वानयनकम्<br>कटु-તીખોરસ તીખાશ<br>आनयन-લાવનાર<br>कम् પાદપુર્ણ અવ્યય | ૮૩<br>...<br>...<br>... | <br>૨૨૯<br>૧૪૪<br>૨૪૩ | कडुआणकम्<br>कडुअ-તીખા તથા કડવા રસવાળાં<br>आण-લાવવું<br>कम्-કરનાર | ૨૭૩<br>૧૩૭<br>૨૮૧ | ભા. ૩<br>૨૦૭ | તીખું, કડવું, તેલ સરશીયું ડોળીઉં કણઝીઉં વિગેરે તેલના વેપારીના જથાના ગોત્રનું નામ कट्वानयनक ને તે ઉપરથી લોક ભાષામાં **કડુઆણા.** |
| ૧૨<br>૧૨ અ | પરી. કરમચંદ ત્રીકમજી<br>પરી. નારણજી વસનદાસ | કુઠલાણા | कुष्टानकम्<br>कुष्ठल-પૃથ્વીની સપાટી-જમીન ભુમિસ્થળ<br>आनकम्-ઉત્તેજન આપનાર | ૬૧<br>...<br>... | <br>૩૨૭<br>૨૪૩ | कुट्ठाणाणु<br>कुट्ठाण-ખરાબ જગા<br>आणु-લાવનાર | ૧૩૮ | ભા. ૩<br>૫૭૮ | પુથ્વીની સપાટી એટલે જમીનનું સ્થાન જે તે જે યોગ્ય હોય તેવી નક્કી કરી આપનાર જથાના ગોત્રનું નામ कुष्टानक ને તે ઉપરથી લોક ભાષામાં **કુઠલાણા.** |
| ૧૩ | દોસી જીવણલાલ સુંદરજી | દહિઆણા | दध्यानयकम्<br>दधि-દહી<br>आनयन-લાવનાર<br>कम्-પાદપૂર્ણ અવ્યય | ૬૪<br>...<br>...<br>... | <br>૫૬૭<br>૧૪૪<br>૨૪૩ | दह्याणकम्<br>दहि-દુધના વિસર પામેલું રુપ<br>आण-લાવવું<br>कम्-કરનાર | ૫૬૪<br>૧૩૭<br>૨૮૧ | ભા. ૪<br>૨૪૮૭ | દહી-દુધ-માખણ વિગેરે લાવનાર અને તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ दध्यामयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **દહિઆણા.** |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | પટ્ટી મનસુખભાઈ પાનાચંદ | રૈહીઆણા | रायानयनकम्<br>रै–ધન-દોલત-સોનું<br>आनयन–લાવનાર<br>कम्–પાદપુરણ અવ્યય | ૬૭<br>...<br>...<br>... | ૧૧૦૫<br>૧૪૪<br>૨૪૩ | रांयाणकम्<br>रअअ–રૂપું-ચાંદી<br>आणकम्–લાવનાર | ૧૩૮ | ભા. ૩<br>૪૧૭ | ધન; દોલત, સોનું વિગેરે દ્રવ્ય લાવનાર અગર વાપરનાર જથાના ગોત્રનું નામ रायानयनकम् અને તે ઉપરથી લોક ભાષામાં **રૈહી-આણા.** |
| ૧૫ | ગાંધી ભવાનીદાસ જીવણદાસ | **કચ્છીઆણું** | कच्छाश्वानयनं<br>कच्छ–એ નામનો દેશ છે<br>अश्व–ઘોડા<br>आनयनं–લાવનાર | ૭૫<br>...<br>...<br>... | ૨૨૭<br>૧૧૫<br>૧૪૪ | कच्छास्साणयणं<br>कच्छ–એ નામનો દેશ છે<br>अस्स–घोडा<br>आणयणं–લાવનાર | ૨૬૬<br>૧૧૫<br>૧૩૮ | ભા. ૩<br>૧૮૩ | કચ્છ દેશમાંથી ઘોડા લાવી અહીં વેચનાર ઘોડાના વેપારી સોદાગરના જથાના ગોત્રનું નામ...... कच्छाऽश्वानयनम् ને તે ઉપરથી લોક ભાષામાં **કચ્છીઆણું.** |
| ૧૬ | તેલી ખાતુ ભીમભાઇ | **ખરીઆણા** | खरिकानकम्<br>खरिका–કસ્તુરીનો ભુકો<br>आनकम्–ઉત્તેજન આપનાર, લાવનાર | ...<br>... | ૩૮૭<br>૧૪૩ | खरिआणकम्<br>खरिआ–કસ્તુરીનો ભુકો<br>आण–લાવવું<br>कम्–કરનાર | ૦<br>૧૩૭<br>૨૮૧ | ભા. ૩<br>૭૨૩ | કસ્તુરી જેવી મોંઘી અને ઉપયોગી વસ્તુ બહાર દેશથી મંગાવી તેનો વેપાર કરનાર વણિકોના ગોત્રનું નામ खरीकानकम् ને તે ઉપરથી લોક ભાષામાં **ખરીઆણા.** |
| ૧૭ | દોસી દયાળ ભુલા તથા ભુખણ ભુલા | **ચંપાણક** | चम्पकानयनं<br>चम्पक–ચંપા નામનું સુગંધીદાર ફુલ<br>आनयन–લાવનાર | ૭૧<br>...<br>... | ૩૯૫<br>૧૪૪ | चम्पकाणयम्<br>चम्पक–ચંપાનું ફુલ<br>आण–લાવવું<br>कम्–કરનાર | ૩૯૫<br>૧૩૭<br>૨૮૧ | ભા. ૩<br>૧૦૯૭ | ચંપો આદી સુગંધીદાર અને સુરંગી ફુલનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ चंपकानयनं ને તે ઉપરથી લોક ભાષામાં **ચંપાણક.** |

# કપડવંજ નિવાસી વીશાનીમા વણિકોના દરેક કુટુંબના ગોત્રના નામના મૂળ શબ્દો તેના અર્થ સાથે જણાવનારૂં પત્રક.

કુલદેવ–શામલાજી. કુલદેવી–સર્વ મંગલા.

| અનુક્રમ નંબર | કુટુંબના મુખ્ય માણસનું નામ | લોક ભાષામાં તેમજ હાલની ગુજરાતી ભાષામાં બોલાતું ગોત્રનું નામ | સંસ્કૃત ભાષામાં ગોત્રનું નામ તથા તેના છુટા શબ્દો અર્થ સહીત | [illegible]ના ૧૪મા અધ્યાયના શ્લોકનો આંક | શબ્દચિંતામણિ કોષ ના પૃષ્ઠનો આંક | પ્રાકૃત ભાષામાં ગોત્રનું નામ તથા તેના છુટા શબ્દો અર્થ સહિત | પ્રાકૃતશબ્દમહાર્ણવ કોષના પૃષ્ઠનો આંક | અભિધાન રાજેન્દ્ર કોષના ભાગ તથા પૃષ્ઠનો આંક | ગુજરાતીમાં તેનો અર્થ તથા ભાવાર્થ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | ગાંધી રંગજી તુરીદાસ (ગાંધી હરજીવન રઘનાથ) | ગરીઆણા | गुर्वानयनकम्<br>गुरु–આચાર્ય ઘરના વડિલ<br>અથવા<br>गरिअस्–ઘણા મોટા ભાવ વાળા<br>आनयन्–લાવનાર<br>कम्–પાદપુરણ અવ્યય | ૫૮<br>...<br>...<br>...<br>... | <br>૪૧૫<br>૪૦૪<br>૧૪૪<br>૨૪૩ | गुरुआणकम्<br>गुरुअ–ધર્મોપદેશક<br>आण–લાવવું<br>कम्–કરનાર<br>गरियन्–મોટાપણું | <br>૩૭૪<br>૧૩૭<br>૨૮૧ | <br>ભા. ૩<br>૮૫૦ | ગુરૂઓને પૂજનાર અથવા મોટાપણાને ઇચ્છનાર એટલે ઉદાર મનવાળા, બીજાને મદદ કરવાની ઇચ્છાવાળા વણિકોના જથાના ગોત્રનું નામ गुर्वानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **ગરીઆણા.** |
| ૧૯ | પરી રંગજી રાઘવજી (પરી મનસુખભાઇ માણેકચંદ) | ચીખલાણા | चिक्कानयनकम्<br>चीक–સહનકરવું<br>आनयन्–લાવનાર<br>कम्–પાદપુરણ અવ્યય | ૮૦<br>...<br>...<br>... | <br>૪૬૫<br>૧૪૪<br>૨૪૩ | चिखअआणायणं<br>चिखअ–સહનશીલતા વાળો સહિષ્ણું<br>आणयणं–લાવનાર | <br>૪૦૭<br><br>૧૩૮ | ૦ | સહનશીલતા અને ધીરજવાન્ ગુણવાળા વણિકોના જથાના ગોત્રનુ નામ चिक्कानयमकम् ને તે ઉપરથી લોકભાષામાં **ચિખલાણા.** |
| ૨૦ | શાહ દયાળજી માધવજી અને દેવચંદ માધવજી | ગુલદાણા | गुडधानानयकम्<br>गुड–ગોળ સાકર<br>धाना–ધાણા<br>आनयनं–લાવનાર | ૯૦<br>...<br>...<br>... | <br>૪૫૩<br>૬૫૧<br>૧૪૪ | गुडधाणाणकम्<br>गुड–લાલસાકરે<br>धाणा–એકજાતનો મશાલો<br>आणकम्–લાવનાર | <br>૩૭૨<br>૬૦૦<br>૧૩૭ | <br>ભા. ૩<br>૯૦૫ | ગોળ-ધાણા-સાકર વિગેરે શુકનવંતી વસ્તુઓનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ गुडधानानयकं ને તે ઉપરથી લોક ભાષામાં **ગુલદાણા.** |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧<br>૨૨ | દોસી હરજીવન કુબેરદાસ નારાયણજી<br>પરી. નગીનદાસ વિમળચંદ | **મહીઆણા** | मह्यानयनकम्<br>मही–પૃથ્વી<br>आनयन–લાવનાર<br>कम्–પાદપુરણ અવ્યય | ૬૫<br>...<br>...<br>... | <br>૧૦૨૮<br>૧૪૪<br>૨૪૩ | मह्याणयण<br>मही–પ્રૃથ્વી, જમીન<br>आणयण–લાવનાર | <br>૮૪૫<br>૧૩૮ | ભા. ૬<br>૨૩૦ | જમીનનો ઉપયોગ કરીશકાય તેવી બનાવનાર જથાના ગોત્રનું નામ मह्यानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **મહીઆણા.** |
| ૨૩<br>૨૪ | શાહ નાનાભાઇ કીશોરદાસ તથા શાહ ત્રીકમદાસ કીશોરદાસ<br>શાહ મંગળદાસ શામળદાસ | **મયાણક** | मानानयनकम्<br>मान–માપવું<br>માપણી કરવી,<br>ચોકસાઇ કરવી<br>आनयन–લાવનાર<br>कम्–પાદપુરણ અવ્યય | ૮૯<br>...<br><br><br>...<br>... | <br>૧૦૩૪<br><br><br>૧૪૪<br>૨૪૩ | मयाणकम्<br>माण–માપ, પરીમાપ<br>मया–ચોકસાઇ કરવી<br>आणकम्–લાવનાર | <br><br>૮૪૯<br><br>૧૩૭ | ભા. ૬<br>૨૩૮ | વસ્તુઓના તોલ, માપ, વજન વિગેરેનું નિયમન કરનાર ચોક્કસ કરનાર તે માટે ત્રાજવાં કાટલાં જોખ વિગેરે રાખનાર વેપારીના જથાના ગોત્રનું નામ मानानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **મયાણક** |
| ૨૫<br>૨૬ | દોસી ભુધરજી ગોરધન મહુઆવાળા<br>શાહ ચુનીલાલ શામળદાસ | **હરીઆણા** | हर्यानयनकम्<br>हरि–ઘોડો<br>आनयन–લાવનાર<br>कम्–પાદપુરણ અ. | ૬૯<br>... | <br>૧૩૯૬<br>૧૪૪<br>૨૪૩ | हर्याणकम्<br>हरि–ઘોડો<br>आणकं–લાવનાર | <br>૧૧૮૫<br>૧૩૭ | ભા. ૭<br>૧૧૮૩ | ઘોડા લાવનાર ને વેચનાર સોદાગર વણિકોના જથાના ગોત્રનું નામ हर्यानयनकं ને તે ઉપરથી લોક ભાષામાં **હરીઆણા.** |
| ૨૭ | પરી. લક્ષ્મીદાસ રંગજી તથા પરી. પરભુદાસ રંગજી | કઠ | कुठकम्<br>कुठेरक–ધોળી તુલસી | ૭૮<br>... | <br>૩૧૦ | कुठ–ગાંધીની દુકાનેથી મળતી વસ્તુઓ | ૦ | ભા. ૨<br>૫૭૮ | સુગંધીદાર ધુપ, અત્તર ધુપેલ અગરબત્તી વિગેરે બનાવરાવી તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ कुठकम् ને તે ઉપરથી લોક ભાષામાં કઠ. |
| ૨૮ | દોસી કુંવરજી રતનજી | ગુડાણક | गुडानयनकम्<br>गुड–ગોળ<br>आनयन–લાવવું<br>कम्–પાદપુરણ અવ્યય | ૬૨<br>... | <br>૪૧૩<br>૧૪૪<br>૨૪૩ | गुडाणकम्<br>गुड–લાલસાકર ગોળ<br>आण–લાવનાર<br>कम्–કરનાર | <br>૩૧૨<br><br>૧૩૭<br>૨૮૧ | ભા. ૩<br><br>૯૦૫ | ગોળ લાવવાનું ઇચ્છનાર ગોળ જે સારા કામમાં વપરાય છે. ભગવાન ને નૈવેદ્યમાં ધરાવાય છે તેવી પવિત્ર વસ્તુ ગોળ તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ गुडानयनकम् ને તે ઉપરથી લોકભાષામાં ગુડાણક. |

# કપડવંજ સી નિવાવીશાનીમા વણિકોના દરેક કુટુંબના ગોત્રના નામના મૂળ શબ્દો તેના સત્ય અર્થ સાથે જણાવનારૂં પત્રક.

કુલદેવ—શામલાજી. કુલદેવી—સર્વ મંગલા.

| અનુક્રમ નંબર | કુટુંબના મુખ્ય માણસનું નામ | લોકભાષામાં તેમજ હાલની ગુજરાતી ભાષામાં ઝપાતું ગોત્રનું નામ | સંસ્કૃત ભાષામાં ગોત્રનું નામ તથા તેના છુટા શબ્દો અર્થ સહિત | પ્રમાણ: દ્વ્યાશ્રયમહાકાવ્યના ૨ જા અધ્યાયના શ્લોકનો આંક | પ્રમાણ: શબ્દચિંતામણિ કોષ ના પૃષ્ઠનો આંક | પ્રાકૃત ભાષામાં ગોત્રનું નામ તેના છુટા શબ્દો તેના અર્થ સહિત | પ્રાકૃત શબ્દ મહાર્ણવ કોષ ના પૃષ્ઠનો આંક | અભિધાન રાજેન્દ્રકોશના ભાગ તથા પૃષ્ઠનો આંક | ગુજરાતીમાં તેનો અર્થ તથા ભાવાર્થ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | ગાંધી ખેમચંદ શંકરદાસ | વિદ્રુમાણક | विद्रुममानयनम्<br>विद्रुम=પરવાળા<br>आनयनम्= લાવનાર | ૮૨ | ૧૧૭૭<br>૧૪૪ | विद्रुमाणकम्<br>विद्रुम–પરવાળા<br>अणकम्–લાવનાર | ૯૮૦<br>૧૩૮ | ભા. ૬<br>૧૧૯૫ | પરવાળા જે ઔષધમાં કામ આવેછે એ પરવાળાંના વપારીના જથાના ગોત્રનું નામ विद्रुमानयनम् અને તે ઉપરથી લોકભાષામાં **વિદ્રુમાણક**. |
| ૩૦<br><br><br><br>૩૧ | તેલી મનોહરદાસ રણછોડદાસ<br>તથા તેલી નારણદાસ રણછોડદાસ<br>નગીનદાસ મનસુખભાઇ | કચલાણા | कचानयनकं<br>कच–વાળ, કેશ<br>आनयन–લાવનાર<br>कम्–પાદપૂર્ણ અવ્યય | ૮૮<br>...<br>...<br>... | <br>૨૨૬<br>૧૪૪<br>૨૪૩ | कयाणुं<br>कय–કેશ, વાળ<br>आणु–લાવનાર | ૨૮૩<br>૧૩૮ | ભા. ૩<br>૩૪૫ | ઉન-રેશમ-વાળ વિગેરે લાવી તેને ઉપયોગી બનાવરાવી તેનો વેપાર કરનાર જથાના ગોત્રનુ નામ कचानयनकं ને તે ઉપરથી લોક ભાષામાં **કચલાણુ** ગોત્ર. |
| ૩૨ | દોસી ઓછવલાલ ખુશાલદાસ મનસુખભાઇ | જાણાણક | यानानयनं<br>यान–રથ, ગાડી, પાલખી, વિગેરે વાહન<br>आनयन–લાવનાર | ૮૫<br>...<br>... | <br>૧૦૭૨<br>૧૪૪ | जाणाणकं<br>जाण–રથાદિવાહનો નૌકા, જહાજ<br>आण–લાવવું<br>कम् કરનાર | ૪૪૧<br>૧૩૭<br>૨૮૧ | ભા. ૪<br>૧૪૪૯ | જવા આવવનાં સાધનો રથ ગાડી વહાણ હોડી વિગેરે સાધન રાખનારને પ્રજાને પુરાં પાડનાર જથાના ગોત્રનું નામ यानानयनं ને તે ઉપરથી લોક ભાષામા **જાણાણક**. |

## કપડવંજ નિવાસી વીશાનીમા વણિકોના દરેક કુટુંબના ગોત્રના નામના મૂળ શબ્દો તેના અર્થ સાથે જણાવનારૂં પત્રક.

कुलदेव–शामलाजी. कुलदेवी–सर्व मंगला.

| અનુક્રમ નંબર | કુટુંબના મુખ્ય માણસનું નામ | લોક ભાષામાં તેમજ ગુજરાતી ભાષામાં બોલાતું ગોત્રનું નામ | સંસ્કૃત ભાષામાં ગોત્રનું નામ તથા તેના છુટા શબ્દો અર્થ સહીત | हलायुधकोश ના ૧૪મા અધ્યાયના શ્લોકનો આંક | शब्दचिंतामणि कोश ना पृष्ठनो आंक | પ્રાકૃત ભાષામાં ગોત્રનું નામ તથા તેના છુટા શબ્દો અર્થ સહિત | પાઇઅસદ્દમહણ્ણવ કોશના પૃષ્ઠનો આંક | અભિધાન રાજેન્દ્ર કોશના ભાગ તથા પૃષ્ઠનો આંક | ગુજરાતીમાં તેનો અર્થ તથા ભાવાર્થ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૩ | શાહ ફીલાચંદ જેઠાભાઇ દ્રાપરાવાલા | વડવાણા | वडवानयनकम्<br>वाडव–સમુદ્રનો અગ્નિ<br>आनयनम्–લાવનાર<br>कम्–પાદપૂર્ણ અવ્યય | ૮૪<br>…<br>…<br>… | <br><br>૧૧૫૨<br>૧૪૪<br>૨૪૩ | वडवाणकम्<br>वडवा–સમુદ્રનો અગ્નિ<br>आण–લાવવું<br>कम्–કરનાર | <br><br>૬૨૦<br>૧૩૭<br>૨૮૧ | ૦ | સમુદ્રનો અગ્નિ વડવાનલ જેવા શ્રેષ્ટ અગ્નિ સંબંધી જ્ઞાન ધરાવનાર, દાવાનલ વિગેરે જે દેખરેખ રાખનાર જથાના ગોત્રનું નામ वडवानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં **વડવાણા.** |
| ૩૪ | શાહ અમીચંદ વિઠ્ઠલભાઇ | વીડવાણું | विधानानयनम्<br>विधान–વીધિ કરવાની રીત પ્રકાર<br>आनयनं-લાવનાર | ૭૧<br><br>…<br>… | <br><br>૧૧૭૭<br>૧૪૪ | विहाणाणयणं<br>विहाण–શાસ્ત્રોક્ત વિધી રીત<br>आणयणं–લાવનાર | <br><br>૧૦૧૧<br>૧૩૮ | <br><br>ભા. ૬<br>૧૨૭૪ | ધાર્મિક ક્રિયામાં શાસ્ત્રોક્ત વીધીથી પદ્ધતિ બતાવનાર વીધીપુર્વક કામ કરવાનું જાણનાર વિદ્વાનોના ગોત્રનું નામ विधानानयनम् ને તે ઉપરથી **વીડવાણું.** |
| ૩૫ | શાહ છોટાલાલ ચુનીલાલ | | | | | | | | |
| ૩૬ | શાહ ખેમચંદ ગોવિંદજી કરોળીવાલા | નીરાણું | नीरानयनकम्<br>नीर-પાણી-જળ-રસ<br>आनयन–લાવનાર<br>कम्–પાદપૂર્ણ અવ્યય | ૮૬<br>…<br>…<br>… | <br>૭૨૯<br>૧૪૪<br>૨૪૩ | णीराणकं<br>णीर–પાણી–જળ<br>आण–લાવવું<br>कम्–કરનાર | <br>૬૨૦<br>૧૩૭<br>૨૮૧ | ભા. ૪<br><br><br>૨૧૫૩ | જળ માર્ગે વેપાર કરનાર અને પાણીના પરબો વિગેરેની વ્યવસ્થા કરનાર જથાના ગોત્રનું નામ नीरानयनकम् ને તે ઉપરથી **નીરાણું.** |
| ૩૭ | શાહ હરજીવન મૂળજીદાસ | મંડઆણું | मंडनानयनम्<br>मंडन–ઘરેણા શણગાર આભુષણ<br>आनयानं–લાવનાર | ૮૭<br><br>…<br>… | <br><br>૮૮૬<br>૧.૪ | मंडणाणम्<br>मंडण–આભૂષણ શણગાર<br>आणम्–લાવનાર | <br><br>૮૨૧<br>૧૩૮ | <br><br>ભા. ૬<br>૧૮ | દાગીના ઘરેણાં અલંકાર વિગેરે તૈયાર કરાવી વેચનાર વેપારીના ગોત્રનું નામ मंडनानयनं ને તે ઉપરથી લોક ભાષામાં **મંડઆણું.** |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૮ | શનીલાલ જેચંદદાસ શાહ | જીયાણુક | जीवानयनकम्<br>जीव–ચૈતન્ય<br>ઉત્સાહ, પ્રેરણુ<br>आनकम्-ઉત્તેજન આપનાર | ...<br>...<br>... | <br>૫૦૧<br><br>૧૪૪ | जियाणंकम्<br>जिय-પરાભવ પામેલા, જીતાએલા<br>आणकम्-ઉતેજન આપનાર | <br>૪૪૪<br><br>૧૩૮ | <br>ભા. ૪<br><br>૧૫૧૧ | હારેલાઓને અને નિર્બળ નિરુત્સાહિ થયેલાને જીવન વ્યવહારની વસ્તુઓ આપી તેમને જીવવાને તૈયાર કરનાર દવાળુઓના ગોત્રનુ નામ जीवानयनकम् ને તે ઉપરથી લોક ભાષામાં અને તેમજ ગુજરાતીમાં **જીયાણુક**. |
| ૩૯ | ગાંધી નહાલચંદ કાલીદાસ કાપરાવાલા | **કંબલાણુ** | कम्बलानयनकम्<br>कम्बल-કામળો<br>ધાબળી-શાલ વિગેરે ઉનની વસ્તઓ<br>आनयन-લાવનાર<br>कम्-પાદપૂર્ણ અવ્યય | ૭૦<br>...<br><br>...<br>... | <br>૨૪૪<br><br>૧૪૪<br>૨૪૩ | कम्बलाणकम्<br>कम्बल-કામળી ઉનનાં કપડાં<br>आणक-લાવનાર | <br>૨૬૭<br><br>૧૩૭ | <br>ભા. ૩<br><br>૧૭૯ | ઉનની વસ્તુએ. કામળી, ધાબળી શાલ વિગેરે ગરમ કાપડ બનાવરાવી તેના વેપાર કરનારના ગોત્રનું નામ कम्बला नयनकम् ને તે ઉપરથી લોકભાષામાં **કમ્બલાણુ**. |
| ૪૦ | શાહ બાલુભાઇ ખુશ્યંદદાસ | **માણિક્રાણુ** | माणिक्यानयनम्<br>माणिक्य-રાતા રંગના ઝવેરાતની એકજાત માણેક<br>आनयनं-લાવનાર | ૭૨<br>...<br>... | <br>૧૦૩૨<br>૧૪૪ | माणिक्राणकम<br>माणिक्र-માણેક<br>आण-લાવવું<br>कम्-કરનાર | <br>૮૦૬<br>૧૩૭<br>૨૮૧ | <br>ભા. ૬<br>૨૪૫ | માણેક એ રાતા રંગની ઝવેરાતની ખનિજ વસ્તુ છે તેનો વેપાર કરનાર જથાના ગોત્રનું નામ माणिक्यानयनकम् તે ઉપરથી લોક ભાષામાં **માણિક્રાણુ** |
| ૪૧ | શાહ શાંતીલાલ છોટાલાલ શીવલાલ | **કુડાણુક** | कुटानयनकम्<br>कूट–પત્થર ભાંગવાનો લોખંડનો હથોડો, ઘણુ<br>आनयन–લાવનાર<br>कम्–પાદપુરણુ અવ્યય | ૭૯<br>...<br>...<br>... | <br>૩૦૮<br>૧૪૪<br>૨૪૩ | कुडाणकं<br>कुड–લોખંડનો હથોડો<br>आणकम्–લાવનાર | ० | ભા. ૩<br>૫૭૮ | લોખંડની વસ્તુઓના વેપારીના તથાના ગોત્રનું નામ कूटानयनकम् તે ઉપરથી લોક ભાષામાં **કુડાણુક** |

**સૂચના**-(૧) સંસ્કૃતમાંથી પ્રાકૃત ભાષામાં ઘણા વ્યાકરણના નિયમો છે તેમાંથી આપણે જરૂર પુરતા થોડા લખ્યા છે.

(૧) પ્રાકૃતમાં "न" ને બદલે ण વપરાય છે. જુઓ પા. श. म. કોષનું પૃષ્ટ ૬૦૫

(૨) "य" ને બદલે "જ" અને "ट" ને બદલે "ड" ઘણે ભાગે વપરાય છે

— शुभं भवतु —

## કપડવંજ નિવાસી વીશાનીમા મહાજન સમગ્રના એકતાલીસ કુટુંબોની વંશાવલીઓ

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૧ | શેઠ અંબાઇદાસ | **શાંખિક**-સાખી |

- શેઠ અંબાઇદાસ
  - હીરજીભાઈ
    - કરસનદાસ
      - વ્રજલાલભાઈ
        - જયચંદભાઈ
          - કેવળભાઈ
            - પ્રેમાભાઈ
              - જેશીંગભાઈ
                - નિર્મળાબ્હેન
                  - દિનેશ્ચંદ્ર
      - મોતીચંદ
        - લલ્લુભાઈ ૦ = માણેકશેઠાણી ૦
        - દોલતભાઇ
        - શીવાભાઇ ૦
    - વૃંદાવનદાસ ૦
    - ગુલાલચંદ
      - લાલચંદ
        - નથુભાઇ = અમૃતશેઠાણી
          - શામળભાઈ
            - માણેકશેઠાણી
              - મણીભાઇ = જડાવશેઠાણી
                - ચંપાબ્હેન
                  - રમણભાઈ (બાબુભાઇ)
                    - સુલોચનાબ્હેન
                  - અજીતભાઇ
                    - જયેશ
                    - બાબો
            - રૂક્ષ્માણીશેઠાણી
              - મોતીબેન
          - ગિરધરભાઇ ૦
          - નહાલચંદભાઇ ૦
      - મીઠાભાઇ

કુટુમ્બનો નંબર
૨

## વંશાવલીઓ

ગોત્રનું નામ.
**શાંખિક** સાખી.

- કેશવદાસ
  - લક્ષ્મીદાસ
    - શાંતીદાસ
      - રણછોડદાસ
        - હીમચંદભાઇ
          - પોપટલાલ
            - કનૈયાલાલ
            - ધનવંત
            - બાબો
          - બાબુ
            - સેવંતિ
            - મહેંદ્ર
            - મનુ
            - કનુ
          - મુકુંદલાલ
            - પ્રવિણ
            - સનદ
          - કસ્તુરલાલ
          - પાનાચંદ

## કુટુંબ નંબર ૩


હંસરાજ ગાંધી
રહીઆ ગાંધી
રૂડજી ગાંધી
જોઇતાદાસ
ગુલાબચંદ
લીંબાભાઇ
વાડીલાલ
પાનાચંદ
નગીનદાસ
રમણલાલ
મણીલાલ
બાલુભાઈ
ચંપાબેન દિક્ષીત
ચીનુભાઇ
કૃષ્ણલાલ
ભાનુભાઇ
પ્રવિણદાસ
નવનિધ
રવીંદ
વસંત
ચન્દ્રકાન્ત
વિનોદ
ફોગલાલ
મનુભાઇ
અનિલ
બાબુ
રમણભાઇ
મફતલાલ
રાજેંદ્રલાલ
સુરેન્દ્રલાલ
મનુભાઇ
ગોપાલદાસ
પ્રેમચંદભાઇ
મગનલાલ
ચંદુલાલ
રતનચંદ
રસિકલાલ
અજીતસીંગ
સારાભાઈ
હરજીવનદાસ
અમરચંદ
તારાચંદ
મોહનભાઈ
કાલીદાસ
ચંદુલાલ
બાબુભાઇ
રતીલાલ
કસ્તુરલાલ
શાંતીલાલ
બચુ
પદ્મકાન્ત
જગદિશ
વિનોદ
ઇન્દુ
સીરીશ
રમણલાલ
બચુ
ભુરાભાઈ
પાનાચંદ
છોટાલાલ
છગનલાલ
શંકરલાલ
કસ્તુરલાલ
મફતલાલ
અરૂણ
નાનુ
કેશવલાલ
સુંદરબેન દિક્ષીત
જેસીંગલાલ
નેમચંદ
દિનેશ
બાબુ



પરમાનંદદાસ
કેવળદાસ
ખુશાલદાસ
મનસુખભાઇ લલ્લુભાઇ છોટાલાલ વ્રજલાલ
મોતીચંદ
ઝવેરચંદ
કેદરભાઈ કાલીદાસ પુનમચંદ રણછોડભાઇ
દોલતચંદ મગનલાલ છગનલાલ
વીરચંદ
મણીલાલ
કસ્તુરભાઇ
બાલાભાઈ દલસુખભાઈ
ગણુભાઈ ચંદુલાલ
ચુનીલાલ કેશવલાલ મંગુભાઈ
મણીલાલ કેશવલાલ
નગીનલાલ
સવાઇલાલ
રતીલાલ ઉત્તમલાલ
કસ્તુરભાઇ મુકુંદલાલ રમણલાલ પોપટલાલ
ઊમાકાન્ત ઇન્દુ ગીરીશ
ધનવંત
જગદિશ પ્રફુલ્લ
બચુ
દિલીપ વિપીન
મહેન્દ્ર પદ્મકાન્ત
ભુપેન્દ્ર જ્યોતિન્દ્ર નેમચંદ રમણ મનુ વિનોદ
કુબેરદાસ જેચંદભાઇ ભાઇચંદભાઇ
મનસુખભાઈ
ખેમચંદ
રતનચંદ
પ્રેમચંદ ગીરધરલાલ
મુળજીભાઈ
દલસુખભાઈ
છગનલાલ
છગનલાલ
ઓચ્છવલાલ મણીલાલ વાડીલાલ કેશવલાલ ચંદુલાલ
ગિરધરલાલ
ચંપાવતિ બચુભાઇ બાબો
દિક્ષીત
બહેનબીખી
શંકરલાલ
ચંદુલાલ
રમણલાલ શાંતીલાલ કીકાભાઇ
નેમચંદ કસ્તુરલાલ કુમુદ
વાડીલાલ નાનાચંદ નરેન્દ્ર
રમણલાલ જયંતીલાલ
કીકાભાઇ કસ્તુરભાઇ
બાબો
રસિક વેણીચંદ રાજેન્દ્ર
અરૂણ
અરવિંદ દિનેશ
મહેન્દ્ર

**કુટુમ્બનો નંબર**
**૪**

**વંશાવળી**





મીઠાદાસ દોસી
રતનજી
મોતીચંદ
પ્રભુદાસ
લાલદાસ
દોલતચંદ
ખેમચંદ
વીરચંદ
હરજીવન
૦
જેચંદભાઇ
૦ ગીરધરલાલ
છગનલાલ
હીરાચંદ
કરમચંદ
ચુનિલાલ
શંકરલાલ
ચીમનલાલ
શંકરલાલ
પુનમચંદ
મંગળદાસ
વાડીલાલ
વાડીલાલ
મંગળદાસ
કાન્તીલાલ
મનકશ્રીજી
સવાઇલાલ
નવનીધ
ભૂપેન્દ્ર
બાબુ
નગીનલાલ
ઓછવલાલ
વિનોદ
ધનવંત
રતીલાલ
રમણલાલ
રતીલાલ
બાબુભાઈ
પોપટલાલ
બાબો
બીપીન
દીલીપ
મહેંદ્ર
નિરંજન
નાનો
જશવંતલાલ
પોપટલાલ
બાબુ
નવીન
બાબો
બચુ
ખેમચંદભાઇ
મુળજીભાઇ
ગુલાબચંદ
મંગળદાસ
હરજીવન
તારાચંદ
લલ્લુભાઇ
બ્હેન ધીરજ ૦
ચુનિલાલ
લીંબાભાઇ
છોટાલાલ
મંગળદાસ
૦
૦
સમરતબ્હેન
ચંપાબ્હેન
સુમલયાશ્રીજી
શંકરલાલ
ગીરધર
ચંદુલાલ
ચીમનલાલ
કાન્તીલાલ
નીતિન
બાબો
યોગેન્દ્ર
હેમેન્દ્ર
સીરિષ
બાબો
અશોક
બંકિમ

કુટુમ્બનો નંબર ૫ | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ મંચાનયનકમ્–મચ્છુઆણા.



**કુટુમ્બનો નંબર ૬**

કુટુંબના મુખ્ય પુરૂષનું નામ

ગોત્રનું નામ: ન્યાયાનયનકમ્–નૈયાણુક.

- જીવણદાસ મહેતા
  - કાલીદાસ મહેતા
    - છોટાલાલ
      - શંકરલાલ
        - કેશવલાલ
          - જયન્તિલાલ
            - પન્નાલાલ
            - હેમેન્દ્ર
            - બાબો
          - મુકુંદલાલ
            - કિરિટ
        - રમણલાલ
    - મગનલાલ
      - ત્રંબકલાલ
        - હર્ષદરાય
      - કાન્તીલાલ = ધીરજબ્હેન = દિક્ષીત ધનશ્રીજી
        - પદમકાન્ત
          - રાજેન્દ્ર
          - બાબો
        - શરદ્ચંદ્ર
          - ૦
        - દમયન્તીશ્રીજી

---

**કુટુમ્બનો નંબર ૭**

કુટુંબના મુખ્ય પુરૂષનું નામ

ગોત્રનું નામ: ન્યાયાનયનક–નૈયાણુક.

- મૂળચંદભાઇ
  - રમણલાલ
    - બાબુ
    - હસમુખ
    - જશવંત

**કુટુમ્બનો નંબર ૮**

**કુટુંબના મુખ્ય પુરૂષનું નામ**
**કુંવરજી દોસી**

- કુંવરજી દોસી
  - ભુધર દોસી
    - દેવચંદ
      - ખુશાલદાસ
        - જમનાદાસ ૦
      - લક્ષ્મીદાસ
        - હરજીવન
          - ચુનિલાલ •
          - મંગળદાસ •
        - રણછોડભાઇ
          - નહાલચંદ
            - વિનયશ્રીજી
            - વિદ્યાશ્રીજી
            - વાડીલાલ
              - નંદાશ્રીજી
              - રમણલાલ
                - શશીકાન્ત
                - મહેન્દ્ર
                - મહેશ
              - હેમેન્દ્રશ્રીજી
              - જયન્તિલાલ
                - કીરિટ
                - દલિઓ
                - બાબો
              - સેવન્તીલાલ
            - કસ્તુરભાઈ
              - કાન્તાશ્રીજી
              - રાજેન્દ્ર
              - કંચનશ્રીજી
              - હેમેન્દ્ર
              - સ્વયંપ્રભાશ્રીજી
            - જેશીંગભાઇ
            - રતીલાલ
              - વિનયકુમાર
            - સવાઇલાલ
          - બાલાભાઇ
            - રતીલાલ
              - રમેશ
    - લાલદાસ ૦
    - કુબેરદાસ
      - ગુલાબચંદ
        - છગનલાલ
          - જેઠાલાલ ૦
        - રણછોડ
          - દોલતચંદ
            - શામળદાસ
              - કસ્તુરભાઇ
                - રાજેન્દ્ર
                - મહેન્દ્ર
                - ભરત
            - શંકરલાલ
              - રતીલાલ
                - અશોક
                - ઈન્દુ
        - કરમચંદ
          - નાલચંદ
            - પુનમચંદ
              - રમણલાલ
                - ચીનુભાઈ
                - સીરીશ
                - ભોપો
              - હીંમતલાલ
                - ધનવંત
                - સુરેન્દ્ર
              - મુકુંદ
                - બાપીન
                - બાબો
            - ઓચ્છવલાલ
              - ચંપક
              - રસિક
              - અરવિંદ

ગોત્રનું નામ
દત્તાનયનકમ્-દત્તાણુકં.



**કુટુમ્બનો નંબર ૯**

કુટુંબના મુખ્ય પુરૂષનું નામ: મોદી રંગજી નાનાભાઇ

ગોત્રનું નામ: કટ્ટાનયનકમ્-કડુઆણા.

- છબીલદાસ
  - લાલદાસ
    - મુળજીભાઇ
      - દોલતચંદ
        - લીંબાભાઇ (•)
        - શંકરલાલ
          - બાબુભાઈ
    - પાનાચંદ (૦)
    - કરસનદાસ (૦)
- મંગળજી
  - જેઠાલાલ
    - રતનચંદ
      - વાડીલાલ દિક્ષીત
        - હીરાલાલ
          - પોપટલાલ
          - <u>જશશ્રીજી</u>
          - જશવંતલાલ
            - બાબો
          - <u>કંચનશ્રીજી</u>
          - પ્રવીણચંદ્ર
          - જીતેન્દ્ર
          - ઇન્દુકુમાર
      - છગનલાલ
        - કાન્તીલાલ
          - નરેન્દ્ર
          - વિનોદ
          - દિનેશ
          - હસમુખ
      - મગનલાલ દિક્ષીત
      - છોટાલાલ (૦)
    - ગીરધરલાલ (૦)
- શવદાસ
  - અમીચંદ
    - મોતીચંદ
      - જમનાદાસ
        - સોમાભાઇ
          - વાડીલાલ
            - શાંતીલાલ
            - <u>જયંતસાગરજી</u>
            - અણુ
            - ધનવંત
            - કેસરીચંદ્ર
            - રમેશ
          - કેશવલાલ
            - સવાઇલાલ
            - દિનેશ
            - જીતેન્દ્ર

---

**કુટુમ્બનો નંબર ૯ અ**

કુટુંબના મુખ્ય પુરૂષનું નામ: મોદી લક્ષ્મીદાસ

ગોત્રનું નામ: કટ્ટાનયનકમ્-કડુઆણા.

- ધર્મચંદ
  - માણેકચંદ
    - દોલતચંદ
      - સોમાભાઈ
        - નગીનલાલ
          - પોપટલાલ
            - પ્રવિણચંદ્ર
            - હેમેન્દ્ર
  - કેવલદાસ
    - આદિતલાલ
      - શંકરલાલ
        - જયન્તિલાલ (•)
    - <u>લલ્લુભાઇ</u> દિક્ષીત
      - <u>ચુનીલાલ-ચારિત્રસાગર</u>
      - <u>વાડીલાલ-વિનયસાગર</u>
        - <u>ચંપકલાલ-ચંદ્રોદયસાગર</u>
- હરિભાઇ
  - કરમચંદ (૦)
  - વ્રજલાલ (૦)
  - લલ્લુભાઇ
    - અંબાલાલ (૦)

**કુટુમ્બનો નંબર ૧૦**

ગોત્રનું નામ
कण्वानयनकम्–કડુઆણા.

- મોતીચંદ
  - હીંમતલાલ
    - ચુનિલાલ
      - o
  - દોલતચંદ
    - જમનાદાસ
      - શંકરલાલ
        - રમણલાલ
          - o

---

**કુટુમ્બનો નંબર ૧૧**

ગોત્રનું નામ
कण्वानयनकम्–કડુઆણા.

- નાથજીભાઈ (વેજલપુરવાલા)
  - વાડીલાલ
    - કાન્તીલાલ
    - કેશવલાલ

---

**કુટુમ્બનો નંબર ૧૨**

ગોત્રનું નામ
कुष्ठानकम् - કુઠલાના.

- ત્રિકમજી
  - કરમચંદ
    - જમનાદાસ
      - વાડીલાલ (ચંપાબ્હેન = = પરધાનબ્હેન)
        - બાબુભાઈ
          - સુલોચનાબ્હેન
        - અજીતભાઈ
          - જયેશ
          - બાબો
        - જયન્તિલાલ
          - શ્રીકાન્ત
      - શંકરલાલ
        =મોતીબ્હેન
        મંગળશ્રીજી
      - કેશવલાલ
        - જયેન્દ્ર (મફતલાલ)

---

**કુટુમ્બનો નંબર ૧૨ અ**

ગોત્રનું નામ
कुष्ठानकम्–કુઠલાના.

- વસનદાસ
  - નારણદાસ
    - નહાલચંદભાઈ
      - ચુનિલાલ
        - ફતેહચંદ
        - મહેન્દ્ર

**કુટુમ્બનો નંબર ૧૩**

કુટુંબના મુખ્ય પુરૂષનું નામ
ભુલા ગણેશ દોસી

ગોત્રનુ નામ
દ્રવ્યાનયનકમ્-દહીઆણા.

- સુંદરજી
  - જીવણલાલ
    - લલ્લુભાઇ
      - પુનમચંદ
        - સોમાભાઈ
          - જેશીંગલાલ
            - બાબુલાલ
            - કનૈયાલાલ
            - રાજેન્દ્ર
          - ડૉ. રમણલાલ
          - ચીનુભાઈ
        - કેશવલાલ
          - મફતલાલ
        - ચંદુલાલ
          - હસમુખલાલ
          - <u>પ્રિતિશ્રીજી</u>

---

**કુટુમ્બનો નંબર ૧૪**

કુટુંબના મુખ્ય પુરૂષનું નામ
અંબાઇદાસ પરિખ

ગોત્રનું નામ
રાયાનયનકમ્-રૈહીઆણા.

- ગુલાબચંદ પરિખ
  - પાનાચંદ પરિખ
    - મનસુખભાઇ
      - હીંમતલાલ ૦
      - ઓચ્છવલાલ
        - <u>તારકશ્રીજી</u>
        - જેશીંગભાઇ ૦
        - રતીલાલ
          - પંકજ
          - અભય
      - વાડીલાલ
        - કસ્તુરલાલ ૦
      - ચીમનલાલ ૦
    - પુનમચંદ ૦
    - પ્રેમચંદ ૦

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૧૫ | જીવણદાસ ગાંધી | કચ્છાયાનયનમ્--કચ્છીઆણા. |

- જીવણદાસ ગાંધી
  - ભવાનીદાસ
    - રતનજી
      - ભાઈચંદભાઈ
        - તારાચંદ •
        - મગનલાલ (દીક્ષા)
          - મણીલાલ (દીક્ષા) મણિવિજયજી
          - હીમચંદ (દીક્ષા) સાગરાનંદ સૂરિશ્વરજી
    - રૂઘનાથ
      - પાનાચંદ
        - દેવચંદભાઈ
          - છોટાલાલ •
          - વાડીલાલ
            - કસ્તુરભાઈ
              - ફતેહચંદ
                - બાબો
              - જયોતિન્દ્ર
            - રમણલાલ
              - ચંદ્રકાન્ત
              - બચુ
        - ગિરધરભાઈ
          - બાલાભાઈ
            - ચીમનલાલ ०
              - જીનમતિબ્હેન
              - ભદ્રાબ્હેન
            - પોપટલાલ
              - જીતેન્દ્ર
    - ભક્તિદાસ
      - ખેમચંદ
        - હરજીવન
          - જયચંદભાઈ
            - હીમતલાલ
              - ગુણવંત, પોપટલાલ, કાન્તિલાલ, જયન્તિ
            - રમણલાલ
              - ચંદ્રકાન્ત
              - રજનીકાન્ત
            - કસ્તુરલાલ ક્ષેમંકરસાગર
              - વેણીચંદ
            - રસિકલાલ
              - નરેશ
              - બાબો
        - ગુલાબચંદ
          - ગિરધરભાઈ
            - શનીલાલ •
            - વાડીલાલ
              - ચંદુલાલ
                - રમેશ
              - રસિક
            - ચુનીલાલ ०

કુટુમ્બનો નંબર ૧૬

કુટુંબના મુખ્ય પુરૂષનું નામ
મોહતુ તેલી

ગોત્રનું નામ
हरिकानकम्-ખરીઆણા



કુટુમ્બનો નંબર ૧૮

કુટુંબના મુખ્ય પુરુષનું નામ
તુકીદાસ ગાંધી

ગોત્રનું નામ
ગુર્વાનયનકમ્–ગરીઆણા.

- તુકીદાસ ગાંધી
  - રંગજી
    - મંગળજી
      - રઘનાથ
        - હરજીવન
          - પ્રેમચંદ
            - શામળદાસ
              - ભોગીલાલ
                - રમણલાલ
                  - શાંતીલાલ
                  - ઉત્તમચંદ
                  - અર્વિંદ
              - વાડીલાલ
                - ગુણવંત
                  - સુરેન્દ્ર
                - મુકુંદ
                  - બચુ
                - જયન્તિ
                - બાબો
              - પાનાચંદ
                - મણીલાલ
                  - જયન્તિ
                  - બચુ
                - વસંતલાલ
                  - અર્વિંદ
            - શંકરલાલ
              - પુનમચંદ
                - ગુણવંત
                  - દીલિપ
              - નગીનલાલ
                - રસિકલાલ
                - જયન્તિ
                  - બાબો
                - રતીલાલ
              - ઓછવલાલ
                - કસ્તુરલાલ
                - બાબુભાઇ
                - હસમુખ
                - નવનીત
                - સેવન્તી
                - બચુ
            - દલસુખભાઈ
              - માંકોરબ્હેન (દિક્ષીત)
              - વાડીલાલ
                - ચીમનલાલ
                  - પદ્મકાન્ત
                  - મહેંદ્ર
                  - હસમુખ
                - મુકુંદલાલ
                  - બચુ
                  - બાબો
              - કેશવલાલ
                - નગીનલાલ
                  - ગુણવંત
                  - રજનીકાન્ત
                  - રમેશ
                - બાબુભાઇ
                  - દિનેશ
                - રતીલાલ
              - ચંદુલાલ
                - ધનવંત
                - બચુ
          - વ્રજલાલ •
          - છગનલાલ •
          - દલસુખભાઈ •
        - ઝવેરદાસ •

**કુટુમ્બનો નંબર ૧૭**

કુટુંબના મુખ્ય પુરૂષનું નામ
ભૂલા દોસી

- ભૂલા દોસી
  - દયાળદાસ
    - મૂળજીભાઈ
      - કરમચંદ
        - નાથજી o
        - ભોગીલાલ
          - ગિરધરલાલ
            - ચીમનલાલ
              - રમેશ
              - શશીકાન્ત
              - બાબો
            - નગીનલાલ
              - પ્રવિણ
              - ચંદ્રકાન્ત
              - દિનેશ
              - બાબો
            - મણીલાલ
              - સિદ્ધાર્થ
              - દિલિપ
            - કીકાભાઈ
      - શીવલાલ
        - ગુલાબચંદ •
        - દોલતચંદ •
        - નાલચંદ
          - ડાહ્યાભાઈ
            - સવાઈલાલ
            - નગીનલાલ
        - છગનલાલ
          - વાડીલાલ=સાગર
            - રમણલાલ
              - અભય
            - જેસીંગલાલ
              - બાબો
            - ચીમનલાલ
      - મોતીચંદ
  - કુબેરદાસ
    - દોલતચંદ
      - ભોગીલાલ
        - ચુનિલાલ
          - ચંપકલાલ
        - મૂળજીભાઇ
          - કાકુભાઇ
            - જયંત
            - બાબો
        - શંકરલાલ o
        - વાડીલાલ
          - બાબુભાઇ
            - બાબો
          - રમાકાન્ત
  - ઘેલજીભાઇ
    - નથુભાઈ
      - દલસુખભાઇ •
      - પાનાચંદ
        - શંકરલાલ
          - જશવંત
          - નવનીત
          - હસમુખ
          - સુરેશ

ગોત્રનું નામ
चम्पकानयनम्–ચંપાણુકં



**કુટુમ્બનો નંબર ૧૯**

કુટુંબના મુખ્ય પુરૂષનું નામ રાઘવજી

ગોત્રનું નામ ચિક્કાનયનકમ્-ચીખલાણા.

- રાઘવજી
  - રૂગજી
    - માણેકચંદ
      - મનસુખભાઈ
        - કેવળભાઈ
          - રતનચંદ
            - પ્રેમચંદ
              - (નગીનદાસ) બાલાભાઇ
              - પ્રધાનશ્રીજી
        - શીવાભાઈ
          - ચુનિલાલ
            - હીરાલાલ •
          - મગનલાલ •
          - ઝવેરભાઈ
            - શોભાભાઇ (દીક્ષા)
              - ચંદુલાલ=લબ્ધિસાગર
                - હસમુખભાઇ=સુર્યોદયસાગર
              - કાન્તીલાલ=કંચનવિજય
            - શામળદાસ
              - નગીનલાલ
                - દિનેશ
              - કસ્તુરભાઇ
            - વાડીલાલ
              - મુકુંદ (દિક્ષીત)
              - જયન્તિલાલ
              - સેવન્તીલાલ
            - કેશવલાલ (દિક્ષીત)

---

**કુટુમ્બનો નંબર (૧૧) સુધારેલો**

કુટુમ્બના મુખ્ય પુરૂષનું નામ મનસુખલાલ

- મનસુખલાલ
  - નાથજીભાઇ
    - વાડીલાલ
      - કેશવલાલ
        - હસમુખભાઇ
      - કાન્તિલાલ
        - પ્રવિણકુમાર
      - નગીનભાઈ
        - હર્ષદરાય
        - સુરેન્દ્રકુમાર
      - રમણલાલ
        - કિરિટ
        - નરેન્દ્રકુમાર
        - હેમન્તકુમાર
        - પંકજ
        - બાબો
      - પ્રવિણશ્રીજી
    - મહાસુખભાઇ
      - કાન્તિલાલ
        - જીનદાસ
        - જયંતિલાલ
        - ધરણેન્દ્રશ્રીજી
    - દલસુખભાઇ
      - ચુનીલાલ (ચંદન સાગર)

કુટુમ્બનો નંબર
૨૦

કુટુંબના મુખ્ય પુરૂષનું નામ
માધવજી

ગોત્રનું નામ
ગુહ્યાનાનયનકમ્–ગુલદાણ્ા.

- માધવજી
  - દયાળજી
    - હીરાચંદ
      - ધર્મચંદ
        - નગીનદાસ
          - હસમુખ
            - બાબો
          - કાન્તીલાલ
          - ચીનુભાઇ
          - રજની
          - બાબો
      - રતનચંદ
        - ચીમનલાલ ૦
        - ગિરધરલાલ ૦
      - કાળીદાસ
        - મુળજી
          - મોતીબ્હેન
            - ભદ્રાશ્રીજી
      - હસમુખભાઇ
        - રમણલાલ
          - જીતેન્દ્ર
          - મહેન્દ્ર
        - હસમુખ
          - બીપીન
          - અરવિંદ
        - ગુણવંત
          - જ્યોતિન્દ્ર
    - મોતીચંદ ૦
    - માણેકચંદ
      - ગિરધર
        - શોભાભાઇ
          - હીંમત
          - બાબુ
          - સારાભાઇ
        - મગનલાલ
          - હસમુખ
          - પોપટલાલ
          - રજનીકાન્ત
          - ઑમ્કારશ્રીજી
      - ચુનિલાલ ૦
    - ઝવેરદાસ
      - નાયજીભાઇ
        - હીમચંદ
          - જેશીંગલાલ
        - વાડીલાલ
          - નગીનલાલ ૦
          - જયન્તિલાલ
            - દિલિપ
        - ચુનિલાલ
          - ચંદુલાલ
            - મફતલાલ
            - મહેન્દ્ર
            - લલ્લુભાઇ
        - પાનાચંદ
          - પુનમચંદ
            - રતીલાલ
            - મહેન્દ્ર
  - દેવચંદભાઇ
    - પ્રેમચંદ
      - મથુરભાઇ
        - આદીતલાલ
          - ડીકાભાઇ
          - જયન્તિલાલ
            - દિનેશ
        - શનીલાલ
          - હસમુખ
          - વિનોદલાલ
      - પુનમચંદ ૦

**કુટુમ્બનો નંબર ૨૧** — કુટુંબના મુખ્ય પુરૂષનું નામ: નારણજી — ગોત્રનું નામ: મહાનયનકમ્-મહીઆણુ.

- નારણજી
  - કુબેરદાસ
    - પાનાચંદ •
    - હરજીવનદાસ
      - વાડીલાલ
        - કિરિટલાલ
        - જશવંતલાલ
        - કુમુદલાલ

---

**કુટુમ્બનો નંબર ૨૨** — કુટુંબના મુખ્ય પુરૂષનું નામ: વિમળચંદ — ગોત્રનું નામ: મહાનયનકમ્-મહીઆણુ.

- વિમળચંદ
  - નગીનદાસ
    - કીકાલાલ
      - નરેન્દ્ર
        - કીરિટ
        - બાબો
      - જયન્તિલાલ
      - કપુરચંદ
      - રમેશ
      - વિનોદચંદ્ર
    - રમણલાલ
      - કાન્તીલાલ
      - રસિકલાલ

---

**કુટુમ્બનો નંબર ૨૩** — કુટુંબના મુખ્ય પુરૂષનું નામ: કિશોરદાસ — ગોત્રનું નામ: માનાનયનકમ્-માયાણુકં.

- કિશોરદાસ
  - નાનાભાઇ
    - ગુલાબચંદ
      - કેવળદાસ
        - ડાહ્યાભાઇ
          - મણીલાલ
          - ચીમનલાલ
            - પ્રકાશ
            - બચુભાઇ
          - ચંદુલાલ
            - કસ્તુરલાલ
            - જીતેન્દ્ર
        - નાલચંદ •
        - શંકરલાલ
          - બાબુભાઇ
            - ચંદ્રસેન
            - ચીતું
            - અશ્વિન
      - જેચંદભાઇ
        - દોલતચંદ •
        - શામળદાસ
          - ચંદુલાલ
            - ભીખુભાઇ
      - ભોગીલાલ
        - દોલતચંદ
          - નગીનદાસ
            - પ્રવીણચંદ્ર
        - વાડીલાલ
      - મગનલાલ દિક્ષીત
        - ચુનીલાલ
          - રતીલાલ
            - વિનોદ
            - પુંજાલાલ
            - મહેશ
            - બાબો
        - આદિતલાલ દિક્ષીત
      - છગનલાલ •
  - ત્રિકમદાસ
    - હીરાચંદ
      - પ્રેમચંદ
        - મહાસુખભાઇ
          - ચુનીલાલ
            - જેશીંગલાલ
              - મહેન્દ્ર
        - નહાલચંદ
          - રમણલાલ
            - કીર્તિચંદ
          - કસ્તુરદાસ
            - જગદીશ
            - મહેશ

**કુટુમ્બનો નંબર ૨૪** | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ: શામળદાસ | ગોત્રનું નામ: માયાનયનકમ્-મયાણક.

- શામળદાસ
  - મંગળદાસ o
  - છગનલાલ o

---

**કુટુમ્બનો નંબર ૨૫** | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ: શાહ ગોરધનદાસ | ગોત્રનું નામ: હર્યાનયનકમ્-હરીઆણા.

- શાહ ગોરધનદાસ
  - ભૂધરજી
    - અંદરજી
      - મનસુખભાઈ
        - છગનલાલ •
        - ડાહ્યાભાઈ
          - મણીલાલ (પૂજ્યવિજય) (દીક્ષા)
      - નથુભાઈ •
    - ગોપાલદાસ
      - નાથજીભાઈ
        - મંગળદાસ (દિક્ષીત)
        - બાલાભાઈ
          - નગીનલાલ (પ્ર. ૨.)
            - બીપીન
            - બાબો
          - મોહોકમચંદ
            - રણજીત
            - બાબુ
          - રમણલાલ
            - સુરેન્દ્ર
            - રજનીકાન્ત
        - છગનલાલ o
      - રતનજી
        - ડાહ્યાભાઈ
          - શંકરલાલ
            - મનુ
              - કીરીટ
              - બાબો
            - બાબુ
            - અરવિંદ
          - મણીલાલ
            - જીનદાસ
            - કસ્તુર
        - ભગવાનદાસ o
        - મગનલાલ
          - વાડીલાલ
            - બાબુ
              - અશ્વિન
            - કસ્તુર
            - ગુણવંત
          - પ્રેમચંદ o
          - આદીતલાલ o

---

**કુટુમ્બનો નંબર ૨૬** | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ: શામળદાસ | ગોત્રનું નામ: હયનિયનકમ્-હરિઆણા

- શામળદાસ
  - ચુનીલાલ o

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરુષનું નામ | ગોત્રનું નામ |
| --- | --- | --- |
| ૨૭ | રંગદાસ | કુળકમ્-કઠ. |

- રંગદાસ
  - સખીદાસ
    - વીરચંદ
      - ભોગીલાલ ०
  - ત્રીકમદાસ
    - મનસુખભાઇ •
    - દલસુખ ०
  - પ્રભુદાસ
    - કુબેરદાસ
      - રતનચંદ
        - મફતલાલ
        - કેશવલાલ
          - ધનવંત
          - જશવંત
          - રજનીકાન્ત
          - નિરંજન

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરુષનું નામ | ગોત્રનું નામ |
| --- | --- | --- |
| ૨૮ | કેશવજી | ગુડાનયનકમ્-ગુડાણુક. |

- કેશવજી
  - રતનજી
    - કુંવરજી
      - મોતીચંદ
        - તારાચંદ
          - હરજીવન •
          - વાડીલાલ
            - જયન્તિલાલ
              - કનૈયાલાલ
              - દિનેશચંદ્ર
              - વિનું
            - રતીલાલ
      - પ્રેમચંદ
        - જયચંદ
          - હરજીવન
            - સોમચંદ
              - જયન્તિલાલ
            - રતીલાલ
          - છોટાલાલ
            - કેશવલાલ
            - વાડીલાલ
              - અરવિંદ

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરુષનું નામ | ગોત્રનું નામ |
| --- | --- | --- |
| ૨૯ | શંકરદાસ ગાંધી | વિદ્રુમાનયનમ્-વિદ્રુમાણુક. |

- શંકરદાસ ગાંધી
  - ખેમચંદ
    - દલસુખભાઇ
      - ચુનીલાલ
        - આદીતલાલ
          - દિનેશ
      - ભોગીલાલ
        - નગીનલાલ
          - જશવંત
          - સુરેન્દ્ર
        - રમણલાલ
        - કસ્તુરભાઇ
          - ઇન્દ્રવદન
        - બાબુભાઇ
          - યોગેન્દ્ર
          - બચુ

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૩૦ | રણછોડ તેલી | कचानयनकम्—કચલાણા. |

- રણછોડ તેલી
  - મનોરદાસ
    - કીશોરદાસ
      - શીવલાલ
        - નાથજીભાઇ
          - હરજીવન
            - પાનાચંદ
              - કપુરચંદ
              - અરૂણ
              - બાબો
            - ચંદુલાલ (દીક્ષા)
            - મુકુંદલાલ
              - પંકજ
  - નારણદાસ
    - જયચંદભાઈ
      - અમીચંદ
        - વૃજલાલ
          - ભુરાભાઇ
            - વાડીલાલ
              - જશવંત
              - નવનીધલાલ
              - દિનેશ
            - મંગળદાસ
              - ચંપકલાલ
              - હર્ષદલાલ
            - મણીલાલ
              - ધનવંત
              - સૂર્યકાન્ત

---

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૩૧ | મનસુખભાઇ | कचानयनकम्—કચલાણા. |

- મનસુખભાઇ
  - નગીનદાસ
    - નવીનચંદ્ર
    - મહેન્દ્ર

---

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૩૨ | ઝવેરદાસ | यानानयनम्—જાણાણુકં. |

- ઝવેરદાસ
  - મનસુખભાઇ
    - ખુશાલદાસ
      - ઓછવલાલ
      - શાંતીલાલ

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૩૩ | શાહ જેઠાભાઇ | વડવાનયનમ્‌-વડવાણુ. |

- શાહ જેઠાભાઇ
  - કીલાભાઇ
    - અંબાલાલ
      - ફતેહચંદ
      - મહેંદ્ર
    - ત્રિભોવન
      - સવાઇલાલ
    - કસ્તુરલાલ
      - અરવિંદ
      - બાબો
    - શંકરલાલ
      - મહેંદ્ર
      - બચુ

---

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૩૪ | વિઠ્ઠલભાઇ | વિધાનાનયનમ્‌-વીડવાણું. |

- વિઠ્ઠલભાઇ
  - અમિચંદભાઇ
    - હીમચંદભાઇ
      - કેશવલાલ
        - નટવરલાલ
        - પનાલાલ
          - કિરીટ
        - પ્રિયકાન્ત

---

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૩૫ | ચૂનિલાલ (મહુવાવાલા) | વિધાનાનયનમ્‌-વીડવાણું. |

- ચૂનિલાલ (મહુવાવાલા)
  - રમણુલાલ
  - છોટાલાલ
    - ઇંદ્રવદન
    - બચુ
  - હીંમતલાલ

---

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૩૬ | ગોવિંદજી | નીરાનયનમ્‌-નીરાણુકં. |

- ગોવિંદજી
  - ખેમચંદ
    - માણેકચંદ
      - લલ્લુભાઇ
        - પોપટલાલ (દીક્ષા) પ્રમોદસાગર
        - જેશીંગલાલ
          - પનુ (દીક્ષા)
  - વ્રજલાલ
    - ૦

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૩૭ | મુળજીદાસ | મંડનાનયનમ્–મંડઆણું. |

- મુળજીદાસ
  - હરજીવન
    - મોતીચંદ
      - ચૂનિલાલ
        - ગુણવંત
          - બાબો
        - શાન્તુ
        - હસમુખ
      - હીંમતલાલ
        - અર્વિંદ
        - રમેશ

---

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૩૮ | જેચંદદાસ | જીવાનયનકમ્–જીયાણકં. |

- જેચંદદાસ
  - શનીલાલ
    - મફતલાલ
    - નરેંદ્ર
    - નટવરલાલ

---

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૩૯ | ગાંધી કાલીદાસ | કમ્બલાનયનમ્-કંબલાણું. |

- ગાંધી કાલીદાસ
  - ગાંધી નાલચંદ
    - પનાલાલ
      - કાન્તીલાલ
      - પ્રવિણ
      - મહેન્દ્ર
      - બચુ
    - શાંતીલાલ
    - હીંમતલાલ

---

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૪૦ | ખૂબચંદદાસ | माणिक्यानयनम्-માણિક્આણું. |

- ખૂબચંદદાસ
  - બાલાભાઇ
    - શંકરલાલ
      - નિરંજન
      - કીરીટ

---

| કુટુમ્બનો નંબર | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ | ગોત્રનું નામ |
|---|---|---|
| ૪૧ | શીવલાલ ધાયજના | कूटानयनकम्–કૂડાકણું. |

- શીવલાલ ધાયજના
  - છોટાલાલ
    - શાંતિલાલ

# परिशिष्ट नं. १

નિયમા વાણિજ્ય ઉર્ફે નીમા વાણિઆના મૂળ સ્થાનમાંથી સ્થળાંતરનો સમય અને સમયનો કંઇક ખરો ખ્યાલ આવવા માટે, (૧) મોડાસા (૨) શામળાજી (૩) ચાંપાનેર અને (૪) કપડવંજની જુની માહીતી "ગુજરાત સર્વ સંગ્રહ" નામના પુસ્તકમાં, બૉમ્બે ગેઝેટિઅરનું ભાષાંતર કરી, સને ૧૮૭૨ માં મુંબઇ સરકારે એક પુસ્તક પ્રસિદ્ધ કરેલું છે તેમાંથી, ઉતારો કરી લીધો છે. જે વાંચ્યાથી કંઇક ખ્યાલ આવશે કે શામળાજીથી મોડાસા એ પ્રથમ સ્થળાંતર અને ત્યાંથી દક્ષિણ અને પુર્વમાં ચાંપાનેર અને દક્ષિણ પશ્ચમમાં કપડવણજ એ બીજું સ્થળાંતર અને ચાંપાનેર પડતી વખતે ગોધરા–દાહોદ–પંચમહાલ માળવા–નિમાડ એ ત્રીજું સ્થળાંતર કરીને વીશાનીમા વાણિઆ ગુજરાત વાગડ, માળવા અને મધ્ય હિંદુસ્થાનમાં ફેલાઇ વસ્યા છે એવા અનુમાનને આ ઐતિહાસિક પ્રમાણ ટેકો આપે છે.

## ( १ ) मोडासा:-

"આમદાવાદથી ઉત્તર પુર્વે બાવન મૈલ ઉપર ૭૪૩૬ ની વસ્તી વાળું ને રૂ. ૨૮૫૯ ની મ્યુનિ. ની આવક વાળું ગામ છે. અમદાવાદમાં બાદશાહી થઇ (સંવત્ ૧૪૪૭ ઈ. સ. ૧૩૯૧) ત્યારથી વસેલા ગુજરાતને, ઇડર તથા ડુંગરપુરના ડુંગરીઆળા મુલકની અધવચમાં મોડાસા આવવાથી, તે અગત્યનું મથક થયુ હતું. સુલતાન મહમદ ૧ લાની બાદશાહતની શરૂઆતમાં (ઈ. સ. ૧૪૪૨ સંવત્ ૧૪૯૯) તે કીલ્લાવાળું થાણું હતું. ને સોળમા સૈકાની આખરે તે ૧૬૨ ગામોના સુપ્રદેશમાં મુખ્ય ઠેકાણું હતું અને તે, વર્ષે આઠ લાખની ઉપજ આપતું. મોગલાઇમાં શાહબુદ્દિન બાદશાહે (ઈ. સ. ૧૫૭૭ સં. ૧૬૩૩) મોડાસાનો કીલ્લો સમરાવ્યો હતો અને થોડીક ઘોડેસ્વાર ફોજ ત્યાં રાખી તે મુલકને સારો વસાવ્યો હતો. અઢારમા સૈકામાં મોડાસા ઘણી પડતી હાલતમાં આવ્યું, અને ઇ. સ. ૧૮૧૮ માં જ્યારે તે બ્રિટીશ સરકારના તાબામાં આવ્યું ત્યારે તે ઘણુંજ પાછળ હતું, છતાં તે પાછું વહેલું સુધરી, તેણે કેટલાક વેપારીઓને નવલાખ રૂ. ની પુંજીવાળા બનાવ્યા હતા. તે વેળા વસ્તી ૪૦૫૯ ની હતી. હાલમાં રંગવાનો, છાપવાનો, ચીતરવાનો એ ઉદ્યોગ ચાલે છે. ત્યાંના તલ જો કે સારા નથી તો પણ તે ધોળેરા, વઢવાણ ને લીમડી સુધી જાય છે, મહુડાનું તેલ પણ સાબુ વાસ્તે જાય છે. મોટો ધંધો કાપડનો છે, કાપડ મુંબાઇથી આવે છે ને આજુબાજુના પરગણામાં જાય છે. વળી આવોજ માલ ઉંટ ઉપર માળવેથી અમદાવાદ જાય છે અને બદલામાં ત્યાંથી કાપડ તથા બીજો માલ પાછો માળવે જાય છે. મોડાસામાં મહાલકરી ને ચીફ કૉન્સ્ટેબલની કચેરી છે. પોષ્ટ ઑફિસ પણ છે.

## ( २ ) शामळाजी:-

શામળાજી એ ગામ મહીકાંઠા તથા મેવાડની હદ ઉપર મેશ્વો નદીને તીરે છે, એમાં શામળાજીનુ મંદિર છે. તેથી એ ઘણા જુના વખતથી પવિત્ર મનાય છે, દહેરાં આગળ મેશ્વો નદી નાનાં નાનાં ખાબોચીઆં રૂપે થઇ ગયેલી છે જેમાં જેમને ભૂત, બલા વિગેરે વળગેલી હોય છે તે સ્નાન કરે છે, દહેરાની ઉત્તર તરફ કરમાણું તથા સુર્યકુંડ એ નામના બે કુંડો છે. શામળાજીની આસપાસ ખંડિએરો ઘણાં છે. દહેરૂ ધીચ ધીચ ઝાડીઓથી ભરપુર એવી ડુંગરીઓની ખીણમાં આવેલું છે. તે આશરે ૪૦૦ વર્ષનું જણાય છે. દહેરૂ રેતી, પત્થર, તથા ઇંટોનું બાંધેલું માળવાળુ હોઇ તેની આસપાસ કોટ છે. તેમાં એક દરવાજો મૂકેલો છે. દહેરા ઉપર સઘળી બાજુએ હાથી વિગેરેનાં પૂતળાં મૂક્યાં છે. શામળાજીના દહેરાની પાસે એક બીજું દહેરૂ સોમનારાયણનું જે એક મહાદેવનું દહેરૂં છે. મહાદેવનું બીંબ જમીનની અંદર ભોંયરામાં છે. અહી

કાર્તીકિ પૂનમે મેળો ભરાય છે તે વખતે આશરે રૂ. અઢીલાખનો માલ ખપે છે, પહેલાં પોણાનવ લાખ રૂ. નો ખપતો, આવું લખાણ મળી આવે છે.

( ૩ ) **ચાંપાનેરઃ–**

ચાંપાનેર ઉત્તર અક્ષાંસ ૨૨°–૩૦° ને પુર્વ રેખાંશ ૭૩°–૩૦° ઉપર પાવાગઢની ઇશાન કોણ તરફ એક માઇલ ઉપર વડોદરાથી પૂર્વમાં ૨૫ માઇલ પર ને ગોધરાથી દક્ષિણે ૪૨ માઇલ ઉપર છે, હાલમાં ત્યાં ભૂજ, ભીલ તથા નાયકડા રહે છે, બાકી તે ઉજ્જડ છે જો કે આગળ નામાંકિત શહેર હતું.

ચાંપા નામે વાણિઆએ વનરાજના વખતમાં (ઈ. સ. ૭૪૬–૮૦૬) તે નગર વસાવ્યું હતું. અગીઆરમા સૈકામાં "રામગૌડ" તુંવાર પાવાપતિ હતો. તે અણહિલવાડનો મંડળેશ્વર હશે કારણ કે ઇ.સ. ૧૨૯૭ માં અલ્લાઉદ્દીને અણહિલવાડના રજપૂત રાજ્યની સમાપ્તિ કરી ત્યાં સુધી એ ચાંપાનેરના રજપૂત રાજ્યના પુર્વ તરફના ભાગનો જબરો કિલ્લો ગણાતો હતો. ત્યાર પછી ચૌહાણ રજપૂત ચાંપાનેર આવી વસ્યા. તેઓએ ઈ. સ. ૧૪૮૪ માં ચાંપાનેર ખોયું પણ તેમના વંશજો આજે પણ છોટા–ઉદેપુર તેમજ દેવગઢ બારીઆમાં રાજ્ય કરે છે. હાલોલ પાસે "નાહાની ઉમરવાન" એ જગાએથી લેખ જડયો છે તેમાં ચાંપાનેરના ચૌહાણ રાજાઓનાં નામ આ પ્રમાણે છે.

રાજશ્રી રામદેવ, શ્રી ચંગદેવ, શ્રી ચાચિંગદેવ, શ્રી સોનામદેવ, શ્રી પાલહનસીંગ, શ્રી જીતકરણ, શ્રી કેમ્પુરાવળ, શ્રી વીરધવળ, શ્રી સવરાજ, શ્રી રાઘવદેવ, શ્રી ત્રંબકભૂપ, શ્રીગંગારાજેશ્વર અને શ્રીજયસીંગદેવ.

ઇશાન કોણ તરફના ઢોળાવ ઉપર પાવાગઢના કિલ્લાની નીચે રજપૂત રાજ્ય ચાંપાનેર હતું. ઇ૦ સ૦ ૧૪૧૮માં તે શહેરને ઘેરો ઘાલવામાં આવેલો તે પછી ખંડણી આપવી પડી હતી. વળી ઈ. સ. ૧૪૫૦માં બહુ ભીંસાયા હતા તોપણ ડુંગરીના બળે ચાંપાનેરના રજપૂત, પોતાનું સ્વતંત્ર મોટમ રાખી રહ્યા હતા. વખતે વખતે પડોશના રાજા સાથે ને ઇડરના રાવસાથે લડાઇઓ કરતા. ઈ. સ. ૧૪૮૩ ના દુકાળમાં મહમદ બેગડાનો સરદાર મલિક આમદ, ચાંપાનેરના મુલકમાં લૂંટ કરતો હતો તે ઉપરથી રાવળ જયસિંગે તેને હરાવી મારી નાખ્યો હતો. તેનું વેર લેવાને મહમુદે વડોદરા ફોજ મોકલી. રાવળે માળવાના ગ્યાસુદ્દીનની મદદ માગી પણ મહમુદ દોહદ આવ્યો કે માળવાનો સુલતાન પાછો ફર્યો. મહમુદે ચાંપાનેર આવી એક મસ્જીદનો પાયો નાખી અને ઈ. સ ૧૪૮૪, સંવત્ ૧૫૪૦માં કિલ્લો લીધો રાવળ ઘાયલ થઈ પડ્યો, તેની ઉપર મહમુદે પહેલાં તો રહેમ રાખી પણ તેણે મુસલમાન ધર્મ પાળવો કબુલ ન કર્યો ત્યારે તેને મારી નાંખવામાં આવ્યો તેનો દીકરો મુસલમાન થયો તેને નિઝામ-ઉલ-મુલ્કનો ખિતાબ આપી અમીર બનાવ્યો. કિલ્લો લીધા પછી મહમુદે શહેરનું નામ બદલી મહમુદાબાદ પાડયું. ત્યાંની હવા પસંદ પડવાથી તેને તેણે રાજધાની કરી. અને એક કિલ્લો, એક મસ્જીદ ને એક મહેલ બંધાવ્યાં, અને અમીરો તથા વઝીરને ત્યાં બોલાવ્યા. ઘણાંક મકાનો બંધાવ્યાં, ઘણાક બગીચાઓ થયા, ને તેમાં ખોરાસાનીના કીસબથી ફુવારા, કારંજા ને ધોધ તરેહતરેહના બનાવવામાં આવ્યા. ત્યાંની કેરી જાણીતી હતી તેમજ સુખડનાં ઝાડ એટલાં બધાં હતાં કે તેનું લાકડું ઇમારત કામમાં વપરાતું. વેપાર ધંધાદારી બહુ વધી ગયાં. ચાંપાનેરની તરવાર ધારને માટે ને ચાંપાનેરનું રેશમ ચકચકિત રંગને માટે વખણાતાં. મહમુદે અમદાવાદને ટાળ્યું નહીં તોપણ પોતાના રાજ્યની આખર લગી તે મહેમુદાવાદ (ચાંપાનેર) ને પોતાની રાજધાની માનતો. મહમુદની પછી બહાદુરશાહ મરી ગયા ત્યાંસુધી (ઇ.સ. ૧૫૩૬ સંવત્ ૧૫૯૨) ચાંપાનેર ગુજરાતનું રાજકીય પાટનગર રહ્યું. એ વખતે ગુજરાત તથા માળવાને મૈત્રી સંબંધ થયેલો તેથી શહેરની આબાદાની વધી. કારણ કે આફતને વખતે ખજાનો સંતાડવાને ડુંગરી કામની છે એવું સુલતાનો માનતા. ઈ. સ. ૧૫૧૪ સવત્ ૧૫૭૦ સુધી ચાંપાનેરની પૂરી જાહોજલાલી હતી. તો પણ

તે જગા અમદાવાદ જેટલી મોટી ન હતી ને ધંધો પણ તેટલો નહોતો છતાં રસ્તા, મકાન વિગેરેમાં તે ઘણુંજ દેખાવડું હતું. શહેરની આજુબાજુના મુલકમાં ઘઉં, જવ, બાજરી, ડાંગેર, વટાણા, શાકભાજી, ફળ વિગેરેનો પાક બહોળો હતો અને ગાય, ઘેટાં, બકરાં પણ ઘણાં હતાં. તેમજ હરણ, પક્ષી વિગેરેના શિકારને માટે જગાઓ હતી. બાદશાહ જંગલી જનાવર રાખતો અને શિકારી કુતરા, બાજ ને પાળેલા ચિત્તા વિગેરેને તરબીઅત કરાવતો.

બહાદુરશાહ ઈ. સ. ૧૫૩૬ સંવત ૧૫૯૨ માં મરી ગયા પછી અમદાવાદ પાછી રાજધાની થઈ. આથી ચાંપાનેરની રાજકીય અગત્ય ઘટી. ગુજરાતનું માળવા ઉપરથી ઉપરીપણું ગયું કે ચાંપાનેરનો વેપાર તૂટ્યો. ઈ. સ. ૧૫૫૪ સંવત ૧૬૧૦ માં ત્યાં સારાં વડનાં ઝાડ, ફળ ખાતાં વાગળાં ને કાંટાવાળી ઝાડી એજ જોવા જેવાં હતાં. પછી વીશ વર્ષના બખેડામાં જેમ ગુજરાતના બીજા ભાગે ખમ્યું તેમ ચાંપાનેરે પણ ખમ્યું. અકબરે ઈ. સ. ૧૫૭૩ થી ૧૬૦૫ સંવત ૧૬૨૯ થી ૧૬૬૧ ગુજરાતમાં વ્યવસ્થા કરી પણ જેમ અમદાવાદ અને સુરતની આબાદાની થઈ તેમ ચાંપાનેરની ન થઈ. સત્તરમા સૈકાની શરૂઆતમાં ત્યાંની હવા શરીરને નબળું કરે તેવી, પાણી ઝેર જેવું, ને ત્યાંના બાગબગીચા તે સિંહ વાઘનાં રહેઠાણ થયાં. મકાનો ભાંગી તૂટી પડ્યાં હતાં. લોકોએ પોતાની માલ મિલ્કત નાશના પવનને આપી હતી. ફળને બદલે કાંટા, વાડીને બદલે ઝાડી ને સુખડના ઝાડનું તો નામ નિશાન કંઈજ નહોતું. તદ્દન ઉજ્જડ હતું તોપણ ચાંપાનેર પરગણામાં મહાલનું મુખ્ય ગામ માત્ર નામનું ગણ્યું હતું. ટોડરમલે ઈ. સ. ૧૫૭૬માં મોગલાઈના વખતમાં ચાંપાનેર ગોધરાના તાબાનું રાખ્યું હતું. ખેતી તૂટી હતી ને સત્તરમા સૈકાની મધ્યમાં તો આ મુલક જંગલી હાથીઓનો શિકાર કરવાનું ઠેકાણું થઈ પડ્યું હતું.

ઈ.સ. ૧૮૦૩ સંવત ૧૮૫૯ માં જ્યારે ગુજરાત બ્રિટીશોએ લીધું ત્યારે ચાંપાનેરમાં માત્ર ૫૦૦ માણસોની વસ્તી હતી, પ્રથમ તો વસ્તી વધારે હતી પરંતુ ફોજ આવવાનું જાણી ભાગી ગઈ હતી. ઈ. સ. ૧૮૧૨ માં ૪૦૦ ઘર હતાં તેમાં અર્ધાં વસેલાં, પણ તે ગુજરાતના શહેરોમાંથી નાસી આવેલાઓને લીધે એટલીએ વસ્તી હતી. ઈ. સ. ૧૮૨૯ એટલે સંવત ૧૮૮૫ માં રેશમી કાપડ વણનારા ત્યાં જે રહ્યા હતા તેમની સંખ્યામાં પણ કૉલેરાથી ઘટાડો થયો હતો, ઈ. સ. ૧૮૫૩ ના જુલાઈની ૩૧ મી તારીખે બ્રિટીશ સરકારની વ્યવસ્થા તળે આવ્યું ત્યારે તે ઘણું ખરૂં ઉજ્જડ ચાંપાનેર થઈ ગયું હતું. જંગલ કપાવવા તથા ખેડુતો વસવા આવે તેવું કરવા પાછળ પૈસા ખરચ્યા પણ નવી વસ્તી થઈ નહીં. ત્રણ ભાગ મરી ગયા ને એક ભાગ ભાગી ગયો પોલીસના સિપાઈઓ સિવાય ત્યાંના રહીશમાં ગરીબ અને રોગી એવાં કોળી નાયકડાનાં જુજ કુટુંબ માત્ર રહ્યાં.

( ૪ ) **કપડવંજઃ–**

કપડવંજઃ–ખેડાની ઉત્તર પૂર્વે ૩૬ માઈલ ઉપર મોહોર નદીના પુર્વ કાંઠે કિલ્લાવાળું ને મોટા વેપાર ધંધાનું **૧૩૯૮૨ માણુસની** વસ્તીવાળું ને રૂા. ૬૬૭૦નુ ની મ્યુનિ૦ ની ઉપજનું શહેર છે. એ જુના કાળથી વસેલું છે. પાંચસેંથી આઠસેં વર્ષનાં ઘરો આજ પણ છે, અને કોટની દિવાલ પાસે જુના શહેરની જગા પણ છે. કોઇ તેને કર્પટપુર કહે છે; પાંચ કબર ઉપરથી નામ કપડવંજ પડયું એમ પણ કેટલાક કહે છે. ઈ. સ. ૧૭૩૬ માં મરેઠા તથા કોળીના હુમલાથી એ શહેર મરેઠાઓના હાથમાં આવ્યું તે પછી ઈ. સ. ૧૮૧૬-૧૭ માં તેમને બ્રિટીશ સરકાર પાસેથી વીજાપુર લઈ કપડવંજ બ્રિટીશોને આપ્યું હતું. તે વખતે કપડવંજમાં દશ હજારની વસ્તી હતી. મધ્ય હિંદુસ્થાન અને દરિઆઇ કાંઠો એની વચમાંના મોટા માર્ગમાંનો એક માર્ગ કપડવંજનો હોવાથી ત્યાં ઘણો વેપાર ધંધો ચાલતો હતો. ૧૮૧૬માં તે સારૂં બાંધેલું હતું.

ઇ. સ. ૧૮૬૪માં એટલે સંવત ૧૯૨૦ માં ત્યાં વેપારી તથા શાહુકાર દોલત આબરૂમાં જોઇએ તો ફક્ત નડીઆદથીજ ઉતરતા વોહોરા મોટા વેપારી હતા. તેઓ અકીક ને પંદર માઇલ ઉપર માજમ નદી છે તેમાંના કંકર એકઠા કરતા. સાબુ, કાચ અને ચામડાનાં કુંવડા (ઘી ભરવાનાં) બનાવવાનાં કારખાનાં હતાં. ધાતુભર્યો કચરો કપડવંજમાં મળતો જેનાં ઢેફાં હાલ ગામને પાદરે દેખાય છે. મધ્ય હિંદુસ્થાનમાંથી અનાજ તથા અફીણ આવતાં અને ગુજરાતમાંથી તંબાકુ જતી. કપડવંજનો માલ પંચમહાલ–વાડાસીનોર ને મધ્ય હિંદમાં જતો હતો. શહેરમાં જોવા લાયક એક તળાવ અને એક મેહેરાબ ચાલુક્ય સમયનાં છે. (૧૦૦૦–૧૩૦૦) તળાવને માટે કહેવાય છે કે તે સિદ્ધરાજ જયસિંહે બંધાવ્યું હતું (ઇ. સ. ૧૦૯૪–૧૧૪૩) એ રાજાનો એક બુઢ્ઢો ભીમ નામનો ભાટ બહુ રોગનો ભર્યો મધુમતી–વાત્રકમાં નહાવા આવેલો, તે કાંઠા ઉપર અહીં તહી ફરતો હતો તેવામાં એક પાણીથી ભરેલા ખાબોચીઆમાં તેનો પગ ખસ્યો ને તે ઉંડા પાણીમાં પડયો. પણ સખત મહેનત કરી તરીને જ્યારે કાંઠે આવ્યો ત્યારે તે જુવાન અને જબરો થયો હતો. એ વાત રાજાએ જાણી ત્યારે તેણે વિષ્ણુનું ત્યાં દહેરૂં બંધાવ્યું. એક કુંડની દક્ષિણે જમીનની અંદર મહાદેવનું દહેરૂં છે, પણ તેની હજી ખરેખરી શોધ થઈ નથી. વળી એક સારી મસ્જીદ અને કબર એની નિશાનીઓ છે. નવા મકાનોમાં (કંસાર વાડાને ચકલે ઢાકવાડીની ખડકીમાં) એક જૈન દહેરૂં છે તે કેટલાક વર્ષ ઉપર દોઢ લાખને ખરચે બંધાવેલું છે. અંદરની જગ્યાએ આરસના થાંભલા છે. ને કેટલીક જગામાં ઘણીજ સારી ફરસબંધી છે. એક ખૂણામાં ભોંયરાના ઓરડામાં કાળા પત્થરની (શ્રી પાર્શ્વનાથની) મુર્તિ છે. બૉમ્બે ગેઝીટીઅરમાં તે વર્ણન નીચે પ્રમાણે છે. જેની નકલ કરી આ સાથે સામેલ કરી છે જે જોયાથી ખાત્રી થશે.

## GAZETTEER OF THE BOMBAY PRESIDENCY

1879

Volume III — Pages 171-173

Kaira and Panchmahals.

Kapadwanj North Lat. 23.1. East Long. 73.7.

Of modern buildings, that of most note, is a Jain place of worship. This temple built about twentyfive years ago, at a cost of £15,000 (1,50,000) is raised on a ten feet high stone plinth. The interior is richly ornamented with marble pillars and a marble pavement inlaid with much delicacy and taste. At one corner is a plain underground chamber with a black stone image.

Under Government orders, Bombay,
Printed at the Government Central Press.

વાહોરવાડમાં પાંચ મકાન છે તેમાં એક મસ્જીદ ઘણી દેખાવડી છે. ને ઘણાંજ જૂનાં ઘર ઉચાં અને લાકડા ઉપર નકશી કરેલાં છે. મામલતદારનું થાણું, પોલીસ ઑફિસ, સબજજની કૉર્ટ, પોરટ–ઑફિસ, ડીસ્પેન્સરી એ કપડવંજમાં છે. પુર્વ દરવાજે એક ધર્મશાળા છે તે એક ધનવાન વેપારીની વિધવા એ (શેઠાણી માણેકબાઈએ) લાખ રૂપિઆ ખર્ચીને બંધાવી છે.

(૫) **ऐतिहासिक हकीकतः-**

ઇ. સ. ૧૪૫૩ માં કપડવંજ આગળ અમદાવાદના સુલતાન કુતબુદ્દીનશાહે માળવાના સુલતાન સામા થોડા કલાક લડાઈ કરી જીત મેળવી, પણ લડાઈમાં સુલતાન, શાહની છાવણીમાં ઘુસી તેનો તાજ તથા નંગે જડેલો કમરબંધ લઇ જવાને શક્તિમાન્ થયો હતો. કહેવાય છે કે ધોળકાના રહેનાર જે દરવાજિઆ એ નામે ઓળખાતા તેઓની બહાદુરીથી ગુજરાતના બાદશાહની જીત થઈ હતી. માળવાના સુલતાનને ઉશ્કેરનારો મુઝફ્ફરખાન હતો તેને પકડી ઠાર કરવામાં આવ્યો હતો અને તેનું માથું કપડવંજના દરવાજા ઉપર ચોઢાડયું હતું.

પરિશિષ્ટ ૧લું સમાપ્ત.

# परिशिष्ट नं. २

"**कपडवणज शहेरनुं टुंकुं वर्णनः–**" રચીને પ્રસિદ્ધ કરનાર મહાસુખરામ નરસિંહરામ ભટ્ટ, રહેવાસી કપડવણજના ઉંડાપાડામા, તેમણે સંવત્ ૧૯૪૫ માં પ્રસિદ્ધ કરેલું છે. તેમાંની "**प्राचिन हकीकत**" જે પૃષ્ટ ૧૦ માંથી પૃષ્ટ ૨૦ મા સુધીમાં છાપેલી છે તેની અક્ષરે અક્ષર નકલ ઉતારી છે.

"સુમારે સંવત્ અગીઆરસેંની સાલમાં, આ ગામ ઉપર રજપૂત રાજાઓનો અમલ હતો, પરંતુ રાજા કઈ જાતના રજપૂત હતા તે જાણવામાં આવ્યું નથી. આ રાજાઓના વખતમાં ગામની મુકરદ્દમી મોઢ વાણિઆના હાથમાં હતી. તેઓ રાજ્યવ્યવસ્થા કેવી રીતે ચલાવતા તેની માહીતિ મળી નથી. દિવસે દિવસે રજપૂતોનું રાજ્ય પડતી દશામાં આવવા લાગ્યું તે વખતમાં, મુસલમાની રાજ્ય જોરપર હતું. આ વખતમાં રાધનપુર અને તેની આસપાસ સરદાર મહમદખાં નામનો નવાબ રાજ્ય કરતો હતો. તેની ઓરતનું નામ લાડણીબીબી હતું. કોઇ સમયે તે બીબીને પોતાના ખાવિંદ સાથે અણબનાવ થયો, તેથી તે આ તરફ આવી. એ બાઈ જાતે હોંશિઆર, ચતુર અને રાજ્ય ચલાવવામાં લાયક હતી. તેણે પડતી દશાના રજપૂતો પાસેથી રાજ્ય લઇ લીધું ને પોતે રાજ્ય કરવા લાગી. રૈયતના રક્ષણને માટે કેવી ગોઠવણ કરી તે આગળના ભાગમાં દર્શાવ્યું છે. તેના વંશનો ઘણા વરસ અમલ રહ્યો. આગળ જતાં તેના વંશમાં મીઆં મુસ્તફાખાં નામે નવાબ થયો. તે રયૈત ઉપર ઘણો જુલમ ગુજારતો હતો. તેથી રૈયતલોકે રાજપીપળા જઈ ગાયકવાડ સરકારને અરજ કરી કે અમારા ઉપર નવાબ ઘણો જુલમ કરે છે તેથી હમો ગરીબની વહારે ચઢો. આ અરજ ઉપરથી ગાયકવાડ સરકારે ખંડેરાવને ફોજ આપી લડવાને મોકલ્યા. તેમણે આવી કપડવંજ નડીયાદ વગેરે ભાગો કબજે કરી નવાબને કાઢી મૂકયો (સંવત્ ૧૮૦૯) ત્યારથી આ ગામ ઉપર ગાયકવાડનો અમલ થયો. આ વખતે ગામની પટેલાઈ મોઢ વાણિઆના હાથમાંથી કૈડવા પાટીદાર કેશવજી કરીને હતા તેમના હાથમાં ગઇ. તેનું કારણ એ કે મોઢ વાણિઆની વસ્તી ધીમે ધીમે નાશ પામી ને થોડાં ઘર હતાં તે પાસેના સંસ્થાન વાડાસીનોરમાં જઈ રહ્યાં એટલે તેમની પટેલાઈ નાશ પામી. તેમના વંશજો હાલ વાડા-શીનોરમાં છે. ત્યારપછી સંવત્ ૧૮૭૨–૭૩ (ઈ. સ. ૧૮૧૬–૧૭) માં અંગ્રેજ સરકારે કડીના મલ્હારરાવ ગાયકવાડને વીજાપુર પરગણું આપી કપડવંજ લીધું, તે દિવસથી આ ગામ ઉપર અંગ્રેજ સરકારનો અમલ ચાલે છે.

આ ગામ ઉપર જે વખતે રજપૂત લોકો રાજ્ય કરતા હતા, તે સમયે આ ગામ મોહોર નદીના જે ભાગને શાહનો આરો કહે છે, તે જગોએ તે વસેલું હતું. હાલમાં જે જગોએ લોકોની વસ્તી છે તે જગોએ તે કાળે ઘાડું જંગલ હતું. વાઘ, વરૂ, સિંહ વિગેરે ઘાતકી પ્રાણીઓ રહેતાં હતાં. તે પ્રાણીઓનો તથા જંગલોનો નાશ કરી ત્યાં વસ્તી શી રીતે થઇ, તે વિષેની હકીકત આ નીચે આપવામાં આવી છે.

જયાં હાલમાં નીલકંઠ મહાદેવ છે, ત્યાં આગળ પ્રથમ એ મહાદેવ હતા, પરંતુ કોઇના જાણવામાં નહોતા. કોઈ વાણિઆની ગાય દરરોજ તે જગાએ જઈ પોતાની મેળે દૂધની ધારા કરતી, તેથી વાણિઆને ઘેર બીલ-કુલ દૂધ દેતી નહીં. આ ઉપરથી વાણિઆએ અને ગોવાળે તેમ થવાનું કારણ શોધવા માંડયું. ગુપ્ત રીતે ગાયની પાછળ પાછળ ફરવા માંડયું. દરરોજના નિયમ પ્રમાણે ગાયે ત્યાં જઈ દૂધની ધારા કરી, તે નજરે જોયું. તેથી તેમણે વિચાર કીધો કે આ જગોએ કંઇપણ ચમત્કાર હોવો જોઇએ, માટે બીજે દિવસે

આવી થોડું એક ખોદાણ કર્યું, તો માંહે ભોંયરામાંથી મહાદેવ નીકળ્યા. પછી ત્યાંજ દહેરૂં બંધાવી એ મહાદેવ લોકોને જાણીતા કર્યા અને મહાદેવનું નામ નીલકંઠેશ્વર પાડ્યું.

મહાદેવની પાસે વિશાળ કુંડ છે ત્યાં આગળ તે સમયે તળાવ હતું. એ વખતમાં ગુજરાતનો રાજા સિદ્ધરાજ જયસિંહ આ તરફ ફરવાને સારૂ આવ્યો, તેની સાથે સોમદત્ત કરીને એક પંડિત હતો, તે પંડિતને પત નો રોગ હતો, તે રોગ આ તળાવ વિષે સ્નાન કરવાથી નાશ પામ્યો, તેથી સિદ્ધરાજે તે તળાવ ખોદાવવા માંડ્યું તો માંહેથી નારણદેવની, મહાલક્ષ્મીમાતાની અને ફુલબાઈ માતાની એમ ત્રણ મૂર્ત્તિઓ નીકળી. એ મુર્ત્તિઓને નિલકંઠેશ્વર મહાદેવના દહેરામાં મૂકી. પછી પોતે કુંડ બંધાવ્યો તથા તેની પાસેની વાવ બંધાવી. એ વાવને બત્રીસ કોઠાની વાવ કહે છે, કારણકે પેહલાં તેને બત્રીશ કોઠા હતા. હાલમાં તે કોઠા પડી ગયા છે. ફક્ત એકજ હયાત છે. વળી તે વાવ પણ ઘણીખરી ભાંગી ગઈ છે. તેને મ્યુનિ. તરફથી રિપેર કરાવી છે. વાવમાં પેસતાં જમણી બાજુનો ભાગ નવો બંધાવી કઠેરો કરાવ્યો છે ને વાવ ગળાવી છે તેથી પાણી હવે ઘણું સ્વચ્છ રહે છે. અને લોકોને પોતાના ઉપયોગમાં આવે છે. જો પાણીનો વાપર ઘણો વધે તો પાણી ઘણું સારૂં રહે એવો સંભવ છે.

સિદ્ધરાજે કુંડ અને વાવ બંધાવ્યાં તેમાં પાણી ઘણું સારૂં નીકળ્યું તેથી, તથા વિશાળ નવાણો સુશોભિત જોઈ, ઘણાખરા લોકો રાહના આરાથી ત્યાં આવી વસવા લલચાયા. રજપુત રાજાઓની પછી જે લાડણીબીબીનું રાજ્ય થયું તેણે પણ આ જગો પસંદ કરી, થોડી વસ્તી થઈ હતી તેથી, પોતે પણ ત્યાંજ રહીને એક કિલ્લો બંધાવ્યો. પછી રાહના આરાથી વસ્તી આ કિલ્લામાં આવવા લાગી. એ બીબી ઘણી ડાહી હતી ને સમજુ હતી. તેણે વસ્તીને એવી રીતે રહેવાની ગોઠવણ કરી કે એક જાતિના લોકોમાં બીજી જાતિના લોકો રહે નહીં. આ ગોઠવણ પ્રમાણે હાલમાં પણ છે. પરંતુ કેટલેક ઠેકાણે ભેળસેળ થવા માંડ્યું છે. આવી તરેહની ઘરોની બાંધણી કોઈ જગાએ જોવામાં આવતી નથી.

એ બીબીએ વસ્તીના રક્ષણને સારૂ ગામની આજુ બાજુ ફરતો મજબૂત કિલ્લો બંધાવ્યો ને દરેક દરવાજે મુસલમાન લોકોને વસાવ્યા. પેહેલાં જે જગાએ મીઠા પાણીનું સુંદર સરોવર હતું તે સરોવર હાલમાં પુરાઈ ગયેલું છે. પણ તેની નિશાનીઓ માલુમ પડે છે. વળી એ તળાવવાળી ભાગોળને મીઠા તળાવની ભાગોળ કહે છે. ને દરવાજાને પણ મીઠા તળાવનો દરવાજો કહે છે. એ દરવાજાની નજદીક જાતજાતના મુસલમાનોને વસાવ્યા હતા. હાલ તેમની વસ્તી ત્યાં નથી પણ તે ભાગનું નામ હાલ પણ જટવાડા તરિકે લખાય છે. તે દરવાજા નજીક લાડણીબીબીએ પોતાને હવા ખાવા સારૂ બાગ કરાવ્યો હતો ને એકને માટે મકાનો પણ બંધાવ્યાં હતાં તે મકાનો હાલમાં પડી ગયાં છે, પણ તેનાં જૂનાં ખંડિએરોની નિશાનીઓ હાલમાં મળી આવે છે. પોતાના ખાવિંદની યાદગીરિ માટે બીબીએ તે બાગનું નામ "સરદાર બાગ" પાડ્યું હતું તે નામ હાલ કાયમ છે પણ બાગ કાયમ નથી.

જેને હાલ સરખલીઓ કુવો કહે છે તે સખીદાસ નામના શાહુકારે બંધાવ્યો છે, તેના નામ ઉપરથી એ કુવાનું નામ સરખલીઓ કુવો એવું પડ્યું છે. ત્યારબાદ કિલ્લો અને દરવાજો થયો તે દરવાજાનું નામ પણ સરખલીઓ દરવાજો પડ્યું છે, એ સખીદાસના વંશના હાલમાં હયાત છે. આ દરવાજાના રક્ષણને માટે મેવાતી જાતના મુસલમાનોને વસાવ્યા. તે લોકોની હાલમાં વસ્તી નથી. અંતિસરીઆ દરવાજાના રક્ષણ સારૂ "બેહેરીમ" અટકના મુસલમાનોને વસાવ્યા—અને એ લોકોને દરવાજા બહાર જેને હાલમાં બીડની વાવ કહે છે ત્યાં આશરે ૫૦ વીઘાં જમીન જાગીરમાં આપી. એ જમીન હાલમાં તેમના

વંશજોએ બીજા લોકોને વેચાણ આપી છે, તેમના વંશના હાલમાં વાડાસીનોરમાં નોકર છે. જેને નદીનો દરવાજો કહે છે ત્યાં આગળ જોઇઆ નામના મુસલમાનોને વસાવ્યા. દરવાજાની અંદર તેમનાં ઘર છે તથા તેમનો ચોરો પણ છે. તે ચોરો પડી જવાથી હાલ સુધી તેનાં કોટડાં ઉભાં છે જોઇઆ લોકો આ ચોરાની અંદર એક માતેલો ઘેટો બાંધતા હતા. રસ્તે જનાર આવનાર લોકોને તે ઘેટાને સૂંઘવાની ફરજ પાડતા એવી રીતનો એ લોકોનો જુલમ હતો તેથી બીબીએ તે જુલમગારોને સજા કરી તેમની જાગીર લઈ લીધી ને તેમની હવેલીઓ વિગેરે મકાનો ખોદી નંખાવ્યાં, એ જગોમાં હાલમાં જોઇઆઓના વંશના ઇસબખાં ગુલાબખાં કરીને રહે છે. કેટલીક જગોમાં રાવળીઆ તથા વણકર ( ઢેડ ) રહે છે, એ જગોમાં હાલ ખોદાણ કરે છે તો જુની ઇમારતોના પત્થરો વિગેરે નીકળે છે. એ જોઇઆ લોકોની જાગીરમાં મોહોર અને વરાંસી નદીની વચ્ચેની કેટલીક જમીન છે. — ઉત્તર તરફ જ્યાં હાલ ડબગર લોકોની વસ્તી છે ત્યાં એક દરવાજો હતો, તે દરવાજો હાલમાં પૂરી નાંખેલો છે, કારણ કે ત્યાં સારા માણસની વસ્તી નહીં હોવાને લીધે, બીજી કોઈ પ્રકારની ધાસ્તીને લીધે, તથા ઘણા લોકોની અવર જવર નહીં હોવાને લીધે, બીબી સરકારે તે દરવાજો પુરાવી તેને બદલે, ઘાંચીવાડા આગળ એક નાનો દરવાજો પાડ્યો. ત્યાં ઘાંચીની વસ્તી જાદે છે ને દરવાજો નાનો તેથી તેને લોકો ઘાંચીબારી કહે છે.—જેને હાલ સરકારી કોટ કહે છે તેને પહેલાં સરકારી ગઢી કહેતા. તેમાં હાલમાં મામલતદાર, ફોજદાર, સબરજીષ્ટર, વીગેરેની કચેરીઓ છે. પહેલાંની કચેરીનું મકાન સારૂં નહીં હોવાથી બીજી જગોએ હાલ નવી કચેરી કરાવી તેને તા. ૧૭ મી માર્ચ સને ૧૮૯૦ થી ચાલતી કરી છે. – જૂની સબરજીષ્ટરની કચેરી આગળ લાડણીબીબીની કબર હાલ પણ છે સરકારી ગઢીમાં બીબીને રહેવા માટે મકાન હતાં તેના ખંડિએરો હાલ જોવામાં આવે છે. વળી કચેરી આગળ જૂનાં ખંડિએરો હતાં તે તોડી નાંખ્યાં છે. નવી કચેરી કરાવી તે વખતે જૂની ઇમારતોના પાયા નીકળ્યા હતા. એ કોટમાં નાનો દરવાજો છે ત્યાં વેપારી લોકોનો નિકાલ નથી તેથી તે દરવાજે જકાત લેવા નાકેદાર બેસતો નથી. બાકીના દરવાજે બેસે છે. હાલમાં જ્યાં મ્યુનિસિપાલીટિ છે તે જગોને હાથીઆ બુરજ કહે છે કારણકે બીબીના વખતમાં ત્યાં હાથી બંધાતા હતા. હાલમાં કપડવંજનો કોઇપણ ભાગ એ બીબીના વંશજોને તાબે રહ્યો નથી. તેમના વંશજો વાડાસીનોર તથા વીરપુરમાં હાલ રાજ્ય કરે છે. વાડાસીનોર આ ગામથી બાર ગાઉ પૂર્વ દીશામાં છે. – વાડાસીનોરના નવાબી રાજ્યમાં હાલમાં ઠાસરાના વતની રા. રા. પ્રેમચંદભાઇ કરીને વણિક જ્ઞાતિના સદ્‌ગૃહસ્થ કારભારી છે. આ કારભારીથી ગામમાં ઘણો સુધારો થયો છે. રૈયતને પણ સુખમાં વધારો થયો છે. લોકોને દરેક પ્રકારના કેળવણી આપવામાં તે ભાઈની દીર્ઘ દૃષ્ટી છે. મોઢ બ્રાહ્મણની જ્ઞાતિમાં વારંવાર કુસંપનો જુસ્સો આવતો. અને અમલ કરવાની જે જે યોજના કરે, તેને આ ભાઈ પોતાના જોરે પુરી નહીં પડવા દેતા કુસંપ રૂપી સ્વારને પ્રવેશ કરવા દેતા નહિ. આ મહત્‌ કાર્યથી તે ભાઇનો ઘણો આભાર માની આ પુસ્તક સાથે તેમનું નામ જોડી રાખું છું. હે પરમેશ્વર ! તેમના વંશસ્થમાં સર્વેજન તેવાજ હોજો. – વાડાસીનોર જતાં રસ્તામાં વડોલ કરીને નાનું ગામ આવે છે. ત્યાં લાડણીબીબાએ પોતાને વિસામો લેવા સારૂ કોટ બંધાવેલો છે. તેમાં એક ફેર કુવો છે તે જોવા લાયક છે હાલમાં તે ઘણો ખરો નાબુદ થતો જોવામાં આવે છે.

કપડવણજ ગામની આસપાસ ગાયકવાડ સરકારે કોટના રક્ષણને સારૂ ખાઇઓ ખોદાવેલી છે. નદીનો દરવાજો અને કોટની બારીની વચ્ચે જે ખાઈ છે તે ખોદતાં આશરે સાત ફુટ લાંબા હનુમાનની મુર્ત્તિ નીકળી હતી, તેને ગામલોકે સરખલીએ દરવાજે મીઠાભાઇ ગુલાલની જે ધર્મશાળા છે, ત્યાં દહેરૂ બંધાવી બેસાડ્યા છે. – સિદ્ધરાજે કુંડવાવ બંધાવ્યાં ત્યારે જે મુર્ત્તિઓ નીકળી હતી તેમાંની નારણદેવની મુર્ત્તિ, ચૌર્યાશી મેવાડા નામના બ્રાહ્મણો કે જેઓ હાલની પ્રજામ જોશી તરિકે વિદ્વાન વર્ગમાં

ગણાય છે તેમના ઘરડાઓએ પોતાના ઘરમાં રાખી હતી, તે સંવત્ ૧૮૫૦–૫૨ માં મલ્હારરાવ ગાયકવાડની ગજરાંબાઇ નામની દીકરીનું લગ્ન થયું, આ કામમાં દેશાઇ લોકોએ સારી મદદ કરી તેથી, તે લોકો ઉપર મલ્હારરાવની સારી મહેરબાની થવાથી, દેશાઇઓની માગણીથી નારણદેવનું મંદિર બંધાવવા અમુક રકમ આપી અને દેશાઇઓએ મંદિર બંધાવી મુર્તિ સ્થાપન કરી. તે દેશાઇના વંશજો હાલ હયાત છે. — આ ગામમાં વોહોરાઓનાં પ્રથમ એક હજારને આશરે ઘર હતાં. કુંડવાવની સામે જે પોળને જૂની વોહોરવાડ કહે છે તે જગોએ તથા જે જગાને હાલ પાડાપોળ કહે છે ત્યાં તેમનાં ઘરો હતાં. તેમ ધારવાનું કારણ એ કે પોળનું નામ વોહોરવાડ છે, તેમજ કેટલાંક ઘરોમાં ટાંકાં માલમ પડે છે. એ જગોએ કુવા પણ વધારે નીકળે છે. વળી પાડાપોળને નાકે હાલમાં તે લોકોની મસજીદ છે. તે ઘણીખરી ભાંગી ગઇ છે. હાલમાં વોહોરા તેને સાફ રખાવે છે. વોહોરાઓનો રોજગાર પડી ભાંગવાથી કેટલાક લોકો નાસી ગયા છે, અને જે રહ્યા છે તે પોતાની અસલ જગો છોડી બીજી અલગ જગોમાં જઇ વસ્યા છે. હવે દિનપ્રતિદિન તેમની વસ્તી તથા રોજગાર વૃદ્ધિ પામતો જાય છે. તેથીજ આ ગામને શહેરોની પંક્તિમાં ગણાવવાને લાયક થાય છે. હાલમાં તેઓ જથાબંધ રહે છે. તેમના ઘરોની બાંધણી જોવા લાયક છે. તે લોકો સાબુ તથા કાચ દેશાવર ખાતે ઘણો ફેલાવે છે. હાલ તેમનાં સાતસેં ઘર છે. તેમની જૂની જગામાં હાલ હિંદુઓની વસ્તી છે. — આ ગામમાં પ્રથમ સલાટ લોકો (પત્થર ઘડનાર) ની વસ્તી આશરે ચારસેં ઘરની હતી. જેને હાલ સલાટવાડો કહે છે ત્યાં તે લોકો જથાબંધ રહેતા હતા. — એ પોળનું નામ તેમના રહેઠાણ ઉપરથી "સલાટવાડો" પડ્યું છે તે હજુ પણ કાયમ છે. તે લોકોનો ધંધો કમી થવાથી તેઓ જતા રહ્યા અને તે જગોએ હાલ મોઢ બ્રાહ્મણ રહે છે. સલાટવાડાની પાસે કાંટાવાળી ખડકી છે તે નામ પડવાનું કારણ એ કે પહેલાં ત્યાં ઘી તોળવાનો કાંટો હતો અને હજારો મણ ઘીનો તોલ થતો.

અંતિસરીઆ દરવાજા નજીક હાલ જે કંસારવાડો કહેવાય છે ત્યાં પહેલાં કંસારા લોકોનાં આશરે ૩૦૦ ઘર હતાં. તે લોકોનો ધંધો પડી ભાંગવાથી તેઓ પણ જતા રહ્યા. હાલ જે હરસદ માતાનું મંદિર છે તે કંસારા લોકોની દેવી છે. તે માતાની મુર્તિ પ્રથમ રાહને આરે ગામ હતું ત્યારે ટાંકલાની દેરીએ હતી, ત્યાં પત્થરનું બાંધેલું તળાવ હતું ત્યાંથી કંસારા લોકો એ મુર્તિને લાવ્યા. જ્યારે એ લોકો આ નવી જગોએ રહેવા આવ્યા ત્યારે તે મુર્તિની હાલની જગાએ સ્થાપના કરી. હાલ તે કંસારવાડામાં મોઢ બ્રાહ્મણ તથા શ્રાવક લોકોની વસ્તી છે. કંસારા લોકો અહીંથી નડીયાદ–વીશનગર ને ડભોઇ જઇ વસ્યા છે ને ત્યાં હાલ કપડવંજી ને નામે ઓળખાય છે. —

આ ગામમાં લુહાર લોકોનાં આશરે ચારસેં ઘર હતાં. હાલ જ્યાં નદીના દરવાજે કુંભારવાડાની સામે વહેરી માતાની પોળ છે ત્યાં રહેતા હતા. તે લોકો નાશી ગયા તેનું કારણ એમ કહેવાય છે કે એ લોકો ખાણમાંથી લોઢું ગાળતાં હતા, તે લોઢું ગાળતાં તેમાં કંઇ વનસ્પતિનો પદાર્થ મળવાથી રૂપું બન્યું, તે રૂપું શી રીતે બન્યું ? તે માલમ પડ્યું નહીં. તેથી તે લોકોએ જાણ્યું કે રાજ્યમાં જાણ થશે તો આપણને દુઃખ દેશે તેમ જાણી નાશી ગયા. તે લોકોની ભટ્ટીઓ મોહોર નદીને કાંઠે હતી. જે લોઢું ગાળેલું તેના કાટના મજબુત ટેકરા બનેલા છે. તે ઉપરથી નદીના તે ભાગને કાટડીઓ આરો કહે છે. જે ખાણોમાંથી લોઢું ગાળતા હતા તે ખાણો હાલ હયાત છે. કોઇ હુન્નરી માણસ તેનું માપ કાઢી તજવીજ કરે તો લોઢું નીપજે. પરંતુ આ ગામમાં હુન્નરી માણસોની ઘણી ખોટ છે. જો હુન્નરી માણસો હોય તો સાબુ અને કાચ બનાવવામાં પણ મોટો સુધારો થાય. આ ખોટ–કૃપાવંત પરમેશ્વર

પુરી પાડો. એ લુહાર લોકો વઢવાણ, લીમડી તથા અમદાવાદ તરફ રહે છે. — સરકારી કોટની પાસે જુમામસીદમાં ભોંયરામાં શ્રાવકલોકની મુર્તિઓ છે. આ ગામના રક્ષણને અર્થે પહેલાં અમુક રકમ માંડવાના મીઆંને આપતા તે રૂપિઆ સરકાર નહીં આપતાં, રૈયત પર કર નાખી અપાતા હતા. પછી સંવત ૧૯૦૨ માં અંગ્રેજ સરકારે રૈયત ઉપરથી કર કાઢી નાંખી તેમને કૉમ્પેન્સેશન તરિકે અમુક રકમ આપવા ઠરાવેલી છે તે હાલ પણ અપાય છે. હાલ પણ ગામને જરૂર પડે તે વખતે બંદોબસ્ત ને સારૂ પોતાના માણસોથી મદદ આપે છે. — આ ગામમાં જે મલક લોકો છે તેમને પણ રક્ષણ અર્થે અલવા કરીને ઇનામી ગામ તથા જાગીર મળેલી છે. કપડવણજથી પશ્ચિમે સાત ગાઉને છેટે જે વાત્રક નદીને કાંઠે અજમાવતનો કોટ છે, તે આજમ એગડાનો કરાવેલો છે. તે આ તાલુકામાં જોવા લાયક છે. વળી માંડવા તથા આમલીઆરાની વચમાં જૂનાં ભોંયરાં છે તથા ફેર કુવો છે તે પણ જોવા લાયક છે.

ઉપરની સઘળી હકીકત કપડવણજના રહીશ દેશાઈ મનસુખભાઈ ગોકળભાઈ તરફથી મળેલી છે તેથી તે ભાઈનો હું ઘણો આભાર માનું છું.

*  *  *

પૃ. ૨૯ :— રાણીવાવની ઉત્તરે શાખાનો કુવો છે તેની સામે વીશાનીમા વાણિઆ શેઠ લલ્લુભાઈ મોતીચંદની વહુ શેઠાણી માણેકબાઇની બંધાવેલી મોટી ધર્મશાળા છે. એ ધર્મશાળામાં મીઠાપાણીનો કુવો છે. વચમાં ચોક છે ત્યાં અંબામાતાનું દહેરું છે. ચોકની દક્ષિણે અને પશ્ચિમે માળ છે ને ત્રણ બંગલા છે. ત્યાં શ્રીમંત લોકો ઉતરે છે. સાધારણ વર્ગના લોકો મેડા ઉપર તથા નીચે ઓટલા ઉપર ઉતરે છે અને છેક નબળી સ્થીતિના લોકો બહારની બાજુએ ઓટલા ઉપર ઉતરે છે. હાલમાં એ ધર્મશાળાની દેખરેખ શેઠ કેવળભાઈ જેચંદભાઈ તરફથી રાખવામાં આવે છે. હમણાં હમણાં તેનો વહિવટ શ્રી વીશાનીમાના પંચને કોર્ટ તરફથી સોંપવામાં આવ્યો છે. તેના પાંચ ટ્રસ્ટીઓ નીમાયા છે.

*  *  *

પૃ. ૩૦ :— માણેક શેઠાણીની ધર્મશાળાને અગ્નિખૂણે વૈજનાથ મહાદેવનું દહેરૂ છે. આ ગામમાં બ્રાહ્મણ જ્ઞાત્તિમાં અદુમ્બર કરીને એક નાની નાત છે, તે જ્ઞાતિમાં કોઈ આશારામ આણંદરામ કરીને મહાપુરૂષ થઈ ગયા તેમણે સંવત ૧૯૪૫ માં વૈજનાથ મહાદેવનું દહેરૂં તથા વાવ ઉપરનો બંગલો બંધાવ્યો અને તેમનાં પિત્રાઈ ભાઈ નરભેરામ પરસોતમે પેસતાં જમણી બાજુનો ભાગ બંધાવ્યો. ત્યાર પછી ડાબી બાજુનો ભાગ વીશાનીમા વાણિઆની જ્ઞાતિના મેહતા કાલીદાસ જીવણભાઇએ પાછળથી બંધાવ્યો છે. આશારામ આણંદરામના વંશજો હાલ પણ હયાત છે.

*  *  *

પૃ. ૩૩ :— સરખલીઆ કુવાની સામે ઉત્તરે એજ નામનો મોટો દરવાજો છે. પશ્ચિમે વીશાનીમા વાણિઆની જ્ઞાતિના શેઠ મીઠાભાઈ ગલાલની બંધાવેલી મોટી ધર્મશાળા છે તેમાં વચ્ચે હનુમાનનું દહેરૂં છે. ત્યાં આખા ગામના હિંદુ ધર્મ માનનારા લોકો આસો વદ ૧૪ ને રોજ સુશોભિત વસ્ત્ર તથા વિવિધ તરેહનાં આભૂષણ અંગે ધારણ કરી તેલ ચઢાવવા જાય છે.

*  *  *

પૃ. ૪૯ :— મસીદમાં પેસતાં દરવાજા પર લેખ છે તેની મતલબ નીચે પ્રમાણે છે. હીજરી સન ૭૭૦ એટલે સંવત ૧૪૦૯ માં આ ગામમાં હુમાયુ તથા ફિરોજશાહ નામના બે ભાઇ રાજ્ય કરતા હતા. તેમણે પરમેશ્વરના હુકમથી હવાની અંદર હમેંશાં કાયમ રહેનાર મકાન મસીદના મીનારા બંધાવ્યું કચેરીમાં જતાં

ડાબે હાથે બીજો લેખ છે. તેમાં ફક્ત તે પાદશાહનાં સગાવહાલાનાં નામ છે; તેનો તરજુમો કરેલો છે પરંતુ જગાની સંકોચને લીધે દાખલ કર્યો નથી.

પૃષ્ટ ૪૯ :– ત્યાં એક મસીદ છે અને વીશાનીમા વાણિઆ મીઠાભાઇ ગુલાલની બંધાવેલી પાંજરાપોળ પણ ત્યાંજ છે.

* * *

પૃષ્ટ ૫૦ :– વંડાની ખડકી, અને ઢાકવાડી જેમાં નીમા જ્ઞાતિના વ્રજલાલ મોતીચંદે સંવત્ ૧૯૦૪ના વૈશાખ વદ ૬ ને રોજ આદીશ્વરનું ( શ્રી શાંતીનાથનું ) મોટું દહેરું બંધાવ્યું છે. (જીર્ણોધ્ધાર કરાવ્યો)

અષ્ટાપદજીનું દેરાસર સ્વર્ગવાસી શેઠ નહાલચંદભાઈ નથુભાઈનાં માતુશ્રી શેઠાણી અમૃતબાઈએ... સંવત્ ૧૯૪૨ ના વૈશાખ સુદ ૧૧ ને રોજ બંધાવી તૈયાર કર્યું. શ્રાવક લોકોનાં બીજાં સાત દેરાસર છે. આના જેવું બીજું દેરાસર કોઈ જગોએ જોવામાં આવતું નથી. આ દેરાસર બંધાવતાં આશરે બે લાખ રૂપિઆ ખર્ચ થયો હતો.

* * *

પૃષ્ટ ૫૧ :– દલાલ વાડો ત્યાં વીરચંદ લાલદાસ કરીને કોઈ નીમા વાણિઆએ સંવત્ ૧૯૨૮ ના વૈશાખ સુદ ૬ ને રોજ શ્રી વાસુપુજ્યનું દેરાસર બંધાવ્યું હતું, તે હાલ મોજુદ છે.

* * *

પૃષ્ટ ૫૧ :– ત્યાં શામસૈયદના ચકલે એક પરબડી છે અને કડીઆની મસીદ છે. તેનો લેખ કાઝી સાહેબના દફતરમાં લખેલો છે, જેની મતલબ નીચે પ્રમાણે છે. ફરમાયુન નબી સાહેબે એ મસીદ ( જે બગીચા જેવું હવામાં ઉભું રહેનાર મકાન ) દુનીઆને માટે યા દીનને માટે સર્વને સરખા હક આપીને અને બીજુ દરગા પરમેશ્વરની (ખુદાની) હસ્તી સમજવા માટે હીઝરી સને ૭૨૦ (સંવત્ ૧૩૫૯) માં બંધાવેલી છે. વળી એ લેખમાં અબુલ ફતા–અસ્હમદશાહ બીન મહમદશાહ–બીન મુજફ્ફરશાહ–સુલતાન બીન સુલતાન એ પ્રમાણે નામ પણ આપેલાં છે.

**મોડાસામાં પ્રાચીન મુર્તિઓનાં દર્શન** " શામળાજી " નામની પુસ્તિકાના પૃષ્ટ ૨૧ માના છેલ્લા ભાગનો ઉતારો.

ત્રણેક વર્ષ પહેલાં મોડાસાની નદી માજુમના ધરામાંથી ત્રણ સુંદર મુર્તિઓ નીકળી છે. તેમાં એક ભક્ત ગરૂડની ભવ્ય આકર્ષક પ્રતિમા છે. બીજી શ્રી વિષ્ણુની અલૌકિક મુર્તિ છે. ને ત્રીજી ક્વલ્લેજ કોઈ જગાએ જોવા મળે તેવું શ્રી વરાહ અવતારનું મનોહર સ્વરૂપ છે. સાગરનાં છલકતાં મોજાંપર છે. કૂર્મ-ઉપર સાગરમાં ડૂબેલી પૃથ્વી દેવીને, દંતૂશળપર ઉગારી બહાર લઈ આવતા શંખ ચક્ર ગદાપદ્મ ધારી વરાહનું સ્વરૂપ છે; શેષ ઉપર તેમની સવારી છે, શેષની સપ્ત ફણાઓ, કૂર્મનું ભક્તિ પ્રણત મુખ, વરાહના સમસ્ત શરીરપર દેવત્વના પ્રતીકો, પીઠપર ચતુર્મુખ બ્રહ્મા,–આ દર્શન ખરેખર અનુપમ છે. મોડાસામાં જનારે અવશ્ય આ દર્શનનો લાભ લેવો જોઇએ. "

— इतिश्री शुभं भवतु —

# શ્રી. સોમાભાઈ પુનમચંદ દોશી

બી. એ. એલ. એલ. બી.



આપણી કોમમાં એજ્યુકેશનમાં પ્રથમ પંકતિએ ઝંપલાવનારાઓમાંના એક છે. ધાર્મિક જ્ઞાન, સસ્કૃત, અર્ધમાગધી વિગેરે જ્ઞાન મળી શકે તેવી વ્યવસ્થાની જોગવાઇ કરવાની તેમજ જીજ્ઞાસુઓની પિપાસા બુઝાવવાની ઘણી મોટી ધગશ ધરાવે છે. અંબાલા જૈન કોલેજ માટે જમિન મેળવવા તેઓ બીજાની સાથે પ્રયત્નશીલ થઇ કૃતાર્થ થયા છે.

॥ श्री वीराय नमः ॥

## શ્રી વિશાનીમા જૈન સમસ્ત જ્ઞાતિ મંડળનો

# બંધારણનો ખરડો.

તા. ૧૬–૯–૪૫ ના રોજ ગોધરા મુકામે ડૉ. માણેકલાલ નરશીદાસના બંગલે મળેલી બંધારણ કમીટીની પ્રોસીડીંગનો અહેવાલઃ—

**હાજર રહેલા મેમ્બરો :–**

૧ શેઠ અજીતભાઈ મણીભાઈ કપડવણજ.
૨ વકીલ નગીનદાસ વાડીલાલ ,,
૩ વકીલ સોમાભાઇ પુનમચંદ ,,
૪ વકીલ શાન્તિલાલ ગુલાબચંદ લુણાવાડા.
૫ શા. વાડીલાલ છગનલાલ જવેરદાસ ગોધરા.
૬ શા. નગીનલાલ મહાસુખલાલ ,,
૭ શા. કાન્તીલાલ મહાસુખભાઈ બાકરોલા વેજલપુર.

**હાજર રહેલા સદ્ગ્રહસ્થો :–**

૧ વાડીલાલ મનસુખરામ પારેખ કપડવણજ.
૨ શા. શાન્તિલાલ મુળજીભાઇ વેજલપુર.
૩ ,, છોટાલાલ મનસુખલાલ ગોધરા.
૪ ,, રમણલાલ છગનલાલ હીરાચંદ ગોધરા.
૫ ,, રતીલાલ વાડીલાલ ડૉક્ટર બારીયાવાલા ગોધરા.
૬ ,, મહાસુખલાલ છગનલાલ વેજલપુર.
૭ ,, વાડીલાલ છગનલાલ હેમચંદ ગોધરા.
૮ ,, શંકરલાલ છગનલાલ મનસુખ ,,
૯ ,, મણીલાલ લલ્લુભાઈ ,,
૧૦ ,, રતીલાલ શામળદાસ ,,
૧૧ ,, રમણલાલ મગનલાલ બાપુજી ,,
૧૨ ,, મહાસુખલાલ વીરચંદ ,,

ઉપર મુજબ સભ્યો તથા સદ્ગ્રહસ્થોની હાજરીમાં કમીટીનું કામ હાથ ધરવામાં આવેલું.

**દરખાસ્ત—શેઠ અજીતભાઈ મણીભાઈ.**
**ટેકો—વકીલ નગીનદાસ વાડીલાલ.**

કમીટીના મે. ચેરમેન સાહેબ ડૉ. માણેકલાલ નરસીદાસની તબીયત નરમ હોવાથી તેમણે કમીટીમાં હાજરી આપવા ના પાડવાથી કમીટીના ચેરમેન તરીકે શા. વાડીલાલ છગનલાલને સર્વાનુમતે નીમ્યાં. બાદ કામ શરૂ કરવામાં આવ્યું. વિવેચન કરી સંસ્થાનો બંધારણનો ખરડો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો જે આ સાથે સામેલ છે. તા. ૧૬–૯–૪૫.

## સંસ્થાના હેતુઓ.

જુદા જુદા શહેરો અને ગામો જેવાં કે (૧) કપડવણજ, (૨) ગોધરા, (૩) વેજલપુર, (૪) લુણાવાડા, (૫) મહુધા–ચુનેલ–કાનમ–સુરત તથા આ ઉપરાંત બીજે છુટા છવાયા વસતા અને કાળક્રમે એકમેકથી લગભગ અજાણ થઈ ગયેલા વીશા નીમા જૈન જ્ઞાતિ ભાઇઓનો સંપર્ક, સમાગમ સાધવા, બંધુભાવ કેળવવા, નીકટ પરિચયમાં આવવા, તથા જ્ઞાતિના ઉત્કર્ષ માટે જુથબળ અને સંગઠન કેળવવા માટે તથા

સમસ્ત જ્ઞાતિની ધાર્મિક, આર્થિક અને સામાજિક ઉન્નતી કરવા અને કેળવણીનો પ્રચાર સાધવા તથા પરસ્પર ભ્રાતૃભાવની લાગણી વધારવા, એકબીજાને સહાય કરી, સહકાર કરી વ્યક્તિ કે સમષ્ટિ રીતે ઉપયોગી થવા વિગેરે જ્ઞાતિના શ્રેય માટેનાં કામો હાથ ધરવા, તથા

જ્ઞાતિમાં રૂઢ થઈ ગયેલા કેટલાક કુરિવાજોને અને રૂઢીઓને જેમ બને તેમ ઓછાં કરવા કે કાઢી નાખવા, ગામેગામ જ્ઞાતિ રિવાજો જુદા જુદા હોય તે સરખા કરવા અને શક્ય હોય ત્યાં ફેરફાર કરવા માટે પગલાં લેવા, જ્ઞાતિ ભાઇઓ સાથેનો પ્રેમ વધારવા, ઇતિર કોમોની સાથ ધાર્મિક સિધ્ધાંતોને બાધ ન આવે તે રીતે શક્ય હોય ત્યાં સહકાર આપવા અને સહકાર મેળવવા યોગ્ય પ્રવૃત્તિ કરવા–એ વિગેરે આ સંસ્થાના હેતુઓ છે.

## બંધારણ.

### ૧. સંસ્થાનું નામ.

આ સંસ્થાનું નામ "શ્રી વીશા નીમા જૈન સમસ્ત જ્ઞાતિ મંડળ" રાખવામાં આવ્યુ છે. અને આ બંધારણમાં "મંડળ" ના ટુંક નામથી ઓળખાશે.

### ૨. સંસ્થાના એકમો.

આ મંડળ નીચેના એકમો (units) નું બનેલું રહેશે:–

(૧) કપડવણજ, (૨) ગોધરા, (૩) વેજલપુર, (૪) લુણાવાડા–વીરપુર, (૫) મહુધા–ચુનેલ–કાનમ–સુરત.

ઉપરના એકમો ઉપરાંત વધુ એકમો ઉમેરવા મંડળને સત્તા રહેશે.

### ૩. ડેલીગેટની સંખ્યા.

મંડળના સંમેલનમાં બધા એકમોને વસ્તીના પ્રમાણમાં દર પચાસ માણસે એક પ્રતિનિધિ (delegate) મોકલવાનો હક્ક રહેશે. હાલની વસ્તીના પ્રમાણે દરેક એકમના પ્રતિનિધિઓની સંખ્યા નીચે મુજબ રહેશે.:—

| | એકમ. | પ્રતિનિધિઓની સંખ્યા. |
|---|---|---|
| ૧ | કપડવણજ | ૨૫ |
| ૨ | ગોધરા | ૨૧ |
| ૩ | વેજલપુર | ૮ |
| ૪ | લુણાવાડા, વીરપુર<br>૮ ૧ | ૯ |
| ૫ | મહુધા, ચુનેલ, કાનમ, સુરત<br>૬ ૪ ૧ ૧ | ૧૨ |
| | | કુલ્લ. ૭૫. |

## ૪. પ્રતિનિધિની ચુંટણી.

દરેક એકમે પોતાને યોગ્ય લાગે તે રીતે પોતાના પેટા વિભાગોને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે રીતે સંમેલનની તારીખથી દોઢ માસ પહેલાં પોતાના પ્રતિનિધિઓ ચુંટી તેની લેખીત ખબર મે. પ્રેસીડેન્ટ સાહેબને મોકલી આપવી.

## ૫. પ્રતિનિધિની નીમણુંક.

કોઇપિણ સંજોગોમાં કોઈ પણ એકમ ઉપર જણાવેલી રીતે પ્રતિનિધિઓ ચુટે નહી અગર મુદ્દતસર મે. પ્રેસીડેન્ટ સાહેબને ખબર મોકલે નહીં અગર બીજી કોઈ તકરાર પડી હોય અગર તે એકમના પેટા વિભાગોને યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું ન હોય તો ચાલુ પ્રમુખ દરેક વિભાગને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે રીતે તે એકમના પ્રતિનિધિઓ નીમશે.

## ૬. ડેલીગેટની મુદ્દત.

પ્રતિનિધિઓની સત્તા આગામી સંમેલન યાને અધિવેશન શરૂ થાય ત્યાંસુધી રહેશે.

## ૭. સંમેલનને નિમંત્રણનાર.

આગામી અધિવેશન બોલાવવાની ફરજ યાને સત્તા ચાલુ પ્રેસીડેન્ટને રહેશે. અધિવેશનની તારીખ મુકરર કરવાની સત્તા પણ તેમની રહેશે અને તેમણે અધિવેશનની તારીખના બે માસ પહેલાં દરેક એકમને લેખીત ખબર આપવી.

## ૮. ડેલીગેટની સત્તા.

ગત અધિવેશનથી અઢાર માસ સુધીમાં જો ચાલુ પ્રેસીડેન્ટ અધિવેશનની તારીખ નકકી કરી એકમોને જણાવે નહિં તો, ચાલુ પ્રતિનિધિઓ પૈકી પચ્ચીસ (૨૫) પ્રતિનિધિઓ પોતાની સહીથી પરિપત્ર કાઢી અધિવેશન ભરી શકશે.

## ૯. સંમેલનની બેઠક.

દરેક સંમેલન યાને અધિવેશન સાધારણ રીતે દર વર્ષે ભરવું. પરંતુ પ્રેસીડેન્ટને યોગ્ય લાગે તે સંજોગોમાં ઉપરની મુદ્દત છ માસ લંબાવવા તેમને સત્તા રહેશે.

## ૧૦. સંમેલનનું કોરમ.

સંમેલન માટેનું કોરમ (Quorum) પચાસ પ્રતિનિધિઓનું ગણાશે પરંતુ તે પચાસ પૈકી કોઈપણ ચાર એકમોના ઓછામાં ઓછાં દરેક એકમ દીઠ ચાર પ્રતિનિધિઓ હાજર હોવા જોઈએ વગર કોરમે સંમેલન મુલતવી રહેશે.

સંમેલનના ઠરાવો બને ત્યાંસુધી હાજર રહેલા પ્રતિનિધિઓની સર્વાનુમતિથી કરવા, પરંતુ મત લેવાનો પ્રસંગ આવે તો તે પૈકી ⅔ પ્રતિનિધિઓના મત મળે ઠરાવ પસાર થયેલો ગણાશે. પરંતુ તે ⅔ માં ઓછામાં ઓછા ચાર એકમોના દરેક એકમ દીઠ બે પ્રતિનિધિઓના મત મળેલા હોવા જોઈએ.

## ૧૧. ઠરાવ પાસનું ધોરણ.

સંમેલનના ઠરાવો બને ત્યાંસુધી હાજર રહેલા પ્રતિનિધિઓની સર્વાનુમતિથી કરવા, પરંતુ મત લેવાનો પ્રસંગ આવે તો તે પૈકી ⅔ પ્રતિનિધિઓના મત મળે ઠરાવ પસાર થયેલો ગણાશે. પરંતુ તે ⅔ માં ઓછામાં ઓછા ચાર એકમોના દરેક એકમ દીઠ બે પ્રતિનિધિઓના મન મળેલા હોવા જોઈએ.

## ૧૨. પ્રમુખની ચુંટણી.

જે ગામમાં અધિવેશન ભરાવાનું હશે, તે એકમ આગામી અધિવેશન માટેના પ્રમુખ નક્કી કરી તેની લેખીત ખબર ચાલુ પ્રમુખને સમેલનના બે માસ પહેલાં આપશે. ચાલુ પ્રમુખે તે ખબર દરેક એકમોને તેમની સંમતિ મેળવવા આપવી. પ્રમુખ તરફથી કાગળ મળેથી દીન પંદરની અંદર જવાબ જવો જોઈએ. એકંદર એકમો પૈકી વધુ એકમોની સંમતિ મળે તો તે પ્રમુખ ચુંટાયેલા ગણાશે.

## ૧૩. પ્રમુખની ચુંટણી.

જો ઉપર કલમ ૧૨. મુજબ પ્રમુખ ચુંટાયેલા ના હોય તો, અધિવેશનની ખુલ્લી બેઠકમાં તમામ પ્રતિનિધિઓના મત પૈકી વધુ મત મેળવનારને પ્રમુખ ચુંટવામાં આવશે.

## ૧૪. પ્રમુખની મુદત.

ચાલુ પ્રમુખની સત્તા આગામી અધિવેશન ભરાતા સુધી.રહેશે.

## ૧૫. મેનેજીંગ કમીટી.

મંડળનું કામકાજ કરવા સારૂ એક કાર્યવાહી સમિતિ (managing committee) પ્રતિનિધિઓમાંથી નીમવી જેના સભ્યોની સંખ્યા નીચે મુજબ રહેશે. :—

| | એકમ. | સંખ્યા. |
|---|---|---|
| ૧ | કપડવણજ | ૬ |
| ૨ | ગોધરા | ૫ |
| ૪ | વેજલપુર, કુણાવાડા | ૩ |
| ૩ | વેજલપુર | ૨ |
| ૫ | ચુનેલ, કાનમ, મહુવા, સુરત | ૪ |
| | | કુલ ૨૦ |

ચાલુ પ્રેસીડેન્ટ આ કમીટીના ચેરમેન રહેશે.

## ૧૬. કાર્યવાહી સમિતિની મીટીંગની ખબર.

આ કમીટીના ચેરમેને (ચાલુ પ્રેસીડેન્ટે) મીટીંગના સ્થળ અને તારીખની લેખીત ખબર સમિતિના સભ્યોને સાત દિવસ પહેલાં મળે તે રીતે ટપાલ મારફત મોકલવી, અને તે મીટીંગમાં કરવાના કામોની યાદી ( agenda ) સાથે મોકલી આપવી.

## ૧૭. ચેરમેનની સત્તા.

કાર્યવાહી સમિતિની મીટિંગને દીવસે ચેરમેનને જરૂર ને તાત્કાલિક જણાય તેવાં નવાં કામો મીટીંગમાં મુકવાનો હક્ક રહેશે.

## ૧૮. કાર્યવાહી સમિતિનું કોરમ.

મેનેજીંગ કમીટીનું કોરમ (Quorum) ૭ સાત સભ્યોનું ગણાશે અને તે સાત પૈકી એકંદર ત્રણ એકમોના ઓછામાં ઓછા એક એક સભ્યની હાજરીની જરૂર રહેશે.

કોરમ ના થાય તો મીટીંગ મુલતવી રાખવી અને સાત દીવસની નોટીસ આપી ફરીથી ભરવી અને તેવી મીટીંગમાં કોરમની જરૂર રહેશે નહી. પરંતુ પાછલી મીટીંગના એજેન્ડામાં (agenda) દર્શાવેલું ન હોય તેમજ પાછલી મીટીંગના દીવસે ચેરમેને નવું કામ ન મુકયું હોય તેવું કોઈપણ કામ થઈ શકશે નહિં.

## ૧૯. કાર્યવાહી સમિતિનો ઠરાવ.

કાર્યવાહી સમિતિનો ઠરાવ વધુમતે પસાર થયેલો ગણાશે.

## ૨૦. કાર્યવાહી સમિતિની બેઠક.

કાર્યવાહી સમિતિની સભા ઓછામાં ઓછી વરસમાં બે વાર ચેરમેનને યોગ્ય લાગે તે સ્થાને ભરવી જોઇશે.

## ૨૧. કાર્યવાહી સમિતિના સભ્યોનું એલાવન્સ.

કાર્યવાહી સમિતિના સભ્યોને મીટીંગમાં જવા આવવા સારૂ ત્રીજા વર્ગનું ભાડું આપવું તે સિવાય બીજું કાંઈ ખર્ચ આપવામાં આવશે નહિ.

## ૨૨. કાર્યવાહી સમિતિની ફરજો તથા સત્તા..

(અ) સંમેલને પસાર કરેલા ઠરાવોનો અમલ કરવો તે કાર્યવાહી સમિતિની મુખ્ય ફરજ ગણાશે અને સંમેલનના ઠરાવોનું પાલન તથા અમલ કરવા માટે જે જે જરૂરી જણાય તે તમામ પગલાં લેવા માટે તે સમિતિને સત્તા રહેશે.

(બ) કાર્યવાહી સમિતિ પોતાને જરૂર લાગે તે પ્રમાણે જુદી જુદી પેટા કમીટીઓ, કમીટીના મેમ્બરો પૈકીના સભ્યોની, નીમી શકશે. અને તેમાં બહારનાં માણસોને (co-opt.) ઉમેરવાની સત્તા ચેરમેનને રહેશે. પરંતુ તેવા co-opt. કરેલા સભ્યોની સંખ્યા તે પેટા કમીટીના સભ્યોની સંખ્યાની $\frac{1}{3}$ થી વધુ રહેશે નહીં. ને તે પેટા કમીટીનું કોરમ $\frac{1}{2}$ સભ્યોની હાજરીથી ગણાશે.

(૬) કાર્યવાહી સમિતિને એકી વખતે રૂ. ૨૫૦) અઢીસો રૂપીઆ સુધી ખર્ચવાની સત્તા રહેશે.

## ૨૩. સભ્યોની ગેરહાજરી.

લાગલાગટ ત્રણ બેઠકોમાં હાજરી નહિ આપનાર સભ્ય તરીકે કમી થાય છે. એટલે ત્યાર પછી ફરીને ચુંટાય ત્યાં સુધી તે કમીટીના સભ્ય તરીકેના કોઈ હકક ભોગવી શકશે નહીં

## ૨૪. કોરમ થવાનો વખત.

સભાના નીમેલા વખતે કોરમ ન થયું હોય તો અડધો કલાક રાહ જોવી ને કોરમ થાય તો કામ ચાલુ કરવું. કોરમના અભાવે સભા મુલતવી રાખવી.

## ૨૫. સ્પેશીયલ કમિટિ.

કાર્યવાહી સમિતિ ઉપરાંત, મંડળ સ્પેશીયલ કમીટી નીમી શકશે ને તે કમીટીને મંડળ યોગ્ય લાગે તેવી સત્તાઓ સોંપી શકશે અને તેટલા પુરતી કાર્યવાહી સમિતિની સત્તા કમી થયેલી ગણાશે.

## ૨૬. પ્રમુખ અગર ચેરમેનની ગેરહાજરી.

કોઇપણ કારણસર પ્રમુખ અગર ચેરમેન હાજર ન રહી શકે તો માત્ર તે દિવસની સભાના કામકાજ માટે કામચલાઉ પ્રમુખ અગર ચેરમેનની ચુંટણી કરી કામ શરૂ કરવું. કામ ચાલુ હોય તે દરમિઆન પ્રમુખ અગર ચેરમેન હાજર થાય તો સદર ચુંટાયેલા કામચલાઉ પ્રમુખ અગર ચેરમેને હાજર થનાર પ્રમુખને (ચેરમેનને) પોતાની બેઠક ખાલી કરી આપવી અને બાકી રહેલું કામકાજ આવનાર પ્રમુખ અગર ચેરમેનના અધ્યક્ષપણા નીચે કરવું.

## ૨૭. વક્તા તથા પ્રેસીડેન્ટની સત્તા.

વકતા:-સભામાં એકી વખતે એકજ સભ્ય બોલશે. બોલનાર પોતાનું કહેવું પુરૂં કરે નહીં ત્યાં સુધી બીજા કોઇ સભ્યે વચમાં બોલી ઉઠવું નહીં. બોલશે તેને પ્રમુખ રોકી શકશે. તેને બોલતો અટકાવશે ને બેસાડી દેશે પણ એટલું વિશેષ કે કાનુની પ્રશ્ન માટે કોઇપણ સભ્યને વચ્ચે બોલી પ્રમુખને તે માટેનો ખુલાસો પૂછવાનો અધિકાર રહેશે આ સિવાય બોલનાર પોતાનું બોલવું પુરૂ કરી રહે ત્યાર પછીજ બીજો સભ્ય પોતાનું બોલવું શરૂ કરશે. દરેકને પોતાના વિચારો સ્વતંત્રપણે ને સભ્યતાથી, વિનયથી, યોગ્ય શબ્દોમાં અને સભ્ય ભાષામાં રજુ કરવાનો અધિકાર છે. પ્રમુખ:-એક કરતાં વધુ બોલનાર હોય તો પ્રમુખ જેને કહે તેને પ્રથમ બોલવું ને પછી બીજાએ બોલવું. પ્રમુખના હુકમને પુરેપુરૂં માન આપવું ને હુકમ માન્ય કરવો. પ્રમુખ, બોલવા માટે જેટલો વખત આપે તેટલા વખતમાં પોતાનું બોલવું પુરૂ કરવું. પ્રમુખ બોલનારને, વચમાં પણ, બોલવા માટે મનાઇ કરી શકશે ને બેસી જવાનું કહેશે તો તે મુજબ પ્રમુખના હુકમને માન્ય કરવો, અને વકતાએ પોતાની જગા લેવી.

## ૨૮. પ્રેસીડેન્ટની રજા.

સંમેલનની સભા સિવાયની સમિતિઓની સભાનું કામકાજ ચાલતું હોય ત્યારે પ્રમુખની રજા લઈ સભ્ય પણ બહાર જઈ શકશે.

## ૨૯. પ્રેસીડેન્ટની હકુમત.

પ્રમુખ જે નિકાલ આપે તેને સભ્યો આધીન રહેશે. પ્રમુખની વિરૂદ્ધ જે કંઈ કહેવાનું હોય તે સંમેલનની ખુલ્લી બેઠકમાં કહી શકશે.

## ૩૦ કાસ્ટીંગ વોટ.

દરેક પ્રમુખ અગર ચેરમેનને પોતાનો પરસનલ એક મત અને સરખા મત પડે તો બીજો એક વધુ મત એટલે કે કાસ્ટીંગ વોટ (casting vote), એમ બે મત આપવાનો અધિકાર રહેશે.

## ૩૧. જનરલ સેક્રેટરી.

મંડળ એક જનરલ સેક્રેટરી નીમશે. તે સેક્રેટરી પાસે મંડળના તમામ કાગળો, ચોપડા તથા મિલક્તો વિગેરે રહેશે.

## ૩૨. કામચલાઉ સેક્રેટરી.

કાર્યવાહી સમિતિ તેના કામ માટે એક બીજા યોગ્ય સેક્રેટરી નીમશે અને કાર્યવાહી સમિતિનું કામ તથા તેમણે નીમેલી પેટા સમિતિઓનું કામ તે સેક્રેટરી કરશે. અને કાર્યવાહી સમિતિઓનું કામ પુરું થયેથી તેનું તમામ દફતર તથા મીલ્કત જનરલ સેક્રેટરીને સોંપી દેશે.

## ૩૩. ટ્રેઝરર.

મંડળ એક કોશાધ્યક્ષ (Treasurer) નીમશે.

## ૩૪. ખરચ માટે ફાળો.

સંસ્થા અગર મંડળના કાયમી ચાલુ ખર્ચ (running expenses) માટે વસ્તી પ્રમાણે દરેક એકમ ઉપર જરૂરી ફાળો (cess) સંમેલન નાંખી શકશે.

## ૩૫. ઠરાવોની નોટીસ.

સમેલનમાં મુકવાના ઠરાવો (resolutions) વિગેરેની લેખીત નોટિસ સંમેલનની તારીખની દશ દિવસ અગાઉ પ્રેસીડેન્ટને અગર જનરલ સેક્રેટરીને આપવી પડશે. પરંતુ પ્રેસીડેન્ટ પોતે સંમેલનમાં કોઇપણ ઠરાવ કોઇપણ વખતે મુકી શકશે.

## ૩૬. દરખાસ્તમાં સુધારો.

મૂળ દરખાસ્ત ઉપર સુધારો (amendment) આવે તો પહેલાં amendment ઉપર મત લેવો અને તેમાં વધુ મત મળે તો તે સુધારા (amendment) સાથેની દરખાસ્ત ફરીથી મત ગણત્રી (Voting) માટે મુકવી.

## ૩૭. સભા મુલતવીની દરખાસ.

સભા મુલતવી રાખવાની દરખાસ્ત (adjournment motion) સૌથી પહેલી હાથ ધરવામાં આવશે અને તે વધુ મતે પસાર થયેલી ગણાશે.

## ૩૮. બંધારણમાં ફેરફાર.

(અ) આ બંધારણની કોઇપણ કલમમાં સુધારો, વધારો યાને ફેરફાર કરવાની સંમેલનને સત્તા છે.

(બ) તેવો સુધારો, વધારો યાને ફેરફારની વીગત સાથેની લેખીત નોટીસ સંમેલન ભરાવવાના ત્રીસ દીવસ પહેલાં પ્રેસીડેન્ટે દરેક પ્રતિનિધિને આપવી.

(ક) તે ઠરાવ મંડળની ખુલ્લી બેઠકમાં મુકવો.

(ડ) હાજર રહેલા પ્રતિનિધિઓ પૈકી ⅔ પ્રતિનિધિઓની બહુમતિથી ઠરાવ યાને સુધારો વધારો, અગર ફેરફાર, પસાર થયેલો ગણાશે. પરંતુ તે ⅔ બહુમતિમાં કોઇપણ ત્રણ એકમોના ઓછામાં ઓછા એકમ દીઠ બે પ્રતિનિધિઓના મત હોવા જોઇએ.

## ૩૯. બંધારણનો અમલ.

આ બંધારણ તા. ૩૧ મી, ડીસેમ્બર ૧૯૪૫ થી અમલમાં આવેલું ગણાશે. પરંતુ આગામી પ્રેસીડેન્ટની ચુંટણીને લગતી કલમો ૧૨, ૧૩ અને ૧૪, આગામી અધિવેશન માટે અમલમાં આવશે ત્યાંસુધી ચાલુ પ્રેસીડેન્ટની સત્તા કાયમ રહેલી ગણાશે.



શેઠ શ્રી. રમણભાઈ (બાબુભાઈ) મણીભાઈ

જ્ઞાતિનું હિત જેને હૈયે સદાય વસેલું છે. જેને સમસ્ત વીશાનિમા જૈન જ્ઞાતિની આગેવાની વંશપરંપરા જાળવી રાખી છે.

# શ્રી વિશા નીમા જૈન સંમેલન

## પ્રથમ અધિવેશન

### મુ. કપડવણજ

### તા. ૨૪-૨૫-૨૬ મી જુલાઈ સને ૧૯૪૪

### અધિવેશનની કાર્યવાહિની વિગત.

વીશા નીમા જૈન જ્ઞાતિના સમગ્ર પાંચ ગામના સંમેલનની શરૂઆત નીર્દેષ કરેલા સમયે આજરોજે બપોરના બે વાગે કપડવણજ મુકામે પંચના ઉપાશ્રયે થઇ હતી. અને તેનું કામકાજ બરોબર બપોરના ૨-૩૦ મીનીટે શરૂ થયું હતું.

શરૂઆતમાં ભાઈ વાડીલાલ મનસુખરામ પારેખે કપડવણજના ડેલીગેટોની ઓળખાણ દરેકના મોભા અને દરજ્જા મુજબ કરાવી હતી અને એજ પ્રમાણે ગોધરાના ડેલીગેટોની ઓળખાણ ભાઇશ્રી ગીરધરલાલ હેમચંદ શાહે કરાવી હતી. વેજલપુરની ઓળખાણ ભાઈ છબીલદાસ મણીલાલ શાહે કરાવી હતી. લુણાવાડા તેમજ વીરપુરની ઓળખાણ વકીલ શ્રીયુત ભાઈ ભાઇચંદભાઇ જેચંદભાઇ તેલીએ કરાવી હતી. ચુણેલ, મહુધા, સાધી અને કાનમ તરફના ગામોના ડેલીગેટોની ઓળખાણ ભાઈ સામળદાસ ભુરાભાઈ શાહે કરાવી હતી. દરમ્યાન ભાઈ વાડીલાલ મનસુખરામ પારેખે વડનગરથી આપણી વીશાનીમા કોમના બે જૈન ભાઇઓની ઓળખાણ આપી હતી, ગોધરાવાળા શ્રીયુત ડૉક્ટર માણેકલાલભાઇની સુચનાથી વડનગરવાળા ભાઇઓએ પોતાની ટુંકી રૂપરેખા જણાવી. જણાવ્યું કે હમો આજ ત્રણસો વરસ પહેલાં ગુજરાતથી માળવા ગએલા; આશરે ત્રણસો ઘર હતાં જેમાંથી આજે અમો માત્ર બેજ ઘર જૈન રહ્યા છીએ. સાધુસાધ્વીના વિહારોના અભાવે બાકીના ભાઇઓએ વૈષ્ણવ ધર્મ અંગીકાર કર્યો છે. વડનગરના આવેલા ભાઈઓનાં નામ ભાઈ સાગરમલજી તથા ભાઈ મનાલાલજી એ પ્રમાણે હતાં. સાથે સાથે કપડવણજના આપણા જ્ઞાતીના અદુમ્બર વયોવૃદ્ધ ગોર શ્રીયુત મહાસુખરામ પ્રાણનાથ શ્રોત્રીય તેમજ તેમના ભત્રીજા શ્રીયુત કાંતીલાલ કેશવલાલ B. A. ની ઓળખાણ ભાઈ વાડીલાલે કરાવી હતી.

ત્યાર પછી તરતજ સંમેલનનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

લગભગ ત્રણ વાગે સ્વાગત ગીત ગવાયું હતું અને ત્યારબાદ સ્વાગત કમીટીના ચેરમેન શ્રીયુત નગીનભાઇ વાડીલાલ વકીલે પોતાનું સ્વાગત ભાષણ શરૂ કર્યુ હતું. તેમના ભાષણમાં સર્વે પધારેલા ભાઇઓને અપુર્વ રીતે આવકાર આપવા ઉપરાંત આપણી વીશાનીમા જૈન કોમની આદિથી તે અત્યાર સુધીની ઝાંખી રૂપરેખા આપી હતી. તેમજ આ સંમેલનની ઉત્પત્તી સંબંધી બોલતાં જણાવ્યું કે શ્રીયુત ચીમનલાલ ડાહ્યાભાઇએ સંવત ૧૯૯૯ ની ચૈત્રી શાશ્વતી આંબેલની ઓળી કરાવી પાંચે ગામના ભાઇઓને આમંત્રણ આપેલાં અને તે સમયે આ શુભ પ્રસંગનો લાભ લઈ આવા સંમેલનની જરૂરત સમજી ભાઈ વાડીલાલ

મનસુખરામના ઘરે પાંચે ગામના ભાઇઓએ ભેગા થઈ આવું સંમેલન ભરવાનો ઠરાવ કરેલો, તે તેજ વરસમાં બર નહી આવતાં આ વરસે અને આ સમયે બર આવ્યો છે તે માટે અને સર્વે ભાઇઓએ અત્રે પધારી આ સંમેલનના વિચારને પ્રોત્સાહન આપ્યું છે તે માટે ઉપકાર માની આવા સંમેલનની જરૂરીઆત ઉપર ભાર મુક્યો હતો. વળી આગળ બોલતાં તેમણે આપણી કોમ શ્રી હરિશ્ચંદ્ર રાજાના વખતથી હોવાના કેટલાક દાખલાઓ ટાંક્યા હતા. વળી વધુમાં સુરતમાં આપણી કોમના ભાઇઓનું બંધાવેલું એક દહેરાસર જે હાલ હયાત છે અને તેની અંદર કેટલીક પ્રતીમાજી આપણી કોમના ભાઇઓની ભરાયેલી છે, જે ઉપર વીર સંવત ૧૧૦૦ પહેલાંના લેખો છે જે ઉપરથી તેમણે જણાવ્યું કે આપણી કોમની હયાતી વીક્રમ સંવત ૫૦૦ અને ૬૦૦ ની પહેલાંની હોવીજ જોઇએ કે જે આપણે આજે આ ઉપરથી સમજી શકીએ છીએ.

આપણી કોમની વસ્તી વધુ પ્રમાણમાં કપડવણુજ, મહુધા, ચુણેલ, ગોધરા. વેજલપુર, લુણાવાડા, વીરપુર, આટલા ગામોમાં છે અને દશપરા, ધાયજ, સાધી, વડનગર, સુરત, ભરૂચ વિગેરે ગામોમાં જો કે થોડા પ્રમાણમાં હોવા છતાં વસ્તી જરૂર છે એમ જણાવ્યું હતું.

આપણી કોમનો આધુનીક ઇતિહાસ વર્ણવતાં તેમણે જણાવ્યું કે આપણી કોમ સામાન્ય રીતે બહાર દેશાવર ઘણા કાળથી કપડવણુજના શેઠ લાલભાઈ ગુલાલભાઈના કુટુંબના નામથી પ્રખ્યાતી પામેલી અને આજે પણ આપણી કોમ તે કુટુંબના નામે ઓળખાવવાના માટે અભીમાન ધરાવે છે. કપડવણુજ બાબત બોલતાં તેઓએ જણાવ્યું કે અત્રેના ભાઈ વાડીલાલ મનસુખરામ ત્રણવાર યુરોપ–અમેરીકાની મુસાફરી કરી આવેલા છે. શેઠ બાબુભાઇ મણીભાઇ શાંગહાઈ જઈ આવેલા છે. આ સીવાય ધંધાના દરેક ક્ષેત્રમાં લગભગ આપણી કોમના ભાઈઓનો સારી રીતનો ફાળો છે. ભાઇ ચીમનલાલ ડાહ્યાભાઈ જયન્તં મેટલના કારખાનાના માલીક છે, તેમજ માઇનીંગ એટલે ધાતુઓ અને ખનીજોની ખાણોના ખોદકામ વિગેરેના સાહસોમાં મોટો ભાગ લઈ રહ્યા છે. આવી રીતે ધંધાના ક્ષેત્રમાં કપડવણુજનો સારો ફાળો છે, વળી અત્રેની મ્યુનિસિપાલીટીના પંદર હિંદુ સભ્યોમાં આપણી જ્ઞાતીના પાંચ સભ્યો છે, તેમજ તે બધા એકમેકની સાથે મળી પૂર્ણ સહકારથી કામ કરે છે, તેમજ વકીલો, ડોકટરો અને બીજી પદ્વીઓવાળા પણ છે અને કેટલાએ તે દિશામાં પ્રગતિ કરી રહ્યા છે. આ સિવાય ધાર્મિક ક્ષેત્રમાં પણ કપડવણુજનો ફાળો સારો છે. પુ. આચાર્યદેવ આગમોધ્ધારક શ્રીમદ્ સાગરાનંદસુરીશ્વર જેવાની આ જન્મભૂમિ છે. તદઉપરાંત ઘણા સાધુસાધ્વીઓની આ જન્મભૂમિ છે. સાધુસાધ્વીઓના ઠાણાઓમાં આ ગામનો મ્હોટો ફાળો છે. એટલુંજ નહીં પણ શ્રીમાન સોમાભાઈ જવેરલાલ તથા લલ્લુભાઇ કેવળદાસ પાદશાહ જેવાએ તો પોતાનું આખું કુટુંબ વૃધ્ધથી તે બાળ સુધી સાધુ સંસ્થાને અર્પણ કર્યું છે. આ રીતે ધર્મની બાબતમાં પણ આ ગામે મ્હોટો ફાળો આપ્યો છે. આવી રીતે આર્થિક, ધાર્મિક તેમજ વ્યવહારીક દીશામાં કપડવણુજની પ્રગતી ઠીક ઠીક પ્રમાણમાં આગળ વધેલી છે.

તેઓએ ગોધરા સંબંધી બોલતાં જણાવ્યું કે, ગોધરા પણ પ્રગતીની બાબતમાં જરા પણ ઓછું નથી. શ્રીયુત ડોકટર માણેકલાલભાઈ તથા રીટાયર્ડ ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ ભાઈ મહાસુખલાલ મનસુખભાઈ ઘણી જાણીતી વ્યક્તિઓ છે. ડો. માણેકલાલભાઈ તો પૂજ્ય ગાંધીજીના અનન્ય અનુયાયી તેમજ મ્યુનિસિપલ અને લોકલબોર્ડ અને એવી બીજી અનેક સંસ્થાઓની અંદર પ્રેસીડન્ટ જેવો ઉંચો દરજ્જો ધરાવે છે તેમજ સારામાં સારો સહકાર આપી રહ્યા છે. પંચમહાલ કેળવણી મંડળ અને રૂરલ ડેવેલોપમેન્ટ કમીટીમાં પણ તેમનો મ્હોટો હાથ છે. આ સીવાય ઉચ્ચ કેળવણીમાં આગળ વધેલા જેવા કે B. S. C., B. E., L. L. B. ડોકટરી લાઇન વિગેરે અનેક વિવિધ લાઇનોમાં ઘણા ભાઇઓ પ્રગતિ કરી રહ્યાં છે. આ ઉપરથી માલુમ પડશે

કે ગોધરાની પ્રગતી કેળવણી બાબતમાં ઘણી આગળ વધેલી છે. વહેપારમાં પણ મુંબાઈ, દાહોદ, દેરોલ, બાંડીપાર વિગેરે ઘણી જગોએ આપણી જ્ઞાતિના ભાઇઓ મ્હોટા મ્હોટા વહેપારો કરે છે. આ હીસાબે વહેપારી લાઇનમાં પણ ગોધરા આગળ વધેલું છે.

લુણાવાડાની વસ્તીના પ્રમાણમાં કેળવણીનો પ્રચાર ઘણો સારો છે. એક L.L.B. છે. બે ત્રણ કોમર્સ અને લૉ માં અભ્યાસ કરી રહ્યા છે. કેળવણીમાં વિદ્યાર્થીઓ મ્હોટા પ્રમાણમાં આગળ વધતા આવે છે. વહેપાર રોજગારમાં પણ આપણા ભાઇઓની બહુ સુખી સ્થિતિ છે. વેજલપુર સંબંધમાં જો કે મને બહુ માહીતી નથી છતાં મેં એટલું તો જરૂર સાંભળ્યું છે કે વેજલપુરમાં ઘણા ભાઇઓ ધનવાન છે અને લગભગ બધા કુટુંબો સુખી છે. કેળવણીમાં પણ બહુ સારો રસ લેવાઈ રહ્યો છે. વેજલપુરના સ્વર્ગસ્થ શ્રીયુત મહાસુખભાઈ જેઓ ઇન્કમટેક્ષ ખાતામાં ઉંચો દરજ્જો ધરાવતા હતા તેઓના દીકરા ભાઈ શાંતિલાલ ઇન્કમટેક્ષ ઓફીસરની પદ્વી ધરાવે છે.

મહુધામાં ભાઈ મુળચંદભાઈ જેઓ પોતે એક વખતે કપડવણજમાં નાઝર હતા તેમના દીકરા ભાઈ કનુભાઈ "એમ-કોમ" છે અને મુંબઇની કોલેજમાં પ્રોફેસર છે. ભાઈ છોટાભાઈ જેઓ અમદાવાદની એક મીલમાં વીવીંગ માસ્તર છે. તેમના દીકરા ભાઈ ભીખુભાઈ પણ તેજ લાઈનમાં વીલાયત જઈ ઉંચુ જ્ઞાન સંપાદન કરી વીવીંગ માસ્તર તરીકે જાણીતા છે. વધારામાં એક એલ. એલ બી. છે તેમજ ભાઈ મણીલાલ ભણશાલી સીવીલ એન્જીનીયર એટલે કે બી. ઈ. થયેલા છે. જેઓ હાલ મુંબઇમાં પોતાની ફર્મ ચલાવે છે. આવી રીતે એકંદરે પાંચે ગામની કેળવણીનો પ્રચાર અને પ્રગતી બહુ ઠીક ઠીક છે. દરાપરા, સાધી વિગેરે સ્થળોએ રહેનારા ભાઈઓ પણ એકંદરે બધાજ સુખી છે. બાધીવાળા ભાઇ રમણલાલ ચુનીલાલ મુંબઈમાં આર. સી. શાહ નામથી ટોપી અને નીટેડ વેરની મોટી દુકાનો ચલાવે છે અને બહુ સારી નામના મેળવી રહ્યા છે. દરાપરામાં પણ ભાઈ નાલચંદ કાળીદાસનું કુટુંબ ઘણું જાણીતું અને સુખી છે.

તે પછી ભાઈ નગીનભાઇએ જાહેર કર્યું કે આ સંમેલનની વિષયવિચારીણી સમીતી આજરોજ રાતના નવ વાગે આજ જગો ઉપર બેસશે તે વખતે સર્વે ડેલીગેટ ભાઈઓને વખતસર પધારવા વિનંતી કરી હતી. ત્યાર પછી તેઓએ ફરીથી કપડવણજની સમસ્ત કોમ તરફથી પધારેલા તમામ પ્રતિનિધિ ભાઈઓ તેમજ મહેમાનોને અંતઃકરણ પૂર્વકનો આવકાર આપી તેઓના અત્રે પધારવા માટે આભાર માની પોતાનું ભાષણ પુરું કર્યું હતું.

ત્યારબાદ ગોધરાનિવાસી ભાઈ વાડીલાલ છગનલાલભાઇએ શેઠ બાબુભાઈ મણીભાઇને પ્રેસીડેન્ટ તરીકે નિમવાની દરખાસ્ત રજુ કરી હતી. આ દરખાસ્ત રજુ કરતી વખતે ભાઈ વાડીલાલભાઈએ **લાલગુલાલના** જાણીતા કુટુંબની થોડીક રૂપરેખા આપી હતી અને તેજ કુટુંબના એક નબીરાને આજે પ્રેસીડેન્ટ તરીકે ચુંટવાની દરખાસ્ત મુકતાં પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. સદરહુ દરખાસ્તને લુણાવાડા-વાળા વકીલ રા. રા. તેલી ભાઇચંદભાઇ જેચંદભાઈએ ટેકો આપ્યો હતો. ટેકો આપતાં તેઓએ પોતાનો આ સંબંધીનો આનંદ વ્યકત કર્યો હતો ત્યારબાદ વેજલપુરવાળા રા. રા. શા. છબીલદાસ મણીલાલ તેમજ કપડવણજવાળા રા. રા. પારેખ વાડીલાલ મનસુખભાઇએ ટેકો આપ્યો હતો અને તે સર્વાનુમતે પસાર થએથી રા. રા. બાબુભાઇએ પ્રમુખપદ સ્વીકાર્યું હતું.

આ પછી રા. રા. બાબુભાઈ મણીભાઇના પ્રમુખપદ નીચે આ સંમેલનની રીતસરની કાર્યવાહી શરૂ થઈ હતી તે નીચે મુજબ :—

પ્રથમ-શ્રીયુત **માસ્તર મંગળદાસ સામળદાસ મહુધાવાળાએ** તુલનાત્મક દૃષ્ટિએ **જૈનધર્મ** એ વિષય ઉપર ભાષણ કર્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હાલના સંજોગો અને રાજદ્વારી વાતાવરણના અંગે ધાર્મિક લાગણીઓ શીથીલ થઈ ગઈ છે અને જે કંઈ ધર્મ થાય છે તે ફક્ત ક્રીયામાંજ થાય છે અને જ્ઞાનપૂર્વકની ભાવનામાં થતો નથી. આવી ધર્માંધતા તજી દઈ સાચા સંસ્કારી બની, ધર્મ બાબતનું જ્ઞાન મેળવી, જ્ઞાનપૂર્વક ધર્મ આદરવાની પ્રત્યેકની ફરજ તરફ લક્ષ દોર્યું હતું.

ત્યારબાદ **ગોધરાવાળા શ્રીયુત વાડીલાલભાઇએ** પોતાનું અગત્યનું ભાષણ કર્યું હતું જેમાં ખાસ કરીને સંમેલન અને તેની **કાર્યવાહીનું ખ્યાન** પોતાની વ્યકિતગત દૃષ્ટિ મુજબ સંમેલન સમક્ષ મુકયું હતું.

વીશા નીમા જ્ઞાતીના સુધારા માટે ત્રણ ભાગમાં કાર્યક્ષેત્ર વહેંચવું જોઇએ.

**આર્થિક, સામાજીક, ધાર્મિક.**

વળી સબજેકટસ કમીટી બાબત કેટલીક સુચનાઓ કરી હતી.

(૧) દરેક વ્યકિતએ પોતાનો સુચવવાનો સુધારો લેખીત ઠરાવના રૂપમાં આપવો જોઇએ અને તેને ટેકો આપનાર માણસોએ પોતાના તરફથી લેખીત ટેકો મોકલવો જોઇએ.

(૨) આવા દરેક ઠરાવ ઉપર વિષયવિચારણી સમિતિ વિચાર કરે અને તેમાં જે ઠરાવો નક્કી થાય તે ઠરાવો સંમેલનની બેઠકમાં મુકવામાં આવે.

(૩) વિષયવિચારણી સમિતિનું પ્રોસીડીંગ બધું ખાનગી રહેવું જોઇએ.

(૪) છેવટનો નિર્ણય જે સ્વરૂપમાં સમિતિ નક્કી કરે તે સ્વરૂપમાં સંમેલનની જાહેર બેઠકમાં દરખાસ્ત અને ટેકા સહીત મુકવામાં આવે અને તે દરખાસ્ત મુકનાર તથા ટેકો આપનાર માણસો તે ઠરાવના સમર્થનમાં ભાષણો કરી શકે.

(૫) આવી દરખાસ્તોમાં સુધારા હોય તો સુધારા ઉપર પણ ભાષણ થઈ શકે અને જે આખરી નિર્ણય થાય તે જાહેર સભામાં પાસ કરવામાં આવે.

આમ નક્કી કરેલા ઠરાવોના અમલ માટે દરેક ગામના સભ્યોની કાર્યવાહક સમિતિ નીમવી અને બીજી એક તે ઠરાવોનો પ્રચાર કરવા માટેની નીમવી. સમેલનનું બંધારણ ઘડવા માટે એક કમીટી નીમવાનું પણ સુચવ્યું હતું.

તે પછી તેઓએ **આર્થિક** વિષયો ઉપર બોલતાં એક વીશા નીમા જૈન **બેંક** કહાડવાની પણ ભલામણ કરી હતી.

વધારામાં આપણા ભાઇઓને ધંધે લગાડવા બનતી મદદ કરી શકે તેવી એક કમીટી નીમવી. તેઓએ વધારામાં ધાર્મિક ક્ષેત્રમાં સમજણવાળું ભણતર અપાય તેવી સમજવાળા શિક્ષકો રાખવાની ભલામણ કરી હતી. સ્ત્રી કેળવણી સંબંધી તેઓએ બહુ ભારપૂર્વક દરેકજણને પોતાની ફરજ સમજાવી હતી. વિધવાઓ

બાબત ધ્યાન ખેંચતાં ઉદ્યોગ મંદીર સંબંધી પણ તેઓ ઘણુ બોલ્યા હતા અને સભાને બહુ સારી રીતે દોરવણી આપી હતી.

ઉપર મુજબ બોલતાં તેઓ બીજી ઘણીએ બાબતો માટે બોલ્યા હતા એ બધાનો સાર એ હતો કે આપણી જ્ઞાતિએ સમયને અનુકુળ થઈ જે જે સુધારા જ્ઞાતિમાં દાખલ કરવા જેવા લાગતા હોય તેવા સુધારા ગામેગામ પોતાની વિષયવિચારિણી કમીટી નીમી પોતે પોતાના ગામમાં તેવા સુધારાઓ દાખલ કરે; આવી રીતે તેઓએ પોતાનું ભાષણ સમાપ્ત કીધું હતું.

ત્યાર પછી ત્રીજા ભાષણકાર તરીકે આપણી વીશા નીમા જ્ઞાતિના ઉદમબરગોર (કપડવણજના વતની) મહાસુખરામ હતા. જેઓએ વીશા નીમા વાણીઆ તે **"નીમા મહાજન"** તરીકે કહેવાતા ઓળખાવ્યા હતા. તેમણે એમ જણાવ્યું કે જ્યાં જ્યાં અમારા ઉદમબરગોરની વસ્તી છે ત્યાં ત્યાં બધેજ નીમા વાણીયાની વસ્તી છે. અને બધે મોટા ભાગે **નગરશેઠાઈ** નીમા વાણીયાનીજ હોય છે. તેમણે જણાવ્યું કે સં. ૧૯૫૦ માં નીમા જ્ઞાતિએ ધાર્મિક પ્રશ્ન ઉપાડયો અને તેના પ્રમાણમાં ઘણો મોટો લાભ થયો છે. આપણે પણ આજે આપણી કોમની ઉન્નતીની ખાતર અને દુનીયાના વેગની સાથે જમાનાને અનુસરી આગળ વધવા તેમજ જુના રીવાજો અને રૂઢીઓ બંધ કરી નવા રીવાજોને અપનાવવા માટે ભેગા થયા છીએ. વીશા નીમા કોમની વસ્તી સારી શક્તિશાળી અને બુદ્ધીશાળી છે, પરંતુ રૂઢીચુસ્ત માનસનું પ્રાબલ્ય હોવાથી આપણો નૈસર્ગિક વીકાસ અટક્યો છે. આ રૂઢીચુસ્તતા બદલાય તો આપણે ઘણું કામ કરી શકીએ. તેઓ પોતે એક જુના વિચારના અને વયોવૃદ્ધ લગભગ **વરસ ૭૦ ના** હોવા છતાં પોતાના વિચારો જમાનાની સાથે ફેરવતા જાય છે તેમ તેઓ પોતે જણાવતાં તેઓએ નીચે મુજબના સુધારા રજુ કર્યા હતા.

૧ પાંચે ગામનું સવિસ્તર વસ્તીપત્રક કરવું.

૨ દરેક બાળકને અંગ્રેજી લખી–વાંચી શકે તેટલું જ્ઞાન મળે ત્યાં સુધી ભણાવવું.

૩ મેટ્રીકમાં સારા માર્કો મેળવીને પાસ થનાર છોકરાઓને ઉંચી કેળવણી માટે ખાસ કરીને ટેકનીકલ લાઈન માટે અને પરદેશ જવા માટે આર્થિક મદદ મળે તેવી દરેક ગોઠવણ કરવી.

૪ બીજા નંબરે આર્ટ અને કોમર્સવાળાઓને પણ બનતી મદદ કરવી.

૫ સ્થાનીક બોર્ડિંગો અથવા તેવી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને રહેવા માટે સગવડ મળે તેવી ગોઠવણ કરવી.

૬ ધાર્મિક કેળવણી માટે જૈન શાળાઓ કાઢવી અને તેનું શિક્ષણ પુરૂષ અને સ્ત્રી બેઉને થોડે ઘણે અંશે ફરજીયાત થાય તેમ કરવું.

૭ સ્ત્રીઓ માટે ઓછામાં ઓછુ ગુજરાતી ૭ ચોપડી, અંગ્રેજી ચાર ધોરણ અને પાંચ પ્રતીક્રમણ ફરજીયાત ભણવાના સંસ્કારો પડે તેવી વ્યવસ્થા કરવી.

૮ ઉપર જણાવેલી કેળવણીની યોજના અમલમાં લાવવા માટે સામાજીક રૂઢી એવી થઈ જવી જોઈએ કે અમુક પ્રકારનું જ્ઞાન લીધું ન હોય તે છોકરા અગર છોકરીઓનું વેવીશાળ થવામાં મુશ્કેલીઓ પડે એટલે કે ઓછા ભણતરવાળાને કોઈ છોકરી આપે કે લે નહીં.

૯ કેળવણી લીધા પછી દરેક વ્યક્તિએ પોતાની કોમને ઓછામાં ઓછાં ત્રણ વરસ સુધી સેવા આપવી.

૧૦ ઉદમ્બરગોર નીમા વાણીયા શીવાય કોઇની આગળ હાથ લંબાવતા નથી તો તેમની જ્ઞાતિને નીમા વાણીઆનું એક અંગ સમજીને તેમના બાળકોને મદદ કરી આગળ લાવવાની દરેક પોતાની ફરજ સમજવી.

ઉપર મુજબ ચાર વકતા પુરા થયા પછી ૪–૧૫ મીનીટે ગાંધી નગીનભાઇ ગબુભાઇ તરફથી રાખેલા ચા–પાણીના મેળાવડામાં જવા સારૂં સંમેલનની બેઠક અડધા કલાક માટે મુલતવી રહી હતી.

ચારને પીસ્તાલીસે પાછી બેઠક શરૂ થતાં કપડવણજવાળા શા. ગીરધરલાલ છોટાલાલે પુરૂષ કેળવણી કરતાં સ્ત્રી કેળવણી ઉપર વધુ ભાર મુકી વીસ્તુત ભાષણ કર્યું હતું. તેમજ છોકરાઓ માટે ઉદ્યોગીક કેળવણી તરફ બોલતાં દરેકને પોતાના બાળકોને તે તરફ દોરવા માટે સભાજનોનું ધ્યાન ખેંચ્યું હતું.

ત્યારબાદ તેઓએ સુરતમાં આવેલા જૈન દેરાસરની સવીસ્તર હકીકત કહી હતી કે જે દેરાસર સુરતમાં બાગની અંદર આવેલું છે અને તેની અંદર આપણી નીમા કોમનાં ભરાવેલાં પચાસથી સાઠ બીંબો છે તેમ જણાવ્યું હતું. સુરતની મ્યુનિસિપાલિટિએ આ દેરાસરને બાગમાંથી હઠાવવા માટે પ્રયત્ન કરેલો તેના અંગે સુરતના જૈનોએ વાંધો ઉઠાવેલો અને તે બાબત કેસ થયેલો તેની હકીકત વીગતવાર જણાવી હતી. આખરે સને ૧૯૪૨ માં દીવાની કોર્ટમાં જૈનોની જીત થઇ અને જજમેન્ટ જૈનોના તરફેણમાં આવ્યું. આ હકીકતને લગતું એક છાપું નામે જૈન જીવન માહે જાનેવારી સને ૧૯૩૧ નું સામેલ કર્યું હતું. આ ઉપરથી સુરતની અંદર નીમા વાણીઆઓની મોટી વસ્તી તે ટાઇમે હોવી જોઇએ એવું તેમણે પુરવાર કર્યું હતું અને અપીલ કરી હતી કે આ દેરાસર માટે યોગ્ય બંદોબસ્ત કરવા આ સમીતી પોતાથી બનતું કરશે. આટલું બોલી તેઓ બેસી ગયા હતા.

ત્યારબાદ કપડવણજના વતની મેસર્સ બાટલીબોઇની કું. વાળા શ્રીયુત વાડીલાલ મનસુખરામે સંમેલનના ભવિષ્યના નીભાવના જરૂરી ખરચ માટે ઓછામાં ઓછી રૂા. ૧૦૦૦) ની મુડી ભેગી કરવાનો નિર્ણય કરવા જાહેર કર્યું હતું અને તેમ થાય તો કપડવણજના જૈન પંચ તરફથી રૂા. ૩૫૧) આપવાનું તેઓએ જાહેર કર્યું હતું.

શ્રી વેજલપુરના સંઘ તરફથી સંમેલનના ભવિષ્યના નીભાવના ખરચ માટે રૂા. ૧૫૧) આપવા શા. છબીલદાસ મણીલાલે જાહેર કર્યું હતું.

મહુધા–સુનેલના પંચ તરફથી ભાઇ શામળદાસ ભુરાભાઇએ સંમેલનના ખરચના નીભાવ માટે રૂા. ૧૫૧) આપવાનું જાહેર કર્યું હતું.

લુણાવાડા વીરપુરના પંચ તરફથી રૂ. ૧૫૧) સંમેલનના ભવિષ્યના નીભાવ માટે વકીલ ભાઇશ્રી ભાઇચંદભાઇ જેચંદભાઈ તેલીએ જાહેર કર્યું હતું.

ગોધરા તરફથી શ્રીયુત શેઠ છોટાલાલ મનસુખભાઇએ ગોધરાના સમસ્ત પંચ તરફથી સંમેલનના ભવિષ્યના નીભાવ માટે રૂા. ૩૨૫) આપવાનું જાહેર કર્યું હતું.

ત્યારબાદ વકીલ દોસી સોમાભાઈ પુનમચંદે કેળવણી અને ઉન્નતી ઉપર ભાષણ કર્યું હતું. અને આર્ય સંસ્કૃતી ઉપર ખુબખુબ ભાર મુકયો હતો. આત્માની અંદર ઊંડે ઊંડે ઉતરી જાય તેવું સાચું જ્ઞાન આપણને આપણા વડીલો તરફથી વારસામાં મળેલું છે, જેથી કરીનેજ આપણે આપણા ઉપર આવી પડેલા અનેકવિધ જુલ્મો અને અત્યાચારો થવા છતાં, અને ગુલામીદશામાં રહેલા હોવા છતાં પણ અત્યાર સુધી ટકાવી રહ્યા છીએ, પરંતુ હવે પછી પણ એને આત્માની અંદર વધારે ઊંડે ઉતારવામાં નહી આવે તો આપણે ટકી શકવાના નથી અને તે માટે આપણે સત્વર કાંઇને કાંઈ પગલાં લેવાં જોઇએ તેવું સુચવ્યું હતું. આપણા જૈન તત્વનો વિકાસ સાધવા માટે યોજનાઓ ઘડવી જોઇએ અને સામાજીક જ્ઞાન મેળવવાની સાથે ધાર્મિક જ્ઞાનની ખુબખુબ જરૂર છે તે બહુ ભારપૂર્વક જણાવ્યુ હતું. આત્માના સંગીન વહેણ માટે સાચા ધાર્મિક જ્ઞાનની જરૂર છે, જેથી આત્મા સબળ બને અને ઉંચ કોટીનું ધાર્મિક જ્ઞાન પ્રણાલીકા રહીત પણ સાચી સમજવાળું આટલું જણાવી તેઓ બેસી ગયા હતા.

તે પછી કપડવણજના વતની ડોકટર રમણલાલ વાડીલાલ શાહે કોમની શારિરીક તેમજ શકિતસુધારણા અંગે કેટલીક સુચનાઓ કરી હતી જેમાંના કેટલાક મુદાઓએ ખાસ ધ્યાન ખેંચ્યું હતું.

૧ ફરજીઆત શારીરીક કેળવણી.

૨ વ્યસનથી દુર રહેવાપણું.

૩ સારો ખોરાક.

૪ સારા હવા–પાણી.

તે ઉપરાંત તેઓએ મફત વૈદકીય મદદ દરેકને મળે, દરેક ગામમાં મફત દવાખાનું ખુલે અને સાથે સાથે સારૂં નરસીંગ હોમ, એક **પ્રસુતિગૃહ** અને એક **લેડી ડોકટર** હોવા જોઇએ તેવું સુચવ્યું હતું. તબીબી અભ્યાસ માટે પૈસાની મદદ કરવા એક સારી સ્કીમ ગોઠવવા સુચવ્યું હતું અને તેઓએ કોમની અંદર એક પણ લેડી ડોકટર નહીં હોવાથી છોકરીઓનું તે તરફ ખાસ ધ્યાન ખેંચ્યું હતું.

ત્યારબાદ શ્રીયુત વાડીલાલ મનસુખરામ પારેખે સ્ત્રીઓની અજ્ઞાનતા અનીયમીતતા ઉપર ધ્યાન ખેંચતાં, પુરૂષ વર્ગનો વાંક કહાઢી સ્ત્રી કેળવણીની ખાસ જરૂરીઆત ઉપર ભાર મુકયો હતો અને ખાસ કરીને વ્યવસ્થીત સાચુ સમજે તેવું વહેવારીક પ્રેકટીકલ જ્ઞાન આપવા માટે સુચવતાં, જૈન શાળાઓની અંદર પણ સુત્રોની સાથે ધાર્મિક રીતે સ્વચ્છતા અને રાંધણમાં પણ જૈન ધર્મને અપનાવવા માટેનું જ્ઞાન અપાય તેમ સુચવ્યું હતું. તેમના આખા ભાષણનો સાર મુખ્ય કરીને ધાર્મિક જ્ઞાન અને સાચી સ્ત્રી કેળવણી મળે તે માટે જૈન શાળાઓ, પ્રાથમીક શાળાઓ જુદા જુદા અથવા બેઉ સંગઠીત રીતે થાય તેવા ઉપાયો ઘડવા સુચવ્યું હતું.

ત્યારબાદ કપડવણજના વતની ડોકટર કાન્તીલાલ શંકરલાલ પરીખે શારિરીક કેળવણી ઉપર ભાષણ કર્યું હતું અને તે માટે વ્યાયામશાળા, એનેટૉમી અને ફીઝીઓલૉજીનું સામાન્ય જ્ઞાન, જળોપચાર, પૌષ્ટીક ખોરાક, સુર્યસ્નાન વિગેરે શારિરીક તંદુરસ્તી જાળવવાના ઉપાયો સુચવ્યા હતા અને તેમના સમર્થનમાં વકીલ વાડીલાલ શંકરલાલ જૈનીએ ભાષણ આપતાં સ્ત્રીઓને પણ કસરત કરવા અને વ્યાયામ બાબતની કેળવણી આપવા અંગેની વધારાની સુચના કરી હતી.

પછી કપડવણજના ગાંધી ગુણવંતલાલ પુનમચંદે કેળવણી નૈતિક, આર્થિક અને આધ્યાત્મિક વિકાસ કરતી હોવી જોઇએ તે બાબત ઉપર ભાષણ કર્યું હતું. તેમની સુચનાઓ નીચે મુજબની હતી.

૧ અમુક ઉમ્મર સુધી ફરજીઆત કેળવણી બધાએ લેવી જોઈએ.

૨ અમુક ઉમ્મર પુરી થતાં સુધી કોઇએ વિવાહ કરવા નહીં.

૩ ધાર્મિક અભ્યાસ માટે વેકેશનોમાં ધાર્મિક કલાસીસ ચલાવવા અને વેકેશનની અંતમાં તેની પરીક્ષાઓ લેવી અને તેના પરીણામો ઉપર લોન–સ્કીમ અને સ્કોલરશીપો આપવાનો પ્રબંધ કરવો જોઇએ.

છેલ્લે કપડવણજવાળા ગાંધી કસ્તુરલાલ શંકરલાલ છોટાલાલે સ્ત્રી કેળવણી ઉપર સેવાતી દુર્લક્ષતા ઉપર ખાસ ધ્યાન ખેંચ્યું હતું અને તમામ પ્રગતીનો આધાર સ્ત્રી અને સ્ત્રી કેળવણી ઉપરજ છે તે પર ભાર મુકયો હતો.

ત્યારબાદ સાંજે છ અને પાંત્રીસ મીનીટે સંમેલનની આજની બેઠક **સમાપ્ત** થઈ હતી.

તેજ દિવસે રાતના નવને ચાલીસ મીનીટે **વિષય–વિચારણી કમીટી** કપડવણજના ૫૧ ડેલીગેટો અને બહાર ગામના આવેલા તમામ ડેલીગેટોની હાજરીમાં ભરાઇ હતી. તેમાં પ્રથમ સંમેલનનું બંધારણ ઘડવા માટે એક સબ કમીટી, "બંધારણ કમીટી"ના નામની નીચે જણાવેલા સભ્યોની નીમવામાં આવી હતી.

૧ ડોકટર માણેકલાલ નરસીદાસ ગોધરાવાળા (ચેરમેન).

૨ ગાંધી શાન્તિલાલ ગુલાબચંદ વકીલ, લુણાવાડા.

૩ ગાંધી નગીનદાસ વાડીલાલ વકીલ, કપડવણજ.

૪ શા. નગીનદાસ મહાસુખલાલ, ગોધરા,

૫ શા. વાડીલાલ છગનલાલ જવેરદાસ, ગોધરા.

૬ શા. ગીરધરલાલ હેમચંદ, ગોધરા.

૭ શેઠ અજીતભાઈ મણીભાઇ, કપડવણજ.

૮ દોસી હિંમતલાલ શામળદાસ, મહુધા.

૯ શા. કાન્તિલાલ મહાસુખભાઇ બાકરોલા (વેજલપુર).

૧૦ દોસી સોમાભાઇ પુનમચંદ વકીલ, કપડવણજ.

ઉપર જણાવેલી કમીટી બોલાવવા માટે ડોકટર માણેકલાલભાઇને ચેરમેન તરીકે સત્તા આપવામાં આવી હતી અને તેમની સુચના મુજબ બધાએ સાથે મળીને બંધારણ ઘડવાનું જણાવ્યું હતું. ઉપર જણાવેલી કમીટીએ બંધારણ ઘડીને આવતી સાલના સંમેલનમાં રજુ કરવાનું નક્કી કરવામા આવ્યું હતું.

ત્યારબાદ બીજું સંમેલન મળે તે દરમ્યાન સંમેલનનું કામકાજ અને વ્યવસ્થા કરવા માટે નીચે મુજબની કમિટી નીમવામાં આવી હતી.

૧ શેઠ બાબુભાઇ મણીભાઇ, પ્રેસીડેન્ટ, કપડવણજ.
૨ દોસી કસ્તુરભાઇ નગીનદાસ, સેક્રેટરી, કપડવણજ.
૩ ગાંધી નગીનદાસ ગબુભાઈ, ,, ,,
૪ ભણસાળી મણીલાલ ચુનીલાલ, ,, મહુધા.
૫ દોસી પુનમચંદ પાનાચંદ, ટ્રેઝરર, કપડવણજ
૬ શા. છોટાલાલ મનસુખભાઇ, ,, ગોધરા.

તદઉપરાંત એવું ઠરાવવામાં આવ્યું હતું કે સંસ્થાના પૈસા મુંબઇ, શા. રમણલાલ છોટાલાલની પેઢીમા જમા કરવામાં આવશે અને તે મુજબ દરેક ગામે પોતે જાહેર કરેલા પૈસા જેમ બને તેમ તાકીદે શા. રમણલાલ છોટાલાલની પેઢીમાં, મુંબઇ, મોકલી આપવા.

ત્યારબાદ પાંચે ગામમાંથી વર્કીંગ કમિટીના સભ્યો ચુંટવા માટે નીચે મુજબનું ધોરણ નક્કી કરવામાં આવ્યું હતુ.

૧ ગામ એટલે કોન્સ્ટીટ્યુઅન્સી.
૨ દરેક ગામની વસ્તીના પ્રમાણમાં દર બસો માણસની વસ્તીએ એક મેમ્બર વર્કીંગ કમિટીમાં આવી શકશે.

ઉપરની ગણત્રીએ નીચે મુજબના ગામવાર સભ્યો વર્કીંગ કમિટીમાં આવી શકશે.

૧ **કપડવણજ :-** વસ્તી ૧૨૪૩, **સભ્ય ૬.**
૨ ગોધરા :- વસ્તી ૧૦૧૬, **સભ્ય** ૫, તે પૈકી દેરાખડકીના પંચ તરફથી ૩ અને ગુલાના પંચ તરફથી ૨.
૩ **વેજલપુર :-** વસ્તી ૩૬૬, **સભ્ય ૨.**
૪ **લુણાવાડા** તથા **વીરપુર :-** વસ્તી ૩૪૭, **લુણાવાડા ૨, વીરપુર ૧.**
૫ **મહુધા, ચુણેલ, સાધી અને કાનમ :-** વસ્તી ૫૭૬, **સભ્ય ૪,** મહુધા-ચુણેલ ત્રણ, સાધી-કાનમ એક.

ઉપર જણાવ્યા મુજબ **પાંચ** કોન્સ્ટીટ્યુઅન્સી અને **સભ્ય વીસ.**

ઉપરની વર્કીંગ કમિટીનું કોરમ ⅓ ભાગની હાજરીથી ગણાશે એટલે કે પ્રેસીડેન્ટ તથા સેક્રેટરી સાથે ૯ સભ્યોની હાજરી કોરમ માટે જોઇએ. કદાચ કોરમ ન થાય તો નોન-કોરમ મિટીંગ ભરવી, પરંતુ તેમાં ઓછામાં ઓછી ૩ કોન્સ્ટીટ્યુઅન્સીના સભ્યો હાજર રહેવા જોઇએ, તેમજ દરેક ગામના ઓછામાં ઓછા ૨ સભ્યોની હાજરી જોઇએ.

વર્કીંગ કમિટી એક વરસમાં ઓછામાં ઓછી બે વાર મળવી જોઇએ અને તેના મેમ્બરોએ, પ્રેસીડેન્ટ જે સ્થળ નક્કી કરે તે સ્થળે, જવું જોઇએ. ત્યાં જવા આવવા માટે દરેક સભ્યને ત્રીજા વર્ગનું ભાડુ આપવું. બીજું કોઇ ખરચ આપવું નહીં.

આજની સભા દરેક ગામના ડેલીગેટોને પોતાની કોન્સ્ટીટ્યુઅન્સીના વર્કીંગ કમિટીમાં આવનારા સભ્યોનાં નામો આવતી કાલે જાહેર કરવા વિનંતી કરે છે.

ઉપર મુજબ બે કમિટીઓની નીમણુંક થયા પછી સબજેક્ટસ કમિટીએ ઠરાવો નક્કી કરવાનું કામ ક. ૧૦-૨૦ મીનીટે શરૂ કર્યું હતું.

**ઠરાવ પહેલો :–**

ઠરાવ મુકનાર:–કપડવણજવાળા શ્રીયુત વાડીલાલ મનસુખરામ પારેખ:–

> "ઊંચ કેળવણીની વ્યવસ્થા માટે લોન સ્કીમ તૈયાર કરવી. ૧ લાખ રૂપીયાની મુડી ઉભી કરવી અને તે મુડી અને તેના વ્યાજમાંથી લોન આપવી".

આ ઉપર વિવેચન થયા બાદ નીચે મુજબનો ઠરાવ મુકાયો હતો:–

"આ સંમેલન એવા નિર્ણય ઉપર આવે છે કે કેટલાક આશાસ્પદ અને ભણી શકે તેવા બ્રાઇટ અને પ્રૉમિસીંગ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ સાધનના અભાવે મેટ્રીક પછીની ઊંચ કેળવણી લઈ શકતાં નથી તેથી તેવા લાયક વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને કેળવણીમાં ઉત્તેજન આપવા માટે લોન સ્કીમ ચાલુ કરી મદદ કરવી અને આ માટે સારૂં જેવું ભંડોળ એકઠું કરવું. તે ભંડોળ ભેગું કરવા માટે એક કમિટી નીમવી. તથા લોન સ્કીમ ઘડવા માટે એક બીજી પેટા કમિટી નીમવી".

**ટેકો:**–વકીલ મી. વાડીલાલ શંકરલાલ જૈનીએ તે ઠરાવને ટેકો આપમાં ઉદ્યોગીક એટલે ટેકનીકલ કેળવણીને પ્રેફરંસ આપવા સુચવ્યું હતું અને જ્યારે પણ લોન સ્કીમ કમિટી કામ હાથમાં લે ત્યારે આ બાબત પુરતો વિચાર કરે તેવું સુચવ્યું હતું.

**વિરૂદ્ધ:**–શા. વાડીલાલ મગનલાલ ચુનેલવાળાએ આ ઠરાવ ઉપર વિરોધ કરતાં જણાવ્યું હતું કે પ્રથમ તો પ્રાયમરી અને સેકન્ડરી કેળવણીની ખાસ જરૂર છે; માટે જ્યાં જ્યાં પ્રાયમરી અને સેકન્ડરી કેળવણીની વ્યવસ્થા ન હોય ત્યાં ત્યાં તેવી વ્યવસ્થા કરવામાં આવે તોજ આ લોન સ્કીમનો લાભ લેનારાં છોકરાંઓ મળી આવે તે માટે પહેલો પ્રબંધ તેનો થવો જોઇએ.

ઉપરના વિરોધને શા. પુનમચંદ પાનાચંદે ટેકો આપતાં જણાવ્યું કે તે પ્રમાણે ઠરાવમાં સુધારો કરી ઠરાવ મુકવો જોઇએ.

આ ઉપરથી શ્રીયુત વાડીલાલ મનસુખરામ પારેખે પોતે મુકેલા ઠરાવમાં ઉમેરવાનો સુધારો રજુ કર્યો:–

> "જે જે ગામોમાં મેટ્રીક સુધી ભણવાની વ્યવસ્થા ન હોય અને જ્યાં વ્યવસ્થા હોય પરંતુ ત્યાં સુધી ભણવા માટેની જેની શક્તિ ન હોય તેવાઓને મદદ કરવા માટે અને સ્કોલરશીપો આપવા માટે આ લોન સ્કીમમાં જોગવાઇ કરવી".

ઉપર મુજબ ઠરાવ મુકાયા પછી કપડવણજના વતની ગાંધી નગીનભાઈ વાડીલાલે તેમજ દરખાસ્ત મુકનાર શ્રીયુત વાડીલાલ મનસુખરામ પારેખે સંમેલનને ખાસ અપીલ કરી હતી કે આ ઠરાવની તરફેણમાં મત આપતા પહેલાં દરેકે પોતાના ખરા હૃદયથી પોતાનું ખરૂં બળ યાને વીર્ય ગોપવ્યા વગર આ ફંડમાં નાણાં આપવાનો પુરેપુરો વિચાર કરી મત આપવો. તે પછી ગાંધી કેશવલાલ ગીરધરલાલ વકીલ કપડવણજ-વાળાએ નડીયાદની ખડાયતા કોમનો દાખલો ટાંકી તે કોમ એવી રીતે આગળ આવી અને તેઓએ ફંડ કેવી રીતે ભેગુ કર્યું તે જણાવ્યું હતું અને વધુમાં સુચના કરી હતી કે દરેક ભાઈઓએ લગ્ન વિગેરે ખોટા ખરચા-ઓમાં કાપ મુકી આ સ્કીમના ફંડમાં પૈસા આપવા.

ઉપરનો ઠરાવ તેના સુધારા સાથે ફરી વાંચતાં સુધારામાં "જેની શક્તી ન હોય" એવા શબ્દ સામે ઉગ્ર વિરોધ ઉઠવાથી ઠરાવ ફરીથી ઘડવામાં આવ્યો હતો, તે નીચે મુજબ છેઃ–

"આ સંમેલન એવા નિર્ણય ઉપર આવે છે કે કેટલાક આશાસ્પદ અને ભણી શકે તેવા બ્રાઇટ અને પ્રોમિસીંગ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સાધનના અભાવે મેટ્રીક યા તેની બરોબરી હોય તેવો અભ્યાસ કર્યા પછીની ઉંચ કેળવણી લઈ શકતાં નથી તેવાં લાયક વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓને ઉક્ત ઉંચ કેળવણીમાં ઉત્તેજન મળે તે માટે તથા મેટ્રીક સુધીની કેળવણી માટે પણ ઉત્તેજન આપવા માટે અનુક્રમે લોન સ્કીમથી અને સ્કોલરશીપથી મદદ કરવી અને તે માટે સારૂં જેવું ભંડોળ એકઠું કરવું. ભંડોળ એકઠું કરવા માટે એક વગવાળી (Influential) કમિટી નીમવી તથા લોન સ્કીમ અને સ્કોલરશીપને લગતા કાનુનો ઘડવા માટે એક બીજી કમિટી નીમવી. ઉક્ત બે કમિટીઓ નીમવા માટે વર્કીંગ કમિટીને સત્તા આપવામાં આવે છે અને તેમાં સમય અનુસાર વધુ મેમ્બરો કોઓપ્ટ કરવા પડે તો તે માટે પ્રેસીડેન્ટને સત્તા આપવામાં આવે છે.

ઉપર મુજબ ઠરાવ ફરીથી લખાયા પછી વધુ વિવેચન કરવા માટે આવતી કાલની ઓપન શેસન ઉપર મુલતવી રાખી આજની સબ્જેક્ટસ કમિટી રાતના એક વાગે બરખાસ્ત થઈ હતી. અને બીજા બધા ઠરાવો ઓપન શેસનમાં ચર્ચવા એમ ઠરાવ્યું હતું.

## બીજો દીવસઃ–આષાડ સુદ ૪ શનિવાર

આજરોજે બપોરના ૨–૩૦ મીનીટે ફરીથી સંમેલનની બેઠક ભરાઇ હતી.

શ્રીયુત ભાઈ કસ્તુરભાઈ નગીનદાસે (સંમેલનના સેક્રેટરી) પાંચે ગામની વસ્તી ગણત્રીના આંકડા તેમજ કેળવણી વિગેરેના પ્રમાણ સાથેનો સવીસ્તાર હેવાલ વાંચ્યો હતો તે નીચે મુજબ છેઃ–

આપણા સંમેલનનો મુખ્ય પાયો સંવત ૧૯૯૯ ના ચૈત્ર વદી ૧ ના રોજ, શ્રીયુત ચીમનલાલ ડાહ્યાભાઈ તરફથી સાશ્વતી આંબેલની ઓળી કરાવવામાં આવી તે વખતે પાંચ ગામ તરફથી હાજર રહેલા વ્યક્તિઓને શ્રીયુત વાડીલાલ મનસુખરામ પારેખને ત્યાં શ્રીયુત શેઠશ્રી બાબુભાઈ મણીભાઇના પ્રમુખપણા નીચે એકત્ર કરવાનો પ્રસંગ મળેલો તે વખતે પ્રથમ સંમેલનનો પાયો નંખાયેલો અને દરેક ભાઇઓને વસ્તીપત્રક તૈયાર કરી કપડવણજ મોકલી આપવા સુચવેલુ તે પત્રકના આધારે વસ્તી ગણત્રી નીચે મુજબની થાય છેઃ–

| | પુરૂષ | સ્ત્રીઓ | છોકરા | છોકરીઓ | વિધવા તથા | વિધુર | કુલ્લે |
|---|---|---|---|---|---|---|---|
| કપડવણજ :– | ૨૪૨ | ૨૪૬ | ૩૬૫ | ૨૮૭ | ૭૫ | ૨૮ | ૧૨૪૩ |
| ગોધરા ;– | ૨૪૫ | ૨૮૫ | ૨૮૬ | ૨૦૦ | (નોંધ મળેલ નથી) | | ૧૦૧૬ |
| લુણાવાડા :– | ૭૯ | ૭૭ | ૭૮ | ૮૩ | ૨૧ | ૯ | ૩૪૭ |
| વેજલપુર :– | ૭૦ | ૭૩ | ૧૦૬ | ૭૮ | ૩૭ | ૨ | ૩૬૬ |
| મહુધા તથા કાનમ :– | ૧૦૧ | ૧૧૨ | ૧૦૦ | ૯૩ | (નોંધ નીવેલી નથી) | | ૪૦૬ |
| ચુનેલ :– | ૩૭ | ૩૭ | ૪૩ | ૩૩ | ૧૫ | ૫ | ૧૭૦ |
| | ૭૭૪ | ૮૩૦ | ૯૭૮ | ૭૭૪ | ૧૪૮ | ૪૪ | ૩૫૪૮ |

ઉપર મુજબ વસ્તી ગણત્રી કરતાં કેળવણી પામેલાઓની અને લઇ રહેલાઓની પણ નોંધ લેવાઇ હતી. આંકડાઓ ઉપરથી કેળવણી સંબંધમાં ઘણો સંતોષ થયો હતો છતાં કેળવણીમાં આપણે હજુ ઘણા પછાત છીએ તેની નોંધ લેવામાં આવી હતી. કુલ્લે (ઉચ્ચ) કેળવણી પામેલા ૧૧૪ જણ છે એટલે કે વસ્તીના પ્રમાણમાં માત્ર ત્રણ ટકાજ છે.

અત્રે શ્રીયુત ભાઇ ચીમનલલા ડાહ્યાભાઇ તરફથી તથા શ્રીયુત ભાઈ વાડીલાલ મનસુખરામ તરફથી અંગ્રેજી પહેલા ધોરણથી મેટ્રીક સુધીના કપડવણજના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને પાંચ વરસ સુધી ફી આપવાનો પ્રબંધ કરવામાં આવેલો છે. તેની નોંધ લેવાઇ હતી.

વળી લુણાવાડામાં સ્ટેટ તરફથી ગુજરાતી પહેલીથી મેટ્રીક સુધી ફ્રી એજ્યુકેશન અપાય છે તેની નોંધ લેવામાં આવી હતી.

આ સીવાયના ગામોમાં ધનવાન અને આગળ પડતા ભાઇઓને કેળવણી બાબત જોઈતી વ્યવસ્થા કરવાની ભલામણ કરવામાં આવી હતી.

વળી **જૈન શાળા**ની જરૂરીઆતો ઉપર પણ સારી રીતે વીવેચન કરવામાં આવ્યું હતું અને જ્યાં જ્યાં પોપટીયું જ્ઞાન અપાતું હોય ત્યાં ત્યાં સારા શિક્ષકો અને શિક્ષીકાઓ રાખી સમજણ સાથેનું જ્ઞાન આપવા કોશીશ કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી હતી

ગૃહ ઉદ્યોગ, ભરત, ગુંથણ વીગેરેને પણ સારૂં સ્થાન આપવા માટે અને તેની જરૂરીઆત ઉપર દરેક ભાઇઓનું ધ્યાન ખેંચી બનતું કરવા ભલામણ કરવામાં આવી હતી.

હાયર એજ્યુકેશન માટેની લોન સ્કીમની દરખાસ્ત જે શ્રીયુત વાડીલાલ મનસુખરામ પારેખ તરફથી મુકવામાં આવી છે તેને સંપૂર્ણ સંમતી આપવા કહેવામાં આવેલું; અને જેમ આ એક અંગને જેવા ઉલ્લાસથી વધાવી લેવામાં આવ્યું છે તેવુંજ ધ્યાન, આપણું બીજું અંગ જે ધાર્મીક જ્ઞાન છે તે ઉપર સર્વે ભાઇઓએ, રાખી તે માટે પણ સારી રીતે વ્યવસ્થા થાય તેવું કરવા જણાવેલું હતું.

આટલો રીપોર્ટ વાંચ્યા પછી ભાઇ કસ્તુરલાલ નગીનદાસ બેસી ગયા હતા.

તે પછી ભાઇ નગીનભાઈ બાલાભાઈ કપડવણંજવાલાએ વિશા જ્ઞાતિની ઉત્પત્તિ વીષે વીવેચન કર્યું હતું, જેમાં શ્રી હરીશ્ચંદ્ર રાજાના વખતમાં આપણું **નીમા** નામ શા ઉપરથી પડયું તે વીગેરે સમજાવવામાં આવ્યું હતું.

ત્યાર બાદ શા. ગીરધરલાલ છોટાલાલ કપડવણજવાળા તરફથી ઠરાવ ૨ જે નીચે મુજબનો રજુ થયો હતો.

**ઠરાવ બીજો:—**

મુકનાર:— શા. ગીરધરલાલ છોટાલાલ કપડવણજવાળા.

આ સંમેલન નક્કી કરે છે કે સુરતમાં જૈન વિશા નીમા જ્ઞાતિના દેરાસર સંબંધી જે વાત જાણવામાં આવી છે તેનું પુરેપુરૂં નીરક્ષણ કરવા અને નીરક્ષણ કર્યા પછી શું શું કરવા યોગ્ય છે તે નક્કી કરવા પાંચ માણસોની કમિટી નીમવી અને તે માટે ઘટતું કરવા માટે વર્કીંગ કમિટીને સત્તા આપવી.

ટેકો:— ૧. શા. વાડીલાલ છગનલાલ—ગોધરા.

૨. પરીખ. વાડીલાલ જવેરભાઇ—કપડવણજ.

અનુમોદન કરનાર:— વકીલ. નગીનભાઇ વાડીલાલ ગાંધી.

મત લેતાં ઠરાવ સરવાનુમતે પસાર થયો હતો.

**ઠરાવ ત્રીજો :—**

મુકનાર શા. વાડીલાલ છગનલાલ ગોધરાવાળા.

આ સંમેલન, દરેક ગામના વિશા નીમા પંચોમાં બહાર ગામનો વર પરણવા માટે આવે ત્યારે, તેને તે ગામના રીવાજ ઉપરાંત વધારાનો બીજો બોજો લાદવામાં આવે છે, અને તે અંતરાય રૂપ થઈ પડે છે, તે માટે તે ગામોમાં જે જે રીવાજો હોય તે ઉપરાંતના વધારાનો બોજો રદ કરી બહારગામથી આવતા ભાઇઓને સહત આપવા આગ્રહ પૂર્વક વિનંતી કરે છે.

ટેકો:— ૧. શા. છબીલદાસ મણીલાલ—વેજલપુર.

૨. તેલી. ભાઇચંદભાઈ જેચંદભાઈ વકીલ—લુણાવાડા.

.૩ શા. કાન્તિલાલ પાનાચંદ—ગોધરા.

આ ઠરાવ પંચને બંધન કરતા છે કે કેમ તે વીશે વિવેચન કરી એમ ઠરાવવામાં આવ્યું કે સદરે ઠરાવ દરેક પંચને નૈતીક રીતે બંધન કરતા છે. માટે દરેક રીતે તે પાળવો અને અમલમાં મુકવો; તેમ નહીં કરનાર આ સંસ્થાનું અપમાન કરે છે. તેવી સુચના સાથે આ ઠરાવ સરવાનું મતે પસાર થયો હતો.

**ઠરાવ ચોથો :—**

મુકનાર :— શા. કાન્તિલાલ પાનાચંદ—ગોધરા.

આપણી ધાર્મિક પાઠશાળાઓમાં હાલ જે રીતે અભ્યાસ કરાવવામાં આવે છે તે રીતમાં સુધારો કરવાની જરૂરીયાત આ પરીષદ માને છે, ને તે માટે દરેક ગામની પાઠશાળાઓની શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર કરવા અને શિક્ષણ ફરજીઆત જેવું કરવા આ સંમેલન વિશા નીમા જ્ઞાતિના દરેક માબાપોને આગ્રહ કરે છે કે પોતાના છોકરાઓને ફરજીઆત જૈન શાળામાં મોકલવાની પોતાની ફરજ સમજે.

ટેકો:— ૧. વકીલ સોમાભાઇ પુનમચંદ—કપડવણજ.

૨. ગાંધી નગીનદાસ ગમુભાઈ—કપડવણજ.

૩. શા. ગીરધરલાલ છોટાલાલ—કપડવણજ.

આ ઠરાવ સરવાનુમતે પસાર થયો હતો.

તે પછી વેજલપુરવાળા છબીલદાસ મણીલાલે પાઠશાળાના વહીવટ તથા પરીક્ષાઓ માટેનો ઠરાવ મુકયો જે આગળ ઉપર વીચારણા માટે રાખવામાં આવવાથી તેમણે પાછો ખેંચી લીધો હતો.

**ઠરાવ પાંચમો:—**

મુકનાર:— ડોકટર શા રમણલાલ વાડીલાલ કપડવણજવાળા.

આ સંમેલન પાંચ ગામના પંચોને ભલામણ કરે છે કે દરેક જગાએ દાનની ચાલતી પ્રણાલીકામાં સગવડ રાખી, જ્ઞાતિ માટે તબીબી મદદો વધારે સરલ થઈ પડે તે માટે શકય ફંડો ઉભાં કરી, જ્ઞાતિના દવાખાનાં, પ્રસુતિગૃહ વિગેરે સ્થાપવા માટે સક્રીય પ્રયત્નો કરવા; સાથે સાથે જ્યાં તે પ્રયત્ન ચાલુ હોય ત્યાં તેનો વિકાસ કરવો.

ટેકો:— ડૉકટર કાન્તિલાલ શંકરલાલ પરીખ—કપડવણજ.

આ ઠરાવ સરવાનુમતે પસાર થયો હતો.

ત્યાર બાદ વર્કીંગ કમિટીના પાંચ ગામોના સભાસદોના નામો ડેલીગેટો તરફથી સુચવવામાં આવ્યા તે નીચે મુજબ છે:-

**કપડવણજ:-**

| | |
|---|---|
| વાડીલાલ મનસુખરામ પારેખ. | નગીનદાસ ગમુભાઈ. |
| શા. ચીમનલાલ ડાહ્યાભાઈ. | કસ્તુરભાઇ નગીનદાસ. |
| ગાંધી નગીનદાસ વાડીલાલ. | નગીનદાસ વાડીલાલ. |
| ગાંધી વાડીલાલ સામળદાસ. | વાડીલાલ મનસુખરામ. |
| તેલી ચંપકલાલ છોટાલાલ. | પુનમચંદ ચંદુલાલ. |
| શા. ગીરધરલાલ ભોગીલાલ. | નગીનદાસ બાલાભાઈ. |

**ગોધરા** (ગુલ્લાના પંચ તરફથી):-

શા. ગીરધરલાલ હેમચંદ ત્રીકમજી.

શા. ગીરધરલાલ હીરાચંદ.

(દેહરા ખડકીના પંચ તરફથી):-

શા. મણીલાલ પાનાચંદ.

શા. નગીનદાસ માહાસુખલાલ.

શા. નગીનદાસ પાનાચંદ ગીરધરલાલ.

**વેજલપૂર :–**

શા. નગીનદાસ વાડીલાલ નાથજી. શા. મંગલદાસ ગીરધરલાલ.

**લુણાવાડા–વીરપુર:–**

શા. ચીમનલાલ લલ્લુભાઇ. શા. અંબાલાલ ભાઇચંદ.
શા. નગીનદાસ ચુનીલાલ.

**પાદરા–(કાનમ):–** શા. પન્નાલાલ નહાલચંદ.

**મહુધા :–**

શા. હીંમતલાલ જીવાભાઈ. દોસી હીંમતલાલ શામળદાસ.

**ચુનેલ –** દોસી શામળદાસ ભુરાભાઈ.

વર્કીંગ કમિટીના સભ્યો નકકી થયા પછી આવતી સાલ સંમેલન ભરાય તેમાં દરેક ગામ તરફથી હાજર રહેવા માટેની ડેલીગેટોની સંખ્યા નકકી કરવામાં આવી હતી. વસ્તીના પ્રમાણમાં દર પચાસ માણસે એક ડેલીગેટ મોકલવાનું નકકી કરવામાં આવ્યું હતું. ડેલીગેટોની સંખ્યા નીચે મુજબ છે :—

| | | |
|---|---|---|
| કપડવણજ :– ૨૫. | ચુણેલ :– ૪. | વેજલપુર :– ૮. |
| ગોધરા :– ૨૧. | કાનમ ;– ૧. | મહુધા :– ૬. |
| લુણાવાડા :– ૮. | વીરપુર :– ૧. | સુરત :– ૧. |

ડેલીગેટોની સંખ્યા ૭૫ નકકી કરવામાં આવી છે. જેમાં સ્ત્રી ડેલીગેટોને સ્થાન આપવા માટે ભાઈ વાડીલાલ મનસુખરામ પારેખે સુચના કરી હતી.

ત્યાર બાદ કલાક ૪–૩૦ મીનીટે શા. છગનલાલ મુલજીભાઇએ આપેલ ચાહ પાણી માટે સભા મોકુફ રાખવામા આવી હતી.

બરાબર પાંચ વાગતાં કામ હાથ પર લેતાં કસરત શાળાને લગતો એક ઠરાવ રજુ થયો હતો.

**ઠરાવ છઠ્ઠો :—**

મુકનાર ડૉ. કાન્તિલાલ શંકરલાલ પરીખ, કપડવણજ

આ સંમેલન ઠરાવ કરે છે જે જે ગામોમાં કસરત શાળા હોય તે તે ગામોના દરેક બાળકોના વાલીઓ પોતાનાં બાળકોને કસરત માટે નિયમીત મોકલવાની પોતાની ફરજ સમજે. જે ગામોએ કસરત શાળા ન હોય તે ગામોમાં તેના પંચ તરફથી કસરતનાં યોગ્ય સાધનો, ત્યાંની જરૂરીઆત પ્રમાણેનાં પુરાં પાડવામાં અને તેનો નીયમીત ઉપયોગ કરાવવામાં પોતનાં બાળકોને ઉત્તેજીત કરી દરેક રીતે મદદ કરે.

**ટેકો :**–વાડીલાલ શંકરલાલ જૈની—કપડવણજ.

આ ઠરાવ સરવાનુમતે પસાર થયો હતો.

**ઠરાવ સાતમો :—**

મુકનાર :–શા: નગીનદાસ ચુનીલાલ વીરપુર.

આપણા પાંચ ગામોમાં કન્યા-કેળવણી બહુજ ઓછા પ્રમાણમાં છે. એટલા માટે દરેક મા-બાપે પોતાની છોકરીઓને ગુજરાતી પાંચ ધોરણ સુધી કેળવણી આપવી જોઇએ તેવો દરેક પંચ ઉપર ભલામણ કરતો ઠરાવ આ સંમેલન પસાર કરે છે.

ટેકો —વાડીલાલ સંકરલાલ જૈની—કપડવણજ

ઠરાવ સરવાનું મતે પસાર થયો હતો.

ત્યાર બાદ વેજલપુરવાળા શા. છબીલદાસ મણીલાલે ઠરાવ રજુ કર્યો હતો.

"અત્યારે ચાલુ પાંચે ગામમાં લગ્નસરા સબંધમાં જુદા જુદા રીવાજો છે જેથી કરી કેટલાક વિવાહ થતા અટકી પડે છે, તો તેના માટે પાંચે ગામના એક સરખા રીત રીવાજ હોવા જોઇએ અને તે દરેકે ગરીબ યા તવંગરે સરખી રીતે પાળવા જોઇએ. આ ઠરાવો અત્યારે દરેક ગામવાલા પોતાના પંચમાં નક્કી કરી ને જ્યારે મેનેજીંગ બોર્ડ ભરાય ત્યારે તેમના આગળ મુકે. અને બૉર્ડ તે ઠરાવો સંમેલન ભરાય ત્યારે, તે ઉપર ફરી વીચાર કરવા પોતાના અભિપ્રાય સાથે તેની પાસે રજુ કરે.

આ ઠરાવની બાબતમાં વીચારતાં આ બાબત મેનેજીંગ કમિટી યોગ્ય તપાસ કરી આવતા અધીવેસનમાં હકીકત રજુ કરે એમ ઠરાવી, ઠરાવ પડતો મુકાયો હતો.

ત્યારબાદ ગઇ કાલની સબજેક્ટસ કમિટીમાં મુકાએલો અને વધુ વીવેચન માટે બાકી રખાયેલો ઠરાવ પહેલો સુધારેલા શબ્દોમાં, ઉપર પ્રોસીડીંગમાં બતાવ્યા મુજબનો, સેક્રેટરી મી૦ શાન્તિલાલ ગુલાબચંદ ગાંધીએ સભા સમક્ષ પસાર થવા વાંચી સંભળાવ્યો હતો.

તે ઉપર લુણાવાડાવાળા તેલી ભાઇચંદભાઈ જેચંદભાઈ વકીલે એવો સુધારો મુકયો કે ઠરાવના અનુસાર જે કમિટી લોન વિગેરેના કાનુનો ઘડે તે કાનુનો જનરલ શેસનમાં પસાર થયા પછીજ આખરી ગણાવા જોઇએ.

આ સુધારાને અસલ ઠરાવ મુકનાર પારેખ વાડીલાલ મનસુખરામે વધાવી લીધો હતો, અને તે સરવાનુમતે પસાર થયો હતો.

ઉપરના ઠરાવ વીસે બોલતાં ભાઇ મફતલાલ રતનચંદ કપડવણજ વાળાએ ધાર્મીક જ્ઞાનને પ્રોત્સાહન આપવામાં લોન સ્કીમની અંદર ધાર્મીક જ્ઞાન, પંચપ્રતીક્રમણ સુધી ( મુળ તથા બે પ્રતીક્રમણ અર્થ સહીત ) આવડતાં હોય તેનેજ લોન આપવી તેમ સુચવ્યું હતું, તે ઉપર વીચાર કરવા કમિટીને સુચના કરવામાં આવશે. એમ કહી સુધારો આટલેથી બાકી રાખ્યો હતો.

ત્યારબાદ વયોવૃદ્ધ ઉદુમ્બર ગોર શ્રીયુત મહાસુખરામ પ્રાણનાથ ઉંચ કેળવણીના સમર્થનમાં સારી રીતે બોલ્યા હતા.

કેટલાક ભાઇઓની લોન સ્કીમ બાબતમાં ગેરસમજ થયેલી હોવાથી અસલ ઠરાવ મુકનાર શ્રીયુત વાડીલાલ મનસુખરામ પારેખ, તે સંબધમાં ગેરસમજ દુર કરવા માટે, કેટલુંક બોલ્યા હતા અને સ્પષ્ટપણે જાહેર કર્યું હતું કે કેટલાક ભાઇઓ લોન માગવી તે ભીખ માગવા જેવું છે, તેમ માને છે; તે વીચાર બીલકુલ ખોટો છે. આજે આપણે સ્થાપેલી સંસ્થા તે આપણી પોતાની હોઈ આપણા

દરેકનો તે સંસ્થા ઉપર સરખો હક છે. લોન સ્કીમથી મળેલા પૈસા તે ઉધાર લીધેલા પૈસાની બરાબર છે. માત્ર ફરક એટલોજ છે કે ઉધાર જોઇતા પૈસા મેળવવાની મુસ્કેલી આ લોન સ્કીમથી મટી જાય છે. લોન સ્કીમના પૈસા દરેક ભાઇઓએ નોકરી યા ધંધે લાગ્યા પછી પાછા આપવાના છે તે કોઇએ ભુલી જવાનું નથી. જે ગેરસમજ થયેલી છે તે માત્ર વસ્તુની અણસમજ સીવાય બીજા કોઇ કારણથી હોય તેમ લાગતું નથી. લોન આપનારી સંસ્થા તે આપણા બાપની પેઢી છે અને તે પેઢી પાસેથી આપણી કેળવણી માટે પૈસા ઉછીના લેવા તે કોઇ પણ રીતે ખોટું નથી. માટે મારી સર્વે ભાઇઓને ભલામણ છે કે પોતાની ગેર સમજ દૂર કરી આ લોન સ્કીમને ખરા હૃદયથી અને સાચા ભાવથી ટેકો આપી, પોતાનાથી બનતી મદદ કરવા પોતાનો હાથ લંબાવી અને પોતાનાથી શક્ય તેટલું બધુજ કરે.

ઉપર મુજબ પ્રવચન થયા પછી સદરહુ ઠરાવ પર મત લેતાં ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યાર બાદ શેઠ શ્રી. મણીભાઇ સામળભાઇ પાઠશાળાના રીપોર્ટ માસ્તર **ભાઈ ભુરાભાઈએ** વાંચી સંભળાવ્યો હતો, અને ત્યારબાદ સાંજે ૭ વાગે આજની શેસન બરખાસ્ત થઈ હતી.

## ત્રીજો દિવસ :- આષાઢ સુદ ૫ ને રવિવાર

આજ રોજે સંમેલનની કાર્યવાહી બપોરે ત્રણ વાગે શરૂ થઈ હતી. તેમાં પ્રથમ ઠરાવ એક બેંક ખોલવા બાબતનો મુકવામાં આવ્યો હતો.

### ઠરાવ આઠમો :—

મુકનાર :—શા. ગીરધરલાલ હેમચંદ ત્રીકમજી.

આપણી જ્ઞાતિની આર્થીક ઉન્નતી માટે, સારા અનુભવી ડીરેક્ટરોની દેખરેખ નીચે, સારા જેવા શેર ભંડોળથી એક બેંક ઉભી કરવી જેથી પૈસાના અભાવે ધંધો ન કરી શકતા કે ન વધારી શકતા ઉત્સાહી ભાઇઓને ઉક્ત બેંકમાંથી વ્યાજબી વ્યાજે ધંધાને માટે ધીરણકરી ધંધે લગાડી શકાય કે તેમનો ધંધો વધારી શકાય.

ટેકો :—શા. રમણલાલ મગનલાલ ખોડજી—ગોધરા.

ઠરાવ સરવાનુમતે પસાર થયો હતો.

તે પછી જૈન પાઠશાળાને લગતો સવીસ્તાર ઠરાવ લુણાવાડાવાળા તેલી કાન્તિલાલ શીવલાલે રજુ કર્યો હતો.

### ઠરાવ નવમો :—

૧. આપણા પાંચ ગામોમાં જે ઠેકાણે પાઠશાળા ન હોય, તેમજ બંધ હોય તે ઠેકાણે પાઠશાળા ચાલુ કરવા, પ્રબંધ થવો જોઇએ.

૨. જે જે ગામોમાં પાઠશાળા ચાલે છે તે તે ગામોમાં પાઠશાળાઓમાં જે જે ત્રુટીઓ જણાય તેમાં સુધારો થવો જોઇએ.

૩. જે જે ગામોમાં પાઠશાળાઓ નથી તે તે ગામોમાં ક્યા કારણોસર પાઠશાળાઓ નથી તેની વીગતવાર તપાસ કરવી જોઇએ.

૪. ઉપલા પેટા ૧–૨–૩ માં જણાવ્યા મુજબનો રિપોર્ટ તૈયાર કરવા પાંચ ગામમાંથી ચુંટાયલી એક તપાસ કમિટી નીમવી જોઇએ અને તે કમિટીએ તેનો એક રીપોર્ટ સંમેલન સમક્ષ મુકવો અને તે રીપોર્ટ પ્રમાણે ઘટતો સુધારો કરવા તે તે ગામોને યોગ્ય સૂચના આપતો ઠરાવ કરવો.

૫. પાઠશાળાની કાયમની દેખરેખ રાખવા માટે એક કમિટીની ખાસ અગત્ય છે. જેથી પાંચ ગામોની એક સ્ટેંડીંગ કમિટી નિમવી જોઇએ.

૬. પાઠશાળાઓ માટે જે જે ગામોમાં આર્થીક મદદની જરૂર હોય તે પુરી પાડવા માટે એક ફંડની જરૂર છે, તે એકઠું કરવા માટે યોગ્ય પ્રબંધ થવો જોઇએ.

ઉપરના ઠરાવમાં ઉમેરો કરવા દોસી સોમાભાઈ પુનમચંદ વકીલે એક સુધારો રજુ કર્યો હતો. "જૈન શાળાઓમાં કયા કયા સુધારા માટે સ્થાન છે તેમજ તે સુધારાઓને પહોંચીવળવા માટે તેની આર્થીક ગોઠવણો કેવી રીતે કરવી તેમજ તે શાળાઓને તમામ રીતે ઉન્નતીના માર્ગે કેમ લેવી તથા વિદ્યાર્થી વર્ગને શાસ્ત્રજ્ઞાનમાં રસ લેતા કેમ કરવા વિગેરે બાબતનો વ્યવસ્થાપક કમિટીને રિપોર્ટ કરવા એક કમિટી નીમવી".

આ સુધારો અસલ ઠરાવમાં જોડવા માટે મંજુર કરવામાં આવ્યો હતો.

**ટેકો:**– શા. શામળદાસ ભુરાભાઈ—ચુનેલવાળા.
,, શા. મગનલાલ દલસુખભાઈ—ગોધરા.
,, શા. છબીલદાસ મણીલાલ—વેજલપુર.
,, શા. મફતલાલ રતનચંદ—કપડવણજ.

ઉપરનો ઠરાવ સુધારા સાથે સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યારબાદ એક ઠરાવ આપણી જ્ઞાતિમાં બીન ધંધેદારને ધંધે લગાડવા સંબંધમાં રજુ થયો હતો.

**ઠરાવ દસમો:—**

મુકનાર :– શા. ગીરધરલાલ હીરાચંદ ગોધરાવાળા.

"આપણી જ્ઞાતિના ઉછરતા યુવાનોને તથા કેટલાક ધંધે લાગ્યા વગરના ભાઈઓને કામ ધંધે અથવા નોકરીએ લગાડવા માટે એક વગવાળી કમિટી નીમવા આ સભા ભલામણ કરે છે".

શ્રીયુત શેઠ બાપુભાઈ મણીભાઈ—કપડવણજ (પ્રમુખ).
,, ,, છોટાલાલ મનસુખભાઈ—ગોધરા.
,, ,, વાડીલાલ મનસુખરામ—કપડવણજ.
,, ,, ચીમનલાલ ડાહ્યાભાઇ—કપડવણજ.
,, ,, અજીતભાઇ મણીભાઈ—કપડવણજ.

પ્રમુખને જરૂર પડે મેમ્બરો વધારવાની સત્તા છે.

**ટેકો** :– શા. શામળદાસ ભુરાભાઈ—ચુનેલ.
,, વકીલ વાડીલાલ શંકરલાલ—જૈની.

ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ઠરાવ અગીઆરમો:—

મુકનાર :– શા. મણીલાલ લલ્લુભાઇ—ગોધરા.

"આપણી જ્ઞાતિમાં કેટલાક ફરજીઆત જમણના ખરચો છે અને જે કેટલાકને ન છુટકે કરવા પડે છે, તેવા સારા કે નરસા પ્રસંગો માટેના ખરચો બંધ કરાવવા માટે દરેક ગામના પંચને આ સભા ભલામણ કરે છે. વિશેષમાં મરણ પાછળના જમણના ખરચો તથા કોઇપણ જાતના લાગાઓ સદંતર બંધ કરવા આ સભા ભલામણ કરે છે".

ટેકો :– માસ્તર ચુનીલાલ મગનલાલ—ગોધરા.

ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યારબાદ ઠરાવ નં. ૧) વાળી લોન સ્કીમ સંબંધી થોડી ઘણી ગેરસમજની ગરબડ સાંભળતાં ભાઇ વાડીલાલ મનસુખરામે તેનો સ્ફોટ કરી સમજાવ્યું કે આ કંઇ કોઇ એક માણસના જાતીય સંતોષની વાત નથી. આનો સાર્વજનીક કાર્ય છે, આ ઠરાવ મેં મુકયો એટલે મારે મારો સંતોષ સાધવાનો છે અને એટલાજ માટે હું વધુને વધુ તે ઉપર દબાણ મુકુ છું તે માનવું પણ અસ્થાને છે. અલબત મેં ઠરાવ મુકયો છે. અને તેને યોગ્ય પોષણ મલી પાસ થાય તે મારી ઇચ્છા જરૂર હોય અને છે. પણ આ કામ પાર પડે તો તેનો ઉપયોગ તો આપણી કોમના બધાઓ માટે સરખો છે. મારી આકાંક્ષા આ ઠરાવ પાસ થાય અને આપ સર્વે વધાવી લો તેતો જરૂરજ હોય, પણ આતો આપણા સંમેલનના હાથે થવાના ઘણાં કાર્યોમાંનું એક છે, અને તે માટે ગેરસમજ લેવાની જરૂર નથી.

ત્યાર પછી ગોધરાવાળા ભાઇ વાડીલાલ છગનલાલે, આપણી વહવારીક બાબતોમાં રૂઢી ચુસ્તતા ઘણે ઊંડે ઊંડે ઘુશી ગયેલી છે તે ઉપર સભાનું ધ્યાન ખેંચી શુદ્ધ અને સંસ્કારિક રીતે ધર્મ અને ધર્મકાર્ય કરવાની અપીલ કરી હતી. સાચા અને સંસ્કારિક ધાર્મિક જ્ઞાનની જરૂરીઆત ઉપર ભાર મુકયો હતો, અને સૌને તે માટે ઉદ્યમ કરવા ભલામણ કરી હતી.

ત્યારબાદ છેલ્લા વકતા તરીકે કપડવણજવાળા શા. મણીલાલ ગીરધરલાલ વકીલે બોલતાં જણાવ્યું હતું કે કેળવણી સર્વવ્યાપક હોવી જોઇએ. છેવટ બોલતાં તેમને આ સંમેલનમાં જે જે ઠરાવો પસાર કરવામાં આવ્યા છે તેની નકલો ગામે ગામ મોકલી આપવાનો ઠરાવ રજુ કર્યો હતો.

ઠરાવ બારમો :—

મુકનાર :– વકીલ મણીલાલ ગીરધરલાલ શાહ.

"વિશા નીમા જ્ઞાતિના આ પ્રથમ સંમેલનમાં જે જે ઠરાવો પસાર કરવામાં આવ્યા છે તે તે દરેક ઠરાવોની નકલો દરેક ગામના પંચો ઉપર મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવે છે".

ટેકો :– દોસી કસ્તુરલાલ નગીનદાસ—કપડવણજ.

ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ઉપર પ્રમાણે તમામ ઠરાવો સમાપ્ત થયાબાદ, બંધારણ ઘડતી વખતે આ સંસ્થાનું શું નામ રાખવું તે ઉપર સુચના થતાં **"શ્રી વિશા નીમા જૈન સંમેલન"** રાખવા ભાઇ વાડીલાલ મનસુખરામ પારેખે જણાવ્યું હતું. અને આખરી નિર્ણય બંધારણ કમિટી ઉપર છોડવા સુચન કર્યું હતું.

અંતમાં આવતા વરસ માટે સંમેલન કયાં ભરવું તે બાબત ચર્ચવામાં આવી અને ગોધરાના પંચ તરફથી શેઠ છોટાલાલ મનસુખભાઇએ આવતી સાલનું સંમેલન ગોધરા મુકામે ભરવાની માગણી કરી જે સર્વે ભાઇઓએ એક મતે વધાવી લીધી હતી.

ત્યાર બાદ ભાઇ વાડીલાલ મનસુખરામ પારેખે શ્રી નેમીજીન સેવા મંડળ, " કે જે મંડળે આ સર્વ વ્યવસ્થા પુરેપુરી સમજદારી, કાળજી અને સંભાળપૂર્વક કરી, તેમજ દરેક રીતે વ્યવસ્થા જાળવવામાં જે કુનેહ અને તકેદારી દાખવી હતી તે સહળું સમજાવી તે સંસ્થાની આદીથી માહિતી આપી" તેનો અને તેની કદરદાન સેવાઓનો આભાર માન્યો હતો.

ત્યારબાદ આ સંમેલનના માનવંતા પ્રેસીડેન્ટ શેઠ બાબુભાઇ મણીભાઇનું ભાષણ શરૂ થયું હતું.

## પ્રમુખ શ્રીયુત શેઠ બાબુભાઈ મણિભાઇનું ભાષણ:—

### મુરબ્બીઓ, ડેલીગેટભાઇઓ અને અન્ય ભાઇ-બ્હેનો

આપણા પાંચે ગામના સંમેલનના પહેલા અધિવેશન પ્રસંગે મને આપે પ્રમુખ નીમી જે માન આપ્યું છે તથા આખા સંમેલનના સંચાલન દરમ્યાન મારા પ્રત્યે આપ સર્વેએ જે લાગણી દર્શાવી છે તે બદલ હું આપ સર્વેનો આભાર માનું છું. હું જાણું છું કે આપણી નાતમાં વયોવૃદ્ધ, અનુભવી તેમજ આ સ્થાન વધુ દિપાવી શકે તેવા ગૃહસ્થો હોવા છતાં મારી પસંદગી કરી છે. તે પસંદગીનું માન મારા કુટુંબને અપાયેલ છે એમ હું માનું છું અને આપને ખાત્રી આપું છું કે તે મારા કુટુંબની પ્રણાલિકા મુજબ હું કાયમના માટે વર્તીશ, અને મારાથી જે કંઇ સેવા આપણી ન્યાતની બની શકશે તે હું મારા ખરા અંતઃકરણથી કરીશ.

જુની હકીકતો જેમ જેમ મળતી જાય છે તેમ તેમ આપણને જણાય છે કે આપણી નાતની ઉત્પત્તી ઘણા જુના વખતની છે જો કે વિગતવાર ઇતિહાસ આપણે શોધવો બાકી રહેલા છે; પરંતુ સુરતના દહેરાસરની પ્રતિમાઓ ઉપરના લેખો ઉપરથી આપણી નાત વિર સંવત ૧૧૦૦ એટલે વિક્રમ સંવત ૬૦૦ માં પણ ખરેખર જાહોજલાલી ધરાવતી હતી, તે વાતમાં કંઇપણ શંકાને સ્થાન રહેતું નથી. વળી ખંભાતમાં તાજેતરમાં મળેલ પાર્શ્વનાથ ચરિત્ર કે જેમાં ૧૩,૦૦૦ શ્લોક છે, તેમાં પણ કપડવણજનું રેફરન્સ છે જેમાં અત્રેના શેઠીઆઓની આર્થિક મદદથી તે ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો હતો તેવું બ્યાન છે ઉપરાંત આચાર્ય દેવશ્રી અભયદેવસૂરીજીએ સંવત ૧૧૩૯ ની સાલમાં અત્રે કાળ કર્યો હતો તે વખતે પણ કપડવણજનો સંઘ મોટો હતો, અને પૂર્ણ **જાહોજલાલી** ભોગવતો હતો; આ બધા ઉપરથી પણ આપણી જાહોજલાલી જુની સિદ્ધ થાય છે.

વળી રેલ્વેના જમાના પહેલાં કપડવણજનું સ્થળ ગુજરાત ને મારવાડની સરહદ ગણાતું હતું અને મેવાડ બાજુ જવાનો ટૂંકો રસ્તો પણ અત્રેથી પસાર થતો હતો, તે વખતે અમદાવાદ તથા વડોદરાના શરાફોની શાખાઓ કપડવણજમાં હતી. વહેપારી સંબંધને અંગે આપણી નાત, જે ધંધામાં આગળ પડતો ભાગ ભજવતી તે, મેવાડ અને માળવા બાજુ તેમજ દક્ષિણ બાજુ મહાડ, પુના, વિગેરે સ્થાને ઉતરી ગઈ હોય તેમ સમજાય છે. આજે પણ મહાડ અને પુના બાજુ આપણી જ્ઞાતિની વસ્તી છે. તેમાં ઘણા વૈષ્ણવ થયેલા છે. અસલ મોડાસા બાજુથી ઉતરી આવ્યાનું તેઓ જણાવે છે, અને દક્ષિણમાં હોવા છતાં પણ હજુ ગુજરાતી તરીકે ઓળખાવે છે અને તેમ કહેવામાં અભિમાન લે છે. બડનગરથી હાલ બે ભાઈઓ અત્રે પધાર્યા હતા, તેઓના કહેવા મુજબ અસલ તેઓ પણ ગુજરાતના છે. જો કે હજુ પુરી હકીકતો મળી નથી પણ આપણી કમિટીએ આ બાબત તપાસ કરી આપણી જ્ઞાતિની મૂળ ઉત્પત્તી અને અત્યાર સુધીનો ઇતિહાસ તેમજ હાલ કઈ કઈ જગ્યાએ આપણી જ્ઞાતિ પથરાયેલી છે તે હકીકત તથા તેઓની આર્થિક સ્થિતિ સંબંધી સર્વે હકીકત વિગેરે ભેગી કરવાની મહેનત કરવાની છે. અને આમ થશે તો મને આશા છે કે થોડા વર્ષોમાં દૂર દૂર પથરાયેલી આપણી કોમના સમુહો પણ સંમેલનમાં ડેલીગેટો મોકલી ભાગ લેતા થશે.

ઇતિહાસ તરફથી પ્રમાણભૂત આધાર મળે છે કે વણિક જ્ઞાતિઓ પહેલાં સર્વ જૈન હતી. પણ પાટણના રાજાઓની પડતી પછી જૈન ધર્મનું પણ સાથે સાથે જોર ઘટયું, અને તે અરસામાં વૈષ્ણવ ધર્મનું મોજું ફરી વળ્યું. આ વખતમાં ઘણી જ્ઞાતિઓ વૈષ્ણવ થઈ ગઈ, તે વખતે આપણી જ્ઞાતિ પણ આ અસરથી મુક્ત રહી શકી નહી. અને તેના પરિણામે આપણી જ્ઞાતિ અસલ જે જૈન હતી, તે જૈન અને વૈષ્ણવ એ વિભાગમાં વહેંચાઇ ગઈ. બડનગરથી આવેલા ભાઇઓ પણ આ વાતની કરૂણ ઘટના રજૂ કરે છે. મહુધા મોડાસા અને વાડાસીનોરની આપણી કોમની વસ્તી પણ આ બાબતને ટેકો આપે છે. આનાં કારણ કંઈ ચોકકસ મળી શકતાં નથી. સૌ પોતાના અભિપ્રાય મુજબ સમજાવે છે પણ ખાસ કરી, મારી સમજ પ્રમાણે, સાધુ મહારાજના વિહારનો અભાવ અને તે વખતનાં ધોળા કપડાના મહારાજોના શિથિલ આચાર વિચારના પરિણામે અને સાચી ધાર્મિક કેળવણી નહી મળવાથી આપણા ધર્મનું જોર ઘટતું ગયું. સારા નશીબે આ સ્થિતિમાં ક્યારનોએ પલટો આવી ગયો છે, અને આપણા ધર્મનું પ્રાબલ્ય દિવસે દિવસે વધતું જાય છે. જો કે તેમાં પણ ઘણા સુધારાને અવકાશ છે.

પહેલાના શાંત અને ઓછી પ્રવૃતિવાળા જમાનામાં કે જે વખતે જિંદગી આટલી હરીફાઇવાળી ન હતી, તે વખતે અવારનવાર મળવાના પ્રસંગ ઘણાજ મળતા હતા. આપણા પાંચ ગામ વચ્ચે કન્યા વહેવાર પણ તે વખતે સારો હતો અને તેને અંગે અનેક પ્રસંગે જવા આવવાનું પણ થતું હતું. દિવસે દિવસે આ બાબત ક્ષીણ થતી ગઈ અને સર્વને મળવાના આવા પ્રસંગો તદ્દન ઓછા થઇ ગયા. અત્યારે માત્ર લગ્ન અગર ધાર્મિક પ્રસંગે ખાસ કોઈ બોલાવે ત્યારેજ પાંચ ગામ એકઠાં થાય છે. આવા મોટા પ્રસંગો ઘણા વર્ષોના અંતરે આવે છે એટલે દિવસે દિવસે આપણા સંબંધો શિથિલ થતા જાય છે. ગઈ સાલ ભાઈ ચીમનલાલ ડાહ્યાભાઇએ કરાવેલ શ્રી સિદ્ધચક્ર આરાધક આંબેલની ઓળી પ્રસંગે આપણા પાંચે ગામનાસમાજને આમંત્રણ આપેલું તે વખતે પાંચે ગામના ભાઇઓ ભેગા મળેલા અને તે વખતે આપણને સૌને મળવાનો પ્રસંગ ઉપસ્થિત થયેલો. આ વખતે આવા સંમેલનનો વિચાર ભેગા થયલા ભાઇઓએ અવિધીસરની મિટીંગ બોલાવી કરેલો. આધુનિક જમાનાને અનુસરીને, ધાર્મિક અગર ખાનગી પ્રસંગો સિવાય પણ, દર વર્ષે પાંચે ગામના આપણા ભાઇઓ એક વખત મળે અને અરસપરસ વિચારની

આપ–લે કરે જેથી ઘસાતો સંપર્ક અટકાવી તેને વધારી શકાય, તેવું કરવા વિચાર કરવામાં આવ્યો, પરીણામે આ સંમેલનની યોજના ઉદ્દભવવા પામી. પ્રથમ વિચાર ગયા શ્રાવણ અગર આસો માસમાં ભરવાનો હતો. અને તે માટે ડેલીગેટોના નામો પણ બે જગાએથી મળેલાં પણ ખરાં, આમ છતાં પણ અનેક કારણોસર આ પ્રવૃતિ ઢીલી પડી અને કેટલાક સમય બાદ માત્ર એક મહીના ઉપરજ ફરી હાથ ધરવામાં આવી. મુંબઇમાં વસતા તમામ ભાઇઓની એક મિટીંગ શેઠ રમણલાલ છોટાલાલની પેઢીમાં ભરવામાં આવી અને પરિણામે આજે આપણે અત્રે એકઠા થયેલા છીએ. આ માટે ભાઈ વાડીભાઇ, ભાઈ ચીમનભાઇ તથા શેઠ છોટુભાઇએ જે મહેનત લીધી છે તેનો આભાર ન માનીયે તો અધૂરૂં કહેવાય.

દરેક સારા કામમાં શરૂઆતમાં મુશ્કેલીઓ હોય છે. પણ જે કામમાં સેવાની ભાવના અને તે માટે ભોગ આપવાની ધગશ હોય છે તે કામ જરૂર આખરે ફતેહમંદ થાય છે. આપણા આ સંમેલન માટે તેમજ કહી શકાય. સારા યોગે આપણે વખતસર શરૂઆત કરી શકયા છીએ. પણ તેથી આપણે ખુશી થઈ બેસી રહેવાનું નથી. ખરા કામકાજની શરૂઆત તો હવે થાય છે અને ખરી મુશ્કેલીઓનો સામનો તો હવેજ કરવાનો છે.

અત્યારે આપણે એરોપ્લેનના જમાનામાં રહીયે છીએ. ગયા પચીસ વર્ષમાં રેલ્વેઓ કલાકના ત્રીસ માઇલ અગર વધારેમાં વધારે ચાલીસ માઇલ ચાલતી હતી. અને તેનાથી વહેવાર ચાલતો હતો. ત્યારે અત્યારે એરોપ્લેન કલાકે ત્રણસો માઇલ બલ્કે તેથી ઘણી વધારે ઝડપથી વહેવાર ચલાવી રહ્યાં છે. તે જમાનામાં આપણે દેશના તેમજ દુનિયાના ભાગોના સામાજીક, આર્થિક, તેમજ વિચાર શ્રેણીના ફેરફારોથી પર રહી શકવાના નથી. સમયને ઓળખી, આવતા સમયના પ્રવાહમાં ઘસડાઈ જતાં આપણને દુનિયાની કોઈપણ શકિત રોકી શકનાર નથી. વળી ઘણી વાતો આપણને પસંદ પડે એટલે તે બધી સારી છે તેમ પણ નથી, દરેક બાબતનો આગળથી વિચાર કરી બને તેટલો લાભ ઉઠાવવાની તકેદારી રાખવા સીવાય આપણી પાસે બીજો ઉપાય નથી.

આપણે જન્મથી વહેપારી છીએ. તેજ વાતાવરણમાં ઉછરીયે છીએ. વહેપારમાં અનેક જોખમો સહન કરીયે છીએ અને તેમાં અનેક પ્રશ્નોના સામના કરીયે છીએ. છતાં પણ નવા જમાનાને ઓળખવાની અને વધુ સંગઠીત રીતે વર્તવાની આપણામાં ઘણી ખામી છે, તેમ કબુલ કર્યા સીવાય આપણે રહી શકતા નથી. આ બાબત મારો એક અંગત અનુભવ રજુ કરીશ, છેલ્લી કોંગ્રેસ ગવર્નમેન્ટ વખતે જ્યારે ટેરીલીફ બીલ રજુ થયું હતું તે વખતે વહેપારીઓનો કેસ રજુ કરવા અમદાવાદમાં કોન્સફરન્શ મળી હતી. ઠરાવો થયા હતા. પણ ત્યારબાદ કામ કરવા માટે ધગશ મુદ્દલ ન હતી. અને સોમાભાઈ પુનમચંદ અને બીજા એકબે જણને લગભગ એકલા હાથે કામ લઇ મુંબઇ, પુનાની સફરો કરવી પડતી હતી. તે વખતે મેં બરોબર જોયેલું કે, હું ભૂલતો ન હોઉં તો, વહેપારીઓએ મોટા ભાગે બેદરકારી અને નશિબ પર આધાર રાખવાની વૃતિ બતાવી હતી. તેવી સ્થિતી ઘણી શોચનિય કહેવાય, આવી શિથિલતા રાખવાની વૃતિ આપણા ભાવિની ઉપર ઘણી ખરાબ અસર કરે છે તે કોઇથી ના કહી શકાય તેમ નથી.

આપણી નાતની ખરી ઉન્નતિ માટે આપણે વિવિધ ઉપાયો યોજવા પડશે. આપણી યોજનાઓ બર લાવવા માટે આપણે સાહસિક, સંગઠીત અને તેવા બીજા અનેક પ્રયાસો સખત રીતે કરવા પડશે. કેળવણીનું પ્રમાણ વધારવુ પડશે. ધાર્મિક, સામાજિક, તેમજ શારિરીક ત્રણે પ્રકારની કેળવણીને સુયોજીત કરી જુદા જુદા વખતે જુદી જુદી રીતે અખતરાઓ પણ કરવા પડશે. સમયના પ્રમાણમાં જુના આચાર વિચારોમાં પણ સુધારા વધારા કરવા પડશે. જુનુ માનસ કાઢીનાખી તેની જગાએ નવા સંજોગોને અનુરૂપ

સર્વગ્રાહી માનસ બનાવવું પડશે. અને તે માટે જુના અને રીઢા થઈ ગયેલા માણસોને સમજાવવું, તથા તેમની સાથેના ઘર્ષણો અટકાવવા વિગેરેને માટે શક્તિ, બુધ્ધિ તેમજ કુનેહનો ઉપયોગ કરવો પડશે. વહેવારનાં ચાલુ ક્ષેત્રોમાં સુધારા વધારા કરવા પડશે. નવાં જોખમો ખેડવાં પડશે. જરૂર પડે તન અને ધનની ઓછીવતી કુરબાની આપવી પડશે. આપણા બાળકોની શારિરીક, માનસિક, તેમજ ધાર્મિક કેળવણી માટે તેઓને આપણાથી વિખૂટા પાડી પરદેશ મોકલવા પડશે. ગુજરાત અગર તો હિંદુસ્તાન આ જમાનામાં સંકુચિત ક્ષેત્ર ગણી લેવું પડશે. સમાજમાં આગળ પડતો ભાગ લેવા તેમજ આપણી કોમની શ્રેષ્ટતા સાબીત કરવા માટે આપણે આજ સુધીમાં વિચાર પણ નહી કરેલ તેવાં કાર્યો કરવાં પડશે. આ તમામ નવા સાહસો માટે આપણે તૈયાર રહેવું પડશે. અને જેટલી અગમચેતી, દૂરંદેશીપણું અને બુધ્ધિ પૂર્વકની યોજનાઓ રાખીશું તેટલા વધારે સુખી અને અગ્રણિ થઇશું.

આપણા અધિવેશનમાં ઘણા ઠરાવો આવી ગયા છે. અને તે બાબત ચર્ચા થયેલી હોવાથી વિગતમાં ઉતરી આપનો વખત લેવા માંગતો નથી એટલે કે તે ઠરાવો સાથે હું પુરેપૂરો સંમત છું, અને તે ઠરાવોનો અમલ થાય તે માટે મારાથી અંગત બની શકતા તમામ શક્ય પ્રયાસો કરીશ તેની આપ ખાત્રી રાખશો. મેં ઉપર જણાવ્યું તે પ્રમાણે દરેક માણસે, પછી તે સ્ત્રી હોય કે પુરૂષ, તે દરેકને શારિરીક, આધ્યાત્મિક અને ધાર્મિક એ ત્રણે પ્રકારની કેળવણીની ખાસ જરૂર છે. અને તે ત્રણે પ્રકારની કેળવણી સિવાય આપણી સર્વદેશીય પ્રગતિ અશક્ય અગર તો મુસ્કેલ તો જરૂર છે. માટે ભૂમિકા તૈયાર કરવા માટે આપણે સર્વ શક્તિ પ્રથમ કેળવણી માટે કેન્દ્રિત કરવાની અનિવાર્ય, અને અગત્યની છે તે તમો સર્વે કબુલ કરશો. સમાજમાં આગળ પડતો ભાગ લેવા માટે તથા આપણી કોમની શ્રેષ્ટતા સાબીત કરવા માટે આપણે આજ સુધીમાં વિચાર પણ નહી કરેલો હોય તેવા કામો પણ કરવા પડશે.

આ વખતે સંમેલનમાં જે ઉત્સાહ અને ધગશ આપણે બતાવી છે, તે કાયમ રાખી ભવિષ્યમાં પણ નિર્ણીત કરેલું કામ આપણે અડગતા પૂર્વક ચાલુ રાખવાની ખાસ જરૂર છે. આરંભે શુરાની ઉક્તિ ભૂલેચુકે આપણને લાગુ પડી જાય નહી તેની ખાસ કાળજી રાખવી પડશે.

અંતમાં જે કોમોમાં વહેપારી તેમજ વ્યવાહરીક બુદ્ધિ છે અને ઉદારતા, સાહસ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વિગેરે અનેક ગુણો જેનામાં નૈસર્ગીક છે તે કોમમાં જો શારિરીક, માનસિક, તેમજ આધ્યાત્મિક કેળવણીનો ઉમેરો થાય તો તે કોમ હાલના સમાજમાં પ્રથમ સ્થાને કેમ પહોંચી ન શકે? આપણે આશા રાખીશું કે સમાજમાં પ્રથમ સ્થાન મેળવવા માટે અને તમામ ગુણો કેળવવા માટે દૃઢ નિશ્ચય કરી આ સંમેલનની પૂર્ણાહુતિ આપણે કરીએ.

અંતમાં અમારા આમંત્રણને માન આપી અત્રે પધારેલા સર્વે ડેલીગેટ ભાઇઓનો હું આભાર માનું છું. ભાઇશ્રી માણેકલાલ ડોકટરે તથા ભાઇશ્રી વાડીલાલ છગનલાલે પોતાની તબીયત નાદુરસ્ત હોવા છતાં અત્રે પધારી, સંમેલનના કામને જે દોરવણી અને વેગ આપેલો છે તે માટે આપણે સૌ તેમના આભારી છીએ.

શ્રી નેમિજીન સેવા મંડળે પોતાની સુંદર સેવાનો આપણને જે લાભ આપ્યો છે તે બદલ તેમને અભિનંદન આપુ છું.

લુણાવાડાવાળા ભાઇ શાન્તિલાલે વકીલે જે આ સંમેલનના સેક્રેટરી તરીકે પોતાની સેવા આપી છે તે બદલ આપણે તેઓના ઉપકારી છીએ.

અત્રેના ભાઇ વાડીલાલ મગનલાલ પોતે ઓપરેશન કરાયેલ હોવાથી આપણી વચમાં આવી શક્યા નથી. તેઓની હાજરી આપણા કામને જરૂર વેગ આપી શકત. આપણે આશા રાખીએ કે તેઓ સાજા થશે, અને ભવિષ્યમાં આપણને તેઓની શક્તિ અને બુધ્ધિનો લાભ આપશે. અસ્તુ.

ઉપરના ભાષણમાં શ્રીયુત શેઠ બાબુભાઇની શક્તિ, કાર્ય કરવાની ધગશ અને આખી વિશા નીમા જાતિને પ્રગતિને પંથે લઇ જવા માટેનો તેમનોઉલ્લાસ અને તનતોડ મહેનત કરવાની ધગશ વિગેરે તરી આવતાં હતાં. પ્રેસીડૅન્ટનું ભાષણ બહુજ દોરવણી આપનારૂં અને સૂચક હતું. અંતમ શ્રીયુત શેઠ બાબુભાઇએ અત્રે પધારેલા તમામ ડૅલીગેટો, શ્રી નેમિજીન સેવા મંડળ, રિશેપ્શન કમિટીના ચેરમેન ભાઇ નગીનભાઇ વકીલ તથા સેક્રેટરીઓ ભાઇ નગીનભાઇ ગણુભાઇ, તથા ભાઇ કસ્તુરલાલ નગીનદાસ તથા સંમેલનના સેક્રેટરી ભાઇ શાન્તિલાલ ગાંધી લુણાવાડાવાલા વિગેરે તમામનો આભાર માન્યો હતો.

પ્રેસીડેન્ટનું ભાષણ સમાપ્ત થયાબાદ **આભાર**ની દરખાસ્ત દરેક ગામના પંચ તરફથી નીચે મુજબના ભાઇઓએ મુકી હતી.

શા. ગીરધરલાલ હીરાચંદ, ગોધરા તરફથી.

શા. છબીલદાસ મણીલાલ, વેજલપુર તરફથી.

તેલી. ભાઇચિંદભાઇ જેચંદભાઇ વકીલ, લુણાવાડા તરફથી.

દોસી. શામળદાસ ભુરાભાઇ, ચુનેલ-મહુધા તરફથી.

ઉપર મુજબની દરખાસ્ત સહર્ષ વધાવી લેવામાં આવી હતી. અને આપણા પ્રેસીડૅન્ટ મહાશયની યોગ્યતા, કુશળતા, કાર્યદક્ષતા અને લાયકાત માટે ગોધરાવાળા ભાઇ વાડીલાલ છગનલાલે મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.

અંતમાં શા. ચીમનલાલ ગીરધરલાલ વકીલ કપડવણજવાળાએ કપડવણજના પંચ તરફથી સર્વેનો આભાર માનવાની દરખાસ્ત રજુ કરી હતી, જેને ભાઇ કસ્તુરલાલ નગીનદાસે ટેકો આપ્યો હતો. છેવટના ગોધરાવાસી ભાઇ છોટાલાલ મનસુખભાઇએ, પ્રેસીડૅન્ટ શેઠ બાબુભાઇ મણીભાઇની લાયકાત અને તેમના ઉચ્ચ વિચારો ઉપર ટુંકુ પ્રવચન કરી સભાનો આભાર માન્યો હતો.

ત્યારબાદ વિદાયગીરીનું ગીત "વસમી વિદાયો" બ્હેનોએ ગાઇ, સરતાં આંસુએ મહેમાનોને વિદાયો આપી હતી.

અંતમાં પ્રેસીડૅન્ટ વિગેરેને હાર તોરા અર્પણ કરી સર્વેને વધાવ્યા, અને અરસ-પરસ આભાર માનતા ભાવભીની લાગણીઓ સહીત, આપણા આ પ્રથમ સંમેલનમાં પધારેલા સર્વે ભાઇઓએ સાંજે ૬ વાગે સંમેલન વિસર્જન કરી વિદાય લીધી હતી.

સંમેલનના પ્રાણ

અને

કોમના અનન્ય સેવા પિપાસુ.



સ્વ. શ્રી. છોટાલાલ મનસુખભાઇ

વીશાનિમા જૈન જ્ઞાતિ માટે જેઓએ ઘણા મહાન ભોગો આપેલા છે.
તેમના ચી. ભાઇ રમણભાઇએ પિતાની યાદમાં રૂા. ૨૫૧)
આ પુસ્તક છપાવવામાં આપી ઉદાર હાથ લંબાવ્યો છે.

# શ્રી વિસા નીમા જૈન સમસ્ત જ્ઞાતિ મંડળ.

# દ્વિતિય અધિવેશન

## મુ. ગોધરા.

તા. ૨૮-૨૯-૩૦-૩૧ ડીસેમ્બર સને ૧૯૪૫

સવત ૨૦૦૨ ના માગશર વદ ૧૦-૧૦-૧૧-૧૨

વાર શુક્ર, શની, રવી, અને સોમ.

### સ્થળ:-

પાંજરાપોળના મોટા ચોગાનમાં મોટો એક આશરે સો ફુટ સમચોરસ તંબુ જેવો સામીઆનો ઉભો કરી તેની અંદર મોટી શેતરંજીઓ પાથરી, ગાદીતકીઆ વિગેરેથી બેઠકો બનાવી સભાની જોગવાઈ કીધી હતી. બહુજ સારી રીતે બધા ભાઇ બ્હેનોને બેસવાની જગા અને મોકળાસ મળી હતી.

### લાઉડ સ્પીકર:-

લાઉડ સ્પીકરની પણ જરૂર જણાતાં તુરત જ જોગવાઈ કરવામાં આવી હતી.

### દેરાસર :-

મહેમાનોને માટે નાવા તેમજ સેવા પુજા કરવા માટે દેરાસરની પણ-બરાબર પાંજરાપોળની મધ્યમાં-જોગવાઈ કરવામાં આવી હતી.

### મહેમાનો અને પ્રતિનિધિઓ માટે જમવાની ગોઠવણ:-

આ ગોઠવણ પણ, પાંજરાપોળની, લીંપીગુંપી સાફ સફાઇ કરેલી, ઓસરીઓમાં કરવામાં આવી હતી. એક લાઇનમાં બસો બસો માણસ બેસી શકે તેવી જોગવાઈ કરી હતી.

રસોઈ તથા નાસ્તાની એવી સારી જોગવાઇ કરવામાં આવી હતી કે તેને માટે કંઇ કહેવાપણું રહેતું નથી. રેશનીંગના જમાનાનો યોગ્ય, અધિકારીઓ પાસેથી રજાઓ મેળવી, દરેક જાતની જોગવાઇ કાયદા પુરઃસર કરવામાં આવી હતી.

### વ્યવસ્થાનો બોજ :-

સ્વાગત કમીટીએજ સાધારણ રીતે આ બોજ ઉપાડવાનો હોય છે. પરંતુ ચેરમેન શેઠશ્રી છોટાલાલ મનસુખભાઇ તેમજ વાઇસ ચેરમેન ડો૦ માણેકલાલ નરસીંહદાસની સમયસરની કાળજી અને ખરચ સંબંધીની ઉદાર ભાવના સાથે સુમેળ કરી તેમની દોરવણી નીચે ભાઇ શ્રી રતીલાલ શામળદાસે તેમજ

ગોધરાની સ્વયંસેવક મંડળીના સંચાલકો અને સ્વયંસેવકોએ એવો ભાર ઉપાડયો હતો કે તેમના ચેરમેનને કે વાઇસ ચેરમેનને તો જરાપણ તે સામું જોવું પડેલ નથી. આવી સુવ્યવસ્થા ભાગ્યેજ દરેક જગ્યાએ જોવામાં આવે. આનો ખ્યાલ આપવા આ કલમમાં તાકાત નથી. આટલાથી વ્યવસ્થાનો ખ્યાલ દરેકને આવશે. જે ભાઇઓ હાજર હતા તેમને તો તે વ્યવસ્થાનો ખુબજ ખ્યાલ છે. આ આપણી પ્રગતિની નિશાની છે. ઉતારા માટે તેમજ સ્ટેશન ઉપર આવતા મહેમાનો માટે પણ દરેક જાતની ગોઠવણ કરી હતી. ટુંકાણમાં દરેક જોઇતી વ્યવસ્થા બહુજ કાળજીપૂર્વક હતી અને સુવ્યવસ્થિત હતી.

## કાર્યવાહી કમિટી :-

ખુલ્લી બેઠક મળતા પહેલાં તા૦ ૨૭ મીની બપોરના પ્રથમ ગોઠવણ થયા મુજબ કાર્યવાહી કમિટી મળી હતી. તેમાં પાંચે ગામથી આવેલા ઠરાવો ઉપર વિચારો ચલાવવામાં આવ્યા હતા કે જેથી ખુલ્લી બેઠકમાં મુકવાના ઠરાવોમાં સરળતા થઇ જાય. આ તેમજ એજેન્ડા ઉપર જે જે કામો હતાં તે બધાં વિધિસરની ખુલ્લી બેઠક ભરાતાં પહેલાં નિપટી લેવામાં આવ્યાં હતાં.

## ખુલ્લી બેઠક :-

ગોઠવણી મુજબ તા૦ ૨૮ ડીસેમ્બર ૧૯૪૫ ની બપોરના અઢી વાગે ખુલ્લી બેઠક મળી હતી. કામકાજ શરૂ કરતાં પહેલાં મંગળા ચરણ ભણવામાં આવ્યું હતું. ત્યાર બાદ બાળાઓએ સ્વાગત ગીત ગાઈ મહેમાનોનું યોગ્ય સ્વાગત્ કર્યું હતું.

## સ્વાગત પ્રમુખનું ભાષણ :-

તે પછી સ્વાગત્ કમિટીના પ્રમુખ શેઠ શ્રી. છોટાલાલ મનસુખભાઇએ પોતાનું વિદ્વતા ભરેલું અને સમયને અનુકુળ ભાષણ કર્યું હતું.

તેઓના ભાષણમાં આ મંડળની ઉત્પત્તિ તથા તેના પ્રથમ અધિવેશનનું સ્થળ, પ્રગતિ તથા તેનાથી થયેલા અનેકવિધ ફાયદાઓ જણાવી પોતાને આ પ્રસંગ સાંપડયો તે માટે પોતાને ભાગ્યશાળી માની, પોતે મહેમાનોનું સ્વાગત્ કરતાં અભિમાન લેતા હતા.

વળી આવેલા મહેમાનોને તેમજ સર્વે પ્રતિનિધિભાઈઓને આ મંડળની જરૂરીઆત, ધ્યેય અને તે સર્વેમાં દરેકે ફાળો કેટલો અને કેવો આપવો જોઇએ તે સમજાવી દરેકને તન મન અને ધનથી આ મંડળને આગળ ધપાવવા આગ્રહ કર્યો હતો. સાથે સાથે આ મંડળ એ એક સહકારી મંડળ છે અને સર્વોપરીપણાની ખોટી બડાંસ મારનારૂં નથી, તે પણ સમજાવ્યું હતુ.

જૈન ધર્મના સિધ્ધાંતોને પણ તેમણે ઠીક ઠીક સમજાવ્યા હતા, અને જૈનો તરીકેના આચાર-વિચારોને લક્ષમાં રાખી દરેક કામ કરવા માટે આગ્રહ કર્યો હતો.

જેટલો તેમને ધર્મ અને ધાર્મિક સિધ્ધાંતો ઉપર ભાર મુકયો હતો. તેટલોજ બલકે તેથી વધુ ભાર આજની કેળવણી ઉપર મુકયો હતો અને તેના રહસ્ય સાથે ધર્મનો સુમેળ કરવામાં આવે તો કેવાં સારાં ફળ આવે તે પણ સમજાવ્યું હતું. ટુંકાણમાં તેમને ધાર્મિક, પ્રાથમીક, સેકન્ડરી અને ઉંચ કેળવણી એમ બધાની જરૂરીઆત ઉપર ભાર મુકી સુમેળ સાધવા અને તેની પ્રગતિ કરવા માટે જે કંઈ કરવું પડે તે કરવા દરેકને દોરવણી આપી હતી.

સાથે સાથે મોટેરાઓને અંદર અંદરના કલેશ-કંકાસ કાઢવા, તેમજ જુવાનીઆઓને ખાસ કરીને ઉત્સાહમાં તણાઈ જઈને કરવાનું કરી બેસવા-અને એક બીજાની વગ કરીને મુળ ધ્યેયને નુકસાન થયા તેવું કરવા-સામે ચેતવણી આપી હતી.

ટુંકાણમાં તેઓનું ભાષણ ઘણું મનનીય અને દોરવણી આપનાર હતું.

## પ્રમુખની વરણી :-

સ્વાગત પ્રમુખનું ભાષણ પુરુ કરી તુરતજ શેઠ શ્રી. છોટાલાલ મનસુખભાઇએ આ સંમેલનના પ્રમુખસ્થાન માટે જાણીતા અગ્રગણ્ય શેઠ શ્રી. લાલ ગુલાલના કુટુંબના નબીરા શેઠ શ્રી. બાબુભાઈ ઉર્ફે રમણભાઈ મણીભાઈનું નામ સુચવી તેમને પ્રમુખ તરીકે ચુંટવાની દરખાસ્ત મુકી હતી.

તુરતજ ગોધરાના એકમ તરફથી ભાઈ શ્રી. નગીનદાસ દલસુખભાઇએ ટેકો આપતાં જણાવ્યું હતું કે "તેઓશ્રી ગયા અધિવેશન અને ત્યારબાદ અત્યાર સુધી પ્રમુખ હતા. દોઢ વરસના લાંબા ગાળે આપણે મળીએ છીએ તે દરમીઆન જે સુંદર દોરવણી તેમણે આપી છે તેનો સર્વેને અનુભવ છે. તેમને આપણે ફરીથી આપણા પ્રમુખ ચુંટી આપણી પ્રગતિમાં તેમની દોરવણીની આશા રાખીએ તે સ્વાભાવીક છે. તેઓની દોરવણીમાં આપણને ઘણોજ વિશ્વાસ છે. આથી પ્રમુખ તરીકે તેઓશ્રીને ચુંટવાની દરખાસ્તને હું મારો હાર્દિક ટેકો આપું છું."

લુણાવાડા-વીરપુરના એકમ તરફથી વયોવૃધ્ધ શેઠ શ્રી. ભાઇચંદભાઈ જેચંદભાઇ વકીલે ટેકો આપતાં પોતાના અંતરનો આનંદ વ્યક્ત કીધો હતો.

ત્યાર બાદ કપડવણજના એકમ તરફથી ભાઇ શ્રી. વાડીલાલ મનસુખરામ પારેખે ટેકો આપતાં જણાવ્યું હતું કે "પ્રમુખનો કળશ આપણે શેઠ શ્રી. બાબુભાઈ ઉપર ઢોળીએ છીએ. તેઓની ઓળખાણ આપવી તે સોનાને ઢોળ ચડાવવા જેવું છે. તેઓ એવા એક કુટુંબના નબીરા છે કે જેને ગામનું અને કોમનું હમેશાં ઘણુંઘણું કર્યું છે એટલુંજ નહિ પણ આપણી કોમનું નામ ગામે ગામ અને દેશ દેશાંતર ગજવી કોમનો વિજય વાવટો ફરકાવ્યો છે. તેમનાં કામ એવાં તો મહાન હતાં કે આપણે ગમે તેવી સ્થિતીએ પહોંચીએ, છતાં પણ આપણામાંથી કોઇપણ તેવું કરવા શકિતમાન થઈશું કે નહિ તે એક સવાલ છે. આવા કુટુંબના એક નબીરાને પ્રમુખ તરીકે ચુંટવાની દરખાસ્તને ટેકો આપતાં મારી છાતી ગર્વથી ઉભરાઈ જાય છે."

તે પછી વેજલપુરના એકમ તરફથી ભાઇ શ્રી. રતીલાલ મંગળદાસે ટેકો આપી પ્રમુખની વરણી કરવામાં ઓર ઉત્સાહ રેડયો હતો.

વળી મહુધા-ચુણેલ-કાનમ-સુરતના એકમ તરફથી ભાઈ શ્રી. શામળદાસ ભુરાભાઇએ ટેકો આપી ભાઈ શ્રી. બાબુભાઇને સર્વાનુમતે પ્રમુખ તરીકે ચુંટાયેલા જાહેર કરતાં, તેઓને પ્રમુખની જગા લેવા વિનંતી કરી હતી.

તાલીઓના ગડગડાટ વચ્ચે પ્રમુખ શ્રી. બાબુભાઇએ પોતાની જગા લીધી હતી.

## ઓળખાણ-વિધિ :-

પ્રમુખશ્રીના ફરમાનથી અત્રે પધારેલા પ્રતિનિધિભાઈઓની ઓળખાણ-વિધિ શરૂ કરવામાં આવતાં:-

સ્વાગત કમિટીના સભ્યોની ઓળખાણ ભાઈ શ્રી. નગીનદાસ દલસુખભાઇએ કરાવી હતી. તેમજ ગોધરાના પ્રતિનિધિઓની ઓળખાણ ભાઈ ગીરધરલાલ હેમચંદભાઈએ કરાવી હતી.

અત્રે જણાવતાં આનંદ થાય છે કે ગોધરામાં દાનવીર શેઠ શ્રી. મહાસુખભાઇ વીરચંદભાઇએ એક સાર્વજનીક ડિસ્પેન્સરી તેમજ હોસ્પિટલ ખોલી તેમાં લગભગ પોણો લાખ જેટલી નાદર રકમ ખરચી છે, અને હજુ પણ તેને વધારવાની ઊમેદ સેવે છે. એટલુંજ નહિ પણ તેઓશ્રીએ આપણી કોમની ગોધરાની સોસાઇટી જે જૈન સોસાઇટી તરીકે ઓળખાય છે તેની મધ્યમાં એક સુંદર શીખરબંધી દેરાસર બનાવવા માડયું છે જેમાં અત્યાર સુધી અંદાજે રૂ. ૫૦૦૦૦) નો ખરચ થઇ ગયો છે. હજુ કેટલે આંકડો પહોંચશે તે તો કામ પુરું થયે સમજાશે. આવા દાનવીર પુરૂષ મેળવવા ગોધરા ભાગ્યશાળી થયું છે તેને અમો બધા તરફથી અભિનંદન આપીએ છીએ.

લુણાવાડા-વિરપુરના પ્રતિનિધિઓની ઓળખાણ શેઠ શ્રી. ભાઇચંદભાઈ જેચંદભાઇ વકીલે કરાવી હતી.

કપડવણજના પ્રતિનિધિઓની ઓળખાણ ભાઈ શ્રી. ગાંધી નગીનદાસ વાડીલાલ વકીલે કરાવી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે આ સંમેલનમાં સ્ત્રી પ્રતિનિધિઓ તરીકે સૌ. બ્હેન મેનાં બ્હેન વાડીલાલ પારેખ કપડવણજ તરફથી તથા સૌ બ્હેન લલીતા બ્હેન મણીલાલ ભણસાલી મહુધા તરફથી આવેલાં છે. તે આ સંમેલનની આંધકતા છે. તેમજ વિદ્યાર્થી-પ્રતિનિધિઓ તરીકે ભાઇ સવાઈલાલ કેશવલાલ શાહ તથા ભાઈ રમણલાલ સોમાભાઇ (જેઓ તાજેતરમાંજ ડોકટરની એમ. બી. બી. એસ. ની પરિક્ષા ઊત્તિર્ણ કરી આવેલા છે) તેમ બે પ્રતિનિધિઓ કપડવણજ તરફથી આવેલા છે. અમારા એક પ્રતિનિધિ ભાઇ વાડીલાલ મનસુખરામ પારેખ છે જેઓએ હમણાંજ, કપડવણજમાં સ્ત્રી કેળવણી માટે રૂ. ૬૦૦૦૦) જેવી નાદર રકમ, સાર્વજનીક મહિલા વિદ્યાલય ચાલુ કરવા આપી છે. વળી તેને શરૂઆતનાં ચાર વરસ માટે તેમજ પ્રાથમિક ખરચને પહોંચી વળવા માટે તેમનાં ધર્મપત્નિ સૌ. બ્હેન મેનાંબ્હેન તરફથી રૂ. ૧૫૦૦૦) આપી તેનો સરવાળો રૂ. ૭૫૦૦૦) સુધી પહોંચાડયો છે. તેમની ઇચ્છા લોન સ્કીમ ને (જે આપણે તૈયાર કરી રહ્યા છીએ તેને) ટેકો આપવા, તેમજ કપડવણજમા પાઠશાળા, જ્ઞાનમંદિર અને લાયબ્રેરી વિગેરે સ્થાપવા અને તેવી રીતે એજ્યુકેશનને બધી બાજુથી વેગ આપવા બીજા એક લાખ રૂપીઆ જુદા કાઢયા છે. અમારા પ્રતિનિધિઓમાં ભાઇશ્રી ચીમનલાલ ડાહ્યાભાઇ પણ ઘણું આગળ સ્થાન ધરાવે છે. તેઓશ્રીએ અડધો પોણો લાખ રૂપીઆ ખરચી, આંબેલની શાશ્વતિ ઓળીનું મહાત્મય સમજી, પૂજ્ય-આચાર્ય શ્રી. આગમોધ્ધારક સુરિશ્વરજી શ્રી. ૧૦૦૮ શ્રી. સાગરાનંદ સુરિશ્વરજી મહારાજજીના વડપણ નીચે કપડવણજ મુકામે સંવત ૧૯૯૪ ના ચૈત્ર માસમાં ઓળી કરાવી હતી. તેમજ કપડવણજમાં સાર્વજનિક દવાખાના માટે એક મોટી નાદર રકમ રૂ. ૬૦૦૦૦) જેવીનું ટ્રસ્ટ કરી, પોતાની આમદાનીનો સદ્દઉપયોગ કરી, પોતાના કુળને દિપાવી, પોતાના ભાગીઆઓના નામને હમેશને માટે કાયમ કીધું છે. એટલુંજ નહિ પણ જો આ મંડળના સ્થાપક કોઇને પણ ગણીએ તો તે ભાઇ શ્રી. ચીમનલાલ પોતેજ છે, કારણ કે ઓળી વખતેજ આ મંડળની ખરી ઉત્પત્તિ થયેલી છે.

ત્યાર પછી મહુધા-ચુણેલ-કાનમ-સન્ત તરફના પ્રતિનિધિઓની ઓળખાણ ભાઈ શ્રી. મણીલાલ ચુનીલાલ ભણસાલીએ કરાવી હતી, અત્રે જણાવતાં આનંદ થાય છે કે ભાઇ શ્રી. મણીલાલ એક સુપ્રસિધ્ધ સીવીલ એન્જીનીઅર છે. ઇરાકમાં તેઓએ એન્જીનીઅર તરીકે ઘણાં વર્ષો સુધી કામ કરી હાલ મુંબઇમાં પોતાનો ધંધો જોરસોરથી આગળ ધપાવ્યો છે. આપણી કોમમાં એઓ પહેલાજ આટલી હદે પહોંચેલા સીવીલ એન્જીનીઅર છે. વળી ભાઇ નગીનભાઇ વાડીલાલ વકીલે જે સૌ. બ્હેન લલીતા બ્હેનને પ્રતિનિધિ તરીકે ઓળખાવેલાં, તેઓ ભાઈ મણીલાલ ભણસાલીનાં ધર્મ પત્નિ છે. આ એક સુમેળ છે.

છેલ્લે વેજલપુરના પ્રતિનિધિઓની ઓળખાણ ભાઈ શ્રી. મણીલાલ મહાસુખભાઇએ કરાવી, ઓળખાણ–વિધિની પૂર્ણાહુતિ કીધી હતી. અત્ર કહેવાની જરૂર છે કે વેજલપુરમાં આપણી કોમ એટલી સુખી છે કે કોઇને ધંધો શોધવા બહાર ગામ નીકળવું પડેલ નથી. આ એક આપણી કોમને ગર્વ લેવા જેવી બાબત છે.

ત્યાર બાદ પ્રમુખશ્રીએ પોતનું ભાષણ શરૂ કર્યું હતું.

# પ્રમુખ શ્રીયુત્ શેઠ બાબુભાઈ (ઉર્ફે રમણભાઇ) મણીભાઇનું પ્રારંભિક ભાષણ.

**મુરબ્બીઓ, પ્રતિનિધિ ભાઇઓ તથા અન્ય ભાઈબ્હેનો.**

આપણા આ બીજા અધિવેશનમાં આપે મને ફરીથી પ્રમુખ તરીકે નીમી ઘણો ઉપકાર કર્યો છે. ગત અધિવેશનમાં મારા પ્રત્યેની લાગણીથી પ્રેરાઇને અન્ય અનુભવી સજ્જનો હોવા છતાં આપે મને પ્રમુખ તરીકે નીમી માન આપેલું તો પછી આ વખતે આ માન અન્ય ભાઇઓમાંથી કોઇને આપ્યું હોત તો તે વધારે ઇચ્છવા જોગ હતું. છતાં આપે જે લાગણી મારા પ્રત્યે દાખવી છે અને ગોધરાનિવાસી ભાઇઓએ ખાસ કરીને મારા જેવા બહારગામના માણસનું નામ પ્રમુખ તરીકે સુચવી મને પ્રમુખ નીમ્યો છે તે માટે તેમનો અને આપ સર્વેનો હું ઘણો આભારી છું. મારી ન્યુનતાનો મને પુરો ખ્યાલ છે છતાં મને ખાત્રી છે કે આપ સર્વેનો હાર્દિક સહકાર હોઈ આ અધિવેશનનું કામ સફળતાપુર્વક પાર પાડવામાં હું શકિતમાન થઇશ.

આપણે દોઢ વર્ષના ગાળા બાદ મળીએ છીએ. તે દરમ્યાન દુનિયામાં ઘણા મહત્વના બનાવો અને ફેરફારો બની ગયા છે. વિશ્વયુધ્ધ પુરૂ થઈ ગયું છે પણ તેની અસરથી આપણે હજુ મુકત થયા નથી. યુધ્ધોત્તર પરિસ્થિતિ કેવી હશે અને યુધ્ધોત્તર દુનિયા કેવી હશે તેનો હજી આપણને પુરો ખ્યાલ પણ નથી. આ બાબતમાં અત્રે વધારે કહેવાને સ્થાન નથી; પરંતુ પલટાતી દુનિયાની પલટાતી પરીસ્થિતિને ઓળખી આપણે તેનો સારામાં સારો લાભ ઉઠાવવા માટે દરેક પ્રયત્ન કરવો જોઇએ. આપણે કેવા ક્રાંતિકારી કાળમાંથી પસાર થઈ રહ્યા છીએ તેનું મુલ્યાંકન તો ભવિષ્યનો કોઇ ઇતિહાસકાર કરી શકશે, પણ સમયનો પ્રવાહ ઓળખવામાં અને તેને અનુરૂપ થવામાં આપણે પ્રયત્નશીલ રહેવું પડશે અને તેમ કરીશું તોજ આપણે આપણું અસ્તિત્વ અને મોભો જાળવી રાખીશું અને પ્રગતિ સાધી શકીશું. લડાઇના બ્હાના નીચે તેમજ અમુક પક્ષોના દબાણને લીધે આપણા દરેક ધંધા ઉપર આક્રમણ

થઈ રહેલું છે. સંણદેણના ધંધો કે જે આપણી જ્ઞાતિનો મુખ્ય ધંધો છે તેના ઉપર કણ-રાહત ધારાથી ઘણી ખરાબ અસર થઈ છે અને તે ધંધો થોડા વખતમાં નાબુદ પણ થઈ જશે. કાપડના ધંધા પર પણ કન્ટ્રોલો અને કવોટા સીસ્ટમને લીધે ઘણી ખરાબ અસર થએલી છે. જે પણ આપણી જ્ઞાતિનો એક મુખ્ય ધંધો હોઈ આપણી જ્ઞાતિને ખાસ સહન કરવું પડયું છે. ટુંકમાં દરેક ધંધામાં ( elimination of middle-men ) વચલા ધંધાદારીનો લય કરવાની પરીસ્થિતિ વધતી જાય છે અને તેમાં આજે નહિ તો થોડા વર્ષોમાં સરકારી મંડળીઓ પણ મોટો ભાગ ભજવશે. આપણી જ્ઞાતિનો ધંધો ખાસ કરીને વચલાધંધાદારી-(middlemen) નો છે અને જો આપણે વખતસર ચેતીશું નહિ તો ખરાબ પરિસ્થિતિમાં આવી પડીશું. જો કે લડાઈને અંગે બદલાયલી પરિસ્થિતિ, લડાઈ પુરી થયા બાદ થોડા વખતમાં, અમુક બાબતમાં પહેલાંના જેવી થશે પણ સરવાળે જોઈશું કે આપણે લડાઈ પહેલાંની જોએલી દુનિયાં તેના તેજ સ્વરૂપમાં પાછી જોવાના નથી; અને જે બદલાયલા સ્વરૂપમાં તે આવશે તેનું બુદ્ધિપુર્વકનું મુલ્યાંકન તથા કલ્પના અત્યારથીજ કરી લઈ, આપણો મોભો જળવાઈ રહે અને તે માટે સામાજીક ને આર્થિક રીતે આપણે વધુમાં વધુ ફાયદો ઉઠાવી શકીએ તે રીતે આપણે આપણી રહેણી કરણી-સામાજીક બંધારણ-વર્તન-વેપાર અને વિચાર શ્રેણીમાં ફેરફાર કરવો આવશ્યક છે આપણા જ્ઞાતીબંધુઓ પોતે જે જે ધંધારોજગારમાં રોકાએલા છે તેમણે પલટાતા સંજોગો પિછાણી, તે તે ધંધારોજગારમાં યોગ્ય ફેરફાર કરવા જોઈએ અને નવા ધંધાઓ અને ઉદ્યોગોના સાથ શોધવો જોઈએ. આ રીતેજ આપણે આપણું સ્થાન ટકાવી શકીશું અને પ્રગતિ સાધી શકીશું. આ દિશામાં તાત્કાલિક પ્રયત્નશીલ થવાની આવશ્યકતા ઉપર જેટલો ભાર મુકીએ તેટલો ઓછો છે. વધારામાં આજના પલટાતા વાતાવરણ માટે કોઈ પણ સંસ્થા અગર વ્યક્તિ, પક્ષ કે વર્ગને દોષ આપવો વ્યાજબી નથી. જગતમાં હાલ ચાલતા દેખીતા શાંત પણ અમુક અંશે થતા ક્રાંતિકારી યુગમા આપણે રહીએ છીએ. અને હાલના ફેરફારો અને ઘર્ષણ એ નવી આવતી સંસ્કૃતિના પ્રતિક સમાન છે. તે ક્રાંતિમાંથી આપણે અને આપણા સમાજે તેને અનુરૂપ થઈ સફળતાથી પાર ઉતરવા માટે કટિબધ્ધ થવાની જરૂર છે તેજ રીતે આપણામાં રહેલી નૈસર્ગિક શકિતઓનો આપણે બરોબર ઉપયોગ કરીશું તો આપણે આપણું સ્થાન સાચવી રાખીશું અને પ્રગતિ સાધી શકીશું. ખરી જરૂર માત્ર આપણી વિચારશ્રેણી બદલવાની છે.

આપણી આ કંઈ રાજકીય કે સામાન્ય રીતે સમજીએ છીએ તેવી આર્થિક પરિષદ નથી અને નથી આ બાબતમાં વધારે વિવેચન અસ્થાને છે પણ પલટાતા સંજોગોની ભુમિકા સમજવા માટે ઉપરની વાતનો ઉલ્લેખ કરેલો છે. આપણી સ્થિતિ ટકાવવા માટે અને આપણી આર્થિક અને સામાજીક પ્રગતિ સાધવા માટે અતિશય અગત્યની ચીજ આપણી આખી કોમનું સંગઠન યાને એકતાની છે. જે સાધ્યા સિવાય આપણી પ્રગતિ અશકય છે. આપણા માહેમાંયના ભેદભાવ ભુલી ગયા સિવાય આપણો છુટકો નથી. " આપણો પક્ષ " કે " આપણું ગામ " એ શબ્દ હવે ભુલી જવાના છે-કાયમના માટે હવે ભુલી જવાના છે. જ્યારે વાહન વ્યવહારથી દુનિયા ટુંકી થતી જાય છે ત્યારે દુરદુરનાં આંદોલનો આપણા ઉપર અસર કર્યા વગર રહેશે નહિ પછી ભલે આપણી ઈચ્છા હોય કે ના હોય. આપણા વડવાઓ પોતાનો જીલ્લો કે પ્રાંતની વાત કરતા હતા. હાલ આપણે આપણા દેશની વાત કરીએ છીએ અને થોડા દિવસ-વખતમાં " આપણો એશીઆ ખંડ " તેવી વાત કરીશું. આવા જમાનામાં ' મારો કે મારો પક્ષ કે ગામ ' તેવી સંકુચીત મનોદશા રાખવી તે માત્ર નુકસાનકર્તા નહિ પણ અધઃપતનની નિશાની છે. આપણી પ્રથમ જરૂરીઆત વિશાળમાનસ-" broad mindedness " કેળવવાની છે. જેની સાથે સાથે રચનાત્મક દૃષ્ટિબિંદુ પણ કેળવાશે.

આને માટે આપણી જ્ઞાતિમાં કેળવણીની ખાસ જરૂર છે. બીજી કોમોના પ્રમાણમાં આપણી કોમની કેળવણી ઓછી છે. વેપારી બુધ્ધિ તો આપણને વારસામાં મળી છે; તે બુધ્ધિને જો આધુનિક કેળવણી

સાથે મેળવવામાં આવે અને સમૃધ્ધ કરવામાં આવે તો આપણે ગમે તેવાં મહાન કામ સહેલાઇથી કરી શકીએ, તેમાં મને કોઈ જાતની શંકા નથી. ઇશ્વર કૃપાએ (higher) ઉંચા એજ્યુકેશન અને તે ઊંચું (higher) એજ્યુકેશન કોમનો દરેક બાળક લઈ શકે તે માટે પ્રબંધ કરવા માટે, આપણી કોમના સદ્‌ગૃહસ્થોને પહેલાજ અધિવેશન વખતે વિચાર આવેલો અને આપણો પહેલામાં પહેલો ઠરાવ પણ આ બાબતમાં સર્વાનુમતે પસાર થયેલો છે. આ સુમેળ ઘણો આવકારદાયક છે. આ ઠરાવ બાબત ગઇ સાલ કેટલીક ગેરસમજ હતી અને તે ઉપર સુધારા રજુ કરવામાં આવ્યા હતા જેનો પ્રધાન સુર એ હતો કે વધારે જરૂર પ્રાથમિક અને ધાર્મિક કેળવણીની છે. આ બાબત મારૂં માનવું છે કે ગામેગામ સ્થાનિક સંસ્થાઓ છે અને સુંદર સંસ્થાઓ ધાર્મિક કેળવણી આપવાની હાલની પધ્ધતિમાં ફેરફાર કરી શકે તેમ છે અને આમ કરવામાં આવે તો આપણને ધાર્મિક કેળવણીની ઊણપ લાગશે નહિ. સવાલ આવી સંસ્થાઓના અભાવનો નથી પણ તેમાં મૂળભૂત ફેરફાર કરી સસ્થાને પગભર કરવાનો છે. હું માનું છું કે આ બાબત આપણે સ્થાનિક કે સંમેલન દ્વારા મન ઉપર લઇએ તો હાલની સ્થિતી ઘણી સુધરી જશે અને સારા પાયા ઉપર આવી જશે અને કોઇને ફરીયાદ કરવાનું કારણ રહેશે નહિ. વધારામાં એક બાબત ઉપર ધ્યાન ખેંચું કે ધાર્મિક સંસ્કાર પાડવાની ખરી ભુમીકા તો ઘર છે અને તેમાં વધારે ભાગ સ્ત્રીઓ ભજવી શકે છે. વધારામાં આ બાબત દરેક માબાપ જો મન ઉપર લે તો અને અસ્તિત્વ ધરાવતી સ્થાનિક સંસ્થાઓનો લાભ બાળકો પાસે લેવડાવે તો ધાર્મિક શિક્ષણ ઘણા સારા પાયા ઉપર આવી જશે. સંમેલન મારફતે લેવાના ઉપાયો તો જરૂર યોજાશે અને તેને માટે શક્ય તેટલું બધુંજ કરવામાં આવશે.

પ્રાથમિક કેળવણીની બાબત કહેવાનું કે આપણી કોમ લગભગ મધ્યવર્તી ગામોમાં કે મોટા ગામડામાં વસે છે જ્યાં પ્રાથમિક કેળવણીનો લાભ મળી શકે તેમ હોય છે. એટલે તે માટે આપણે કંઇ કરવાનું રહેતું નથી છતાં સેકન્ડરી એજ્યુકેશન (મેટ્રીક પહેલાંની) બાબત કંઇક કરવું જરૂરનું છે. તે ઉપર ધ્યાન ખેંચુ તો ખોટું નથી. જ્યારે હાયર એજ્યુકેશન માટે આપણામાં કાંઇ પ્રબંધ નથી. એટલેજ લોન સ્કીમના ઠરાવની અને જરૂરીઆતની પ્રધાનતા ગયા સંમેલને સ્વીકારી છે.

આ તબક્કે સ્પષ્ટીકરણ કરૂં છું કે હું ધાર્મિક કેળવણીનું મહત્વ ઓછું સમજતો કે ઘટાડવા માગતો નથી. અને આપણી સ્વાગત સમિતિના ચેરમેન મુ. ભાઇ છોટાલાલભાઇએ પોતાના ભાષણમાં જે ઉદ્‌ગાર દર્શાવ્યા છે તેની સાથે હું પુરેપુરો સંમત છું. માત્ર જે વસ્તુ ઉપર ભાર મુકવા માગું છું તે એ છે કે ધાર્મિક કેળવણી તથા પ્રાથમિક કેળવણી માટે આપણી પાસે સંસ્થાઓ સાધનો અને કાર્યકરો સાથે કોમના ધાર્મિક જ્ઞાનફંડો મોજુદ છે, જેમાં આપણી વિચારશ્રેણી બદલી, યોગ્ય ફેરફાર કરી, પુનઃરચના કરવાની જરૂર છે, જ્યારે સેકન્ડરી અને ઉંચ કેળવણી માટે તો, આપણી પાસે કોઇ પણ પ્રકારનો પ્રબંધ નથી.

અને એટલા માટે જ મેં આ બાબત મારાથી બની શકે તેટલા દબાણથી આપની આગળ રજુ કરી છે. કોઇ પણ પ્રકારની ગેરસમજ ના થાય માટે ફરીથી જાહેર કરવાની રજા લઉં છું કે ધાર્મિક કેળવણીનું મુલ્ય હું જરા પણ ઓછું આંકવા માગતો નથી.

ગયા અધિવેશનમાં આ માટે લોન-સ્કીમ્ તરીકે ઓળખાતો ઠરાવ પસાર થએલો પણ તે માટે દિલગીરી સાથે જાહેર કરવું પડે છે કે સારા સંજોગોના અભાવે તેમાં કંઇ પ્રગતિ થઈ શકી નથી. જે માટે વર્કીંગ કમિટિએ કેટલીક વાટાઘાટ ચલાવી રૂપરેખા તૈયાર કરવા એક નાની કમિટિ

નીમેલી છે અને તેનો અહેવાલ આજના અધિવેશનમાં આપની સમક્ષ રજુ કરવામાં આવશે. એટલે આ બાબત વધુ વિગતોમાં ઉતરતો નથી, પરંતુ કેટલાક મુરબ્બીઓને આ સ્કીમ માટે ઘણી સારી ધગશ છે અને તદ્દન નિસ્વાર્થ બુધ્ધિથી અને ફકત જ્ઞાતિનાજ હીત માટે જ કંઇક કરવું તેવી લાગણી તેઓમાં ઉભરાએલી છે. તો મારી આપ સર્વેને વિનંતિ છે કે આની ઉપર આપ કોઈ પણ જાતના પુર્વગ્રહ વગર વિચાર કરશો અને આજ અધિવેશનમાં તે સબંધમાં શુભ શરૂઆત કરી ગોધરા અધિવેશનની કાયમની યાદ મુકતા જજો. દરેક સારા કામની શરૂઆત નાની જ હોય છે અને તેમાં આપણી આ સ્કીમ પણ અપવાદ હોઇ શકે નહી. એક વખત સારી શરૂઆત થઈ જશે તો પછી સારા કામને વેગ મળતાં વાર નહિ લાગે.

પહેલું અધિવેશન મલ્યા બાદ આજ સુધીના ટુંક વખતમાં આપણે દેખાવમાં તદ્દન ઓછું પરંતુ અગત્યતામાં અતિ બહોળુ કામ કરી શકયા છીએ જે કોમને આજ સુધી સર્વસામાન્ય પ્રગતિનો વિચાર પણ નહીં જેવો હતો તે કોમના ઘણા માણસો કોમની સામાન્ય પ્રગતિનો વિચાર કરતા થઇ ગયા છે તે સિધ્ધિ ઓછી નથી. તેની કિંમત જેટલી આંકીએ તેટલી ઓછી છે. વિચારશ્રેણીમાં મૂળભૂત ફેરફાર થવા માંડયો છે અને તે ફેરફાર તેજ આપણી મોટામાં મોટી પ્રગતિની નિશાની છે. બોલવામાં ફાવે નહિ તેવા ગૃહસ્થોએ પોતાના વિચારો લેખીત દરખાસ્ત રૂપે મોકલી આપ્યા છે. કેટલાક માણસો રૂબરૂ બોલી ન શકતા તેવા સદગૃહસ્થો પણ અધિવેશનની ખુલ્લી બેઠકમાં પોતાનાં વિચારો સુંદર અને વ્યવસ્થિત રીતે વ્યકત કરવાની હોંશ ધરાવતા થઇ ગયા છે. સ્ત્રીઓને, વીદ્યાર્થીઓને અને યુવાનોને ખાસ પ્રતિનિધીત્વ આપવું જોઇએ તે વિચારો પણ આગળ આવતા જાય છે. આ અને આવા પ્રકારની વિચારશ્રેણી થઇ તે દેખીતી રીતેજ કોમની આબાદીની સુચક છે અને તેજ આપણા સંમેલનની સિધ્ધિ છે.

ગત અધિવેશનમાં આપણે ઠરાવ કરેલો છે કે બહારગામથી વર પરણવા આવે ત્યારે તેમની પાસેથી ગામના રિવાજ કરતાં વધુ બોજો લેવો નહી. મને જાહેર કરતાં આનંદ થાય છે કે આ માટે કપડવંજ, મહુધા, સુણેલ, ગોધરા, અને વેજલપુર તરફથી તો તેમના સ્થાનિક પંચોની મંજુરી મલ્યાની ખબરો આવી ગઇ છે. લુણાવાડાની મંજુરી બાકી છે. પણ ત્યાંનો રિવાજજ બહાર ગામના વર પાસેથી ખાસ વધુ લેવાનો નહિ હોવાથી તેમાં ખાસ કરવાપણું રહેતું નથી. એટલે કે બધાજ પંચો તે બાબત એકમત છે અને ઠરાવનો અમલ કરવા એકમત છે. એટલે તે ઠરાવ મંજુર થઈ ગયો છે.

આ વખતે એક ખુલાસો કરૂં તો અસ્થાને નહિ કહેવાય. મ્હારી સમજ પ્રમાણે કોઇ કોઇ ઠેકાણે એવો ખ્યાલ રાખવામાં આવે છે કે આપણા સંમેલનનો હેતુ દરેક સ્થાનિક પંચોની સત્તાઓ ઉપર સર્વોપરીપણું ભોગવવાનો છે. પણ તે ખ્યાલ તદ્દન બીનપાયાદાર છે. સ્થાનિક પંચોને, વહીવટ અને સત્તાઓમાં, ભલામણ અને સુચનાઓ કરવા સિવાય આપણો કોઇ હેતુ નથી પણ હાલના જમાના હિસાબે આપણે આશા રાખીએ કે એક વખત એવો આવશે કે જ્યારે આપણે એટલા આગળ વધેલા હોઇશું, કે આપણે ગામના અને પંચના સાંકડા વર્તુલમાંથી નીકળી વિશાળતાના ક્ષેત્રમાં વિચરશું ત્યારે આપણે બધાઓ સાથે મળીને એકજ રીતિના સમજણપૂર્વકના નક્કી કરેલા ધારાધોરણોથી ચાલીશુ અને સમાનતાના ધોરણ પર કામ કરતા થઇશું.

વસ્તીપત્રક માટે મુંબઇથી ફોરમ કાઢવામાં આવેલાં છે અને દરેક ગામથી તે બરાબર ભરાઈ આવી ગયેલાં છે, તેનો તરીકે કાઢી રિપોર્ટમાં તેનો સમાવેશ કરવામાં આવશે. આ બાબતમાં કોઈ

ભાઇને કંઈ પણ સુચના કરવાની હોય તેઓ પત્રવહેવારથી કરશે, જેથી તે ઉપર ધ્યાન આપવામાં આવે; તમામ કામ ભાઇ અજીતભાઈ મણીભાઇને સોપેલું છે તો જે ભાઇને આ માટેની સુચનાઓ સંબંધી પત્રવહેવાર કરવાની મરજી હોય, તેઓએ તેમની સાથે તેમના અમદાવાદના સરનામે કરવો. હાલ જે ફોરમ આવેલાં છે તે ઉપરથી વસ્તીની મુખ્ય હકીકત આવી ગએલી છે, છતાં જો બીજા ફોર્મ કાઢી મોકલવામાં આવે તો આપ સર્વે તેમાં પુરો સહકાર આપશો તેવી આશા છે, અને જે કંઇ સુચન કરવું હોય તે તાકીદે કરશો.

ગયા અધિવેશનમાં આપણે સુરતની અંદર આવેલા આપણી કોમના જુના દેરાસર બાબત ઠરાવ કરેલો તે માટે ભાઇશ્રી ચીમનલાલ ડાહ્યાભાઈ તથા ભાઇશ્રી છોટાલાલ મનસુખભાઈ સુરત ગએલાં અને તપાસ કરેલી. સદર બાબત વીગતવાર હેવાલ આપની સમક્ષ તેઓ રજુ કરશે. દેરાસર તદ્દન જીર્ણ હાલતમાં છે. તે બાબત જો હાથ ધરવામાં આવે તો સુરત શહેરની વચ્ચે એક ભવ્ય મંદિર થાય તેમ છે. આપણે સહકાર આપીએ તો સુરતના સંઘ તરફથી પણ સહકાર મળવા આશા છે.

હવે સૌથી અગત્યની બાબત આપણા મંડળના બંધારણની છે. કારણ કે સારા બંધારણ વગર કોઈ પણ સંસ્થા લાંબો વખત ટકી શકતી નથી અને પ્રગતિ કરી શકતી નથી. તે માટે ગયા અધિવેશનમાં આપણે નીમેલી કમિટીએ તથા અન્ય ભાઇઓએ ખાસ પરિશ્રમ લઇ તેનો મુસદ્દો તૈયાર કરેલો છે જે આપની પાસે રજુ કરવામાં આવશે. આ તબકકે આ બાબત વિગતમાં ઉતરતો નથી. પરંતુ એકજ બાબત ઉપર આપનું ધ્યાન ખેંચવા માગું છું, તે એ કે બંધારણમાં એવી તકેદારી રાખેલી છે કે નાના એકમવાળાઓને એમ ન લાગે કે તેમનો અવાજ સંભળાતો નથી. બંધારણમાં સર્વાનુમતે કામ કરવાનો પ્રબંધ થઈ શકે નહિ કારણ તેમ કરવા જતાં વહીવટ અશકય થઈ પડે પણ આપણે પ્રથા તરીકે સર્વાનુમતે કામ કરવાનું રાખીશું. બંધારણમાં પણ તેવો આગ્રહ કરવામાં આવ્યો છે, અને નાના એકમોના અભિપ્રાયોને પુરેપુરૂં માન આપવા માટે, કોઇ પણ ચાર એકમના દરેક એકમના ઓછામાં ઓછા ચાર મેમ્બરોની હાજરી સીવાય સંમેલનનું કોરમ થએલું ગણાશે નહીં, તેમજ કોઇ પણ ચાર એકમ પૈકીના પ્રતિનિધિઓની સંમતિ સિવાય કોઈ પણ ઠરાવ પસાર થએલો ગણાશે નહિ. એટલે નાના એકમોએ કોઇ પણ પ્રકારનો અંદેશો રાખવાની જરૂર નથી.

વિદ્યાર્થિઓ-વિદ્યાર્થિનીઓ અને સ્ત્રીઓને ખાસ પ્રતિનિધિત્વ આપવા માટે પણ કાર્યવાહી કમિટી વિચાર ચલાવે છે અને તેથી આપની સમક્ષ આ બાબતમાં જે દરખાસ્તો આવે તે ઉપર આપ ઉદારતાથી વિચાર કરશો તેવી આશા છે.

બેન્ક સ્કીમ માટે ગયા અધિવેશનમાં ઠરાવ થએલો છે. પણ તે માટે, આપણે કંઈ કરી શકયા નથી, તે વસ્તુની અગત્યતા માટે બે મત હોઇ શકે નહીં. પરંતુ એટલું તો ખાત્રીથી જાણશો કે જ્યાં સુધી આ બાબત આપણે સાધ્ય કરીએ નહિ ત્યાં સુધી તે આપણું ધ્યેય રહેવાનુંજ છે. આટલું કહી મને આપેલા માન માટે હું ફરી આપ સૌનો આભાર માની બેસી જવાની રજા લઉંછું.

બાદ બેઠક ચા-પાણી માટે અડધો કલાક મુલતવી રાખવામાં આવી હતી.

ચા-પાણી બાદ બેઠક મળતાં સંમેલનના સેક્રેટરી ભાઇ કસ્તુરલાલ નગીનદાસ કપડવણજવાળાએ સંમેલનને સફળતા ઇચ્છતા-ડૉ. રમણલાલ વાડીલાલ તથા શા. ચંપકલાલ છોટાલાલ તરફથી કપડવણજથી આવેલા સંદેશા વાંચી સંભળાવ્યા હતા.

## ગયા સંમેલનનો રિપોર્ટ:-

ત્યારબાદ કપડવણજ મુકામે ભરાયેલા પ્રથમ અધિવેશનનો રિપોર્ટ, જે છપાવી કાર્યવાહી સમિતીએ બહાર પાડેલો છે અને ગામેગામ મોકલાવેલ છે, તે ભાઈ કસ્તુરલાલે રજુ કરી મંજુર કરવાની દરખાસ્ત મુકી હતી.

આની મંજુરી માટે પ્રમુખશ્રી તરફથી પુછવામાં આવતાં કંઇક ગેરસમજ હોય તેમ લાગ્યું હતું. જેથી ડૉ. માણેકલાલ ભાઇએ ખુલાસો કર્યો કે તે અધિવેશનમાં થયેલા અને રિપોર્ટમાં છપાયેલા ઠરાવો મંજુરી માટે મુકવામાં આવ્યા નથી, પરંતુ ગયા અધિવેશનમાં જે કામકાજ થયું, અને ઠરાવો થયા વિગેરે આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે તે છપાયેલું બરાબર છે કે નહિ તે જોઇને માત્ર રિપોર્ટને મંજુરી આપવાની છે. આ ખુલાસા પછી તુરતજ રિપોર્ટ સર્વાનુમતે મંજુર થયો હતો.

## ખર્ચને મંજુરી:-

તે પછી ભાઈ કસ્તુરભાઈએ ગયા સંમેલન પછીથી આજદીન સુધીના થયેલા ખર્ચની મંજુરીની દરખાસ્ત મુકી હતી. કુલ્લે ખર્ચ ૨૯૮) થયો હતો. તેમાં રૂ. ૨૫૦) સંમેલનના રિપોર્ટની છપામણી, રૂ. ૪૦) બંધારણના ખરડાની છપામણી, તથા રૂ. ૮) વસ્તી ગણત્રીના ફોર્મની છપામણીનો સમાવેશ થાય છે. સમેલને આ રૂ. ૨૯૮) ના ખર્ચને મંજુરી આપી હતી.

## મંડળનો હિસાબ:-

| જ | ઉ |
|---|---|
| ૩૫૧) સંવત ૨૦૦૧ ના મહા વદ ૧ શ્રી કપડવણજના પંચના | ૨૫૦) સંવત ૨૦૦૧ ના જેઠ શુદ ૯ રિપોર્ટની નકલ એક હજાર છપાવી તેના ખર્ચના- |
| ૩૨૬) સંવત ૨૦૦૧ ના બી. ચૈતર વદ ૩ શ્રી ગોધરાના એક પંચના | ૪૦) બંધારણના ખરડાની નકલ અઢીસો છપાવી તેના ખર્ચના |
| ૧૫૧) સંવત ૨૦૦૧ ના વૈશાખ શુદ ૧ શ્રી લુણાવાડાના પંચના | ૮) વસ્તી ગણત્રીના ફોર્મ નં. ૭૫૦ છપાવ્યા તેના |
| ૧૫૧) સંવત ૨૦૦૧ ના વૈશાખ શુદ ૧ શ્રી વેજલપુરના પંચના | રૂ. ૨૯૮ |
| ૧૫૧) સંવત ૨૦૦૧ ના વૈશાખ શુદ ૧૪ શ્રી મહુધા-ચુણેલ-કાનમ અને સુંતના પંચના | ૮૩૨) બાકી સીલક |
| રૂ. ૧૧૩૦) | રૂ. ૧૧૩૦) |

કોશાધ્યક્ષ શ્રીયુત્ ભાઈ છોટાલાલ મનસુખભાઇ તરફથી ઉપર મુજબ હિસાબ રજુ કરવામાં આવ્યો હતો.

ઉપર પ્રમાણે રૂ. ૧૧૬૦] ની આવકમાંથી રૂ. ૨૯૮] ખરચના જતાં રૂ. ૮૩૨] બાકી સીલીક શ્રી કોશાધ્યક્ષ પાસે રહેલી છે. આ હિસાબ મંજુર કરવામાં આવ્યો હતો.

અત્રે જણાવવામાં આવ્યું હતું કે કોશાધ્યક્ષ ભાઇશ્રી છોટાભાઈ તરફથી વ્યાજ આપવાની ઇચ્છા કાર્યવાહિ કમિટીમાં જણાવવામાં આવેલી જે કમિટીએ આભાર સાથે નામંજુર કરી હતી. સંમેલનમાં સર્વે ભાઇઓએ તેમની ઓફર નામંજુર કરવા બહાલી આપી કોશાધ્યક્ષનો તેમની ઉદાર ભાવના અને સહાનુભૂતિ માટે આભાર માન્યો હતો.

## લોન સ્કીમ:-

આગળ ચાલતાં મંત્રી શ્રી કસ્તુરલાલ નગીનદાસે ગયા સંમેલનના ઠરાવો સંબંધિ કામગીરીનો હેવાલ રજુ કરતાં જણાવ્યું હતું કે લોન સ્કીમના ઠરાવ નં. ૧. સંબંધમાં યોજના તૈયાર થઈ નથી. પણ ગઈ કાલ એટલે તા. ૨૭-૧૨-૪૫ ના રોજ કાર્યવાહી કમિટીએ તે અંગે યોજના ઘડવા એક કમિટી નીમી છે, તે કમિટી વીચારણા કરી જ્યારે આ બેઠકમાં તે બાબત હાથ ધરવામાં આવશે ત્યારે તેઓ તે યોજના રજુ કરશે.

## સુરત દેરાસર:-

સુરતના જૈન દેરાસર બાબતમાં (ઠરાવ બીજો) કમિટી નીમવામાં આવી હતી. તે કમિટીના સભ્યો શા. છોટાલાલ મનસુખભાઈ તથા પરીખ ચીમનલાલ ડાહ્યાભાઇ સુરત જઇ માહિતિ મેળવી આવ્યા છે. તેઓ આ સમેલનમાં યોગ્ય સમયે તે બીના રજુ કરશે.

## વધારાના બોજા:-

બહારગામનો વર પરણવા આવે ત્યારે વધારાનો બોજો (ઠરાવ ત્રીજો) ન લાદવા બાબતમાં મંત્રી ભાઈ કસ્તુરભાઇએ જણાવ્યું કે આ ઠરાવ દરેક ગામના પ્રતિનિધિઓએ પોતાના ગામના પંચમાં રજુ કરી પાસ કરાવવાનો હતો. ચાર એકમો તરફથી આ ઠરાવને સંમત્તિ મળ્યાના લેખીત કાગળો આવી ગયા છે. લુણાવાડા વીરપુર તરફથી કંઇ લખાણ આવેલું નથી.

આથી તુરતજ લુણાવાડા તરફથી આવેલા પ્રતિનિધિ ભાઇઓએ સદર ઠરાવને મંજુર કર્યાનું જાહેર કરી આ ઠરાવને સર્વાનુમતે અમલમાં મુકવાનુ ઠરાવવામાં આવ્યું હતું.

## મરણ પાછલનાં જમણો:-

તે પછી ફરજીઆત જમણના ખરચા તથા મરણ પાછલના જમણના ખરચા અને લાગાઓ બંધ કરવા બાબતનો ઠરાવ નં. ૧૧. સંબંધી મંત્રીશ્રીએ જણાવ્યું કે, ત્રણ એકમ ( મહુધા, કપડવણજ અને ગોધરા ) તરફથી આ ઠરાવને મંજુરી મળી છે. વેજલપુરવાળાઓનું કહેવું એમ છે કે બધા એકમો સંમત હોય તો તેમને મંજુર કરવા વાંધો નથી. લુણાવાડા તરફથી કંઇ જણાવવામાં આવ્યું નથી.

## ઠરાવો પંચને ભલામણરૂપ છે:–

ઠરાવ ૧૧ મા સંબંધી એવો પ્રશ્ન ઉઠયો કે સંમેલન જે ઠરાવો પસાર કરે તે દરેક પંચને બંધનકર્તા ખરા કે નહિ? કેટલાક ભાઇઓનું એમ પણ કહેવું થયું કે આ અને આવા ઠરાવો ઠોકી બેસાડવા જોઇએ.

આના ખુલાસામાં રા. રા. રમણલાલ પાનાચંદ ગોધરાવાળાએ જણાવ્યું કે પંચ જે પ્રતિનિધિઓને મોકલે છે ને પંચની બહાલી લઇને આવતા હોય તો પંચે ઠરાવો મંજુર રાખવા જોઇએ.

ભાઈ કસ્તુરભાઈએ વધુ ખુલાસો કરતાં જણાવ્યું કે સંમેલનમાં પંચો જે પ્રતિનિધિઓ મોકલે છે તે પંચોની સત્તા ઉપર કાપ મુકવા માટે નહિ તેમાં વળી સંમેલનના ઠરાવો હંમેશાં ભલામણ રૂપેજ હોય છે, એટલે મંજુરજ કરવા તેવુ કંઈ છે નહિ, છતાં સર્વસામાન્ય ઠરાવો મંજુર થાય તો સારૂ.

આને સમેટતાં પ્રમુખ શ્રી બાબુભાઇએ ખુલાસો કર્યો કે સામાન્યતઃ દરેક પંચોએ આવી જાતના ઠરાવો મંજુર કરવા જોઇએ, પણ આવા ઠરાવો હમેશાં પંચોને ભલામણરૂપેજ કરવામાં આવે છે.

ભાઇ રમણલાલે પ્રશ્ન કર્યો કે મંજુર કરે તે ફરજીઆત છે?

પ્રમુખશ્રીએ ખુલાસો કીધો કે વસ્તુતઃ એજ અર્થ નીકળે છે.

આ બાબતમાં ચોખવટ કરવાની જરૂર જણાતાં ભાઈ વાડીલાલ મનસુખરામે જણાવ્યું કે પંચો સંમેલનના ઠરાવોની વિરૂધ્ધ જઈ કંઈ કરે તો તેમની જોખમદારી ઘણીજ વધે છે. કારણ કે આ મંડળની અને અધિવેશનોની ભાવના આપણને બધાને એકત્ર કરવાની છે. છતાં એક વાત તદ્દન સ્પષ્ટ સમજવાની જરૂર છે કે આ મંડળ કોઇપણ ગામના કે પંચના ઝઘડાઓમાં ભાગ લેવા તૈયાર નથી. માટે જે પ્રતિનિધિ ભાઇઓને એમ લાગે કે પોતાનું પંચ આ ઠરાવને મંજુરી આપશે નહિ તો તે ભાઇઓએ બહુજ ખુલ્લા શબ્દોમાં, સંમેલનની ખુલ્લી બેઠકમાંજ, તેવા ઠરાવને મંજુરી ના આપવી; આથી કંઈ ખોટું થતું હોય તેમ જરા પણ માનવું નહિ, બલકે આ મંડળની તે ભાઇઓ સેવા કરે છે તેમ સમજવું. આ મંડળ એકતાની ભાવના ઉપર ઉભું છે. માટે ઝગડો થાય તેવું કંઈ પણ કરવું નહિ. આજે જે નહિ બને તે આવતી કાલે કરીશું અથવા છોડી દઇશું. પણ આપણે આપણી ભાવનાને તો વળગીજ રહીશું. સંમેલન તો માર્ગ દર્શનજ કરશે. અપનાવવું તે આપણું કામ છે.

સમર્થન કરતાં ભાઇ શ્રી નગીનદાસ દલસુખભાઇએ જણાવ્યું કે આપણે મંડળ ઉભું કર્યું છે તેનું ધ્યેય એકજ છે અને તે એ કે આપણે ઘણી ઘણી બાબતોમાં પાછળ છીએ અને તેમાં આપણે આગળ ધપવું છે, પણ તે કંઈ પાંચે ગામની વસ્તીને જબરજસ્તી કરીને નહિં, માત્ર માર્ગ દર્શન કરવાનું છે. સંમેલન ફોજદારી કાયદો હાથમાં લેવા માંગતું નથી. પણ બધા ગામને એકત્ર કરી, સમજાવીને પ્રગતિ સાધવાની છે. સંમેલનમાં સારા વિચારો રજુ થાય, અને પ્રતિનિધિઓ તેને ઝીલી લે એટલે તે પ્રમાણે બધાએ ચાલવું તેવો રિવાજ પડી જાય. નવો સુધારો હમેશાં ભલામણ રૂપેજ હોય છે. કોંગ્રેસ પણ આજ રીતે ચાલે છે. જનતા વધાવી લેશે તે હિસાબેજ ભલામણ કરે છે. અને જનતા અપનાવે છે; તેવીજ રીતે આપણું સંમેલન જે ઠરાવની ભલામણ કરે તે આપણે અપનાવી લેવી જોઇએ.

ત્યારબાદ ભાઈ મણીલાલ ભણસાલીએ, અમેરીકા (યુ. સ્ટેટસ) ના બંધારણનો દાખલો આપી જણાવ્યું કે પંચ જેને મોકલે છે તેને નૈતિક જવાબદારી જરૂર આપે છે. પ્રતિનિધિઓએ ઠરાવો પંચને સમજાવવા જોઇએ, એટલે પંચ તેને જરૂર અપનાવે. આપણી સંસ્થા એક મહામંડળ જેવી છે. આની અંદર અમુક ઠરાવને એક એકમ નામંજુરી આપે તો તે કાયમ ન થાય, પણ આનું પરિણામ આપણને જોઇતી એકદીલી તો નજ આવે. દરેક ઠેકાણે ઠરાવો ભલામણ રૂપેજ થાય છે. હાલમાં ઘાટકોપરમાં ભરાયેલ સ્થાનકવાસી ભાઇઓના સંમેલનનો દાખલો ટાંકી, તેઓ પણ તેમજ કરે છે એમ જણાવ્યું હતું. એટલે આ કોઈ નવી પ્રથા નથી.

ત્યારબાદ મંત્રીએ વેજલપુરની સંમતિ બધાની સાથે છે તેમ જણાવ્યુ એટલે ત્યાંના ભાઈઓએ તેમને ત્યાં લાગો લેવામાં આવે છે તે વાત રજુ કરી અને જણાવ્યું કે તે પૈસા સત્માર્ગે વપરાય છે. આના જવાબમાં ભાઈ વાડીલાલ મનસુખરામે જણાવ્યું કે આને લાગાનુ નામ ખોટી રીતે આપવામાં આવે છે. આનો અર્થ મરણ પાછળ ધર્માદામાં આપવાની ઓથામાં ઓછી રકમ ઠરાવેલી છે તેમ થાય છે. આ કંઈ જમણવાર નથી. માટે તેને ભલતું નામ નહિ આપતાં જે ભાઇને ઘરે મરણ થાય તેને તેટલી અથવા તેથી વધુ રકમ પોતાની શકિત અનુસાર આપવી એમ ઠરાવવું જોઈએ. આ ખુલાસા બાદ વેજલપુરવાળા ભાઇઓ તેમ કરવા સંમત થતાં ઠરાવ ૧૧. મો સર્વાનુમતે પાસ થયો હતો.

ત્યારબાદ જાહેર કરવામાં આવ્યું કે બંધારણના ખરડા ઉપર વિચાર કરવા કાર્યવાહી કમિટી રાતના આઠ વાગે ડૉ. માણેકલાલ નરસીંહદાસના બંગલે મળશે, તે વખતે જે ભાઇઓને કોઈપણ ઠરાવ આપવાના હશે તે બધા સ્વીકારવામાં આવશે અને તે ચર્ચવામાં પણ આવશે. આટલું કહી સાડા પાંચ વાગ્યા હોવાથી પ્રમુખશ્રીના હુકમથી ભાઈ મણીલાલ ભણસાલીએ આજની બેઠક બરખાસ્ત જાહેર કરી હતી.

## કાર્યવાહિ કમિટી.

ઠરાવ્યા મુજબ તા. ૨૮-૧૨-૪૫ ની રાતના આઠ વાગે કાર્યવાહી કમિટી મળી હતી. તેમાં કુલ્લે વીસ સભ્યોમાંથી અઢાર હતા. તેમજ બીજા વીસ પ્રેક્ષક ભાઈઓ આવેલા હતા. તેઓને બંધારણ વિગેરેના વિવેચનમાં ભાગ લેવા વિનવતાં તેઓએ પણ તેમાં ભાગ લીધો હતો. અત્રે સ્થળ સંકોચને લીધે બધાં નામ આપવામા આવ્યાં નથી.

**ઠરાવ પહેલો**:– ડૉ. રમણલાલ સોમાભાઇ દેસી તરફથી આવેલો "વેકેશનમાં તાલીમ વર્ગ ખોલવા તથા તે માટે એક વિદ્યાર્થિ અને વિદ્યાર્થિનીઓનું સંમેલન બોલાવવા તથા તે માટે રૂ. ૨૫૦) ની રકમની મંજુરી માંગતો ઠરાવ" હાથ ધરવામાં આવ્યો હતો. આ બાબત ઘણી લાંબી ચર્ચા ચાલી હતી પણ કોઇપણ નિર્ણય ઉપર નહિ આવતાં ખુલ્લી બેઠકમાં તે બાબત ચર્ચવાનું ઠરાવી આ ઠરાવની ચર્ચા બંધ કરી હતી.

**ઠરાવ બીજો**:– સૌ. મેનાબ્હેન વાડીલાલ પારેખ તરફથી આવેલો "રડવા કુટવાના રીવાજને બંધ કરવા બાબતનો" ઠરાવ હાથ ધરવામાં આવ્યો હતો, તેને સંમેલનની ખુલ્લી બેઠકમાં રજુ કરવાની ભલામણ સાથે કમીટીએ અપનાવ્યો હતો.

**ઠરાવ ત્રીજો** :– ભાઇ વાડીલાલ મનસુખરામ પારેખ તરફથી આવેલો "પાંચે ગામના લગ્ન પ્રસંગેના પલ્લાના રીવાજો સરખા કરવા ભલામણ બાબતનો" ઠરાવ હાથ ધરવામાં આવ્યો હતો. ઘણી ચર્ચા બાદ તેમજ ગામેગામના રિવાજોની સમિક્ષા કીધા બાદ આ સિદ્ધાંતનો સ્વિકાર કરી; ૪૧) ગદીઆણા (૨૦॥ તોલા) સોનું અને રૂ. ૪૦૧) રોકડા અથવા તો ૫૧) ગદીઆણા (૨૫॥ તોલા) સોનું એકલું એમ નક્કી કરવા કમીટીએ ભલામણ કરી ઠરાવ ખુલ્લી બેઠકમાં ચર્ચવા માટે મુલતવી રાખ્યો હતો.

**ઠરાવ ચોથો** :– ભાઇ વાડીલાલ તરફથી આવેલો "અધીવેશનના ખર્ચ માટેની જોગવાઇ સુચવતો" ઠરાવ હાથ ધરવામાં આવ્યો હતો. તેમાં પ્રતિનિધિની ફી રૂ ૩), સ્વાગત સમિતિના સભ્યની ફી રૂ. ૨) વિગેરે બાબતો જણાવવામાં આવી હતી. ચર્ચા થયા બાદ એમ ઠરાવવામાં આવ્યું કે આ તબ્બકે આ વસ્તુનો વિચાર કરવો તે ઘણું ઉતાવળુ પગલું થશે અને બધાજ લગભગ ઠરાવની વિરૂધ્ધ હોવાથી, ભાઇ વાડીલાલે પોતાનો ઠરાવ પાછો ખેંચી લીધો હતો.

**ઠરાવ પાંચમો** :– ભાઇ શાન્તીલાલ મગનલાલ શાહ તરફથી "ધાર્મિક કેળવણી બાબતનો" આવેલો ઠરાવ રજુ થયો હતો. તેને કેળવણી કમિટી ઉપર મોકલવાનું ઠરાવી ચર્ચા બંધ કરવામાં આવી હતી.

**ઠરાવ છઠો** :– ડૉ. ભાઇ કાન્તીલાલ માણેકલાલ તરફથી "દરેક ગામમાં ચાલતા ઝગડા, મત. તડાં વિગેરેની પતાવટ કરતું એક મધ્યસ્થ લવાદ પંચ નીમવા બાબતનો" આવેલો ઠરાવ હાથ ધરવામાં આવ્યો હતો. આ માટે ચર્ચા થયા બાદ આ તબ્બકે આ મંડળ આવી બાબતો હાથ ધરી શકે તેમ નથી તેમ ઠરાવી ચર્ચા બંધ કરી હતી.

**ઠરાવ સાતમો** :– ડૉ. ભાઇ કાન્તીલાલ માણેકલાલનો "યુવક મંડળ, સ્વયંસેવક મંડળ આદિ અનેકવિધ મંડળો તરફથી સંમેલનમાં પ્રતિનિધિઓ મોકલવા બાબતનો" ઠરાવ હાથ ધરતાં, બંધારણની ચર્ચા વખતે તેને ધ્યાનમાં લેવાનું ઠરાવી ચર્ચા મોકુફ રાખી હતી

**ઠરાવ આઠમો** :– ભાઇ મણીલાલ પાનાચંદ તરફથી "રડવા કુટવાના રીવાજને નાબુદ કરવા બાબતનો" ઠરાવ હાથ ધરતાં તેઓએ સૌ. બ્હેન મેનાં બ્હેનના ઠરાવને ટેકો આપવો તેમ ઠરાવી ચર્ચા બંધ કરી હતી.

**ઠરાવ નવમો** :– ભાઇ કાન્તીલાલ પાનાચંદ શાહ અને શા. મણીલાલ લલ્લુભાઇની શિક્ષણ સંબંધીની સુચનાઓ કરતા ઠરાવો, કેળવણી કમિટી ઉપર મોકલી આપવા ઠરાવ્યું હતું.

**ઠરાવ દસમો** :– બ્હેન શારદાબ્હેન છગનલાલ ગાંધીનો "ગયા સંમેલનના ધાર્મિક શિક્ષણ સંબંધીના ઠરાવ નં. ૪ ના અમલ સંબંધી" ઠરાવ આવેલો તે કેળવણી કમિટીને મોકલી આપવો; તેમજ સ્ત્રીઓને મંડળમાં હક્ક આપવા સંબંધીનો ઠરાવ બંધારણ ચર્ચતી વખતે વાચારવાનું ઠરાવ્યું હતું.

**ઠરાવ અગીઆરમો:**– ગાંધી ગીરધરલાલ હીરાચંદ તરફથી " આપણે જૈનો જ્યારે એકબીજાને મળીએ ત્યારે 'જય જીનેંન્દ્ર' શબ્દથી આવકારવાનો " ઠરાવ આવ્યો હતો. કમિટીએ આની પ્રશંસા કરી તેને આદરવા માટે ભલામણ કરી હતી તેમનો બીજો ઠરાવ " કસરતશાળા વિગેરે ખોલવા સંબંધીનો " કેળવણી કમિટીને મોકલી આપવા ઠરાવ્યું હતું.

**ઠરાવ બારમો :**– ભાઇ શ્રી ભુરાભાઇ અમીચંદ ગોઘરાવાળા તરફથી આવેલો " શિક્ષણ સંબંધીનો " ઠરાવ કેળવણી કમિટીને મોકલી આપવા ઠરાવ્યુ હતું.

**ઠરાવ તેરમો :**– રા. રા. ગાંધી રમણલાલ છગનલાલ તરફથી " વિધવાઓને ભરણ પોષણ વિગેરે બાબત સુચના કરતો " ઠરાવ આવેલો તે આવતા સંમેલન ઉપર ચર્ચવા ઠરાવ્યુ હતું. તેમજ બીજા ઠરાવ તેઓ તરફથી પ્રસુતિગૃહની યોજના તેમજ પાંજરાપોળના વહિવટ વિગેરે બાબતના હતા તે દરેક ગામની સ્થાનિક પરિસ્થિતિ ઉપર અવલબતા હોવાથી તે દરેકે સ્થાનિક વ્યવસ્થા કરી લેવી તેમ ઠરાવ્યું હતું.

**ઠરાવ ચૌદમો:**– ભાઇ વાડીલાલ મનસુખરામ પારેખ તરફથી " નોકરી ધંધા અંગે ભાઇઓને મદદ બાબતનો " ઠરાવ રજુ કરતાં તેઓએ જણાવ્યું હતું કે એક મધ્યસ્થ (બ્યુરો) ઓફીસ સ્થાપવામાં આવી છે. અને તેની કમિટીના ચાર મેમ્બરો છે (૧) ભાઇ વાડીલાલ મનસુખરામ પારેખ (૨) શેઠ બાબુભાઈ મણિભાઈ પરીખ (૩) ભાઈ ચીમનલાલ ડાહ્યાભાઈ પરીખ (૪) ભાઇ છોટાલાલ મનસુખભાઇ શાહ અને તેની ઓફીસ, શેઠ રમણલાલ છોટાલાલની પેઢી, ઝવેરી બજાર, મુંબઇ રાખેલી છે. તો જે ભાઇઓને જરૂર પડે તેઓએ તે સરનામે અરજી મોકલવી. કમિટીએ આ ગોઠવણને મંજુરી આપી હતી.

**ઠરાવ પંદરમો :**– રા. રા. શા. નગીનદાસ મહાસુખભાઇએ શકય હોય ત્યાં જન ભોજનાલય શરૂ કરવાની કરેલી સુચનાવાળો ઠરાવ હાથ ધરતાં, તે ઠરાવ ભલામણ રૂપે સંમેલનની ખુલ્લી બેઠકમાં રજુ કરવા ઠરાવવામાં આવ્યું હતું.

**ઠરાવ સોળમો :**– રા. રા. દોસી સોમાભાઇ પુનમચંદ તરફથી " સંમેલન પ્રસંગે " જ્ઞાતિ સુધારણાના વિષય ઉપર વિદ્યાર્થિઓ પાસેથી નિબંધ લખાવી મંગાવવા અને તે માટે બે ઇનામો રાખવાં. તેમજ પસંદગી પામેલા નિબંધો સંમેલનમાં વંચાવવા " એવો ઠરાવ રજુ કરવામાં આવેલો.

આને ભાઇ નગીનભાઇ દલસુખભાઇએ ટેકો આપતાં જણાવ્યુ કે જો આ ઠરાવ સ્વીકારવામાં આવશે તો રૂપીઆ એકાવન એકાવનનાં બે ઇનામો આપવામાં આવશે.

વળી વધારામાં સંમેલનના ટાઇમે વ્યાયામ હરિફાઇ ગોઠવવા સંબંધી પણ સુચના આવેલી.

આ બેઉની વ્યવસ્થા બાબત, પ્રમુખશ્રીની દોરવણી ઉપર છોડવામાં આવી હતી. અને તેઓ જે પ્રમાણે હવે પછી જણાવે તેમ કરવાનું ઠરાવ્યું હતું. વિષય પણ તેઓજ નક્કી કરી જણાવશે.

**ઠરાવ સતરમો :**– રા. રા. ગાંધી ચીમનલાલ છગનલાલ ગોઘરાવાળા તરફથી તેઓ વિવિધ રીતીએ લગ્ન બાબતનો ઠરાવ રજુ થતાં તેને રૂલ આઉટ કરવામાં આવ્યો હતો.

**ઠરાવ અઢારમો :**– ભાઇ ગીરધરલાલ હેમચંદ શાહ તરફથી કેળવણી બાબતનો હતો. જે કેળવણી કમિટીને મોકલવા ઠરાવ્યું હતું.

**ઠરાવ ઓગણીસમો :**— આ ઠરાવ તલાજા તીર્થનો મૂર્તિખંડન સામે વિરોધ દર્શાવતો હતો. જે સંમેલનમાં રજુ કરી આ કૃત્યનો વિરોધ કરી સખત રોષ દર્શાવતો ઠરાવ કરવા ઠરાવવામાં આવ્યું હતું.

**ઠરાવ વીસમો :**—ભાઇ સવાઇલાલ કેશવલાલ તરફથી મેટ્રીકમાં વધુ માર્કે ઉત્તિર્ણ થનારાઓને ઇનામો તેમજ સંમેલન વખતે રંજન કાર્યક્રમ રાખી તેમાં પણ ઇનામો વહેચવા સંબંધીનો ઠરાવ રજુ થયો હતો. તે બાબત બેઠકમાં ચર્ચવા ઠરાવવામાં આવ્યું હતું.

**ઠરાવ એકવીસમો :**— ભાઇ મણીલાલ માણેકચંદ તરફથી નીચે મુજબની સુચનાઓ કરતો ઠરાવ રજુ થયો હતો.

(૧) વિદ્યોત્તેજક સહાયક સહકારી મંડળ સ્થાપવું.

(૨) સહકારી બેન્ક કાઢવી.

(૩) ગામમાં ચાલતા વિવિધ જુદાં જુદાં ફંડોની તપાસ માટે કમિટી નીમવી.

(૪) જ્ઞાતિના બાળકોના વિવાહ સંબંધી ઓછામાં ઓછી ઉમર ઠરાવવી.

(૫) વિસા નીમા વૈષ્ણવ જ્ઞાતિ સાથે સંપર્ક સાધવો અને તે જ્ઞાતિની વસ્તી ગણત્રી કરવી.

ઉપરની સૂચનાઓ ઉપર ચર્ચાને અંતે પહેલી સૂચના કેળવણી કમિટીને રજુ કરવી, બીજી સૂચના બેન્કના ઠરાવ વખતે વિચારવી, ત્રીજી સૂચના માટે સંમેલન કંઇ કરી શકે નહિ એમ લાગવાથી પાછી ખેંચવામાં આવી તથા ચોથી તથા પાંચમી માત્ર ભલામણ રૂપે રાખવા ઠરાવ્યું હતું.

**ઠરાવ બાવીસમો :**— ડો. ભાઇ કાન્તીલાલ માણેકલાલે "ચુંટણી વખતે કોન્ગ્રેસનેજ મત આપવો" એવો ઠરાવ રજુ કર્યો હતો. જે આ મંડળના ધ્યેયથી બહારનો હોવાથી આઉટ ઓફ ઓરડર ઠરાવવામાં આવ્યો હતો.

ત્યારબાદ બંધારણનો ખરડો ચર્ચા માટે રજુ કરવામાં આવ્યો હતો. અને ઘણી ચર્ચા થયા બાદ અને સુધારા વધારા સાથે સર્વાનુમતે પસાર કરી, ખુલ્લી બેઠકમાં રજુ કરવા ઠરાવ્યું હતું.

મિટીંગનું કામકાજ રાતના ચાર વાગે પુરૂ થતાં કમિટી બરખાસ્ત કરવામાં આવી હતી.

## બીજો દિવસ (શનિવાર તા. ૧૯-૧૨-૪૫)

સંમેલનની બીજા દિવસની બેઠક બપોરના એક વાગે શરૂ ૦૦ હતી તે વખતે જે જે ભાઇઓને સંમેલનમાં પોતાના વિચારો દર્શાવવા હોય તેઓને એકપછી એક બોલવા દેવામાં આવ્યા હતા.

તુરતજ ભાઇ જયન્તિલાલ એમ. શાહે સમયને અનુસરતુ અને પોતાના વિચારો દર્શાવતું વિદ્વતાભર્યું ભાષણ કર્યું હતું. તેમના ભાષણમાં આપણા બંધારણમાં મૂળભુત હેતુઓને પુરા બર લાવવાને માટે બહુજ વ્યવહારિક દ્રષ્ટિએ પુષ્ટિ આપવામાં આવી હતી. ધાર્મિક જ્ઞાન ઉપર પણ તેઓશ્રીએ ભાર મુકી આપણી પ્રજા સંસ્કારીક થાય તે માટે દરેકને ખંત અને ધગશ રાખવાને માટે પ્રેર્યા હતા. અને પાશ્ચિમાત્ય કેળવણીથી થતા પ્રત્યાઘાતો અને તેથી આવતી ધર્મ ભાવનામાં શિથિલતા વિગેરે સમજાવી તેને વખોડી કાઢી હતી. તેઓએ શારિરિક કેળવણી તેમજ હુન્નર-ઉદ્યોગ કેળવણી ઉપર તેટલોજ ભાર મુકયો હતો અને જણાવ્યું હતું કે વસ્તુપાલ-તેજપાલ, વીર ભામાશા, સુભાષબાબુ, અને જવાહરો, જોઇતા હશે, તો આપણે આપણા બાળકો પ્રત્યેની આપણી ગંભીર જવાબદારી પાલન કરવી પડશે, અને તેમને સાચો ઇતિહાસ શિખડાવવો, સાચી ફરજ સમજાવવી, ધાર્મિક, વ્યવહારિક, તેમજ ઉદ્યોગિક કેળવણીઓ સારી રીતે આપવી વિગેરે માબાપોની ફરજ ઉપર ખૂબખૂબ ભાર મૂકયો હતો. અને તે માટે જુદા જુદા દાખલાઓ આપી, જુદી જુદી જાતની વ્યવસ્થાઓ સમજાવી દરેકને પોતાની ફરજ સમજાવી હતી. અને માત્ર ઠરાવો કરી બેસી નહિ રહેતાં ઠરાવોનું પોતે પાલન કરી, બીજા પાસે તેનો અમલ કરાવવા તત્પર રહેવા આગ્રહ કર્યો હતો.

ત્યારબાદ ભાઈ ભીખુભાઈ છોટાલાલ મહેતાએ પોતાનું ભાષણ શરૂ કર્યું હતું. ભાઇ ભીખુભાઇ પોતે અશોક મિલમાં વિવીંગ માસ્તર છે અને પોતે વિલાયત જઇ તે કામમાં નિપુણતા મેળવી, તે વિષયમાં બહુ સારૂ જ્ઞાન ધરાવે છે, તેઓએ કેળવણીના વિષય ઉપર ખૂબખૂબ ભાર મૂકી કેળવણી કઇ જાતની, કેટલા દ્રઢ નિશ્ચયથી, તેને મેળવવાના જુદા જુદા ઉપાયો અને તેને માટે જોઇતા નાણાં વિગેરેનો પુરેપુરો ખ્યાલ આપ્યો હતો. અને સર્વ દાનોમાં વિદ્યાદાનને મોટું મહત્વ આપ્યું હતું. સ્ત્રી કેળવણી ઉપર તેમણે ખૂબ ભાર મુકયો હતો અને તેના ઉપરજ આપણી ભાવિ પ્રજાનો આધાર છે તે સમજાવી દરેક બ્હેનોને પોતાની બાલિકાઓને સાચી આદર્શ ગૃહિણીઓ થાય અને પોતાના બાળકોને દરેક રીતે ગુણ અને જ્ઞાનથી સુસજ્જ પેદા કરે એવી રીતે કેળવવા ભલામણ કરી હતી. તેમણે તો કેળવણી પાછળ ધનનો વ્યય પુરતી રીતે કરવામાં આવે તો આપણી જ્ઞાતિની આખી સુરત બદલાઇ જાય તેવું તેઓ પ્રત્યક્ષ જોઇ રહ્યા છે તેમ જણાવ્યું હતું. જ્ઞાતિમાં એક પણ બાળક યા બાલિકા નિરક્ષર રહે તો તેને માટે આખી જ્ઞાતિને જોખમદાર ગણાવી સર્વ ભાઇઓને કેળવણીને પછી તે ધાર્મિક, વ્યવહારિક, શારિરિક કે ઉદ્યોગિક હોય તે બધીને અપનાવી લઇ, પોતાની જેટલી શકિત હોય તેટલી શકિતથી, પૂરા જોરશોર સાથે તેઓએ તેને મદદ કરે તેમ જણાવ્યું હતું. તેમના આખા ભાષણમાં તેઓએ કેળવણીને બધી રીતે ઉત્તેજન આપવા સર્વ ભાઇઓને અનેક વખત વિનવવા પ્રયત્ન કર્યો હતો.

ત્યારબાદ ભાઇ નગીનદાસ દલસુખભાઇએ પ્રાસંગિક વિવેચન કરતાં જણાવ્યું કે આપણી સમક્ષ જે જે વિચારો મૂકવામાં આવે છે તેને રૂપ આપવાનું કામ સંમેલનનું છે. આપણી એકતા સ્થપાય (તડાં દૂર થાય) આપસઆપસના ઝઘડા ભૂલી જવાય અને સમસ્તની દ્રષ્ટિએ વિચાર કરતા થઇએ તેજ આ સંમેલનનો ધ્યેય છે. આપણે એકલ-દોકલનો વિચાર કરવાનો નથી. પરંતુ આપણી

સમસ્ત કોમનો વિચાર કરવાનો છે. અને જુનવાણી વિચારને છોડી દઈ, જમાનાને અનુસરતા વિચારો આગળ કરી જમાનાની સાથે ચાલવાનું છે.

વળી તેમણે આગળ ચાલતાં જણાવ્યું કે આપણામાં પૈસાને અભાવે અભણતા હોય, તેના કરતાં ભણવા તરફ અભાવ અને તાલાવેલી નથી તે છે. દીકરો ચાર પાંચ ચોપડી ભણે એટલે તુરત દુકાને બેસાડી દેવાની લોભવૃત્તિ સેવવામાં આવે છે. માટે લોન સ્કિમને ખરેખરી અપનાવવી હોય, તો માત્ર પૈસા ભરીને આપણી ફરજ પુરી થઇ તેવું સમજવાનું નથી, પરંતુ જે ભાઇઓ આ કામ લઇ બેઠા છે તેઓના હાથ તમો ત્યારેજ મજબુત કરી શકશો કે જ્યારે તમો તમારા છોકરાંઓને વધારે ને વધારે ભણાવવાની ઇંતેજારી રાખશો. ભાઇ નગીનભાઇએ માત્ર પૈસાને નહિ પરંતુ તેથી વિશેષ બધા ભાઇઓના તરફથી કેળવણી પામવાના પ્રયત્નમાં સહકાર માગી લોકોના મનમાં કેળવણી પ્રત્યેનો પ્રેમ વધારે જાગૃત કર્યો હતો.

ત્યારબાદ ભાઈ મણીલાલ માણેકચંદ શાહે કેટલીક કેળવણીની યોજનાઓ સમજાવી હતી અને વિવિધ પ્રકારે અને સહકારી ધોરણે છાત્રાલયો વિગેરે ખોલીને વ્યવસ્થા કરવાનું સમજાવ્યું હતું.

વધારામાં તેઓએ નાની ઉમરમાં થતા દીકરા દીકરીઓના વિવાહ વખોડી કાઢયા હતા. અને તેનાં અનિષ્ટ પરિણામો સમજાવી સર્વને તેવા કામથી દૂર રહેવા સમજાવ્યું હતું.

ત્યારબાદ ભાઈ મણીલાલ ભણસાળીએ સર્વ ભાઇઓને ઠરાવો કરવામાં, તેની હદો બાંધવા અને તેનું પાલન કરવા સંબંધી સૂચન આપી, દરેક ઠરાવોમાં પોતાની તે પ્રમાણેની વર્તવાની જોખમદારી સમજી ઠરાવો કરવાનું સમજાવ્યું હતું. અને ઠરાવો કર્યા પછી એક ડગલું પણ પાછું ન હઠવું પડે, તેવાજ ઠરાવો પસાર કરવા ચેતવણી આપી હતી. આપણે સ્વમાન સાચવીને જીવવું અને આગળ વધવું જોઇએ. આપણે સ્કૉલરશીપો અને દાન ઉપર જીવવું નથી. લોન સ્કિમની યોજના તે કાંઈ વિદ્યાર્થીઓને દાન આપવાની યોજના નથી. લોન ફંડમાં પૈસા આપનારાઓએ સમજવું જોઇએ કે તેઓ પોતાના ભાઇઓને માટે આ ભંડોળ કરે છે, અને લોન લેનારાઓએ એ સમજવાનું છે કે, જે લઇએ છીએ તે પાછું આપવાનું છે. એટલે કે લોન સ્કિમથી આપણું સ્વમાન જરા પણ ઘવાતું નથી. આવી રીતે તેમણે લોન સ્કિમનો મુળ આશય અને તેનાથી થતા ફાયદા સમજાવ્યા હતા. તેમજ લોન સ્કિમનું કામ બરોબર નક્કી ન થાય ત્યાંસુધી અત્રેથી કોઇએ ઉઠવું નહિ તેવો આગ્રહ કર્યો હતો. સ્ત્રી કેળવણીના મહત્વ ઉપર તેમણે ઠીક ઠીક ભાર મુકયો હતો, અને તેનું મહત્વ સમજાવ્યું હતું.

લોન સ્કિમના વહિવટ સંબંધમાં બોલતાં તેમણે જણાવ્યું હતું કે પૈસા આપનારાઓએ એટલું સમજવું જરૂરનું છે કે તેઓ જે પૈસા આપે છે તે પોતાનાં ભાઇઓને એટલે પોતાના અંગત સગાઓનેજ ઉછીના આપે છે તેમ સમજવાનું છે. આગળ બોલતાં તેમણે જણાવ્યું કે રાજકીય બાબતોથી આપણે છૂટા પડી શકતા નથી. પરંતુ આપણે અમુક મર્યાદાઓ બાંધી છે તેમાંજ રહીને આપણે આગળ વધવું જોઇએ.

ત્યારબાદ ભાઇ વાડીલાલ પારેખે જણાવ્યુ કે હું કેળવણીની અગત્યતા જણાવવા માગું છું. ગામડામાં વેપાર તુટવા માંડયો છે. બે ચોપડી ભણી પાંચ લાખની મુડી ભેગી કરે તે જમાનો હવે રહ્યો નથી. માટે જ્ઞાનની હવે ખાસ જરૂર છે તેમજ જ્ઞાન દાન એ મોટામાં મોટું દાન છે. તેથી સર્વ ભાઇઓએ તેમાં મદદ કરવા તત્પર રહેવું જોઇએ. આપણી જ્ઞાતિમાં એક પણ માણુસ અભણ રહે તેની

## રા. રા. ભાઈ ગીરધરલાલ ભોગીલાલ

જેઓએ અંગાડીના દેરાસરજીનો વહિવટ સંકેલી સર્વે મિલકત
મોદીઆના દેરાસરજીના જીર્ણોધ્ધારમાં આપી મોટી મદદ કરી છે.



જેઓના પરિશ્રમે ગોધરાના પંચના ભાગલાને સાંધી એક કર્યું છે.
આ મહાન કાર્ય માટે ગોધરા તેમજ પાંચે ગામ તેમને હમેશાં યાદ કરશે
તેઓએ પોતાનો ઉદાર હાથ લંબાવી આ પુસ્તક
છપાવવામાં રૂ. ૨૫૧) આપ્યા છે.

લાજ અને જોખમદારી આ મંડળને માથે છે. માટે સહુ ભાઇઓએ પોતપોતાની શકિત ગોપવ્યા સિવાય સક્રિય રીતે લોન સ્કિમમાં મદદ આપવી જોઇએ. એક વ્યવહારિક દ્રષ્ટિની વાત છે કે આપણા જેવા કર્મવાદને માનવાવાળા એટલું જરૂર સમજી લઇએ કે જેટલું પુન્યના ચોપડે જમા કીધું હશે, તેટલું પુન્યનુ ભાથુ પરભવમાં જમા થવાનું છે.

છોકરીઓને રોટલા કરતાં આવડયે હવે નહિ ચાલે. પારકું ધન ગણી ભણાવવામાં માબાપોએ પાછા પડયે નહિ ચાલે. અભણ છોકરીઓને હવે તો લેનાર નહિ મળે. છોકરીઓને વ્યવહારિક તેમજ ધાર્મિક શિક્ષણ મળે તેવો પ્રબંધ કરવો જોઇશે.

આ બધું કરવા માટે સર્વના સહકાર અને એકદિલની જરૂર પડશે. એક માણસથી આખીએ કોમની સગવડ બની શકે નહિ.

તેઓએ આગળ ચાલતાં કેળવણી ઉપર ટીકા કરનારાઓને તેમની ટીકાઓ કેટલી ભુલભરેલી છે તે સમજાવ્યું હતું. અને જણાવ્યું હતું કે હું ત્રણ વખત વિલાયત જઇ આવ્યો છું ને મેં ધર્મની વિરૂધ્ધ દિલથી, મનથી અને તનથી કાંઇજ કર્યું નથી. કેળવણી પામેલાઓને ધર્મથી ભ્રષ્ટ કહેનારાઓ માત્ર તેમના ભણતરની ઈર્ષા કરે છે. આપણી સ્કુલોમાં ધાર્મિક શિક્ષણ નથી અપાતું તે જાણવા છતાં આપણા બચ્ચાંઓને ધાર્મિક શિક્ષણ આપવા માટે કેટલો પ્રયત્ન કર્યો છે તે આપણે આપણી જાતને પૂછીએ. આપણે આપણી ત્રુટીઓ જોવી જોઇએ.

ઉમંગમાં આવી જઇ ઉપરાઉપરી ઠરાવો મોકલીએ છીએ. દરેકને ઘણું કરી નાંખીએ એવું થાય છે. પણ હું જોઉં છું તો મને લાગે છે કે "દમડે ઉંટ પણ દમડો કયાં" એ વાત જોવામાં આવે છે. બધા કામ કરવા આતુર હોઇએ પરંતુ પૈસા વિના કાંઇ ગાડુ આગળ ચાલે તેમ નથી. આપણે આપણી શકિત ગોપવ્યા સિવાય સંગઠિત રીતે પાંચે ગામના લાભની ખાતર જેટલું બને તેટલું બધુંએ કરવું જોઇએ, દાખલા તરીકે આપણે આપણા ગયા સંમેલનને ત્રીજો ઠરાવ સર્વાનુમતે અપનાવી લીધો છે. આ કાંઈ ઓછું થયું નથી. આ રીતેજ દરેક કામ થવું જોઇએ. ત્યારબાદ ભાઈ વાડીલાલ છગનલાલે જણાવ્યુ કે માઇક્રોફોન જેવી નીર્જીવ વસ્તુ આપણા દરેકના કાનમાં અવાજ પહોંચાડે છે, પરંતુ આપણે સજીવ આપણો અવાજ અંદર ઉતારી શકતા નથી, તેજ આપણે જોઇ તે ભૂલ સુધારીએ તોજ આપણું ગાડુ આગળ ચાલશે.

કુટુંબમાં મતભેદ હોવા છતાં એકસંપથી ઘર નિભાવે જઇએ છીએ તેવીજ રીતે આપણામાં મતભેદ હોય તો પણ એક વિચારે કામ કરવું જોઇએ એટલે કે એકબીજાને અપનાવી લેવા જોઇએ. કારણ કે જૈન ધર્મ પ્રમાણે કેવળજ્ઞાન ન મળ્યું હોય ત્યાંસુધી આપણે અધુરા તો છીએજ. માટે દરેકનાં વિચારોની સમતુલના કરી એક નિર્ણય ઉપર આવવાનું છે. આર્ય સંસ્કૃતિનો મુળ પાયો ધર્મ, અર્થ, કામ ને મોક્ષ છે. ગૃહસ્થોનો સંસાર વ્યવહારિક અને ધાર્મિક કેળવણીથી શોભે છે. આપણે જ્ઞાતિનું શ્રેય કરવા અને તે કેમ થાય તેનો નિર્ણય કરવા એકત્ર થયા છીએ એટલે વિચારોની આપલે પછી કદાચ આપણે એકમત ન થઇએ અને કોઇ ચીજ અમલમાં ન આવે તો પણ કોઇએ રીસાઈ નહિ જતાં એકત્રતાની ભાવનાને વળગી રહેવાનું છે.

ત્યારબાદ તુરતજ બંધારણનો ખરડો કાર્યવાહિ કમિટિએ કરેલા સુધારાવધારા સાથેનો પાસ કરવા રજુ કરવામાં આવ્યો હતો.

## બંધારણનો ખરડો.

બંધારણનો ખરડો રજુ થતાં પ્રમુખશ્રીએ તે ઉપર નીચે પ્રમાણે જણાવ્યું હતું.

બંધારણના ખરડાની નકલો દરેક પ્રતિનિધિભાઇઓને અપાઈ ગઈ છે. કાર્યવાહિ કમિટિએ પરમ દિવસે તેમજ ગઈ કાલે તે ઉપર ખુબખુબ ચર્ચા કરી છે. લઘુમતિ એકમોને અન્યાય ન થાય અને સહુનો સહકાર મળે તથા સહુને ન્યાય મળે એ રીતિએ બંધારણ ઘડાયું છે. બંધારણમાં સ્ત્રીઓ તેમજ વિદ્યાર્થિઓને માટે સ્થાન અપાયું છે. એ આપણી સામે મંજુરી માટે ભાઈ નગીનભાઈ વકીલ રજુ કરશે.

તરતજ ભાઈ નગીનભાઈ વકીલે બંધારણનો ખરડો રજુ કરતાં એક બાબત તરફ સંમેલનનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું તે એ કે આ બંધારણમાં જે પાંચ એકમો છે તેમાં ત્રણ એકમો વસ્તીના પ્રમાણમાં મોટા છે. બાકીના બે નાના એકમો છે તેમનામાં આ શંકા ન રહે તે માટે કલમ ૧૪ તથા ૧૫ માં જોગવાઈ કરવામાં આવી છે. આટલું કહી તેમણે બંધારણની કલમ વાર સમજ આપવી શરૂ કરી હતી.

## હેતુઓમાં સુધારાની દરખાસ્ત.

હેતુઓમાં સુધારાની દરખાસ્ત રજુ કરતાં ભાઈ નગીનદાસ દલસુખભાઇએ જણાવ્યું કે ઉદ્દેશમાં "ધાર્મિક, આર્થિક, અને સામાજીક ઉન્નત્તિ" જણાવ્યુ છે. તેમાં રાજકીય શબ્દ ઉમેરવો જોઇએ. દેશ પરાધીન છે એટલે રાજકારણના સ્પર્શથી આપણે દૂર રહી શકીએ નહિ, દરેક દરેક વસ્તુમાં રાજકારણ છે, પરંતુ જો આપણને રાજકારણની ભડક હોય તો "રાજકીય" ને બદલે "સર્વદેશીય" શબ્દ મુકવો જોઇએ. આપણે જે બંધારણ ઘડીએ તે ભવિષ્યનો ખ્યાલ રાખીનેજ ઘડીએ.

ઉપરના સુધારાને ડૉકટર કાન્તીલાલ માણેકલાલ તથા ગાંધી રમણલાલ છગનલાલે ટેકો આપ્યો હતો.

ત્યારબાદ પરિખ નગીનદાસ બાલાભાઈ કપડવંજવાલાએ સર્વદેશીય અને રાજકીય એ બેઉને બદલે દેશનીઉન્નતિ એ શબ્દોને ઉમેરવાનો સુધારો મુકયો હતો, અને જણાવ્યું કે રાજકીય શબ્દ હશે, તો ભવિષ્યમાં કોઈ પણ રાજકીય લડત ઉપસ્થિત થાય ત્યારે જરૂર વાંધો આવશે.

બાદ આ દરખાસ્તનો વિરોધ કરતાં ભાઈ વાડીલાલ મનસુખરામ પારેખે જણાવ્યું કે આ બાબત ઉપર કાર્યવાહિ કમિટિમાં ખૂબખૂબ ચર્ચા થઈ હતી. આ સંસ્થાને રાજકીય સંસ્થા બનાવવી તે બરાબર નથી. આ સંસ્થાનું ધ્યેય સામાજીક ઉન્નતિ છે. આપણે "સામાજિક" શબ્દના વર્તુલથી બહાર જવું તે બરાબર નથી. હજુ આપણને પગ આવ્યા નથી. આંખ માડતાં આવડતી નથી. એવી સ્થિતિમાં કાલે દેશમાં ગમે તે વાતાવરણ ઉભું થાય તો સ્હેજે આપણી સંસ્થાને અડચણ આવે. સર્વ ભાઇઓની સંમતિ મળે એ પ્રમાણે નિર્ણય કરવાનો છે. રાજકીય શબ્દ દાખલ કરવા પહેલાં, આગળ જતાં સંસ્થા ભયમાં આવી પડે નહિ તે માટેનો વિચાર કરવાનો છે. મહા મહેનતે આ બબ્બે વર્ષના પ્રયત્ન પછી આટલી શાન્તિથી પાંચે ગામના ભાઇઓ ભેગા મળી એકબીજાના વિચારોની આપલે કરવા ભાગ્યશાળી થયા છીએ. મારા સમજવા પ્રમાણે આ સુધારો મુળ પાયામાંજ ઘા કરનારો છે માટે આ સંસ્થાના ઉદ્દેશોમાં "રાજકીય" શબ્દ ઉમેરવા જેવું નથી. તે ઉપર આપ સહુનું ધ્યાન ખેંચું છું. આપણે "રાજકીય" કામ કરવું હોય તો બીજી રીતે જુદું સંગઠન કરી રાજકીય પ્રવૃત્તિ કરવી જોઇએ.

ભાઈ વાડીલાલના મતને મળતા થઈ ભાઈ મફતલાલ રતનચંદ પરીખે પણ "રાજકીય" શબ્દનો વિરોધ કર્યો હતો.

ભાઇ મણીલાલ ભણસાળીએ પોતાને સ્વદેશીની ભાવનાવાળા હોવાનું જણાવી કોંગ્રેસનો દાખલો ટાંકયો હતો, અને ધીમે ધીમે પ્રગતિ કરવા જણાવ્યું હતું. અને કહ્યું કે આપણે ડરપોક છીએ એમ નહિ માનશો પણ આ આપણી શરૂઆત છે. એટલે તેની જે મર્યાદા બાંધીએ તે બાહોશીથી બાંધવી જોઇએ. હું આ સુધારાનો વિરોધ કરૂં છું.

ભાઈ મણીલાલ માણેકચંદે વિરોધ કરતાં આખા બીજા ફકરાને કાઢી નાખવા સુચન કર્યું હતું.

આ બધાનું સમર્થન કરતાં પ્રમુખશ્રીએ સ્વાગત પ્રમુખના ભાષણનો ઉલ્લેખ કરી "કુમળા બાળક પર અતિ ઉત્સાહમાં આવી વધુ બોજો ન લાદવા" એ શબ્દો ટાંકી કહ્યું કે હજુ આવા સુધારાઓ માટે ચાર બલ્કે વધુ વર્ષ રાહ જોવી પડશે. તેમ કહી આ સુધારો પાછો ખેંચી લેવા માટે વિનંતિ કરી હતી.

તુરતજ ભાઇ નગીનદાસ દલસુખભાઇએ પોતાનો સુધારો પાછો ખેંચતાં જણાવ્યું કે મારા સુધારા ઉપર જે ચર્ચાઓ થઇ છે અને પ્રમુખશ્રીએ જે નુકચેતિની કરી છે. તેમજ આ મંડળના સંચાલકો અને બીજા ભાઈઓ જે મત ધરાવે છે તે જોતાં અને "હાલ અડચણ ન નાંખો ભવિષ્યમાં જરૂર હશે તો સાથ આપીશું" એ ખાત્રીને વધાવી લઈ હું મારો સુધારો પાછો ખેંચી લઉં છું.

આથી થોડાક શબ્દોના ફેરફાર સાથે સંસ્થાના હેતુઓ અસલ ખરડામાં જણાવ્યા મુજબના સર્વાનુમતે પાસ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ બપોરના ૩-૪૫ મિનિટે ચાહપાણી માટે સભા મુલતવી રાખી હતી. જે પાછી ૪-૧૫ મિનિટે શરૂ થઇ હતી.

૪-૧૫ મીનીટે બેઠક પાછી શરૂ થતાં બંધારણની એક પછી એક કલમો હાથ ધરવામાં આવી હતી. થોડા ઘણા શબ્દોની ફેરબદલી કરી એક પછી એક બંધારણની કલમો મંજુર થઈ હતી. ત્યારબાદ પ્રતિનિધીઓની સંખ્યા બાબત હાથ ધરવામાં આવી હતી અને કાર્યવાહી કમિટીની ભલામણ મુજબ પ્રતિનિધીઓની સંખ્યા વધારી તેમજ સ્ત્રી પ્રતિનિધી અને વિદ્યાર્થી પ્રતિનિધીઓનો સમાવેશ કરી કુલ પ્રતિનિધીઓની સંખ્યા જે પહેલાં ૭૫ ની હતી તેના બદલે ૧૦૧ ની ઠરાવવામાં આવી હતી.

ઉપરોકત પ્રતિનિધી-સંખ્યાની બાબતમાં ખુલાસો કરતાં રા. રા. ગાંધી નગીનદાસ વાડીલાલ વકીલે જણાવ્યું કે સ્ત્રી પ્રતિનિધીઓની જગ્યાએ સ્ત્રી પ્રતિનિધીઓનીજ ચૂંટણી થઇ શકશે. તેમની જગાએ પુરૂષો આવી શકશે નહિ.

વિદ્યાર્થીઓને જે પ્રતિનિધીત્વ આપવામાં આવ્યું છે તે તેમને તેમની જુવાન અવસ્થામાં કેળવણી મળે, અનુભવ મળે અને મંડળના કામમાં રસ લેતા થાય એ દ્રષ્ટિથી અપાયેલું છે.

દરેક એકમના પ્રતિનિધીઓની ચૂંટણી કરવાની સત્તા તે તે એકમની રહેશે. તમામ પ્રતિનિધીઓને સરખી સત્તા રહેશે. એટલે કે સ્ત્રીઓ અને વિદ્યાર્થી પ્રતિનિધીઓની સત્તા જરાપણ ઓછી રહેશે નહિ, તેમજ પ્રમુખ સાહેબે કોઓપ્ટ કીધેલા પ્રતિનિધીઓની સત્તા પણ બધાના જેટલીજ રહેશે.

ત્યારબાદ રા. રા. વાડીલાલ મનસુખરામ પારેખે જણાવ્યું કે ઉપર જણાવ્યા મુજબ પ્રતિનિધીઓની સંખ્યામાં વધારો કરવાથી ગોધરામાં બે પંચ વચ્ચે જે ગેરસમજ હતી તે દુર થઇ છે.

છેવટે પ્રમુખશ્રીએ પ્રતિનિધીની સંખ્યા સંબંધમાં દરેક એકમના ટેકાની સુચના કરતાં કપડવંજ તરફથી રા. કસ્તુરભાઈ દોશીએ, મહુધા–ચુણેલ–કાનમ અને સુરત તરફથી રા. મણીલાલ ભણસાળીએ, ગોધરા તરફથી રા. છોટાલાલભાઇએ, લુણાવાડા–વીરપુર તરફથી રા. શાન્તિલાલ વકીલે ને વેજલપુર તરફથી રા. મણીલાલ મહાસુખભાઇએ ટેકો આપ્યો હતો.

આ પછીની કલમો એક પછી એક કાર્યવાહી કમિટીની ભલામણ મુજબ થોડા શબ્દોની ફેરફારી સાથે પસાર થઈ હતી.

પ્રમુખની ચૂંટણી બાબતની કલમ હાથ ધરતાં રા. નગીનભાઇ વકીલે જણાવ્યું કે જે ગામે સંમેલન ભરાવાનું હોય ત્યાંના સ્થાનિક પ્રમુખ લેવા જોઇએ તેવું કશું નથી પરંતુ પ્રમુખ વિસા નીમા જૈન જ્ઞાતિના હોવા જોઇએ. પ્રમુખ નિમવાની સત્તા અધિવેશન બોલાવનાર એકમની છે પરંતુ પ્રમુખ સ્થાનિક ચુંટવા કે બહારના ચુંટવા તેનું સ્પષ્ટિકરણ ખરડાની કલમમાં કરવામાં આવેલું નથી તે નક્કી કરવું જોઇએ.

આથી ડોકટર ભાઈ માણેકલાલ નરસીદાસે પ્રમુખની ચૂંટણીની કલમ સંબંધમાં જણાવ્યું કે સ્વભાવીક રીતે સ્વાગત પ્રમુખ તો ગામના હોયજ, એટલે અધિવેશનના પ્રમુખ જો સ્થાનિક હોય તો તે બરાબર થશે નહિ. રીવાજ એવો છે કે જે પ્રાન્તમાં કોંગ્રેસ ભરવાની હોય તે પ્રાન્તનાં નહિ પણ બહારના પ્રમુખ હોય છે. એટલે બહારના પ્રમુખ ચૂંટવા એજ સાધારણ રવૈયો છે. આપણી બાબતમાં એવું છે કે આપણે પ્રતિનિધિઓની ચૂંટણી કરતા નથી. પરંતુ દરેક એકમ પસંદ કરીને મોકલે છે. જ્યારે દરેક એકમ પોતાના પંચો તરફથી પ્રતિનિધિઓ મોકલે છે અને પાંચે ગામના પંચોના, જેને આપણે સરનશીન માન્યા છે, તેઓજ પ્રમુખ તરીકે આવે તે વધારે ઇચ્છવા જોગ છે. જ્યારે આપણે પ્રતિનિધિઓની ચુંટણીનું તત્વ દાખલ કરીશું ત્યારે આપણે પ્રમુખની ચુંટણી કરવાનું પણ દાખલ કરીશું. ત્યાંસુધી આપણા સરનશીન શેઠ બાબુભાઇ મણીભાઇને પ્રમુખ તરીકે રાખીશું. માટે પ્રમુખની ચુંટણી અત્યારે કરવાની હોય નહિ.

આપણે પંચોનેજ અને તેમની મારફતેજ બધું કરવાનું રાખીશું તેજ ઠીક પડશે. અમારા ગોધરાના યુવાનોએ મરણ પાછળનાં જમણો બંધ કરાવવા ખુબજ મહેનત કરેલી પણ તેમાં ફત્તેહ મળેલી નહિ, પણ જ્યારે આપણા મંડળના સંમેલનમાં એવો ઠરાવ થયો ત્યારે દરેક પંચોએ તેને વધાવી લીધો અને તેનો અમલ થયો. એટલે હાલ તુરત આપણે પંચ અને બધા પંચોના સરનશીન કાયમ રાખીએ તે બરોબર છે. માટે ચુંટણીની કલમ રદ કરવા મારી વિનંતિ છે.

આથી આના ખુલાસામાં રા. નગીનદાસ દલસુખભાઇએ જણાવ્યું કે ચુંટણીની કલમ બંધારણમાં મોજુદ રાખવી જોઇએ. પરંતુ જેમ ડો. માણેકલાલભાઇએ કહ્યું તેમ પ્રતિનિધિઓની ચુંટણીની પ્રથા દાખલ થએ પ્રમુખની ચુંટણી દાખલ કરીશુ. ત્યાંસુધી શેઠ બાબુભાઈ આપણા પ્રમુખ તરીકે કાયમ રહે તે બરોબર છે.

આટલા વિવેચન પછી સંમેલને ડો. માણેકલાલભાઇની સુચનાને વધાવી લીધી હતી, તેમજ તાળીઓના ગડગડાટ વચ્ચે ચુંટણીની કલમ મંજુર રાખી હતી.

આ પછી થોડી બીજી કલમો થોડા ઘણા સુધારા વધારા સાથે પાસ કરી સાંજના છ વાગ્યા હોવાથી, દીવસની બેઠક બરખાસ્ત જાહેર કરી અને કામનો બોજ વધુ હોવાથી, બેઠક રાતના સાડાસાત વાગે પાછી શરૂ કરવાની જાહેરાત કરી હતી.

## રાતની બેઠક તા. ૨૯-૧૨-૪૫.

બરાબર રાતના સાડાસાત વાગે નિયુક્ત કરેલા ટાઇમે બેઠકની શરૂઆત થઇ હતી અને બંધારણની એક પછી એક કલમો હાથ ધરવામાં આવી હતી.

સંમેલનના કોરમ સંબંધી ચર્ચા કરતાં ભાઇ નગીનદાસ વકીલે જણાવ્યું કે કેટલાકોનું એવું માનવું છે કે કોરમની બાબતમાં મોટા એકમોવાળાઓને વધુ તક આપવામાં આવી છે. પરંતુ એક વાત ખાસ ધ્યાનમાં લેવાની છે કે, નાના એકમોનું હિત જોતાં એવી સ્થિતિ પેદા ન થવી જોઇએ કે બહુમતિનું કામ નાના એકમો અટકાવી શકે. માત્ર એટલો પ્રશ્ન રહે છે કે સંમેલન કોરમના અભાવે મુલત્વી રહે તો પછી ક્યારે ભરવું તે નક્કી કરવું જોઇએ.

આ પ્રશ્ન ઉપર પ્રમુખશ્રીએ સુચવ્યું કે દરેક એકમ ઉપર તારથી ખબર આપી બરાબર ૪૮ કલાક પછી મુલત્વી રહેલું સંમેલન, જે પ્રતિનિધિઓ આવેલા હોય તે પ્રતિનિધિઓ, વગર કોરમે ભરી શકે.

આના ઉપર સુધારો રજુ કરતાં ભાઇશ્રી રા. ચીમનલાલ ડાહ્યાભાઇએ ૪૮ કલાકના બદલે બે દીવસ રાખવા એમ સુચના કરી હતી. આથી બે પુરા દીવસ બાદ સંમેલન મળશે તેમાં કોરમની જરૂર રહેશે નહિ" એમ ઠરાવી તે કલમ પાસ કરી હતી.

ત્યારબાદ વધુ કલમો એક પછી એક હાથ ધરતાં થોડા ઘણા સુધારા વધારા સાથે પાસ કરવામાં આવી હતી.

મંડળના વાર્ષિક ચાલુ ખરચને પહોંચી વળવા રા. વાડીલાલ મનસુખરામ પારેખે જણાવ્યું કે દરેક એકમે કોઇને કોઈ ફાળો આપવો જોઇએ અને તેને માટે કાર્યવાહિ કમીટીમાં દરેક એકમે પોતાની વસ્તીના પ્રમાણમાં દર માણસે અંદાજે ચાર આના અથવા તેથી વધુની ગણત્રીએ જેટલી રકમ થાય તેટલી ઓછામાં ઓછી મોકલવી જોઇએ તેમ ઠરાવ્યું હતું. આ પ્રમાણે જણાવતાં દરેક પ્રતિનિધિઓએ તેનો સ્વીકાર કર્યો હતો.

આવી રીતે બંધારણની એકેએક કલમ પસાર થતાં રા. નગીનભાઈ વકીલે આખું બંધારણ સુધારા વધારા સાથે વાંચી જઇ મંજુર કરવાની દરખાસ્ત મુકી હતી અને તેને બધા પ્રતિનિધિઓએ મંજુરી આપવાથી તે મંજુર થયાનું જાહેર કર્યું હતું.

તુરતજ રા. નગીનભાઈ દલસુખભાઇએ આ બંધારણ ઘડનાર કમીટીનો અને તેમાં ખાસ મહેનત લઇ તૈયાર કરનાર ભાઇ નગીનભાઇ વકીલ, ભાઈ અજીતભાઈ મણીભાઈ તથા લુણાવાડાવાળા ભાઇ શાન્તિભાઇ વકીલનો આભાર માનવા દરખાસ્ત રજુ કરી હતી જેને ગોધરાવાળા રા. ગાંધી રમણલાલ છગનલાલે ટેકો આપ્યો હતો, આ પછી તુરતજ રાતના દસ વાગેલા હોવાથી આ બેઠક બરખાસ્ત જાહેર કરવામાં આવી હતી અને આવતી કાલની બેઠક બરોબર બપોરના એક વાગે શરૂ થશે એમ જાહેર કરવામાં આવ્યું હતું.

## ત્રીજો દીવસ ૩૦–૧૨–૪૫.

બપોરના એક વાગે સંમેલનની બેઠક શરૂ થઈ અને એક પછી એક ઠરાવો હાથમાં લેવામાં આવ્યા.

**ઠરાવ પહેલો :**–રા. રા. સોમાભાઇ પુનમચંદ વકીલે બે જુદા જુદા ઠરાવો એકી સાથે રજુ કર્યા હતા.

(૧) સંમેલન પ્રસંગે નીબંધો લખાવવા બાબત.

(૨) સંમેલન પ્રસંગે વ્યાયામ હરીફાઇ બાબત.

નિબંધ હરીફાઇના સમર્થનમાં બોલતાં રા. રા. સોમાભાઇએ જણાવ્યું કે વીદ્યાર્થીઓ ઘણું વાંચે છે પરંતુ તેમને પચાવવાનો સમય મલતો નથી. તેથી કરીને જો આપણે તેમને સ્પર્ધામાં ઉતરવા માટે નિબંધ લખવાનું સોંપીશું તો વિદ્યાર્થીઓએ વિચારવું પડશે. દાખલા તરીકે પ્રમુખશ્રી પોતે "જ્ઞાતીની સુધારણા" માટેના નિબંધ લખવાનુ પસંદ કરે અને તેવા નિબંધો વિદ્યાર્થીઓ પાસે માગે તો જ્ઞાતીને ઉંચે લાવવા માટે કઈ કઈ યોજનાઓ ઘડવી તે બાબતના જુદા જુદા વિચારો વિદ્યાર્થીઓ તરફથી આપણને સ્હેજે સાંપડશે. તેમજ વિદ્યાર્થીઓ જાતે વીચારવંત બની જ્ઞાતીની સુધારણા બાબતનો વિચાર કરતા થશે. આજ વિદ્યાર્થીઓ આપણી જ્ઞાતીના ભાવીના સંચાલકો છે. છેવટે આવા બધા નિબંધોનું તાત્પર્ય કહાડી કેળવણી કમિટી સંમેલન સમક્ષ રજુ કરે.

આપણે જાણીએ છીએ કે આપણામાં ત્રણ પ્રકારના વિચાર વર્ગ છે. એક વૃધ્ધોનો કે જેમને ચાલુ જમાનાનો સ્પર્શ પણ થયો નથી, બીજો વર્ગ સંમેલનની જવાબદારી લેનારો કે જે ઉમરે પુખ્ત હોવા છતાં જમાના સાથે આગળ વધવા માગે છે અને ત્રીજો વર્ગ તે યુવાનોનો છે. આ યુવાનો પાસે નિબંધો લખાવી તેમના વિચારો કઈ દીશા તરફ ધસડાઇ રહ્યા છે તેનો ખ્યાલ સંમેલનની જવાબદારી ઉપાડનારાઓને મળે તો તેઓને યોગ્ય દોરવણી આપવાની તેમને તક મલે. એટલે કે યુવાનોની માનસીક સ્થિતીનો પુરો ખ્યાલ સંમેલનના સંચાલકોને આપોઆપ મળે.

આવી રીતે નિબંધની હરીફાઈ ગોઠવવાનો મૂળભુત સીધ્ધાંત હું રજુ કરૂં છું.

વ્યાયામ હરીફાઇને લગતા ઠરાવ સંબંધમાં તેમણે જણાવ્યું કે હાલના જમાનામાં પહેલાંની આપોઆપ મળતી કસરત, જેવી કે રમત ગમતો, ગેડીદંડા, ગીલીદંડા, વીગેરે અનેક જાતની રમતો છોકરીઓમાટે દળવાની, પાણી ભરવાની, વીગેરે અનેક જાતની કસરતો આ બધુ અદ્રશ્ય થઇ ગયું છે. શારીરીક સ્થિતી કથળતી જાય છે. એટલા માટે શારીરીક શ્રમને ઉત્તેજન આપવું જોઇએ. અને તેમ કરવાથી મનના ગુણો, મનની મજબુતાઈ, નીર્ભયતા, નીડરતા વીગેરે શક્તિઓ કેળવાશે અને વધશે. હરીફાઈ ગોઠવવામાં આવે તો તે તરફ યુવાનોનું લક્ષ જરૂર દોરવાય અને પ્રતિક્રમણ અને પુજામાં જેમ પ્રભાવનાઓ થાય છે તેમ આ વ્યાયામ હરીફાઇને પણ ઇનામરૂપી પ્રભાવનાઓ કરી ઉત્તેજન આપવામાં આવે, તો જરૂર તેનાં ફળ સારાં આવે.

ઉપરના બેઉ ઠરાવોને ટેકો આપતાં રા. રા. ભાઇ નગીનદાસ દલસુખભાઇએ જણાવ્યું કે જેઓ પોતાના વિચારો બહાર મુકવા રહેજે અચકાય છે તેઓની મુશ્કેલી આ નિબંધ લેખનથી દૂર થઈ જશે. તેમજ વિદ્યાર્થિઓ કયા વિચાર-પ્રવાહ તરફ ખેંચાઇ રહ્યા છે તે પણ જણાઇ આવશે.

વ્યયામ હરીફાઈ બાબત બોલતાં તેમણે જણાવ્યુ કે યુવાન છોકરા છોકરીઓ અને બાળકો શારીરીક સ્થિતીમાં પછાત છે. ગામેગામ વ્યાયામશાળાઓ ખુલે એ જરૂરનું છે. અને એ દીશામાંજ આ પગલું છે.

સંમેલનના સ્થળે આવી હરીફાઈ રચાય તો જરૂર સરસ વાતાવરણ જામે. ઉપરના બંને ઠરાવે મંજુર થયા બાદ ભાઇ નગીનભાઈ દલસુખભાઇએ જાહેર કર્યું કે નિબંધ હરીફાઇ તેમજ વ્યાયામ હરીફાઈ માટે રૂપીઆ એકાવન એકાવન ઇનામો વહેંચવા માટે ભાઇ સોમાભાઈ પુનમચંદ તરફથી આપવામાં આવશે. ઇનામો કેટલી રકમના અને દરેક હરીફાઇમાં કેટલાં કેટલાં વીગેરે વિગત પ્રમુખશ્રી યોગ્ય ટાઇમે જાહેર કરશે.

**ઠરાવ બીજો:**–ત્યારબાદ તળાજા મુર્તી ખંડન સ્હમેનો વીરોધ દર્શાવતો ઠરાવ રા. રા. ભાઇ ગીરધરલાલ હેમચંદે રજુ કર્યો હતો અને તેને રા. રા. ભાઇ મણીલાલ લલુભાઇએ ટેકો આપતાં તે સર્વાનુમતે પસાર થયો હતો.

દરમીઆન મેનેજીંગ કમીટીના સભ્યોની નામાવલી તૈયાર થઈ ગએલી હોવાથી ભાઇ વાડીલાલ મનસુખરામ પારેખે તેની જાહેરાત કરી હતી. સાથે સાથે ગામેગામ સ્થાનિક સેક્રેટરીઓની પણ નીમણુક કરવામાં આવી હતી તેની પણ નોંધ લીધી હતી. વિગત નીચે મુજબ :—

### મેનેજીંગ કમીટીના સભ્યો :—

| | | |
|---|---|---|
| પરીખ રમણભાઈ મણીભાઈ, | પ્રમુખ. | |
| ભણસાળી મણીલાલ ચુનીલાલ, | સેક્રેટરી. | |
| પરીખ છોટાલાલ મનસુખભાઈ, | કોષાધ્યક્ષ | કોઓપ્ટ. |
| શાહ મણીલાલ ગીરધરલાલ, | સેક્રેટરી | |

**કપડવણજ :–**

પારેખ વાડીલાલ મનસુખરામ
ડોકટર રમણલાલ વાડીલાલ
ગાંધી નગીનદાસ વાડીલાલ
ગાંધી નગીનદાસ ગણુભાઇ
દોસી કસ્તુરભાઇ નગીનદાસ
પરીખ નગીનદાસ બાલાભાઇ

**ગોધરા :–**

શાહ ગીરધરલાલ હેમચંદ
ગાંધી રમણલાલ છગનલાલ
શાહ નગીનદાસ મહાસુખભાઈ મનસુખભાઈ
શાહ રતીલાલ શામળદાસ
દોસી મણીલાલ લલુભાઈ જગજીવનદાસ

**વેજલપુર :–**

ગાંધી રતીલાલ પાનાચંદ ખેમચંદ
ગાંધી શાંતીલાલ મુળચંદ

**લુણાવાડા વીરપુર :–**

ગાંધી શાંતીલાલ ગુલાબચંદ
શાહ ચીમનલાલ રાયચંદ
શાહ નગીનદાસ ચુનીલાલ

**મહુધા-ચુણેલ-કાનમ-સુરત :–**

મહેતા ભીખુભાઇ છોટાલાલ
શાહ હીંમતલાલ જીવાભાઇ
દોસી શામળદાસ ભુરાભાઈ
શાહ મણીલાલ માણેકચંદ

ઉપર પ્રમાણે કુલે મેનેજીંગ કમીટીના ચોવીસ સભ્યો થાય છે. બધારણની કલમ ૧૬ પ્રમાણે કુલે પચીસ સભ્યો જોઇએ. પરંતુ પ્રમુખશ્રીની જગ્યા, હાલ તુરત રા. રા. શેઠ બાબુભાઈ મણીભાઇને નીમી, બીજો ઠરાવ ના કરીએ ત્યાંસુધી કાયમની ઠરાવી હોવાથી, તેમજ પાછલા અધિવેશનના પ્રમુખને ચાલુ અધિવેશનના પ્રમુખ એમ બે જગ્યા એકજ પ્રમુખથી રોકાતી હોવાથી સભ્યો પચીસને બદલે ચોવીસ થાય છે.

## સ્થાનિક સેક્રેટરીઓ :

પરીખ નગીનદાસ બાલાભાઈ શ્રી. અષ્ટાપદજીની ખડકી, કપડવણજ.

પરેખ માણેકલાલ મહાસુખભાઇ, વસનજી અંદરજીવાળા, } ગોધરા.

દોશી મણીલાલ પાનાચંદ વસનજી, સાથરીઆ બજાર } ગોધરા.

ગાંધી રતીલાલ પાનાચંદ ખેમચંદ ખરસાલીઆ થઇને (સ્ટે.) વેજલપુર.

શાં. અમૃતલાલ લલ્લુભાઈ, પીપલી બજાર, લુણાવાડા.

દોશી ગાંડાલાલ નગીનદાસ બજારમાં, મહુધા.

દોશી શામળદાસ ભુરાભાઇ, બજારમાં, ચુણેલ.

શા. નગીનદાસ દલસુખભાઇ, મહાજનવાડો, માંડવીની પોળ, અમદાવાદ.

શા. હીરાલાલ વાડીલાલ, સ્વદેશી મારકીટ, બીજે માળે, મુંબઈ.

**ઠરાવ ત્રીજો** :–ત્યારબાદ ભાઇ રમણલાલ સોમાભાઇ ડૉક્ટરે ઉન્હાળાની રજાઓમાં વિદ્યાર્થીઓનો તાલીમ-વર્ગ ખોલવા બાબત વીચાર કરવા અને એક વગદાર કમિટી નીમવા કાર્યવાહી કમિટીને સત્તા આપતો ઠરાવ રજુ કર્યો હતો.

સમર્થનમાં તેઓએ જણાવ્યું કે આવો તાલીમ વર્ગ ખોલવાથી તેમાં ચર્ચા, વાર્તાલાપ, વ્યાયામ, સમુહજીવન, વીનય, વીવેક, સ્વચ્છતા, નીડરતા વીગેરે અનેક પ્રયોગો થશે તેમજ ગુણો કેળવાશે. વહેવારીક સાથે ધાર્મિક કેળવણી પણ આપી શકાશે. આનો ભાર આજના વિદ્યાર્થીઓ સ્વતંત્રપણે ઉપાડી શકે છે. વિદ્યાર્થીઓને દોરવવાની અને તેમને ઉત્તેજન આપવાની જરૂર છે. આ જમાનામાં સંકુચિત માનસ ચાલે તેમ નથી. જ્ઞાતીની ઉન્નતી તેમજ દેશની ઉન્નતી માટે આ યોજના સ્વીકારી લેવા મારી સર્વને વિનંતી છે. ખરચના કારણે આ ઠરાવ વેગળો મુકાવો ના જોઇએ. અને સર્વે ભાઇઓ કાર્યવાહી સમિતીના ઠરાવમાં જણાવ્યા મુજબની સત્તા આપવાને સંમત થશો.

આ ઠરાવને રા. રા. રમણલાલ છગનલાલ ગાંધી ગોધરાવાલાએ ટેકો આપતાં તે સર્વાનુમતે પસાર થયો હતો.

**ઠરાવ ચોથો** :–ભોજનશાળા અંગેનો ઠરાવ કાર્યવાહી સમિતીમાં ચર્ચાએલો હોવાથી અને તે મુજબ દરેક ઠેકાણે ભોજનાલય ચાલુ કરવામાં આવે તે ઇચ્છવા જોગ હોઈ તે માટે ભલામણ કરતો ઠરાવ રા. રા. શા. નગીનદાસ દલસુખભાઇએ રજુ કરતાં પસાર થયો હતો.

**ઠરાવ પાંચમો :** રડવા કુટવાના રીવાજોને નાબુદ કરવા બાબતનો ઠરાવ અ. સૌ. બેન મેનાંબેન વાડીલાલ પારેખે રજુ કરતાં જણાવ્યું હતું કે આ રીવાજ તદન નાબુદ કરવોજ જોઇએ. આ રીવાજ નિંદનીય છે, તેમજ આર્તધ્યાન કરાવનારો છે. કુદરતી રીતે દરેક માણસને પોતાનું સબંધી ગુમાવતાં રડવું જરૂર આવે એને માટે કંઈ વાંધો હોય નહી. પણ જેઓ રડવા સાથે રડવા લાગે છે અને કુટવા સાથે કુટવા લાગે છે તે રીવાજ સામે જરૂર વાંધો છે. આપણે ખરી રીતે મરનારના સંબંધીને સંસારની અસારતા અને જૈન ધર્મની શૈલીએ કર્મની ઘટનાઓ રજુ કરી શાંતવન આપવું જોઇએ. નહી કે રડવા અને કુટવાને પ્રોત્સાહન આપવું જોઇએ. આસ્તે આસ્તે રડવા કુટવાનો એક રીવાજજ બંધાઈ ગયો છે. એટલે જો કોઈ રડવા અગર કુટવા ના લાગે તેનુ વહેવારમાં ખોટું દેખાય અને સમાજ તેની નીંદા કરવામાં પડે; પરંતુ આવા રીવાજને આવા મંડળના મારફતે તિલાંજલી આપવી જોઇએ. પાંચે ગામના ભાઈ બ્હેનો એકમત થઇ નીર્ણય કરે તો પછી વહેવારમાં ખોટું લાગવા પણુ કે તેમની નિંદા થવા પણુ રહે નહી અને દરેક હીમતથી તે રીવાજનો સામનો કરી શકે અને નિંદા કરતાં બંધ થઇ જાય. આ માટે મારી આપ સૌ ભાઇઓ અને બ્હેનોને આ રીવાજને તિલાંજલી આપવાનો ઠરાવ કરવા ભલામણ છે.

ઉપરોક્ત ઠરાવને સૌ. લલિતાબેન મણીલાલ ભણશાળીએ તથા સૌ. પરસનબેન સંકરલાલ બુલાભાઈએ ટેકો આપ્યો હતો. વધુમાં કુ. હસુમતીબ્હેન માણેકલાલ ડોકટરે જણાવ્યું હતું કે, પ્રભુ મહાવીરના અનુયાયીઓ હોય તેઓ રડવા કુટવાના અને આક્રંદ કરવાના રીવાજમાં બીલકુલ માને નહી. આ રીવાજથી આશ્વાસન તો નથીજ મલતુ પરંતુ ઉલટું કુટુંબની તંદુરસ્તીને ભારે હાની પહોંચાડે છે. આ રીવાજને જંગલી રીવાજ કહેતાં તેને દુર કરવાનો હું સર્વને આગ્રહ કરૂ છું.

આ બાબત વધુ વિવેચન થયા બાદ એમ ઠરાવવામાં આવ્યું કે આ રિવાજને કોઈએ પ્રોત્સાહન તો આપવુંજ નહિ અને વધારામાં "કોઇપણ મરણ પાછળ લોકીત કરવાની મુદત માત્ર પંદર દીવસની ઠરાવવામાં આવે છે." તે પ્રમાણે સૌ. બ્હેન મેનાંબ્હેનના મુળ ઠરાવમાં સુધારો દાખલ કરી ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

**ઠરાવ છઠ્ઠો :**—રા. રા. ભાઈ શનીભાઈ માસ્તરે દરેક ગામે યુવક મંડળો સ્થાપી સંમેલન પ્રસંગે તેઓ ઉત્સાહપુર્વક ભાગ લે તેમજ સંયુકત કાર્યક્રમો ગોઠવી શકે તે માટે યુવક મંડળો સ્થાપવાનો ઠરાવ રજુ કર્યો હતો. ઠરાવને સમર્થન કરતાં તેઓ એ જણાવ્યું કે યુવકો અને યુવક મંડળોમાં મને રસ છે. છેલા પંદર વરસથી હુ એ કાર્ય કરી રહ્યો છું. યુવકની શકિત ઉભરાઈ ચાલી જાય છે, એટલી તે જોરદાર છે. તેનો સદ્વ્યય થાય, તેમની શકિત સંગઠિન થાય, તો તેઓ ઘણાં કામ કરી શકે અને જ્ઞાતીને તેનો લાભ મળી શકે. મ્હેં મ્હારા અનુભવમાં એવા શકિતશાળી યુવકો જોયા છે કે જે કદી પાછી પાની કરેજ નહિ. વહેવારીક, શારીરીક અને ધાર્મિક કેળવણી આપવામાં સહાયભુત થવાનો આ એકજ ઉપાય અને તે માત્ર મંડળોજ છે.

ડોકટર કાંતીલાલ માણેકલાલે ટેકો આપતાં જણાવ્યું કે આજનો યુવક એ સમાજનો સ્તંભ છે. તેનું સંગઠન તેજ સમાજનો અને દેશનો ઉધ્ધાર છે. તેઓ સંગઠિત હશે તો સંમેલનમાં સંગઠીત રીતે પોતાના વિચારો રજુ કરી શકશે. પોતાનુ પ્રતિનિધિત્વ દીપાવશે. કેટલાક એવો ભય રાખે છે કે આવા મંડળો સંમેલનને તોડી પાડશે. એવો ભય નકામો છે. તેઓ આપણુને તેઓની સંગઠીત સેવા આપી શકશે.

આ ઠરાવને વધુ ટેકો આપતાં રા. રા. વાડીલાલ મનસુખરામ પારેખે જણાવ્યું કે સર્વ શકિતનો સમુહ એ એક ન્હાના એટમ બોમ્બમાં જ્યારે કરી શકીએ છીએ ત્યારે આપણને સ્હેજે આપણા યુવક વર્ગની શકતીનો સમુહ એ કેવુ કામ કરી શકે તેનો ખ્યાલ આવે છે. આપણા વૃધ્ધો અને મોટેરાઓ આ શકિતનો ઉપયોગ કરે તો મને ખાત્રી છે કે તેઓ એટમ બોમ્બ જેટલી શકિત મેળવી શકશે. આપણી જે ખરી પુંજી છે તે આપનો યુવાન વર્ગ છે. તેને સંગઠીત કરી કેળવીશું તો મ્હોટી પ્રગતી સાધી શકીશું. મોટેરાઓ પાસે પૈસા છે કે જેનાવિના યુવકો આગળ પગલું ભરવાને સાધારણ રીતે અશકત હોય છે. મોટેરાઓએ તે સમજીને એ વર્ગને અનુભવરૂપી દોરવણી તેમજ પૈસાથી ઉતેજન આપવું જોઇએ. માત્ર પૈસાને જાળવી રાખે તે જળવાવાના નથી. યુવકો પાસે તે પૈસા તમારે જળવાવવા હોય તો તમે તેમને જરૂર આપનાવી લેશો.

આવી રીતે વીવેચન થયા બાદ દરેક પંચોને યુવક મંડળો સ્થાપવા ભલામણ કરી ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

તે પછી પલ્લાનો રિવાજ એકસરખો હોવો જોઇએ તે બાબત રજુ કરતાં રા. રા. વાડીલાલ પારેખે જણાવ્યું કે કાર્યવાહી કમિટીમાં જે સોના સંબધી ભલામણ કરવામાં આવી છે, તે સોનું અથવા સોનાના દાગીના એમ સમજવું. વધુ વિવેચન કરતાં તેઓએ જણાવ્યું કે આ ઠરાવ આપણી દીકરીઓના ભાવીના રક્ષણનો છે. એટલે દરેકે આ બાબત પર પુરેપુરો વિચાર કરવો ઘટે છે. તેની સાથે સાધારણ સ્થિતિના માણસોની શકિતનો પણ વિચાર કરવાનો રહે છે. અને તે બધુ લક્ષમાં લેતા મને લાગે છે કે લુણાવાડામાં પલ્લું જે રૂપીઆ પંદરસોનું રોકડાનું છે તે પ્રમાણે પણ જો રાખવામાં આવે તો તેમાં સર્વે બાબતોનો સમાવેશ થઇ જાય છે તેમ લાગ્યા વગર નહિ રહે. રોકડાનો એકસરખો રિવાજ હોય તો જ્યારે એક એકમવાળા બીજા એકમમાં દીકરી આપે ત્યારે જરૂર સરળતા રહે.

બ્હેનોને પણ બે અક્ષર કહેવાની જરૂર છે. તે એ છે કે આ સ્ત્રીધન છે, અને તે ભાવિની મુસ્કેલીઓનો સામનો કરવા માટેનીજ રકમ છે. તેને ગમે તેમ વેડફી નાખવામાં આવે તે તેમને માટે વ્યાજબી નથી. માટે આ સ્ત્રીધનને ઘણી કાળજીથી સાચવી રાખવું જોઇએ એટલુંજ નહિ પણ તેમાં દિન પર દિન તેની આવકમાંથી વધારો કરતા જવું જોઇએ જાત્રાએ જવામાં અને તેવાં બીજા કામોમાં આ પૈસાને હાથ ન જ લગાડવો જોઇએ કારણ કે આ તો ( Emergency Exit ) યાને નાઠાબારી છે.

ડોકટર માણેકલાલભાઇએ જણાવ્યું કે આ જે ઠરાવ મુકયો છે તે સ્ત્રીઓના જીવન મરણનો પ્રશ્ન છે. એટલે જુદા જુદા એકમોના અભિપ્રાય લેઈ, તેમજ કાયદેસર આ બાબતમાં શું કરવું સલાહ ભરેલું છે તે માટે ધારાશાસ્ત્રીઓની સલાહ લેઈ ઠરાવ કરવો જરૂરી છે. માટે ઉતાવળે ઠરાવ પસાર નહિ કરતાં આ ઠરાવ માટે એક સિલેકટ કમિટી નિમવી જોઇએ. જેઓ આવતા અધિવેશનમાં આ ઠરાવ, પ્રમુખશ્રીની સંમતિ મેળવી, પાસ કરાવા રજુ કરે.

આ દરખાસ્તને ગાંધી રમણલાલ છગનલાલ તથા દોસી કસ્તુરલાલ નગીનદાસે ટેકો આપતાં દરખાસ્ત પસાર થઈ હતી. અને ઠરાવ આવતા સંમેલન ઉપર મુલતવી રહ્યો હતો.

ત્યાર બાદ બેઠક ચા પાણી માટે અડધો કલાક મુલતવી રહી હતી. બેઠક ફરી મળતાં રા. ભીખુભાઈ છોટાલાલ મહેતાએ એક બુલેટિન કાઢવા તથા આપણી જ્ઞાતિનો ઇતિહાસ તૈયાર કરવા બાબતનો ઠરાવ રજુ કર્યો હતો. ભાઈ હિંમતલાલ જીવાભાઇ તથા ભાઈ મણિલાલ ભણસાળીએ ટેકો આપતાં આ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો, અને તેની કમીટી નીમવા માટે પ્રમુખશ્રીને સત્તા આપી હતી.

બાદ ભાઈ મણિલાલ ભણસાલીએ લોન સ્કીમની બાબત પાછી હાથ ધરતાં જણાવ્યું, કે ગયા સંમેલનમાં ઠરાવ પહેલો સર્વાનુમતે પસાર થએલો છે. ત્યાર બાદ ઘણી ચર્ચાઓ થઈ છે. પરંતુ કોઇપણ જાતની સ્કીમ તૈયાર થઈ નથી. ઘણા ભાઇઓની આ બાબત ઉપર સુચનાઓ પણ આવી છે, તેમાં મુખ્ય સુર એ છે કે આપણી જ્ઞાતિમાં કોઈ નિરક્ષર ન રહેવું જોઇએ. કોંગ્રેસની પણ આજ યોજના છે. દરેકે કેટલી કેળવણી ફરજીઆત લેવી જોઇએ, તે નક્કી કરવું જોઇએ. આ માટે આગળ પગલું ભરવા એક ફંડ ભેગું કરવું જરૂરી છે. દરેકે તેમાં પોતાની શકિત મુજબ પૈસા આપવા જોઇએ.

આ સ્કીમમાં કંઈ દાન આપવાનું કે દાન લેવાનું નથી, પરંતુ આપણી થાપણ હંમેશને માટે જમે મુકવાની છે અને ભણવા માટે જરૂર પડે ત્યારે પૈસા ઉછીના લેવાના છે જે આપણે દોકડે દોકડો પાછો વાળવાનો છે. અને પાછો વાળવો તે દરેકની ફરજ છે તેમ દરેકે સમજવાનું છે આ ફંડમાંથી ધાર્મિક, પ્રાથમિક અને સેકેન્ડરી વિગેરે શિક્ષણો માટે ગ્રાન્ટો અને સ્કોલરશિપો, તેમજ મેટ્રિક પછીના હાયર એજ્યુકેશન માટે લોન આપવાની યોજનાનો સમાવેશ કરવામાં આવશે. આ માટે આપણે રૂપીઆ બે લાખ જેટલી મોટી રકમ ભેગી કરીએ તોજ આપણે ધારેલી નેમ પાર પાડી શકીએ, આ ઇચ્છાએ અને ધારણાથી આપની સમક્ષ હું નીચેનો ઠરાવ રજુ કરું છું.

"આ સંમેલન હાયર એજ્યુકેશન માટે લોન, તેમજ ધાર્મિક, અને સેકેન્ડરી એજ્યુકેશન માટે મદદગાર થઈ પડે તે માટે જરૂરી ફંડ ભેગું કરવા એક વગવાળી કમિટી નીમવા પ્રમુખશ્રીને સત્તા આપે છે અને કમિટી જોઇતી વિગતો મેળવી તેમજ ફંડ એકઠું કરવા માટે દરેક પ્રયત્નો કરી, આખી સ્કીમ પ્રમુખ સાહેબ પાસે ટુંક સમયમાં રજુ કરે તેવી ભલામણ કરે છે. પ્રમુખશ્રીને આ યોજના ટુંક સમયમાં અમલમાં લાવવા પ્રયત્ન કરવા પડે તે કરવા સત્તા આપે છે અને બનતી ત્વરાએ સ્કીમને હસ્તીમાં લાવવા આગ્રહ જે કાંઈ કરે છે."

આ ઠરાવના સમર્થનમાં બોલતાં ભાઈ વાડીલાલ પારેખે જણાવ્યું કે, આ એક આપણે આપણા દીકરા દીકરીઓને ભણાવવાની શરાફી પેઢી ઉભી કરીએ છીએ. જેને ભણવા માટે મદદની જરૂર હોય તેને આ પેઢી સાથ આપશે. કોને કયે વખતે કેવી અને કેટલી જરૂર પડશે તે ભાવિની વાત છે. માટે આજે જેને કુદરતે આપ્યું છે તેઓ દરેક પોતાનો યથાશકિત ફાળો આમાં આપે તેજ ઇચ્છિવાજોગ છે. કાલ કોને દીઠી છે? સર્વે ભાઇઓનો ટેકો હશે તો આ એક મુશ્કેલ દેખાતી બાબત તદ્દન સહેલી થઈ જશે.

ત્યારબાદ ડૉકટર રમણલાલ વાડીલાલ કપડવંજવાલાએ ઠરાવને ટેકો આપતાં જણાવ્યું કે, ઠરાવ બાદ દોઢ દોઢ વરસના વહાણાં વહીં ગયાં. આ સંમેલનની બેઠક પણ પૂરી થવા આવી છતાં હજુ આપણે એક પણ ડગલું આગળ વધી શકયા નથી. મારો સર્વે ભાઇઓને આગ્રહ છે કે આ બેઠકની પૂર્ણાહુતી થાય તે પહેલાં આ યોજનાને મૂર્તિમંત સ્વરૂપ આપવું જોઇએ. કોઇ એક વિરલો ડોનેશન (સખાવત) જાહેર કરે તો મારૂં માનવું છે કે આને વેગ મળતાં વાર લાગશે નહિ. ઇન્કમટેક્ષ અને સુપરટેક્ષ જેવા ટેક્ષો વગર આનાકાનીએ ભરો છો તો પછી આવા કેળવણીના કામમાં પૈસા આપતાં અચકાવું તો નાજ જોઇએ.

તુરતજ ભાઇ વાડીલાલ પારેખે ભાઇ રમણલાલને ટેકો આપતાં જણાવ્યું કે જો અત્યારેજ કામ હાથ પર લેવાશે તો મારી ખાત્રી છે કે સારી રકમો મળવામાં વાંધો આવશે નહિ. આપણી જ્ઞાતિમાં આંગળીના વેઢાં કરતાં પણ વધારે બહાર જાય એટલા લાખો પતિઓ છે. તા. ૨૭-૧૨-૪૫ ના રોજ ભરાએલી કાર્યવાહી કમીટીએ આ અંગે યોજના ઘડવા એક કમીટી નીમેલી તે કમીટીની યોજનામાં જણાવેલ છે તે હિસાબે આ ફંડને જે કોઇ ભાઈ રૂપીઆ **વીસ હજાર** આપે તેનું નામ આ ફંડ સાથે જોડવામાં આવશે તે હિસાબે એક ભાઇ વિસ હજાર આપવા તૈયાર થયા છે. અને બીજા ભાઈ રૂપીઆ દશ હજાર આપવા પણ તૈયાર છે. આપણામાં શરૂઆત કરી કામ સરાડે ચઢાવવાની તમન્ના જોઇએ વિસ હજાર આપનાર ભાઇએ વધારામાં એક એવી શરત રજુ કરી છે કે. જો **બીજા જે કોઈ ભાઈ એકવીસ હજાર કે તેથી વધારે રકમ આપવા બહાર પડે** તો પોતે પોતાના **વીસ હજાર કાયમ રાખી તે ભાઇનું નામ જોડવા રાજી છે.** આવી તક રોજ સાંપડતી નથી એટલે કે ચેલેંજ ઉપાડી લેવા જેવા છે મને મારા અંતઃકરણમાંથી જવાબ મળે છે કે આ ભાઇની ઉમેદ જરૂર બર આવશે અને ચેલેંજ ઉપાડનાર જરૂર મળી રહેશે.

ત્યારબાદ ભાઇ મહાસુખભાઇ મનસુખભાઇએ આ સ્કીમ સંબંધી બોલતાં જણાવ્યું કે જે ભાઇઓ વિસ હજાર અને દશ હજાર આપવાના છે તે ભાઇઓ ભાઈ વાડીલાલ મનસુખરામ પારેખ પોતે તથા ભાઇ ચીમનલાલ ડાહ્યાભાઇ પરીખ છે. તેઓ બન્નેની આ ઉદાર ભાવનાને હું ધન્યવાદ આપું છું અને ભાઇ વાડીભાઇની ચેલેન્જ ઉપાડી લેવા અને તેમ કરી ઉત્સાહમાં ઉમેરો કરવા હું સર્વે ભાઇઓને ભલામણ કરું છું.

ડોક્ટર રમણલાલે વિસ હજારમાં સસ્તું નામ અપાઇ જાય છે, તે માટે દરેકને સાવચેત કરી હાકલ કરી હતી, કે કોઇ રૂપીઆ પચીસ હજાર આપી નામ જરૂર નોંધાવે. આટલી શરૂઆત થતાંની સાથેજ લોન સ્કીમને વેગવાન બનતી જોઇ તેની ફતેહમાં સુર પુરાવતાં તાલીઓના ગડગડાટ વચ્ચે બધા એકદમ હરખમાં આવી ગયા હતા.

તે પછી પ્રમુખસ્થાનેથી જાહેર કરવામાં આવ્યું હતું કે ત્રીજા અધિવેશન માટે મહુધા-ચુણેલ-કાનમ-સુરત તરફથી આમંત્રણ મળ્યું છે અને તેનો સ્વીકાર કરવામાં આવે છે, આ જાહેરાતને સર્વેએ તાલીઓથી વધાવી લીધી હતી.

ભાઇ ભીખુભાઇ મહેતાએ તુરતજ મહુધા-ચુણેલ-કાનમ-સુરત તરફથી કરવામાં આવેલી માંગણીનો સ્વીકાર કરવા માટે સર્વનો આભાર માન્યો હતો. ત્યારબાદ પ્રમુખશ્રીએ પોતાનું ઉપસંહારનું ભાષણ શરૂ કર્યું હતું.

## પ્રમુખશ્રીનું ભાષણ.

" મુરબ્બીઓ, " ડેલીગેટ ભાઇઓ અને બ્હેનો,

આપે મને બીજી વખતે પ્રમુખનું માનવંતુ સ્થાન આપી આભારી કર્યો છે. તે માન ફક્ત મને નહિ પણ મારા કુટુંબને આભારી છે તેમ હું માનતો આવ્યો છું. આપે વખતો વખત મારા માટે તેમજ મારા કુટુંબ માટે લાગણીભર્યા હૃદયથી જે જે ઉદ્દગારો કાઢયા છે તે માટે હું આપનો અત્યંત આભારી છું. બંધારણના વિવેચન વખતે અને ભવિષ્યના પ્રમુખ માટેની ચુંટણી સંબંધીની કલમના

વિવેચન વખતે પણ આપે ભવિષ્યના અનિશ્ચિત વખત સુધી મનેજ પ્રમુખ તરીકેનો હોદ્દો સોંપવા માટે લાગણી વ્યકત કરી છે, અને તે રીતે મને વધુ આભારી કર્યો છે. આપણી સંસ્થા કુમળી વયની હોવાના કારણે અને ચુંટણીની પ્રથા ( Election ) કરતાં પસંદગીની પ્રથા ( Selection ) અનુસાર પ્રમુખ નીમાય તે સિદ્ધાંત આપે સ્વીકારી પ્રેસિડેન્ટ માટેની પસંદગી મારા ઉપર ઉતારી, પરંતુ તે સિધ્ધાન્ત સંબંધમાં આપની સાથે હું સંમત થાઉં તો પણ મારા અંગત અભિપ્રાય પ્રમાણે તે પસંદગી મારા એકલાનાજ માટે રિઝર્વ નહિ રાખતાં દરેક વર્ષે આપણી કોમ પૈકીના બીજા લાયક, વિદ્વાન તથા અનુભવી સદ્‌ગૃહસ્થો માટે રાખવી જોઇતી હતી. મને જરા પણ જાણ કર્યા સિવાય, મારા પ્રત્યેની આપણી લાગણીના ઉભરામાં આપે એકાએક ભર સભામાં મારા માથે આપની પસંદગી બેસાડી દીધી અને તે રીતે મારો અભિપ્રાય જાણુવાની પણ તક લીધી નહિ અને તે રીતે આપે મને હા તેમજ ના ન પાડી શકાય તેવી સ્થિતિમાં મુકયો છે. તે સંજોગોમાં મારે આપને જણાવવાની જરૂર રહે છે તેમજ મારા હૃદયનાં ઉંડાણુમાંથી આપને જણાવવાની રજા લઉં છું કે આપની અને આપણી કોમની સેવા આજન્મ પર્યન્ત કરવા માટે હું બંધાએલો છું એટલુંજ નહિ પણ જે આપે મારા પ્રત્યે વર્તાવ કર્યો છે તે લાગણી માટે પણ હું આપને વધુ કહેવાની હિંમત કરી શકતો નથી. પરંતુ મારી ઇચ્છા છે કે આપને યોગ્ય લાગે તે વહેલી તકે પ્રમુખ તરીકની જવાબદારીમાંથી મને મૂકત કરશો, અને તે બહુમાન આપણી જ્ઞાતિના બીજા ડાહ્યા અને લાયક માણુસને આપશો.

આ સંમેલનના સંચાલન સંબંધમાં મારો અંગત અભિપ્રાય આપની રૂબરૂ વ્યકત કરવાની તક લઉં છું. સંમેલન શરૂ થયું ત્યારથી આજે પુરૂ થવાનું છે ત્યાં સુધી દરેક વખતે તમામ સભ્યોએ જે આદરતા પુર્વક. વિનય પુર્વક અને ભાવપુર્વક પોતાના મંતવ્યો રજુ કર્યા છે, અને જે શિસ્ત તેઓએ જાળવી છે અને અરસપરસ જે ભ્રાતૃભાવ દાખવ્યો છે, તે જોઇ હું મારા હૃદયમાં ઉંડે ઉંડે અતિ હર્ષની લાગણી અનુભવી રહ્યો છું. અને તે માટે આપ સર્વેને અભિનંદન આપું છું. જે જે વિવેચનો થયાં હતાં તે ઘણી ઉંચા કક્ષાનાં હતાં, તેમજ તે આપણી ઉન્નતિની નિશાની રૂપ હતાં હું આશા રાખું છું કે ભવિષ્યના સમ્મેલનોમાં આપ સર્વે તેવીજ કક્ષા જાળવી રાખશો.

સંમેલન ભરવાના હેતુઓ અને તેથી નિપજતા ફાયદાઓ માટે વખતો વખત વિવેચનો થયેલાં છે. ગયું સમેલન પહેલું પગથિયું હતું. અને આ સંમેલન માત્ર બીજુજ પગથિયું છે. છતાં આપ સર્વેએ તેમાં જે રસ લીધો છે, તે જોતાં મારી ખાત્રી થાય છે કે આપણા હેતુઓ આપણે ઘણી સહેલાઇથી પાર પાડી શકીશું. આ સભામાં જે જે વિચારો રજુ થયા છે, તે તે વિચારો અને તેની પાછળની પુર્વ ભૂમિકા તપાસીએ તો, આપને લાગ્યા વગર રહેશે નહિ કે આ વિચારો આપણા સંમેલનની અસરમાંથીજ નિપજેલા છે. અને તેજ દેખાડી આપે છે કે આપણા માનસમાં પરિવર્તન શરૂ થયેલું છે. ખરી રીતે માનવીના માનસનું પરિવર્તન થવું તે ઘણી મુસ્કેલ વસ્તુ છે એટલાજ માટે આ પરિવર્તન આપણા સંમેલનની સાચી સિધ્ધિ છે. તેનું મુલ જેટલું આંકીએ તેટલું ઓછું છે. આપણી સામે ઘણા પ્રશ્નો પડેલા છે તે વાત ખરી છે, છતાં તેનો આપણે વિચાર કરતા થયા છીએ તે કોઇ ઓછી સિધ્ધિ નથી. એવા ઘણાએ ખંતીલા યુવાનો છે કે જેઓ ખરેખર માને છે કે આપણે ઘણું ઓછું કરી શકયા છીએ અને તેજ તેમની તમન્નાનું પ્રતિબિંબ છે. પરતુ આપણી પાસેના કાર્યો એટલાં મહાન છે કે જો કે આપણી ગમે તેટલી સિધ્ધિ થઇ હોય છતાં ખંતીલા યુવાનોને તો તે નાની

લાગશેજ, અને તેજ લાગણી આપણને પુરેપુરા સિદ્ધિના છેડે લઇ જઇ શકશે. આવા યુવાનોને હું ખરેખર ધન્યવાદ આપું છું અને હું આશા રાખું છું કે આપણા સમ્મેલનના તમામ સભ્યો આ યુવાનોના જેટલીજ ધગશ રાખવા પ્રયત્ન કરશે અને તોજ આપણું કામ ઉત્તરોત્તર સુલભ અને રસદાયિ બનિ રહેશે અને આપણને આપણા ધ્યેયની વધુને વધુ નજીક લઇ જઈ શકશે; આના પ્રત્યક્ષ દાખલા તરીકે (૧) મરણ પાછળની ન્યાતો કરવા સબંધિનો રિવાજ (૨) બહાર ગામના વરપાસેથી વધુ કર લેવાનો રિવાજ વિગેરે બંધ કરવા માટે વ્યક્તિગત ઘણા પ્રયત્નો કેટલાક એકમોએ વર્ષોથી કરેલ હોવા છતાં સિદ્ધિ મળેલી નહિ, તે સિદ્ધ ફક્ત પહેલાજ સંમેલનના ઠરાવથી આપણને મળી શકી છે. આ રીતે આપણાં આવા સંમેલનનો મારફતેજ આપણે સામાજીક ક્ષેત્રમાં ગુંગળાઇ રહેલી આપણી પ્રવૃત્તિઓને આગળ ધપાવી શકીશું. અને સામાજીક ક્ષેત્રમાં આગળ ધપવાના આપણી સંસ્થાના હિતુઓને સિદ્ધિ કરી શકીશું આપણે જે જે ઠરાવો હાલમાં માત્ર ભલામણ રૂપે કરીએ છીએ તેને દરેક એકમ વધાવીલે અને અમલ કરે તેવી મારી પ્રાર્થના છે.

લોન સ્કીમ બાબતની રૂપરેખા તો આપની આગળ રજુ થઈ છે. સારા જેવા ભંડોળની તેમાં જરૂર છે. આપણે જાણીએ છીએ કે તે સ્કીમનો મુળ આશય આપણી કોમના લાયક વિદ્યાર્થીઓને કેળવણી માટે પુરેપુરી સગવડ આપી, કોમમાં કેળવણીનો વધારો કરી આપણી ઉન્નત્તિ સાધવાનો છે, તેમાં આપ સૌ ગૃહસ્થો ઉદાર રીતે હાથ લંબાવવા ચુકશો નહિ તેની મને પુરેપુરી ખાત્રી છે.

આવીજ રીતે ભવિષ્યમાં પણ આપણે અનેક જાતનાં જ્ઞાતિની ઉન્નત્તિનાં કામો કરી, સિદ્ધી મેળવીએ તેવી એક નહિ પણ અનેક આશાઓ હું સેવી રહ્યો છું.

આ સંમેલનના સંચાલકોએ કેટલીએયુક્તિ પ્રયુક્તિથી આટલુ શોભાસ્પદ અને શાન્તિ ભરેલુ વ્યવસ્થિત કામ કરી, તે બાબતની પોતાની ઇંતેજારી અને તમન્ના પુરવાર કરી છે. આવી અનેરી તૈયારીઓ વ્યવસ્થા અને તેમાં નિતરી રહેલા ઉત્સાહને માટે હું સર્વ સંચાલકોનો અંતઃકરણથી ફરીથી આભાર માનું છું.

પ્રમુખ સાહેબનું ભાષણ પુરૂ થતાં ભાઇ વાડીલાલ પારેખે જણાવ્યું કે અમો કપડવણજ મુકામે ભરાએલા પ્રથમ અધિવેશનની વ્યવસ્થા માટે ઘણો ગર્વ લેતા હતા. પરંતુ અત્રે આવ્યા પછી અત્રેની વ્યવસ્થા અને તમન્ના જોઇ અમારે અમારૂ શિર ઝુકાવવું પડે છે, અને આવી સુંદર વ્યવસ્થા જોઇ તેમજ સગવડો, ઉદારતા, કાર્ય કરવાની ધગશ, વિનય, વિવેક એવી અનેક રીતિઓ જોતાં તેનું વર્ણન કરવા મને શબ્દ જડતા નથી. આ રીતે સંમેલનની પ્રગતિ થતી જોઇ આનંદ થાય છે. ભાઈ છોટાલાલ ભાઇ રતિલાલ, માસ્તર શનિલાલ, સ્વયંસેવકો, અને સ્વાગત્ સમિતિના સભ્યોએ જે જે અનોખી વ્યવસ્થા કરી છે તેનો માત્ર થોડા શબ્દોમાં તમો સર્વેનીવતિ હું ઉપકાર માનું છું. આજે આપણે મગરૂર છીએ કે જેમ લુહાર લોખંડના જુદાજુદા ટુકડાઓને તાવ મારી એક કરે છે તેમ આપણે, આવા સંમેલનનો દ્વારા જુદા જુદા એકમોમાં વહેંચાઇ ગએલા આપણે, આજે ઘણો કાળ વિતી ગયેલ હોવા છતાં, એક થઇ રહ્યા છીએ. ફરીથી આવી સુંદર વ્યવસ્થા કરવા માટે સર્વ કાર્યકરોનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

ત્યારબાદ ભાઇનગીનદાસ દલસુખભાઇએ જણાવ્યું કે અમો ગોધરા વાસીઓએ પાંચે ગામને આમંત્રી, જે કાંઇ નાની મ્હોટી સેવા અમારાથી બની તે કરી છે. ખામીઓ જરૂર હશે, અને તે નીભાવી લઇ આપે અમોને આભારી કર્યા છે. અમારા આમંત્રણને માન આપી પધારવા બદલ તથા સંમેલનને સાથ આપવા બદલ સર્વ પ્રતિનિધિ અને પ્રેક્ષક ભાઇઓનો હું આભાર માનું છું. તેમજ મેમાનોની સરભરામાં સહકાર આપવા માટે ગોધરાના જ્ઞાતિ ભાઇઓનો પણ આભાર માનું છું. સંમેલનની વ્યવસ્થા માટે સ્વયંસેવક મંડળ અને રા. રા. ગીરધરલાલ હિરાચંદનો આભાર માનું છું. તંબુ માટે મોટા દીલવાળા બારીઆ સ્ટેટનો આભાર માનું છું. તેમજ ભોજન ખર્ચ અને ચાપાણીનો ખર્ચ ઉપાડી લેનાર સદ્ગૃહસ્થો અને વ્યવસ્થા કરનાર સ્વયંસેવકો તથા શનિભાઇ માસ્તરનો અને પાંજરાપોળના વ્યવસ્થાપકોનો આભાર માનું છું.

આ સ્થળે જે જે ભાઇઓ તરફથી ભોજન ખર્ચ તથા ચાપાણીના ખર્ચની વ્યવસ્થા કરવામાં આવી હતી, તેની વિગત આપવાની રિપોર્ટર તરીકેની અમારી ફરજ સમજી, અમોને નીચે મુજબ વિગત આપતાં આનંદ થાય છે :—

**ભોજન ખર્ચ**

ડૉકટર માણેકલાલ નરસીંહદાસ.
પરીખ છોટાલાલ મનસુખલાલ.
શા. રતિલાલ એન્ડ નગીનદાસ બ્રધર્સ.
શા. મગનલાલ બાપુજી.
મોદી મગનલાલ નરસીંહદાસ.
શા. મહાસુખલાલ મનસુખલાલ અમરચંદ.

**ચાપાણીનુ ખર્ચ**

શા. છગનલાલ મનસુખલાલ અમરચંદ.
શા. ગીરધરલાલ હીરાચંદ.

**સ્વાગત સમિતિનુ ખર્ચ**

ડોકટર માણેકલાલ નરસીંહદાસ.
પરીખ છોટાલાલ મનસુખલાલ.
શા. રતિલાલ એન્ડ નગીનદાસ બ્રધર્સ.

ભાઇ નગીનદાસ દલસુખભાઇએ પોતાનું આભાર દર્શનનું ભાષણ પુરૂં કરતાં પહેલાં સંમેલનનું કાર્ય કુનેહથી ચલાવવા બદલ પ્રમુખશ્રીનો આભાર માનતી દરખાસ્ત રજુ કરી હતી. જેને ભાઇ વાડીલાલ પારેખે ટેકો આપતાં સર્વેએ તાલીઓથી વધાવી લીધી હતી.

ત્યારબાદ લોન સ્કીમનું બાકી રહેલું કામ હાથ ધરવા પ્રમુખશ્રીએ જણાવી નીચે મુજબની રકમો ભરાયાનું જાહેર કર્યું હતું.

| | | |
|---|---|---|
| રૂ. ૨૦૦૦૧) | ભાઈ વાડીલાલ મનસુખરામ પારેખ | કપડવણજવાળા |
| રૂ. ૧૦૦૦૧) | ભાઇ ચીમનલાલ ડાહ્યાભાઇ પરીખ | કપડવણજવાળા |
| રૂ. ૫૦૦૧) | ભાઇ મહાસુખલાલ મનસુખલાલ અમરચંદ | ગોધરાવાળા |

ભંડોળ ભેગું કરનાર તથા બંધારણ ઘડનાર કમીટીના સભ્યોના નામ આ પછી નીચે મુજબ જાહેર કરવામાં આવ્યાં હતાં.

ભંડોળ ભેગુ કરનારી કમીટી :-

| | |
|---|---|
| શેઠ બાબુભાઇ મણીભાઇ<br>પારેખ વાડીલાલ મનસુખરામ ( કન્વીનર )<br>ગાંધી શંકરલાલ છગનલાલ મુલજીભાઇ<br>શાહ વાડીલાલ મગનલાલ જેઠાભાઇ | કપડવંજ |
| ડૉકટર માણેકલાલ નરસીંહદાસ<br>પરીખ છોટાલાલ મનસુખલાલ<br>શાહ રતીલાલ શામળદાસ | ગોધરા |
| ગાંધી રતીલાલ પાનાચંદ<br>ગાંધી નગીનલાલ વાડીલાલ નાથજીભાઈ | વેજલપુર |
| શાહ પ્રાણલાલ કરમચંદ<br>શાહ દલસુખભાઇ ગોપાળદાસ | લુણાવાડા |
| દોશી શાન્તિલાલ કાલીદાસ<br>શાહ હિંમતલાલ જીવાભાઇ | મહુધા |

લોન સ્કીમનું બંધારણ ઘડનાર કમિટીના સભ્યો :—

ડૉકટર માણેકલાલ નરસીંહદાસ—ચેરમેન
ગાંધી નગીનભાઇ વાડીલાલ
પરીખ અજીતભાઇ મણીભાઇ
ભણશાળી મણીલાલ ચુનીલાલ
વકીલ શાન્તિલાલ ગુલાબચંદ
શાહ વાડીલાલ છગનલાલ ઝવેરદાસ
શાહ કાન્તિલાલ મહાસુખભાઇ અમીચંદ
શાહ નગીનદાસ મહાસુખભાઈ મનસુખભાઈ

ત્યારબાદ પ્રમુખશ્રીના શુભ હસ્તે રા. શનીભાઈ માસ્તરને તેમણે કરેલી સ્વાગતની સુવ્યવસ્થાની કદરમાં સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

સાંજના છ વાગે આજની દીવસની બેઠક બરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ કામના દબાણને લીધે સંમેલનની બેઠક ચાલુ રાખવાનુ નક્કી કરી, રાતના આઠ વાગે સર્વે ભાઇઓને સંમેલનની બેઠકમાં પધારવા વિનંતી કરવામાં આવી હતી.

તા. ૩૦—૧૨—૪૫.
રાતન આઠ વાગે.

આ બેઠકમાં લોન સ્કીમની સમજુત આપતાં તથા ફંડ માટે અપીલ કરતાં, વિસ્તારપૂર્વકનાં વિવેચન થયાં હતાં.

## સ્વ. ભાઇ કેશવલાલ વાડીલાલ

(વેજલપુરવાળા)



જેઓએ કપડવણુજ આવી, કપડવણુજ તાલુકાની પેદાસનો લાભ લેવાને સાહસ કરી "મફતલાલ કાન્તીલાલ ઑઇલ મીલ" સ્થાપી તેમજ બીજી રીતે ધંધાની અંદર બહુજ આગળ પડતો ભાગ લેતા થયા.

રા. વાડીલાલ મનસુખરામ પારેખે જણાવ્યું કે લોન સ્કીમનું ભંડોળ સન્માર્ગે વપરાય તે જોવાની દરેકની ઈચ્છા હોય. હું ખાત્રીથી કહી શકું છું કે લોન સ્કીમ માટે બરાબર રીતે બંધારણ ઘડવામાં આવશે અને તેમાં સર્વે ભાઇઓની અનુમતિ હશે. તેની વિગતવાર વિચારણા થશે. કોઇની ખોટી લાગવગ ચાલે નહિ તે ધ્યાનમાં રાખવામાં આવશે. બંધારણમાં છટકબારી રહે તથા અન્યાયનું તત્વ ઘુસી જાય નહિ તે માટે પૂરતી કાળજી રાખવામાં આવશે. આ સ્કીમને પાંચે ગામના ભાગીદારોની મજીયારી પેઢી સમજવાની છે. તેમાંથી વિદ્યાર્થીઓને ભણવા માટે રકમ ધીરવાની છે અને તે શરૂઆતમાં વગર વ્યાજે આપવાની છે. ધીરેલા પૈસા સહીસલામત છે એમ સમજીને પૈસા આપવાના છે. આ પૈસાથી ભણેલા વિદ્યાર્થીઓ આ સ્કીમમાં પૈસા જરૂર આપશે. હાલ તુરત રૂા. ૨૦) હજાર આપવાનું નામ સ્કીમ સાથે જોડવાની શરત કરેલી છે. પરંતુ હું જાહેર કરૂં છું કે રૂા. ૨૧) હજાર અથવા તેથી વધારે રકમ બીજા કોઇ ભાઇ આપશે તો હું મ્હારૂં નામ પાછું ખેંચી લેઇશ, પરંતુ રૂા. ૨૦) હજાર આપવાની મારી ઓફર કાયમ રાખીશ.

રા. મણીલાલ ચુનીલાલ ભણસાળીએ જણાવ્યું કે શેઠ વાડીલાલ ભાઇએ ઉપર જણાવેલી પોતાની ઓફર ત્રણ માસ માટે ખુલ્લી રાખી છે. એ મુદ્દત દરમ્યાન કોઇ ભાઇ ઉપર જણાવ્યા પ્રમાણે વધારે રકમ આપશે તો તેમનું શુભ નામ આ સ્કીમ સાથે જોડવામાં આવશે. આ નામ જ્ઞાતિની હસ્તિ હશે ત્યાંસુધી રહેવાનું છે. વધારે ઓફર આવતાં શેઠ વાડીલાલભાઇનું નામ મુખ્ય સંસ્થાપક તરીકે રહેશે. રૂા. ૧૦૦૦૦) એકે દશ હજાર આપનાર ભાઇશ્રી ચીમનલાલનું નામ સ્કીમના સહ-સંસ્થાપક તરીકે ગણાશે. રૂા. ૫૦૦૦) આપનાર ભાઇઓને આશ્રયદાતા ગણવામાં આવશે અને તેઓ રૂા. ૨૦૦૦) તથા રૂા. ૩૦૦૦) એમ બે હપ્તે આખી રકમ ભરી શકશે. રૂા. ૨૦૦૦) અથવા બે હપ્તે રૂપીઆ હજાર હજાર આપનારને ફાઉન્ડર પેટ્રન ગણવામાં આવશે. રૂા. ૧૫૦૦) આપનારને પેટ્રન ગણવામાં આવશે. રૂા. ૧૦૦૦) આપનારને વાઇસ પેટ્રન ગણવામાં આવશે. રૂા. ૫૦૧) આપનારને આજીવન સભ્ય ગણવામાં આવશે. આ ઉપરાંત રૂા. ૧૦) ૨૫) અથવા તેથી વધારેનો ફાળો આ ફંડમાં આપી શકાય તેવી સગવડ કરવામાં આવશે. મોટી રકમનો ફાળો ભરનારને અમુક સત્તાઓ આપવામાં આવશે. એ ઉપરાંત ફંડમાં જુદી જુદી રીતિએ રકમો ભરવાની સમજુતી આપવામાં આવી હતી.

રા. વાડીલાલ મનસુખરામ પારેખે તે પછી ફંડ માટે એક જુસ્સાદાર અપીલ કરી હતી તેમણે ખડાલ ગામના એક વિદ્યાર્થીની ભણવાની ધગશ અને તેના મનોબળનો દાખલો આપી તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલયની યોજનાઓનો ઉલ્લેખ કરી, જણાવ્યું હતું કે આ ફંડની તીજોરી તો ભરાવાની છે, પણ તે માટે તમારા આશીર્વાદ માગીએ છીએ. અમારી ભીખની ઝોળી ભરી દો. અમારી ઝોળી ખાલી તો નથી રહેવાની, અમે પૈસા તો લઇશું પણ તમો દીલથી આપો, એવી અમારી માગણી તો જરૂરજ છે.

તે પછી ભાઇ મણીલાલ ચુનીલાલ ભણશાળી, ભાઈ મણીલાલ માણેકચંદ શાહ, ભાઇ ભીખુભાઇ છોટાલાલ મહેતા, વિગેરેએ લોનસ્કીમની જરૂરીઆત દર્શાવતાં ફંડ માટે જોરદાર અપીલ કરી હતી.

આ બેઠક રાત્રે ૧૧॥ ના સુમારે પુરી થતાં સુધીમાં નીચેની વધુ રકમો ભરાઈ હતી.

| | | |
|---|---|---|
| રૂા. ૫૦૦૧) | સૌ. મેના બેન વાડીલાલ પારેખ | કપડવણજવાળા |
| રૂા. ૫૦૦૧) | ગાંધી વાડીલાલ નાથજીભાઈ. | વેજેલપુરવાળા |
| રૂા. ૫૦૦૧) | શાહ મગનલાલ જેઠાભાઈ. હ. વાડીલાલ મગનલાલ જીનવાળા. | કપડવણજ |

ચોથો દિવસ.
તા. ૩૧-૧૨-૪૫.
સમય :— બપોરના ૧-૩૦ કલાકે.

શરૂઆતમાં ફંડ કમીટી તથા બંધારણ કમીટીનાં નામ ફરીથી જાહેર કરવામાં આવ્યાં હતાં.

ફંડમાં અપીલના જુવાબમાં નીચે પ્રમાણેની વધુ રકમો ભરાઈ હતી :—

રૂા. ૧૦૦૧ ) પહેલે વરસે અને ત્યાર પછી આજીવન દર વરસે રૂા. ૫૦૧ )—
શ્રી. શેઠ છોટાલાલ મનસુખલાલ પરીખ ગોધરાવાળા.
રૂા. ૫૦૧ ) અ. સૌ. સમરત બ્હેન હા. શેઠ છોટાલાલ મનસુખલાલ પરીખ ગોધરાવાળા.
રૂા. ૨૦૦૧ ) ગાંધી પાનાચંદ ખેમચંદ વેજલપુરવાળા.
રૂા. ૫૦૧ ) ગં. સ્વ. ચંપાબ્હેન પાનાચંદ ,,
રૂા. ૨૦૦૧ ) ગાંધી મંગળદાસ ગીરધરલાલ વેજલપુરવાળા.
રૂા. ૫૦૧ ) ગં. સ્વ. ઉમેદબેન મંગળદાસ તથા પરધાનબ્હેન મંગળદાસ ,,
રૂા. ૧૫૦૧ ) શાહ શામળદાસ ભુરાભાઈ સુણેલવાળા.
રૂા. ૨૦૦૧ ) શાહ ગીરધરલાલ હેમચંદ દાહોદવાળા.
રૂા. ૫૦૧ ) અ. સૌ. ભુરજબેન ગીરધરલાલ ,,
રૂા. ૨૦૦૧ ) શાહ મહાસુખભાઇ જેચંદભાઇ હેમચંદ ,,
રૂા. ૫૦૧ ) અ. સૌ. પરધાનબ્હેન મહાસુખલાલ ,,
રૂા. ૫૦૧ ) ગં. સ્વ. જેકોરબ્હેન તે ભાઇ મહાસુખભાઈ જેચંદભાઇનાં માતુશ્રી ,,
રૂા. ૫૦૧ ) અ. સૌ. ચંચળબ્હેન ચુનીલાલ ભણશાળી, મહુધાવાળા.
હ. લલીતાબ્હેન મણીલાલ ભણશાળી.
રૂા. ૧૦૦૧ ) મેસર્સ રમણલાલ માણેકલાલની કંપની ઊંઝાવાળા.
રૂા. ૫૦૧ ) દોશી શંકરલાલ ભુરાભાઈ ઓધવજી ગોધરાવાળા.
રૂા. ૨૦૦૧ ) દોશી લલ્લુભાઇ જગજીવનદાસ ,,
રૂા. ૨૦૦૧ ) ડૉ. માણેકલાલ નરસીંહદાસ ,,
રૂા. ૫૦૧ ) અ. સૌ. ભુરજબ્હેન માણેકલાલ ,,
રૂા. ૧૦૦૧ ) શાહ મહાસુખલાલ મનસુખલાલ હરીલાલ ,,
રૂા. ૨૦૦૧ ) દોશી વાડીલાલ મગનલાલ મનસુખલાલ ,,
રૂા. ૫૦૧ ) અ. સૌ. ચંપાબ્હેન વાડીલાલ મગનલાલ
રૂા. ૫૦૧ ) અ. સૌ. ઉમેદબ્હેન હા. વાડીલાલ મગનલાલ મનસુખલાલ ,,
રૂા. ૧૦૦૧ ) શાહ ગીરધરલાલ અમીચંદ ,,
રૂા. ૧૦૦૧ ) શાહ મગનલાલ બાપુજી ,,
રૂા. ૧૦૦૧ ) શાહ રતીલાલ એન્ડ નગીનદાસ શામળદાસ, કાપડીઆ ,,
રૂા. ૨૦૧ ) (દર વરસે આ જીવન સુધી) શાહ મહાસુખલાલ વીરચંદ શ્રોફ ,,
રૂા. ૨૦૧ ) હપતો પહેલો અને રૂા. ૧૦૧ આ જીવન સુધી દર વરસે
શા. મંગળદાસ ગીરધરલાલ સખીદાસ ભુદરજીવાળા
રૂા. ૧૦૧ ) (દર વરસે આ જીવન સુધી) શાહ મગનલાલ દલસુખભાઇ વીરચંદ.

# શ્રી. ભાઇ કાન્તીલાલ વાડીલાલ

(વેજલપુરવાળા)

બીજા અધિવેશનમાં એજ્યુકેશનલ ફંડ માટેની ભાઇ વાડીલાલ પારેખે આપેલી ઓફર સ્વીકારી રૂા. ૨૧૦૦૧) આપવા જેઓ સંમત થયા હતા.



તેઓએ ભાઈ કેશવલાલના સ્વર્ગવાસ પછી બધા ધંધાની ઑઈલ મીલ વિગેરેની લગામ હાથમાં લઇ તેને દીપાવ્યો છે. વળી તેઓએ ઉપર મુજબની કબુલેલી રકમ એજ્યુકેશનમાંજ વાપરી શ્રી વેજલપુરમાં તેમના નામથી સ્કુલ ચાલુ કરી છે, તેમજ અવર નવર છુટે હાથે દાન કરતા જાય છે. આ પુસ્તક છપાવવામાં પણ તેઓએ રૂા. ૫૦૧) જેવી મોટી રકમ આપી પોતાની દાનવૃત્તિ દીપાવી છે.

તદ્‌પરાંત સંમેલન પુરૂ થયા બાદ અને તા. ૧૫-૬-૪૬ સુધીમાં રીપોર્ટ છપાતાં પહેલાં જે ભાઈઓ તરફથી રકમો ભરવામાં આવી તેની વિગત :—

| | | |
|---|---|---|
| ૨૫૧ ) | જ્ઞાતિના એક સદ્‌ગૃહસ્થ તરફથી ગુપ્ત દાન તરીકે. | |
| ૨૦૦૧ ) | શેઠ વેલજીભાઈ મોતીચંદ હા. દલસુખભાઇ | લુણાવાડાવાળા |
| ૧૫૦૧ ) | બ્હેન જેકોર બ્હેન. હા. દલસુખભાઇ શેઠ વેલજીભાઈ મોતીચંદવાળા | ,, |
| ૧૦૦૧ ) | ગાંધી લલ્લુભાઈ ખેમચંદ | ,, |
| ૧૦૦૧ ) | શેઠ લલ્લુભાઈ ધનજીભાઇ હા. ભાઇ અમૃતલાલ | ,, |
| ૧૦૦૧ ) | તેલી ડાહ્યાભાઈ શીવલાલ | ,, |
| ૧૦૦૧ ) | શા. કાળીદાસ લલ્લુભાઈ, હા. ભાઇ ખેમચંદભાઈ | ,, |
| ૫૦૧ ) | તેલી અમરચંદ લક્ષ્મીદાસ, હા. ભાઇ માણેકલાલ | ,, |
| ૨૫૧ ) | બ્હેન ધીરજ બ્હેન, હા. ભાઈ અમૃતલાલ લલ્લુભાઇ | ,, |
| ૨૫૧ ) | શા. કાળીદાસ લલ્લુભાઈ, હા. ભાઇ પ્રાણલાલ | ,, |
| ૨૫૧ ) | ગાંધી વ્રજલાલ હરજીવનદાસ, હા. ભાઇ હીરાલાલ ખેમચંદ | ,, |
| ૨૫૧ ) | શા. શંકરલાલ ગોપાળદાસ, હા. ભાઈ મણીલાલ | ,, |
| ૧૦૦૧ ) | શા. મહાસુખભાઈ અમીચંદ, હા. ભાઇ કાન્તીલાલ મહાસુખભાઈ તથા ભાઇ શાન્તીલાલ મહાસુખભાઈ ( ઇન્કમટેક્સ ઓફીસર્સ ) | વેજળપુરવાળા |

## મંડળની મગરૂરી ભરેલી ફતેહ :—

વેજલપુરવાળા શ્રીયુત. ગાંધી વાડીલાલ નાથજીભાઇના સુપુત્ર ભાઈ કાન્તીલાલ વાડીલાલે પોતાના સ્વર્ગસ્થ ભાઇ કેશવલાલ વાડીલાલનું બહુમાન કરી લોન સ્કીમને તેમનું મુબારક નામ ચીરકાળ સુધી કાયમ કરવા, પોતાના પ્રથમ ભરેલા રૂા. ૫૦૦૧) માં ઊમેરો કરી રૂા. ૨૧૦૦૧ ) ની નાદર રકમ આપી, ભાઈ વાડીલાલ મનસુરામની ઊમેદને ( તા. ૩૧-૩-૪૬ ની મુદતની અંદર ) સંતોષી, આ લોન સ્કીમને નીચે નામથી ઓળખાવવાનું કાયમ કીધું છે :—

હવેથી આ લોન સ્કીમ **" ગાંધી કેશવલાલ વાડીલાલ નાથજીભાઈ વિસાનીમા જૈન વિદ્યોત્તેજક લોન ફંડ "** તરીકે ઓળખાશે.

## વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ઉત્તેજન આપતાં ઇનામો :—

સંમેલનના કાર્યની પૂર્ણાહુતિ થયા પહેલાં વિદ્યાર્થીનીઓને ઊત્તેજન આપવા નીચે પ્રમાણેનાં ઇનામો જાહેર કરવામાં આવ્યાં હતાં :—

(૧) પાંચે ગામના વિદ્યાર્થીનીઓ મેટ્રીકની પરીક્ષામાં પાસ થાય તેમને પરીણામના ટકાની રૂઈએ ઇનામો આપવાની વીગત :—

(અ) પહેલા નંબરને :-રૂા. ૨૫) રોકડાનુ ઇનામ રા. રા. શાહ મહાસુખલાલ મનસુખલાલ હરીલાલ ગોધરાવાળા તરફથી.

(બ) બીજા નંબરને :-તોલા ૧૫ ) ના ચાંદીના " રેંડીઆ કપ " નુ ઇનામ મેસર્સ. એફ. પી. કેમીકલ વર્કસ ગોધરાવાળા તરફથી.

(ક) ત્રીજા નંબરને :— તોલા ૧૨ ) ના ચાંદીના કપનું ઇનામ ચોકસી મફતલાલ શાંતીલાલ ની કુાં. ગોધરાવાળા તરફથી.

(૨) મેટ્રીક સુધીના ઊંચામાં ઊંચા કોઈ પણ ધોરણમાં પાંચે ગામમાંથી જે વિદ્યાર્થીની વધુ ટકા મેળવે તેને રૂા. ૧૫) નું રોકડાનું ઇનામ શા. પુનમચંદ ગીરધરલાલ ગોધરાવાળા તરફથી તેમનાં ધર્મપત્નિ બ્હેન ચંપાં બ્હેન હીરાચંદના નામથી.

**તા. ક.**–ઉપરનાં ઇનામોમાંથી એ અર્થ નીકળે છે કે જો કોઇ વીદ્યાર્થિની મેટ્રીકમાં પાંચે ગામમાં વધુ ટકાએ પાસ થાય તો તેને નં. ૧ (અ) અને નં. ૨ એમ બેઉ ઇનામો મળે. આ બીનાની ખાસ નોંધ લેવી જોઇએ.

(૩) ઇનામ રૂા. ૧૧) રોકડાનુ પાંચે ગામમાંથી મેટ્રીકમાં બધાજ વિદ્યાર્થિ અને વિદ્યાર્થિનીઓ, જેઓને પરીક્ષામાં બેસવાનાં ફોર્મ મળેલાં હોય (ભલે પાસ થાય કે ના થાય) અને જેઓને પંચ પ્રતિક્રમણ મુળ અથવા બે પ્રતિક્રમણ અર્થ સહીત આવડતાં હોય, તેમને તેમના ગામની પાઠશાળાના માસ્તર તરફથી તેવું સર્ટીફીકેટ મળેથી, ભાઇ જવેરલાલ સીવાભાઈ તથા ભાઈ રતનચંદ કુબેરદાસ કપડવણજવાલા તરફથી ઇનામ આપવામાં આવશે. એક વખત ઇનામ મળેલ હશે તેને બીજી વખત ઇનામ મેળવવાનો હક રહેશે નહી.

## કન્યા અને સ્ત્રીઓ માટેજ :—

## (૪) ધાર્મીક અભ્યાસ માટેનાં ઇનામો–જૈન એજ્યુકેશનલ બોર્ડની પરિક્ષાઓને આધારે :—

**કન્યા ધોરણ પહેલું** :—(અ) ઇનામ રૂા. ૧૧ રોકડાનું પાંચે ગામમાં જે વધુમાં વધુ ટકા મેળવે તેને બ્હેન મેનાંબ્હેન વાડીલાલ પરિખ તરફથી. (બ) ઇનામ રૂા. ૭) રોકડાનું પાંચે ગામમાં જે બીજા નંબરે આવે તેને બ્હેન મેનાંબ્હેન વાડીલાલ પરિખ તરફથી.

**કન્યા ધોરણ બીજું** :—ઇનામ રૂા. ૧૫) રોકડાનું પાંચે ગામમાં જે વધુમાં વધુ ટકા મેળવે તેમને ભાઈ પુનમચંદ ગીરધરલાલ ગોધરાવાળા તરફથી તેમનાં સ્વ. પત્નિ બ્હેન ચંપાબ્હેન પાનાચંદના નામથી.

**સ્ત્રી ધોરણ પહેલું** :—ઇનામ રૂા. ૧૧) રોકડાનું પાંચે ગામમાંથી જે વધુમાં વધુ ટકા મેળવે તેમને ભાઇ સોમચંદ મગનલાલ જગજીવનદાસ તરફથી બાઇ માણેક બ્હેન તે શા. ખુશાલદાસ જુઠાભાઇવાળા મહાસુખલાલ નરસીંહદાસની દીકરી ગોધરાવાળા તરફથી.

**સ્ત્રી ધોરણ બીજું** :—ઇનામ રૂા. ૧૫) રોકડાનું અથવા તેટલી કીંમતની કોઈ ધાર્મીક ચીજનુ પાંચે ગામમાંથી જે વધુમાં વધુ ટકા મેળવે તેમને ભાઈ ફુલચંદ નાથજીભાઇ હેમચંદ બાંડીબારવાળા તરફથી.

**સ્ત્રી ધોરણ ત્રીજું** :—ઇનામ રૂા. ૧૧) રોકડાનુ પાંચે ગામમાંથી જે વધુ ટકા મેળવે તેને ભાઇ કેસવલાલ પુનમચંદ લલ્લુભાઇ જીવણદાસ કપડવણજવાળા તરફથી.

## બાળકો અને પુરૂષો માટે જ :—

## (૫) ધાર્મીક અભ્યાસ માટેનાં ઇનામો–જૈન એજ્યુકેશનલ બોર્ડની પરિક્ષાઓને આધારે :—

**બાળ ધોરણ પહેલું** :—(અ) ઇનામ રૂા. ૧૧) રોકડાનું પાંચે ગામમાં જે વધુમાં વધુ ટકા મેળવે તેને બ્હેન મેનાંબ્હેન વાડીલાલ પરિખ તરફથી.

(બ) ઇનામ રૂા. ૭) રોકડાનું પાંચે ગામમાં જે બીજા નંબરે આવે તેને બ્હેન મેનાંબ્હેન વાડીલાલ પરિખ તરફથી.

**બાળ ધોરણ બીજું :**—ઇનામ રૂા. ૧૧) રોકડાનું પાંચે ગામમાં જે વધુમાં વધુ ટકા મેળવે તેને ભાઈ સોમચંદ મગનલાલ તરફથી બ્હેન માણેકબ્હેન તે શાહ ખુશાલદાસ ભુલાભાઇવાળા મહાસુખલાલ નરસીંહદાસની દીકરી ગોધરાવાળાના નામથી.

**પુરૂષ ધોરણ પહેલું :**—ઇનામ રૂા. ૨૫) નું અથવા તેટલી કીંમતની ચાંદીની વસ્તુ પાંચે ગામમાંથી પરીક્ષામાં વધુમાં વધુ ટકા મેળવે તેને ભાઈ કાંતિલાલ અમૃતલાલ મનસુખલાલ ગોધરાવાળા તરફથી.

**પુરૂષ ધોરણ બીજું :**—ઇનામ રૂા. ૧૧) રોકડાનું પાંચે ગામમાંથી જે વધુમાં વધુ ટકા મેળવે તેને ભાઈ કેશવલાલ પુનમચંદ લલ્લુભાઇ જીવણદાસ કપડવણજવાળા તરફથી.

( ૬ ) હીમ સોનાનો ચંદ્રક (મેડલ) નંગ ૧) આશરે તોલા ૦॥ નો પાંચે ગામની પાઠશાળાઓના માસ્તરોમાં જે માસ્તરની પાઠશાળાનું રીઝલ્ટ વધારેમાં વધારે સારૂ આવે અને કાર્યવાહી કમીટી જે પ્રમાણે નીર્ણય કરે તેને ભાઈ પાનાચંદ લલ્લુભાઈ ગોધરાવાળા તરફથી સં. ૨૦૦૨ની સાલની પરીક્ષાના પરીણામ ઉપરથી ભેટ આપવામા આવશે.

( ૭ ) (અ) ઇનામ રૂા. ૧૫૧) રોકડાનું પાંચે ગામમાથી જે ભાઈ કોઇ પણ જાતની એન્જીનીઅરીંગની પરીક્ષામાં પાસ થઇ ડીપ્લોમા મેળવે તેમને ભાઈ વાડીલાલ મનસુખરામ પરિખ તરફથી ઇનામ આપવામાં આવશે એકથી વધુ વિદ્યાર્થી હોય તો દરેકને રૂા. ૭૫) નું ઇનામ આપવામાં આવશે.

(બ) કોઈ વરસ ઇનામ લેનાર વિદ્યાર્થિ ન હોય તો તે રૂા. ૧૫૧ ) ની રકમ એન્જીનીઅરીંગ એજ્યુકેશન ખાતે જમા કરવામાં આવશે અને જરૂર પડે યોગ્ય વિદ્યાર્થિને તેમાંથી સ્કોલરશીપના રૂપમાં મદદ આપવામાં આવશે.

ઉપરના ઇનામની યોજનાઓની ખબર દરેક ગામે બે માસમાં મોકલવામાં આવશે. (અને તે પ્રમાણે પરિપત્ર નં. ૩ મારફતે જાહેરાત આ પહેલાં કરી દેવામાં આવી છે.)

ત્યારબાદ રા. જયંતિલાલ મંગળદાસે જણાવ્યું કે સંમેલન સફળ થયું છે. આપણામાં સેવાની ભાવના વધી છે. નાના મોટા બધાઓને રસ પડયો છે. વિદ્યાર્થીઓમાં ભણવાની ધગશ ઉત્તેજીત થઇ છે. યુવકોમાં સેવાની ધગશ જાગી છે. આ બધીજ આપણી પ્રગતિની નિશાનીઓ છે.

આ સંમેલનની સફળતામાં ભાઈ શ્રી. વાડીલાલ મનસુખરામ પરિખનો મોટો ફાળો છે. તેઓ આપણા 'સરદાર' બન્યા છે. હવેથી આપણે તેમને જરૂર 'સરદાર'ના નામથી સંબોધીશું. પરંતુ તેમની દોરવણી નીચે આપણે યુવાનો જરૂર આગળ વધીએ. તે માટે પુરો પ્રયત્ન કરવો જોઇએ. ભાઈ શ્રી વાડીલાલને પ્રભુ લાંબુ આયુષ્ય આપે અને તેઓ સંમેલનને વધારે સેવા આપવા સમર્થ થાય તેવી હું પ્રાર્થના કરૂં છું.

આપણા સંમેલનના પ્રમુખ શેઠ બાબુભાઈની દોરવણીએ આ સંમેલનને સફળતા અપાવી છે. તેઓ પણ સંમેલનની ખુબ સેવા કરે અને તે માટે પ્રભુ તેમને દીર્ઘાયુ બક્ષે.

ભાઈ શ્રી. મણીલાલ ભણુશાળીનો ફાળો પણ ઓછો નથી. હવેથી જ્યારે અધિવેશન ભરાય ત્યારે **જૈન ધર્મ ધ્વજ** પ્રતિક તરીકે ફરકાવવાનુ રાખવું જોઇએ અને તેની વંદનક્રિયા પ્રમુખશ્રીના શુભ હસ્તે થશે. આ માન સૌથી પ્રથમ મહુધાને મળશે. એટલે કે મહુધા પહેલો ઝંડો ફરકાવશે.

તે પછી ભાઈ મણીલાલ ભણશાળીએ જણાવ્યું કે સુરતમાં નાનપુરામાં આપણી જ્ઞાતિનું બંધાવેલું પુરાણું દેરાસર છે, એ દેરાસર જીર્ણ હાલતમાં હોઈ તેના જીર્ણોધ્ધાર માટે રૂ. ૪૦) થી ૫૦) હજારની જરૂર છે. રૂ. ૬) થી ૭) હજારનું ફંડ છે. બાકીની રકમની જરૂર છે. જ્યારે પ્રમુખસ્થાનેથી તથા કમિટી તરફથી અપીલ બહાર પડવામાં આવે ત્યારે તેમાં તમારો ફાળો જરૂર આપશો.

શા. વાડીલાલ પરિખે જણાવ્યું કે સુરતના દેરાસરનો જીર્ણોધ્ધાર કરાવવાનો છે. તેમાં રૂ ૪૦) થી ૫૦) હજાર ખર્ચવાના છે. દેવદ્રવ્યના પૈસા આ કામમાં આપી શકાય છે. સુરતના જૈનો બંધાવી આપવા તૈયાર છે. પરંત તે આપણું હોઈ આપણે બંધાવવું જોઇએ. મુરબ્બી શ્રી. છોટાભાઈ, શેઠ બાબુભાઈ તથા શેઠ ચીમનભાઈ ત્યાં જઈ આવ્યા છે. આ માટે કમિટીનો પરિપત્ર આવે ત્યારે યોગ્ય જવાબ આપશો.

સ્વાગત પ્રમુખ શા. છોટાલાલ મનસુખલાલે જણાવ્યું કે ભાઈ શ્રી. બાબુભાઇએ સંમેલનનું સંચાલન સારી રીતે કર્યું છે. તેમની કાર્ય કરવાની રીત આપણને બહુ ઉપયોગી થઈ પડી છે. આપ સર્વેનો પણ તેમાં ફાળો છે. ગોધરા તરફથી આપ સૌનો હું આભાર માનું છું તે પછી તેમણે ગોધરાના જ્ઞાતિ ભાઇઓનો, સ્વયંસેવકોનો, પાંજરાપોળના વહીવટ કર્તાઓનો, દેવગઢબારીઆના નામદાર મહારાજાનો તથા અન્ય સજ્જનોનો આભાર માન્યો હતો.

ત્યારબાદ પ્રમુખશ્રીને ફુલબહાર અર્પણ થયા હતા. પ્રમુખશ્રીના શુભ હસ્તે સ્વાગત બાળાઓને શેઠ શ્રી. છોટાલાલ મનસુખલાલ તરફથી ઇનામો વહેંચવામાં આવ્યાં હતાં. સ્વાગત સમિતી તરફથી ગોધરાની જૈન પાઠશાળાને રૂ. ૧૧) ની રકમ ભેટ કરવામાં આવી હતી.

બાળાઓના વિદાયગીત બાદ સંમેલનની કાર્યવાહી સંપૂર્ણ થઈ હતી.

ગોધરા પાંજરાપોળને નીચેની રકમો ભેટ મળી હતી:—

રૂ. ૨૫૧) શા. વાડીલાલ મનસુખરામ પરિખ તરફથી.
રૂ. ૨૫૧) શેઠ ચીમનલાલ ડાહ્યાભાઈ પરીખ તરફથી.
રૂ. ૧૦૧) શેઠ નગીનદાસ વિમલચંદ દિલ્હીવાળા તરફથી હા. કીકાભાઈ.
રૂ. ૫૧) શેઠ બાબુભાઈ મણીભાઈ તરફથી.
રૂ. ૨૫) લુણાવાડા તરફથી.
રૂ. ૧૫) મહુધા—ચુણેલ તરફથી.
રૂ. ૨૫) વેજલપુર તરફથી.

આ સિવાય બીજી રકમો પણ ભરાઇ હતી. આ રીતે પાંજરાપોળને પણ સારો જેવો ફાળો મળ્યો હતો.

**સંપૂર્ણ.**

## શ્રી વિસાનીમા જૈન સમસ્ત જ્ઞાતિ મંડળનું

# બંધારણ.

( ગોધરા મુકામે શ્રી. વિસા નીમા જૈન સમસ્ત જ્ઞાતિ મંડળના દ્વિતિય અધિવેશનમાં તા. ૨૯-૧૨-૪૫ ના રોજ સર્વાનુમતે પસાર કરી આ બંધારણ અમલમાં મુક્યું )

## સંસ્થાના હેતુઓ.

જુદા જુદા શહેરો અને ગામો જેવાં કે (૧) કપડવણજ, (૨) ગોધરા, (૩) વેજલપુર (૪) લુણાવાડા-વીરપુર, (૫) મહુધા-ચુણેલ-કાનમ-સુરત તથા આ ઉપરાંત બીજે છુટા છવાયા વસતા અને કાળક્રમે એકમેકથી લગભગ અજાણ થઈ ગયેલા વિસા નીમા શ્વે. મૂ. જૈન જ્ઞાતિ ભાઇઓનો સંપર્ક, સમાગમ સાધવા, બંધુભાવ કેળવવા, નીકટ પરિચયમાં આવવા, તથા જ્ઞાતિના ઉત્કર્ષ માટે જુથબળ અને સંગઠન કેળવવા માટે તથા

સમસ્ત જ્ઞાતિની ધાર્મિક આર્થિક અને સામાજિક ઉન્નતિ કરવા અને કેળવણીનો પ્રચાર સાધવા તથા પરસ્પર ભ્રાતૃભાવની લાગણી વધારવા, એકબીજાને સહાય કરી, સહકાર કરી વ્યક્તિ કે સમષ્ટિ રીતે ઉપયોગી થવા વિગેરે જ્ઞાતિના શ્રેય માટેનાં કામો હાથ ધરવા, તથા તે માટે ભંડોળો એકઠાં કરવા માટે તથા

જ્ઞાતિમાં રૂઢ થઇ ગયેલા કેટલાક કુરિવાજોને અને રૂઢીઓને જેમ બને તેમ ઓછાં કરવા કે કાઢી નાખવા, ગામેગામના જ્ઞાતિ રિવાજો જુદા જુદા હોય તે સરખા કરવા અને શક્ય હોય ત્યાં ફેરફાર કરવા માટે પગલાં લેવા, જ્ઞાતિભાઇઓ સાથેનો પ્રેમ વધારવા, ઇતર કોમોની સાથે ધાર્મિક સિધ્ધાંતોને બાધ ન આવે તે રીતે શક્ય હોય ત્યાં સહકાર આપવા અને સહકાર મેળવવા યોગ્ય પ્રવૃત્તિ કરવા એ વિગેરે આ સંસ્થાના હેતુઓ છે.

## બંધારણ.

### ૧. સંસ્થાનું નામ.

આ સંસ્થાનું નામ "શ્રી વસાનીમા જૈન સમસ્ત જ્ઞાતિ મંડળ" રાખવામાં આવ્યું છે. અને તે આ બંધારણમાં "મંડળ" ના ટુંક નામથી ઓળખાશે.

### ૨. સંસ્થાનાં એકમો.

(અ) આ મંડળ નીચેના એકમો (units) નું બનેલું રહેશે:—

(૧) કપડવણજ, (૨) ગોધરા, (૩) વેજલપુર, (૪) લુણાવાડા-વીરપુર, (૫) મહુધા-ચુણેલ-કાનમ-સુરત.

(બ) ઉપરના એકમો ઉપરાંત વધુ એકમો ઉમેરવા મંડળને સત્તા રહેશે.

(ક) આ મંડળમાં ભાગ લેનાર વિસા નીમા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક હોવા જોઇએ.

## ૩. પ્રતિનિધિઓની સંખ્યા.

મંડળના સંમેલનમાં બધા એકમોને, વસ્તીના પ્રમાણમાં દર પચાસ માણસે એક પ્રતિનિધિ (delegate) મોકલવાનો હક રહેશે. તદ ઉપરાંત સ્ત્રી પ્રતિનિધિઓ તેમજ વિદ્યાર્થિ–વિદ્યાર્થિની–પ્રતિનિધિઓની સંખ્યા નીચે જણાવ્યા મુજબની રહેશે. વસ્તીનો ફેરફાર થતાં તે પ્રમાણે વધુ ઓછા પ્રતિનિધિઓ મોકલવાનો ફેરફાર કરવા માટે મંડળને સત્તા રહેશે. વધુમાં કલમ બે માં જણાવેલ બધાને પ્રતિનિધિ તરીકે ચુંટાવાનો હક રહેશેઃ—

| | પ્રતિનિધિઓ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (અ) એકમોએ મોકલવાના | વસ્તીના હિસાબે | | સ્ત્રી | | વિદ્યાર્થિ–વિદ્યાર્થિની | | ટોટલ |
| ૧ કપડવણજ ... | ૨૫ | + | ૨ | + | ૨ | = | ૨૯ |
| ૨ ગોધરા ... | ૨૨ | + | ૨ | + | ૨ | = | ૨૬ |
| ૩ વેજલપુર ... | ૯ | + | ૧ | + | ૧ | = | ૧૧ |
| ૪ લુણાવાડા–વીરપુર ... (૯ ૧) | ૧૦ | + | ૧ | + | ૧ | = | ૧૨ |
| ૫ મહુધા-ચુણેલ-કાનમ-સુરત (૭ ૪ ૧ ૧) | ૧૩ | + | ૧ | + | ૧ | = | ૧૫ |
| કુલ્લે | ૭૯ | + | ૭ | + | ૭ | = | ૯૩ |

(બ) હોદ્દેદારોઃ—

| | | | | |
|---|---|---|---|---|
| (૧) પાછલા અધિવેશનના પ્રમુખ | ... | ... | ... | ૧ |
| (૨) ચાલુ અધિવેશનના પ્રમુખ | ... | ... | ... | ૧ |
| (૩) જનરલ સેક્રેટરી | ... ... | ... | ... | ૧ |
| (૪) કોશાધ્યક્ષ | ... ... | ... | ... | ૧ |
| (૫) ચાલુ પ્રમુખે કોઑપ્ટ કરેલા સભ્યો | | ... | ... | ૪ |

કુલ્લે સભ્યો ૧૦૧

## ૪. પ્રતિનિધિઓની ચુંટણી.

દરેક એકમે, પોતાને યોગ્ય લાગે તે રીતે અને પોતાના પેટા વિભાગોને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે રીતે, પ્રતિનિધિઓ ચુંટી સંમેલનની તારીખથી દોઢ માસ પહેલાં, પ્રતિનિધિઓનાં નામનું લીસ્ટ બીડી તેની લેખીત ખબર મે. પ્રમુખ સાહેબને મોકલી આપવી. આ લેખીત ખબર આપ્યા બાદ તેમાં કોઇ જગા ખાલી પડે તો તે જગા માટે, તે એકમે નવા પ્રતિનિધિ નિમી તેની ખબર, મે. પ્રમુખ સાહેબને આપવી.

## ૫. પ્રતિનિધિઓની નીમણુંક.

કોઇપણ સંજોગોમાં કોઇપણ એકમ ઉપર જણાવેલી રીતે પ્રતિનિધિઓ ચુંટે નહિં, અગર મુદતસર મે. પ્રમુખ સાહેબને ખબર મોકલે નહિં, અગર બીજી કોઈ તકરાર પડી હોય, અગર તે એકમના પેટા વિભાગોને યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું ન હોય તો ચાલુ પ્રમુખ દરેક વિભાગને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે રીતે તે એકમના પ્રતિનિધિઓ નીમશે. અને આ સંજોગોમાં તે એકમે કરેલી પ્રતિનિધિઓની ચુંટણી આપોઆપ રદ ગણાશે.

## ૬. પ્રતિનિધિઓની મુદત.

પ્રતિનિધિઓની મુદત આગામી સંમેલન યાને અધિવેશન શરૂ થાય ત્યાં સુધીની રહેશે.

## ૭. સંમેલન માટે નિમંત્રણ.

( અ ) આગામી અધિવેશન બોલાવવાની ફરજ યાને સત્તા ચાલુ પ્રમુખને રહેશે. અધિવેશનની તારીખ મુકરર કરવાની સત્તા પણ તેમની રહેશે પણ તેમને અધિવેશનની તારીખના ત્રણ માસ પહેલ દરેક એકમને લેખીત ખબર આપવી જોઈશે.

( બ ) અધિવેશનનું આમંત્રણ સ્વીકારવાની સત્તા કાર્યવાહી કમિટીની રહેશે.

## ૮. પ્રમુખની ચુંટણીની પધ્ધતિ.

જે ગામમાં અધિવેશન ભરાવાનું હશે, તે એકમ આગામી અધિવેશન માટેના પ્રમુખ નકકી કરી તેની લેખીત ખબર ચાલુ પ્રમુખને સંમેલનના બે માસ પહેલાં આપશે. ચાલુ પ્રમુખે તે ખબર દરેક એકમને તેમની સંમતિ મેળવવા આપવી. પ્રમુખ તરફથી કાગળ મળેથી દીન પંદરની અંદર જવાબ જવો જોઇએ. એકમોની વધુમતિ મળે તે પ્રમુખ ચુંટાયેલા ગણાશે.

## ૯. અધિવેશનમાં પ્રમુખની ચુંટણી.

જો ઉપર કલમ ૮ મુજબ પ્રમુખ ચુંટાયેલા ના હોય તો, અધિવેશનની ખુલ્લી બેઠકમાં તમામ પ્રતિનિધિઓના મત પૈકી વધુ મત મેળવનારને પ્રમુખ ચુંટવામાં આવશે.

## ૧૦. પ્રમુખની સત્તાની મુદત.

( અ ) ચાલુ પ્રમુખની સત્તા આગામી અધિવેશન ભરાતા સુધી યાને નવા પ્રમુખની નિમણુક થતાં સુધી રહેશે.

( બ ) પ્રમુખની ગેર હાજરીમાં તેમની તમામ સત્તા ઉપ-પ્રમુખને રહેશે.

## ૧૧. ઉપ-પ્રમુખની ચુંટણી.

પ્રમુખને પોતાની ટર્મ દરમીઆન કાર્યવાહી કમિટીના સભ્યો પૈકીના એકને ઉપ-પ્રમુખ ચુંટવાની સત્તા રહેશે.

## ૧૨. સંમેલનની બેઠક.

દરેક સંમેલન યાને અધિવેશન સાધારણ રીતે દર વર્ષે ભરવું; પરંતુ પ્રમુખને યોગ્ય લાગે તે સંજોગોમાં ઉપરની મુદત એક વરસ વધુ લંબાવવા તેમને સત્તા રહેશે.

## ૧૩. સંમેલન બોલાવવાની પ્રતિનિધિઓને સત્તા.

ગત અધિવેશનથી બે વરસ સુધીમાં જો ચાલુ પ્રમુખ અધિવેશનની તારીખ નકકી કરી એકમોને જણાવે નહિં તો, ચાલુ પ્રતિનિધિઓ પૈકી પાંત્રીસ (૩૫) પ્રતિનિધિઓ પોતાની સહીથી પરિપત્ર કાઢી અધિવેશન ભરી શકશે.

## ૧૪. સંમેલનનું કોરમ.

સંમેલન માટેનું કોરમ (Quorum) પચાસ પ્રતિનિધિઓનું ગણાશે પરંતુ તે પચાસ પૈકી કોઇપણ ચાર એકમોના દરેક એકમ દીઠ ચાર પ્રતિનિધિઓ હાજર હોવા જોઇએ, વગર કોરમે સંમેલન મુલતવી રહેશે. તે સંમેલન બે પુરા દિવસ બાદ ભરવા માટે મે. પ્રમુખ સાહેબને સત્તા રહેશે; પરંતુ તે બદલની ખબર દરેક ગેરહાજર રહેલા સભ્યને તારથી આપવા. ખબર આપ્યા બાદ બે દિવસે સંમેલન ભરાશે. આ સંમેલનમાં કોરમની જરૂર રહેશે નહિ.

## ૧૫. ઠરાવ પાસનું ધોરણ.

સંમેલનના ઠરાવો બને ત્યાંસુધી હાજર રહેલા પ્રતિનિધિઓની સર્વાનુમતિથી કરવા, પરંતુ મત લેવાનો પ્રસંગ આવે તો તે પૈકી હાજર રહેલા પૈકીના ⅔ પ્રતિનિધિઓના મત મળે ઠરાવ પસાર થયેલો ગણાશે. પરંતુ તે ⅔ માં ઓછામાં ઓછા ચાર એકમોના અને તે દરેક એકમ દીઠ બે પ્રતિનિધિઓના મત મળેલા હોવા જોઇએ.

## ૧૬. કાર્યવાહી કમિટી.

મંડળનું કામકાજ કરવા સારૂ એક કાર્યવાહી કમિટી (managing committee) પ્રતિનિધિઓમાંથી નીમવી, જેના સભ્યોની સંખ્યા નીચે મુજબની રહેશે. :—

(અ) એકમો તરફથી ચુંટાયેલા :—

| એકમ. | | | સંખ્યા. |
|---|---|---|---|
| ૧. કપડવણજ | ... | ... | ૬ |
| ૨. ગોધરા | ... | ... | ૫ |
| ૩. વેજલપુર | ... | ... | ૨ |
| ૪. વીરપુર–લુણાવાડા | ... | ... | ૩ |
| ૫. મહુધા–ચુણેલ–કાનમ–સુરત | | ... | ૪ |
| | | કુલ્લે | ૨૦ |

(બ) અધિકારની રૂએ :—

| | | |
|---|---|---|
| ૧. પાછલા અધિવેશનના પ્રમુખ | ... | ૧ |
| ૨. ચાલુ અધિવેશનના પ્રમુખ | ... | ૧ |
| ૩. જનરલ સેક્રેટરી ... | ... | ૧ |
| ૪. મે. પ્રમુખ સાહેબે કો ઓપ્ટ કરેલા | ... | ૨ |
| | કુલ્લે | ૨૫ |

(ક) ચાલુ પ્રમુખ આ કમીટીના ચેરમેન રહેશે.

## ૧૭. કાર્યવાહી કમિટીની મીટીંગની ખબર.

આ કમિટીના ચેરમેને (ચાલુ પ્રમુખે) મીટીંગના સ્થળ અને તારીખની લેખીત ખબર કમિટીના સભ્યોને પંદર દિવસ પહેલાં મળે તે રીતે ટપાલ મારફતે મોકલવી, અને તે સાથે મીટીંગમાં કરવાના કામોની યાદી (agenda) મોકલી આપવી.

## ૧૮. કાર્યવાહી કમિટીની બેઠક.

કાર્યવાહી કમિટીની સામાન્ય સભા ઓછામાં ઓછી, સંમેલનની છેવટની તારીખથી ગણતાં, વરસમાં બે વાર, ચેરમેનને યોગ્ય લાગે તે સ્થાને, ભરવી જોઇશે. બે સભાની વચ્ચે ઓછામાં ઓછો બે માસનો અંતર હોવો જોઇશે.

## ૧૯. કાર્યવાહી કમિટીનું કોરમ.

કાર્યવાહી કમિટીનું કોરમ (Quorum) ૯ (નવ) સભ્યોનું ગણાશે અને તે નવ પૈકી એકંદર ત્રણ એકમોના ઓછામાં ઓછા એક એક સભ્યની હાજરીની જરૂર રહેશે.

કોરમ થાય નહિં તો મીટીંગ મુલતવી રાખવી અને સાત દીવસની નોટીસ આપી ફરીથી ભરવી, પરંતુ આવી રીતે ભરેલી મીટીંગમાં કોરમની જરૂર રહેશે નહિ. પણ પાછલી મીટીંગના એજેન્ડામ (agenda) દર્શાવેલું ન હોય તેમજ પાછલી મીટીંગના દીવસે ચેરમેને નવું કામ ન મુક્યું હોય તેવું કોઇપણ કામ થઈ શકશે નહિ.

## ૨૦. કાર્યવાહી કમિટીનો ઠરાવ.

કાર્યવાહી કમિટીનો ઠરાવ વધુમતે પસાર થયેલો ગણાશે.

## ૨૧. ચેરમેનની સત્તા.

કાર્યવાહી કમિટીની મીટીંગને દીવસે ચેરમેનને જરૂર ને તાત્કાલિક જણાય તેવાં નવાં કામો મીટીંગમાં મુકવાનો હક્ક રહેશે.

## ૨૨. કાર્યવાહી કમિટીની ફરજો તથા સત્તા.

(અ) સંમેલને પસાર કરેલા ઠરાવોનો અમલ કરવો, તે કાર્યવાહી કમિટીની મુખ્ય ફરજ ગણાશે અને સંમેલનના ઠરાવોનું પાલન તથા અમલ કરવા માટે જે જે જરૂરી જણાય તે તમામ પગલાં લેવા માટે તે કમિટીને સત્તા રહેશે.

(બ) કાર્યવાહી કમિટી પોતાને જરૂર લાગે તે પ્રમાણે જુદી જુદી પેટા કમિટીઓ કમિટીના મેમ્બરો પૈકીના સભ્યોની, નીમી શકશે. અને તેમાં બહારના માણસોને (co-opt.) ઉમેરવાની સત્તા ચેરમેનને રહેશે. પરંતુ તેવા co-opt. કરેલા સભ્યોની સંખ્યા પેટા કમિટીના સભ્યોની સંખ્યાની $\frac{1}{3}$ થી વધુ રહેશે નહીં. ને તે પેટા કમિટીનું કોરમ $\frac{1}{2}$ સભ્યોની હાજરીથી ગણાશે.

(ક) કાર્યવાહી કમિટીને એકી વખતે (રૂા. ૨૫૦) અઢીસો રૂપીઆ સુધી ખર્ચવાની સત્તા રહેશે.

## ૨૩. કાર્યવાહી કમિટીના સભ્યોની ગેરહાજરી.

લાગલાગટ ત્રણ બેઠકોમાં હાજરી નહિ આપનાર સભ્ય આપોઆપ સભ્ય તરીકે કમી થાય છે. રાજીનામુ આપવાના કારણે અગર બીજા કોઈ કારણે જગા ખાલી પડે તો તેવી જગા પુરવા માટે સેક્રેટરી, જે એકમના તે સભ્ય હશે તે એકમને ખબર આપશે તેવી ખબર મળેથી તે એકમે દીન પંદરની અંદર સભ્ય નીમી સેક્રેટરીને ખબર આપવી. તેમ કરવામાં ઢીલ થયેથી પ્રમુખને તે જગા માટે સભ્ય નીમવાની સત્તા રહેશે.

## ૨૪. કોરમ થવાનો વખત.

સભાના નીમેલા વખતે કોરમ ન થયું હોય તો એક કલાક રાહ જોવી ને કોરમ થાય તો કામ ચાલુ કરવું. કોરમને અભાવે સભા મુલતવી રાખવી.

## ૨૫. કાર્યવાહી કમિટીના સભ્યોનું એલાવન્સ.

કાર્યવાહી સમિતિના સભ્યોને મીટીંગમાં જવા આવવા સારૂ બીજા વર્ગનું ભાડું આપવું તે સિવાય બીજું કાંઈ ખર્ચ આપવામાં આવશે નહિ.

## ૨૬. સ્પેશીઅલ કમિટી.

કાર્યવાહી કમિટી ઉપરાંત, મંડળ સ્પેશીયલ કમિટી નીમી શકશે ને તે કમિટીને મંડળ યોગ્ય લાગે તેવી સત્તાઓ સોંપી શકશે અને તેટલાં પુરતી કાર્યવાહી કમિટીની સત્તા કમી થયેલી ગણાશે.

## ૨૭. પ્રમુખ અગર ચેરમેનની ગેરહાજરી.

કોઇપણ કારણસર પ્રમુખ અગર ચેરમેન હાજર ન રહી શકે તો માત્ર તે દિવસની સભાના કામકાજ માટે કામચલાઉ પ્રમુખ અગર ચેરમેનની ચુંટણી કરી કામ શરૂ કરવું. કામ ચાલુ હોય તે દરમિઆન પ્રમુખ અગર ચેરમેને હાજર થાય તો સદર ચુંટાયેલા કામચલાઉ પ્રમુખ અગર ચેરમેને હાજર થનાર પ્રમુખને (ચેરમેનને) પોતાની બેઠક ખાલી કરી આપવી અને બાકી રહેલું કામકાજ આવનાર પ્રમુખ અગર ચેરમેનના અધ્યક્ષપણા નીચે કરવું.

## ૨૮. વકતા તથા પ્રમુખની સત્તા.

વકતાઃ—સભામાં એકી વખતે એકજ સભ્ય બોલશે. બોલનાર પોતાનું કહેવું પુરૂં કરે નહીં ત્યાંસુધી બીજા કોઈ સભ્યે વચમાં બોલી ઉઠવું નહીં. બોલશે તેને પ્રમુખ રોકી શકશે અને તેને બેસાડી દેશે. પરંતુ જો કોઇ કાનુની પ્રશ્ન હોય તો તે માટે કોઇપણ સભ્યને વચ્ચે બોલી પ્રમુખને તે માટેનો ખુલાસો પુછવાનો અધિકાર રહેશે, પરંતુ પ્રમુખ ત્યારબાદ જે કરે તે પ્રમાણે વરતવું પડશે. દરેકને પોતાના વિચારો સ્વતંત્રપણે ને સભ્યતાથી, વિનયથી, યોગ્ય શબ્દોમાં અને સભ્ય ભાષામાં રજુ કરવાને અધિકાર છે.

પ્રમુખઃ—એક કરતાં વધુ બોલનાર હોય તો પ્રમુખ જેને કહે તેને પ્રથમ બોલવું ને પછી બીજાએ બોલવું. પ્રમુખના હુકમને પુરેપુરૂં માન આપવું ને હુકમ માન્ય કરવો. પ્રમુખ બોલવા માટે જેટલો વખત આપે તેટલા વખતમાં પોતાનું બોલવું પુરૂં કરવું. પ્રમુખ બોલનારને, વચમાં પણ, બોલવા માટે મનાઈ કરી શકશે ને બેસી જવાનું કહેશે તો તે મુજબ પ્રમુખના હુકમને માન્ય કરવો, અને વકતાએ બેશી જવું જોઇશે.

## ૨૯. પ્રમુખની રજા.

સંમેલનની સભા સિવાયની સમિતિઓની સભાનું કામકાજ ચાલતું હોય ત્યારે પ્રમુખને જણાવી કોઈપણ સભ્ય બહાર જઈ શકશે.

## ૩૦. દરખાસ્ત અને દરખાસ્તમાં સુધારો.

(૧) દરખાસ્ત મુકયા બાદ પ્રમુખની રજા સિવાય પાછી ખેંચી શકાશે નહિ.

(૨) ટેકા સિવાયની દરખાસ્તની નોંધ લેવામાં આવશે નહિ.

(૩) મૂળ દરખાસ્ત ઉપર સુધારો (amendment) આવે તો સુધારા ( amendment ) ઉપર મત લેવા અને તેમાં વધુ મત મળે તો તે સુધારા (amendment) સાથેની દરખાસ્ત ફરીથી મત ગણત્રી (Voting) માટે મુકવામાં આવશે.

## ૩૧. સભા મુલતવીની દરખાસ્ત.

સભા મુલતવી રાખવાની દરખાસ્ત (adjournment motion) સૌથી પહેલી હાથ ધરવામાં આવશે અને તે વધુમતે પસાર થયેલી ગણાશે.

## ૩૨. ઠરાવોની નોટીસ.

સંમેલનમાં મુકવાના ઠરાવો (resolutions) વિગેરેની લેખીત નોટિસ, સંમેલનની તારીખના પંદર દિવસ અગાઉ, પ્રેસીડેન્ટને અગર જનરલ સેક્રેટરીને આપવી પડશે. પ્રમુખ પોતે સમેલનમાં કોઇપિણ ઠરાવ કોઇપણ વખતે મુકી શકશે. તથા બીજા કોઇને ઠરાવ મુકવા પરવાનગી આપી શકશે.

## ૩૩. કાસ્ટીંગ વોટ.

દરેક પ્રમુખ અગર ચેરમેનને પોતાનો પરસનલ એક મત ઉપરાંત સરખા મત પડે તો બીજો એક વધુ મત એટલે કે કાસ્ટીંગ વોટ (casting vote), એમ બે મત આપવાનો અધિકાર રહેશે.

## ૩૪. પ્રમુખ અગર ચેરમેનની હકુમત.

પ્રમુખ અગર ચેરમેનનો નિર્ણય છેવટનો ગણાશે. તે ઉપર ટીકા થઇ શકશે નહિ. પરંતુ તે સામે સંમેલનમાં અપીલ કરી શકાશે. અને તે સંબંધમાં સંમેલન યોગ્ય ઠરાવ કરી શકશે.

## ૩૫. બંધારણમાં ફેરફાર.

(અ) આ બંધારણમાં કઇપણ સુધારો વધારો યાને ફેરફાર કરવાની સંમેલનને સત્તા છે.

(બ) તેવો સુધારો, વધારો યાને ફેરફારની વિગત સાથેની લેખીત નોટીસ સંમેલન ભરાવવાના ત્રીસ દીવસ પહેલાં પ્રમુખે દરેક પ્રતિનિધિને આપવી.

(ક) તે ઠરાવ મંડળની ખુલ્લી બેઠકમાં મુકવો.

(ડ) હાજર રહેલા પ્રતિનિધિઓ પૈકી કે પ્રતિનિધિઓની બહુમતિથી ઠરાવ યાને સુધારો, વધારો, અગર ફેરફાર, પસાર થયેલો ગણાશે. પરતુ કે બહુમતિમાં કોઇપણ ત્રણ એકમોના ઓછામાં ઓછા એકમ દીઠ બે પ્રતિનિધિઓના મત હોવા જોઇએ.

## ૩૬. જનરલ સેક્રેટરી.

મંડળ એક જનરલ સેક્રેટરી નીમશે. મંડળના તમામ કાગળો તથા ચોપડા પ્રમુખ તથા સેક્રેટરી પાસે રહેશે. તેમનો હોદ્દો ત્રણ વરસનો રહેશે.

## ૩૭. કામચલાઉ સેક્રેટરી.

(૧) કાર્યવાહી કમિટી તેના કામ માટે એક બીજા યોગ્ય સેક્રેટરી નીમશે અને કાર્યવાહી કમિટીનું કામ તથા તેમણે નીમેલી પેટા કમિટીઓનું કામ તે સેક્રેટરી કરશે. અને કાર્યવાહી કમિટીઓનુ કામ પુરૂં થયેથી તેનું તમામ દફતર તથા મીલ્કત જનરલ સેક્રેટરીને સોંપી દેશે.

(૨) દરેક એકમ પોતાના એકમ પુરતા એક સ્થાનીક સેક્રેટરી નીમશે, અને તે સેક્રેટરી પોતાના એકમને લગતો બધો પત્રવહેવાર કરશે.

## ૩૮. ટ્રેઝરર.

મંડળ એક કોશાધ્યક્ષ ( Treasurer ) નીમશે.

## ૩૯. ટ્રેઝરરની ફરજ.

બે હજાર સુધીની રકમ ટ્રેઝરર પોતા પાસે રાખી શકશે. તેથી ઉપરાંતની રકમ માટે બેન્કમાં શ્રી વિસાનીમા જૈન સમસ્ત જ્ઞાતિ મંડળના નામનું ખાતું ખોલી તેમાં જમા મુકશે અથવા સંમેલનમાં જે જે પ્રમાણે સત્તાઓ આપવામાં આવે તેવે તેવે ઠેકાણે રોકશે.

## ૪૦. ખરચ માટે ફાળો.

સંસ્થા અગર મંડળના કાયમી ચાલુ ખર્ચ (running expenses) માટે વસ્તી પ્રમાણે દરેક એકમ ઉપર જરૂરી ફાળો (cess) સંમેલન નાંખી શકશે.

## ૪૧. બંધારણનો અમલ.

આ બંધારણ તા. ૨૯-૧૨-૪૫ થી અમલમાં આવેલું ગણાશે.

## ૪૨. પેટા કાનુન.

આ બંધારણને અનુરૂપ અને બંધારણનો ઉદ્દેશ બર લાવવા માટે જરૂરી પેટા કાનુનો ઘડવા મંડળને સત્તા રહેશે.

સામાજીક અને ધાર્મિક કામોમાં સદા તત્પર,
સહૃદયથી સેવા આપનાર અનન્ય સેવક.



દોસી પુનમચંદ પાનાચંદ

વર્તમાન કાળે શ્રી ચિંતામણજી પાર્શ્વનાથજીના
દેરાસરજીના જીર્ણોધ્ધારના પ્રાણ સમા.

# કપડવણજમાં હાલમાં ઉદ્ભવેલાં થોડાં જાણવા જેવા કામો.

## જ્ઞાન મંદિરની સ્થાપના.

જ્યારે કોઈપણ વસ્તુ યા આદર્શ આગળ આવે છે ત્યારે તેને કંઇપણ આલંબન જરૂર હોય છે. આ સમય હતો સંવત ૧૯૯૯ યાને સને ૧૯૪૩, જ્યારે સ્વ. ભાઈ ચીમનલાલ ડાહ્યાભાઇએ શ્રી પૂજ્યપાદ્ આગમોધ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીની નિશ્રામાં, પરમારાધ્ય સ્વરૂપ નવપદજીની આરાધના નિમિત્તે ચૈત્ર માસની આંબેલની ઓળી કપડવંજ મૂકામે રૂપીયા ૬૦ થી ૭૦ હજારના ખર્ચે કરાવી; તે સમયે ઘણા મુનિવરો તેમજ સાધ્વીજીઓ, તેમાં ખાસ કરીને આપણી જ્ઞાતિનાં તમામ દિક્ષીતો, જેની સંખ્યા ૭૦–૮૦ના અંદાજે થવા જાય, તે બધાની હાજરી કપડવંજમાં હતી. સ્વ. ભાઈ ચીમનલાલે આ બધાને આ જગાએ એકત્રિત કરવામાં, અથાગ શ્રમ લઇને ગામે ગામ આમંત્રણ મોકલેલાં. સ્વભાવીક છે કે ગામના અને જ્ઞાતિના દિક્ષીતો સાથે સંપર્ક સાધવામાં દરેક જ્ઞાતિ જણને સુલભતા હોય, તેવી રીતે આપણી જ્ઞાતિના શ્રી વાડીલાલ મનસુખરામને આ પ્રસંગે દિક્ષિતોનો સંપર્ક સાધવાનો મોકો મળ્યો. આ પ્રસંગે સાધુ મુનીરાજો પાસેના પુસ્તકોના સંગ્રહનો જથ્થો તેમના જોવામાં આવ્યો. વાતોચીતો પરથી તેમને એમ લાગ્યું કે સાધુ મુનિરાજોને પુસ્તકો સાચવવાનાં અમુક ચોકકસ ઠેકાણાં સિવાય, તેમજ તેમની સગવડો સાચવી શકાય તેવી નિયમીત વ્યવસ્થાવાળી સંસ્થાના અભાવે, સાધુ મુનીરાજોને પોતાનો પુસ્તક–સંગ્રહ ઘણે–ભાગે, તેમના નિત્યના કાર્યક્રમમાં ઓછાવત્તા અંશે આડે આવતો હતો. આ દૂર કરવા માટે કંઇપણ કરવુ જોઇએ તેમ તેમને લાગેલુ; આ વિચારે તેમનામાં ઘર કીધુ, અને અવસર આવે તેઓએ તે વિચારથી ઉદ્ભવેલી વિચાર શ્રેણીના આધારે, જ્ઞાન મંદિર બંધાવવાનો નિર્ણય કર્યો, અને રૂપીયા ૬૦ હજારની રકમનું ટ્રસ્ટ બનાવ્યું. આ રકમ સને ૧૯૪૫ માં કાઢવા છતાં તેઓ તાત્કાલીક તે રકમનો ઉપયોગ કરી શકયા નહિ; કારણ કે તે માટે જોઇતી જમીન નહિ હોવાથી, તેમજ આ નાનીશી રકમમાંથી જમીન વેચાતી લેવાનું બની શકે તેમ ન હોવાથી, તેમજ ટ્રસ્ટની અંદર રૂા. ૩૦ હજાર વહિવટ માટે અલગ રાખવાની જોગવાઈ હોવાથી, અને બાકી રહેલી રૂા. ૩૦ હજારની રકમમાંથી જમીન અને મકાન શકય ન હોવાથી આ વિચાર અમલમાં આવતાં ઘણો વખત લાગ્યો. હર હંમેશ આ જમીનની બાબત તેમના મન ઉપર રહેતી હતી, જે આસ્તે આસ્તે નિશ્ચીત રૂપને પકડતી ગઈ. ઘણી જગાઓ મળતી હતી પણ તેમનો એવો નિર્ણય હતો કે આ જ્ઞાન મંદિર સર્વ જૈનોને (જૈન સંઘને) એક સરખુ ઉપયોગી થાય તથા કોઇ પણજાતના વાડાના બંધનમાંથી મુકત રહે તેથી, તે સબંધી હમેશાં સાવચેત રહેતા. જે વસ્તુ જયારે નિમિત્ત હોય ત્યારેજ બને છે, તેવી રીતે આમાં પણ બન્યું. ચૌમુખજીના દહેરાસરના વહિવટમાં શ્રોત્રીવાડામાં આવેલી જમીન, જે વોટર વર્કસની ટાંકીમાંથી સદભાગ્યે જાણે આ જ્ઞાન મંદિર માટે બચેલી ન હોય તેમ, ભાઈ વાડીલાલે તે જગા માટે શ્રી ચૌમુખજીના વહિવટદારોને વિનંતી કરી. વહિવટદારોને, જેમ બધે બને છે તેમ, કેટલીક બાબતોનો વાંધો લાગ્યા કરતો હતો. જેમાં પ્રથમ ૯૯ વર્ષના પટાની બાબત હતી. આટલે મોટે પટે જમીનની વપરાશ બીજાને સોંપવી તે જરૂર લાંબો વિચાર તો માગે છે, પરંતુ સ્વર્ગસ્થ શ્રી ચીમનલાલ ડાહ્યાભાઇની દરમીઆનગીરીથી સૌને સમજાવી અને ધર્મની ઉન્નતીનું એક કામ થતું હોવાથી અને ભાઈ વાડીભાઇને પ્રોત્સાહન મળે તે માટે,

જમીન મળી જાય તેમ ગોઠવણ કરી, ભાઈ વાડીભાઇને સંતોષ થાય તેવી રીતની ભાડા ચિઠ્ઠી કરી આપી અને તે પણ દર વર્ષે રૂ. ૩૦૧ ના ભાડાથી કરી આપી. વાંચક ભાઇઓને એટલું સમજવાની જરૂર છે કે આ જમીન વેચાતી લેવા જાય તો રૂપીયા અડધો લાખથી ઓછે મળે નહિ, અને ટ્રસ્ટ પાસે તેટલા રૂપીયા પોતાનાં પણ ન હતા. વહીવટદારોનો અને સ્વ. ભાઈશ્રી ચીમનભાઇનો આ કામને સરાડે ચઢાવ્યું તે માટે ભાઈ વાડીભાઈ સર્વ સંઘની વતી આભાર માને તે તદ્દન વ્યાજબી છે. જૈન સંઘને આ એક અદ્વીતીય ધર્મ સ્થાન મળે એ કંઇ નાની સૂની વાત નથી. આ જગા મળ્યા પછી ભાઈ વાડીભાઇના ઉત્સાહમાં વધારો થયો અને તેમણે જો કે પ્લાન વિગેરેમાં થોડો વખત લીધો, પરંતુ તેના ઉપર ઇમારત બાંધવાની શરૂઆત કરી છે અને તે ચાલુ વર્ષે સંવત ૨૦૦૯ના આસો વદી અમાસ પહેલાં પૂરેપૂરી બંધાઈ જાય તેવો સંભવ પણ છે.

આ જ્ઞાન મંદિરની સાથે બે પાઠશાલાઓ જોડવામાં આવી છે. એક બ્હેનો તથા સાધ્વીજીઓને માટે તથા બીજી ભાઇઓ તથા મુનીરાજોને માટે. પાઠશાળાના બેઉ રૂમ ઉપર એક એક માળ લેવામાં આવ્યો છે. એકમાં ઓફીસ અને બીજામાં અધ્યયન, સંશોધન, લેખન, પાઠન કરવાની સગવડ રાખવામાં આવશે. જ્ઞાનમંદિરનો હોલ લગભગ ૪૨'×૨૮' ફૂટ = ૧૧૬૨ ચો. ફૂટ ક્ષેત્રફળ નો થશે. નીચેથી ૯ ફૂટ ઉપર ત્રણ બાજુ ગેલેરી લેવામાં આવી છે. ગેલેરીની ઉપર ભીંતે લાગીને હાલ તુરત કબાટો ગોઠવવામાં આવશે. જરૂર પડે ભોંય તળીએ બીજા કબાટો ગોઠવી શકાય તેવો પ્રબંધ કરવામાં પણ આવશે

ભાઇ વાડીલાલના પૂર્વના પુણ્યના ઉદયે આ જ્ઞાન મંદિર સાથે, પૂજ્યપાદ ૧૦૦૮ શ્રી નવઅંગના ટીકાકાર શ્રી અભયદેવસૂરીશ્વરજીનું પ્રાતઃ સ્મરણીય નામ જોડી "શ્રી અભયદેવસૂરીશ્વરજી જ્ઞાન મંદિર" નામ રાખવા તેમને નિર્ણય કર્યો. શ્રી અભયદેવસૂરીશ્વરનું બ્યાન આ પુસ્તકના પુષ્ટ ૧૬૭–૧૬૮ માં આપેલું છે.

આ પુસ્તકના પાના ૧૫૩ માં જણાવ્યા પ્રમાણે શ્રી પૂજ્યપાદ આચાર્ય, આગમોધ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજીના સંસારી પિતાશ્રી ગાંધી મગનલાલ ભાઈચંદભાઇએ પોતાની સઘળી દોલત શુભ કામોને અંગે ખર્ચવા સુપ્રત કરી, જેમાં શેઠ પાનાચંદ કુબેરદાસ વહીવટદાર હતા. સંવત ૧૯૫૦ ના શ્રાવણ સુ. ૭ને દિવસે બનારસ શહેરમાં શ્રી વિજયધર્મસૂરીશ્વર તથા શ્રી હેમવિજયસૂરીશ્વરના ઉપદેશથી પાઠશાલા સ્થાપવામાં આવવાની છે તેના સમાચાર સાંભળીને પાનાચંદ ભાઇએ કપડવંજમાં રૂપીયા ૧૦૦૧ સંઘને આપી, જૈન પાઠશાળાનો પાયો નાખ્યો. આટલી નાની રકમમાં પાઠશાળા લાંબો વખત ન ચાલે તે સ્વભાવીક છે. પ્રવૃત્તિ નરમ પડી ગઈ તે દરમ્યાન અમારા કોમના રક્ષક શેઠ શામળભાઇ નથ્થુભાઈ તરફથી આ પાઠશાળાને ઉત્તેજન આપી ચાલુ રાખવા માટે દરેક રીતે મદદ કરવામાં આવી, ત્યારથી આ પાઠશાળા સજીવન થઈ, તેમજ શ્રી મીઠાભાઈ ગુલાબચંદના ઉપાશ્રયે બેસતા સર્વ ભાઇની મદદથી તેમજ શેઠ મીઠાભાઇ કલાણચંદની પેઢીના વહીવટદારોના સહકારથી, તેમજ શેઠ શામળભાઇ નથ્થુભાઇ તરફની મદદથી, આજ દિન સુધી તે પાઠશાળાને અડચણ પડી નથી. પણ મકાનનો અભાવ સાલતો હતો. આ જ્ઞાન મંદિરનુ મકાન ખુલ્લુ મુકાયે તેની પાઠશાળાઓમાં બેસવાનુ શરૂ થશે. પરંતુ બંન્ને પાઠશાળાઓ શેઠ મણિભાઇ શામળભાઇના નામથીજ ચાલુ રહેશે. આવી રીતે પાઠશાળાને માટે આજ દિન સુધી મકાનની જે અગવડતા હતી તે હવે રહેશે નહિ. આ પાઠશાળાઓમાં સંસ્કૃત અને અર્ધ માગધીનું શિક્ષણ આપવાનો પ્રબંધ થાય તેમજ કલાસીકલ ધાર્મિક શિક્ષણ પણ અપાય એવું ભાઇ વાડીલાલ સર્વ સંઘની સહાનુભૂતિ અને મદદ મળે તો કરવા માગે છે. સર્વ સંઘની મદદથી મોટાં મોટાં કામ પાર પડે છે તો આતો એક નાનુ કામ છે.

## કપડવણજના લોકપ્રિય દાનવીર



**શાહ કેસવલાલ સોમાભાઇ**

( નૉન-ફેરસ મેટલના શાહ સોદાગર )

જેઓએ શ્રી. મોદીઆના દેરાસરજીના જીર્ણોધ્ધારમાં તન મન અને ધનથી બનતુ કરી, પ્રતિષ્ઠા મોટી ધામધુમથી કરાવી આ જીવન સફળ કીધું છે. આ પુસ્તક છપાવવામાં પણ તેઓએ રૂ. ૫૦૧) ની મદદ આપી ઉત્સાહ પ્રેર્યો છે.

ભાઇ વાડીલાલની એમ ઇચ્છા છે કે જો બધા ટ્રસ્ટી ભાઇઓની સંમતી હશે તો, જે જે ભાઇઓને ખર્ચના પૈસા આપવાની ઉમેદ હશે, તેઓના નામની આરસની તકતીઓ પૈસા લઇને, તેઓના નામ તે તે હોલમાં ઉચીત જગાએ હંમેશને માટે લગાવવામાં આવશે. તેમજ જે જે કબાટો (સ્ટીલના કે લાકડાના) બનાવવામાં આવશે તે દરેકને માટે પણ આવીજ વ્યવસ્થા કરી તેના ઉપર પણ હંમેશને માટે દાન આપનારનુ નામ રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે, આને માટે સાધારણ ખરડો તૈયાર કરવામાં આવ્યો છે. જે યોગ્ય સમયે ટ્રસ્ટીઓ સમક્ષ રજુ કરવામાં આવશે, જે તેઓના પાસ કર્યાં પછી જાહેરમાં મુકવામાં આવશે, જેથી સર્વ ભાઇઓ પોતાની ઇચ્છા ટ્રસ્ટીઓને જણાવી શકે અને બધા ભાઈઓને જોઇતો લાભ મળે, તેવી બધી વ્યવસ્થા કરવામાં આવશે. આ જ્ઞાન મંદિર હસ્તીમાં આવેથી સંઘ જરૂર તેને અપનાવી લેશે અને સર્વ ભાઈઓ તથા બ્હેનો સહકાર આપી પોતાનાથી બનતી સર્વ મદદ તેની ઉન્નતિમાં આગળ કરશે. આ ઉપજના પૈસા નિભાવ ફંડમાં ઉમેરવામાં આવે તેવી ભાઇ વાડીલાલની મરજી છે.

## મોદીઆના દેરાસરજીનો જીર્ણોધ્ધાર.

આ દેરાસર ક્યારે અને કોને બંધાવ્યું તેનો અહેવાલ હાલ મળતો નથી. પણ એટલુ જાણવા મળે છે કે આ દેરાસર પહેલાં, હાલ જ્યાં ભાઇ કેશવલાલ સોમાભાઇનું નવું ઘર છે અને તેની બાજુમાં તેઓનીજ માલીકીનું જુનું ઘર છે, જેનું બારણું મોદીઆની ખડકીમાંજ પડે છે, ત્યાં એક નાનુ દેરાસર હતું. જ્યારે મોદી લોકોની ચઢતી થઈ અને બે પૈસે સુખી થયા ત્યારે, મોદી રંગજી નાનાભાઇ તેમજ મોદી ધરમચંદ લખમીદાસ (પાદશાહનું કુટુંબ) અને મોદી હરિભાઇ લખમીદાસ (હાલ કોઇ વંશજ નથી), આ બધાંએ મળી આ નાના દેરાસરની બદલીમાં, બીજુ બંધાવવાનો વિચાર કર્યો. અને દેરાસર ખડકીની મધ્યમાં બંધાવ્યું, આથી આ દેરાસર મોદી વંશના કુટુંબીઓએ બંધાવેલ એમ કહેવાય છે. આ દેરાસર તદ્દન સાંકડુ અને લંબાઇમાં પણ ઓછું હતું, જગા વધુ મળે તેમ ન હોતું, એટલે દેરાસરના આગલા ભાગમાં ઓટલા હતા તે દેરાસરની અંદર ખેંચી લેઇને દેરાસરને પહોંળાઇમાં વધારી, ને શિખરબંધી બાંધ્યું, આવા કોડ ભાઈ કેશવલાલ સોમાભાઇ, ભાઇ વાડીલાલ સોમાભાઇ, હિરાલાલ વાડીલાલ, ભાઈ શાન્તીલાલ ચુનીલાલ તથા ભાઇ શંકરલાલ દોલતચંદે સેવવા માંડ્યા;



ભાઇ કેશવલાલ આજે બે પૈસે સુખી હોઈ આગેવાની લેઇ રૂપીઆ દસહજાર પોતાના આપવાના કરી, બધા ભાઇઓના ઉત્સાહમાં વધારો કર્યો, થોડી ઘણી પૂંજી હતી, તેમાં આ વધારો થયો અને બીજાઓ પાસેથી પણ યથા શક્તિ ભંડોળ મેળવ્યું; અગાડીના દેરાસરજીના વહિવટ કરતા ભાઇ ગીરધરલાલ ભોગીલાલે ત્યાંના દેરાસરજીનાં પ્રતિમાજી અત્રે લાવવાનું નક્કી કરી દેરાસરની મિલકત આ ભંડોળમાં આપી મોટી મદદ કરી. એમ છતાં પણ ખરચના અડસટા જેટલા પૈસા ભેગા થયા નહિ. તેમ

છતાં ભાઇ કેશવલાલે પુરેપુરી હિમ્મત બતાવી, ભાઇ હિરાલાલે પણ તેમાં સારો જેવો ટેકો પુર્યો અને આમ તેઓએ જીર્ણોધ્ધારનું કામકાજ પુર ઝપટ ચાલુ કરી દીધું. તાત્કાલીક પૈસા જોઇએ તે ભાઇ કેશવલાલ આપતા ગયા. જો સારી જેવી આવક પ્રતિષ્ટા વખતે ન થઇ હોત તો ભાઈ કેશવલાલને બીજી સારી જેવી રકમ આપવી પડતે, પણ આવા કામોમાં હમેશાં સાસનદેવ મદદ કર્યાજ કરે છે-જેની કોઇને ખબર પડતી નથી, તેમ આમાં પણ બન્યું. જે જે લોકોને કંકોતરીઓ મળી તે બધાજ ઊત્સાહ પૂર્વક ભાગ લેવા સમયસર પધાર્યા અને ઉત્સાહમાં એટલો વધારો થયોકે ધાર્યા કરતાં ઘણી સારી ઉપજ થઇ. આ ઊત્સાહ જોતાં ભાઈ કેશવલાલ પણ ઊત્સાહમાં વધી ગયા અને બીજી સાત આઠ હજાર રૂપીઆ જેટલી રકમ ધીની બોલી બોલીને આપવા પ્રેરાયા. ભાઈ હિરાલાલે પણ સારી જેવી રકમ ખરચી. વધારામાં સુરતથી ઝવેરી પ્રેમચંદભાઈ હિરાચંદ ત્યાં પધારેલા તેમને તો એટલો સારો ઊત્સાહ બતાવ્યો કે તેઓએ આપણી આખી ન્યાતને એક બાજુએ રાખી, મોટી રકમ ઊછરામણીમાં બોલી. દેરાસરના ખરચમાં મોટો ફાળો આપ્યો. આ પ્રતિષ્ઠા કરાવવા, સુરિસમ્રાટ તિર્થોધ્ધારક આચાર્ય દેવશ્રી વિજય નેમિ સૂરિશ્વરજીના પટ્ટધર વિદ્વતરત્ન વયોવૃદ્ધ આચાર્ય શ્રી વિજયદર્શન સૂરિશ્વરજી પધારેલા અને વિધિવિધાન કરાવવા શ્રી અમદાવાદથી જૈન કોમમાં સુપ્રસિધ્ધ ભાઇ મોહનભાઇ આવ્યા હતા. આમ ચારે તરફથી કોઇપણ અગવડ વિના, બધીજ રીતે સુભમૂહુર્ત અને સુભ દીને, સંવત ૨૦૦૯ના માહા સુદી ૧૧ના દિવસે સાડા અગિઆર વાગે પ્રભુજી મુળનાયકજી શ્રી આદિશ્વર ભગવાનને પ્રતિસ્થિત કરવામાં આવ્યા હતા. બધાંજ મૂહુર્તો ઘણી સારી રીતે સચવાયાં હતાં. બોલીમાં લગભગ પાંત્રીસથી ચાલીસ હજારની આવક થઇ હતી. અને બધી રીતે જયજયકાર વર્ત્યો હતો. આ બાજુમાં છાપેલ ચિત્રમાં બતાવેલ છે તે પ્રમાણેનું નવું દેરાસર આવીરીતે આ જીર્ણોધ્ધાર ના પરિણામે ઊદ્ભવ્યું. અસ્તુ.

## શ્રી ચિંતામણજી પાર્શ્વનાથજીના દેરાસરજીનો જીર્ણોધ્ધાર.

સંવત ૧૯૬૫ થી આ દેરાસરજીનો વહિવટ આજદીન સુધી દોશી સંકરલાલ વીરચંદના હસ્તક છે. આના પહેલાં આ વહિવટ સમસ્ત પંચ તરફથી ચાલતો હતો. તેઓએ જ્યારે આનો વહિવટ હાથમાં લીધો ત્યારે તેમને માત્ર રૂા. ૧૩૦૦) મુડી મળેલી, પણ તેઓએ પોતાની બાહોશીથી અને પ્રમાણિકતાથી વિહવટ ચલાવી, તેની પુરાંતમાં આજે એક લાખ ઉપરની મિલકત બતાવી છે. શેઠ સંકરલાલ હાલ મોજુદ છે, તેમની ઊમર આજ એંશી ઉપરની છે; તેઓ પાસેથી જે કંઈ થોડો ઘણો જુનો ઇતિહાસ જાણવા મળ્યો છે તે આપતાં આનંદ થાય છે.

આ દેરાસર જ્યાં આવેલું છે તેને શામ-સૈયદનું ચકલુ આજ પણ કહે છે, કારણ કે ત્યાં પહેલાં મુસલમાનોની વસ્તી હતી. તે લોકો પાસેથી દોશી જીવણલાલ સુંદરલાલ, શા. રતનજી ગોપાળ, શા. શામલદાસ રંગજી (શંકરલાલ ભૂરાભાઈના વડવાઓ) વિગેરેઓએ એક પછી એક મકાનો લેઇ મુસલમાનની વસ્તી અને તેમનાં ઘરો આઘાં કાઢ્યાં અને વચ્ચે એક કોટ બંધાવી છુટાં પાડ્યાં. તે દિવાલો આજ પણ મોજુદ છે. આના બીજા પુરાવા તરીકે હાલ જ્યારે આ દેરાસરનો જીર્ણોધ્ધાર કરવા માંડ્યો ત્યારે ખોદતાં લગભગ પંદર સોળ ફુટ ઊંડે ગયા, (ટાંકું બનાવવા આ ખોદકામ થયું હતું), ખોદતાં અંદર હાડકાંનો મોટો જથ્થો મળ્યો; લાગે છે કે તે સમયમાં મુસલમાનો રહેતા હશે તે લોકો ત્યાંજ હાડકાં દાટી દેતા હશે, અથવા તો હાડકાં નાંખવા માટેનો ખાડો આ જગાએ હશે. ગમે તેમ પણ આ જગાએ મુસલમાનોની વસ્તિ હતી તે પુરવાર થાય છે.



**શાહ હિરાલાલ વાડીલાલ** (ઇન્કમટેકસ એકસપર્ટ)
મેસર્સ શાહ એન્ડ કું૰ ના ભાગીદાર.

જેઓએ મોદીઆના દેરાસરજીના જીર્ણોધ્ધાર અને પ્રતિષ્ઠામાં પોતાનાથી બનતુ કરી ભાઇ કેસવલાલ સોમાભાઇને પુરો સાથ આપ્યો છે. આ પુસ્તક છપાવવામાં તેઓએ રૂા. ૨૫૧) આપી ઉદાર હાથ લંબાવ્યો છે.

અઢારમી સદીના છેવટના ભાગમાં આ દેરાસરની સ્થાપના થઈ હોય તેમ લાગે છે. હાલની મૂળ-નાયકજીની પ્રતિમા ખોદકામ કરતાં મળેલાં. હાલ જે માણેકબાઈ શેઠાણીનું અનાથાશ્રમ છે, તે જગાએ ખોદકામ કરતાં તે મળેલાં. આ પ્રતિમાજી નીકળ્યાં ત્યારે તે વખતના શ્રાવકોએ તેજ જગાની બાજુમાં જે કંઈ મકાન મળી શકે તેવાં હશે તે લેઈ, તે મકાનોને દેરાસરના રૂપમાં ફેરવી, ત્યાં પ્રતિષ્ટા કરી. આ ઉપરથી એમ લાગે છે કે આ વખતે શ્રાવકોની સ્થિતિ બહુ સારી નહિ હોય, કારણ કે મુળ દેરાસર ઘણું સાંકડુ અને દેવદર્શન માટે વારતહેવારે અગવડો પડે તેવું હતું. પ્રતિષ્ઠા થયા પછી શ્રાવકોની સ્થિતિ ઘણી સુધરી, અને આથી શ્રાવકોનો આ દેરાસર પ્રત્યે બહુ ભાવ વધ્યો. શેઠ મીઠાભાઈ ગુલાલચંદે આ હરકત દુર કરવા આગળની બીજી જમીનો અને ઘરો વેચાતાં લેઇ દેરાસરનો વિસ્તાર વધાર્યો. જુનો જે ચોકનો ભાગ હતો ત્યાથી ઠેઠ શા. સંકરલાલ ભૂરાભાઇના ઘર તરફના કરા સુધીનો ભાગ તેમને બનાવી આપ્યો. આ વખતે પહેલો માળ પણ બંધાવ્યો અને જુના દેરાસરને પણ મરામત કરાવી આપ્યું. હાલ જે નકશીકામ, મેઘાડંમરી, થાંભલા, કમાનો વિગેરે જુની કારીગીરી વાળુ લાકડકામ જોવામાં આવે છે, અને જેને જીર્ણોધ્ધાર નિમિન્તે હાલ કાઢી નાખવામાં આવ્યું છે તે બધુ શેઠ મીઠાભાઈ ગુલાલચંદે બંધાવી આપેલું. નીચે શ્રી મલ્લીનાથજીનો ગભારો તેમજ ઊપર શ્રી શાન્તીનાથજીનો ગભારો પણ તેમણે બંધાવેલો હતો.

આ બધુ લગભગ સંવત ૧૮૫૦ થી ૧૮૭૫ દરમીઆન બનેલું હોય તેમ લાગે છે. કારણ કે શેઠ સંકરલાલ ભાઇના કહેવા મુજબ શ્રી શાન્તિનાથજીના દેરાસરનો જીર્ણોધ્ધાર થયા પહેલાં આશરે પચાસ વરસ પહેલાં આ દેરાસરનો જીર્ણોધ્ધાર શેઠ મીઠાભાઈએ કરાવ્યો હતો. શ્રી શાન્તિનાથજીના દેરાસરનો, જીર્ણોધ્ધાર સંવત ૧૯૦૪ ના વૈશાખ વદ ૬ ના રોજ થયેલો તેનું પ્રમાણ પત્ર છે (આ બુકના પાને ૨૩૨). આ જીર્ણોધ્ધાર શેઠ વૃજલાલ મોતીચંદે કરાવેલ અને તેજ વખતે આજ દેરાસરમાં શ્રી આદિશ્વર ભગવાનનું દેરાસર આગલા ભાગમાં બનાવ્યું. (જુઓ પા. ૧૬૧) અનુમાન થાય છે કે શ્રી ચિંતામણજીના દેરાસરમાં વધારાની જમીન ઊમેરી ત્યારે કંઈ ઊંડે સુધી. ખોદકામ કરેલું નહિ હોય, તેમજ મૂળ નાયકજીની પ્રતિમા તો કાયમ હતી એટલે તેવા ખોદકામની જરૂર પણ નહિ લાગી હોય.

આ શ્રી ચિંતામણ પ્રાર્શ્વનાથજીની પ્રતિમા ઘણાં જુનાં અને પ્રાયેકરી શ્રી સંપ્રતિરાજાનાં ભરાવેલાં બીંબોમાંનાં એક છે, તે પ્રતિમાજીની મુખાકૃતિ તેમજ હાથ નીચેના ટેકા તથા ઘાટથી માલુમ પડે તેવું છે.

આ દેરાસરની પ્રતિષ્ઠા પાદ્ પૂજ્ય સૂરીશ્વર શ્રી ૧૦૦૮ શ્રી વિજય લક્ષ્મી સૂરીજીએ કરાવેલ હતી અને ત્યારથી અત્રે વસ્તા નીમા વણિક મહાજનોની સ્થિતિ ફદકે ને ભૂસ્કે સુધરતી ગઇ, પરંતુ ભાવી ભૂલાવે તેમજ આજથી પંચાવન વરસ ઉપર મૂળ ગભારાના જુના ચોરસ ઘાટના ટોલ્લા નહિ ગમવાથી એક ભાઇએ કપાવડાવ્યા જેઓએ ઘણું સહન કર્યું; તેમજ ત્યારથી નીમા મહાજનની પડતી શરૂ થઈ. જ્યારે સુધરવાનો વખત આવ્યો ત્યારે વળી આજથી ૫ દરવરસ ઉપર અમદાવાદથી એક જાણકાર માણસને બોલાવ્યા અને તેમની સલાહ મુજબ ટોલ્લા પાછા બેસાડવાનું નક્કી કર્યું. આમાં ભાઈ પાનાચંદ લીંબાભાઇએ પણ સારી મહેનત કરેલી. આનુ બધું ખરચ સ્વ. ભાઇ શ્રી ચીમનલાલ ડાહ્યાભાઈએ આપેલું. આમ કરવ થી તેમની તેમજ નીમા મહાજનની પાછી સ્થિતિ સુધરવા માંડી. આજ વળી પાછી જરા તરા મંદી આવવા લાગી છે. શા કારણે તે તો જ્ઞાનીજ કહી શકે. આમ ચઢતી પડતી તો આવ્યાજ કરે છે પણ જૈન ધર્મ પ્રત્યેની અટળ શ્રધ્ધા જે અત્રેના શ્રાવકોમાં છે, તે જોવીને તેવી કાયમ રહી છે. આ અમારી કપડવણજની ભૂમિનું પૂણ્ય છે, અને તેથીજ તે આજે પણ ગુજરાતમાં સારામાંનું એક શેહેર ગણાય છે.

કેટલાક ભાવિક અને શ્રધ્ધાળુ ભાઈઓ આ દેરાસર શિખરબંધી થવું જોઈએ, એવી ભાવના ઘણા લાંબા વખતથી સેવતા હતા, તેવામાં દેરાસરના છાપરા વિગેરેમાં વર્ષોથી પાણી વિગેરેના કારણે આસ્તે આસ્તે લાકડાં ખોદાવા લાગ્યાં અને જીર્ણ થવા માંડ્યું. આ કારણે ભાવનામાં જોમ આવ્યું. સીલીકમાં એક લાખ-રૂપીઆ જેટલો અવેજ પણ હતો, એક બે મકાન પણ વેચવા માટેની સગવડ હતી; આ બધા સંજોગો ભેગા થતાં સંઘને બોલાવી વાતો આગળ ચર્ચવા માંડી અને આખરે નિર્ણય ઉપર આવ્યા કે આ દેરાસરનો જીર્ણોધ્ધાર કરાવવો. આ નિર્ણયમાં મોટો ભાગ ભાઇ પુનમચંદ પાનાચંદ, ભાઈ રમણલાલ નાલચંદ, ભાઇ વાડીલાલ જવર, ભાઈ વાડીલાલ સંકરલાલ, શેઠ અજીતભાઈ મણીભાઇ, ભાઈ મફતલાલ રતનચંદ વિગેરે એ ભજવ્યો હતો. ટેકો આપવામાં સ્વ. ભાઈ ચીમનલાલ ડાહ્યાભાઇ, ભાઇ વાડીલાલ મગનલાલ, ભાઇ મંગળદાસ ભાઇચંદ વિગેરે શ્રીમંતો હતા. આમ આ દેરાસરનો જીર્ણોધ્ધાર કરવાનું નક્કી કરવામાં આવ્યું. તેમ છતાં શિખર બંધી દેરાસર બાંધતાં જગાના અભાવે ઘણા ઘણા વિચારો કરવા પડયા અને જગા મેળવવા માટે દેરાસરની પછીતે આવેલ ભાઈ છોટાલાલ લલ્લુભાઇનું ઘર વેચાવાનું હતું તે રૂા. ર૯૫૦૦) માં ખરીદી લીધું. આમ કરવાથી શિખરબંધી અને ભમતિ સહિત દેરાસર બાંધવાની સગવડતા મળી અને તે પ્રમાણે બાંધવાના પ્લાન વિગેરે બનાવી કામ ચાલુ કરી દીધું છે. આ બધા કામમાં ઉપર જણાવેલ ભાઇઓની સાથે ભાઇ કસ્તુરલાલ શંકરલાલ, ભાઇ રતીલાલ પુનમચંદ તથા ભાઇ જેશીંગલાલ ચુનીલાલ વિગેરે ભાઇઓએ પોતાનો મોટા ભાગના ટાઇમનો ભોગ આપી કામકાજ બારીકાઇથી શોચસમજથી માથે જોખમદારી લઈ કરી રહ્યા છે.

આ કામ કાઢતાં તેની અંદર જે જે આશાતનાઓ નજર બહાર હતી તે એક પછી એક નજરે પડતી ગઈ. પ્રથમ તો ઉપરના અને નીચેના ગભારાની વચમાં ભંડારીઆ જેવું હતુ તેમાંથી ખંડિત પ્રતિમાજીઓ હાથ લાગી જેને દરિયામાં પધરાવી આશાતના દુર કરી. વળી ખોદકામ કરતાં સોળ સત્તર ફુટ ઊંડેથી હાડકાના થોકના થોક મળ્યા જે પણ વધુ ખોદકામ કરી કાઢી નાંખ્યાં. આ રીતે બધી આશાતના દુર કરવામાં આવી છે પણ આવી રીતે ખોદકામ વધી પડવાથી ઘણો ખરચો વધી ગયો છે. જૈન સંઘના ઉપર આધાર રાખી આ કામ આગળ ચાલ્યે જાય છે. અધિષ્ઠાયકદેવ સર્વેને શ્રધ્ધા અને સંપત્તિમાં અને ભાવનામાં મદદગાર થાઓ અને આ કામ પાર પડો તેની અમારી અભિલાષા છે સર્વે ભાઇઓ કમર કસી કામ કરી રહ્યા છે, તેમને સર્વે રીતે સહાયતા મળો તેવી અમારી પ્રાર્થના છે અસ્તુ.

## શેઠ મીઠાભાઇ ગુલાલચંદ
### પાંજરાપોળ.

આ બુકના પાને ૧૫૪ માં જણાવેલ પાંજરાપોળ અંતિસરીઆ દરવાજાની અંદર મસીદની બાજુમાં એક મોટા ઘેરાવામાં આવી છે. આવડી મોટી જગાવાળી એક પણ ઇમારત આખા કપડવણજમાં મળવી મુસ્કેલ છે. સમય બદલાતાં અને રેલવે આવતાં આ જમીન જાણે ગામની મધ્યમાં આવી ગઈ ન હોય તેમ તેની કીમત અને ઉપયોગીતા આજે ઘણીજ વધી ગઈ છે. આથી અને સ્વ. ભાઇ ચીમનલાલ ડાહ્યાભાઇ અને ભાઇ જયંતીલાલ વાડીલાલ જવેરની મહેનતથી વોહોરાની સુવાવડ ખાનાની બાજુમાં એક મોટી વિશાળ જગા એક વોહોરા ભાઇ પાસેથી મેળવી, આ પાંજરાપોળ તે જગોએ ખસેડી. જુની જગાને આવકનું સાધન બનાવવા ટ્રસ્ટીઓએ નિશ્ચય કર્યો છે. આને માટે જોઇતો લોખંડનો સામાન સ્વ. ભાઈ ચીમનલાલે ઘણો ખરો નહિ જેવા ભાવથી અથવા તદ્દન મફત આ પાંજરાપોળને અર્પણ કયો છે આ કામ થોડા વખતમાં ચાલુ થઇ જશે અને એક મોટી વિશાળ પાંજરાપોળ ગામની બહાર તેને છાજતી જગાએ ચાલુ થઇ જશે. — આમીન

**કપડવણજના વીશાનિમા જ્ઞાતિના ભૂતકાળમાં બનેલા કેટલાક પ્રસંગો જે આ ચોપડીમાં દાખલ કરવા રહી ગયા છે તેનું સંક્ષિપ્તમાં વર્ણન આ નીચે આલેખવામાં આવ્યું છે.**

પ્રથમ આપણી જ્ઞાતિના સર્વથી આગળ પડતા કુટુંબની વાત લઇએ. શેઠ શામળભાઇ નથ્થુભાઈ, શેઠ મીઠાભાઇ ગુલાલચંદ તથા શેઠ કેવળભાઇ જેચંદભાઇ આ ત્રણે ઘરનાં નામ આજની વર્તમાન પ્રજાને પણ સાંભળવામાં આવે છે. આ ત્રણે નામ શેઠ હીરજીભાઈ અંબાઈદાસના વેલામાંથી, એટલે કે એકજ વંશના પુત્રો હતા. શેઠ હીરજીભાઈને બે દીકરા હતા. એક શેઠ કરસનદાસ અને બીજા શેઠ ગુલાલચંદ કે જેનો વિસ્તાર આજસુધી ચાલ્યો આવ્યો છે. ત્રીજા દીકરા શેઠ વૃંદાવનદાસ કરીને હતા પણ તેઓ માત્ર નાની ઉમ્મરેજ સ્વર્ગવાસ પામેલા. શેઠ કરસનદાસના વંશમાં બે પુત્ર હતા શેઠ વ્રજલાલભાઈ અને શેઠ મોતીચંદભાઈ અને તેઓ શેઠ વ્રજલાલ મોતીચંદના નામથી કામ કરતા હતા. તે નામ ઘણું જાણીતું આજે પણ ઘણાંઓને યાદ છે. શેઠ વ્રજલાલભાઇના કુટુંબમાં, શેઠ જયચંદભાઈ પછી શેઠ કેવળભાઈ પછી શેઠ પ્રેમાભાઇ પછી શેઠ જેસીંગભાઇ એમ ઉત્તરોઊત્તર દીકરા થયા. શેઠ જેસીંગભાઇને પુત્ર સંતાન ન હોતું પણ બે પુત્રીઓ છે, જે એક બ્હેન નીર્મળા બ્હેન કે જેનું લગ્ન દોશી કસ્તુરલાલ નગીનભાઇ સાથે કરેલ છે અને બીજી દીકરી બ્હેન યશોધરા કરીને છે તેનું સગપણ ભાઇ કાન્તીલાલ ચુનીલાલના દીકરા ભાઈ બાબુભાઈ સાથે કરેલ છે. પુત્ર સંતતિના અભાવે સૌ. બ્હેન નિર્મલા બ્હેનના દીકરા ભાઈ દીનેશને દત્તક લેવામાં આવ્યા છે. જેથી તેઓનું નામ ભાઇ દીનેશચંદ્ર જેસીંગભાઈ રાખવામાં આવેલ છે, જેઓ હાલ અભ્યાસ કરે છે. આ રીતે શેઠ શ્રી વ્રજલાલ ભાઇનો વંશવેલો ચાલુ છે એમ કહીએ તો ચાલે. શેઠ મોતીચંદભાઇને ત્રણ દીકરા હતા પણ તેઓ બધાજ નિસંતાન સ્વર્ગવાસી થયેલા હોવાથી તેમનો વંશ આજ ચાલુ નથી પણ તે ભાઇઓમાં એક ભાઈ લલ્લુભાઈ કરીને હતા, તેમનાં વિધવા બાઈ માણેક શેઠાણી બહુજ બુધ્ધિશાળી અને દિર્ઘદૃષ્ટિ વાળાં હતાં. તેઓએ પોતાની પાસે જે કંઇ પૂંજી હશે તે બધીજ સારામાર્ગે અને કુશળતાથી વાપરેલી તેના પુરાવા આજે પણ છે. અંતેસરીએ દરવાજે એક મોટી જબરજસ્ત ધરમશાળા ( તેની અંદર આવેલા શ્રી નેમિનાથજીના દેરાસર સાથે ) તથા અનાથાશ્રમ, આદિશ્વરજીના દેરાસર સાધવિજીનો ઉપાશ્રય, આજ પણ મોજુદ છે. સદાવ્રત પણ આજ પાસેની ઠાકવાડીમાં ચાલુ છે. ઠાકવાડીમાં મોટી ધરમશાળા જમણવાર માટે વપરાય છે, તે પણ મોજુદ છે. આટલું તો કપડવણજ તળમાં છે. વળી જ્યાં જ્યાં તેઓ ગયેલાં અને તકલીફો માલુમ પડી હશે ત્યાં ત્યાં ધરમશાળાઓ બંધાવેલી તેમાંની એક આજ કડી ગામમાં મોજુદ છે. તેજ અરસામા શેઠાણી અમૃતબાઇ, શેઠ નથુભાઈ લાલચંદનાં વિધવાનો બનેલો એક કિસ્સો રમુજી અને બુધ્ધિચાતુર્યની સાક્ષી સમાન છે તે જોઇએ. કહે છે કે તેઓ એક વખત શ્રી સિધ્ધાચળજી જાત્રા કરવાં ગયેલાં અને મૂળનાયકજી શ્રી આદિશ્વર ભગવાનની સેવા પૂજાની ધમાલ જોઇ ઘણાં નારાજ થયાં, કારણ કે ધકકા ધકકીમાં કોઈનાથી સેવા બરોબર થતી ન હતી. તેમણે શાન્ત ચિત્તે વિચાર કરી આજ જે આપણે ચાંદીથી મઢેલી છતરી વિગેરે જોઈએ છીએ તેવી માટે તેમને વિચાર્યું અને તેવી જાતની વ્યવસ્થા પોતે પોતાના ખરચે કરી આપવા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસે માગણી કરી. તે વખતના વહિવટદારોએ અમદાવાદના શેઠીઆઓની મરજીને આધિન હોવાનું દર્શાવ્યું. જેથી શેઠાણી અમૃતબાઈ નારાજ થયાં પણ હિમત નહિ હારતાં, પોતે મિસ્ત્રીને બોલાવી તેનું માપતાલ લેવડાવી અમદાવાદમાં કારીગરો બેસાડી આખી છત્રી તૈયાર કરી ઉપર દાદાના દેરાસરની બહાર ચોકમાં પધરાવી ગયા અને પેઢીમાં ખબર આપી કે આપને યોગ્ય લાગે તેમ આનો ઉપયોગ કરશો. આનો ઉપયોગ બીજો શું થાય ? આ પવાસન બેસી ગયું અને તેમની

મનોકામના પુરી થઇ. આ હતી અમારા ગર્વની અધિકારીણી તે શ્રી અમૃતબાઇ શેઠાણી. માણેકબાઈ શેઠાણીએ વધારામાં સિધ્ધાચળજી ઉપર હાથી પોળની બહાર, ગઢ ઉપરથી તે તરફ જતાં જમણા હાથે એક મોટું દેરાસર પણ બંધાવ્યું છે.

હવે શેઠ કરસનદાસના નાના ભાઇ ગુલાલચંદનો ઇતિહાસ તપાસીએ. શેઠ ગુલાલચંદને બે દીકરા હતા. એક ભાઈ લાલચંદ શેઠ, અને નાના ભાઇ મીઠાભાઈ શેઠ; મીઠાભાઈ શેઠને કોઇ સંતાન ન હોવાથી તેમના વંશનો છેડો ત્યાંજ આવી જાય છે, પરંતુ તેમને પોતાના પૈસાનો ઘણો સારો અને લાંબી દૃષ્ટિથી ઉપયોગ કર્યો છે. હાલ જે મીઠાભાઇનો ઉપાશ્રય કહેવાય છે, તેજ શેઠ મીઠાભાઈ ગુલાલચંદની રહેવાની હવેલી હતી. તેઓના સ્વર્ગવાસબાદ આ મકાનને ઉપાશ્રયના રૂપમાં ફેરવી દેવામાં આવ્યું. અને તેની સારસંભાળ લેવાને તેમના નામ સાથે શુભ પરીણામવાળુ નામ કલ્યાણચંદ જોડી મીઠાભાઇ કલ્યાણચંદના નામથી પેઢી ચાલુ કીધી જે હાલ મોજુદ છે તે ઘણાં ખાતાંઓ સંભાળે છે. શેઠ શ્રી મીઠાભાઇએ સરખલીઆ દરવાજા બહાર એક મોટી વિશાળ ધર્મશાળા બંધાવી છે. જે હાલ હનુમાનની ધર્મશાળા તરીકે લોકો ઓળખે છે, કારણ કે તેમાં એક હનુમાનનું મંદિર બંધાવેલ છે. આ ઉપરાંત શેઠ મીઠાભાઈ એ અંતિસરીઆ દરવાજાની અંદર એક વિશાળ પાંજરાપોળ બંધાવી તેમનું નામ અમર કરી ગયા છે, તે હાલ મોજુદ છે અને તેનો વહિવટ હાલ તેમના ભાણેજી કુટુંબના શા. જવેરલાલ શીવલાલના કુટુંબી ભાઈ વાડીલાલ કરે છે. તદ ઊપરાંત લુણાવડા, મહુધા, આંતરોલી વિગેરે સ્થળોએ પણ ધરમશાળાઓ બાંધી પોતાનું નામ અમર કરી ગયા છે. આવાં નર–નારી રત્નો કપડવણજ ભૂમિમાં પાકે છે તે જાણી જરૂર આપણે ગર્વ લેઇએ અને ઇચ્છીએ કે એજ ભૂમિમાં પાકેલા આપણે તેવા થવાનો પ્રયત્ન કરીએ તેવું વ્રત લેઇએ તોજ આ વિગત જણાવ્યાની સફળતા થાય.

હવે આપણે શેઠ ગુલાલચંદના મોટા દીકરા શેઠ લાલચંદની વિગતે વંશાવળી તપાસીશું. તમોને આજ પણ " લાલ ગુલાલ " નું નામ જીભ ઉપર ઘડી ઘડી આવ્યા કરે છે તેજ આ આપણા શેઠ લાલચંદ ગુલાલચંદ. તેઓની હયાતિમાં અને હયાતિબાદ તેઓની પેઢીઓ રતલામ–મુંબઇ–વડોદરા–અમદાવાદ એમ ચારે બાજુ પથરાયેલી હતી. તેમનો મુખ્ય ધંધો અફીણનો હતો. રતલામની દુકાનેથી ભાવ તાલની ખબરો લેઈને કાસદીઆઓ પગપાળા કપડવણજ આવતા. તેમને ત્યાં કાસદનું કામકરનાર એક કુટુંબ તો આજ પણ મોજુદ છે. તે કાસદના આડનામથી આજપણ ઓળખાય છે, રતલામ નરેશ આ પેઢીને એટલું બધુ માન આપતા કે લાલ ગુલાલની પેઢી સિવાય કોઇપણ મકાનની પેઢીના દરવાજા ગુલાલના રંગે અથવા લાલ રંગથી રંગાય નહિ, તેવો દરબારી વટ હુકમ હતો, જે આજ લગભગ ત્રીસ ચાલીસ વર્ષે પહેલાં સુધી ચાલુ હતો. તેમની સખાવત તદ્દન જુદી જાતની હતી; ગામની દરેક કોમની વસ્તીની તેઓ સાર સંભાળ રાખતા, મોટાં નાનાં વાસણો, તંબુઓ, ગાડીઓ, ઘોડાઓ, પાથરણાં, દાગીના, કપડાં વિગેરે જે જે વસ્તુઓ એક માણસ સંઘરી ન શકે તે બધીનો સંગ્રહ તેઓ રાખતા અને સારા નરસા પ્રસંગે જે જે ચીજોની જરૂર પડે તે વિના અચકાયે અને કોઇપણ જાતના અવરોધ વિના દરેકને મળતી; એટલે સુધી કે જો કોઈ ગાડી લેવા કે ડમણી લેવા આવે તો તેને તે આપે તે તો ઠીક, પણ સાથે માણસ માટેના રોટલા અને બળદોને ખાવા માટેનું ઘાસ વિગેરે બંધાવીને મોકલતા. આખા ગામના લોકો આજે પણ આ કુટુંબ પ્રત્યે આટલો ભાવ રાખે છે, તે તેમના ઉદાર દિલની પ્રતિતિની સાક્ષી પુરાવે છે. આટલુંજ નહિ પણ વૈદ્યોને વર્ષાસનો બાંધી આપેલાં જેથી તેઓ ગામના લોકોની, માંદે સાજે માવજત કરે, દવાઓ આપે. આવીરીતે જનતાને પૈસાનો ખરચ કરવો ન પડે તેની દરકાર તેઓ રાખતા. આ જમાનામાં જુવાનીઆઓને આ વાત કહીએ તો

વાત માંનવા તૈયાર ન થાય તેવી વાતો આ શેઠીઆઓની હતી. આજ પણ તેનાં રથાં સજાં પ્રતિકો જોવામાં આવે છે. તેથી આ વાતની ખાતરી કરવા કોઇને પુછવાની જરૂર પડે તેમ નથી. બીજી સખાવતોમાં પણ આ ઘર બીજા શેઠીઆઓ કરતાં જરા પણ ઉતરતું ન હતું, માત્ર કોણ વધુ સારૂં કરતું હતું તે કહેવું મુશ્કેલ છે.

શેઠ લાલભાઇને શેઠ નથ્થુભાઇ કરીને દીકરા હતા અને શેઠાણી બાઈ જડાવની કુખે શેઠ શામળભાઇનો જન્મ થયો હતો. આજ જે શ્રી અષ્ટાપદજીનું દેરાસર તેમના રહેવાના મકાનની બાજુમાં છે અને જે લાંબી શેરીમાં પડે છે તે દેરાસર શેઠાણીબાઇ અમૃતબાઇએ રૂપીઆ બે લાખ ખરચી, તદ્દન સફેદ પથ્થર વાપરી, અણમોલુ નકશીકામ કરાવી, તેમના ઉત્સાહની પીછાન વંશપરંપરા ચાલે તેવું બંધાવેલું છે. આનો નમુનો આજ હિંદુસ્તાનમાં મળે તેમ નથી. શેઠાણી બાઈ અમૃતબાઇને બે દીકરા હતા, બેઉ ભાઇઓ શેઠ ગિરધરભાઈ અને શેઠ નહાલચંદભાઈ સંતાન મુકયા વિના સ્વર્ગવાસ થયા. પરંતુ નથુભાઇ શેઠને શેઠાણી જડાવથી શેઠ શામળભાઇ નામે પુત્ર હતા. એ શેઠ શામળભાઇએ પણ બે વખત લગ્ન કરેલ હતાં. શેઠાણી બાઇ માણેકબાઇથી તેમને એક પુત્ર રત્ન પ્રાપ્ત થયેલું. તેમનું નામ શ્રી મણિભાઇ શેઠ હતું. અને શેઠાણી બાઈ રૂક્ષમણીથી શેઠ શ્રી શામળભાઇને એક દીકરી નામે બ્હેન મોતીબ્હેન કરીને હતાં જેઓનું લગ્ન મહેતા ત્રંબકલાલ મગનલાલ સાથે કરેલ હતું. તેઓ પણ તેમની પાછળ માત્ર એક દીકરીનો વસ્તાર મુકી સ્વર્ગવાસ થયાં જેથી તે વેલો ત્યાંથી બંધ થવા છતાં, શેઠાણી બાઈ માણેકબાઈના પુત્ર શેઠ શ્રી મણિભાઇથી વેલો આગળ વધ્યો. શેઠ મણિભાઇને માત્ર વીસ વરસની ભરજુવાનીમાં દૈવે અકાળે ઝુંટવી લીધા. તેઓએ સંવત ૧૯૫૨ ની સાલમાં જ્યારે કપડવણજમાં તઇવાડામાં જન્મ પામેલી મોટી આગે દેખાવ દીધો કે જેમાં લગભગ ચારસો ઘર બળી ગયાં અને કંઇકને રસ્તા ઉપર રખડતા કર્યા અને ભિખારી બનાવ્યા, તે સમયે આ ભરજુવાનીએ પહોંચેલા શેઠ મણિભાઇએ એવો ભાગ ભજવ્યો હતો કે તેનું વર્ણન આ કલમથી થઈ શકે તેમ નથી. પણ તે આગે તેમનાં અંગોપાંગ ઉપર મોટી અસર કરી અને તેમને પથારી વશ કરી દીધા અને કાળે તેમને અકાળે ભરખી, અમારી આખી કોમને તો શું પણ અમારા આખા કપડવણજ ગામને જાણે રંડાપો આવ્યો હોય તેવો કરૂણ બનાવ બની ગયો. શેઠ મણીભાઈ તેમની પાછળ એક દીકરી બ્હેન ચંપાબ્હેન તથા શેઠાણી જડાવબાઈને મુકી સંવત ૧૯૫૨ ના જેઠ સુદ ૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા. આ વખતે બ્હેન ચંપા બ્હેનની ઉમર ઘણીજ નાની હતી. શેઠાણી શ્રી જડાવબાઇ પણ બહુજ હોંશિયાર અને બુધ્ધિશાળી હતાં. તેમને લગામ હાથમાં લીધી અને તેમના મુનિમ ભાઈ વલ્લભરામભાઈની મદદથી પોતાનો કારભાર સારી રીતે ચલાવવા માંડયો. તેમને પણ પોતાના વડવાઓને છાજે તેવી રીતે બનતી સખાવતો કરી આ કુટુંબને ઝાંખપ આવવા દીધી નથી. તેઓએ સરકારી દવાખાનામાં ઑપરેશન હૉલ, સ્કુલમાં સાયન્સ હૉલ બંધાવી આપ્યાં તેમજ પચીસ હજાર જેવી એક મોટી રકમ આપી વૉટર વર્કસની યોજનાની શરૂઆત તેમના મુનિમ ભાઈ વલ્લભરામ છોટાલાલ પાસે કરાવડાવી. જેના પ્રતાપે આજે આપણે ઘેર ઘેર પાણીના નળ અને ગટરનાં ભૂંગળાં જોઇએ છીએ. આથીજ આપણે મેલેરીઆના ઊપદ્રવથી મોટા ભાગે બચી ગયા છીએ. આ બધો પ્રતાપ દુરંદેશી અને દીર્ઘદ્રષ્ટિવાળાં અમારા શેઠાણી બાઈ જડાવ શેઠાણીનો છે. તેમની પાસેથી વારસામાં મળેલા ગુણોના ભંડારવાળાં અમારાં બ્હેન ચંપાબ્હેન દિવસે દિવસે મોટાં થતાં ગયાં અને તેમનું લગ્ન શેઠ શ્રી જમનાદાસ કરમચંદના જેષ્ઠ પુત્ર ભાઈ વાડીલાલ સાથે કરવામાં આવ્યાં. ભાઈ વાડીલાલને પહેલાં લગ્નથી પુત્ર

ન હતો તેટલા કારણે આ બીજું લગ્ન તેમણે કરેલું પણ વિધિએ કંઇ જુદુંજ નિર્માણ કીધું હશે. સૌ. બ્હેન ચંપાબ્હેનને જ્યારે ચી. ભાઈ બાબુભાઇનો જન્મ થયો તેજ સમયમાં તેમનાં પહેલાં પત્નિ સૌ. બ્હેન પરધાનને પણ ભાઈ જયંતિલાલ નામના પુત્ર રત્નનો જન્મ થયો. શેઠ શ્રી મણિભાઇને આ એક દીકરી સિવાય બીજુ સંતાન નહિ હોવાથી ચી. ભાઈ બાબુભાઈ તેમની ગાદીએ આવ્યા ત્યારથી તેઓનું નામ ભાઈ બાબુભાઇ મણિભાઇ તથા તેમના નાનાભાઇનું નામ ભાઈ અજીતભાઈ મણિભાઈ એમ લખાય છે. બ્હેન ચંપાબ્હેન તેમની પાછળ બે દીકરા અને બે દીકરીઓ મુકી ઘણી નાની ઉમ્મરે ક્ષય રોગનાં ભોગ થઈ પડયાં. બ્હેન ચંપાબ્હેનના સમયમાં તડકો છાંયડો ઘણો વેઠવો પડયો, પણ તેમણે પોતાની ખાનદાની અને અક્કલ હોંશિયારીથી આ બધા સમયનો સામનો પુરી હિમ્મતથી કીધો. આવી રીતે આ વંશ આજ પણ આપણા લાડીલા બાબુભાઈ શેઠના વડપણ નીચે તે શેઠીઆ-ઓના અનહદ ઉપકારવૃત્તિવાળા ગુણોની કદર કરાવી રહ્યું છે, તેઓને દિર્ઘાયુ ઇચ્છીએ.

આવી રીતે આજ આપણાં બેઉ શેઠીઆઓનાં ઘર ખુલ્લાં છે. તેઓને આપણી આખી જ્ઞાતિ વડા તરીકે સન્માને છે, એટલુંજ નહિ પણ આખું ગામ આ કુટુંબને માટે મોટુ માન ધરાવે છે.

**હવે આપણે આપણા કપડવણજના આપણી જ્ઞાતિની કેટલીક આગળ આવેલી વ્યક્તિઓની વિગત જોઇએ;**

પ્રથમ તો આપણે આપણા પાદ્દપૂજ્ય ૧૦૦૮ શ્રી આગમોધ્ધારક શ્રી સાગરાનંદ સૂરિશ્વરજીને યાદ કરીએ. તેઓએ આખા જૈન જગતને શીલા ઉપર અને ત્રાંબાના પતરાં ઉપર આગમોનો ઉધ્ધાર કરાવી ચીરકાળ માટે આગમની સામગ્રી પુરી પાડી છે. વિદ્વતાની પણ તેઓએ ઘણી મોટી છાપ પાડી છે. તેમનો વસ્તાર પણ બહુ બહોળો છે. કપડવણજને તેમણે જૈન જગતને ઓળખાવ્યું છે.

આવા સમર્થ જ્યોતિર્ધર અમારી જ્ઞાતિમાં હોય તે અમારા ગર્વની વાત છે. તેઓનું સંસારી નામ શ્રી. હેમચંદભાઇ મગનલાલ હતું તેઓનો જન્મ વિ. સંવત ૧૯૩૧ ના અસાડ વદ ०)) ના રોજ થયો હતો. તેમનાં માતાનું નામ શ્રીમતિ જમનાબાઇ હતું. તેમના પિતાજીને બે પુત્ર રત્ન હતાં. બીજા ભાઈ શ્રી. મણીભાઈ હતા. પિતા બહુજ ધર્મિષ્ઠ હતા અને તે પોતાનો વંશ આગળ ન ચાલે તેમ ઇચ્છતા હતા. તેથી તેમણે પોતાના બેઉ દીકરાઓને પ્રથમ દિક્ષા અપાવી. નાનાભાઇ મણીલાલ તે આપણા પૂજ્ય શ્રી. ૧૦૦૮ મણિવિજયજી મહારાજ જેઓએ પણ આખી જૈન કોમમાં બહુ ખ્યાતી મેળવી છે. આવી રીતે બેઉ દીકરાઓને દિક્ષા અપાવી પિતાજીએ પોતે પણ દિક્ષા ગ્રહણ કરી. આ દિક્ષા લેતા પહેલાં તેમને પોતાની બધી મુડી ધાર્મિક કાર્યમાં વાપરવા માટે પારી પાનાચંદ કુબેરદાસને સોંપી; જેઓએ આજે ચાલતી જૈન પાઠશાળાનો પાયો ભાઈ શ્રી. મગનભાઈની મુડીમાંથી નાખ્યો હતો. આપણા પૂજ્ય શ્રી. ૧૦૦૮ શ્રી. સાગરાનંદ સૂરિશ્વરજીએ તેમના લાંબા કાળના દિક્ષા પર્યાયમાં ઘણા સંઘો કઢાવ્યા છે. એટલુંજ નહિ પણ લગભગ પોણાબસો આગમિક, ઔપદેશીક, કર્મ– ગ્રંથિક અને સાહિત્યક ગ્રંથોનું સંપાદન કર્યું છે. અને લગભગ સવા બસો નવા ગ્રંથોની રચના કરી છે. વળી તેઓએ જૈન તત્વોના ઘણા આકરા અને ગુંચવાડા ભરેલા પ્રશ્નોનો એક હાથે ઉકેલ કર્યો છે. તેઓ પોતાનું નામ ચીરકાળ સ્મરણમાં રહે તેવું કરી સંવત. ૨૦૦૬ ના વૈશાખ વદ ૫ ને દિવસે ધ્યાનસ્થ થઇ કાળ ધર્મને પામ્યા. તેઓનું નામ આગમ મંદિરોમાં અને જૈન જનતાના હૃદયમાં હંમેશને માટે કાયમ રહેશે. (ॐ शांति)

# પૂજ્ય મુનિ શ્રી ૧૦૦૮ શ્રી પૂન્ય વિજયજી



જેઓએ પાટણ, ખંભાત, જેસલમેર વિગેરે ઘણી જગાઓના પુસ્તક ભંડારોનો જીર્ણોદ્ધાર કરી વ્યવસ્થિત સ્થિતિમા મુકયાં છે. છાણી (વડોદરા પાસે) માં જ્ઞાન મંદિરની સ્થાપના કરાવી છે. આજ અમદાવાદમાં સ્થિરતા કરી ત્યાંના પુસ્તક ભંડારોના જીર્ણોધ્ધારમાં સતત કામે લાગેલા છે. આપણી કોમના ગણ્યા ગાંઠ્યા રત્નોમાંના તેઓ એક આગળ પડતા રત્ન સમાન છે.

વળી પરમપૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી. પૂન્ય વિજયજી મહારાજ પણ આપણાજ ગામના છે, તે ભાગ્યે કોઇથી અજાણ્યું હશે. તેઓ શાહ ભૂદરજી ગોરધનદાસના કુટુંબના છે. (કુટુંબ નં ૨૫, પાને ૨૧૭) તેઓના પિતા શ્રી. ડાહ્યાભાઇ મનસુખભાઈ ચંદરજી ભૂદરજી, આ એકના એક દીકરાને અને તેમની પાછળ વિધવાને છોડી ભર જુવાનીમાં સ્વર્ગવાસ પામેલા. તેમનાં માતુશ્રીને ધર્મ પ્રત્યેની લાગણી ઘણી હતી. તેઓએ પોતાના દીકરામાં પણ આવી લાગણીની સંભાવના જોઇ. પોતાના એકના એક દીકરાને દિક્ષા આપવાનો નિશ્ચય કરી દિક્ષા અપાવી અને ત્યાર પછી પોતે પણ દિક્ષા ગ્રહણ કરી. તેઓનું નામ શ્રી રતન શ્રીજી છે. શ્રીપૂન્ય વિજયજી મહારાજે તો આખી જૈન કોમ ઉપર ઉપકાર કર્યો છે એમ કહીએ તો તેમનું અપમાન કર્યા બરાબર જરૂર લાગે, ખરી રીતે તેમણે તો આ જગત ઉપર અનહદ ઉપકાર કીધો છે, કારણ કે આ જૈન ફીલોસોફી કે જે અસલ થી કાના માત્રાના ફેરફાર વિના આજદીન સુધી જેમને તેમ સચવાઇ રહી છે તેને ખુણે ખુણેથી કાઢી તેની જાળવણી માટે, તેનો જીર્ણોધ્ધાર કરવાને માટે, અને તેને જેમ બને તેમ પ્રકાશમાં લાવવા માટે જાણે આ જન્મ ધારણ ન કર્યો હોય તેમ રાતને દિવસ તન અને મનથી મહેનત કરી છે. તેમજ તે કરતાં તેમના ઉપર કોઇપણ જાતના દોષારોપ પણ લોકો લગાડે તો પણ તેની પોતાના ઉપર અસર થવા દીધા વિના આગળ કામકરતાજ જાય છે. આ કામ જેટલું અમુલ્ય છે, તેટલુંજ અગત્યનું છે. એ વાત તો જગજાહેર છે. પણ સાથે સાથે તેમના આત્મા ને જ્ઞાનમય બનાવતા જાય છે તેની પણ તેમને અસર થતી હોય તેમ દેખાતું નથી. તે તેમની નિર્લેપવૃત્તિની નિશાની છે. આ પણ આપણા કપડવણજના વીશાનિમા વાણીઆના કુળમાં પાકેલાં રત્નોમાંનુ એક છે. તેને માટે અમોને ગર્વ છે. હજુ તેઓ જૈન જગતને કેટલું ઉપયોગી કામ કરી આપશે તે કળવું મુશ્કેલ છે. તેમને હમેશાં શાન્તિ અને વધુને વધુ શક્તિ મળો તેવી પ્રાર્થના અમો સહૃદયે કરીએ તો તે અસ્થાને નથી.

## કપડવણજના દિક્ષિત ભાઇઓ તથા બ્હેનોના સંસારી તથા દિક્ષિત નામોની યાદી:—

### મુનિ મહારાજો:

| દિક્ષિત નામ | સંસારી નામ | દિક્ષિત નામ | સંસારી નામ |
|---|---|---|---|
| ૧. આનન્દ સાગરજી | હેમચંદભાઈ | ૧૩. યશોભદ્ર સાગરજી | મુકુંદલાલ |
| ૨. મણિ વિજયજી | મણીલાલ | ૧૪. પ્રમોદ સાગરજી | પોપટલાલ |
| ૩. જીવ વિજયજી | મંગળભાઇ | ૧૫. સુમન સાગરજી | |
| ૪. લક્ષ્મી સાગરજી | | ૧૬. જિતેન્દ્ર સાગરજી | જયંતિલાલ |
| ૫. ચારિત્ર સાગરજી | ચુનીલાલ | ૧૭. વિબુધ સાગરજી | વાડીલાલ |
| ૬. વિજય સાગરજી | વાડીલાલ | ૧૮. ચિદાનંદ સાગરજી | ચંદુલાલ |
| ૭. ચંદ્રોદય સાગરજી | ચંપકલાલ | ૧૯. હિત સાગરજી | હરજીવનદાસ |
| ૮. શ્રુત સાગરજી | સોમાભાઈ | ૨૦. ક્ષેમંકર સાગરજી | કસ્તુરલાલ |
| ૯. લબ્ધિ સાગરજી | ચંદુલાલ | ૨૧. સૂર્યોદય સાગરજી | હસમુખભાઇ |
| ૧૦. બુધ્ધિ સાગરજી | બાલુભાઈ | ૨૨. કંચન વિજયજી | કાન્તિલાલ |
| ૧૧. પ્રબોધ સાગરજી | પોપટલાલ | ૨૩. પુણ્ય વિજયજી | ચંદુલાલ |
| ૧૨. જનક સાગરજી | બાબુભાઈ | ૨૪. કિર્તિ વિજયજી | કેશવલાલ |

## સાધ્વિજી મહારાજ :- દાનશ્રીજીનો શિષ્યા પરિવાર :

| દિક્ષિત નામ | સંસારી નામ |
|---|---|
| ૧. દમયંતી શ્રીજી | શાંતાબેન |
| ૨. તિલક શ્રીજી | તારાબેન |
| ૩. કુસુમ શ્રીજી | કમળાબેન |
| ૪. પ્રધાન શ્રીજી | પરધાનબેન |
| ૫. નંદા શ્રીજી | શાંતાબેન |
| ૬. વિદ્યા શ્રીજી | કમળાબેન |
| ૭. વિનય શ્રીજી | સુંદરબેન |
| ૮. પ્રીતિ શ્રીજી | પુષ્પાબેન |
| ૯. ભદ્રા શ્રીજી | ભદ્રાબેન |
| ૧૦. સુધર્મા શ્રીજી | સુંદરબેન |
| ૧૧. પ્રવીણ શ્રીજી | વિમલાબેન |
| ૧૨. જશ શ્રીજી | શાંતાબેન |
| ૧૩. સુજ્ઞાન શ્રીજી | વિમલાબેન |
| ૧૪. સુબુધ્ધિ શ્રીજી | સુંદરબેન |
| ૧૫. કાંતા શ્રીજી | કાંતાબેન |
| ૧૬. કંચન શ્રીજી | કંચનબેન |
| ૧૭. ઉપશાંત શ્રીજી | પરધાનબેન |
| ૧૮. સુશીલા શ્રીજી | સુશીલાબેન |
| ૧૯. કનક પ્રભા શ્રીજી | કંચનબેન |
| ૨૦. સ્વયંપ્રભા શ્રીજી | નીમુબેન |
| ૨૧. પ્રબોધ શ્રીજી | પદ્માબેન |
| ૨૨. ધન શ્રીજી | ધીરજબેન |
| ૨૩. સુદર્શના શ્રીજી | મોતીબેન |
| ૨૪. હેમેન્દ્ર શ્રીજી | સુશીલાબેન |
| ૨૫. રમણીક શ્રીજી | રૂખીબેન |
| ૨૬. ઓંકાર શ્રીજી | ભદ્રાબેન |

## સાધ્વિજી મહારાજ :- હીરશ્રીજીનો શિષ્યા પરિવાર :

| દિક્ષિત નામ | સંસારી નામ |
|---|---|
| ૧. પુષ્પા શ્રીજી | પ્રધાનબેન |
| ૨. મનહર શ્રીજી | મહાકોરબેન |
| ૩. સુમલયા શ્રીજી | ચંદનબેન |
| ૪. વિચક્ષણા શ્રીજી | વિમલાબેન |
| ૫. સૂર્યકાન્તા શ્રીજી | સુંદરબેન |
| ૬. પદ્મલતા શ્રીજી | પ્રભાવતીબેન |
| ૭. નિરૂપમા શ્રીજી | નિર્મળાબેન |
| ૮. શુભોદયા શ્રીજી | શશિકલાબેન |
| ૯. પ્રભંજના શ્રીજી | પ્રભાવતીબેન |
| ૧૦. કનકપ્રભા શ્રીજી | કંચનબેન |
| ૧૧. ચન્દ્ર ગુપ્તા શ્રીજી | ચંદનબેન |
| ૧૨. નિત્યોદયા શ્રીજી | કાન્તાબેન |
| ૧૩. તિલક શ્રીજી | વિમલાબેન |
| ૧૪. તારક શ્રીજી | તારાબેન |
| ૧૫. મનક શ્રીજી | મણિબેન |
| ૧૬. તિલોત્તમા શ્રીજી | તારાબેન |
| ૧૭. સ્નેહપ્રભા શ્રીજી | ભદ્રાબેન |
| ૧૮. નિરંજના શ્રીજી | શાંતાબેન |
| ૧૯. દયા શ્રીજી | ચંપાબેન |
| ૨૦. તીર્થ શ્રીજી | કુસુમબેન |
| ૨૧. રાજેન્દ્ર શ્રીજી | વિમલાબેન |
| ૨૨. કિર્તિલતા શ્રીજી | કાન્તાબેન |
| ૨૩. રતન શ્રીજી (પૂન્ય વિજયજીનાં સંસારી માતુશ્રી) | |
| ૨૪. ચંદ્રોદયા શ્રીજી | ચંપાબેન |
| ૨૫. કુસુમ શ્રીજી | ચંદનબેન |
| ૨૬. સુનંદા શ્રીજી | કમળાબેન |

આપણી આખી શ્વેતાંબર જૈન વિશાનિમા કોમના ગૃહસ્થોની સહૃદય સહાયથીજ અમો આ પુસ્તક પાંચે ગામના સર્વે ભાઈઓને લાણાદીઠ એક ચોપડી વિના મૂલ્યે પહોંચાડવા શક્તિશાળી થયા છીએ. જેને ન મળી હોય તેઓએ શ્રી વિશાનિમા યુવક મંડળ ગુલાલવાડી મુંબઈના શીરનામે લખી મંગાવી લેવી.

આ પુસ્તકની એક હજાર નકલ પ્રસિધ્ધ કરી છે. દરેક સહાયકને રૂ. ૨૫૦) દીઠ પાંચ નકલ પહોંચાડતાં તેમજ લાણાદીઠ એક નકલ આપતાં બાકી રહેલી પ્રતો રૂ. ૩) ના ભાવથી વેચવા માટે ઉપર જણાવેલ સંસ્થાને સોંપી છે.

આ પુસ્તકના વેચાણના પૈસા બાળકોની ફી તથા ચોપડીઓના ભંડોળમાં જશે.

આમીન

પ્રકાશક.